ગ્રન્થાંક-૨૦

શ્રી
પંચ પ્રતિક્રમણ
સાર્થ

(શબ્દાર્થ : ગાથાર્થ : વિવેચન તથા
ઉપયોગી માહિતી સાથે)

: પ્રકાશક :
(સદ્દગત શેઠશ્રી વેણીચંદ સુરચંદ સંસ્થાપિત)
શ્રીમદ્ યશોવિજયજી જૈન સંસ્કૃત પાઠશાળા
અને
શ્રી જૈન શ્રેયસ્કર મંડળ - મહેસાણા

કિંમત રૂા. ૬૦=૦૦

છાપેલી કિંમતથી વધારે કિંમત લેવી નહિ.

[illegible]

৫ মা ৪৬২

सम्यग्-दर्शन-ज्ञान-चारित्राणि मोक्षमार्गः ।

ગ્રન્થાંક-૨૦

શ્રી
પંચ પ્રતિક્રમણ
સાર્થ

(શબ્દાર્થ : ગાથાર્થ : વિવેચન તથા
ઉપયોગી માહિતી સાથે)

: પ્રકાશક :
(સદ્ગત શેઠશ્રી વેણીચંદ સુરચંદ સંસ્થાપિત)
શ્રીમદ્ યશોવિજયજી જૈન સંસ્કૃત પાઠશાળા
અને
શ્રી જૈન શ્રેયસ્કર મંડળ - મહેસાણા

વીર સં. ૨૫૩૩ ઈ.સ. ૨૦૦૬ વિ.સં. ૨૦૬૩
આવૃત્તિ : ૨૦મી નકલ : ૫,૦૦૦

કિંમત રૂા. ૬૦=૦૦

છાપેલી કિંમતથી વધારે કિંમત લેવી નહિ.

પ્રકાશકીય નિવેદન

પંચ પ્રતિક્રમણ સાર્થની આ અગાઉ ઓગણીશ આવૃત્તિઓ આ સંસ્થા તરફથી બહાર પડી ચૂકી છે. ઓગણીશમી આવૃત્તિની ત્રણ હજાર નકલ ખલાસ થતાં આ વીસમી આવૃત્તિની પાંચ હજાર નકલ જૈન સમાજ સમક્ષ મૂકતાં અમને અત્યંત હર્ષ થાય છે.

પ્રેસ દોષાદિના કારણે જે કંઈ સ્ખલનાઓ જણાય એ તરફ અમારૂં ધ્યાન દોરવા વિનંતિ જેથી આગામી આવૃત્તિમાં સુધારી શકાય.

સારા કાગળ, સુંદર છપાઈ તથા પાકું બાઈન્ડિંગ હોવા છતાં સંસ્થાના ઉદેશ મુજબ કિંમત ઓછી રાખવામાં આવેલ છે.

મહેસાણા — **લિ.**
સંવત : ૨૦૬૩ — **ડૉ. મફતલાલ જે. શાહ**
માગસર — **ઓનરરી સેક્રેટરી**

પ્રાપ્તિસ્થાનો

શ્રી જૈન શ્રેયસ્કર મંડળ	**શ્રી જૈન શ્રેયસ્કર મંડળ**
સ્ટેશન રોડ	ઠે. બાબુ બિલ્ડીંગ
મહેસાણા (ઉ. ગુ.)	પાલીતાણા (સૌરાષ્ટ્ર)
ફોન : (૦૨૭૬૨) ૨૨૨૯૨૭	પીન - ૩૬૪૨૭૦

: મુદ્રક :

ભરત પ્રિન્ટરી

કાન્તિલાલ ડી. શાહ

ન્યુ માર્કેટ, પાંજરાપોળ, રીલીફ રોડ, અમદાવાદ-૧.

ફોન : ૨૨૧૬૪૭૯૮

અનુક્રમણિકા

વિષય	પૃષ્ઠ
નવકાર પંચમંગળરૂપ …	૭
પંચિંદિય સૂત્ર	૧૬
ખમાસમણ વા પ્રણિપાત સૂત્ર …	૧૯
સુગુરુને સુખસાતા પૃચ્છા …	૧૯
ઇરિયાવહિયં સૂત્ર	૨૦
તસ્સ ઉત્તરી સૂત્ર	૨૪
અન્નત્થ ઊસસિએણં સૂત્ર …	૨૫
લોગસ્સ વા નામસ્તવ સૂત્ર …	૨૮
કરેમિભંતે વા સામા-યિકનું પચ્ચક્ખાણ …	૪૦
સામાયિક પારવાનું સૂત્ર …	૪૨
જગચિંતામણિ ચૈત્યવંદન …	૪૪
જંકિંચિ સૂત્ર	૪૯
નમુત્થુણં વા શક્રસ્તવ …	૫૦
જાવંતિ ચેઈઆઈ	૫૭
જાવંત કેવિ સાહૂ	૫૭
નમોઽર્હત્	૫૮
ઉવસગ્ગહરં સ્તવન	૫૯
જયવીયરાય સૂત્ર	૬૩
અરિહંત ચેઈઆણં …	૬૬
કલ્લાણકંદની સ્તુતિ	૬૭
સંસારદાવાની સ્તુતિ …	૭૦
પુક્ખરવરદી સૂત્ર	૭૫
સિદ્ધાણં બુદ્ધાણં	૭૯
વેયાવચ્ચગરાણં	૮૨
ભગવાનાદિ વંદન	૮૨
દેવસિઅ પડિક્કમણે-ઠાઉં …	૮૩
ઇચ્છામિ ઠામિ સૂત્ર	૮૩
અતિચારની આઠ-ગાથા …	૮૬
સુગુરુ વાંદણા …	૯૨
દેવસિઅં આલોઉં સૂત્ર …	૧૦૦
સાત લાખ	૧૦૧
અઢાર પાપસ્થાનક	૧૦૨
વંદિત્તુ સૂત્ર	૧૦૫
અબ્ભુટ્ઠિઓ સૂત્ર	૧૩૮
આયરિય ઉવજ્ઝાએ સૂત્ર …	૧૪૦
નમોઽસ્તુ વર્દ્ધમાનાય …	૧૪૧
વિશાલલોચન	૧૪૪
શ્રુતદેવતાની સ્તુતિ	૧૪૬
ક્ષેત્રદેવતાની સ્તુતિ (જીસે ખિત્તે સાહૂ)	૧૪૭
કમલદલની સ્તુતિ	૧૪૮
અઢાઈજ્જેસુ સૂત્ર …	૧૪૮

વિષય	પૃષ્ઠ
વરકનક	૧૫૦
લઘુ શાન્તિ સ્તવ	૧૫૦
ચઉક્કસાય	૧૬૨
ભરહેસરની સજ્ઝાય ...	૧૬૪
સકલતીર્થ વંદના ...	૧૬૮
મન્હજિણાણં સજ્ઝાય...	૧૭૨
પોસહનું પચ્ચક્ખાણ ...	૧૭૫
પોસહ પારવાનું સૂત્ર ...	૧૭૬
સામાયિક લેવાનો-વિધિ ...	૧૭૭
સામાયિક પારવાનો-વિધિ ...	૧૭૯
ચૈત્યવંદન કરવાનો-વિધિ ...	૧૭૯
ગુરુવંદન કરવાનો -વિધિ ...	૧૮૦
દેવસિઅ પ્રતિક્રમણ વિધિ...	૧૮૦
રાઈઅ પ્રતિક્રમણ વિધિ...	૧૮૫
પચ્ચક્ખાણ પારવાનો-વિધિ ...	૧૮૭
સ્નાતસ્યાની સ્તુતિ	૧૮૮
ભવનદેવતાની સ્તુતિ ...	૧૯૨
ક્ષેત્રદેવતાની સ્તુતિ ... (યસ્યાઃ ક્ષેત્રં)	૧૯૩
સકલાર્હત્	૧૯૪
પાક્ષિકાદિ અતિચાર ...	૨૧૨
નવ સ્મરણાદિ	૨૩૫
નવકાર પંચમંગલરૂપ ...	૨૩૫
ઉવસગ્ગહરં સ્તવનમ્ ...	૨૩૫

વિષય	પૃષ્ઠ
સંતિકરં સ્તવનમ્	૨૩૬
તિજયપહુત્ત ...	૨૪૯
નમિઊણ (ભયહરસ્તોત્ર) ...	૨૫૮
અજિતશાન્તિ સ્તવનમ્...	૨૭૪
ભક્તામર સ્તોત્ર ...	૩૨૨
કલ્યાણમંદિર સ્તોત્ર ...	૩૬૨
મ્હોટી શાન્તિ	૪૦૧
સંથારાપોરિસિ	૪૧૯
રત્નાકરપંચવિંશિકા ...	૪૨૮
પચ્ચક્ખાણો	૪૪૪
નમુક્કારસહિયંનું-પચ્ચક્ખાણ ...	૪૪૬
પોરિસિ સાઢપોરિસિનું-પચ્ચક્ખાણ ...	૪૪૮
પુરિમઢ્ઢઅવઢ્ઢનું -પચ્ચક્ખાણ ...	૪૫૦
એકાસણા બિયાસણાનું-પચ્ચક્ખાણ ...	૪૫૦
આયંબિલનું પચ્ચક્ખાણ ...	૪૫૪
તિવિહાર ઉપવાસનું ...	૪૫૫
ચઉવ્વિહાર ઉપવાસનું ...	૪૫૫
સાંજના પચ્ચક્ખાણો	૪૫૬
પાણહારનું પચ્ચક્ખાણ ...	૪૫૬
ચઉવિહારનું પચ્ચક્ખાણ...	૪૫૬
તિવિહારનું પચ્ચક્ખાણ...	૪૫૬
દુવિહારનું પચ્ચક્ખાણ...	૪૫૭
દેશાવગાસિકનું-પચ્ચક્ખાણ ...	૪૫૭

વિષય	પૃષ્ઠ
પાક્ષિક ખામણાં	૪૫૭
અષ્ટપ્રકારી પૂજાના-દુહા ...	૪૬૧
ગૌતમાષ્ટક છંદ ...	૪૬૩
ચૈત્યવંદનો	૪૬૩
સકલ કુશલ વલ્લી	૪૬૩
એકસો સિત્તેર જિન-ચૈત્યવંદન ...	૪૬૪
સિદ્ધચક્ર નમસ્કાર-ચૈત્યવંદન	૪૬૪
વીશસ્થાનકનું-ચૈત્યવંદન	૪૬૪
પર્યુષણ ચૈત્યવંદન	૪૬૫
ચોવીસજિનલંછન-ચૈત્યવંદન ...	૪૬૬
સામાન્યજિન-ચૈત્યવંદન ...	૪૬૬
પાર્શ્વજિન ચૈત્યવંદન ...	૪૬૭
સિદ્ધાચલનાં ચૈત્યવંદનો...	૪૬૭
શ્રી સીમંધરસ્વામીનાં-ચૈત્યવંદનો ...	૪૬૮
બીજનું ચૈત્યવંદન ...	૪૬૯
જ્ઞાનપંચમીનું ચૈત્યવંદન...	૪૬૯
અષ્ટમીનું ચૈત્યવંદન ...	૪૭૦
એકાદશીનું ચૈત્યવંદન ...	૪૭૧
સ્તવનો	
નવપદજીનું સ્તવન	૪૭૨
વીશસ્થાનકનું સ્તવન ...	૪૭૩
સીમંધરજિન સ્તવનો ૨...	૪૭૫
શ્રી યુગમંધરજિન-સ્તવન ...	૪૭૭
શ્રી સિદ્ધાચલનાં-૨ ...	૪૭૮
શ્રી રાયણ પગલાનું-૧ ...	૪૭૯
શ્રી આદિજિન સ્તવન ...	૪૮૦
શ્રી સુમતિજિન સ્તવન...	૪૮૧
શ્રી વાસુપૂજ્ય-સ્વામીનું સ્તવન ...	૪૮૨
શ્રી શાન્તિજિન સ્તવન...	૪૮૩
શ્રી પાર્શ્વનાથ સ્તવન ...	૪૮૪
શ્રી મહાવીર સ્વામીના-પંચકલ્યાણકનું દશ-ઢાળનું સ્તવન ...	૪૮૫
શ્રી મહાવીર સ્વામીના-સત્તાવીશ ભવનું પાંચ-ઢાળનું સ્તવન ...	૪૯૪
શ્રી વિરજિન સ્તવનો-૨...	૫૦૦
શ્રી વીરપ્રભુનું-દીવાળીનું ...	૫૦૨
શ્રી પર્યુષણ પર્વનું-સ્તવન ...	૫૦૨
પાંચ કારણનું સ્તવન-ઢાળ છ (વિનયવિજયજી કૃત) ...	૫૦૩
સમ્યક્ત્વરત્ન વિના-સર્વ ક્રિયા નકામી ...	૫૦૯
શ્રી પાર્શ્વનાથજિન-સ્તવન ...	૫૧૦
ભાવમંદિર ...	૫૧૦

વિષય	પૃષ્ઠ
થોયો	
શ્રી સીમંધર સ્વામીની- થોયો-૨ ...	૫૧૧
શ્રી શત્રુંજયતીર્થની- થોયો-૩ ...	૫૧૨
શ્રી સિદ્ધચક્રની થોય- (ચારનો જોટો) ...	૫૧૨
શ્રી વીશસ્થાકની થોય- (ચારનો જોટો) ...	૫૧૩
શ્રી શાન્તિજિન થોય- (ચારનો જોટો) ...	૫૧૪
શંખેશ્વર પાર્શ્વજિન- થોય (ચારનો જોટો) ...	૫૧૫
બીજની થોય- (ચારનો જોટો) ...	૫૧૫
પંચમીની થોય- (ચારનો જોટો) ...	૫૧૬
અષ્ટમીની થોય- (ચારનો જોટો) ...	૫૧૭
એકાદશની થોય- (ચારનો જોટો) ...	૫૧૮
શ્રી પર્યુષણની થોયો-૩ (ચારનો જોટો) ...	૫૧૮
સજ્ઝાયો	
ક્રોધની સજ્ઝાય	૫૨૧
માનની સજ્ઝાય	૫૨૧
માયાની સજ્ઝાય	૫૨૨
લોભની સજ્ઝાય	૫૨૨

વિષય	પૃષ્ઠ
અરણિક મુનિની - સજ્ઝાય ...	૫૨૩
આઠ મદની સજ્ઝાય ...	૫૨૪
શિખામણની સજ્ઝાય ...	૫૨૫
આપ સ્વભાવની- સજ્ઝાય ...	૫૨૫
પ્રદેશી રાજાની સજ્ઝાય...	૫૨૬
સ્થાપના કુલક સજ્ઝાય...	૫૨૯
વિધિઓ	
પક્ખિપ્રતિક્રમણ વિધિ...	૫૩૦
ચઉમાસી પ્રતિક્રમણ- વિધિ ...	૫૩૨
સંવત્સરી પ્રતિક્રમણ- વિધિ ...	૫૩૨
પોસહ લેવાની વિધિ ...	૫૩૩
પડિલેહણની વિધિ	૫૩૬
દેવ વાંદવાની વિધિ	૫૩૬
પોરસી ભણાવવાનો- વિધિ ...	૫૩૭
રાઈમુહપત્તિ- પડિલેહણ વિધિ ...	૫૩૭
સાંજના પડિલેહણની- વિધિ ...	૫૩૮
માંડલાંની વિધિ ...	૫૩૯
પ્રતિક્રમણના સામાન્ય- હેતુઓ ...	૫૪૦
શ્રી પદ્માવતી આરાધના...	૫૫૫
ચાર શરણાં ...	૫૫૮

॥ ॐ अर्हं नमः ॥

॥ श्री पार्श्वनाथाय नमः ॥

શ્રી

પંચ પ્રતિક્રમણ સાર્થ

[અર્થ સહિત]

૧ [પંચમંગલરૂપ] નવકાર સૂત્ર

શબ્દાર્થ

નમો - નમસ્કાર હો.
અરિહંતાણં - અરિહંત-ભગવાનોને.
સિદ્ધાણં - સિદ્ધ ભગવાનોને.
આયરિયાણં - આચાર્ય-મહારાજાઓને.
ઉવજ્ઝાયાણં - ઉપાધ્યાય-મહારાજાઓને.
લોએ - લોકમાં
સવ્વસાહૂણં - સર્વ સાધુઓને.
એસો - એ.
પંચનમુક્કારો - પાંચેને કરેલ-નમસ્કાર.
સવ્વપાવ - બધાં પાપનો.
પ્પણાસણો - નાશ કરનાર.
મંગલાણં - મંગલોમાં.
ચ - અને
સવ્વેસિં - સર્વને વિષે.
પઢમં - પ્રથમ.
હવઇ - છે.
મંગલં - મંગળરૂપ.

નમો અરિહંતાણં ॥ ૧ ॥

***શ્રી અરિહંત (પરમાત્માઓ)ને નમસ્કાર થાઓ. ૧**

* કેવળજ્ઞાન પામીને ભવ્યજીવોને બોધ દેતા અગર બોધ દેવાને વિચરતા તીર્થંકર મહારાજા તે શ્રી અરિહંત. તેમના બાર ગુણ આ પ્રમાણે છે -

૧. **અશોક વૃક્ષ** - જ્યાં ભગવંતનું સમવસરણ રચાય ત્યાં ભગવંતના દેહથી બાર ગણું આસોપાલવનું વૃક્ષ દેવતા રચે છે. જેની નીચે બેસી ભગવંત ધર્મોપદેશ આપે છે તે.

૨. **સુરપુષ્પવૃષ્ટિ** - એક યોજન પ્રમાણ સમવસરણ ભૂમિમાં જળ-સ્થળમાં ઉત્પન્ન થયેલ સુગંધી પંચવર્ણા સચિત્ત ફુલોની વૃષ્ટિ ઢીંચણ પ્રમાણ દેવતા કરે છે તે.

૩. **દિવ્ય-ધ્વનિ** - ભગવંતની વાણીને માલકોશ રાગ, વીણા, વાંસળી, આદિકના સ્વરવડે દેવતા પૂરે છે તે.

૪. **ચામર** - રત્નજડિત સુવર્ણની દાંડીવાળાં ચાર જોડી શ્વેત ચામરો સમવસરણમાં દેવતાઓ ભગવંતને વીઝે છે તે.

૫. **આસન** - ભગવંતને બેસવાને રત્નજડિત સુવર્ણમય સિંહાસન દેવતાઓ સમવસરણમાં રચે છે તે.

૬. **ભામંડળ** - ભગવંતના મસ્તકની પાછળ શરદઋતુના સૂર્યના કિરણ જેવું ઉગ્ર તેજવાળું ભામંડળ (તેજનું માંડલું) દેવતા રચે છે તે. તે ભગવંતના તેજને પોતાના તેજમાં સંહરી લે છે, તે ન હોય તો ભગવંતના મુખ સામું જોઈ શકાય નહિ.

૭. **દુંદુભિ** - ભગવંતના સમવસરણ વખતે દેવતાઓ દેવદુંદુભિ વગેરે વાજિંત્રો વગાડે છે. તે એમ સૂચવે છે કે - 'હે ભવ્યો ! તમે શિવપુરના સથવારા તુલ્ય આ ભગવંતને સેવો.'

નમો સિદ્ધાણં ॥ ૨ ॥

શ્રી સિદ્ધ (પરમાત્માઓ)ને નમસ્કાર થાઓ. ૨

૮. છત્ર – સમવસરણમાં ભગવંતના મસ્તક ઉપર ઉપરાઉપર શરદ્ઋતુના ચંદ્રતુલ્ય ઉજજ્વળ અને મોતીના હારોએ સુશોભિત ત્રણ ત્રણ છત્રો દેવતાઓ રચે છે તે. ભગવંત સમવસરણમાં પૂર્વાભિમુખે બેસે છે અને બીજી ત્રણ દિશાઓમાં ભગવંતના જેવાં પ્રતિબિંબો દેવતાઓ સ્થાપે છે. તેથી **બાર છત્ર સમવસરણમાં** હોય. એ એમ સૂચવે છે કે - 'ત્રણ ભુવનના સ્વામી એવા આ ભગવંતને હે ભવ્યો ! તમે સેવો.' સમવસરણ ન હોય ત્યારે પણ આ આઠ પ્રાતિહાર્ય તો હોય જ છે.

અતિશય એટલે ઉત્કૃષ્ટતા. વિશિષ્ટ ચમત્કારવાળો ગુણ. આ મૂળ ચાર છે.

૧. અપાયાપગમાતિશય - (અપાય-ઉપદ્રવ, તેનો અપગમ-નાશ) આ બે પ્રકારના છે-

અ સ્વાશ્રયી-એટલે પોતાના સંબંધમાં અપાય એટલે ઉપદ્રવનો દ્રવ્યથી અને ભાવથી નાશ કર્યો છે તે.

દ્રવ્ય ઉપદ્રવ- સર્વ રોગો. આ પોતાને ક્ષય થઈ ગયા હોય છે.

ભાવ ઉપદ્રવ - અંતરંગ અઢારે દૂષણો પ્રભુએ નાશ કરેલ છે. આ **અઢાર** નીચે પ્રમાણે -

(૧) દાનાંતરાય. (૨) લાભાંતરાય. (૩) વીર્યાંતરાય. (૪) ભોગાંતરાય. (૫) ઉપભોગાંતરાય. (૬) હાસ્ય. (૭) રતિ. (૮) અરતિ. (૯) ભય. (૧૦) શોક. (૧૧) જુગુપ્સા-નિંદા. (૧૨) કામ. (૧૩) મિથ્યાત્વ. (૧૪) અજ્ઞાન. (૧૫) નિદ્રા. (૧૬) અવિરતિ. (૧૭) રાગ. (૧૮) દ્વેષ.

આ રીતે સ્વાશ્રયી અપાયાપગમાતિશય.

નમો આયરિયાણં ॥ ૩ ॥

શ્રી આચાર્ય (મહારાજો)ને નમસ્કાર થાઓ. ૩

બ પરાશ્રયી અપાયાપગમાતિશય - જેનાથી પારકાના ઉપદ્રવ નાશ પામે, એટલે જ્યાં ભગવાન વિચરે, ત્યાં દરેક દિશામાં મળીને સવાસો જોજન સુધી પ્રાયઃ રોગ, મરકી, વૈર, અતિવૃષ્ટિ, દુષ્કાળ આદિ થાય નહિ.

૨. જ્ઞાનાતિશય - જેનાથી ભગવાન લોકાલોકનું સ્વરૂપ સર્વ પ્રકારે જાણે છે તે, કારણ કે તેમને કેવળજ્ઞાન છે તેથી કાંઈપણ તેમને અજ્ઞાત રહી શકતું નથી.

૩. પૂજાતિશય - જેનાથી શ્રી તીર્થંકર સર્વને પૂજ્ય છે, એટલે ભગવંતની પૂજા રાંજા, બલદેવાદિ, દેવતા, ઇન્દ્ર આદિ કરે છે. અગર કરવાની અભિલાષા કરે છે તે.

૪. વચનાતિશય - જેનાથી શ્રી તીર્થંકરની વાણી દેવ, મનુષ્ય અને તિર્યંચને પોતપોતાની ભાષામાં સમજાય છે. કારણ કે તેમની વાણી સંસ્કારાદિક ગુણવાળી છે. આ વાણી **૩૫ ગુણે** સહિત છે. તે ગુણો નીચે પ્રમાણે -

(૧) સર્વ ઠેકાણે સમજાય તેવી. (૨) યોજન પ્રમાણ સંભળાય તેવી. (૩) પ્રૌઢ. (૪) મેઘ જેવી ગંભીર. (૫) શબ્દ વડે સ્પષ્ટ. (૬) સંતોષકારક.(૭) દરેક મનુષ્ય એમ જાણે જે મને જ કહે છે એવી. (૮) પુષ્ટ અર્થવાળી. (૯) પૂર્વાપર વિરોધ રહિત. (૧૦) મહાપુરુષને છાજે એવી. (૧૧) સંદેહ વગરની. (૧૨) દુષણરહિત, અર્થવાળી. (૧૩) કઠણ વિષયને સહેલો કરે એવી. (૧૪) જ્યાં જેવું શોભે ત્યાં તેવું બોલાય એવી.(૧૫) ષડ્દ્રવ્ય અને નવ તત્ત્વને પુષ્ટ કરે એવી. (૧૬) પ્રયોજન સહિત. (૧૭) પદરચના સહિત. (૧૮) છ દ્રવ્યો, નવતત્ત્વ પટુતા સહિત. (૧૯) મધુર. (૨૦) પારકો મર્મ જણાઈ ન

આવે એવી ચતુરાઈવાળી, (૨૧) ધર્મ-અર્થ પ્રતિબદ્ધ. (૨૨) દીપ સમાન પ્રકાશક - (પ્રગટ) અર્થ સહિત. (૨૩) પરનિંદા અને પોતાના વખાણ વગરની. (૨૪) કર્તા, કર્મ, ક્રિયા, કાળ, વિભક્તિ સહિત.(૨૫) આશ્ચર્યકારી. (૨૬) વક્તા સર્વગુણસંપન્ન છે એવું જેમાં લાગે એવી. (૨૭) ધૈર્યવાળી. (૨૮) વિલંબ રહિત. (૨૯) ભ્રાંતિ રહિત. (૩૦) સર્વ પોતાની ભાષામાં સમજે એવી. (૩૧) શિષ્ટ બુદ્ધિ ઉપજાવે એવી. (૩૨) પદના અર્થને અનેકપણે વિશેષ આરોપણ કરી બોલે એવી. (૩૩) સાહસિકપણે બોલે એવી. (૩૪) પુનરુક્તિદોષ વગરની. (૩૫) સાંભળનારને ખેદ ન ઉપજે એવી.

આઠ પ્રાતિહાર્યના આઠ અને મૂળ અતિશયના ચાર મળી કુલ ૧૨ ગુણ અરિહંત ભગવાનના જાણવા.

આઠે કર્મનો ક્ષય કરીને સાધ્યું છે મોક્ષપદ જેણે તે સિદ્ધ.

સિદ્ધ ભગવાનના આઠ ગુણ છે, તે આ પ્રમાણે -

૧. અનંતજ્ઞાન : જ્ઞાનાવરણીય કર્મનો ક્ષય થવાથી આ ગુણ પ્રાપ્ત થાય છે. આથી લોકાલોકના સ્વરૂપને સમસ્ત પ્રકારે જાણે છે.

૨. અનંતદર્શન : દર્શનાવરણીય કર્મનો ક્ષય થવાથી આ ગુણ પ્રાપ્ત થાય છે. આથી લોકાલોકના સ્વરૂપને સમસ્ત પ્રકારે દેખે છે.

૩. અવ્યાબાધ સુખ : વેદનીય કર્મનો ક્ષય થવાથી સર્વ પ્રકારની પીડા રહિત-નિરુપાધિકપણું પ્રાપ્ત થાય છે.

૪. અનંત ચારિત્ર : મોહનીય કર્મનો ક્ષય થવાથી આ ગુણ પ્રાપ્ત થાય છે. આમાં ક્ષાયિક સમ્યક્ત્વ અને યથાખ્યાત ચારિત્રનો સમાવેશ થાય છે. આથી સિદ્ધ ભગવાન સ્વભાવમાં સદા અવસ્થિત રહે છે. તે જ ચારિત્ર છે.

નમો લોએ સવ્વસાહૂણં ॥ ૫ ॥

(અઢીદ્વીપ પ્રમાણ) લોકક્ષેત્ર મધ્યેના સર્વ સાધુઓને નમસ્કાર થાઓ. ૫

---

૫. અક્ષયસ્થિતિ : આયુઃકર્મનો ક્ષય થવાથી નાશ નહિ થાય એવી અનંત સ્થિતિ પ્રાપ્ત થાય છે. સિદ્ધની સ્થિતિની આદિ છે પણ અંત નથી તેથી સાદિ અનંત સ્થિતિ કહેવાય છે.

૬. અરૂપીપણું : નામકર્મનો ક્ષય થવાથી વર્ણ, ગંધ, રસ અને સ્પર્શરહિત થાય છે. કેમકે શરીર હોય તો એ ગુણો છે, પણ સિદ્ધને શરીર નથી. તેથી અરૂપીપણું પ્રાપ્ત થાય છે.

૭. અગુરુલઘુ : ગોત્રકર્મનો ક્ષય થવાથી આ ગુણ પ્રાપ્ત થાય છે, તેથી ભારે-હળવો અથવા ઉંચ-નીચપણાનો વ્યવહાર રહેતો નથી.

૮. અનંતવીર્ય : અંતરાય કર્મનો ક્ષય થવાથી અનંત દાન, અનંત લાભ, અનંત ભોગ, અનંત ઉપભોગ અને અનંત વીર્ય-શક્તિ પ્રાપ્ત થાય છે. સમસ્ત લોકને અલોક અને અલોકને લોક કરી શકે તેવી શક્તિ સ્વાભાવિક સિદ્ધમાં રહેલી છે, છતાં તેવું વીર્ય કદી ફોરવતા નથી, અને ફોરવશે નહિ. કેમકે પુદ્‌ગલ સાથેની પ્રવૃત્તિ એ તેમનો ધર્મ નથી. એ ગુણથી આત્મિક ગુણોને જેવા છે તેવા ને તેવા રૂપે ધારી રાખે, ફેરફાર થવા દે નહિ.

પાંચ આચારને પાળે અને બીજાને પળાવે એવા અને વળી ધર્મના નાયક છે તે આચાર્ય મહારાજના છત્રીશ ગુણો છે, તે નીચે પ્રમાણે છે :-

(૧) સ્પર્શનેન્દ્રિય (ત્વચા-શરીર), (૨) રસનેન્દ્રિય (જીભ), (૩) ઘ્રાણેન્દ્રિય (નાક), (૪) નેત્રેન્દ્રિય (આંખ) અને (૫) શ્રોત્રેન્દ્રિય (કાન), એ પાંચ ઇન્દ્રિયના ત્રેવીસ વિષયોમાં મનગમતા ઉપર રાગ અને અણગમતા ઉપર દ્વેષ આચાર્ય મહારાજ કરે નહિ.

એસો પંચનમુક્કારો ॥ ૬ ॥

એ પાંચને કરેલ નમસ્કાર. ૬

બ્રહ્મચર્યની નવ પ્રકારની ગુપ્તિ એટલે શીયળની નવ વાડોને જાળવી રાખે. ક્ષેત્રનું જેમ વાડથી રક્ષણ થાય છે તેમ આ નવ વાડોથી શિયળનું રક્ષણ થાય છે.

૧. સ્ત્રી, પશુ, નપુંસક જ્યાં ન હોય ત્યાં વસે.

૨. સ્ત્રીની સાથે રાગથી વાતો કરે નહિ.

૩. સ્ત્રી બેઠી હોય તે આસને પુરુષ બે ઘડી સુધી બેસે નહિ અને પુરુષ બેઠો હોય તે આસને સ્ત્રી ત્રણ પહોર સુધી બેસે નહિ.

૪. રાગ વડે સ્ત્રીનાં અંગોપાંગ જુએ નહિ.

૫. સ્ત્રી-પુરુષ સુતાં હોય અગર કામભોગની વાત કરતાં હોય ત્યાં ભીંતના આંતરે રહે નહિ.

૬. અગાઉ ભોગવેલા વિષયાદિને સંભારે નહિ.

૭. સ્નિગ્ધ આહાર કરે નહિ.

૮. નીરસ એવો પણ અધિક આહાર કરે નહિ.

૯. શરીરની શોભા-ટાપટીપ કરે નહિ.

સંસારની પરંપરા જેનાથી વધે તે કષાય. તેના ચાર પ્રકાર છે. (૧) ક્રોધ, (૨) માન, (૩) માયા અને (૪) લોભ - એ ચાર કષાય આચાર્ય મહારાજ કરે નહિ.

મહાવ્રત એટલે મોટાં વ્રત. પાળવામાં આકરાં હોય તે મહાવ્રત પાંચ છે.

સવ્વપાવપ્પણાસણો ॥ ૭ ॥

સર્વ પાપનો નાશ કરનાર છે. ૭

૧. પ્રાણાતિપાત વિરમણ : કોઈ જીવનો વધ કરવો નહિ.

૨. મૃષાવાદ વિરમણ : ગમે તેવું કષ્ટ આવી પડે તેમ હોય તો પણ અસત્ય વચન બોલવું નહિ.

૩. અદત્તાદાન વિરમણ : કોઈની ન આપેલી નજીવી ચીજ પણ લેવી નહિ.

૪. મૈથુન વિરમણ : મન વચન કાયાએ કરીને બ્રહ્મચર્ય પાળવું-વિષયસુખ ભોગવવાં નહિ.

૫. પરિગ્રહ વિરમણ : કોઈ પણ વસ્તુનો સંગ્રહ કરવો નહિ તેમજ ધર્મોપકરણ, પુસ્તક આદિ વસ્તુ પોતાની પાસે હોય તેના ઉપર મૂર્છા રાખવી નહિ. એ **પાંચ મહાવ્રત** સાધુ મુનિરાજ પાળે છે.

આચાર્ય મહારાજ જે **પાંચ આચારને** પાળે છે, તે આ પ્રમાણે:

૧. જ્ઞાનાચાર : જ્ઞાન ભણે-ભણાવે, લખે-લખાવે, જ્ઞાનભંડાર કરાવે, ભણનારને સહાય આપે.

૨. દર્શનાચાર : શુદ્ધ સમ્યક્ત્વને પોતે પાળે, બીજાને પળાવે અને સમ્યક્ત્વથી પડતાને સમજાવી સ્થિર કરે.

૩. ચારિત્રાચાર : પોતે શુદ્ધ ચારિત્ર પાળે, બીજાને પળાવે અને પાળનારને અનુમોદે.

૪. તપ આચાર : છ બાહ્ય અને છ અભ્યંતર એમ બાર પ્રકારનો તપ પોતે કરે, કરાવે અને કરતાને અનુમોદન આપે.

૫. વીર્યાચાર - ધર્માનુષ્ઠાન (ધર્મક્રિયા) કરવામાં છતી શક્તિ ગોપવે નહિ તથા તમામ આચાર પાળવામાં વીર્યશક્તિ સંપૂર્ણ રીતે ફોરવે તે.

મંગલાણં ચ સવ્વેસિં ॥ ૮ ॥

વળી સર્વ મંગલમાં. ૮

પઢમં હવઈ મંગલં ॥ ૯ ॥

પ્રથમ મંગલ (કલ્યાણરૂપ) છે.૯

પદ (૯), સંપદા (૮), ગુરુ (૭), લઘુ (૬૧), સર્વવર્ણ (૬૮).

ઈતિ નવકાર સૂત્ર. ૧

❀ ❀ ❀

ચારિત્રધર્મની રક્ષાને અર્થે મુનિને પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિરૂપી આઠ પ્રવચન માતાને પાળવાની જરૂર છે, તે આ પ્રમાણે.

૧. ઈર્યાસમિતિ - સાડા ત્રણ હાથ મુખ આગળ દષ્ટિ નીચી રાખીને ચાલવું.

૨. ભાષાસમિતિ - સાવદ્ય વચન બોલવું નહિ.

૩. એષણાસમિતિ - અપ્રાસુક આહાર-પાણી આદિ વહોરવાં નહિ.

૪. આદાનનિક્ષેપણાસમિતિ - વસ્ત્ર-પાત્ર અણપુંજી ભૂમિ ઉપર લેવું - મૂકવું નહિ.

૫. પારિષ્ઠાપનિકાસમિતિ - મળ-મૂત્ર અણપુંજી જીવાકુળ ભૂમિએ પરઠવવું નહિ.

૧. મનગુપ્તિ - મનમાં આર્ત-રૌદ્ર ધ્યાન ધ્યાવવાં નહિ.

૨. વચનગુપ્તિ - નિરવદ્ય વચન પણ કારણ વિના બોલવાં નહિ.

૩. કાયગુપ્તિ - શરીર અણપડિલેહ્યું હલાવવું નહિ.

૨. પંચિંદિઅ સૂત્ર

શબ્દાર્થ

પંચિંદિઅ - પાંચ ઈન્દ્રિયોના-વિષયોને.
સંવરણો - રોકનાર.
તહ - તથા.
નવવિહ - નવ પ્રકારની.
બંભચેર - બ્રહ્મચર્યની.
ગુત્તિધરો - વાડને ધારણ કરનારા.
ચઉવિહ - ચાર પ્રકારના.
કસાય - કષાયથી.
મુક્કો - મુકાએલા.
ઈઅ - એ.
અટ્ઠારસગુણેહિં - અઢાર ગુણો વડે.
સંજુત્તો - યુક્ત.
પંચમહવ્વય - પાંચ મહાવ્રતોએ
જુત્તો - યુક્ત.
પંચવિહાયાર - પાંચ પ્રકારના-આચારને.
પાલણ-સમત્થો - પાળવામાં-સમર્થ.
પંચસમિઓ - પાંચ પ્રકારની-સમિતિએ યુક્ત.
તિગુત્તો - ત્રણ ગુપ્તિએ સહિત.
છત્તીસગુણો - છત્રીશ ગુણોએ-યુક્ત.
ગુરૂ - ગુરુ.
મજ્ઝ - મારા.

પાંચ ઈન્દ્રિયના વિષયને સંવરનાર તેથી **૫ ગુણ**, નવ પ્રકારની બ્રહ્મચર્યની ગુપ્તિને ધારણ કરનાર તેથી **નવ**, ચાર પ્રકારના કષાય રહિત તેથી **ચાર**, પાંચ મહાવ્રતના **પાંચ**, પાંચ આચારના **પાંચ**, પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિ મળી અષ્ટ પ્રવચન માતાના **આઠ**. એમ સર્વ મળીને **છત્રીસ ગુણ આચાર્ય મહારાજના થયા.**

સિદ્ધાંત ભણે તથા બીજાઓને ભણાવે તે **ઉપાધ્યાય-પાઠક-વાચક** તેમના **ગુણ ૨૫ :-**

(૧) આચારાંગ, (૨) સૂયગડાંગ, (૩) ઠાણાંગ, (૪) સમવાયાંગ, (૫) ભગવતી, (૬) જ્ઞાતા-ધર્મકથા, (૭) ઉપાસક-દશાંગ, (૮) અંતગડ, (૯) અનુત્તરોવવાઈ, (૧૦) પ્રશ્ન વ્યાકરણ અને (૧૧) વિપાક. એ અગિયાર અંગ અને (૧) ઉવવાઈ, (૨) રાયપસેણી, (૩) જીવાભિગમ, (૪) પન્નવણા, (૫) જંબૂદ્વીપ પન્નતિ,

પંચિંદિઅ સંવરણો,

પાંચ ઈન્દ્રિયોના વિષયોને રોકનાર.

(૬) ચંદપન્નત્તિ, (૭) સૂરપન્નત્તિ, (૮) કપ્પિયા, (૯) કપ્પવડંસિયા, (૧૦) પુપ્ફિયા, (૧૧) પુપ્ફચૂલિયા અને (૧૨) વહ્નિ-દશાંગ એ બાર ઉપાંગને ભણે-ભણાવે તેથી ૨૩ ગુણ થયા, ૨૪ ચરણસિત્તરિ અને ૨૫ કરણસિત્તરિને પાળે, એમ **૨૫ ગુણો ઉપાધ્યાયના થયા.**

મોક્ષમાર્ગ સાધવા માટે યત્ન કરે તે **સાધુના ગુણ ૨૭** તે આ પ્રમાણે જાણવા :-

(૧) પ્રાણાતિપાત વિરમણ, (૨) મૃષાવાદ વિરમણ, (૩) અદત્તાદાન વિરમણ, (૪) મૈથુન વિરમણ અને (૫) પરિગ્રહ વિરમણ. એ પાંચ મહાવ્રત અને (૬) રાત્રિભોજન વિરમણ એ છ વ્રતને પાળે તેથી છ ગુણ. (૭ થી ૧૨) પૃથ્વીકાય, અપ્કાય, તેઉકાય, વાઉકાય, વનસ્પતિકાય અને ત્રસકાય એ છકાયની રક્ષા કરે તેથી છ ગુણ. (૧૩ થી ૧૭) પાંચ ઈન્દ્રિયોનો નિગ્રહ કરે એટલે તેના વિષય-વિકારોને રોકે, તેથી **પાંચ ગુણ.** (૧૮) લોભનો નિગ્રહ. (૧૯) ક્ષમાનું ધારણ કરવું. (૨૦) ચિત્તની નિર્મળતા રાખવી. (૨૧) વિશુદ્ધ રીતે વસ્ત્રની પડિલેહણા કરવી. (૨૨) સંયમયોગમાં પ્રવૃત્ત રહેવું. (૫ સમિતિ ૩ ગુપ્તિ આદરવા, નિદ્રા, વિકથા અને અવિવેક ત્યજવા) (૨૩) અકુશળ મનનો સંરોધ, એટલે માઠા માર્ગે જતા મનને રોકવું. (૨૪) અકુશળ વચનનો સંરોધ. (૨૫) અકુશળ કાયાનો સંરોધ. (૨૬) શીતાદિ પરિષહ સહન કરવા અને (૨૭) મરણાદિ ઉપસર્ગ સહેવા એમ **સાધુના ૨૭ ગુણ થયા.**

એ પ્રકારે અરિહંતના ૧૨, સિદ્ધના ૮, આચાર્યના ૩૬, ઉપાધ્યાયના ૨૫ અને સાધુના ૨૭ મળીને કુલ્લે ૧૦૮ ગુણ પંચપરમેષ્ઠિના જાણવા.

તહ નવવિહ-બંભચેર-ગુત્તિધરો ॥

તથા નવ પ્રકારની બ્રહ્મચર્યની ગુપ્તિના ધરનાર.

ચઉવિહ-કસાય-મુક્કો,

ચાર પ્રકારના કષાયથી મુક્ત.

ઈઅ અટ્ઠારસ-ગુણેહિં સંજુત્તો ॥ ૧ ॥

એ અઢાર ગુણોએ સહિત. ૧

પંચ-મહવ્વય-જુત્તો,

પાંચ મહાવ્રતે યુક્ત.

પંચ-વિહાયાર-પાલણ-સમત્થો,

પાંચ પ્રકારના આચાર પાળવાને સમર્થ.

પંચ-સમિઓ તિ-ગુત્તો,

પાંચ સમિતિએ સમિત (અને) ત્રણ ગુપ્તિએ ગુપ્ત.

છત્તીસગુણો ગુરુ મજ્ઝ ॥ ૨ ॥

(એ) [1]છત્રીશ ગુણોએ સહિત (તે) મારા ગુરુ (છે) ૨.

પદ (૮), ગાથા (૨), ગુરુ (૧૦), લઘુ (૭૦), સર્વવર્ણ (૮૦).

ઈતિ પંચિંદિઅ સૂત્ર-૨

❀ ❀ ❀

---

૧. છત્રીસ ગુણોનું વર્ણન નવકારની ફુટનોટમાં (પેજ નં.૧૬ માંથી) જોઈ લેવું.

૩. ખમાસમણ વા પ્રણિપાત સૂત્ર

શબ્દાર્થ

ઈચ્છામિ - હું ઈચ્છું છું.
ખમાસમણો - હે ક્ષમાશ્રમણ, સાધુજી !
વંદિઉં - વાંદવાને.
જાવણિજ્જાએ - શક્તિ સહિત એવા.
નિસીહિઆએ - પાપ વ્યાપાર-ત્યાગ કર્યો છે એવા શરીર વડે.
મત્થએણ - મસ્તકથી.
વંદામિ - હું વંદના કરું છું.

ઈચ્છામિ ખમાસમણો ! વંદિઉં જાવણિજ્જાએ નિસીહિઆએ મત્થએણ વંદામિ ।। ૩ ।।

અર્થ :- [1]હે ક્ષમાશ્રમણ ! મારા શરીરની શક્તિ સહિત તથા પાપવ્યાપાર તજીને (આપના ચરણ કમળને) વાંદવાને ઇચ્છું છું (અને) મસ્તકે કરી વાંદું છું. ૩

ગુરુ (૩), લઘુ (૨૫), સર્વ વર્ણ (૨૮).

❀ ❀ ❀

૪. સુગુરુને સુખ-શાતા-પૃચ્છા

શબ્દાર્થ

ઈચ્છકાર - ઇચ્છા કરું છું.
સુહરાઈ - સુખે રાત્રિ.
સુહદેવસિ - સુખે દિવસ.
સુખતપ - સુખે તપશ્ચર્યામાં.
શરીર નિરાબાધ - રોગ રહિત-શરીરે.
સુખસંજમજાત્રા - સુખે સંયમ-યાત્રામાં.
નિર્વહો છો જી - પ્રવર્તો છો જી.

---

૧. હે ક્ષમાસહિત તપસ્વી મુનિરાજ.

ઇચ્છકાર, [1]સુહરાઈ, [2]સુહદેવસિ, સુખતપ, શરીર નિરાબાધ, સુખસંજમજાત્રા નિર્વહો છો જી, સ્વામી શાતા છે જી ? ભાત-પાણીનો લાભ દેજો જી ॥ ૪ ॥

અર્થ :- (હે ગુરુજી !) આપ સુખે રાત્રિ, સુખે દિવસ, સુખે તપશ્ચર્યામાં, શરીર સંબંધી રોગ રહિતપણામાં, સુખે સંયમ-યાત્રામાં પ્રવર્તો છો જી ? એમ ઇચ્છું છું. સ્વામી ! શાતા છે જી ? ભાત-પાણીનો લાભ દેજો જી. ૪

❀ ❀ ❀

૫ ઈરિયાવહિયં સૂત્ર

શબ્દાર્થ

ઇચ્છાકારેણ - ઇચ્છાપૂર્વક.
સંદિસહ - આજ્ઞા આપો.
ભગવન્ - હે ભગવંત !
ઈરિયાવહિયં - ઈરિયાવહિ-ગમન કરતાં થયેલ જીવબાધાદિ પાપક્રિયા.
પડિક્કમામિ - હું પ્રતિક્રમું-(પાછો હઠું) છું.
પડિક્કમહ - પ્રતિક્રમ. (નિવર્ત).
ઇચ્છં - પ્રમાણ છે.
ઇચ્છામિપડિક્કમિઉં - હું પ્રતિ-ક્રમવા (પાછો હઠવા) ઈચ્છું છું.
ઇરિયાવહિયાએ - માર્ગમાં-ચાલતાં
વિરાહણાએ - જીવની વિરાધના-થઈ હોય.

---

૧. બપોર પહેલાંના વખતે કહેવું.
૨. બપોર પછીના વખતે કહેવું.

ગમણાગમણે - જતાં-આવતાં.
પાણક્કમણે - પ્રાણી ચાંપ્યા હોય.
બીયક્કમણે - બીજ ચાંપ્યા હોય.
હરિયક્કમણે - લીલી વનસ્પતિ-ચાંપી હોય.
ઓસા - ઝાકળ.
ઉત્તિંગ - કીડીયારૂં, ઉત્તિંગા.
પણગદગ-સેવાળ તથા કાચું પાણી.
મટ્ટી - માટી.
મક્કડાસંતાણા - કરોળીયાની જાળ.
સંકમણે - ચાંપી હોય.
જે - જે.
મે - મેં.
જીવા - જીવો.
વિરાહિયા - વિરાધ્યા હોય.
એગિંદિયા - એકેન્દ્રિય જીવો.
બેઈંદિયા - બેઇન્દ્રિય જીવો.
તેઈંદિયા - ત્રણ ઇન્દ્રિયવાળા.
ચઉરિંદિયા - ચાર ઇન્દ્રિયવાળા.
પંચિંદિયા - પાંચ ઇન્દ્રિયવાળા.

અભિહયા - લાતે માર્યા.
વત્તિયા - ધૂળવડે ઢાંક્યા.
લેસિયા - ભોંય સાથે ઘસ્યા.
સંઘાઈયા - ભેગા કર્યા.
સંઘટ્ટિયા - સ્પર્શ કર્યા.
પરિયાવિયા - પરિતાપ-ઉપજાવ્યા.
કિલામિયા - ખેદ પમાડ્યા.
ઉદ્દવિયા - બીવરાવ્યા-(ત્રાસ પમાડ્યા)
ઠાણાઓ ઠાણં - એક ઠેકાણેથી-બીજે ઠેકાણે.
સંકામિયા - મૂક્યા હોય.
જીવિઆઓ વવરોવિયા - જીવિતથી ચૂકાવ્યા.
તસ્સ - તે.
મિચ્છા - મિથ્યા થાઓ.
મિ - મારું.
દુક્કડં - પાપ.

ઈચ્છાકારેણ સંદિસહ ભગવન્ ! ઈરિયાવહિયં [1]પડિક્કમામિ, [2]ઈચ્છં ॥

અર્થ :- આપની ઈચ્છાપૂર્વક હે જ્ઞાનવંત ! (પૂજ્ય) આદેશ આપો તો ચાલવાના માર્ગમાં જે પાપ લાગ્યું તે પાપથી નિવર્તું-

૧. ગુરુ પડિક્કમહ કહે.
૨. ગુરુમહારાજનો આદેશ સ્વીકારવા આ વચન છે.

પ્રતિક્રમું ? ત્યારે ગુરુ આદેશ આપે કે પ્રતિક્રમો, પછી શિષ્ય કહે કે આજ્ઞા પ્રમાણ છે.

ઈચ્છામિ પડિક્કમિઉં ॥ ૧ ॥

ઈરિયાવહિયાએ વિરાહણાએ. ॥ ૨ ॥

અર્થ :- હું પાપ થકી નિવર્તવાને ઈચ્છું છું. ૧. જવા આવવાના માર્ગમાં તથા સાધુ-શ્રાવકના માર્ગમાં જે વિરાધના (પાપયુક્ત ક્રિયા) થઈ હોય. ૨. જેમ કે-

ગમણાગમણે ॥ ૩ ॥ પાણક્કમણે, બીય-ક્કમણે, હરિયક્કમણે, ઓસાઉત્તિંગ-પણગ-દગ-મટ્ટી-મક્કડાસંતાણા-સંકમણે. ॥ ૪ ॥

અર્થ :- એક સ્થાનકથી બીજે સ્થાનકે જતાં-આવતાં. ૩ (બે-ત્રણ અને ચાર ઇન્દ્રિયવાળા) જીવોને પગે કરી ચાંપવાથી, ધાન્યના બીજને ચાંપવાથી, લીલી વનસ્પતિ ચાંપવાથી, આકાશમાંથી પડતા ઠારને, કીડીયોનાં નગરાંને, પાંચવર્ણી નીલફુલને, સચિત્ત માટી યુક્ત પાણીને, કરોળીયાની જાળને પગે કરી ચાંપવાથી વા મસળવાથી. ૪

જે મે જીવા વિરાહિયા. ॥ ૫ ॥

અર્થ :- જે જીવોની મેં વિરાધના કરી હોય અર્થાત્ જે જીવોને દુઃખી કર્યા હોય. ૫

તે કયા જીવો ?

એગિંદિયા, બેઈંદિયા, તેઈંદિયા, ચઉરિંદિયા, પંચિંદિયા. ॥ ૬ ॥

અર્થ :- એક ઈન્દ્રિયવાળા, બે ઈન્દ્રિયવાળા, ત્રણ ઈન્દ્રિયવાળા, ચાર ઈન્દ્રિયવાળા, પાંચ ઈન્દ્રિયવાળા ૬.

તેઓને કેવી રીતે વિરાધ્યા ?

અભિહયા, વત્તિયા, લેસિયા, સંઘાઈયા, સંઘટ્ટિયા, પરિયાવિયા, કિલામિયા, ઉદ્દવિયા, ઠાણાઓ ઠાણં સંકામિયા, જીવિયાઓ વવરોવિયા, તસ્સ મિચ્છા મિ દુક્કડં. ॥ ૭ ॥

અર્થ :- સામા આવતાને હણ્યા (લાતે માર્યા) હોય, ધૂળે કરી ઢાંક્યા હોય, ભૂમિ સાથે મસળ્યા હોય, માંહોમાંહે શરીર એકઠાં કર્યાં હોય, થોડા સ્પર્શથી દુહવ્યા હોય, પરિતાપ ઉપજાવ્યો હોય, મૃતપ્રાય કીધા હોય, ત્રાસ પમાડ્યા હોય, એક સ્થાનકથી બીજે સ્થાનકે મૂક્યા હોય, જીવિતવ્યથી જુદા કર્યાં હોય; તે સંબંધી જે પાપ લાગ્યું હોય, તે મારું પાપ નિષ્ફળ થાઓ. (તે પાપનું મિચ્છા મિ દુક્કડં દઉં છું.)

પદ (૨૬), સંપદા (૭), ગુરુ (૧૪), લઘુ (૧૩૬), સર્વવર્ણ (૧૫૦).

❀ ❀ ❀

જે સૂત્રમાં ગાથા નથી છતાં અંક આપ્યા છે તે સંપદાના સમજવા.

૯. તસ્સ ઉત્તરી સૂત્ર.

શબ્દાર્થ

તસ્સ - તેની.
ઉત્તરીકરણેણં - ફરીને શુદ્ધિને- અર્થે
પાયચ્છિત્તકરણેણં - પ્રાયશ્ચિત્ત- કરવા વડે.
વિસોહીકરણેણં - વિશેષ શુદ્ધિએ- કરી.
વિસલ્લીકરણેણં - શલ્ય રહિત- પણે.
પાવાણંકમ્માણં - પાપ કર્મોને.
નિગ્ઘાયણટ્ઠાએ - નાશ કરવાને- અર્થે.
ઠામિ - કરું છું.
કાઉસ્સગ્ગં - કાઉસ્સગ્ગ.

તસ્સ [1]ઉત્તરીકરણેણં, પાયચ્છિત્તકરણેણં, વિસોહીકરણેણં, વિસલ્લીકરણેણં, પાવાણં કમ્માણં નિગ્ઘાયણટ્ઠાએ, ઠામિ કાઉસ્સગ્ગં. ॥ ૮ ॥

અર્થ :- તેને વિશેષ શુદ્ધ કરવાને, તેની ગુરુ પાસે આલોયણ કરવાએ કરી, આત્માના અંતરમેલને ટાળવાએ કરી, આત્માને શલ્યથી રહિત કરવાને અને તેથી સર્વ પાપકર્મોનું ઉચ્છેદન કરવાને માટે હું કાય-વ્યાપારનો ત્યાગ કરવારૂપ કાઉસ્સગ્ગ કરૂં છું. ૯.

પદ (૬), સંપદા (૧), ગુરુ (૧૦), લઘુ (૩૯), સર્વવર્ણ (૪૯)

❀ ❀ ❀

---

૧. પાપથી લેપાયેલ આત્મા ઈરિયાવહિથી શુદ્ધ થાય છે છતાં જેટલો અશુદ્ધિવાળો રહ્યો હોય તેને વિશેષ શુદ્ધ કરવાને.

૭. અન્નત્થ ઊસસિએણં સૂત્ર.

શબ્દાર્થ

અન્નત્થ - બીજે (નીચેની બાર-બાબતો સિવાય).
ઊસસિએણં - ઊંચો શ્વાસ લેવાથી.
નીસસિએણં-નીચે શ્વાસ મૂકવાથી.
ખાસિએણં - ઉધરસ ખાવાથી.
છીએણં - છીંક આવવાથી.
જંભાઇએણં - બગાસું આવવાથી.
ઉડ્ડુએણં - ઓડકાર આવવાથી.
વાયનિસગ્ગેણં - વાછૂટ થવાથી.
ભમલીએ - ચકરી આવવાથી.
પિત્તમુચ્છાએ - પિત્તવડે મૂર્ચ્છા-આવવાથી.
સુહુમેહિં - સૂક્ષ્મ.
અંગસંચાલેહિં - અંગ ચાલવાથી.
ખેલસંચાલેહિં-બળખો આવવાથી.
દિટ્ઠિસંચાલેહિં - દૃષ્ટિ ચાલવાથી.
એવમાઇ એહિં - એ વગેરે.
આગારેહિં - આગારો (ટાળીને).
અભગ્ગો - અખંડિત.
અવિરાહિઓ - અવિરાધિત.
હુજ્જ - હો.
મે - મારો.
કાઉસ્સગ્ગો - કાઉસ્સગ્ગ.
જાવ - જ્યાં સુધી.
અરિહંતાણં - અરિહંત.
ભગવંતાણં - ભગવંતોને.
નમુક્કારેણં - નમસ્કાર કરીને.
ન પારેમિ - ન પારું.
તાવ - ત્યાં સુધી.
કાયં - કાયાને.
ઠાણેણં - એક સ્થાન વડે.
મોણેણં - મૌનપણે.
ઝાણેણં - ધ્યાન વડે.
અપ્પાણં - પોતાની કાયાને.
વોસિરામિ - વોસિરાવું છું.

[x]અન્નત્થ ઊસસિએણં, નીસસિએણં, ખાસિએણં, છીએણં, જંભાઇએણં, ઉડ્ડુ-

---

x આ સૂત્રવડે કરવાનો કાઉસ્સગ્ગ ૧૯ દોષ વર્જીને કરવાનો છે, તે દોષ આ પ્રમાણે

૧. ઘોડાની પેઠે પગ ઉંચો રાખે, વાંકો પગ રાખે તે **ઘોટકદોષ.**
૨. જેમ વાયરાથી વેલડી હાલે તેમ શરીરને ધુણાવે તે **લતાદોષ.**

એણં, વાયનિસગ્ગેણં, ભમલીએ, પિત્તમુચ્છાએ. ॥ ૧ ॥

અર્થ :- જે આગારોનું વર્ણન કરું છું, તે સિવાયના બીજે સ્થાનકે (કાયવ્યાપારનો ત્યાગ કરું છું.) તે બાર આગારોનાં નામ-

ઊંચો શ્વાસ લેવા વડે, નીચો શ્વાસ મૂકવા વડે, ઉધરસ આવવાથી, છીંક આવવાથી, બગાસું આવવાથી, ઓડકાર આવવાથી, વા સંચરવાથી,ચકરી આવવાથી, પિત્ત વડે મૂર્ચ્છા આવવાથી ૧.

સુહુમેહિં અંગસંચાલેહિં, સુહુમેહિં ખેલ-સંચાલેહિં, સુહુમેહિં દિટ્ઠિસંચાલેહિં ॥૨॥

અર્થ :- સૂક્ષ્મ શરીરનો સંચાર થવાથી, સૂક્ષ્મ થુંક અથવા કફ ગળવાથી, સૂક્ષ્મ દષ્ટિના સંચારથી. ૨.

---

૩. થાંભલા પ્રમુખને ઓઠીંગણ દઈ રહે તે **સ્તંભાદિદોષ.**
૪. ઉપર મેડી અથવા માળ હોય તેને મસ્તક ટેકાવી રહે તે **માલદોષ.**
૫. ગાડાની ઉધની પેઠે અંગૂઠા તથા પાની મેળવીને પગ રાખે તે **ઉધિદોષ.**
૬. નિગડ-(બેડી)માં પગ નાંખ્યાની પેઠે પગ પહોળા રાખે તે **નિગડદોષ.**
૭. ભિલડીના પેઠે ગુહ્ય સ્થાને હાથ રાખે તે **શબરીદોષ.**
૮. ઘોડાના ચોકઠાની પેઠે હાથ રજોહરણ યુક્ત આગળ રાખે તે **ખલિણદોષ.**
૯. નવપરિણીત વધૂની પેઠે માથું નીચું રાખે તે **વધૂદોષ.**
૧૦. નાભિની ઉપર અને ઢીંચણથી નીચું લાંબું વસ્ત્ર રાખે તે **લંબૂત્તરદોષ.**
૧૧. ડાંસ-મચ્છરના ભયથી, અજ્ઞાનથી અથવા લજ્જાથી હૃદયને આચ્છાદન કરી સ્ત્રીની પેઠે ઢાંકી રાખે તે **સ્તનદોષ.**
૧૨. શીતાદિકના ભયથી સાધ્વીની જેમ બંને સ્કંધ ઢાંકી રાખે એટલે સમગ્ર શરીર આચ્છાદિત રાખે તે **સંયતિદોષ.**

એવમાઈએહિં, આગારેહિં, અભગ્ગો,
અવિરાહિઓ હુજ્જ મે કાઉસ્સગ્ગો. ॥૩॥

અર્થ :- પૂર્વોક્ત આગારો વગેરે બીજા (પણ ચાર)* આગારોથી મારો કાયોત્સર્ગ અખંડિત, અવિરાધિત હોજો. ૩.

(ક્યાં સુધી)

જાવ અરિહંતાણં ભગવંતાણં નમુક્કારેણં
ન પારેમિ. ॥૪॥

અર્થ :- જ્યાં સુધી અરિહંત ભગવાનને નમસ્કાર કરવા વડે ન પારું. ૪.

---

૧૩. આલાવો ગણવાને અર્થે અથવા કાયોત્સર્ગની સંખ્યા ગણવાને અંગુલી તથા પાંપણના ચાળા કરે તે ભમુહંગુલિદોષ.
૧૪. કાગડાની પેઠે ડોળા ફેરવે તે વાયસદોષ.
૧૫. પહેરેલાં વસ્ત્ર જૂ અથવા પરસેવાએ કરી મલિન થવાના ભયથી કોઠાની પેરે ગોપવી રાખે તે કપિત્થદોષ.
૧૬. યક્ષાવેશિતની પેરે માથું ધુણાવે તે શિરઃકંપદોષ.
૧૭. મુંગાની પેરે હું હું કરે તે મૂકદોષ.
૧૮. આલાવો ગણતાં મદિરાની પેરે બડબડાટ કરે તે મદિરાદોષ.
૧૯. વાનરની પેઠે આસપાસ જોયા કરે, ઓષ્ઠપુટ ચલાવે તે પ્રેક્ષ્યદોષ.

* બીજા ચાર આગાર (૧) અગ્નિના ઉપદ્રવથી બીજે સ્થાનકે જવું પડે તથા વિજળીના પ્રકાશથી વસ્ત્રાદિ ઓઢવાં પડે. (૨) બિલાડી, ઉંદર વગેરે આડા ઉતરતા હોય તથા પંચેન્દ્રિય જીવનું છેદન-ભેદન થતું હોય તેથી બીજે સ્થાનકે જવું પડે. (૩) અકસ્માત્ ચોરની ધાડ આવી પડે તેથી અથવા રાજાદિના ભયથી બીજે સ્થાનકે જવું પડે. (૪) સિંહ વગેરે ઉપદ્રવ કરતા હોય. અથવા તો સર્પાદિક દંશ કરતા હોય. અથવા ભીંત પડે તેવી હોય તો બીજે સ્થાનકે જવું પડે.

તાવ કાયં, ઠાણેણં, મોણેણં, ઝાણેણં, અપ્પાણં વોસિરામિ ॥ ૫ ॥

અર્થ :- ત્યાં સુધી પોતાની કાયાને, સ્થાનવડે, મૌન રહેવા વડે (અને) ધ્યાન વડે (પાપક્રિયાથી) વોસિરાવું છું.

પદ (૨૮), સંપદા (૫), ગુરુ (૧૩), લઘુ (૧૨૭), સર્વવર્ણ (૧૪૦).

❀ ❀ ❀

૮. લોગસ્સ (નામસ્તવ) સૂત્ર

શબ્દાર્થ

લોગસ્સ - લોકને.
ઉજ્જોઅગરે - ઉદ્યોત કરનારા.
ધમ્મતિત્થયરે - ધર્મરૂપ તીર્થના-કરનારા.
જિણે - જિનોને.
અરિહંતે - અરિહંત ભગવાનોને.
કિત્તઈસ્સં - હું સ્તવીશ.
ચઉવીસંપિ - ચોવીશે.
કેવલી - કેવળી ભગવાનોને.
ઉસભમજિયં - શ્રી ઋષભદેવ-અને અજિતનાથને.
ચ - અને.
વંદે - હું વંદના કરું છું.
સંભવમભિણંદણં ચ-સંભવનાથ-તથા અભિનંદનસ્વામીને.
સુમઈ - સુમતિનાથને.
પઉમપ્પહં - પદ્મપ્રભપ્રભુને.
સુપાસં - સુપાર્શ્વનાથને.
ચંદપ્પહં - ચંદ્રપ્રભપ્રભુને.
સુવિહિં - સુવિધિનાથને.
પુપ્ફદંતં - (બીજું નામ) પુષ્પદંતને.
સીયલ સિજ્જંસ - શીતળનાથ-તથા શ્રેયાંસનાથને.
વાસુપુજ્જં - વાસુપૂજ્યસ્વામીને.
વિમલમણંતં - વિમલનાથ તથા-અનંતનાથને.
જિણં - જિનને.
ધમ્મં - ધર્મનાથને.
સંતિં - શાન્તિનાથને.
કુંથું - કુંથુનાથને.
અરં - અરનાથને.
મલ્લિં - મલ્લિનાથને.
મુણિસુવ્વયં - મુનિસુવ્રતસ્વામીને.
નમિજિણં - નમિજિનને.
વંદામિ - હું વંદન કરું છું.
રિટ્ઠનેમિં - અરિષ્ટનેમિને.

પાસં - પાર્શ્વનાથને.
વદ્ધમાણં - વર્દ્ધમાનસ્વામીને.
એવં - એવી રીતે.
મએ - મેં.
અભિથુઆ - સ્તવ્યા.
વિહુય - વિશેષે ક્ષય કર્યા છે.
રયમલા - કર્મરૂપ રજ અને મેલને- જેમણે.
પહીણ - વિશેષ ક્ષય કર્યા છે.
જરમરણા - જરા અને મરણ જેમણે.
જિણવરા - સામાન્ય કેવળીઓમાં શ્રેષ્ઠ.
તિત્થયરા - તીર્થંકરો.
મે - મને.
પસીયંતુ - પ્રસન્ન થાઓ.
કિત્તિય - સ્તવ્યા.
વંદિય - વાંદ્યા.
મહિયા - પૂજ્યા.
જે એ - જે.
લોગસ્સ - લોકમાં.
ઉત્તમા - ઉત્તમ.
સિદ્ધા - સિદ્ધ થયા છે.
આરુગ્ગ - આરોગ્ય.
બોહિલાભં - સમ્યગ્દર્શનનોલાભ.
સમાહિવરં - પ્રધાન સમાધિ.
ઉત્તમં - ઉત્તમ.
દિંતુ - આપો.
ચંદેસુ - ચંદ્રના સમૂહથી.
નિમ્મલયરા - અતિ નિર્મળ.
આઈચ્ચેસુ - સૂર્યના સમૂહથી.
અહિયં - અધિક.
પયાસયરા - પ્રકાશ કરનારા.
સાગરવરગંભીરા - સ્વયંભૂરમણ- સમુદ્રની પેઠે- ગંભીર એવા.
સિદ્ધા - સિદ્ધ ભગવાનો.
સિદ્ધિં - સિદ્ધિને.
મમ - મને.
દિસંતુ - આપો.

લોગસ્સ ઉજ્જોઅગરે, ધમ્મતિત્થયરે જિણે ॥ અરિહંતે કિત્તઈસ્સં, ચઉવીસંપિ કેવલી. ॥ ૧ ॥

અર્થ :- લોકને (કેવળજ્ઞાન વડે) ઉદ્યોત કરનારા,ધર્મ તીર્થના કરનારા, (રાગ-દ્વેષ) જિતનારા. કર્મશત્રુનો નાશ કરનાર (અને) કેવલજ્ઞાની એવા ચોવીસે તીર્થંકરો અને બીજાઓનું પણ કીર્તન કરીશ. ૧.

***ઉસભ-મજિઅં ચ વંદે, સંભવમભિ-ણંદણં ચ સુમઈં ચ ॥ પઉમપ્પહં સુપાસં, જિણં ચ ચંદપ્પહં વંદે ॥ ૨ ॥**

અર્થ :- (શ્રી) ઋષભદેવ તથા અજિતનાથને વાંદું છું, સંભવનાથ, અભિનંદનસ્વામી તથા સુમતિનાથને, પદ્મપ્રભ, રાગદ્વેષના જિતનારા સુપાર્શ્વનાથ તથા ચંદ્રપ્રભને વાંદું છું. ૨.

***શ્રી ઋષભદેવ**નો જન્મ વિનીતાનગરીમાં થયો. તેમના **નાભિરાજા** પિતા અને **મરુદેવા** માતા હતાં. બધા તીર્થંકરોની માતાઓ પહેલા સ્વપ્ને હાથી દેખે પણ મરુદેવા માતાએ પ્રથમ વૃષભ દીઠો. એવો ગર્ભનો મહિમા જાણીને તેમનું શ્રી **ઋષભદેવ** નામ રાખ્યું, તથા ધર્મની આદિના પ્રવર્ત્તાવનાર તેથી બીજું **આદિનાથ** નામ પણ કહીએ. તેમનું પાંચશો ધનુષ્ય પ્રમાણ શરીર અને ચોરાશી લાખ પૂર્વનું આયુષ્ય હતું. તેઓ સુવર્ણના જેવા વર્ણવાળા અને **વૃષભ** લાંછનવાળા હતા. તેમને સો પુત્ર હતા. મોટાનું નામ **ભરત** હતું, જેમને આરિસાભવનમાં કેવળજ્ઞાન થયું હતું અને ૯૯ પુત્રો દીક્ષા લઈ કેવળજ્ઞાન પામી મોક્ષે ગયા હતા.

શ્રી અજિતનાથ-અયોધ્યાનગરીમાં જન્મ્યા, તેમના પિતા **જિતશત્રુરાજા** અને તેમની માતાનું નામ **વિજયારાણી** હતું. તે રાજા રાણી પ્રથમ પાસાબાજી રમતાં ત્યારે રાણી હારી જતી અને રાજાની જીત થતી હતી અને ભગવંત ગર્ભે આવ્યા પછી રાણી જીતે અને રાજા હારે, એવો ગર્ભનો મહિમા જાણીને **અજિતનાથ** નામ દીધું. તેમનું સાડાચારસો ધનુષ્ય પ્રમાણ શરીર, બહોંતેર લાખ પૂર્વનું આયુ, સુવર્ણ વર્ણ અને લાંછન **હાથી**નું હતું.

શ્રી સંભવનાથ-શ્રાવસ્તિનગરીમાં જન્મ્યા. તેમના પિતા **જિતારિ-રાજા** અને **સેના** રાણી માતા હતાં. દેશમાં દુકાળ હતો, છતાં ભગવંત

સુવિહિં ચ પુપ્ફદંતં, સીઅલસિજ્જંસ વાસુપુજ્જં ચ ॥ વિમલમણંતં ચ જિણં, ધમ્મં સંતિં ચ વંદામિ ॥ ૩ ॥

ગર્ભે આવ્યાથી અણચિંતવ્યો પૃથ્વીમાં ધાન્યનો સંભવ થયો, તેથી **સંભવનાથ** નામ દીધું. તેમનું ચારશેં ધનુષ્ય પ્રમાણ શરીર અને સાઠ લાખ પૂર્વનું આયુ હતું. તેઓ સુવર્ણ વર્ણવાળા તથા લાંછન ઘોડાનું હતું.

શ્રી અભિનંદન સ્વામી - અયોધ્યાનગરીમાં જન્મ હતો. અને તેમના પિતા **સંવર** રાજા અને **સિદ્ધાર્થા** રાણી માતા હતાં. ભગવંત ગર્ભે આવ્યા પછી ઇન્દ્રમહારાજ આવીને ભગવંતની માતાને ઘણીવાર સ્તવી જતા હતા તે માટે રાજા પ્રમુખે જાણ્યું કે એ ગર્ભનો જ મહિમા છે, માટે **અભિનંદન** નામ દીધું. સાડા ત્રણશો ધનુષ્ય પ્રમાણ શરીર તથા પચાસ લાખ પૂર્વનું આયુષ્ય હતું. લાંછન વાનરનું અને સુવર્ણ વર્ણવાળા હતા.

શ્રી સુમતિનાથ - અયોધ્યાનગરીમાં જન્મ હતો. તેમના પિતા **મેઘરથ** રાજા અને **સુમંગલા** માતા હતાં. પ્રભુ ગર્ભમાં રહ્યા પછી તે ગામમાં એક વણિકની બે સ્ત્રીઓ હતી, તેમાં ન્હાનીને પુત્ર હતો અને મ્હોટી વંધ્યા હતી, પણ તે છોકરાનું પ્રતિપાલન બંને માતાઓ કરતી હતી. એમ કરતાં તે વાણિયો જ્યારે મરણ પામ્યો ત્યારે મ્હોટી સ્ત્રી ધનની લાલચે કહેવા લાગી કે "આ પુત્ર મારો, માટે જેનો પુત્ર હોય તેનું ધન થાય" તેમજ ન્હાનીનો તો દીકરો હતો તેથી તેણે કહ્યું કે "એ પુત્ર મહારો છે અને ધન પણ મહારું છે" એમ બન્ને શોક્યોનો ટંટો થયો. તે વઢતી વઢતી દરબારમાં આવી, તે વારે ગર્ભના મહિમાથી રાણીને ચુકાદો કરવાની ભલી બુદ્ધિ ઉત્પન્ન થઈ તેથી એ બંનેને રાણીએ કહ્યું કે "બન્ને મળીને ધન અર્ધો અર્ધ વહેંચી લો અને છોકરાના પણ બે ભાગ કરી અર્ધો અર્ધ વહેંચી લો." તે સાંભળી નાની

અર્થ :- (શ્રી) સુવિધિનાથ (બીજું નામ) પુષ્પદંતને, શીતલનાથ, શ્રેયાંસનાથને અને વાસુપૂજ્યસ્વામીને, વિમલનાથને, અનંતનાથને અને રાગ-દ્વેષના જિતનાર ધર્મનાથને તથા શાન્તિનાથને હું વંદના કરું છું. ૩

સ્ત્રી બોલી કે "મારે દ્રવ્ય જોઈતું નથી, છોકરાના કાંઈ બે વિભાગ થાય નહિ, એ છોકરો એનો છે તે મહારો જ છે." તે સાંભળી રાણી બોલી કે "પુત્ર નાની સ્ત્રીનો છે. કેમકે પુત્રનું મૃત્યુ થાય ત્યાં સુધી મોટી સ્ત્રીથી ના કહેવાણી નહી અને ન્હાની સ્ત્રીએ મારવાની મનાઈ કરી, માટે પુત્ર અને ધન એને હવાલે કરો અને મ્ટોહી સ્ત્રીને ઘરથી બહાર કાઢો." ગર્ભના મહિમાથી ભગવંતની માતાને એવી બુદ્ધિ ઉપજી તે માટે **સુમતિ** નામ દીધું. તેમનું ત્રણશો ધનુષ્ય પ્રમાણ શરીર, ચાલીશ લાખ પૂર્વનું આયુષ્ય, સુવર્ણવર્ણ તથા લાંછન **ક્રૌંચપક્ષી**નું હતું.

શ્રી પદ્મપ્રભસ્વામી - કૌશાંબીનગરીમાં જન્મ હતો. તેમના પિતા **શ્રીધરરાજા** અને **સુસીમારાણી** માતા હતાં. ગર્ભે આવ્યા પછી માતાને કમળની શય્યામાં સુવાનો દોહલો ઉપજયો. (જે દેવતાએ પૂર્ણ કર્યો) તેથી ભગવંતનું શરીર પદ્મ (કમળ) સરખું રક્તવર્ણે હ્.. તેથી **પદ્મપ્રભ** નામ દીધું. તેમનું અઢીશેં ધનુષ્ય પ્રમાણ શરીર અને ત્રીસ લાખ પૂર્વનું આયુષ્ય હતું. લાંછન **પદ્મ**નું હતું તથા વર્ણે રક્ત હતા.

શ્રી સુપાર્શ્વનાથ - વાણારસીનગરીમાં જન્મ હતો. તેમના પિતા **સુપ્રતિષ્ઠ** રાજા અને **પૃથ્વીરાણી** માતા હતાં. માતાનાં બંને પાસાં રોગે કરી વ્યાપ્ત હતાં, ભગવંત ગર્ભે આવ્યા પછી બંને પાસાં સુવર્ણવર્ણી અને ઘણાં સુકોમળ થયાં માટે **સુપાર્શ્વ** નામ દીધું. (એક પ્રતમાં ભગવંતના પિતાનાં બે પાસાં કોઢ રોગવાળાં હતાં તેને ભગવંતની માતાએ હાથ ફેરવ્યાથી સુકુમાળ નિરોગી થયાં એવો પાઠ લખ્યો છે.) તેમનું બસો ધનુષ્ય પ્રમાણ શરીર, વીશ લાખ પૂર્વનું આયુષ્ય હતું. સુવર્ણવર્ણ અને લાંછન **સાથીયા**નું હતું.

કુંથું અરં ચ મલ્લિં, વંદે મુણિસુવ્વયં નમિજિણં ચ ।। વંદામિ રિટ્ઠનેમિં, પાસં તહ વદ્ધમાણં ચ ।।૪।।

શ્રીચંદ્રપ્રભસ્વામી - ચંદ્રપુરીનગરીમાં જન્મ્યા હતા. તેમના પિતા **મહેસન** રાજા અને **લક્ષ્મણા** રાણી માતા હતાં. ભગવંત ગર્ભે આવ્યા પછી માતાને ચંદ્રમાનું પાન કરવાનો દોહલો ઉપન્યો (જે પ્રધાને બુદ્ધિએ કરી પૂર્ણ કરાવ્યો) એ ગર્ભનો પ્રભાવ જાણી **ચંદ્રપ્રભ** નામ દીધું. તેમનું એકસો પચાસ ધનુષ્ય પ્રમાણ શરીર અને દશ લાખ પૂર્વનું આયુષ્ય હતું. વર્ણ શ્વેત અને લાંછન **ચંદ્ર**નું હતું.

શ્રી સુવિધિનાથ - (એમનું બીજું નામ **પુષ્પદંત** છે.) તેમનો **કાકંદીનગરીમાં** જન્મ હતો. તેમના પિતા **સુગ્રીવરાજા** અને **શ્યામા** રાણી માતા હતાં, ભગવંત ગર્ભે આવ્યા પછી માતા તથા પિતા ભલી વિધિએ કરી ધર્મ કરવા લાગ્યાં. એવો ધર્મનો પ્રભાવ જાણી **સુવિધિનાથ** નામ દીધું. અને મચકુંદના ફુલની કળી સરખા પ્રભુના ઉજ્જ્વળ દાંત હતા માટે બીજું **પુષ્પદંત** નામ દીધું તેમનું એકસો ધનુષ્ય પ્રમાણ શરીર, બે લાખ પૂર્વનું આયુષ્ય. શ્વેત વર્ણ અને **મગરમચ્છ**નું લાંછન હતું.

શ્રી શીતલનાથ - ભદ્દિલપુરનગરીમાં જન્મ હતો. તેમના પિતા **દઢરથ** રાજા અને **નંદા** રાણી માતા હતાં પિતાના શરીરે દાહજ્જ્વર થયો હતો. ભગવંત ગર્ભે આવ્યા પછી રાજાના શરીરની ઉપર રાણીએ હાથ ફેરવ્યાથી શીતલતા થઈ, એવો ગર્ભનો મહિમા જાણી **શીતલનાથ** નામ દીધું. તેમનું નેવું ધનુષ્ય પ્રમાણ શરીર અને એક લાખ પૂર્વનું આયુષ્ય હતું. સુવર્ણ વર્ણ અને **શ્રીવચ્છ**નું લાંછન હતું.

શ્રી શ્રેયાંસનાથ - સિંહપુરનગરમાં જન્મ હતો. તેમના પિતા **વિષ્ણુરાજા** અને **વિષ્ણુરાણી** માતા હતાં. કોઈ દેરાસરમાં પરંપરાગત

અર્થ :- (શ્રી) કુંથુનાથને તથા શ્રીઅરનાથને, મલ્લિનાથને, મુનિસુવ્રતસ્વામિને તથા રાગદ્વેષને જિતનારા નમિનાથને વાંદુ છું. (શ્રી) અરિષ્ટનેમિ તથા પાર્શ્વનાથને અને વર્ધમાન સ્વામિને હું વંદના કરું છું. ૪

દેવતાધિષ્ઠિત શય્યાની પૂજા થતી હતી. તે શય્યાએ જે બેસે અથવા સૂવે તેને ઉપદ્રવ ઊપજે. જે ભગવંત ગર્ભે આવ્યા પછી માતાના મનમાં આવ્યું કે જે દેવ-ગુરુની પ્રતિમાની પૂજા થાય તે તો ખરૂં છે; પણ શય્યાની પૂજા તો ક્યાંયે સાંભળી નથી; એમ ચિંતવી શય્યાની રક્ષા કરનાર પુરુષે મનાઈ કર્યા છતાં પણ પ્રભુની માતા તે શય્યા ઉપર બેઠાં તથા સૂતાં, તે છતાં ગર્ભના પ્રભાવથી અધિષ્ઠાયક દેવતા ઉપદ્રવ ન કરી શક્યો અને શય્યા મૂકી જતો રહ્યો. ત્યારપછી રાજા પ્રમુખે તે શય્યા વપરાશમાં લીધી, એવો ગર્ભનો મહિમા જાણી **શ્રેયાંસ** નામ દીધું. તેમનું એંશી ધનુષ્યનું પ્રમાણ શરીર અને ચોરાશી લાખ વર્ષનું આયુષ્ય હતું. સુવર્ણ વર્ણ હતો અને લાંછન ગેંડાનું હતું.

શ્રી વાસુપૂજ્ય સ્વામી - ચંપાપુરીમાં જન્મ થયો હતો. તેમના પિતા **વસુપૂજ્ય** રાજા અને **જયારાણી** માતા હતાં. ભગવંત ગર્ભે આવ્યા પછી ઈન્દ્રમહારાજ વારંવાર આવી વસુ એટલે રત્નની વૃષ્ટિ કરીને માતા-પિતાની પૂજા કરતા, તેથી **વાસુપૂજ્ય** નામ દીધું. તેમનું સિત્તેર ધનુષ્ય પ્રમાણ શરીર, અને બહોંતર લાખ વર્ષનું આયુષ્ય હતું. રક્તવર્ણ અને લાંછન પાડાનું હતું.

શ્રી વિમળનાથ - કંપિલપુરનગરમાં જન્મ હતો. તેમના પિતા **કૃતવર્મ** રાજા અને **શ્યામારાણી** માતા હતાં. ભગવંત ગર્ભે આવ્યા પછી તેમના નગરમાં કોઈ સ્ત્રી-ભર્તાર દેહરે આવી ઊતર્યાં. ત્યાં કોઈ વ્યંતરી દેવી રહેતી હતી, તેણે તે પુરુષનું રૂપ દીઠું. તેથી તેણીને કામક્રીડા કરવાની અભિલાષા થઈ પછી તેની સ્ત્રીના જેવું પોતાનું રૂપ વિકુર્વી વ્યંતરી તે પુરુષની પાસે સૂતી. પ્રભાતે બંને સ્ત્રી સમાન દેખી પુરુષે કહ્યું "આમાં મ્હારી સ્ત્રી કોણ છે ?" ત્યારે પહેલી બોલી

એવં મએ અભિથુઆ, વિહુયરયમલા, પહીણજરમરણા ॥ ચઉવીસંપિ જિણવરા, તિત્થયરામે પસીયંતુ ॥૫॥

કે એ મ્હારો ભર્તાર છે. અને બીજી બોલી કે એ મ્હારો ભર્તાર છે. એમ વઢતાં વઢતાં સર્વ રાજા પાસે આવ્યાં. રાજા તથા પ્રધાન બેઉ સ્ત્રીને સમાન દેખી કોઈ રીતે નિવડો કરી શક્યા નહિ, પણ રાણીએ પુરુષને દૂર ઊભો રાખ્યો અને બંને સ્ત્રીઓને પણ દૂરી ઊભી રાખીને કહ્યું કે "જે પોતાના સત્યના પ્રભાવથી ભર્તારને સ્પર્શ કરે તેનો એ ભર્તાર જાણવો" તે સાંભળી વ્યંતરીએ દેવશક્તિના પ્રભાવે પોતાનો હાથ લાંબો કરી ભર્તારને સ્પર્શ કર્યો, તેવો જ રાણીએ તેનો હાથ પકડી લઈને કહ્યું કે "તું તો વ્યંતરી છે. માટે તારે સ્થાનકે જતી રહે એવી રીતે ચુકાદો થવાથી વિમળમતિવાળી રાણી કહેવાણી. તે ગર્ભનો જ પ્રભાવ જાણી **વિમળનાથ** નામ દીધું. તેમનું સાઠ ધનુષ્ય પ્રમાણ શરીર અને સાઠ લાખ વર્ષનું આયુષ્ય જાણવું. સુવર્ણ વર્ણ અને શુકર (ભૂંડ)નું લાંછન જાણવું.

શ્રી અનંતનાથ - અયોધ્યાનગરીમાં જન્મ થયો હતો. તેમના પિતા **સિંહસેન** રાજા અને **સુયશા** રાણી માતા હતાં. વળી સ્વપ્નમાં જેનો અંત ન આવે એવું, એક મોટું ચક્ર ભમતું રાણીએ આકાશને વિષે દીઠું અને અનંત રત્નની માળા દીઠી તથા અનંત ગાંઠના દોરા કરી બાંધ્યા, તેથી લોકોના તાવ ગયા એવો ગર્ભનો પ્રભાવ જાણી **અનંતનાથ** નામ દીધું. તેમનું પચાસ ધનુષ્ય પ્રમાણ શરીર અને ત્રીસ લાખ વર્ષનું આયુષ્ય જાણવું. સુવર્ણ વર્ણ તથા લાંછન સિંચાણાનું જાણવું.

શ્રી ધર્મનાથસ્વામી - રત્નપુરનગરમાં જન્મ્યા હતા. તેમના પિતા **ભાનુરાજા** અને **સુવ્રતા** રાણી માતા હતાં. રાજા-રાણીને પૂર્વે ધર્મ ઉપર અલ્પ રાગ હતો, તે ભગવંત ગર્ભે આવ્યા પછી બંનેને ધર્મ

અર્થ :- એ પ્રકારે મેં (નામપૂર્વક) સ્તવ્યા. તે ચોવીશે તીર્થંકરો તથા બીજા પણ તીર્થંકરો, જેઓએ (કર્મરૂપ) રજ તથા મેલને ટાળ્યા છે (તથા જેમણે) જરા અને મરણ અતિશયે કરીને ક્ષય કર્યા છે (તથા જે) સામાન્ય કેવળીઓથી શ્રેષ્ઠ છે એવા તે તીર્થંકરો મારા ઉપર પ્રસન્ન થાઓ ! ૫

ઉપર અત્યંત રાગ થયો. એવો ગર્ભનો મહિમા જાણી **ધર્મનાથ** નામ દીધું. તેમનું પીસ્તાલીશ ધનુષ્ય પ્રમાણ શરીર અને દશ લાખ વર્ષનું આયુષ્ય જાણવું. સુવર્ણ વર્ણ તથા લાંછન વજ્રનું જાણવું.

શ્રી શાન્તિનાથ - ગજપુરનગરમાં જન્મ હતો. તેમના પિતા વિશ્વસેન રાજા અને અચિરારાણી માતા હતાં. વળી તે દેશમાં મરકીનો ઉપદ્રવ ઘણો હતો. ભગવંત ગર્ભે આવ્યા પછી માતાએ અમૃત છાંટ્યું તેથી મરકીની શાન્તિ થઈ, એવા ગર્ભના પ્રભાવથી **શાન્તિનાથ** નામ દીધું તેમનું ચાલીશ ધનુષ્ય પ્રમાણ શરીર અને એક લાખ વર્ષનું આયુષ્ય જાણવું. સુવર્ણ વર્ણ તથા લાંછન મૃગનું જાણવું.

શ્રી કુંથુનાથ - હસ્તિનાપુરનગરમાં જન્મ હતો. અને તેમના પિતા સુરરાજા અને શ્રીરાણી માતા હતાં. ભગવંત ગર્ભે આવ્યા પછી માતાજીએ સ્વપ્રમાં રત્નનો થૂભ પૃથ્વીને વિષે દીઠો તથા શત્રુ હતા તે કુંથુઆની જેવા ન્હાના થયા અથવા કુંથુઆ પ્રમુખ નાના-મોટા જીવોની જયણા દેશમાં પ્રવર્તી તેથી **કુંથુનાથ** નામ દીધું. તેમનું પાંત્રીશ ધનુષ્યનું શરીર અને પંચાણું હજાર વર્ષનું આયુષ્ય જાણવું. સુવર્ણ વર્ણ તથા લાંછન છાગ (બોકડા)નું જાણવું.

શ્રી અરનાથ - ગજપુરનગરમાં જન્મ હતો, તેમના પિતા સુદર્શન રાજા અને દેવીરાણી માતા હતાં. ભગવંત ગર્ભે આવ્યા પછી રાણીએ સ્વપ્રમાં રત્નમય આરો તથા થૂભ દીઠાં. એવો ગર્ભનો મહિમા જાણી **અરનાથ** નામ દીધું. તેમનું ત્રીશ ધનુષ્ય શરીરમાન અને ચોરાશી હજાર વર્ષનું આયુષ્ય જાણવું. સુવર્ણ વર્ણ તથા લાંછન નંદાવર્તનું જાણવું.

કિત્તિય-વંદિય-મહિયા, જે એ લોગસ્સ ઉત્તમા સિદ્ધા ।। આરુગ્ગ-બોહિલાભં, સમાહિવરમુત્તમં દિંતુ ।।૬।।

શ્રી મલ્લિનાથ - મિથિલાનગરીમાં જન્મ્યા હતા. તેમના પિતા **કુંભરાજા** અને **પ્રભાવતીરાણી** માતા હતાં. ભગવંત ગર્ભે આવ્યા પછી માતાને એક રાત્રીએ છએ ઋતુનાં ફૂલની શય્યાએ સુવાનો દોહલો ઉપન્યો, તે દેવતાએ પૂર્યો, એવો ગર્ભનો પ્રભાવ જાણી **શ્રી મલ્લિનાથ** નામ દીધું, તેમનું પચીશ ધનુષ્ય શરીરનું માન અને પંચાવન હજાર વર્ષનું આયુષ્ય જાણવું, નીલ વર્ણ તથા લાંછન **કુંભનું** જાણવું.

શ્રી મુનિસુવ્રતસ્વામી - રાજગૃહનગરમાં જન્મ હતો. તેમના પિતા **સુમિત્રરાજા** અને **પદ્મારાણી** માતા હતાં. ભગવંત ગર્ભે આવ્યા પછી માતા-પિતા મુનિરાજની પેરે શ્રાવકના ભલાં બાર વ્રત સાચવવા લાગ્યાં; એવો ગર્ભનો પ્રભાવ જાણી **મુનિસુવ્રત** નામ દીધું. તેમનું વીશ ધનુષ્ય શરીરમાન અને ત્રીશ હજાર વર્ષનું આયુષ્ય જાણવું. કૃષ્ણ વર્ણ તથા લાંછન **કાચબાનું** જાણવું.

શ્રી નમિજિન - મિથિલાનગરીમાં જન્મ્યા હતા, તેમના પિતા **વિજય રાજા** અને **વપ્રા રાણી** માતા હતાં. ભગવંત ગર્ભમાં આવ્યા પછી સીમાડાના શત્રુ રાજા હતા તે ચઢી આવ્યા. ગામના કિલ્લાને ચારે બાજુ લશ્કરનો પડાવ નાખી વિંટી લીધો. રાજાને ઘણી બીક લાગી પણ રાણીએ કિલ્લા ઉપર ચઢીને શત્રુઓને વાંકી નજરે જોયા. રાણીનું તેજ વૈરી રાજાઓથી ખમાયું નહિ, તેથી સર્વ આવીને ભગવંતની માતાને નમસ્કાર કરી કહેવા લાગ્યા, કે અમારા ઉપર સૌમ્યદૃષ્ટિએ જુઓ, રાણીએ તેમની ઉપર સૌમ્ય નજરે જોઈ માથે હાથ મૂક્યો. સર્વ રાજાઓ રાણીને પગે લાગી આજ્ઞા માગી પોતપોતાને નગરે ગયા. એવો ગર્ભનો પ્રભાવ જાણી **નમિનાથ** નામ

અર્થ :- (જેમને ઇન્દ્રાદિકે) સ્તવ્યા છે, વાંદ્યા છે, પૂજ્યા છે અને જેઓ લોકને વિષે ઉત્તમ સિદ્ધ (ભગવાન) થયા છે, તેઓ (મને) આરોગ્ય, સમ્યગ્દર્શનનો લાભ અને પ્રધાન ઉત્તમ સમાધિ આપો ! ૬

દીધું. તેમનું પન્નર ધનુષ્ય શરીરમાન અને દશ હજાર વર્ષનું આયુષ્ય જાણવું. સુવર્ણ વર્ણ અને લાંછન **નીલકમળનું** જાણવું.

શ્રી અરિષ્ટનેમિ - પ્રભુનો **શૌરીપુરનગરમાં** જન્મ હતો. તેમના પિતા **સમુદ્રવિજય** રાજા અને **શિવાદેવી** રાણી માતા હતાં. પ્રભુ ગર્ભે આવ્યા પછી માતાએ સ્વપ્નમાં અરિષ્ટ એટલે કાળા રત્નની રેલી દીઠી તથા આકાશમાં ચક્ર ઉછળતું દીઠું, એવો ગર્ભનો પ્રભાવ જાણી **અરિષ્ટનેમિ** નામ દીધું. બીજું નામ **શ્રી નેમિનાથ.** તેમનું દશ ધનુષ્ય શરીરમાન અને એક હજાર વર્ષનું આયુષ્ય. શ્યામ વર્ણ અને લાંછન **શંખનું** જાણવું.

શ્રી પાર્શ્વનાથસ્વામી - **વારાણસીનગરીમાં** જન્મ હતો. તેમના પિતા **અશ્વસેન** રાજા અને **વામા** રાણી માતા હતાં. વળી ભગવંત ગર્ભે આવ્યા પછી માતાએ અંધારી રાત્રે પોતાની પાસે સર્પ જતો દીઠો. તે સર્પના જવાના માર્ગની વચમાં રાજાનો હાથ દેખી રાણીએ ઉંચો કીધો. તેથી રાજા ઉઠ્યા અને બોલ્યા કે શા માટે હાથ ઉંચો કીધો ? રાણીએ સર્પ દીઠાનું કહ્યું, રાજા કહે કે તમે જુઠું બોલો છો ? પછી દીપક મંગાવી જોયું તો સર્પ દીઠો. તે વારે વિસ્મય પામી રાજાએ વિચાર્યું, જે મેં ન દીઠો તે રાણીએ દીઠો એ ગર્ભનો પ્રભાવ છે, એમ જાણી શ્રી **પાર્શ્વનાથ** નામ દીધું. તેમનું નવ હસ્ત પ્રમાણ શરીર અને એકસો વર્ષનું આયુષ્ય જાણવું. નીલ વર્ણ તથા લાંછન **સર્પનું** જાણવું.

શ્રી વર્ધમાનસ્વામિ - **ક્ષત્રિયકુંડનગરીમાં** જન્મ હતો. તેમના પિતા **સિદ્ધાર્થ** રાજા અને **ત્રિશલા** રાણી માતા હતાં, ભગવંત ગર્ભમાં આવ્યા પછી માતા-પિતા સમસ્ત ઋદ્ધિએ વૃદ્ધિ પામ્યા. ધન-ધાન્યાદિકના

ચંદેસુ નિમ્મલયરા, આઈચ્ચેસુ અહિયં પયાસયરા ॥ સાગરવરગંભીરા, સિદ્ધા સિદ્ધિં મમ દિસંતુ ॥૭॥

અર્થ :- ચંદ્રસમુદાયથી વિશેષ નિર્મળ, સૂર્યસમુદાયથી વિશેષ પ્રકાશ કરનાર (અને) સ્વયંભૂરમણ સમુદ્ર જેવા ગંભીર એવા સિદ્ધ (પરમાત્મા) મને મોક્ષ આપો ! ૭

પદ (૨૮), સંપદા (૨૮), ગુરુ (૨૭), લઘુ (૨૨૯), સર્વ વર્ણ (૨૫૬)

ઈતિ નામસ્તવ[1] સૂત્ર ૮.

❀ ❀ ❀

ભંડાર તથા દેશ-નગરાદિની વૃદ્ધિ થઈ, સર્વ રાજા આજ્ઞામાં વર્તવા લાગ્યા; એવો ગર્ભનો પ્રભાવ જાણી **વર્ધમાન** નામ દીધું, વળી બાલ્યાવસ્થામાં મેરુપર્વત અંગુઠે ચાંપ્યો તથા આમલકી ક્રીડા કરતાં દેવતા હાર્યો, તેથી ઈન્દ્ર મહારાજે **શ્રી મહાવીર** એવું બીજું નામ દીધું. તેમનું સાત હાથનું શરીર અને બહોંતેર વર્ષનું આયુષ્ય જાણવું. સુવર્ણ વર્ણ અને લાંછન સિંહનું જાણવું. શ્રીમહાવીરસ્વામી ૨૪મા તીર્થંકર થયા, ત્યારપછી કોઈપણ તીર્થંકર ભગવાન આ ભરતક્ષેત્રમાં થયા નથી, તેમજ આ અવસર્પિણી કાળમાં થવાના નથી. હાલમાં જે જૈનધર્મ પ્રવર્તે છે તે શ્રીવીરપ્રભુનું જ શાસન સમજવું. તેમની પાટે **શ્રી સુધર્માસ્વામી ગણધર** થયા, હાલમાં જે સાધુઓ જૈનધર્મને માનનારા છે તે સઘળા તેઓની પરંપરાના સમજવાના.

૧. આ સૂત્રમાં નામપૂર્વક તીર્થંકરોની સ્તવના કરેલ છે તેથી આ સૂત્રનું બીજું નામ **નામસ્તવ** છે.

૯. કરેમિ ભંતે સૂત્ર (સામાયિકનું પચ્ચક્ખાણ)

શબ્દાર્થ

કરેમિ - કરું છું.
ભંતે - હે ભગવાન્ !
સામાઈયં - સામાયિક.
સાવજ્જં - પાપકારી.
જોગં - યોગનું
પચ્ચક્ખામિ - પચ્ચક્ખાણ કરું છું.
નિયમં - નિયમને.
પજ્જુવાસામિ - પર્યુપાસું - સેવું છું.
દુવિહં - બે પ્રકારે.
તિવિહેણં - ત્રણ પ્રકારે.
મણેણં - મને કરી.
વાયાએ - વચને કરી.
કાએણં - કાયાએ કરી.
ન કરેમિ - ન કરું.
ન કારવેમિ - ન કરાવું.
તસ્સ - (પૂર્વે કરેલ અપરાધ) થકી.
પડિક્કમામિ - પાછો હઠું છું.
નિંદામિ - આત્મસાક્ષીએ નિંદું છું.
ગરિહામિ - ગુરુસાક્ષીએ વિશેષ-કરી નિંદું છું.
અપ્પાણં - મારા આત્માને.
વોસિરામિ - હું પાપ થકી વોસિરાવું છું.

કરેમિ ભંતે ! સામાઈયં, સાવજ્જં જોગં પચ્ચક્ખામિ, જાવ નિયમં પજ્જુવાસામિ, દુવિહં, તિવિહેણં.

અર્થ :- હે ભગવંત ! હું (રાગદ્વેષના અભાવરૂપ) (જ્ઞાનાદિ ગુણના) લાભરૂપ [1]સામાયિક કરું છું (અર્થાત્) પાપયુક્ત વ્યાપારનું પચ્ચક્ખાણ કરું છું (નિષેધ કરું છું) જ્યાં સુધી તે નિયમનું સેવન કરું ત્યાં સુધી, બે કરણ અને ત્રણ યોગથી.

---

૧ સમ એટલે સરખું છે મોક્ષ સાધન પ્રત્યે સામર્થ્ય જેનું એવાં જ્ઞાન-દર્શન તેનો આય એટલે લાભ છે જેમાં તે, અથવા સમ એટલે મધ્યસ્થભાવ, તેનો લાભ જેમાં થાય છે તે, અથવા સમ એટલે સમાનભાવ-સર્વ જીવને મિત્ર તરીકે લેખવારૂપ લાભ જેમાં થાય છે તે સામાયિક. તેના ભાંગા ૪૯ છે, તે આ પ્રમાણે પેજ નં. ૪૧ માં જુઓ.

મણેણં, વાયાએ, કાએણં, ન કરેમિ ન કારવેમિ, તસ્સ ભંતે ! પડિક્કમામિ, નિંદામિ, ગરિહામિ, અપ્પાણં વોસિરામિ.

અર્થ :- મન, વચન અને કાયા (એ ત્રણ યોગ) વડે ન કરું (તથા) ન કરાવું, હે ભગવંત ! તે સંબંધી (પૂર્વે કરેલા) અપરાધને હું પ્રતિક્રમું છું. (આત્મસાક્ષીએ) નિંદુ છું. (ગુરુસાક્ષીએ) વિશેષ નિંદુ છું (અને) આત્માને (પાપથી) વોસિરાવું છું.

ગુરુ (૭), લઘુ (૬૯), સર્વવર્ણ (૭૬)

૪૯ ભાંગા

૧. મને કરવું.
૨. મને કરાવવું.
૩. મને અનુમોદવું.
૪. વચને કરવું.
૫. વચને કરાવવું.
૬. વચને અનુમોદવું.
૭. કાયાએ કરવું.
૮. કાયાએ કરાવવું.
૯. કાયાએ અનુમોદવું.
૧૦. મન વચને કરવું.
૧૧. મન વચને કરાવવું.
૧૨. મન વચને અનુમોદવું.
૧૩. મન કાયાએ કરવું.
૧૪. મન કાયાએ કરાવવું.
૧૫. મન કાયાએ અનુમોદવું.
૧૬. વચન કાયાએ કરવું.
૧૭. વચન કાયાએ કરાવવું.
૧૮. વચન કાયાએ અનુમોદવું.
૧૯. મન વચન કાયાએ કરવું.
૨૦. મન વચન કાયાએ કરાવવું.
૨૧. મન વચન કાયાએ અનુમોદવું.
૨૨. મને કરવું, કરાવવું.
૨૩. વચને કરવું, કરાવવું.
૨૪. કાયાએ કરવું, કરાવવું.
૨૫. મને કરવું, અનુમોદવું.
૨૬. વચને કરવું, અનુમોદવું.
૨૭. કાયાએ કરવું, અનુમોદવું.
૨૮. મને કરાવવું, અનુમોદવું.
૨૯. વચને કરાવવું, અનુમોદવું.
૩૦. કાયાએ કરાવવું, અનુમોદવું.
૩૧. મને કરવું, કરાવવું, અનુમોદવું.
૩૨. વચને કરવું, કરાવવું, અનુમોદવું.
૩૩. કાયાએ કરવું, કરાવવું, અનુમોદવું.
૩૪. મન વચને કરવું, કરાવવું.

૩૫, મન કાયાએ કરવું, કરાવવું.
૩૬. વચન કાયાએ કરવું, કરાવવું.
૩૭. મન વચને કરવું, અનુમોદવું.
૩૮. મન કાયાએ કરવું, અનુમોદવું.
૩૯. વચન કાયાએ કરવું, અનુમોદવું.
૪૦. મન વચને કરાવવું, અનુમોદવું.
૪૧. મન કાયાએ કરાવવું, અનુમોદવું.
૪૨. વચન કાયાએ કરાવવું, અનુમોદવું.
૪૩. મન વચને કરવું, કરાવવું, અનુમોદવું.
૪૪. મન કાયાએ કરવું, કરાવવું, અનુમોદવું.
૪૫. વચન કાયાએ કરવું, કરાવવું, અનુમોદવું.
૪૬. મન વચન કાયાએ કરવું, કરાવવું.
૪૭. મન વચન કાયાએ કરવું, અનુમોદવું.
૪૮. મન વચન કાયાએ કરાવવું, અનુમોદવું.
૪૯. મન વચન કાયાએ કરવું, કરાવવું, અનુમોદવું.

❀ ❀ ❀

૧૦. સામાયિક પારવાનું સૂત્ર

શબ્દાર્થ

સામાઈયવય - સામાયિકના વ્રતથી.
જુત્તો - સહિત.
જાવ - જયાં સુધી.
મણે - મનમાં.
હોઈ - હોય.
નિયમસંજુત્તો - નિયમથી યુક્ત.
છિન્નઈ - છેદાય છે.
અસુહં - અશુભ.
કમ્મં - કર્મ.
સામાઈઅ - સામાયિક.
જત્તિઆ વારા - જેટલી વાર.
સામાઈઅંમિ - સામાયિક.
ઉ - વળી.
કએ - કર્યે છતે.
સમણો ઈવ - સાધુની પેઠે.
સાવઓ - શ્રાવક.
હવઈ - હોય છે.
જમ્હા - જે માટે.
એએણ - એ.
કારણેણં - કારણથી.
બહુસો - બહુવાર.
કુજ્જા - કરવું.

[1]સામાઈય-વયજુત્તો, જાવ મણે હોઈ નિયમસંજુત્તો ॥ છિન્નઈ અસુહં કમ્મં સામાઈઅ જત્તિઆ વારા ॥૧॥

અર્થ :- સામાયિક વ્રતથી યુક્ત, જ્યાં સુધી મન તે નિયમથી સંયુક્ત હોય ત્યાં સુધી, જેટલી વાર સામાયિક કરે તેટલી વાર અશુભ કર્મનો નાશ કરે છે. ૧

સામાઈઅંમિ ઉ કએ, સમણો ઈવ સાવઓ હવઈ જમ્હા ॥ એએણ કારણેણં બહુસો સામાઈઅં કુજ્જા ॥૨॥

અર્થ :- જે માટે સામાયિક કરતી વખતે શ્રાવક, સાધુ સમાન હોય, તે કારણથી (તત્ત્વના જાણનાર) બહુવાર સામાયિક કરે. ૨

---

૧. સામાયિક બત્રીશ દોષ વર્જીને કરવાનું છે. તે દોષ આ પ્રમાણે-

મનના દશ - (૧) વૈરી દેખી દ્વેષ કરે. (૨) અવિવેક ચિંતવે. (૩) અર્થ ન ચિંતવે. (૪) મનમાં ઉદ્વેગ કરે. (૫) યશની વાંચ્છા કરે. (૬) વિનય ન કરે. (૭) ભય ચિંતવે. (૮) વ્યાપાર ચિંતવે. (૯) ફળનો સંદેહ રાખે. (૧૦) નિયાણું કરે.

વચનના દશ - (૧) કુવચન બોલે. (૨) હુંકારા કરે. (૩) પાપ આદેશ આપે. (૪) લવારો કરે. (૫) કલહ કરે. (૬) આવો-જાવ કહે. (૭) ગાળ બોલે. (૮) બાળક રમાડે. (૯) વિકથા કરે. (૧૦) હાંસી કરે.

કાયાના બાર - (૧) આસન ચપળ. (૨) ચારે દિશાએ જુએ. (૩) સાવદ્ય કામ કરે. (૪) આળસ મરડે. (૫) અવિનયે બોલે (વર્તે). (૬) ઓઠું લઈ બેસે. (૭) મેલ ઉતારે. (૮) ખરજ ખણે. (૯) પગ ઉપર પગ ચઢાવે. (૧૦) અંગ ઉઘાડું મૂકે. (૧૧) અંગ ઢાંકે. (૧૨) ઉંઘે.

એ સર્વ મળી બત્રીશ દોષ સામાયિકમાં અયતનાથી લાગે છે, તે તજવા.

સામાયિક વિધિએ લીધું, વિધિએ પાર્યું, વિધિ કરતાં જે કોઈ અવિધિ હુઓ હોય, તે સવિ હુ, મન, વચન કાયાએ કરી મિચ્છા મિ દુક્કડં.

અર્થ :- દશ મનના, દશ વચનના, બાર કાયાના, એ બત્રીશ દોષમાં જે કોઈ દોષ લાગ્યો હોય; તે સવિ હુ, મન, વચન, કાયાએ કરી મિચ્છા મિ દુક્કડં.

ગાથા (૨), ગુરુ (૭), લઘુ (૬૭), સર્વ વર્ણ (૭૪)

❀ ❀ ❀

૧૧ જગચિંતામણિ ચૈત્યવંદન

શબ્દાર્થ

જગચિંતામણિ - ભવ્ય જીવોને ચિંતામણિ રત્ન સમાન.
જગ-નાહ - ભવ્ય જીવોના નાથ.
જગગુરુ - સર્વ લોકના હિતનો ઉપદેશ કરનાર.
જગરક્ખણ - છ જીવ નિકાયના રક્ષક.
જગબંધવ - સમાન બોધવાળાના તથા સકળ જંતુના બંધુ.
જગસત્થવાહ - મોક્ષાભિલાષીના સાર્થવાહ.
જગભાવ - ષટ્દ્રવ્ય તથા નવ તત્ત્વના સ્વરૂપને કહેવામાં.
વિઅક્ખણ - વિચક્ષણ.
અટ્ઠાવય - અષ્ટાપદ પર્વત ઉપર.
સંઠવિયરૂવ - જેમનાં બિંબ સ્થાપન કરેલાં છે.
કમ્મટ્ઠ - આઠ કર્મને.
વિણાસણ - નાશ કરનારા.
જિણવર - તીર્થંકરો.
જયંતુ - જય પામો !
અપ્પડિહય - કોઈથી હણાયું નથી.

સાસણ - શાસન જેમનું.
કમ્મભૂમિહિં - જ્યાં કર્મ વર્તેછે. એવાં.
કમ્મભૂમિહિં - કર્મભૂમિના-
ક્ષેત્રોને વિષે.
પઢમસંઘયણી - પહેલા સંઘયણવાળા
ઉક્કોસય - ઉત્કૃષ્ટપણે.
સત્તરિસય - એકસો સિત્તેર.
જિણવરાણ - તીર્થંકરો.
વિહરંત - વિચરતા.
લબ્ભઈ - પામીએ.
નવકોડિહિં - નવ ક્રોડ.
કેવલીણ - કેવળી.
કોડિસહસ્સ - હજારક્રોડ.
નવ - નવ.
સાહુ - સાધુઓ.
ગમ્મઈ - જાણીએ.
સંપઈ - વર્તમાનકાળે.
જિણવર - તીર્થંકર.
વીસ - વીશ.
મુણિ - મુનિઓ.
બિહું - બે.
વરનાણ - ઉત્તમ (કેવળ) જ્ઞાનવાળા.
સમણહ - સાધુઓ.
કોડિ - ક્રોડ.
સહસ્સદુઅ - બે હજાર.
થુણિજ્જઈ - સ્તવના કરીએ.
નિચ્ચવિહાણિ - નિત્ય પ્રભાતે.
જયઉ સામિય - સ્વામી જય પામો.
રિસહ - ઋષભદેવ ભગવાન.
સત્તુંજિ - શત્રુંજયને વિષે.
ઉજ્જિંતિ - શ્રી ગિરનાર પર્વત ઉપર.
પહુ - પ્રભુ.
નેમિજિણ - નેમિનાથ ભગવાન.
વીર - શ્રી વીર ભગવાન.
સચ્ચઉરિ - સત્યપુરી (સાચોર)-
નગરનાં.
મંડણ - આભૂષણરૂપ.
ભરૂઅચ્છહિં - ભરૂચને વિષે.
મુણિસુવ્વય - મુનિસુવ્રતસ્વામી.
મુહરિ - મુહરિ ગામમાં.
પાસ - શ્રી પાર્શ્વનાથ ભગવાન.
દુહ - દુઃખ.
દુરિય - પાપના.
ખંડણ - ખંડન કરનાર.
અવર - બીજા.
વિદેહિં - પાંચ મહાવિદેહ ક્ષેત્રને-
વિષે.
તિત્થયરા - તીર્થંકરો.
ચિહું - ચાર.
દિસિ - દિશાઓમાં.
વિદિસિ - વિદિશાઓમાં, ખૂણામાં.
જિંકેવિ - જે કોઈપણ.
તીઅ - અતીત (ભૂત) કાળ સંબંધી.
અણાગય - અનાગત-
ભવિષ્યકાળ સંબંધી.
સંપઈઅ - વર્તમાનકાળ સંબંધી.
વંદું - હું વંદના કરું છું.
જિણ - જિનેશ્વરોને.

સવ્વેવિ - સર્વે પણ.	**પનરસ** - પંદર.
સત્તાણવઈ - સત્તાણું.	**કોડિસયાઈ** - સો ક્રોડ.
સહસ્સા - હજાર.	**કોડિ** - ક્રોડ.
લક્ખા - લાખ.	**બાયાલ** - બેંતાળીશ.
છપ્પન - છપ્પન્ન.	**લક્ખ** - લાખ.
અટ્ઠ - આઠ.	**અડવન્ના** - અઠ્ઠાવન.
કોડિઓ - ક્રોડ.	**છત્તીસ** - છત્રીશ.
બત્તીસસય - બત્રીશસો.	**સહસ** - હજાર.
બાસિઆઈ - બ્યાસી.	**અસિઈ** - એંશી.
તિઅલોએ - ત્રણ લોકને વિષે.	**સાસય** - શાશ્વતા.
ચેઈએ - ચૈત્યોને.	**બિંબાઈ** - બિંબોને.
વંદે - હું વંદના કરું છું.	**પણમામિ** - હું પ્રણામ કરું છું.

[1]ઈચ્છાકારેણ સંદિસહ ભગવન્ ! ચૈત્યવંદન કરૂં ? ઈચ્છં.

અર્થ :- સુગમ છે.

જગચિંતામણિ જગ-નાહ, જગગુરુ જગરક્ખણ ॥ જગબંધવ જગસત્થવાહ, જગભાવ-વિઅક્ખણ ॥ અટ્ઠાવય-સંઠવિય-રૂવ, કમ્મટ્ઠ-વિણાસણ ॥ ચઉવીસંપિ જિણવર, જયંતુ અપ્પડિહયસાસણ ॥૧॥

---

૧. ગૌતમસ્વામી અષ્ટાપદજીની યાત્રા માટે ગયા ત્યારે ત્યાં તેમણે આ ચૈત્યવંદન બનાવ્યું છે.

અર્થ :- ભવ્ય જીવોને ચિંતામણિરત્ન સમાન, (નિકટ) ભવ્ય જીવોના નાથ, સમસ્ત લોકના હિતોપદેશક, છ જીવનિકાયના રક્ષક, સમાન બોધવંતના ભાઈ, મોક્ષાભિલાષિના સાર્થવાહ, ષડ્દ્રવ્ય તથા નવતત્ત્વનું સ્વરૂપ કહેવામાં વિચક્ષણ, [1]અષ્ટાપદ પર્વત ઉપર સ્થાપન કર્યાં છે બિંબ જેમનાં, અષ્ટકર્મનો નાશ કરનારા એવા ચોવીશે તીર્થંકરો જયવંતા વર્તો ! જેમનું શાસન કોઈથી હણાય નહીં તેવું છે. ૧

કમ્મભૂમિહિં કમ્મભૂમિહિં પઢમ-સંઘયણિ, ઉક્કોસય સત્તરિસય, જિણ-વરાણ વિહરંત લબ્ભઈ ॥ નવકોડિહિં કેવલીણ, કોડિસહસ્સ નવ સાહુગમ્મઈ, સંપઈ જિણવર વીસ મુણિ, બિહું કોડિહિં વરનાણ ॥ સમણહ કોડિ સહસ્સદુઅ, થુણિંજ્જઈ નિચ્ચવિહાણિ ॥૨॥

અર્થ :- અસિ, મષી અને કૃષિકર્મ જ્યાં વર્તે છે એવા કર્મ ભૂમિના ક્ષેત્રોને વિષે; પ્રથમ સંઘયણવાળા ઉત્કૃષ્ટપણે [2]એકસો

---

૧. અષ્ટાપદ પર્વત ઉપર શ્રી ઋષભદેવના પુત્ર ભરત ચક્રીએ ચોવીશે તીર્થંકરની મણિમય પ્રતિમા સ્થાપન કરેલ છે. તે દરેક તીર્થંકરોની પોતપોતાની કાયાના માપે પ્રતિમા છે, સૌની નાસિકા સરખી લાઈનમાં છે. બેઠકની પાટલી ઉંચી-નીચી છે.

૨. ૫ ભરત, ૫ ઐરવત અને ૫ મહાવિદેહની પૂર્વ-પશ્ચિમની મળી ૧૬૦ વિજય એમ ૧૭૦ ઠેકાણે એકેક તીર્થંકર ઉત્કૃષ્ટ કાળે હોય. આ અવસર્પિણીમાં શ્રી અજિતનાથ સ્વામીના વારે તે પ્રમાણે હતા.

સિત્તેર તીર્થંકરો વિચરતા પામીએ, કેવલજ્ઞાની નવક્રોડ (અને) નવ હજાર ક્રોડ સાધુઓ (હોય એમ સિદ્ધાંતથી) જાણીએ. વર્તમાનમાં (શ્રીસીમંધરસ્વામી પ્રમુખ) [1]વીશ તીર્થંકર (અને) પ્રધાન કેવળજ્ઞાન ધરનારા બે ક્રોડ મુનિ (તથા) બે હજાર ક્રોડ સાધુઓ (હોય) તેઓની નિરંતર પ્રભાતે સ્તવના કરીએ. ૨

જયઉ સામિય જયઉ સામિય, રિસહ સત્તુંજિ ॥ ઉજ્જિંજતિ પહુ નેમિજિણ જયઉ વીર સચ્ચઉરીમંડણ ॥ ભરુઅચ્છહિં મુણિસુવ્વય, [2]મુહરિ પાસ દુહદુરિઅ-ખંડણ ॥ અવરવિદેહિં તિત્થયરા, ચિહું દિસિ વિદિસિ જિંકેવિ ॥ તીઆણાગય-સંપઈઅ, વંદું જિણ સવ્વેવિ ॥૩॥

અર્થ :- જયવંતા વર્તો ! શ્રી શત્રુંજય ઉપર શ્રી ઋષભદેવ જયવંતા વર્તો ! શ્રી ગિરનારજી ઉપર પ્રભુ નેમિનાથ તીર્થંકર (અને) સાચોર (સત્યપુરી) નગરના આભૂષણ રૂપ શ્રી વીરસ્વામી જયવંતા વર્તો ! ભરૂચમાં શ્રી મુનિસુવ્રતસ્વામી (અને) મુહરી ગામમાં શ્રી પાર્શ્વનાથ (એ પાંચે જિનવરો) દુઃખ અને પાપના નાશ કરનારા છે. બીજા (પાંચ) મહાવિદેહને વિષે જે

---

૧. જઘન્યકાળે વીશ તીર્થંકરો હોય, તે દરેક મહાવિદેહની ૮-૯-૨૪-૨૫મી વિજયમાં એકેક હોય એટલે જંબૂદ્વીપમાં ચાર, ધાતકીખંડમાં (બે મહાવિદેહ માટે) ૮ અને પુષ્કરવરાર્દ્ધમાં ૮ મળી ૨૦ હોય. હાલ તે પ્રમાણે છે. વિજયના આંક દરેક વખતે આ પ્રમાણે જ હોય એ નક્કી નથી.

૨. ટીંટોઈ નામના ગામમાં મુહરી પાર્શ્વનાથ બીરાજે છે. તે સંભવે છે.

તીર્થંકરો, (છે તથા), ચાર દિશાઓ અને ચાર વિદિશાઓમાં જે કોઈપણ, અતીતકાળ, અનાગતકાળ, અને વર્તમાનકાળ સંબંધી તીર્થંકરો છે, તે સર્વને પણ હું વંદના કરું છું. ૩

સત્તાણવઈ-સહસ્સા, લક્ખા છપ્પન્ન અટ્ઠ કોડિઓ ॥ બત્તીસસય બાસિઆઈં તિઅલોએ ચેઈએ વંદે ॥૪॥

અર્થ :- આઠ ક્રોડ, છપ્પન લાખ, સત્તાણું હજાર, બત્રીશ સો અને (૮૫૭૦૦૨૮૨) બાસી, ત્રણલોકને વિષે જિનપ્રાસાદ છે તેને હું વાદું છું. ૪

પનરસ કોડિસયાઈં, કોડિ બાયાલ લક્ખ અડવન્ના ॥ છત્તીસસહસઅસિઈં, સાસયબિંબાઈં પણમામિ ॥૫॥

અર્થ :- પંદરશેં ક્રોડ (પંદર અબજ), બેંતાલીશ ક્રોડ, અઠ્ઠાવન લાખ, છત્રીશ હજાર, એંસી (પૂર્વોક્ત જિનપ્રાસાદોને વિષે) શાશ્વત જિનબિંબો છે, તેઓને હું વંદના કરું છું.

❀ ❀ ❀

૧૨ જંકિંચિ સૂત્ર

શબ્દાર્થ

જંકિંચિ - જે કોઈ.	જાઈં - જેટલાં.
નામતિત્થં - નામરૂપ તીર્થો છે.	જિણબિંબાઈં - જિનબિંબો.
સગ્ગે - સ્વર્ગલોકમાં.	તાઈં - તે.
પાયાલિ - પાતાલલોકમાં.	સવ્વાઈં - સર્વને.
માણુસે લોએ - મનુષ્યલોકમાં.	વંદામિ - વંદુ છું.

જંકિંચિ [1]નામતિત્થં સગ્ગે પાયાલિ માણુસે લોએ ॥ જાઈ જિણબિંબાઈ તાઈ સવ્વાઈ વંદામિ ॥૧॥

અર્થ :- સ્વર્ગને વિષે, પાતાળને વિષે, (અને) મનુષ્યલોકને વિષે જે તીર્થંકરનાં બિંબો છે તે સર્વને (તેમજ) જે કોઈ નામરૂપે તીર્થો છે (તેને) હું વંદના કરું છું. ૧

ગાથા (૧), પદ (૪), સંપદા (૪), ગુરુ (૩), લઘુ (૨૯), સર્વ વર્ણ (૩૨).

❀ ❀ ❀

૧૩ નમુત્થુણં ([2]શક્રસ્તવ) સૂત્ર

શબ્દાર્થ

નમુત્થુણં - નમસ્કાર હો.
અરિહંતાણં - અરિહંતોને.
ભગવંતાણં - ભગવાનોને.
આઈગરાણં - દ્વાદશાંગીની આદિના કરનારને.
તિત્થયરાણં - ધર્મતીર્થના પ્રવર્તાવનારને.
સયંસંબુદ્ધાણં - પોતાની મેળે તત્ત્વના જાણનારને.
પુરિસુત્તમાણં - પુરુષોમાં ઉત્તમને.

---

૧. **વર્તમાન તીર્થોનાં નામ** - શ્રી શત્રુંજય, ગિરનાર, અર્બુદાચળ (આબુ,દેલવાડા ને અચળગઢ), સમ્મેતશિખર, શંખેશ્વરજી, કુંભારીયાજી, અંતરિક્ષપાર્શ્વનાથ, મક્ષીજી, તારંગાતીર્થ, અજારા પાર્શ્વનાથ, વરકાણા, રાણકપુર, બામણાવાડા, જીરાઉલા પાર્શ્વનાથ, પાવાપુરી, ચંપાપુરી, રાજગૃહી, માંડવગઢ,કાકંદી, ક્ષત્રિયકુંડ, બનારસ, અયોધ્યા, અલ્હાબાદ, હસ્તિનાપુર, ધુલેવા (કેશરીયાજી) ભોયણી, પાનસર વગેરે.

૨. શક્ર એટલે ઇન્દ્ર, તેની કરેલી સ્તુતિ તે **શક્રસ્તવ.**

પુરિસસીહાણં - પુરૂષોને વિષે સિંહ સમાનને.
પુરિસ - પુરૂષોને વિષે.
વર - પ્રધાન.
પુંડરીઆણં - કમળ સમાનને.
ગંધહત્થીણં - ગંધહસ્તી સમાનને.
લોગુત્તમાણં - લોકમાં ઉત્તમને.
લોગનાહાણં - લોકોના નાથને.
લોગહિઆણં - લોકના હિતકારીને.
લોગપઈવાણં - લોકોને વિષે-દીપક સમાનને.
લોગપજ્જોઅગરાણં - લોકને-વિષે ઉદ્યોત કરનારને.
અભયદયાણં-અભયદાન આપનાર.
ચક્ખુદયાણં - આંતરચક્ષુના આપનારને.
મગ્ગદયાણં - મોક્ષમાર્ગને-આપનારાને.
સરણદયાણં - શરણ આપનારને.
બોહિદયાણં - બોધિબીજને-આપનારાને.
ધમ્મદયાણં - ધર્મના આપનારને.
ધમ્મદેસયાણં - ધર્મનો ઉપદેશ-કરનારને.
ધમ્મનાયગાણં - ધર્મના નાયકને.
ધમ્મસારહીણં - ધર્મના સારથીને.
ધમ્મવર - ધર્મ રૂપી.
ચાઉરંત - ચાર ગતિનો અંત કરનાર.
ચક્કવટ્ટીણં - ધર્મના ચક્રવર્તીને.
અપ્પડિહય - કોઈથી હણાય નહીં તેવા.
વરનાણ - કેવળજ્ઞાન.
દંસણ - કેવળદર્શનને.
ધરાણં - ધારણ કરનારને.
વિઅટ્ટ - જે નિવર્ત્યા છે.
છઉમાણં - છદ્મસ્થાવસ્થામાંથી તેને.
જિણાણં - જીતનારને.
જાવયાણં - જિતાડનારને.
તિન્નાણં - તરનારને.
તારયાણં - તારનારને.
બુદ્ધાણં - તત્ત્વ જાણનારને.
બોહયાણં - બોધ આપનારને.
મુત્તાણં - પોતે કર્મથી મુકાયેલાને.
મોઅગાણં - બીજાને કર્મથી મુકાવનારને.
સવ્વન્નૂણં - સર્વજ્ઞોને.
સવ્વદરિસીણં - સર્વદર્શીને.
સિવ - ઉપદ્રવ રહિત.
અયલ - અચળ.
અરુઅ - રોગ રહિત.
અણંત - અનંત.
અક્ખય - અક્ષય.
અવ્વાબાહ - બાધા રહિત.
અપુણરાવિત્તિ - જયાંથી ફરી-અવતાર લેવો નથી એવું.

સિદ્ધિગઈનામધેયં - સિદ્ધિગતિ-નામનું.	અઈઆ - અતીતકાળે.
ઠાણં - સ્થાનને.	સિદ્ધા - સિદ્ધ થયા.
સંપત્તાણં - પામેલાને.	ભવિસ્સંતિ - સિદ્ધ થશે.
નમો - નમસ્કાર હો.	અણાગએકાલે-અનાગતકાળનેવિષે.
જિણાણં - જિનેશ્વરોને.	સંપઈ અ - જે વર્તમાનકાળે.
જિઅભયાણં - જીત્યા છે ઈહલોકાદિ-સાત ભય જેણે એવાને.	વટ્ટમાણા - વિદ્યમાન છે.
જે અ - જેઓ.	સવ્વે - તે (દ્રવ્યજિન) ને.
	તિવિહેણ - મન, વચન, કાયાએ
	વંદામિ - હું વંદના કરું છું.

નમુત્થુણં *અરિહંતાણં ભગવંતાણં ॥૧॥

અર્થ :- નમસ્કાર હો, (શ્રી) અરિહંતને, ભગવંતને. ૧

આઈગરાણં, તિત્થયરાણં, સયંસંબુદ્ધાણં ॥૨॥

અર્થ :- (ધર્મની) આદિના કરનારને, તીર્થના સ્થાપનારને, પોતાની મેળે બોધ પામનારને. ૨

પુરિસુત્તમાણં, પુરિસસીહાણં, પુરિસવર પુંડરીઆણં, પુરિસવર ગંધ-હત્થીણં ॥૩॥

---

* અરિહંત ભગવાનને ચોત્રીશ અતિશય હોય તે આ પ્રમાણે -

૧. તેમનું શરીર અનંતરૂપમય, સુગંધમય,રોગરહિત, પરસેવા-રહિત, અને મલરહિત હોય.

૨. રુધિર તથા માંસ, ગાયના દૂધ સમાન ધોળાં અને દુર્ગંધ વગરનાં હોય.

૩. આહાર તથા નિહાર, ચર્મચક્ષુથી અદશ્ય હોય.

૪. શ્વાસોશ્વાસમાં કમળ જેવી સુગંધ હોય.

અર્થ :- પુરૂષને વિષે ઉત્તમને, પુરૂષને વિષે સિંહ સમાનને, પુરૂષને વિષે ઉત્તમ પુંડરીક (કમળ) સમાનને, પુરૂષને વિષે પ્રધાન ગંધહસ્તિ સમાનને. ૩

લોગુત્તમાણં, લોગનાહાણં, લોગહિઆણં, લોગપઈવાણં, લોગપજ્જોઅગરાણં ॥૪॥

અર્થ :- લોકને વિષે ઉત્તમને, લોકોના નાથને, લોકના હિત કરનારને, લોકને વિષે દીવા સમાનને, લોકમાં પ્રકાશ કરનારને. ૪

આ (૧ થી ૪) ચાર અતિશય જન્મથી જ હોય, માટે સ્વાભાવિક સહજાતિશય અથવા મૂલાતિશય કહેવાય છે.

૫. યોજન પ્રમાણ સમવસરણમાં મનુષ્ય, દેવ, અને તિર્યંચની કોડાકોડી સમાય અને તેમને બાધા થાય નહિ.

૬. ચારે બાજુ પચીસ-પચીસ યોજન સુધી પૂર્વોત્પન્ન રોગ ઉપશમે અને નવા રોગ થાય નહિ.

૭. વૈરભાવ જાય.

૮. મરકી થાય નહિ.

૯. અતિવૃષ્ટિ એટલે હદ ઉપરાંત વરસાદ થાય નહિ.

૧૦. અનાવૃષ્ટિ એટલે વરસાદનો અભાવ થાય નહિ.

૧૧. દુર્ભિક્ષ એટલે દુકાળ ન પડે.

૧૨. સ્વચક્ર અને પરચક્રનો ભય ન હોય.

૧૩. ભગવંતની ભાષા મનુષ્ય, તિર્યંચ અને દેવતા પોતપોતાની ભાષામાં સમજે.(વાણી પાંત્રીશ ગુણવાળી હોય છે, તે ગુણો નવકારની ફુટનોટમાં છે. પેજ નં. ૧૦ ઉપર)

૧૪. એક યોજન સુધી સરખી રીતે ભગવંતની વાણી સંભળાય.

૧૫. સૂર્યથી બારગણા તેજવાળું ભામંડળ હોય.

અભયદયાણં, ચક્ખુદયાણં, મગ્ગ-દયાણં, સરણદયાણં, બોહિદયાણં ॥૫॥

અર્થ :- અભયદાનના આપનારને, (શ્રુતજ્ઞાનરૂપ) ચક્ષુના આપનારને, (મોક્ષ) માર્ગના આપનારને, શરણ આપનારને, સમકિત આપનારને. ૫

ધમ્મદયાણં, ધમ્મદેસયાણં, ધમ્મ-

આ અગિયાર (૫ થી ૧૫) અતિશયો કેવળજ્ઞાન થાય ત્યારે થાય તેથી તે **કર્મક્ષયજાતિશય** કહેવાય. ૯ થી ૧૨માં જણાવેલ રોગાદિક સાત ઉપદ્રવો ભગવંત વિહાર કરે ત્યારે પણ ચારે દિશાએ ફરતા પચીસ પચીસ યોજન સુધી ન હોય.

૧૬. આકાશમાં ધર્મચક્ર હોય.
૧૭. બાર જોડી (ચોવીશ) ચામર અણવીંઝ્યા વીંઝાય.
૧૮. પાદપીઠ સહિત સ્ફટિક રત્નનું ઉજ્જવળ સિંહાસન હોય.
૧૯. ત્રણ છત્ર દરેક દિશાએ હોય.
૨૦. રત્નમય ધર્મધ્વજ હોય. (તેને ઈન્દ્રધ્વજ પણ કહે છે.)
૨૧. નવ સુવર્ણ કમળ ઉપર ચાલે. (બે પગ ઉપર મૂકે અને સાત પાછળ રહે. તેમાંથી વારાફરતી બે બે આગળ આવે.)
૨૨. મણિ, સુવર્ણ અને રૂપાના એ રીતે ત્રણ ગઢ હોય.
૨૩. ચાર મુખે કરી ધર્મદેશના દે છે તેમ દેખાય. (પૂર્વ દિશાએ ભગવંત બેસે, બાકીની ત્રણ દિશાએ ત્રણે પ્રતિબિંબ વ્યંતરદેવ કરે.)
૨૪. સ્વશરીરથી બાર ગણું અશોકવૃક્ષ, છત્ર, ઘંટ, પતાકા આદિથી યુક્ત હોય.
૨૫. કાંટા અધોમુખ એટલે અવળા થઈ જાય.
૨૬. ચાલતી વખતે સર્વ વૃક્ષ નમી પ્રણામ કરે.
૨૭. ચાલતી વખતે આકાશમાં દુંદુભિ વાગે.

નાયગાણં, ધમ્મસારહીણં, ધમ્મવરચાઉરંત ચક્કવટ્ટીણં ॥૬॥

અર્થ :- ધર્મના દાતારને, ધર્મનો ઉપદેશ કરનારને, ધર્મના નાયકને, ધર્મના સારથીને, ચાર ગતિનો અંત કરનાર ઉત્તમ ધર્મચક્રવર્તીને. ૬

અપ્પડિહયવરનાણ દંસણધરાણં, વિઅટ્ટછઉમાણં ॥૭॥

અર્થ :- કોઈથી હણાય નહીં એવા ઉત્તમજ્ઞાન (કેવળજ્ઞાન) અને દર્શન (કેવળદર્શન)ના ધારણ કરનારને; નિવર્ત્યું છે છદ્મસ્થપણું જેઓનું તેમને. ૭

જિણાણં જાવયાણં, તિન્નાણં તારયાણં,

---

૨૮. યોજન પ્રમાણ અનુકૂળ વાયુ હોય.

૨૯. મોર વગેરે શુભ પક્ષીઓ પ્રદક્ષિણા કરતા ફરે.

૩૦. સુગંધી જળની વૃષ્ટિ થાય.

૩૧. જળ-સ્થળમાં ઉપજેલાં પાંચ વર્ણવાળાં ફુલની ઢીંચણ સુધી વૃષ્ટિ થાય.

૩૨. કેશ, રોમ, દાઢી-મૂછના વાળ અને નખ, (સંયમ લીધા પછી) વધે નહિ.

૩૩. જઘન્યપણે ચારે નિકાયના ક્રોડ દેવતા પાસે રહે.

૩૪. સર્વ ઋતુઓ અનુકૂળ રહે.

આ છેલ્લા ૧૬ થી ૩૪ એટલે ઓગણીશ અતિશયો દેવતા કરે, તેથી તે દેવકૃતાતિશય કહેવાય છે. આ ચોત્રીશ અતિશયનો જે ચાર અતિશયમાં સમાવેશ થાય છે તે અરિહંતના ગુણનું વર્ણન કરતાં અગાઉ જણાવી ગયા છીએ તે સમજવા.

બુદ્ધાણં બોહયાણં, મુત્તાણં મોઅગાણં ॥૮॥

અર્થ :- રાગ-દ્વેષના જિતનારને (તથા) જિતાડનારને, (સંસારથી) તરનારને (તથા) તારનારને, તત્ત્વના જાણનારને (તથા) જણાવનારને, (કર્મથી) મુક્તને (તથા) મુકાવનારને. ૮

સવ્વન્નૂણં, સવ્વદરિસીણં, સિવમયલ-મરુઅ-મણંત-મક્ખય-મવ્વાબાહ-મપુણ-રાવિત્તિ-સિદ્ધિગઈ નામધેયં ઠાણં સંપત્તાણં, નમો જિણાણં જિઅભયાણં ॥૯॥

અર્થ :- સર્વજ્ઞને, સર્વદર્શીને, કલ્યાણરૂપ, અચળ, રોગ-રહિત, અનંત, અક્ષય, અવ્યાબાધ, અપુનરાગમન એવી સિદ્ધિ-ગતિ છે નામ જેનું, એવા સ્થાનને પામેલાને રાગ-દ્વેષનો ક્ષય કરનાર તથા સર્વ ભયના જિતનારને નમસ્કાર હો. ૯

જે અ અઈઆ સિદ્ધા, જે અ ભવિસ્સંતિ-ણાગએ કાલે ॥ સંપઈ અ વટ્ટમાણા, સવ્વે તિવિહેણ વંદામિ ॥૧૦॥

અર્થ :- જેઓ અતીતકાળે સિદ્ધ થયા, જેઓ અનાગતકાળે સિદ્ધ થશે (અને) વર્તમાનકાળે વિદ્યમાન એવા સર્વ (દ્રવ્યજિનો)ને હું ત્રિવિધે વંદના કરું છું. ૧૦

પદ (૩૩), સંપદા (૯), ગાથા (૧૦), ગુરુ (૩૩), લઘુ (૨૬૪), સર્વ વર્ણ (૨૯૭)

❀ ❀ ❀

૧૪ જાવંતિ ચેઈઆઈ સૂત્ર

શબ્દાર્થ

જાવંતિ - જેટલાં.
ચેઈઆઈ - ચૈત્યો છે.
ઉડ્ઢે - ઉર્ધ્વલોકને વિષે.
અહે - અધોલોકને વિષે.
તિરિઅલોએ - તિર્ચ્છાલોકને વિષે.
સવ્વાઈ - સર્વને.
તાઈ - તેને.
વંદે - હું વંદના કરું છું.
ઈહ - અહીં.
સંતો - છતો.
તત્થ - ત્યાં.
સંતાઈ - રહેલાંને.

જાવંતિ ચેઈઆઈ, ઉડ્ઢે અ અહે અ તિરિઅલોએ અ; સવ્વાઈ તાઈ વંદે, ઈહ સંતો તત્થ સંતાઈ ॥૧॥

અર્થ :- ઊર્ધ્વલોકને વિષે તથા અધોલોકને વિષે અને તિર્ચ્છાલોકને વિષે જેટલી જિનપ્રતિમાઓ છે. તે સર્વને હું અહીં છતો; ત્યાં છે તેમને વંદન કરું છું. ૧

ગાથા (૧), સંપદા (૪), પદ (૪), ગુરુ (૩), લઘુ (૩૨), સર્વવર્ણ (૩૫)

❀ ❀ ❀

૧૫ જાવંત કેવિ સાહૂ સૂત્ર

શબ્દાર્થ

જાવંત - જેટલા.
કેવિ - કોઈપણ.
સાહૂ - સાધુઓ.
ભરહ - ભરતક્ષેત્રને વિષે.
એરવય - ઐરવત ક્ષેત્રને વિષે.
મહાવિદેહે - મહાવિદેહ ક્ષેત્રને વિષે.
સવ્વેસિં - સર્વને.

તેસિં - તેઓને.
પણઓ - નમ્યો.
તિવિહેણ - મન, વચન, કાયાએ કરીને.
તિદંડ - ત્રણ દંડથી.
વિરયાણં - નિવર્તેલાને.

જાવંત કેવિ સાહૂ, ભરહેરવય-મહા-વિદેહે અ; સવ્વેસિં તેસિં પણઓ, તિવિ-હેણx તિદંડવિરયાણં ॥૧॥

અર્થ :- (પાંચ) ભરત, (પાંચ) ઐરવત, અને (પાંચ) મહાવિદેહ ક્ષેત્રને વિષે જેટલા કોઈ સાધુઓ, મન વચન કાયાએ કરીને ત્રણ દંડથી નિવર્તેલા છે, તેઓ સર્વને હું નમ્યો. ૧

પદ (૪), સંપદા (૪), ગાથા (૧), લઘુ (૩૭), ગુરુ (૯), સર્વ વર્ણ (૩૮).

❀ ❀ ❀

૧૬. નમોઽર્હત્ (પરમેષ્ઠિ નમસ્કાર)

શબ્દાર્થ

નમો - નમસ્કાર હો.
અર્હત્ - અરિહંત.
સિદ્ધ - સિદ્ધ.
આચાર્ય - આચાર્ય.
ઉપાધ્યાય - ઉપાધ્યાય.
સર્વસાધુભ્યઃ - સર્વ સાધુઓને.

નમોઽર્હત્ સિદ્ધાચાર્યોપાધ્યાય સર્વ-સાધુભ્યઃ ॥૧॥

અર્થ :- અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય (અને) સર્વ સાધુઓને (મારો) નમસ્કાર હો.

❀ ❀ ❀

---

x કરણકારણાનુમતિરૂપેણ (કરવા, કરાવવા અને અનુમોદવા રૂપે).

૧૭. ઉવસગ્ગહરં સ્તવન[1]

શબ્દાર્થ

ઉવસગ્ગ - ઉપસર્ગ (વિઘ્ન)ને.	**સયા** - હંમેશાં.
હરં - હરનાર.	**મણુઓ** - મનુષ્ય.
પાસં - પાર્શ્વ નામનો યક્ષ જેને- છે એવા.	**તસ્સ** - તેના.
	ગહ - ગ્રહ.
પાસં - પાર્શ્વનાથને.	**રોગ** - રોગ.
વંદામિ - હું વાંદું છું.	**મારી** - મરકી.
કમ્મઘણ - કર્મના સમૂહથી.	**દુટ્ઠ** - અશુભ, ખરાબ.
મુક્કં - મુકાયેલા.	**જરા** - તાવ.
વિસહર - વિષધર - સર્પના.	**જંતિ** - પામે છે.
વિસ - વિષને.	**ઉવસામં** - શાન્તિને.
નિન્નાસં - નાશ કરનારા.	**ચિટ્ઠઉ** - રહો.
મંગલ - મંગલ.	**દૂરે** - દૂર.
કલ્લાણ - કલ્યાણના.	**મંતો** - મંત્ર.
આવાસં - ઘરરૂપ છે.	**તુજ્ઝ** - તમારો.
વિસહરફુલિંગમંતં - વિષધર- સ્ફુલિંગ નામના મંત્રને.	**પણામોવિ** - નમસ્કાર પણ.
	બહુફલો - ઘણા ફળવાળો.
કંઠે - કંઠમાં.	**હોઈ** - થાય છે.
ધારેઈ - ધારણ કરે.	**નર** - મનુષ્ય.
જો - જે.	**તિરિએસુવિ** - તિર્યંચને વિષે પણ.

---

૧. વરાહમિહિરનો જીવ મરીને વ્યંતર થવાથી તેણે સંઘમાં મરકીનો ઉપદ્રવ કર્યો, તેની શાન્તિને અર્થે શ્રી સંઘની વિનંતિથી શ્રી ભદ્રબાહુસ્વામીએ સાત ગાથાનું આ સ્તોત્ર રચ્યું. તે ભણવા ગણવા તથા સાંભળવાથી મરકી શાન્ત થઈ. આથી લોકો નિરંતર આ સ્તોત્ર ભણવા લાગ્યા, તેથી ધરણેન્દ્રને પ્રત્યક્ષ આવવું પડતું. માટે ધરણેન્દ્રની વિનંતિથી

જીવા - જીવો.	**કપ્પપાયવબ્ભહિએ** - કલ્પવૃક્ષથી અધિક.
પાવંતિ - પામે.	**પાવંતિ** - પામે છે.
ન - નહીં.	**અવિગ્ઘેણં** - નિર્વિઘ્નપણે.
દુક્ખ - દુઃખ.	**જીવા** - જીવો.
દોગચ્ચં - દુર્ભાગ્ય.	**અયરામરં** - અજરામર.
તુહ - તમારું.	**ઠાણં** - સ્થાનને.
સમ્મત્તે - સમકિત દર્શન.	**ઈઅ** - એ પ્રકારે.
લદ્ધે - પામ્યે છતે.	**સંથુઓ** - સ્તવેલા.
ચિંતામણિ - ચિંતામણિ રત્ન.	**મહાયસ** - હે મોટા યશવાળા !
	ભત્તિબ્ભર - ભક્તિના સમૂહે કરી.

ગુરુમહારાજે છેલ્લી બે ગાથા ભંડારી મુકી અને હાલ છે તે પાંચ ગાથા કાયમ રાખી. આ સ્તોત્રમાં શ્રી પાર્શ્વનાથજી તથા તેમના યક્ષ પાર્શ્વ અને પદ્માવતી તથા ધરણેન્દ્રની દ્વિઅર્થી સ્તુતિ છે. તે જાણવાની ઈચ્છાવાળાએ ટીકા જોવી. દરેક ગાથાના પહેલા પદનો અર્થ એકત્ર કરતાં પંચપરમેષ્ઠિને નમસ્કાર થાય છે. તે આ પ્રમાણે ૧. **ઉવ** - ઉપાધ્યાય. ૨. **વિસ** - એ બે અક્ષર વડે સાધુઓ લેવા. સર્વ રસમય વિષને દેખાડનાર તે સાધુઓ. ૩. **ચિટ્ઠ** - પદવડે આચાર્ય લેવા. શ્રી તીર્થંકર મોક્ષે ગયે છતે જયાં સુધી શાસન રહે ત્યાં સુધી રહે તે અથવા તત્ત્વથી એકત્ર કરેલ દ્રવ્ય-ગુણ-પર્યાયના સ્વરૂપમાં રહેવાવાળા. ૪. **તુહ** - પદવડે અરિહંત લેવા. **તોહિંતિ - અર્દયન્તિ** અર્થાત્ ઘાતીકર્મોને અને સકળ સંશયને નાશ કરે તે અરિહંત. ૫. **ઈઅ** પદ વડે સિદ્ધ-ભગવંત લેવા. **'ઈણક્ ગતૌ'** અર્થાત્ અપુનરાવૃત્તિમાં મોક્ષમાં ગયા તે સિદ્ધો. અહીં પરમેષ્ઠીનો ક્રમ આ પ્રમાણે કર્યો તેનો હેતુ આ પ્રમાણે જાણવો. સૂત્ર ઉપાધ્યાયની પાસે ભણાય, તેથી પ્રથમ ઉપાધ્યાયને નમસ્કાર કર્યો, ઉપાધ્યાય સમીપે અભ્યાસ કરતા સાધુઓને સાધુ સહાય કરે, માટે બીજો સાધુને નમસ્કાર કર્યો. ભણેલ સૂત્રનો અર્થ આચાર્યો કહે, તેથી ત્રીજો આચાર્યને નમસ્કાર કર્યો. આચાર્યના ઉપદેશથી અરિહંતપણાનું જ્ઞાન થાય, માટે ચોથો અરિહંતને નમસ્કાર કર્યો અને પાંચમો સર્વસિદ્ધોને નમસ્કાર કર્યો.

નિબ્ભરેણ - પરિપૂર્ણ એવા.	દિજ્જ - આપો.
હિયએણ - હૃદયે કરી.	બોહિં - સમ્યક્‌ત્વ.
તા - તે કારણ માટે.	ભવે ભવે - ભવોભવને વિષે.
દેવ - હે દેવ !	પાસ જિણચંદ - હે શ્રી પાર્શ્વ જિનચંદ્ર !

ઉવસગ્ગહરં પાસં, પાસં વંદામિ કમ્મ-ઘણમુક્કં ॥ વિસહર-વિસનિન્નાસં, મંગલ-કલ્લાણ-આવાસં ॥૧॥

અર્થ :- ઉપસર્ગનો હરનાર પાર્શ્વનામનો યક્ષ સેવક છે જેનો એવા શ્રી પાર્શ્વનાથ ભગવાન; જેઓ કર્મના સમૂહથી મુક્ત છે. (તથા) જે સર્પના ઝેરને અતિશયે કરીને નાશ કરનાર છે (વળી) મંગલ અને કલ્યાણના ઘર છે, તેમને હું નમસ્કાર કરું છું. ૧

+વિસહરફુલિંગમંતં, કંઠે ધારેઈ જો સયા મણુઓ[1] ॥ તસ્સ ગહ-રોગમારી, દુટ્ઠ-જરા જંતિ ઉવસામં ॥૨॥

અર્થ :- જે મનુષ્ય નિરંતર (શ્રી પાર્શ્વનાથના નામ ગર્ભિત)

+ વિષ એટલે મિથ્યાત્વ-કષાયાદિ, તેને ધારણ કરનાર જીવોના વિષ એટલે મિથ્યાભાવને નાશ કરનાર, અથવા વિષગૃહ-વિષ એટલે પાણી ઉપલક્ષણથી મણિકર્ણિકા નદીનું પાણી, ત્યાં ગૃહ એટલે નિવાસ છે જેનો એવા કમઠમુનિ, તેના વિષ એટલે પંચાગ્નિ પ્રમુખ કર્મને નાશ કરનાર.

૧. મનુગો - મંત્રને જાણનાર-માંત્રિક.

વિષધરસ્ફુલિંગ નામના મંત્રને કંઠને વિષે ધારણ કરે છે, તેના (દુષ્ટ) ગ્રહ, રોગ, મરકી (અને) દુષ્ટ જ્વર-તાવ શાન્તિ પામે છે. ૨

ચિટ્ઠઉ દૂરે મંતો, તુજ્ઝ પણામો વિ બહુફલો હોઈ ॥ નરતિરિએસુ વિજીવા, પાવંતિ ન દુક્ખ-[1]દોગચ્ચં ॥૩॥

અર્થ :- (એ) મંત્ર દૂર રહો, તમને નમસ્કાર કરવો તે પણ ઘણું ફળ આપનાર થાય છે. (તે) જીવો મનુષ્ય અને તિર્યંચને વિષે પણ દુઃખ અને દારિદ્રય પામતા નથી. ૩

તુહ સમ્મત્તેલદ્ધે, ચિંતામણિ-કપ્પપાય-વબ્મહિએ ॥ પાવંતિ અવિગ્ઘેણં, જીવા અયરામરં ઠાણં ॥૪॥

અર્થ :- ચિંતામણિરત્ન (અને) કલ્પવૃક્ષથી અધિક મહિમા-વાળું એવું તમારૂં સમ્યગ્દર્શન (સમકિત) પામ્યે છતે (ભવ્ય) જીવો અજર અમર (મોક્ષ) સ્થાનને નિર્વિઘ્નપણે પામે છે. ૪

ઈઅ સંથુઓ મહાયસ ! ભત્તિબ્ભર-નિબ્ભરેણ હિયએણ ॥ તા દેવ ! દિજ્જ બોહિં, ભવે ભવે પાસ જિણચંદ ! ॥૫॥

---

૧ દોહગ્ગં ઈતિ પાઠાન્તરં.

અર્થ :- હે મહાશય ! ભક્તિના સમૂહથી પૂર્ણ ભરેલા અંતઃકરણથી આ સ્તવના કરી, તે કારણથી હે દેવ શ્રી પાર્શ્વ-જિનચંદ્ર ! (મને) જન્મોજન્મને વિષે બોધિબીજ (સમ્યગ્દર્શન) આપો. ૫

ગુરુ (૨૧), લઘુ (૧૬૪), સર્વ (૧૮૫), ગાથા (૫).

❀ ❀ ❀

૧૮ જયવીયરાય (પ્રાર્થના) સૂત્ર

શબ્દાર્થ

જય - જય પામો.
વીયરાય - હે વીતરાગ.
જગગુરુ - હે જગતના ગુરુ.
હોઉ - થાઓ.
મમ - મને.
તુહ - તમારા.
પભાવઓ - પ્રભાવથી.
ભયવં - હે ભગવંત્.
ભવનિવ્વેઓ - ભવનું ઉદાસપણું.
મગ્ગાણુસારિઆ - માર્ગાનુસારીપણું.
ઇટ્ઠફલ - ઇષ્ટ ફળની.
સિદ્ધી - સિદ્ધિ.
લોગવિરુદ્ધચ્ચાઓ - લોક-વિરુદ્ધનો-ત્યાગ.
ગુરુજણપૂઆ - વડિલજનની પૂજા.
પરત્થકરણં - પરોપકાર કરવાપણું.
સુહગુરુજોગો - શુદ્ધ ગુરુનો યોગ.
તવ્વયણ - તેમનાં વચનનો.
સેવણા - અંગીકાર.
આભવ - જ્યાં સુધી ભવ કરવા-પડે ત્યાં સુધી.
અખંડા - અખંડ.
વારિજ્જઈ - નિષેધ્યું છે.
જઈ વિ - જો કે
નિઆણબંધણં - નિયાણાનું બાંધવું.
તુહ - તમારા.
સમએ - સિદ્ધાંતમાં.
તહવિ - તો પણ.
મમ - મારે.
હુજ્જ - હોજો.
સેવા - સેવા.
ભવેભવે - ભવોભવને વિષે.
તુમ્હ - તમારા.
ચલણાણં - ચરણની.
દુક્ખક્ખઓ - દુઃખનો ક્ષય.
કમ્મક્ખઓ - કર્મનો ક્ષય.

સમાહિમરણં - સમાધિમરણ.	માંગલ્યં - મંગળરૂપ.
બોહિલાભો - બોધિબીજનો લાભ.	સર્વકલ્યાણ - સર્વ કલ્યાણનું.
સંપજ્જઉ - પ્રાપ્ત થાઓ.	કારણં - કારણરૂપ.
મહ એઅં - મને, એ.	પ્રધાનં - પ્રધાન એવું.
તુહ - તમને.	સર્વધર્માણાં - સર્વ ધર્મોમાં.
નાહ - હે નાથ !	જૈનં - જૈન.
પણામકરણેણં - પ્રણામ કરવાથી.	જયતિ - જય પામે છે.
સર્વમંગલ - સર્વ માંગલિકમાં.	શાસનં - શાસન.

જય વીયરાય ! જગગુરુ ! હોઉ મમં તુહ પભાવઓ ભયવં ! ॥ ભવનિવ્વેઓ મગ્ગાણુસારિઆ ઇટ્ઠફલસિદ્ધી ॥૧॥

અર્થ :- હે વીતરાગ ! હે જગતના ગુરુ ! (તમે) જયવંત વર્તો. હે ભગવંત ! મને તમારા પ્રભાવથી ભવનું ઉદાસપણું, માર્ગાનુસારીપણું (અને) ઇષ્ટફળ (શુદ્ધ આત્મધર્મ)ની સિદ્ધિ હોજો. ૧

લોગવિરુદ્ધચ્ચાઓ, ગુરુજણપૂઆ પરત્થકરણં ચ ॥ સુહગુરુજોગો તવ્વયણ-સેવણા આભવમખંડા[1] ॥૨॥

અર્થ :- લોકવિરુદ્ધનો ત્યાગ, (માતા-પિતાદિ) ગુરુજનની પૂજા તથા પરોપકાર કરવાપણું, શુદ્ધ ગુરુનો મેલાપ; તેમના વચનનો અંગીકાર (તે સર્વ) જ્યાં સુધી મારે ભવ કરવા પડે ત્યાં સુધી (મોક્ષપ્રાપ્તિ સુધી) અખંડ હોજો. ૨

૧ આ સૂત્ર પ્રાર્થના સ્વરૂપ છે, પાછળની બે ગાથા ક્ષેપક છે.

વારિજ્જઈ જઈવિ નિઆણ-બંધણં-વીય-રાય ! તુહ સમએ ॥ તહવિ મમ હુજ્જ સેવા, ભવે ભવે તુમ્હ ચલણાણં ॥૩॥

અર્થ :- હે વીતરાગ ! તમારા સિદ્ધાંતમાં જો કે નિયાણાનું બાંધવું નિષેધ્યું છે. તો પણ મને ભવોભવને વિષે તમારા ચરણોની સેવા હોજો. ૩

દુક્ખક્ખઓ કમ્મક્ખઓ, સમાહિ-મરણં ચ બોહિલાભો અ ॥ સંપજ્જઉ મહ એઅં, તુહ નાહ ! પણામકરણેણં ॥૪॥

અર્થ :- હે નાથ ! તમને પ્રણામ કરવાથી, મને દુ:ખનો ક્ષય, કર્મનો ક્ષય, સમાધિમરણ તથા બોધિબીજનો લાભ એ (ચાર) સંપ્રાપ્ત થાઓ. ૪

સર્વ-મંગલ-માંગલ્યં, સર્વકલ્યાણ-કારણમ્ ॥ પ્રધાનં સર્વ-ધર્માણાં, જૈનં જયતિ શાસનમ્ ॥૫॥

અર્થ :- સર્વ મંગળોમાં માંગલિક, સર્વ કલ્યાણનું કારણ (અને) સર્વ ધર્મોમાં પ્રધાન (એવું) જૈનશાસન જયવંતુ વર્તે છે. ૫

સંપદા (૨૦), ગાથા (૫), પદ (૨૦), ગુરુ (૧૯), લઘુ (૧૭૨), સર્વ વર્ણ (૧૯૧).

❀ ❀ ❀

૧૯. અરિહંત[1] ચેઈઆણં (ચૈત્યસ્તવ)

શબ્દાર્થ

અરિહંત - અરિહંતની.
ચેઈઆણં - પ્રતિમાને.
વંદણવત્તિઆએ - વાંદવાને નિમિત્તે.
પૂઅણવત્તિઆએ - પૂજા કરવાને-નિમિત્તે.
સક્કારવત્તિઆએ - સત્કાર-કરવાને નિમિત્તે.
સમ્માણવત્તિઆએ - સન્માનને-નિમિત્તે.
બોહિલાભવત્તિઆએ - બોધિલાભને-નિમિત્તે.
નિરુવસગ્ગવત્તિઆએ - ઉપસર્ગ-રહિત સ્થાનક (મોક્ષ) પામવા-નિમિત્તે.
સદ્ધાએ - શ્રદ્ધાથી.
મેહાએ - નિર્મળ બુદ્ધિથી.
ધિઈએ - ચિત્તની સ્થિરતાથી.
ધારણાએ - ધારણાપૂર્વક.
અણુપ્પેહાએ - વારંવાર વિચારીને.
વડ્ઢમાણીએ - વધતાં પરિણામે.
ઠામિ - રહું છું (કરું છું).
કાઉસ્સગ્ગં - કાયોત્સર્ગ.

અરિહંતચેઈઆણં, કરેમિ કાઉસ્સગ્ગં ૧

અર્થ :- અરિહંતની પ્રતિમાને (વંદનાદિ અર્થે) હું કાયોત્સર્ગ કરું છું. ૧

વંદણવત્તિઆએ, પૂઅણવત્તિઆએ, સક્કારવત્તિઆએ, સમ્માણવત્તિઆએ, બોહિલાભવત્તિઆએ, નિરુવસગ્ગ-વત્તિઆએ ॥૨॥

---

૧ આ સૂત્ર વડે સ્થાપનાજિનની સ્તુતિ થાય છે.

અર્થ :- વાંદવાને નિમિત્તે, પૂજા કરવાને નિમિત્તે, સત્કારને નિમિત્તો, સન્માનને નિમિત્તો, બોધિ (સમ્યગ્દર્શન અથવા રત્નત્રયીના) લાભને નિમિત્તે, (અને) ઉપસર્ગરહિત (મોક્ષ) સ્થાન પામવા નિમિત્તે. ૨

સદ્ધાએ, મેહાએ, ધિઈએ, ધારણાએ, અણુપ્પેહાએ, વઢ્ઢમાણીએ, ઠામિ કાઉસ્સગ્ગં ॥૩॥

અર્થ :- વૃદ્ધિ પામતી શ્રદ્ધાથી, નિર્મળ બુદ્ધિ પૂર્વક; ચિત્તની સ્થિરતાએ, ધારણાપૂર્વક (અને) વારંવાર વિચારણાપૂર્વક, હું કાયોત્સર્ગ કરું છું. ૩. (વૃદ્ધિ પામતી એ પદ શ્રદ્ધાદિ પાંચે સાથે જોડવું)

સંપદા (૩), પદ (૧૫), ગુરુ (૧૬), લઘુ (૭૩), સર્વ વર્ણ (૮૯).

❀ ❀ ❀

૨૦. કલ્લાણકંદં સ્તુતિ[1]

શબ્દાર્થ

કલ્લાણકંદં - કલ્યાણના મૂળ.
પઢમં - પહેલા.
જિણિંદં - શ્રી જિનેન્દ્રને.
સંતિં - શ્રી શાન્તિનાથને.
તઓ - તે પછી.
નેમિજિણં - શ્રી નેમિજિનને.
મુણિંદં - મુનિઓના ઈન્દ્રને.
પાસં - શ્રી પાર્શ્વનાથને.
પયાસં - ત્રણ ભુવનને પ્રકાશ કરનારા.

૧. દરેક થોય જોડામાં પહેલી સ્તુતિ અમુક તીર્થંકર અગર તીર્થંકરોની હોય, બીજી સર્વ જિનોની, ત્રીજી જ્ઞાન અગર સિદ્ધાંતની, અને ચોથી શાસનના અધિષ્ઠાયક યક્ષ-યક્ષિણીની હોય છે.

સુગુણિક્કઠાણં - સારા ગુણના એક સ્થાનરૂપ.
ભત્તીઈ - ભક્તિથી.
વંદે - હું વંદન કરૂં છું.
સિરિવદ્ધમાણં - શ્રી વર્દ્ધમાન સ્વામીને.
અપાર - જેનો પાર નથી એવા.
સંસારસમુદ્દ - સંસાર રૂપ સમુદ્રના.
પારં - પારને.
પત્તા - પામેલાને.
સિવં - મોક્ષને.
દિંતુ - આપો.
સુઈક્કસારં - સર્વ પવિત્ર વસ્તુઓને વિષે સારરૂપ.
સવ્વે - બધા.
જિણિંદા - જિનેન્દ્રો.
સુરવિંદ - દેવતાના સમૂહથી.
વંદા - વંદાએલા.
કલ્લાણવલ્લીણ - કલ્યાણરૂપ વેલના.
વિસાલકંદા - વિશાળ મૂળીયાંરૂપ.
નિવ્વાણમગ્ગે - મોક્ષમાર્ગને વિષે.
વરજાણકપ્પં - શ્રેષ્ઠ રથ સમાન.
પણાસિય - નાશ કર્યો છે.
અસેસ - બધા.
કુવાઈ - કુવાદિઓના.
દપ્પં - ગર્વને.
મયં - મતને.
જિણાણં - જિનેશ્વરોના.
સરણં - આધારરૂપ.
બુહાણં - તત્ત્વવેત્તાઓને.
નમામિ - હું નમું છું.
નિચ્ચં - હંમેશાં.
તિજગપ્પહાણં - ત્રણ જગતને વિષે પ્રધાન.
કુંદ - ડોલરનાં ફૂલ.
ઈંદુ - ચંદ્ર.
ગોક્ખીર - ગાયનું દૂધ.
તુસાર - હિમના જેવા.
વન્ના - વર્ણવાળી.
સરોજ - સરોજ-કમળ.
હત્થા - જેના હાથમાં.
કમલે - કમળને વિષે.
નિસન્ના - બેઠેલી.
વાએસિરી - શ્રુતદેવી.
પુત્થય - પુસ્તકનો.
વગ્ગ - સમૂહ.
હત્થા - જેના હાથમાં છે.
સુહાય - સુખને અર્થે.
સા - તે.
અમ્હ - અમને.
સયા - હંમેશાં.
પસત્થા - ઉત્તમ.

કલ્લાણ-કંદં પઢમં જિણિંદં, સંતિં તઓ
નેમિજિણં મુણિંદં; પાસં પયાસં સુગુણિ-
ક્કઠાણં, ભત્તીઈ વંદે સિરિવદ્ધમાણં ॥૧॥

અર્થ :- કલ્યાણના મૂળ શ્રી પ્રથમ જિનેન્દ્રને, શ્રી શાંતિનાથને તથા મુનિઓના ઈન્દ્ર શ્રી નેમિજિનને, (ત્રણ ભુવનને) પ્રકાશ કરનારા (અને) સારા ગુણોના એક સ્થાનરૂપ શ્રી પાર્શ્વનાથને (તથા) શ્રી વર્દ્ધમાનસ્વામીને હું ભક્તિપૂર્વક વાંદું છું. ૧

અપાર-સંસાર-સમુદપારં,
પત્તા સિવં દિંતુ સુઈક્કસારં ॥
સવ્વે જિણિંદા સુર-વિંદવંદા,
કલ્લાણ-વલ્લીણ વિસાલકંદા ॥૨॥

અર્થ :- નથી છેડો જેનો એવા સંસારરૂપ સમુદ્રના પારને પામેલા, (તથા) દેવતાઓના સમૂહથી વંદાયેલા, (અને) કલ્યાણરૂપ વેલના મૂળ જેવા એવા સર્વ જિનેન્દ્રો, સર્વ પવિત્ર વસ્તુઓને વિષે સારરૂપ એવું મોક્ષ (મને) આપો. ૨

નિવ્વાણમગ્ગે વરજાણકપ્પં,
પણાસિયાસેસ-કુવાઈદપ્પં ॥
મયં જિણાણં સરણં બુહાણં,
નમામિ નિચ્ચં તિજગ-પ્પહાણં ॥૩॥

અર્થ :- મોક્ષમાર્ગને વિષે પ્રધાન રથ સમાન, (અને) સમસ્ત કુવાદિઓના અહંકારને નાશ કરનાર, તત્ત્વ વેત્તાઓને આધારભૂત (અને) ત્રણ જગતને વિષે પ્રધાન, એવા જિનેશ્વરોના મતને હું નિરંતર નમસ્કાર કરું છું. ૩

કુંદિંદુ ગોક્ખીરતુસારવન્ના,
સરોજહત્થા કમલે નિસન્ના ॥
વાએસિરી પુત્થય-વગ્ગ-હત્થા,
સુહાય સા અમ્હ સયા પસત્થા ॥૪॥

અર્થ :- મચકુંદનાં ફૂલ, ચંદ્રમા, ગાયનું દૂધ (અને) હિમ એ (ચાર)ના વર્ણ જેવો રંગ છે જેનો, હાથમાં કમળવાળી, કમળને વિષે બેઠેલી, પુસ્તકનો સમૂહ જેના હાથમાં છે એવી, અથવા પુસ્તકવડે ભરેલ છે હાથ જેનો એવી તથા ઉત્તમ, એવી તે શ્રુતદેવી, અમને નિરંતર સુખને અર્થે થાઓ. ૪

❀ ❀ ❀

૨૧. સંસારદાવા સ્તુતિ[૧]

શબ્દાર્થ

સંસાર - સંસારરૂપી.	સંમોહ - મોહરૂપી.
દાવાનલ - દાવાનળના.	ધૂલી - ધૂળને.
દાહ - તાપને (ઓલવવામાં).	હરણે - દૂર કરવામાં.
નીરં - પાણી સમાનને.	સમીરં - પવન સમાનને.

૧. આ સ્તુતિ શ્રી હરિભદ્રસૂરિજીએ રચી છે. તે સમસંસ્કૃત ભાષામાં છે.

માયા - માયા-કપટરૂપી.
રસા - પૃથ્વીને.
દારણ - ખોદવામાં.
સાર - તીક્ષ્ણ.
સીરમ્ - હળ સમાનને.
નમામિ - હું નમું છું.
વીરં - શ્રી વીર ભગવાનને.
ગિરિસાર - મેરૂપર્વત જેવા.
ધીરમ્ - ધીરને.
ભાવ - ભાવપૂર્વક.
અવનામ - નમસ્કાર કરનારા.
સુર - દેવ.
દાનવ - દાનવ.
માનવ - મનુષ્યના.
ઈન - સ્વામીઓના.
ચૂલા - મુગટને વિષે રહેલા.
વિલોલ - ચપળ એવા.
કમલ - કમળોની.
આવલિ - શ્રેણીથી.
માલિતાનિ - પૂજાએલા.
સંપૂરિત - સારી રીતે પૂરેલા છે.
અભિનત - નમેલા, ભક્ત.
લોક - લોકોના.
સમીહિતાનિ - વાંછિતો જેણે
કામં - અત્યંત.
નમામિ - હું નમસ્કાર કરું છું.
જિનરાજ - જિનેશ્વર ભગવંતનાં.
પદાનિ - ચરણોને.
તાનિ - તે.
બોધાગાધં - જ્ઞાનથી ગંભીર.
સુપદ - સારા પદોની.
પદવી - રચનારૂપ.
નીરપૂર - જળના પૂરવડે.
અભિરામં - મનોહર.
જીવાહિંસા - જીવોની અહિંસારૂપ.
અવિરલ - આંતરા રહિત.
લહરી - તરંગોના.
સંગમ - મળવાથી.
અગાહ - અગાધ.
દેહમ્ - દેહ સ્વરૂપવાળા.
ચૂલા - સિદ્ધાંતોની ચૂલિકારૂપ.
વેલં - વેલવાળા.
ગુરુ - મોટા.
ગમ - સરખા પાઠરૂપ.
મણિ - રત્નોથી.
સંકુલં - ભરપૂર.
દૂરપારં - દૂર છે કાંઠો જેનો.
સારં - પ્રધાન.
વીરાગમ - વીર ભગવાનના આગમરૂપ.
જલનિધિં - સમુદ્રને.
સાદરં - આદર સહિત.
સાધુ - સારી રીતે.
સેવે - હું સેવું છું.

(ઈન્દ્રવજા છંદ)

સંસારદાવાનલ-દાહનીરં,
સંમોહ-ધૂલીહરણે સમીરં ॥
માયા-રસા-દારણ-સાર-સીરં,
નમામિ વીરં ગિરિસાર-ધીરમ્ ॥૧॥

અર્થ :- સંસારરૂપી દાવાનળના તાપને ઓલવવાને પાણી સમાન, અજ્ઞાનરૂપી ધૂળને હરણ કરવાને પવન સમાન, કપટરૂપી પૃથ્વીને ખોદવાને તીક્ષ્ણ હળ સમાન અને મેરૂપર્વતની જેવા ધૈર્યવાળા એવા વીરપ્રભુને હું નમસ્કાર કરું છું. ૧

(વસંતતિલકાવૃત્તમ)

ભાવાવનામ-સુરદાનવમાનવેન,
ચૂલાવિલોલકમલાવલિમાલિતાનિ ॥
સંપૂરિતાભિનતલોકસમીહિતાનિ,
કામંનમામિ જિનરાજપદાનિ તાનિ ॥૨॥

અર્થ :- ભાવપૂર્વક નમસ્કાર કર્યો છે જેણે એવા દેવ, દાનવ અને મનુષ્યના સ્વામી, તેમના મસ્તકને વિષે રહેલા મુગટ ઉપરના દેદીપ્યમાન (ચપળ) કમળોની શ્રેણીઓ વડે જે પૂજાયેલા છે. તથા સમ્યક્ રીતે પૂર્ણ કર્યા છે નમસ્કાર કરનારા લોકોનાં મનોવાંછિત જેમણે એવા જિનેશ્વર ભગવાનનાં તે ચરણો પ્રત્યે હું સ્વેચ્છાએ નમસ્કાર કરૂં છું. ૨

(મંદાક્રાંતાવૃત્તમ)

બોધાગાધં સુપદપદવીનીરપૂરાભિરામં,
જીવાહિંસાવિરલલહરીસંગમાગાહદેહમ્;
ચૂલાવેલં ગુરુગમમણિસંકુલં દૂરપારં, સારં-
વીરાગમજલનિધિંસાદરંસાધુસેવે. ॥૩॥

અર્થ :- ગંભીર છે જ્ઞાન જેને વિષે તથા સુંદર પદોની રચનારૂપ પાણીના સમૂહે કરી મનોહર, તથા જીવોની રક્ષારૂપ આંતરારહિત તરંગોના પરસ્પર મળવા થકી અગાધ છે દેહસ્વરૂપ જેનું, વળી સિદ્ધાંતોની ચૂલિકારૂપી વેલો છે જેને વિષે તથા મોટા એવા સરખા પાઠરૂપ રત્નોથી ભરેલો અને અત્યંત દૂર છે કાંઠો જેનો તથા પ્રધાન, એવા શ્રી વીર પરમાત્માના આગમરૂપ સમુદ્રને આદર સહિત સમ્યક્ પ્રકારે હું સેવું છું. ૩

શબ્દાર્થ

આમૂલ - મૂળ સુધી.	અમલ - નિર્મળ.
આલોલ - ડોલતું.	દલ - પત્રવાળાં.
ધૂલી - પરાગના-રજના.	કમલ - કમળરૂપ.
બહુલ - ઘણી.	અગાર - ઘરની.
પરિમલ - સુગંધને વિષે.	ભૂમિ - ભૂમિમાં.
આલીઢ - આસક્ત.	નિવાસે - જેનો નિવાસ છે એવી.
લોલ - ચપળ.	છાયા - કાંતિના.
અલિ - ભમરાઓની.	સંભાર - સમૂહથી.
માલા - પંક્તિઓના.	સારે - સુશોભિત
ઝંકાર - ઝંકારના.	વર - પ્રધાન.
આરાવસાર - શબ્દોથી શ્રેષ્ઠ.	કમલકરે - કમળ જેના હાથમાં છે.

તાર - દેદીપ્યમાન.	ભવવિરહવરં - મોક્ષરૂપ વરદાન.
હાર - હારવડે.	દેહિ - આપો.
અભિરામે - મનોહર.	મે - મને.
વાણી - દ્વાદશાંગીરૂપ વાણીના.	દેવિ - હે દેવિ !
સંદોહદેહે - સમૂહરૂપ છે દેહ જેનો.	સારં - પ્રધાન.

(સ્રગ્ધરાવૃત્તમ્)

આમૂલાલોલ-ધૂલીબહુલ-પરિમલા-
લીઢલોલાલિમાલા-ઝંકારારાવસારા-
મલદલકમલાગારભૂમિ-નિવાસે ! ॥
છાયાસંભારસારે ! વરકમલકરે !
તાર-હારાભિરામે ! વાણીસંદોહદેહે !
ભવવિરહ-વરં દેહિ મે દેવિ ! સારં ॥૪॥

અર્થ :- મૂળસુધી ડોલતું તથા પરાગની (સુગંધી કણીઆઓની) અત્યંત સુગંધને વિષે આસક્ત એવા ચપળ ભમરાઓની શ્રેણીના ગુંજારવના શબ્દોએ કરીને શોભતું, નિર્મળ પાંદડાંવાળું એવું જે કમળ તેની ઉપર ભવનના મધ્યભાગની ભૂમિને વિષે નિવાસ છે જેનો એવી; તથા કાન્તિના સમુહવડે સુશોભિત એવી, તથા સુંદર કમળ છે જેના હાથને વિષે એવી, તથા દેદીપ્યમાન હારે કરી મનોહર એવી, દ્વાદશાંગીરૂપ વાણીના સમૂહરૂપી શરીર છે જેનું એવી; હે શ્રુતદેવી ! મને પ્રધાન મોક્ષરૂપી વરદાન આપો. ૪.

ગાથા (૪), પદ (૧૬), સંપદા (૧૬), સર્વ વર્ણ (૨૫૨).

❀ ❀ ❀

૨૨. પુક્ખરવરદી (શ્રુતસ્તવ) સૂત્ર[1]

શબ્દાર્થ

પુક્ખરવર - પુષ્કરવર નામના.
દીવડ્ઢે - અર્ધ દ્વીપમાં.
ધાયઈસંડે - ધાતકીખંડને વિષે.
જંબૂદીવે - જંબૂદ્વીપની અંદર.
ભરહ - ભરતક્ષેત્રને વિષે.
એરવય - ઐરવતક્ષેત્રને વિષે.
વિદેહે - મહાવિદેહક્ષેત્રને વિષે.
ધમ્માઈગરે - ધર્મની આદિ કરનારાને.
નમંસામિ - હું નમસ્કાર કરું છું.
તમ - અજ્ઞાનરૂપી.
તિમિર - અંધકારના.
પડલ - સમૂહનો.
વિદ્ધંસણસ્સ - નાશ કરનારને.
સુરગણ - દેવતાના સમૂહ.
નર - મનુષ્યોના.
ઈંદ - ઇન્દ્રોએ.
મહિઅસ્સ - પૂજેલાને.
સીમાધરસ્સ - મર્યાદામાં રાખનારને.
વંદે - હું વંદના કરું છું.
પપ્ફોડિય - તોડી નાખી છે.
મોહજાલસ્સ - મોહજાળ જેણે.
જાઈ - જન્મ.
જરા - વૃદ્ધાવસ્થા.
મરણ - મૃત્યુ.
સોગ - શોકને.
પણાસણસ્સ - નાશ કરનારને.
કલ્લાણ - કલ્યાણ.
પુક્ખલ - સંપૂર્ણ.
વિસાલ - વિશાળ.
સુહાવહસ્સ - મોક્ષ સુખના આપનારા.
કો - કોણ.
દેવ - દેવતા.
દાણવ - દાનવ.
નર - મનુષ્યો.
ઈંદ - ઇન્દ્રોના.
ગણ - સમૂહે.
અચ્ચિઅસ્સ - પૂજેલા.

---

૧. આ સૂત્ર વડે સિદ્ધાંતની સ્તુતિ કરી છે તેથી શ્રુતસ્તવ નામ રાખવામાં આવેલું છે. આ સૂત્રની પહેલી ગાથા વડે ભાવ અરિહંતની સ્તુતિ કરી છે અને પાછળની ત્રણ ગાથા વડે શ્રુતની સ્તુતિ કરી છે.

ધમ્મસ્સ - શ્રુતધર્મના.
સારં - સારને.
ઉવલબ્ભ - પ્રાપ્ત કરીને.
કરે - કરે.
પમાયં - પ્રમાદ.
સિદ્ધે - સિદ્ધ એવા.
ભો - હે જ્ઞાનવંત લોકો !
પયઓ - આદર સહિત.
ણમો - હું નમસ્કાર કરું છું.
જિણમએ - શ્રી જિનમત (સિદ્ધાંત)ને.
નંદી - વૃદ્ધિ થાઓ, મંગલકારી.
સયા - હંમેશાં.
સંજમે - ચારિત્રધર્મને વિષે.
દેવં - વૈમાનિક દેવ.
નાગ - ભવનપતિ દેવ.
સુવન્ન - જ્યોતિષી દેવ.
કિન્નર - વ્યંતર દેવતાના.
ગણ - સમૂહથી.
સબ્ભૂઅભાવ - સત્યભાવે કરીને.
અચ્ચિએ - પૂજાએલો.
લોગો - સર્વ લોકનું જ્ઞાન.
જત્થ - જેમાં.
પઈટ્ઠિઓ - રહેલ છે.
જગમિણં - આ જગત.
તેલુક્ક - ત્રણ લોક.
મચ્ચ - મનુષ્ય.
અસુરં - ભવનપતિ.
ધમ્મો - શ્રુતધર્મ.
વડ્ઢઉ - વૃદ્ધિ પામો.
સાસઓ - શાશ્વતો.
વિજયઓ - વિશેષ જયપૂર્વક.
ધમ્મુત્તરં - દેશવિરતિ, સર્વવિરતિ આદિ બીજા ધર્મ.
વડ્ઢઉ - વૃદ્ધિ પામો.
સુઅસ્સ - સિદ્ધાંતને આરાધવા.
ભગવઓ - પવિત્ર.

પુક્ખરવરદીવડ્ઢે, ધાયઈસંડે અ જંબૂદીવે અ ॥ ભરહેરવયવિદેહે, ધમ્માઈગરે નમંસામિ ॥૧॥

અર્થ :- પુષ્કરવર નામના દ્વીપના અર્ધ ભાગમાં, ધાતકી ખંડમાં તથા જંબૂદ્વીપમાં આવેલા પાંચ ભરત, પાંચ ઐરવત અને

પાંચ મહાવિદેહ ક્ષેત્રને વિષે ધર્મની આદિના કરનારને હું નમસ્કાર કરું છું. ૧

તમતિમિરપડલવિદ્ધં-સણસ્સ, સુરગણ-
નરિંદમહિઅસ્સ; સીમાધરસ્સવંદે,
પપ્ફોડિઅ-મોહજાલસ્સ ॥૨॥

અર્થ :- અજ્ઞાનરૂપી અંધકારના સમૂહનો નાશ કરનાર તથા દેવતાના સમૂહ અને મનુષ્યના ઈન્દ્રોથી પૂજિત, વળી (આત્મા)ને મર્યાદામાં રાખનાર અને મોહરૂપી જાળને તોડી નાખનાર એવા (સિદ્ધાંતને) હું વાંદું છું. ૨

(વસંતતિલકા)

જાઈજરામરણસોગપણાસણસ્સ,
કલ્લાણપુક્ખલવિસાલસુહાવહસ્સ ॥
કો દેવદાણવનરિંદગણચ્ચિઅસ્સ,
ધમ્મસ્સ સારમુવલબ્ભ કરે પમાયં? ॥૩॥

અર્થ :- જન્મ, જરા, મૃત્યુ અને શોકનો અતિશયે કરીને નાશ કરનાર, કલ્યાણ અને સંપૂર્ણ વિશાળ એવા મોક્ષના સુખને આપનાર, દેવ, દાનવ અને મનુષ્યના ઈન્દ્રોના સમૂહથી પૂજિત, એવા શ્રુતધર્મનો સાર પામીને કોણ પ્રમાદ કરે ? ૩

(શાર્દૂલવિક્રીડિતમ વૃત્તમ્)

સિદ્ધે ભો ! પયઓ ણમો જિણમએ,

નંદી સયા સંજમે, દેવંનાગસુવન્ન-
કિન્નરગણ, સબ્ભૂઅ-ભાવચ્ચિએ,
લોગોજત્થ પઈટ્ઠિઓ જગમિણં,
તેલુક્કમચ્ચાસુરં, ધમ્મો વડ્ઢઉ સાસઓ
વિજયઓ ધમ્મુત્તરં વડ્ઢઉ. ॥૪॥

સુઅસ્સ ભગવઓ કરેમિ કાઉસ્સગ્ગં, વંદણવત્તિઆએ. ॥

અર્થ :- હે જ્ઞાનવંત લોકો ! (સર્વનય પ્રમાણથી) સિદ્ધ એવા જિનમત (સિદ્ધાંત)ને આદર સહિત નમસ્કાર કરો. તે (જિનમત) ચારિત્રધર્મને વિષે નિરંતર મંગલકારી છે, વૈમાનિક દેવો, ભવનપતિ દેવો, જ્યોતિષી દેવો અને વ્યંતર દેવોના સમૂહથી સત્ય ભાવે કરીને પૂજાએલો છે. વળી જે જિનમતને વિષે લોકનું તથા ત્રણ લોક સંબંધી મનુષ્ય, ભવનપતિ પ્રમુખ સર્વ દેવતા અને ઉપલક્ષણથી તિર્યંચ અને નારકી એ સર્વ લોકનું જ્ઞાન જેમાં પ્રતિષ્ઠિત છે, એવો શાશ્વત સિદ્ધાંતરૂપ શ્રુતધર્મ વિજયપૂર્વક વૃદ્ધિ પામો ! તે શ્રુતધર્મ દેશવિરતિ-સર્વવિરતિ આદિ ધર્મની વૃદ્ધિ કરો ! ૪. હે ભગવંત ! પવિત્ર શ્રુતધર્મને આરાધવા હું કાઉસ્સગ્ગ કરું છું.

પદ (૧૬), સંપદા (૧૬), ગાથા (૪), ગુરુ (૩૪), લઘુ (૧૮૨), સર્વ વર્ણ (૨૧૬).

❀ ❀ ❀

૨૩. સિદ્ધાણંબુદ્ધાણં (સિદ્ધસ્તવ[1]) સૂત્ર

શબ્દાર્થ

સિદ્ધાણં - સિદ્ધોને.
બુદ્ધાણં - બુદ્ધોને.
પારગયાણં - સંસારસમુદ્રનો પાર પામેલાને.
પરંપરગયાણં - ગુણસ્થાનકના ક્રમે ચડી મોક્ષે પહોંચેલાને.
લોઅગ્ગ - લોકના અગ્રભાગને.
ઉવગયાણં - પામેલાને.
નમો - નમસ્કાર કરું છું.
સયા - હંમેશાં.
સવ્વસિદ્ધાણં - સર્વ સિદ્ધો.
જો - જે.
દેવાણ વિ - દેવોના પણ.
દેવો - દેવ છે.
જં - જેને.
દેવા - દેવતાઓ.
પંજલી - બે હાથ જોડીને.
નમંસંતિ - નમસ્કાર કરે છે.
તં - તે.
દેવદેવ - દેવના દેવ-ઈન્દ્રોએ.
મહિઅં - પૂજેલા.
સિરસા - મસ્તકવડે.
વંદે - હું વંદના કરું છું.
મહાવીરં - મહાવીર સ્વામીને.
ઈક્કોવિ - એક પણ.
નમુક્કારો - નમસ્કાર.
જિણવર - જિનવરમાં.
વસહસ્સ - વૃષભ સમાન શ્રેષ્ઠ એવા.
વદ્ધમાણસ્સ - વર્દ્ધમાનસ્વામીને.
સંસાર - સંસારરૂપ.
સાગરાઓ - સમુદ્રથી.
તારેઈ - તારે છે.
નરં - પુરુષને.
નારિં વા - અથવા સ્ત્રીને.
ઉજ્જિંજતસેલ - ગિરનાર પર્વતના.
સિહરે - શિખર ઉપર.
દિક્ખા - દીક્ષાકલ્યાણક.
નાણં - કેવલજ્ઞાન કલ્યાણક.
નિસીહિઆ - મોક્ષ કલ્યાણક.

---

૧. આ સૂત્રવડે સિદ્ધ ભગવંતોની સ્તુતિ કરેલ છે. તેથી સિદ્ધસ્તવ. પહેલી ગાથા વડે સકલ સિદ્ધોને. બીજી અને ત્રીજી ગાથા વડે તીર્થાધિપતિ શાસનનાયક વીરજિનને. ચોથી ગાથા વડે ગિરનાર પર્વત ઉપર રહેલા નેમિનાથને અને પાંચમી ગાથા વડે અષ્ટાપદ પર્વત ઉપર રહેલ ચોવીશ તીર્થંકરોને સ્તવ્યા છે. તથા એ ગાથા વડે જુદી જુદી રીતે વંદના કરેલ છે, તે જાણવાની ઈચ્છાવાળાએ ચૈત્યવંદન ભાષ્યનો અર્થ જોવો.

જસ્સ - જેનાં થયાં છે.	વંદિયા - વંદાએલા છે.
તં - તે.	જિણવરા - જિનવરો.
ધમ્મચક્કવટ્ટિં - ધર્મના ચક્રવર્તી એવા.	ચઉવ્વીસં - ચોવીશ.
અરિટ્ઠનેમિં - અરિષ્ટનેમિને.	પરમટ્ઠ - પરમાર્થથી.
નમંસામિ - હું નમસ્કાર કરું છું.	નિટ્ઠિઅટ્ઠા - કૃતાર્થ થયેલા.
ચત્તારિ - ચાર.	સિદ્ધા - સિદ્ધ થયા છે.
અટ્ઠ - આઠ.	સિદ્ધિં - સિદ્ધિને.
દસ - દશ.	મમ - મને.
દો - બે.	દિસંતુ - આપો.

[1]સિદ્ધાણં બુદ્ધાણં, પારગયાણં પરંપરગયાણં ।। લોઅગ્ગમુવગયાણં, નમો સયા સવ્વસિદ્ધાણં ।।૧।।

અર્થ :- સિદ્ધને, બુદ્ધને, સંસારસમુદ્રનો પાર પામેલાને, ગુણસ્થાનકના ક્રમે ચડી મોક્ષે પહોંચેલાને, લોકના અગ્રભાગને પામેલાને, એવા સર્વ સિદ્ધોને હું હંમેશાં નમસ્કાર કરું છું. ૧

જો દેવાણવિ દેવો, જં દેવા પંજલી નમંસંતિ ।। તં દેવદેવમહિઅં, સિરસા વંદે મહાવીરં ।।૨।।

અર્થ :- જે દેવોના પણ દેવ છે, જેને દેવતાઓ હાથ જોડીને નમસ્કાર કરે છે, વળી દેવોના દેવ (ઇન્દ્ર)થી જે પૂજાયેલા છે, તે મહાવીર સ્વામીને મસ્તકે કરીને વાંદું છું. ૨

૧. ચતુર્થીસ્થાને ષષ્ઠી પ્રાકૃતત્વાત્.

ઈક્કોવિ નમુક્કારો, જિણવરવસહસ્સ વદ્ધમાણસ્સ ॥ સંસારસાગરાઓ, તારેઈ નરં વ નારિં વા ॥૩॥

અર્થ :- જિનવરમાં વૃષભ સમાન (શ્રેષ્ઠ) એવા વર્દ્ધમાન સ્વામીને (કરેલો) એક પણ નમસ્કાર પુરુષ, કે સ્ત્રી (કે કૃત્રિમ નપુંસક)ને સંસારસમુદ્રથી તારે છે. ૩

ઉજ્જિંતસેલસિહરે, દિક્ખા નાણં નિસીહિઆ જસ્સ ॥ તં ધમ્મચક્કવટ્ટિં અરિટ્ઠનેમિં નમંસામિ ॥૪॥

અર્થ :- ગિરનાર પર્વતના શિખર ઉપર જેમનાં દીક્ષા, જ્ઞાન અને મોક્ષ કલ્યાણક થયાં છે, તે ધર્મચક્રવર્તી શ્રી અરિષ્ટનેમિને હું નમસ્કાર કરું છું. ૪

ચત્તારિઅટ્ઠદસ દોય, વંદિયા જિણવરા ચઉવ્વિસં ॥ પરમટ્ઠનિટ્ઠિઅટ્ઠા, સિદ્ધા સિદ્ધિં મમ દિસંતુ ॥૫॥

અર્થ :- ચાર, આઠ, દસ અને બે એવા જે (ઈન્દ્રાદિથી) વંદાયેલા વળી પરમાર્થથી કૃતકૃત્ય થયેલા અને સિદ્ધ થયેલા ચોવીશ જિનવરો મને મોક્ષ આપો. ૫

પદ (૨૦), સંપદા (૨૦), ગાથા (૫), ગુરુ (૨૫), લઘુ (૧૫૧), સર્વવર્ણ (૧૭૬).

❀ ❀ ❀

૨૪. વેયાવચ્ચગરાણં સૂત્ર

શબ્દાર્થ

વેયાવચ્ચ - વૈયાવચ્ચના.
ગરાણં - કરનાર.
સંતિગરાણં - શાન્તિના કરનાર.
સમ્મદિટ્ઠિ - સમ્યગ્દૃષ્ટિ જીવોને (દેવોને આશ્રયીને).
સમાહિગરાણં - સમાધિના કરનાર.

વેયાવચ્ચગરાણં, સંતિગરાણં, સમ્મદિટ્ઠિસમાહિગરાણં ॥ કરેમિ કાઉસ્સગ્ગં ॥ અન્નત્થ૦ ॥

અર્થ :- શ્રી જિનશાસનની વૈયાવચ્ચના કરનાર, શાન્તિના કરનાર અને સમ્યગ્દૃષ્ટિ જીવોને સમાધિના કરનાર દેવોને આશ્રયીને; હું કાઉસ્સગ્ગ કરું છું.

❀ ❀ ❀

૨૫. ભગવાનાદિ વંદન.

[1]ભગવાન્હં, આચાર્યહં, ઉપાધ્યાયહં, સર્વસાધુહં.

અર્થ :- ભગવંતોને, આચાર્યોને, ઉપાધ્યાયોને, (અને) સર્વ સાધુઓને નમું છું.

❀ ❀ ❀

---

૧. અહીં સર્વત્ર હં મુકેલ છે તે ષષ્ઠી વિભક્તિનો નિપાત છે.

૨૬. દેવસિઅ પડિક્કમણે ઠાઉં સૂત્ર

શબ્દાર્થ

સવ્વસ્સવિ - સર્વ પણ.
દેવસિઅ - દિવસ સંબંધી.
દુચ્ચિંતિઅ - દુષ્ટ ચિંતવન કરવાથી.
દુબ્ભાસિય - દુષ્ટ ભાષણ કરવાથી.
દુચ્ચિટ્ઠિઅ - દુષ્ટચેષ્ટારૂપ પ્રવૃત્તિ કરવાથી.

સવ્વસ્સવિ, દેવસિઅ, દુચ્ચિંતિઅ, દુબ્ભાસિઅ, દુચ્ચિટ્ઠિઅ, મિચ્છા મિ દુક્કડં ॥

અર્થ :- સર્વે પણ દિવસ સંબંધિ અતિચાર, દુષ્ટ ચિંતવન કરવા થકી, દુષ્ટ ભાષણ કરવા થકી, દુષ્ટ ચેષ્ટારૂપ પ્રવૃત્તિ કરવા થકી લાગ્યા હોય, તે મારું પાપ મિથ્યા થાઓ.

❀ ❀ ❀

૨૭. ઈચ્છામિ ઠામિ સૂત્ર

શબ્દાર્થ

ઈચ્છામિ - ઈચ્છું છું.
ઠામિ - કરું છું.
જો - જે.
દેવસિઓ - દિવસ સંબંધી.
અઈઆરો - અતિચાર.
કઓ - કર્યો હોય.
કાઈઓ - કાયા સંબંધી.
વાઈઓ - વચન સંબંધી.
માણસિઓ - મન સંબંધી.
ઉસ્સુત્તો - જિનાગમ વિરુદ્ધ બોલવાથી.
ઉમ્મગ્ગો - ઉન્માર્ગને સેવવાથી.
અકપ્પો - અકલપ્યપણાથી ઉત્પન્ન થયેલ.
અકરણિજ્જો - નહિ કરવા યોગ્ય કરવાથી.
દુજ્ઝાઓ - દુર્ધ્યાન ધ્યાવવાથી.
દુવ્વિચિંતિઓ - દુષ્ટ ચિંતન કરવાથી.
અણાયારો - અનાચારથી.

અણિચ્છિઅવ્વો - જે ઈચ્છવા યોગ્ય નથી તેથી.
અસાવગપાઉગ્ગો - શ્રાવકને જે ઉચિત નથી તે કરવાથી.
નાણે - જ્ઞાનને વિષે.
દંસણે - દર્શનને વિષે.
ચરિત્તાચરિત્તે - દેશવિરતિરૂપ શ્રાવક ધર્મને વિષે.
સુએ - શ્રુત સિદ્ધાંતને વિષે.
સામાઈએ - સામાયિકને વિષે.
તિણ્હં - ત્રણ.
ગુત્તીણં - ગુપ્તિને વિષે.
ચઉણ્હં - ચાર.
કસાયાણં - કષાયે કરી.
પંચણ્હં - પાંચ.
અણુવ્વયાણં - અણુવ્રત મધ્યેથી.
તિણ્હં - ત્રણ.
ગુણવ્વયાણં - ગુણવ્રત મધ્યેથી.
ચઉણ્હં - ચાર.
સિક્ખાવયાણં - શિક્ષાવ્રત મધ્યેથી.
બારસવિહસ્સ - બાર પ્રકારના વ્રતરૂપ.
સાવગધમ્મસ્સ - શ્રાવકધર્મ માંહેથી.
જં - જે.
ખંડિઅં - દેશથકી ભાંગ્યું હોય.
જં - જે.
વિરાહિઅં - સર્વ થકી વિરાધ્યું હોય.

ઈચ્છામિ ઠામિ કાઉસ્સગ્ગં.

અર્થ :- હું ઈચ્છું છું, કાઉસ્સગ્ગ કરું છું.

જો મે દેવસિઓ, અઈઆરો કઓ કાઈઓ, વાઈઓ, માણસિઓ.

અર્થ :- જે મેં દિવસ સંબંધી અતિચાર કર્યો હોય, જેમ કે કાયા સંબંધી, વચન સંબંધી, મન સંબંધી.

ઉસ્સુત્તો,ઉમ્મગ્ગો,અકપ્પો,અકરણિજ્જો, દુજ્ઝાઓ, દુવ્વિચિંતિઓ, અણાયારો,

અર્થ :- જિનાગમથી વિરુદ્ધ બોલવાથી, ઉન્માર્ગને સેવવાથી, અકલ્પ્યપણાથી ઉત્પન્ન થયેલ, જે અકરણીય-નહિ કરવા યોગ્ય તે કરવે કરીને.

(ઉપરના અતિચાર કાયા અને વચન સંબંધીના કહ્યા હવે મન સંબંધી અતિચારનું સ્વરૂપ કહે છે.)

દુર્ધ્યાન ધ્યાવવાથી (અને તેથી જ) દુષ્ટચિંતવન કરવા વડે કરીને, અનાચાર (જેથી વ્રતાદિકનો સર્વથા ભંગ થાય) તેથી, જે ઈચ્છવા યોગ્ય નથી અને શ્રાવકને ઉચિત નથી; તેવું અનુચિત કરવાથી થયેલા અતિચાર.

શાને વિષે લગાડ્યા હોય તે કહે છે.

નાણે, દંસણે, ચરિત્તાચરિત્તે, સુએ, સામાઈએ, તિણ્હં ગુત્તીણં.

અર્થ :- જ્ઞાનને વિષે, દર્શનને વિષે, દેશવિરતિરૂપ શ્રાવક-ધર્મને વિષે, શ્રુત-સિદ્ધાંતને વિષે, સામયિકને વિષે, ત્રણ ગુપ્તિને વિષે.

ચઉણ્હં કસાયાણં, પંચણ્હં-મણુવ્વયાણં, તિણ્હં ગુણવ્વયાણં, ચઉણ્હં સિક્ખાવયાણં, બારસવિહસ્સ સાવગધમ્મસ્સ, જં ખંડિઅં, જં વિરાહિઅં, તસ્સ મિચ્છા મિ [1]દુક્કડં ॥

---

૧. આ સૂત્રવડે દિવસ સંબંધી મન-વચન-કાયા વડે શ્રાવક ધર્મને વિષે કરેલા પાપની આલોચના થાય છે, માટે બોલતી વખતે ઉપયોગ રાખીને પોતે આખા દિવસમાં જે જે પાપાચરણ સેવ્યાં હોય તે તે યાદ લાવીને શુદ્ધ અંતઃકરણથી પશ્ચાત્તાપ કરવો.

અર્થ :- ચાર કષાયે કરી, પાંચ અણુવ્રત મધ્યેથી, ત્રણ ગુણવ્રત મધ્યેથી અને ચાર શિક્ષાવ્રત મધ્યેથી (અર્થાત્) બાર પ્રકારના વ્રત રૂપ જે શ્રાવક ધર્મ તે માંહેથી જે દેશ થકી ખંડ્યું હોય તથા જે સર્વ થકી વિરાધ્યું હોય, તે મારું પાપ નિષ્ફળ થાઓ.

ગુરુ (૨૯), લઘુ (૧૩૮), સર્વવર્ણ (૧૬૭).

❀ ❀ ❀

૨૮. અતિચારની (પંચાચારની) આઠગાથા

શબ્દાર્થ

નાણંમિ - જ્ઞાનને વિષે.
દંસણંમિ - દર્શનને વિષે.
ચરણંમિ - ચારિત્રને વિષે.
તવંમિ - તપને વિષે.
તહ ય - તેમજ.
વીરિયંમિ - વીર્યને વિષે.
આયરણં - જે આચરણ.
આયારો - તે આચાર કહેવાય છે.
ઈઅ - એવી રીતે.
એસો - એ આચાર.
પંચહા - પાંચ પ્રકારનો.
ભણિઓ - કહેલો છે.
કાલે-જે કાળે ભણવાની આજ્ઞા હોય-તે કાળે ભણવું, તે કાળ આચાર.
વિણએ - જ્ઞાનીનો વિનય કરવો-તે વિનય આચાર.
બહુમાણે - જ્ઞાની ઉપર અંતરંગ પ્રેમ કરવો તે બહુમાન આચાર.
ઉવહાણે - સૂત્રો ભણવાને તપ વિશેષ કરવો તે ઉપધાન આચાર.
તહ - તથા.
અનિણ્હવણે - ભણાવનાર ગુરુને-ન ઓળવવા તે અનિણ્હવણ આચાર.
વંજણ - સૂત્રના અક્ષરનો શુદ્ધ-ઉચ્ચાર કરવો તે વ્યંજનાચાર.
અત્થ - સૂત્રનો અર્થ બરાબર-કરવો તે અર્થ આચાર.
તદુભએ - સૂત્ર, અર્થ બંને શુદ્ધ-ભણવાં તે તદુભય આચાર.
અટ્ઠવિહો - આઠ પ્રકારનો.
નાણમાયારો - જ્ઞાનાચાર કહેલ છે.

નિસ્સંકિઅ - વીતરાગના વચનમાં શંકા ન કરવી.
નિક્કંખિઅ - જિનમત વિના અન્ય મતની ઈચ્છા ન કરવી.
નિવ્વિતિગિચ્છા - દુર્ગંછા ન કરવી.
અમૂઢદિટ્ઠી - મિથ્યાત્વીના ચમત્કાર દેખી તેનાથી વ્યામોહિત ન થવું.
ઉવવૂહ - સમકિતધારીના અલ્પ ગુણની પણ પ્રશંસા કરવી.
થિરીકરણે - જિનધર્મ પામેલાને તેમાં સ્થિર કરવા.
વચ્છલ્લ - સાધર્મિકનું વાત્સલ્ય કરવું.
પભાવણે - જૈનશાસનની પ્રભાવના કરવી.
અટ્ઠ - આ આઠ લક્ષણો દર્શનાચારનાં છે.
પણિહાણજોગ - સાવધાનપણે મન-વચન-કાયાના યોગથી.
જુત્તો - યુક્ત એવો.
પંચહિં - પાંચ.
સમિઈહિં - સમિતિવડે.
તીહિં - ત્રણ.
ગુત્તીહિં - ગુપ્તિવડે.
એસ - એ.
ચરિત્તાયારો - ચારિત્રાચાર.
અટ્ઠવિહો - આઠ પ્રકારનો.
હોઈ - છે.
નાયવ્વો - જાણવા યોગ્ય.
બારસવિહંમિ - બાર પ્રકારના.
તવે - તપને વિષે.
સબ્ભિંતર - છ પ્રકારે અભ્યંતર.
બાહિરે - છ પ્રકારે બાહ્ય.
કુસલદિટ્ઠે - કુશળ પુરુષ તીર્થંકરોએ ઉપદેશેલા.
અગિલાઈ - દુર્ગંછા ભાવ રહિત.
અણાજીવી - આજીવિકા દોષરહિત.
નાયવ્વો - જાણવો.
સો - તે.
તવાયારો - તપ આચાર.
અણસણ - ચાર પ્રકારના આહારનો ત્યાગ તે અણસણ.
ઊણોઅરિયા - પાંચ સાત કોળીયા ઓછા ખાવા અથવા ઓછાં વસ્ત્ર-પાત્ર રાખવાં તે ઊણોદરી.
વિત્તીસંખેવણં - દ્રવ્ય વગેરેનો સંક્ષેપ કરવો તે વૃત્તિસંક્ષેપ.
રસચ્ચાઓ - વિગઈ પ્રમુખ રસનો થોડો વા અધિક ત્યાગ તે રસત્યાગ.

કાયકિલેસો - કાયાને કષ્ટ આપવા લોચ કરાવવો તે કાયક્લેશ.

સંલીણયા - વિષયાદિકની ઉદીકરણા કરવી નહિ. તેમજ આંગોપાંગ સંકોચી રાખવાં તે સંલીનતા.

બજ્ઝો - બાહ્ય.

તવો - તપ.

હોઈ - છે.

પાયચ્છિત્તં - લાગેલા દોષોનો ગુરુ પાસે પ્રકાશ કરી તેના નિવારણને અર્થે ગુરુ જે આલોયણ આપે તે કરવું તે પ્રાયશ્ચિત્ત તપ.

વિણઓ - જ્ઞાન તથા જ્ઞાનીનો વિનય કરવો તે વિનય તપ.

વેયાવચ્ચં - ગુરુ પ્રમુખની આહાર વિગેરેથી ભક્તિ કરવી તે વૈયાવચ્ચ તપ.

તહેવ - તેમજ.

સજ્ઝાઓ - વાચના, પૃચ્છના પ્રમુખ પાંચ પ્રકારથી અભ્યાસ કરવો તે સ્વાધ્યાય તપ.

ઝાણં - આર્ત્ત તથા રૌદ્ર ધ્યાન નિવારી ધર્મ તથા શુક્લ ધ્યાનમાં પ્રવર્તવું તે ધ્યાન.

ઉસ્સગ્ગો - કર્મ ક્ષય અર્થે કાયાને વોસિરાવવી તે કાયોત્સર્ગ તપ.

વિઅ - નિશ્ચે.

અબ્ભિંતરઓ - અભ્યંતર.

તવો - તપ.

અણિગૂહિઅ - પ્રગટ છે. (છુપાવ્યું નથી).

બલવીરિઓ - બળ-વીર્ય જેનું.

પરક્કમઈ - પરાક્રમ કરે છે.

જો - જે.

જહુત્તમ્ - તીર્થંકર દેવે જેમ કહ્યું છે તેમ.

આઉત્તો - સાવધાન થઈને.

જુંજઈ - પ્રવર્તે.

જહાથામં - પોતાની શક્તિને અનુસારે.

વીરિઆયારો - વીર્યાચાર.

નાણંમિ દંસણંમિ અ ચરણંમિ તવંમિ તહ ય વીરિયંમિ ॥ આયરણં આયારો, ઈઅએસોપંચહાભણિઓ ॥૧॥

અર્થ :- જ્ઞાનને વિષે, દર્શનને વિષે, ચારિત્રને વિષે, તપને વિષે તેમજ વીર્યને વિષે જે આચરણ તે આચાર કહેવાય; એ પાંચ પ્રકારે આચાર આ પ્રમાણે કહ્યો છે. ૧

કાલે વિણએ બહુમાણે, ઉવહાણે તહ અનિન્હવણે ॥ વંજણ-અત્થ-તદુભએ, અટ્ઠવિહો [૧]નાણમાયારો ॥૨॥

અર્થ :- જે કાળે જે ભણવાની આજ્ઞા હોય તે કાળે તે ભણવું તે કાળ આચાર, જ્ઞાનીનો વિનય, વંદન પ્રમુખ સાચવવાં તે વિનય આચાર; જ્ઞાની ઉપર અંતરંગ પ્રેમ તે બહુમાન; સૂત્રો ભણવા તપ વિશેષ કરવો તે ઉપધાન; તેમજ ભણાવનાર ગુરૂને ન ઓળવવા તે અનિણ્હવણ; સૂત્ર-અક્ષરનો શુદ્ધ ઉચ્ચાર કરવો તે વ્યંજન, સાચો અર્થ કરવો તે અર્થ, તથા બંને શુદ્ધ ભણવાં તે તદુભય, એ આઠ પ્રકારે જ્ઞાનાચાર કહ્યો છે. ૨

નિસ્સંકિઅ નિક્કંખિઅ, નિવ્વિતિગિચ્છા અમૂઢદિટ્ઠી અ ॥ ઉવવૂહ થિરીકરણે, વચ્છલ્લ પભાવણે અટ્ઠ ॥૩॥

અર્થ :- વીતરાગના વચનમાં શંકા ન કરવી તે નિઃશંકિત, જિનમત વિના અન્યમતની ઈચ્છા ન કરવી તે નિઃકાંક્ષિત, સાધુસાધ્વીના મલિન વસ્ત્ર, ગાત્ર દેખી દુર્ગંછા ન કરવી તે નિર્વિતિગિચ્છા; મિથ્યાત્વીના કષ્ટ, મંત્ર, ચમત્કાર દેખી તેનાથી

૧. સપ્તમીસ્થાન દ્વિતીયા.

વ્યામોહિત ન થવું તે અમૂઢદષ્ટિ, સમકિતધારીના અલ્પગુણની પણ શુદ્ધ મનથી પ્રશંસા કરવી તે ઉપબૃંહણ, યોગ્ય જીવોને જિનધર્મમાં જોડવા તથા તે પામેલાને સ્થિર કરવા તે સ્થિરીકરણ; સાધર્મીકબંધનું અનેક પ્રકારે હિત ચિંતવન તે વાત્સલ્ય, અને અન્યદર્શનીઓ પણ જૈનશાસનની અનુમોદના કરે તેવાં કાર્ય કરવાં તે પ્રભાવના; આ આઠ લક્ષણો દર્શનાચારનાં જાણવાં. ૩

પણિહાણજોગજુત્તો, પંચહિં સમિઈહિં, તીહિં ગુત્તીહિં ॥ એસ ચરિત્તાયારો, અટ્ઠ-વિહો હોઈ નાયવ્વો ॥૪॥

અર્થ :- પ્રણિધાન યોગ અર્થાત્ એકાગ્ર-સાવધાનપણે કરી મન, વચન, કાયાના સર્વ યોગ ચારિત્ર પાળવાને વિષે યુક્ત એવો ચારિત્રાચાર તે પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિએ કરી આઠ પ્રકારનો છે એમ જાણવો. ૪

બારસવિહંમિવિતવે, સબ્ભિંતર-બાહિરે કુસલદિટ્ઠે ॥ અગિલાઈ અણાજીવી, નાયવ્વો સો તવાયારો ॥૫॥

અર્થ :- બાર પ્રકારના તપને વિષે પણ તે તપ આચાર (નિશ્ચયથી) જાણવો. તે તપ આચાર દુર્ગંછાભાવ રહિતપણે તથા હું તપ કરું તો મારી આજીવિકા ચાલે એવા દોષ રહિત (તે બાર પ્રકારનો તપ,) છ અભ્યંતર અને છ બાહ્ય એમ બાર પ્રકારથી તીર્થંકરોએ ઉપદેશ્યો છે. ૫

અણસણમૂણોઅરિઆ, વિત્તીસંખેવણં રસચ્ચાઓ ॥ કાયકિલેસો સંલીણયા ય બજ્ઝો તવો હોઈ ॥૬॥

અર્થ :- ચારે પ્રકારના આહારનો અલ્પ વા બહુ કાળ સુધી ત્યાગ તે અનશન. વસ્ત્ર-પાત્ર ઓછાં રાખવાં વા પાંચ સાત કોળીયા ઓછા જમવા તે ઊણોદરી. દ્રવ્યાદિનો સંક્ષેપ તે વૃત્તિસંક્ષેપ. વિગઈ પ્રમુખ રસનો (રસલોલુપતાનો) થોડો વા અધિક ત્યાગ તે રસત્યાગ. કાયાને કષ્ટ પ્રમુખ આપવા-લોચ કરાવવા ઈત્યાદિ તે કાયક્લેશ, વિષયાદિ ઉદીરવા નહિં તેમ જ અંગોપાંગ સંકોચી રાખવાં તે સંલીનતા. એ છ પ્રકારે બાહ્ય તપ છે. ૬

પાયચ્છિત્તં વિણઓ, વેયાવચ્ચં તહેવ સજ્ઝાઓ ॥ ઝાણં ઉસ્સગ્ગો વિ અ, અબ્ભિંતરઓ તવો હોઈ ॥૭॥

અર્થ :- લાગેલા દોષનો ગુરુ પાસે પ્રકાશ કરી તેના નિવારણાર્થે ગુરુ જે આલોયણ આપે તે કરવી તે પ્રાયશ્ચિત્ત; જ્ઞાન તથા જ્ઞાનીનો વિનય કરવો તે વિનય તપ; ગુરુ પ્રમુખની આહારાદિકથી ભક્તિ કરવી તે વૈયાવચ્ચ; તેમજ વાચના, પૃચ્છના પ્રમુખ પાંચ પ્રકારથી અભ્યાસ કરવો, તે સ્વાધ્યાય; આર્ત તથા રૌદ્ર ધ્યાન નિવારી, ધર્મ અને શુક્લધ્યાનમાં પ્રવર્તવું તે ધ્યાન; કર્મક્ષય અર્થે કાયાને વોસિરાવવી તે કાયોત્સર્ગ, નિશ્ચયથી એ છ પ્રકારે અભ્યંતર તપ છે. ૭

અણિગૂહિઅ બલવીરિઓ, પરક્કમઈ જો જહુત્તમાઉત્તો ॥ જુંજઈ અ જહાથામં, નાયવ્વો વીરિઆયારો ॥૮॥

અર્થ :- પ્રકટ છે (નથી છુપાવેલું) બળ-વીર્ય જેનું, વળી જે શ્રી તીર્થંકર દેવે જેમ કહ્યું છે તેમ પરાક્રમ કરે છે, અર્થાત્ સર્વ પ્રકારથી ધર્મને વિષે ઉદ્યમ કરે, વળી સાવધાનપણે પોતાની શક્તિને અનુસારે ધર્મકાર્યને વિષે પ્રવર્તે, તે વીર્યાચાર જાણવો.[1]

❀ ❀ ❀

૨૯. સુગુરુવાંદણા*

શબ્દાર્થ

અણુજાણહ - મને આજ્ઞા આપો.
મિઉગ્ગહં - મિત અવગ્રહ (સાડા ત્રણ હાથ પ્રમાણવાળા ક્ષેત્ર)માં પ્રવેશ કરવાને.
નિસીહિ - ગુરુવંદન સિવાય બીજો વ્યાપાર જેણે નિષેધ્યો છે. એવો શિષ્ય.
અહોકાયં - અધઃકાયરૂપ આપના પગોને.
કાયસંફાસં - શરીરે કરીને સ્પર્શ કરવાને આજ્ઞા આપો.
ખમણિજ્જો - ખમજો.
ભે - હે ભગવંત ! (તમોને).

---

૧. આ સૂત્રમાં જ્ઞાનાચાર, દર્શનાચાર, ચારિત્રાચાર, તપાચાર અને વીર્યાચાર એ પાંચ આચારની આચરણાના ભેદ જણાવ્યા છે. તે આચરણામાં જે સ્ખલના-પ્રમાદ તે અતિચાર જાણવા. જેટલી આચરણા તેટલા જ તેના અતિચાર હોય તેથી આચારની ગાથાને અતિચાર ગાથા પણ કહી છે.

* આ સૂત્ર વડે આચાર્ય, ઉપાધ્યાય,પ્રવર્તક, સ્થવીર અને રત્નાધિક

કિલામો - કાંઈ ખેદ ઉપજાવ્યો હોય.
અપ્પકિલંતાણં - અલ્પ ગ્લાનિવાળા.
બહુસુભેણ - ઘણા સમાધિભાવે કરી.
દિવસો - દિવસ.
વઈક્કંતો - વીત્યો છે ?
જત્તા - તપ, નિયમ, સંયમ, સ્વાધ્યાયરૂપ યાત્રા.
ભે - આપની.
જવણિજ્જં ચ - ઇન્દ્રિય અને નોઇન્દ્રિયથી પીડા નહિ પામતું શરીર છે ?
ખામેમિ - હું ખામું છું.
દેવસિઅં - દિવસ સંબંધી.
વઈક્કમં - અપરાધને.
આવસ્સિઆએ - આવશ્યક ક્રિયા સેવતાં લાગેલા અતિચારથી.
પડિક્કમામિ - હું નિવર્તું છું.
ખમાસમણાણં - ક્ષમાશ્રમણ સંબંધી.
દેવસિઆએ આસાયણાએ - દિવસે થયેલી આશાતનાએ કરી.
તિત્તીસન્નયરાએ - તેત્રીશ આશાતના માંહેલી.
જંકિંચિ - જે કાંઈ
મિચ્છાએ - મિથ્યાભાવરૂપ આશાતનાએ કરીને.
મણદુક્કડાએ - મન સંબંધી પાપ તે રૂપ આશાતનાએ કરીને.
વયદુક્કડાએ - વચન સંબંધી પાપ તે રૂપ આશાતનાએ કરીને.

એ પાંચ પદસ્થ ગુરુમહારાજને વંદના કરાય છે, તેથી સૂત્રનું નામ **સુગુરુવાંદણા.** જ્યારે ગુરુમહારાજ શાન્ત ચિત્તે, સન્મુખ આસને બેઠા હોય અને વંદન દેવરાવવામાં ઉજમાળ હોય ત્યારે તેઓની આજ્ઞા માંગીને વંદન કરવું. પણ વ્યાક્ષિપ્ત ચિત્ત હોય, અવળા મુખે બેઠા હોય, આહાર-નિહાર કરતા હોય અગર કરવાને ઈચ્છતા હોય, ત્યારે વંદન કરવું નહિ, કેમકે તેથી તેમનો અનાદર અને આશાતના થાય છે. એ વાત લક્ષમાં રાખવી. પ્રતિક્રમણ કરતાં, વાચના લેતાં, કાઉસ્સગ્ગ કરતાં, અપરાધ ખમાવતાં, પ્રાહુણા સાધુજી આવે ત્યારે, આલોચના લેતાં, પચ્ચક્ખાણ કરતાં, અને અંતસમય અનશન આદરતાં વંદન અવશ્ય કરવું જોઈએ. મસ્તક નમાવવા વડે વંદન થાય તે **ફીટ્ટાવંદન.** બે ખમાસમણ દેવા વડે વંદન થાય તે **થોભવંદન** અને બે વાંદણા દેવાવડે **દ્વાદશાવર્તવંદન** થાય

કાયદુક્કડાએ - શરીર સંબંધી પાપ તે રૂપ આશાતનાએ કરીને.
કોહાએ - ક્રોધરૂપ આશાતનાએ કરીને.
માણાએ - માનરૂપ આશાતનાએ કરીને.
માયાએ - માયારૂપ આશાતનાએ કરીને.
લોભાએ - લોભરૂપ આશાતનાએ કરીને.
સવ્વકાલિઆએ - સર્વ કાળ સંબંધી.
સવ્વમિચ્છોવયારાએ - સર્વ મિથ્યાઉપચાર (કુડ-કપટ) રૂપ આશાતનાએ કરીને.
સવ્વધમ્માઈક્કમણાએ - સર્વધર્મ કરણીને અતિક્રમવારૂપ આશાતનાએ કરીને.
આસાયણાએ - આશાતનાએ કરીને.
જો - જે.
અઈયારો - અતિચાર.
કઓ - કર્યો હોય.

ઈચ્છામિ ખમાસમણો ! વંદિઉં જાવણિજ્જાએ નિસીહિઆએ ॥૧॥

છે. એ ત્રણ વંદનના અનુક્રમે જઘન્ય, મધ્યમ અને ઉત્કૃષ્ટ એમ ત્રણ ભેદ થાય છે.

આ વાંદણાં દેતાં પચ્ચીશ આવશ્યક સાચવવા જોઈએ. તે ન સાચવે તો વંદન કરનાર પણ નિર્જરાનું ફળ પામે નહિ. તે આવશ્યક આ પ્રમાણે-

'ઈચ્છામિ ખમાસમણો' થી 'અણુજાણહ' પર્યંત બોલતાં પોતાનું અર્ધું શરીર નમાડી દેવામાં આવે તે પ્રથમ અવનત અને ફરી બીજીવાર તેમજ કરતાં બીજું અવનત જાણવું. જન્મ થતી વખતે અથવા દીક્ષાયોગ આદરતી વખતે જેવી મુદ્રા હોય તેવી નમ્ર મુદ્રા (બે હાથ જોડી લલાટે લગાડવા રૂપ) વંદન કરતી વખતે ધારણ કરવી તે યથાજાત જાણવું. 'અહો કાયં, કાય' રૂપ ત્રણ 'જત્તા ભે' 'જવણિજ્જં ચ ભે' રૂપ બીજા ત્રણ, એમ છ એક વખતના વંદનમાં અને તે છ બીજી વખતના વંદનમાં મળી ૧૨ આવર્ત (ગુરુ ચરણે હાથનાં તળીઆં લગાડી પછી તે પોતાના લલાટે

અર્થ :- હે ક્ષમાશ્રમણ ! શક્તિએ સહિત (જીવ હિંસાદિક નિવૃત્તિરૂપ પ્રયોજનવાળા) મારા શરીરવડે (આપને) વાંદવાને ઈચ્છું છું. (ગુરુ વંદાવવાને સાવધાન હોય તો છંદેણ કહે.)

અણુજાણહ, મે મિઉગ્ગહં ॥૨॥

અર્થ :- મિતઅવગ્રહ (સાડા ત્રણ હાથ પ્રમાણ ક્ષેત્રમાં પ્રવેશ કરવાની)ની મને રજા આપો (ગુરુ કહે- અણુજાણામિ-હું આજ્ઞા આપું છું.)

નિસીહિ, અ-હો-કા-યં, કા-યસંફાસં ખમણિજ્જો ભે કિલામો, અપ્પકિલંતાણં બહુસુભેણ ભે, દિવસો વઈક્કંતો ॥૩॥

અર્થ :- પછી શિષ્ય, માત્ર ગુરુવંદન સિવાય અન્ય ક્રિયારૂપ વ્યાપાર નિષેધ્યો છે જેણે એવો શિષ્ય (અવગ્રહમાં પેસીને વિધિપૂર્વક બેસી, સાધુ ડાબા ઢીંચણ ઉપર અને શ્રાવક ચરવાળા ઉપર મુહપત્તિ મુકી બે હાથ લલાટે લગાડી, ગુરુના ચરણોને સ્પર્શવાને) આ પ્રમાણે કહે -

---

લગાડવા રૂપ) થાય છે. 'કાય સંફાસં' કહેતાં ફરી સ્વમસ્તક નમાડવું. એવી રીતે બીજીવાર વંદન કરતાં બે વખત મસ્તક નમાડવું. એમ સર્વ મળી ચાર વખત શિરનમન થાય છે. મન, વચન અને કાયાને અન્ય વ્યાપારથી નિવર્તાવી વંદન કરતી વખતે સારી રીતે ગોપવી રાખવા રૂપ ત્રણ ગુપ્તિ જાણવી. 'અણુજાણહ મે મિઉગ્ગહં' કહી બંને વખત વંદના કરતાં ગુરુ-આજ્ઞા પામીને અવગ્રહમાં પ્રવેશ કરવો તે બે પ્રવેશ જાણવા અને પ્રથમ વંદન કરતી વખતે આવસ્સિઆએ કહીને અવગ્રહમાંથી બહાર નીકળવું તે એક નિષ્ક્રમણ સમજવું. એવી રીતે દ્વાદશાવર્ત વંદન કરતી વખતે પચીશ આવશ્યક સાચવવાં જ જોઈએ.

"અહોકાયં, કાયસંફાસં."

અર્થ :- અધઃકાય અર્થાત્ આપના પગોને મારા હાથ અને લલાટે કરી રૂડી રીતે સ્પર્શ કરવાને મને આજ્ઞા આપો. (ગુરુની આજ્ઞા પામીને, ગુરુના ચરણ પ્રત્યે પોતાના હાથ તથા મસ્તકે કરી સ્પર્શે, પછી ઉભો થઈ મસ્તકે બે હાથ લગાડી ગુરુની સન્મુખ દૃષ્ટિ રાખી.)

"ખમણિજ્જો ભે" ઈત્યાદિ પદો કહે.

અર્થ :- હે ભગવંત ! કાંઈ ખેદ ઉપજાવ્યો હોય તે ખમજો. અલ્પ ગ્લાનિવાળા એવા આપને ઘણા સમાધિભાવે કરીને (આપનો) દિવસ વિત્યો છે ?

ગુરુ તહત્તિ કહે તેમજ વ્યતીત થયો છે. પછી શિષ્ય કહે.

જ-ત્તા ભે ॥૪॥

અર્થ :- હે કરુણાસમુદ્ર ! આપને તપ, નિયમ, સંયમ, સ્વાધ્યાયરૂપ યાત્રા અવ્યાબાધપણે વર્તે છે ?

ગુરુ કહે - તુબ્ભંપિ વટ્ટએ ? તમને પણ વર્તે છે ?

પછી શિષ્ય કહે.

જ-વ-ણિજ્જં ચ ભે ॥૫॥

અર્થ :- ઈન્દ્રિય અને નોઈન્દ્રિયથી પીડા નહીં પામતું એવું આપનું શરીર છે ?

ગુરુ કહે - (એવં) એમજ છે.

ખામેમિ, ખમાસમણો ! દેવસિઅં વઈક્કમં ॥૬॥

અર્થ :- હે ક્ષમાશ્રમણ ! દિવસ સંબંધી મારા અપરાધ પ્રત્યે હું ખામું છું. ગુરુ કહે (અહમવિ ખામેમિ તુમં) હું પણ તને ખામું છું.

આવસ્સિઆએ પડિક્કમામિ ખમા-સમણાણં દેવસિઆએ આસાયણાએ,

અર્થ :- આવશ્યક કર્તવ્ય જે ચરણસિત્તરી અને કરણસિત્તરી આદિ સેવતાં-પાળતાં જે અતિચાર લાગ્યો હોય તે થકી હું નિવર્ત્તું છું. (વળી) ક્ષમાશ્રમણ સંબંધી દિવસને વિષે થઈ હોય એવી આશાતનાએ કરીને.

*તિત્તીસન્નયરાએ, જંકિંચિ મિચ્છાએ મણદુક્કડાએ, વયદુક્કડાએ, કાયદુક્કડાએ.

---

* ગુરુ મહારાજ સંબંધી તેત્રીશ આશાતના અવશ્ય વર્જવી જોઈએ. તે આ પ્રમાણે-

૧-૯ ગુરુ મહારાજની ૧ આગળ, ૨ પડખે (બંને પાસે) તેમજ ૩ અત્યંત નજદીક અડકીને. ૧ ચાલતાં - હીંડતાં. ૨ ઉભા રહેતાં અને ૩ બેસતાં આશાતના લાગે છે.પરંતુ જો ખાસ અગત્યના કારણસર તેમ કરવું પડે, તો આશય શુદ્ધિથી અને અધિક લાભના કારણથી આશાતના દોષ ગણાતો નથી. એમ દરેકના ત્રણ ત્રણ ભેદ કરતાં તેના ૯ ભેદ થઈ શકે છે. ૧૦ ગુરુ મહારાજ પહેલાં ભોજન વખતે ચળું કરી લેવાથી કે આચમન લેવાથી દોષ લાગે. ૧૧ બહારથી ગુરુ સાથે આવ્યા છતાં જો ગુરુમહારાજ થકી પહેલાં ગમણાગમણે આલોવે એટલે 'ઇરિયાવહી' પડિક્કમે તો ગુરુનો અનાદર-વિનયભંગ કરવાથી દોષ લાગે. ૧૨ રાત્રિસંથારો કર્યા બાદ ગુરુ મહારાજ કંઈ પૂછે કે બોલાવે ત્યારે સાંભળ્યું, નહિ સાંભળ્યું કરી કશો ઉત્તર નહિ આપતાં કેવળ મૌન જ ધારી રહે તો આશાતના લાગે . ૧૩

અર્થ :- તેત્રીશ આશાતના મધ્યથી જે કાંઈ મિથ્યાત્વભાવ રૂપ આશાતના થઈ હોય, તેણે કરીને, મન સંબંધી પાપ તે રૂપ આશાતનાએ કરીને, વચન સંબંધી પાપ તે રૂપ આશાતનાએ કરીને, શરીર સંબંધી પાપ તે રૂપ આશાતનાએ કરીને.

ગુરુ પાસે આવેલા કોઈ ગૃહસ્થાદિને વશ કરી લેવા ગુરુ મહારાજ તેમને બોલાવે તે પહેલાં પોતે બોલાવી લે, તો ગુરુઆશાતના લાગે. ૧૪ ભિક્ષાવૃત્તિથી આણેલા આહાર-પાણી પ્રમુખ ગુરુ મહારાજ પાસે જ પ્રથમ હાજર કરી દેવાં જોઈએ અને ગોચરી પણ ત્યાં જ આલોચવી જોઈએ, તેને બદલે તેમ નહિ કરતાં તે સંબંધી ઇચ્છા મુજબ વર્તતા એટલે ગુરુ પહેલાં ઉતાવળ કરી આવેલી ગોચરી કોઈ સાધુ જોઈ લે તેમજ તે બીજા સાધુ પાસે આલોવી લે, તો ગુરુ આશાતના લાગે. ૧૫ આવેલી ગોચરી ગુરુ પહેલાં બીજાને બતાવી દે તો દોષ લાગે. ૧૬ આવેલા આહાર-પાણી વાપરવા બીજાને નિમંત્રણ કરીને પછી ગુરુ મહારાજને નિમંત્રણ કરે તો તેથી અનાદર દોષ લાગે. ૧૭ ખાદ્ય-મધુર પદાર્થ ભિક્ષામાં આવેલો જાણી આપ ઈચ્છાએ ગુરુને પૂછ્યા વગર પોતાને ગમે તેને આપી દેવાથી આશાતના લાગે. ૧૮ સરસ સ્નિગ્ધ પદાર્થ આવેલો હોય તો તે ગુર્વાદિકને નહિ આપતાં પોતે જ આરોગી જાય, તો ગુરુ આશાતના લાગે. ૧૯ ગુરુ મહારાજ સાદ કરી બોલાવે ત્યારે બહેરાની માફક કશો પણ ઉત્તર પાછો ન આપે, શૂન્યવત્ બેસી રહે તો દોષ લાગે. ૨૦ જ્યારે કોઈ વડીલ સાધુ સાદ કરે ત્યારે સામો થઈ જેમ આવે તેમ બોલે - 'આ મારી કેડે લાગ્યા છે, મને જ દેખ્યો છે, આમની સાથે ક્યાંથી પનારે પડ્યા.' ઇત્યાદિક કટુ ભાષણ કરતાં દોષ લાગે. ૨૧ ગુરુ પાસે જઈ નમ્રપણે જવાબ દેવાને બદલે પોતાને આસને બેઠા બેઠા ઉત્તર આપવાથી ગુરુ આશાતના લાગે. ૨૨ શું કહો છો ? શું છે ? કહો ને ? ઇત્યાદિક વિનયરહિત ભાષણ ગુરુ સાથે કરતાં આશાતના લાગે. ૨૩ કંઈ કામ કરવા ગુરુ મહારાજ શિષ્યને બોલાવે ત્યારે તોછડાઈ ભરેલી રીતે બોલે કે તમે જ કરોને, મને શા માટે કહો છો ? અથવા તુંકારાદિ દેતાં ગુરુઆશાતના લાગે. ૨૪ વાહ ! અમને

કોહાએ, માણાએ, માયાએ, લોભાએ,

અર્થ :- ક્રોધરૂપ, માનરૂપ, માયારૂપ અને લોભરૂપ આશાતનાએ કરીને.

સવ્વકાલિઆએ, સવ્વમિચ્છોવયારાએ, સવ્વધમ્માઈક્કમણાએ, આસાયણાએ,

જ દીઠા છે ને ! તમે જાતે કેમ કરતા નથી ? અથવા બીજા શિષ્યને કરવા કેમ કહેતા નથી ? એમ ગુરુ મહારાજની તર્જના કરતાં ગુરુ આશાતના લાગે. ૨૫ ગુર્વાદિક વડીલ સાધુઓને વ્યાખ્યાન પ્રમુખ કરતા દેખી શિષ્ય દુમણો થાય પણ પ્રમુદિત ન થાય તો ગુરુઆશાતના લાગે અથવા ગુર્વાદિક વડીલનો કોઈ રાગી હોય તેને દેખી દુમણો થાય તો તેથી પણ ગુરુઆશાતના લાગે. ૨૬ ગુરુમહારાજ વ્યાખ્યાનાદિક કરતા હોય ત્યારે 'એ તમે ભૂલી ગયા છો આ વાત તમને યાદ નથી; એનો અર્થ એ ન હોય' ઈત્યાદિક અનુચિત વચન બોલતાં ગુરુઆશાતના લાગે. ૨૭ અથવા એ બાબત હું તમને પછી સારી રીતે સમજાવીશ એમ આપ ડહાપણ બતાવવા સભા સમક્ષ બોલી, ચાલતી કથાનો ભંગ કરે, તો તેથી ગુરુ આશાતના લાગે. ૨૮ અથવા એવે અવસરે આવીને શિષ્ય કહે મહારાજ ! પોરસીવેળા કે આહારવેળા થઈ ગઈ છે, એમ કહીને પર્ષદાનો ભંગ કરે તો ગુરુઆશાતના લાગે. ૨૯ અથવા પર્ષદા ઉઠી ગઈ ન હોય એટલામાં પોતે ડહાપણ બતાવવા માટે ગુરુમહારાજે વ્યાખ્યાનમાં કહેલી જ વાત વધારે વિસ્તારી બતાવે તો ગુરુઆશાતના લાગે. ૩૦ ગુરુસંબંધી શય્યા-સંથારા પ્રમુખને પોતાના પગ વગેરેથી સંઘટ્ટો કરી પછી ખમાવે નહિ તો આશાતના લાગે. ૩૧ ગુરુની શય્યા કે સંથારાદિ ઉપર પોતે બેસે કે આળોટે કે અસભ્ય રીતે તેનો સ્પર્શ કરે તો ગુરુઆશાતના લાગે. ૩૨ ગુરુથકી ઉંચા આસને બેસે, અથવા ગાદી કરી બેસે, અથવા ગુરુ જેવાં કે તેથી અધિક મૂલ્યવાળાં વસ્ત્ર વાપરે તો દોષ લાગે. ૩૩ ગુરુ જેવા સમાન આસન ઉપર બેસે અથવા ગુરુ જેવા સમાન વસ્ત્ર લઈ વાપરે તો ગુરુ આશાતના લાગે.

અર્થ :- સર્વ કાળ સંબંધી, સર્વ મિથ્યા ઉપચાર અર્થાત્ કુડ કપટરૂપ આશાતનાએ કરીને તેમજ અષ્ટ પ્રવચન માતારૂપ સર્વ ધર્મકરણીને અતિક્રમવારૂપ આશાતનાએ કરીને.

જો મે અઈઆરો કઓ, તસ્સ ખમાસમણો ! પડિક્કમામિ, નિંદામિ, ગરિહામિ, અપ્પાણં વોસિરામિ ॥

અર્થ :- જે મારા જીવે અતિચાર કર્યો હોય તે સંબંધી હે ક્ષમાશ્રમણ ! આપની સમીપે હું પડિક્કમું છું. આત્મસાક્ષીએ નિંદું છું. ગુરુની સાક્ષીએ વિશેષ નિંદું છું, અને પાપિષ્ઠ આત્માને વોસિરાવું છું, અર્થાત્ છોડું છું.

(બીજીવારના વાંદણામાં "આવસ્સિઆએ" પદ ન કહેવું. રાઈપડિક્કમણામાં "રાઈ વઈક્કંતા," પક્ખીમાં 'પક્ખો વઈક્કંતો' ચોમાસીએ 'ચઉમાસી વઈક્કંતા' અને સંવચ્છરીએ 'સંવચ્છરો વઈક્કંતો' એવી રીતે પાઠ કહેવો.)

પદ (૫૮), ગુરુ (૨૫), લઘુ (૨૦૧), સર્વ વર્ણ (૨૨૬).

❀ ❀ ❀

૩૦. દેવસિઅં આલોઉં સૂત્ર.

શબ્દાર્થ

દેવસિઅં - દિવસ સંબંધી અતિચાર.
આલોઉં - પ્રકાશું.
ઈચ્છં - આપનું વચન અંગીકાર કરું છું.
આલોએમિ - અને પ્રકાશું છું.
જો - જે.
મે - મેં.

ઈચ્છાકારેણ સંદિસહ ભગવન્ ! દેવસિઅં આલોઉં ? ઈચ્છં, આલોએમિ. જો મે૦

અર્થ :- હે ભગવંત ! આપ ઈચ્છાપૂર્વક આજ્ઞા આપો (તો) દિવસ સંબંધી (જે અતિચાર લાગ્યા હોય તે) પ્રકાશું. (ગુરુ કહે "આલોએહ" પ્રકાશો.) શિષ્ય કહે- આપનું વચન અંગીકાર કરું છું અને પ્રકાશું છું. (જો મે ઈત્યાદિ બાકીનો પાઠ "ઈચ્છામિ ઠામિ" પેઠે સમજવો.)

❀ ❀ ❀

૩૧. સાત લાખ સૂત્ર.[1]

સાત લાખ પૃથ્વીકાય, સાત લાખ અપ્કાય, સાત લાખ તેઉકાય, સાત લાખ વાઉકાય, દશ લાખ પ્રત્યેક વનસ્પતિકાય,

---

૧. યોનિ એટલે જીવને ઉપજવાનાં સ્થાનક, તે બધા જીવોનાં મળીને ૮૪ લાખ ઉત્પત્તિસ્થાન છે. સ્થાનક તો તે કરતાં પણ વધારે છે, પણ વર્ણ, ગંધ, રસ, સ્પર્શ અને સંસ્થાન વડે કરી જેટલાં સ્થાનક સરખાં હોય તે એક સ્થાનક ગણાય. તેની ગણતરી આ પ્રમાણે છે - પૃથ્વીકાયના મૂળભેદ ૩૫૦, તેને પાંચ વર્ણે ગુણતાં ૧૭૫૦) થયા, તેને બે ગંધે ગુણતાં ૩૫૦૦) થયા, તેને પાંચ રસે ગુણતાં ૧૭૫૦૦) થયા, તેને આઠ સ્પર્શે ગુણતાં ૧૪૦૦૦૦) થયાં, તેને પાંચ સંસ્થાને ગુણતાં સાત લાખ ભેદ પૃથ્વીકાયના થયા. એમ બધાની ગણતરી કરવી. ઉપરોક્ત ૮૪ લાખ જીવયોનિ માંહે ઉત્પન્ન થયેલ હરકોઈ જીવને હણ્યો હોય, હણાવ્યો હોય, અગર હણતાંને અનુમતિ આપી હોય, તે સંબંધી મિથ્યાદુષ્કૃત આ સૂત્રવડે દેવાનું છે.

ચૌદ લાખ સાધારણ વનસ્પતિકાય, બે લાખ બેઈન્દ્રિય, બે લાખ તેઈન્દ્રિય, બે લાખ ચૌરિન્દ્રિય, ચાર લાખ દેવતા, ચાર લાખ નારકી, ચાર લાખ તિર્યંચ પંચેન્દ્રિય, ચૌદ લાખ મનુષ્ય, એવંકારે ચોરાશી લાખ જીવયોનિમાંહિ, મહારે જીવે જે કોઈ જીવ હણ્યો હોય, હણાવ્યો હોય, હણતાં પ્રત્યે અનુમોદ્યો હોય, તે સવિ હુ, મને, વચને, કાયાએ કરી, મિચ્છા મિ દુક્કડં.

અર્થ :- સુગમ છે.

❀ ❀ ❀

૩૨. અઢાર પાપસ્થાનક સૂત્ર

શબ્દાર્થ

પ્રાણાતિપાત - બીજાના પ્રાણનો નાશ ચિંતવવો.

મૃષાવાદ - અસત્ય બોલવાના પરિણામ.

અદત્તાદાન - પારકી વસ્તુ ધણીની સંમતિ વિના લઈ લેવાની વૃત્તિ.

મૈથુન - વિષયભોગની વાંચ્છારૂપ પરિણામ.

પરિગ્રહ - નવપ્રકારે બાહ્ય અને ચૌદ પ્રકારે અભ્યંતર વસ્તુ વગેરેની વાંચ્છા.

ક્રોધ - બીજાની ઉપર તીવ્ર પરિણામે મુખ વગેરે અવયવો તપાવવાં.

માન - પ્રાપ્ત અથવા અપ્રાપ્ત વસ્તુનો અહંકાર.
માયા - ગુપ્તપણે સ્વાર્થવૃત્તિ સિદ્ધ કરવાની ઈચ્છા.
લોભ - ધનાદિ સંપત્તિને એકઠી કરી સંગ્રહ કરી રાખવાની મનોવૃત્તિ.
રાગ - પૌદ્‌ગલિક વસ્તુ ઉપર પ્રીતિ.
દ્વેષ - અણગમતા જીવાદિ પદાર્થો ઉપર અરુચિ.
કલહ - બીજાની સાથે વિખવાદ કરવાની વૃત્તિ.
અભ્યાખ્યાન - નહીં દીઠેલું અને નહીં સાંભળેલું પરજીવને આળ દેવું.
પૈશુન્ય - પરજીવના દોષની ચાડી ખાવી.
રતિઅરતિ - સુખ દુઃખ આવ્યે હર્ષ શોક કરવો.
પરપરિવાદ - ગુણી વા નિર્ગુણી જીવની નિંદા કરવી.
માયામૃષાવાદ - કપટવૃત્તિથી અસત્ય બોલી છળ કરીને લોકોને ઠગવાના પરિણામ.
મિથ્યાત્વશલ્ય - વ્યવહારથી કુદેવ કુગુરુ અને કુધર્મ સેવવાની અભિલાષા અને નિશ્ચયથી આત્મ સ્વરૂપના અનુભવને વિઘ્ન કર્તારૂપ આત્માનો પરિણામ.

પહેલે પ્રાણાતિપાત, બીજે મૃષાવાદ, ત્રીજે અદત્તાદાન, ચોથે મૈથુન, પાંચમે પરિગ્રહ, છટ્ઠે ક્રોધ, સાતમે માન, આઠમે માયા, નવમે લોભ, દશમે રાગ, અગિયારમે દ્વેષ, બારમે કલહ, તેરમે અભ્યાખ્યાન, ચૌદમે પૈશુન્ય, પંદરમે રતિ-અરતિ, સોલમે પરપરિવાદ, સત્તારમે માયામૃષાવાદ, અઢારમે મિથ્યાત્વશલ્ય, એ અઢાર

પાપસ્થાનકમાંહે મ્હારે જીવે જે કોઈ પાપ સેવ્યું હોય, સેવરાવ્યું હોય, સેવતાં પ્રત્યે અનુમોદ્યું હોય, તે સવિ હુ, મને, વચને, કાયાએ, કરી મિચ્છા મિ દુક્કડં.

અર્થ :- પરજીવના પ્રાણનો નાશ ચિંતવવો તે પ્રાણાતિપાત; અસત્ય બોલવાના પરિણામ તે મૃષાવાદ; પારકી વસ્તુ ધણીની સંમતિ વિના લઈ લેવાની વૃત્તિ તે અદત્તાદાન; વિષયભોગની વાંચ્છારૂપ પરિણામ તે મૈથુન; નવ પ્રકારે બાહ્ય અને ચૌદ પ્રકારે +અભ્યંતર વસ્તુ આદિની વાંચ્છા અથવા મૂર્ચ્છા તે પરિગ્રહ; પરની ઉપર તીવ્ર પરિણામે મુખાદિ અવયવ તપાવવા તે ક્રોધ; પ્રાપ્ત વા અપ્રાપ્ત વસ્તુનો અહંકાર તે માન; ગુપ્તપણે સ્વાર્થવૃત્તિ સિદ્ધ કરવાની વાંચ્છા તે માયા; ધનાદિ સંપત્તિને એકઠી કરી સંગ્રહ કરી રાખવાની મનોવૃત્તિ તે લોભ; પૌદ્‌ગલિક વસ્તુ ઉપર પ્રીતિ તે રાગ; અણગમતા જીવાદિ પદાર્થો ઉપર અરુચિ તે દ્વેષ; પરની સાથે વિખવાદ કરવાની વૃત્તિ તે કલહ; પરજીવને નહીં દીઠેલું, નહી સાંભળેલું આળ દેવું તે અભ્યાખ્યાન; પરજીવના દોષની ચાડી ખાવી તે પૈશુન્ય; સુખ-દુઃખ આવ્યે હર્ષ શોક કરવો તે રતિ-અરતિ; ગુણી વા નિર્ગુણી જીવની નિંદા કરવી તે પરપરિવાદ; કપટવૃત્તિથી અસત્ય બોલી છળ કરીને લોકોને ઠગવાના પરિણામ તે માયામૃષાવાદ; વ્યવહારથી કુદેવ, કુગુરુ

+ મિથ્યાત્વ, ત્રણ વેદ, હાસ્યાદિ ષટ્ક અને ચાર કષાય. આ ચૌદ પ્રકારે અભ્યંતર પરિગ્રહ છે.

અને કુધર્મ સેવવાની અભિલાષા અને નિશ્ચયથી આત્મસ્વરૂપના અનુભવને વિઘ્નકર્તારૂપ આત્માના પરિણામ તે મિથ્યાત્વશલ્ય, એ અઢાર પ્રકારે જીવને ચિત્તમાં જે પાપરૂપ ભાવ ઉત્પન્ન થાય તે ભાવપાપ અને ભાવની ચિકાશથી જીવને સત્તામાં કર્મના દળિયા લાગે તે દ્રવ્યપાપ કહેવાય છે.

❀ ❀ ❀

૩૩. *વંદિત્તા સૂત્ર

શબ્દાર્થ

વંદિત્તુ - વાંદીને.
સવ્વસિદ્ધે - સર્વ એવા તીર્થંકર તથા સિદ્ધ ભગવાનને.
ધમ્માયરિએ - ધર્માચાર્યને.
સવ્વસાહૂઅ - આચાર્ય, ઉપાધ્યાય વગેરે સર્વ સાધુઓને.
ઇચ્છામિ - હું ઇચ્છું છું.
પડિક્કમિઉં - પ્રતિક્રમવાને.
સાવગધમ્માઇઆરસ્સ - શ્રાવક ધર્મને વિષે લાગેલા અતિચારથી.
જો મે - જે મારે.
વયાઇઆરો - વ્રતોને વિષે અતિચાર લાગ્યો હોય.
નાણે - જ્ઞાનને વિષે.
તહ - તથા.
દંસણે - દર્શનને વિષે.
ચરિત્તે - ચારિત્રને વિષે.
સુહુમો - સૂક્ષ્મ.
બાયરો વા - અથવા બાદર.
દુવિહે - બે પ્રકારના.
પરિગ્ગહંમિ - પરિગ્રહને વિષે.
સાવજ્જે - સાવદ્ય પાપવાળા.
બહુવિહે - બહુ પ્રકારના.
આરંભે - આરંભ.
કારાવણે - બીજાની પાસે કરાવવાથી.
કરણે - પોતાની જાતે કરવાથી.
અ - અનુમોદવાથી.
પડિક્કમે - પડિક્કમું છું.

* શ્રાવકને દિવસ સંબંધી લાગેલા અતિચારને આલોચવાને અર્થે આ સૂત્ર સાંજે સૂર્ય અર્ધ અસ્ત પામેલો હોય તે વખતે કહેવાનું છે. શ્રાવકના બાર વ્રત વગેરેમાં લાગેલા ૧૨૪ અતિચાર આ સૂત્રવડે આલોવવામાં આવે છે.

દેસિઅં - દિવસ સંબંધી.
સવ્વં - સર્વ અતિચાર પ્રત્યે.
બદ્ધં - બાંધ્યું હોય.
ઈંદિએહિં - ઇન્દ્રિયો વડે કરી.
ચઊહિં - ચાર.
કસાએહિં - કષાયે કરી.
અપ્પસત્થેહિં - અપ્રશસ્ત ભાવે કરી.
રાગેણ - રાગે કરી.
વ - અથવા.
દોસેણ - દ્વેષે કરી.
આગમણે - જતાં.
નિગ્ગમણે - આવતાં.
ઠાણે - મિથ્યાત્વીઓના સ્થાને ઊભા રહેતાં.
ચંકમણે - આમતેમ ફરતાં.
અણાભોગે - ઉપયોગ વિના.
અભિઓગે - રાજા અથવા ઘણા લોકોના આગ્રહથી.
નિઓગે - પરાધીનતાના કારણથી.
સંકા - જિનવચનમાં શંકા.
કંખ - અન્ય મતની ઈચ્છા.
વિગિચ્છા - સાધુ-સાધ્વીની મલિનતા દેખી દુર્ગંછા કરવી અથવા ધર્મના ફળનો સંદેહ.
પસંસ - મિથ્યાત્વીની પ્રશંસા.
તહ - તેમજ.
સંથવો - પરિચય.
કુલિંગીસુ - મિથ્યાત્વીનો.
સમ્મત્તસ્સ - સમકિતના.
છક્કાય - છ કાયના.
સમારંભે - સમારંભને વિષે.
પયણે - પોતે રાંધતાં.
પયાવણે - બીજાની પાસે રંધાવતાં.
જે - જે.
દોસા - દોષ લાગ્યા હોય.
અત્તટ્ઠા - પોતાને અર્થે.
પરટ્ઠા - પરને અર્થે.
ઉભયટ્ઠા - પોતાને તથા પરને બંનેને અર્થે.
ચેવ - નિશ્ચે.
પંચણ્હં - પાંચ.
અણુવ્વયાણં - અણુવ્રતને વિષે.
ગુણવ્વયાણં - ગુણવ્રતને વિષે.
તિણ્હં - ત્રણ.
સિક્ખાણં - શિક્ષાવ્રતને વિષે.
ચઉણ્હં - ચાર.
પડિક્કમે - હું પડિક્કમું છું.
પઢમે - પહેલા.
અણુવ્વયંમિ - અણુવ્રતને વિષે.
થૂલગ - સ્થૂળ.
પાણાઇવાય - પ્રાણાતિપાતની.
વિરઇઓ - વિરતિનું ઉલ્લંઘન કરીને.
આયરિઅં - જે આચરણ સેવ્યાં હોય.
અપ્પસત્થે - અપ્રશસ્તભાવે વર્તતા.
ઇત્થ - અહીંયા.
પમાયપ્પસંગેણં - પ્રમાદના પ્રસંગથી.

વહ - જીવને મારવો.
બંધ - દોરડા વડે બાંધવો.
છવિચ્છેએ - તેના અવયવને છેદવા.
અઈભારે - તેના ઉપર ઘણો ભાર ભરવો.
ભત્તપાણ - ભાતપાણી-ચારાનો.
વુચ્છેએ - અંતરાય કરવો.
પઢમવયસ્સ - આ પહેલા વ્રતના.
અઈયારે - અતિચારમાં

વંદિત્તુ સવ્વસિદ્ધે, ધમ્માયરિએ અ સવ્વસાહૂ અ ॥ ઈચ્છામિ પડિક્કમિઉં[1] સાવગધમ્માઈઆરસ્સ[2] ॥૧॥

અર્થ :- સર્વજ્ઞ એવા તીર્થંકર તથા સિદ્ધ ભગવંતને, વળી ધર્માચાર્ય, ઉપાધ્યાય અને સર્વ સાધુને વાંદીને, શ્રાવક ધર્મને વિષે લાગેલા અતિચાર થકી પ્રતિક્રમવાને હું ઈચ્છું છું. ૧

સામાન્યથી સર્વવ્રતના અતિચાર

જો મે વયાઈઆરો, નાણે તહ દંસણે ચરિત્તે અ ॥ સુહુમો અ બાયરો વા, તં નિંદે તં ચ ગરિહામિ ॥૨॥

અર્થ :- જ્ઞાનને વિષે તથા દર્શનને વિષે તથા ચારિત્રને વિષે અને ચ શબ્દથકી તપને વિષે તથા વીર્યને વિષે અને સંલેખનાને વિષે વળી (જે અતિચાર) મને વ્રતોને વિષે સૂક્ષ્મ વા બાદર લાગ્યો હોય, તેને નિંદુ છું અને ગુરુની સમક્ષ ગર્હું છું. ૨

---

૧. સ્વસ્થાનાત્ યત્પરસ્થાનં, પ્રમાદસ્ય વશાદ્ ગતઃ ।
તત્રૈવ ક્રમણં ભૂયઃ, પ્રતિક્રમણમુચ્યતે ॥
૨. પંચમીસ્થાને ષષ્ઠી અથવા કર્મણિ ષષ્ઠી.

પરિગ્રહના અતિચાર

દુવિહે પરિગ્ગહંમિ; સાવજ્જે બહુવિહે અ આરંભે; કારાવણે અ કરણે, પડિક્કમે દેસિઅં[1] સવ્વં ।।૩।।

અર્થ :- બે પ્રકારનો પરિગ્રહ-સચિત્ત અને અચિત્ત તેમજ સાવદ્ય-પાપવાળો અને બહુ પ્રકારનો આરંભ તે બંનેને કરાવવાથી, પોતે કરવા થકી અને બીજા કરનારાઓને અનુમોદવા થકી, જે અતિચાર લાગ્યા હોય તે દિવસ સંબંધી સર્વ અતિચાર પ્રત્યે પ્રતિક્રમું છું. ૩

જ્ઞાનના અતિચાર

જં બદ્ધમિંદિએહિં; ચઉહિં કસાએહિં અપ્પસત્થેહિં ।। રાગેણ વ દોસેણ વ, તં નિંદે તં ચ ગરિહામિ ।।૪।।

અર્થ :- ઇન્દ્રિયો વડે કરી તથા ચાર કષાયે કરી, અપ્રશસ્ત ભાવે કરી, રાગે કરી વા દ્વેષ વડે કરી જે અતિચાર રૂપ અશુભકર્મ બાંધ્યું હોય, તેને આત્માની સાખે નિંદું છું અને ગુરુની સાખે ગર્હું છું. ૪

સમ્યગ્દર્શનના અતિચાર

આગમણે નિગ્ગમણે, ઠાણે ચંકમણે

---

૧. રાઇયં, પક્ખિઅં, ચોમાસિઅં, સંવચ્છરિઅં વા યથાયોગ્યં. આર્ષત્વાદ્ વકારલોપ.

અણાભોગે ॥ અભિઓગે અ નિઓગે;
પડિક્કમે દેસિઅં સવ્વં ॥૫॥

અર્થ :- ઉપયોગરહિતપણે રાજાના વા ઘણા લોકના આગ્રહ થકી તથા પરાધીનતાના કારણથી (મિથ્યાત્વીના મંદિરાદિકને વિષે) જતાં આવતાં, તેમના સ્થાનકે ઉભા રહેતાં, ત્યાં જ આમ તેમ ફરતાં જે અતિચારરૂપ પાપકર્મ બાંધ્યું હોય તે દિવસ સંબંધી સર્વને પ્રતિક્રમું છું. ૫

સમ્યક્ત્વના અતિચાર

સંકા કંખ વિગિચ્છા, પસંસ તહ સંથવો કુલિંગીસુ ॥ સમ્મત્તસ્સઈઆરે, પડિક્કમે દેસિઅં સવ્વં ॥૬॥

અર્થ :- જિનવચનમાં શંકા, અન્યમતની વાંચ્છા, ધર્મના ફળનો સંદેહ વા સાધુ-સાધ્વીનાં મલિન ગાત્ર તથા વસ્ત્ર દેખી દુર્ગંછા કરવી; મિત્યાત્વીની પ્રશંસા તથા તેમનો પરિચય, એ સમ્યક્ત્વના અતિચાર મધ્યે દિવસ સંબંધી જે પાપ બાંધ્યું હોય તે સર્વને પડિક્કમું છું. ૬

છક્કાયસમારંભે, પયણે અ પયાવણે અ જે દોસા ॥ અત્તટ્ઠા ય પરટ્ઠા, ઉભયટ્ઠા ચેવ તં નિંદે ॥૭॥

અર્થ :- પોતાને અર્થે તથા પરને અર્થે વળી પોતાને તથા પરને એ બન્નેને અર્થે (અશનાદિ આહારને) પોતે રાંધતાં, બીજા

પાસે રંધાવતાં અને બીજા રાંધતા હોય તેને અનુમોદન દેતાં છકાયના સમારંભને વિષે પ્રવર્તવા થકી જે (કર્મ બંધરૂપ) દોષ લાગ્યા હોય તેને હું નિંદું છું. ૭

સામાન્યથી બાર વ્રતના અતિચાર

પંચણ્હ-મણુવ્વયાણં[1], ગુણવ્વયાણં[2] ચ તિણ્હમઈયારે ॥ સિક્ખાણં[3] ચ ચઉણ્હં; પડિક્કમે દેસિઅં સવ્વં ॥૮॥

અર્થ :- પાંચ અણુવ્રતને વિષે, ત્રણ ગુણવ્રતને વિષે, ચાર શિક્ષાવ્રતને વિષે અને તપ સંલેષણાદિને વિષે જે અતિચાર લાગ્યા હોય તે દિવસ સંબંધી સર્વ અતિચારને હું પડિક્કમું છું. ૮

પઢમે અણુવ્વયંમિ, થૂલગ-પાણાઈ-વાયવિરઈઓ ॥ આયરિય-મપ્પસત્થે, ઈત્થ પમાયપ્પસંગેણં ॥૯॥

અર્થ :- અહીંયાં પહેલા અણુવ્રતને વિષે; પ્રમાદના પ્રસંગ થકી અપ્રશસ્ત ભાવે વર્તતાં થકાં સ્થૂલ પ્રાણાતિપાતની નિવૃત્તિનું ઉલ્લંઘન કરીને જે આચરણ સેવ્યાં હોય તે જેમ કે-૯.

---

૧. સમ્યક્ત્વની પ્રાપ્તિ થયા પછી પ્રાપ્ત થાય માટે અણુવ્રત અને મહાવ્રતની અપેક્ષાએ ન્હાનાં માટે અણુવ્રત, તે પાંચ છે. તે પાંચ મૂળ ગુણ છે.

૨. મૂળ ગુણોને વિશેષ કરવાવાળાં તેથી ગુણવ્રત, તે ત્રણ છે.

૩. શિષ્યને વિદ્યાગ્રહણની પેઠે વારંવાર સેવન કરવા યોગ્ય હોવાથી શિક્ષાવ્રત તે ચાર છે બાર વ્રત માંહેલા પહેલા આઠ વ્રતો યાવત્કથિત (કાયમના) અને ચાર વ્રત ઈત્વરકાલિક (થોડાકાળ માટે) સમજવા.

[1]વહ-બંધ-છવિચ્છેએ, અઈભારે ભત્ત-પાણવુચ્છેએ ।। પઢમવયસ્સ-ઈઆરે, પડિક્કમે દેસિઅં સવ્વં ।।૧૦।।

અર્થ :- (દ્વિપદાદિ જીવને) મારવો, દોરડાવડે બાંધવો; તેના અવયવને છેદવા; તેના ઉપર ઘણો ભાર ભરવો; તેને ભાત-પાણી-ચારાનો અંતરાય કરવો; આ પહેલા વ્રતના અતિચાર મધ્યે જે અતિચાર દિવસ સંબંધી લાગ્યા હોય તે સર્વને હું પડિક્કમું છું. ૧૦

શબ્દાર્થ

બીએ - બીજા
અણુવ્વયંમિ - અણુવ્રતને વિષે.
પરિથૂલગ - અતિ મોટા.
અલિઅવયણ - જૂઠા વચનની.
વિરઈઓ - વિરતિનું ઉલ્લંઘન કરીને.
સહસા - અણવિચારે.
રહસ્સ - એકાંતે (છાની વાત કરનાર (ઉપર રાજ્ય વિરુદ્ધ ગુન્હો મુકતાં)
દારે - સ્ત્રીએ કહેલી વાત પ્રગટ કરતાં
મોસુવએસે - ખોટો ઉપદેશ આપતાં.
કૂડલેહે - જુઠા દસ્તાવેજ કરવા.
બીઅ - બીજા.
વયસ્સઈયારે - વ્રતના અતિચારને.
તઈએ - ત્રીજા.
અણુવ્વયંમિ - અણુવ્રતને વિષે.
થૂલગ - મોટા (બાદરપણે).
પરદવ્વ - પારકા દ્રવ્યના.
હરણ - હરણની.
વિરઈઓ - વિરતિથી
તેનાહડપ્પઓગે - ચોરીનો માલ લેવો, ચોરને સહાય આપવી.

---

૧. અહિં કોઈ શંકા કરે કે પ્રાણાતિપાત વિરમણ વ્રતવાળાને વધાદિ અતિચાર લાગે નહિ, કારણ કે પ્રાણાતિપાત શબ્દે વધાદિનું ગ્રહણ થઈ શકે નહિ, તેથી અતિચાર ન લાગે. તેને માટે ઉત્તર આપે છે કે મુખ્યતાએ પ્રાણાતિપાતનું જ પચ્ચક્ખાણ થાય છે તો પણ વધાદિક પ્રાણાતિપાતના હેતુ હોવાથી તેનું પણ પચ્ચક્ખાણ આવી ગયું, માટે વધાદિક કરવાથી અતિચાર લાગે.

તપ્પડિરૂવે - ખોટી વસ્તુને ખરી જેવી કરી વેચવી.
વિરુદ્ધગમણે - દાણચોરી વગેરે રાજ્યવિરુદ્ધ આચરવું.
કૂડતુલ - ખોટા તોલ રાખવા.
કૂડમાણે - ખોટાં માપ રાખવાં.
ચઉત્થે - ચોથા.
અણુવ્વયં - અણુવ્રતને વિષે.
નિચ્ચં - નિત્યે.
પરદારગમણ - પરસ્ત્રી સાથે ગમન કરવાની.
અપરિગ્ગહિઆ - કુંવારી કન્યા અથવા વિધવાની સાથે વિષય સેવવો.
ઈત્તર - બીજાએ થોડા વખત માટે રાખેલી વેશ્યાની સાથે વિષય સેવવો.
અણંગ - ભિન્ન અંગોથી ક્રીડા કરવી.
વિવાહ - પોતાના પુત્ર-પુત્રી સિવાય બીજાના વિવાહ કરવા.
તિવ્વઅણુરાગે - કામભોગને વિષે તીવ્ર અનુરાગ કરવો.
ચઉત્થ - ચોથા.
ઈત્તો - એ પછી.
અણુવ્વએ - અણુવ્રતને વિષે.
પંચમંમિ - પાંચમા.
પરિમાણ પરિચ્છેએ - પરિગ્રહના પરિમાણનું ઉલ્લંઘન કરવાથી.
ધણ - ધન.
ધન્ન - ધાન્ય.
ખિત્ત - ક્ષેત્ર.
વત્થુ - ઘર-હાટ.
રુપ્પ - રૂપું.
સુવન્ને - સોનું.
કુવિઅ - સોના-રૂપા સિવાય બીજી ધાતુઓની વસ્તુને.
પરિમાણે - પરિમાણ ઉપરાંત રાખવાથી.
દુપએ - દાસદાસીઓ વગેરે બે પગવાળાં.
ચઉપ્પયંમિ - ઘોડા વગેરે ચાર પગવાળાં પ્રાણીઓને.
ગમણસ્સ - જવાના.
પરિમાણે - પરિમાણથી અધિક જતાં.
દિસાસુ - દિશિમાં.
ઉડ્ઢં - ઊર્ધ્વદિશિ.
અહે - અધોદિશિ.
તિરિઅં - તિર્છી દિશિ.
વુડ્ઢિ - પરિમાણ વધારતાં.
સઈઅંતરદ્ધા - માર્ગમાં અમુક હદની સ્મૃતિનો ભ્રંશ થવાથી વધારે જતાં.
પઢમંમિ - પહેલા.
ગુણવ્વએ - ગુણવ્રતને વિષે.
મજ્જંમિ - મદિરા.
મંસંમિ - માંસ.

પુપ્ફે - પુષ્પ.
ફલે - ફળ.
ગંધ - બરાસ પ્રમુખ ગંધ.
મલ્લે - પુષ્પની માળા.
ઉવભોગ-પરિભોગે - ઉપભોગ પરિભોગ નામના.
બીઅંમિ - બીજા.
ગુણવ્વએ - ગુણવ્રતને વિષે.

બીજા વ્રતના અતિચાર

બીએ અણુવ્વયંમિ, પરિથૂલગ-અલિઅ-વયણવિરઈઓ ॥ આયરિઅ-મપ્પસત્થે, ઈત્થ પમાયપ્પસંગેણં ॥૧૧॥

અર્થ :- અહીંયા, બીજા અણુવ્રતને વિષે, પ્રમાદના પ્રસંગ થકી અપ્રશસ્ત ભાવે વર્તતાં થકાં અતિશયે કરીને મોટા [1]જૂઠાંની વિરતિનું ઉલ્લંઘન કરીને જે આચરણ કરેલું હોય તે જેમકે-૧૧.

---

૧. મોટા જૂઠાણાં પાંચ છે, તે આ પ્રમાણે - (૧) દ્વેષાદિવડે અવિષકન્યાને વિષકન્યા કહેવી વગેરે કન્યા સંબંધી ફેરફાર બોલવું તે કન્યાલીક. (૨) થોડા દૂધવાળી ગાય (ઉપલક્ષણથી દુઝણા જાનવર) ને ઘણા દૂધવાળી અને ઘણા દૂધવાળીને થોડા દૂધવાળી કહેવી ઈત્યાદિ કહેવું તે ગવાલીક. (૩) પારકી ભૂમિને પોતાની ભૂમિ કહેવી વગેરે ભૂમ્યલીક. (૪) ધન-ધાન્યાદિ પારકી થાપણ રાખી હોય છતાં નથી રાખી એમ જૂઠું બોલી ઓળવવી તે ન્યાસાપહાર. (અદત્ત વસ્તુને રાખવાથી અદત્તાદાન લાગે છે છતાં વચનની મુખ્યતા હોવાથી અહીં મૃષાવાદપણું ગણ્યું છે.) અને (૫) લાંચ લઈને અગર મત્સર વડે ખોટી સાક્ષી પૂરવી તે કૂટસાક્ષિત્વ. આ પાંચ પૈકી પહેલામાં દ્વિપદ સર્વ સંબંધી અને બીજામાં ચતુષ્પદ સર્વ સંબંધી અલીકનો સમાવેશ છે. ન્યાસાપહાર તથા કૂટસાક્ષિત્વ એ બેનો દ્વિપદાદિના જૂઠાણામાં અંતર્ભાવ થાય છે, છતાં પણ લોકમાં અત્યંત નિંદિત હોવાથી જુદા ગણ્યા છે.

સહસા રહસ્સ દારે, મોસુવએસે અ કૂડલેહે અ ॥ બીઅવયસ્સ-ઈઆરે, પડિક્કમે દેસિઅં સવ્વં ॥૧૨॥

અર્થ :- અણવિચારે કોઈના ઉપર આળ મુકતાં, એકાંતે છાની વાત કરનાર ઉપર રાજ્યવિરુદ્ધ ગૂન્હો મુકતાં, સ્ત્રીએ કહેલી વાત પ્રગટ કરતાં, ખોટો ઉપદેશ આપતાં અને જૂઠા દસ્તાવેજ કરતાં, બીજા વ્રતને વિષે જે કોઈ અતિચાર લાગ્યો હોય તે દિવસ સંબંધી સર્વ અતિચારને હું પડિક્કમું છું. ૧૨

ત્રીજા વ્રતના અતિચાર

તઈએ અણુવ્વયંમિ, થૂલગપરદવ્વ-હરણવિરઈઓ ॥ આયરિઅ-મપ્પસત્થે, ઈત્થ પમાયપ્પસંગેણં ॥૧૩॥

અર્થ :- અહીંયાં ત્રીજા અણુવ્રતને વિષે પ્રમાદના પ્રસંગ થકી અપ્રશસ્ત ભાવે વર્તતાં થકાં બાદરપણે પરદ્રવ્યના હરણની વિરતિનું ઉલ્લંઘન કરીને જે આચરણ સેવ્યું હોય તે જેમકે-૧૩.

તેનાહડપ્પઓગે, તપ્પડિરૂવે વિરુદ્ધ-ગમણે અ ॥ કૂડતુલકૂડમાણે, પડિક્કમે દેસિઅં સવ્વં ॥૧૪॥

અર્થ :- ચોરની આણેલી વસ્તુ અર્થાત્ ચોરીનો માલ લેવો, ચોરને સહાય આપવી, ખોટી વસ્તુ ખરી જેવી કરી વેચવી, દાણચોરી પ્રમુખ રાજ્યવિરુદ્ધ કાર્યો આચરવાં અગર શત્રુ

રાજાના દેશમાં રાજ્ય તરફથી જવાનો નિષેધ કર્યો હોય છતાં વ્યાપારાદિ પ્રસંગે જવું, ખોટાં તોલ રાખવાં, ખોટાં માપ રાખવાં; તેથી જે પાપ લાગ્યું હોય તે સંબંધી સર્વને હું પડિક્કમું છું. ૧૪.

ચોથા વ્રતના અતિચાર

ચઉત્થે અણુવ્વયંમિ, નિચ્ચં પરદાર-ગમણ-વિરઈઓ ॥ આયરિઅમપ્પસત્થે, ઈત્થ પમાયપ્પસંગેણં ॥૧૫॥

અર્થ :- અહીંયાં ચોથા અણુવ્રતને વિષે પ્રમાદના પ્રસંગ થકી અપ્રશસ્ત ભાવે વર્તતા થકા, નિરંતર પરદારા સાથે ગમન કરવાની વિરતિનું ઉલ્લંઘન કરીને જે આચરણ સેવ્યું હોય તે જેમકે-૧૫.

અપરિગ્ગહિઆ ઈત્તર, અણંગ વિવાહ તિવ્વ-અણુરાગે ॥ [1]ચઉત્થવયસ્સઈઆરે, પડિક્કમે દેસિઅં સવ્વં ॥૧૬॥

અર્થ :- અપરિગ્રહીતા અર્થાત્ કુંવારી કન્યા અથવા વિધવાની સાથે મૈથુન કરવું, બીજાએ થોડા વખત માટે રાખેલી વેશ્યાની સાથે મૈથુન કરવું, અનંગક્રીડા કરવી (સૃષ્ટિ નિયમ

---

૧. આ ચોથું વ્રત બે પ્રકારે ગ્રહણ થઈ શકે છે, તેથી સ્વદારાસંતોષીને છેલ્લા ત્રણ અતિચાર અને પહેલા બે સેવાય તો વ્રતભંગ જ થાય અને પરસ્ત્રીગમનવિરમણવાળાને પાંચ અતિચાર સમજવા. અહીં પુરુષને સ્ત્રી આશ્રયી કહ્યું છે તે પ્રમાણે સ્ત્રીને પુરુષ આશ્રયી અતિચાર, અનાચાર વગેરે સમજી લેવું.

વિરુદ્ધ અંગથી વિષયક્રીડા કરવી.) પોતાના પુત્ર-પુત્રી સિવાય બીજાના વિવાહ કરવા, કામભોગને વિષે તીવ્ર અનુરાગ કરવો, (આ પાંચ) ચોથા વ્રતના અતિચાર મધ્યેથી જે કોઈ અતિચાર દિવસ સંબંધી મને લાગ્યો હોય તે સર્વને હું પડિક્કમું છું. ૧૬

પાંચમા વ્રતના અતિચાર

ઈત્તો અણુવ્વએ પંચમંમિ, આયરિઅ-મપ્પસત્થંમિ ॥ પરિમાણપરિચ્છેએ, ઈત્થ પમાયપ્પસંગેણં ॥૧૭॥

અર્થ :- એ પછી, અહીંયાં પાંચમા અણુવ્રતને વિષે પ્રમાદના પ્રસંગ થકી, અપ્રશસ્ત ભાવે વર્તતાં થકાં પરિગ્રહના પ્રમાણનો પરિચ્છેદ કરવા થકી જે આચરણ સેવ્યું હોય તે જેમકે-૧૭.

[1]ધણધન્ન-ખિત્તવત્થૂ, રુપ્પસુવન્ને અ કુવિઅ-પરિમાણે ॥ દુપએ ચઉપ્પયંમિ ય, પડિક્કમે દેસિઅં સવ્વં ॥૧૮॥

અર્થ :- ધન-ધાન્ય, ખેતર-ઘરહાટ, રૂપું-સોનું અને રૂપા-સોના સિવાય બીજી ધાતુની વસ્તુઓને પરિમાણ ઉપરાંત રાખવાથી તથા દાસ-દાસી વગેરે બે પગવાળાં અને ઘોડા વગેરે ચાર પગવાળાં પ્રાણીઓને પરિમાણ ઉપરાંત રાખવાથી લાગેલા દિવસ સંબંધી સર્વ અતિચારને હું પડિક્કમું છું. ૧૮

---

૧. ધન ચાર પ્રકારનું છે. તે આ પ્રમાણે-(૧) ગણી શકાય તે ગણિમ સોપારી, નાળીયેર વગેરે. (૨) તોળી શકાય તે ધરિમ ગોળ, ઘી વગેરે. (૩) માપી શકાય તે મેય કાપડ, જમીન, તેલ, દૂધ વગેરે અને (૪) પરીક્ષા કરવા યોગ્ય પારિછેદ્ય માણેક, મોતી, રૂપાનાણું વગેરે.

છઠ્ઠા વ્રતના અતિચાર

ગમણસ્સ ય પરિમાણે, દિસાસુ ઉડ્ઢં અહે અ તિરિઅં ચ ॥ વુડ્ઢિ સઈઅંતરદ્ધા, પઢમંમિ ગુણવ્વએ નિંદે ॥૧૯॥

અર્થ :- ઊર્ધ્વદિશિ, અધોદિશિ અને તિર્ચ્છીદિશિમાં જવાના પરિમાણથી અધિક જતાં, એક દિશિમાં જવાનું ઘટાડી બીજી દિશિમાં તે પરિમાણ વધારતાં અને કરેલા પ્રમાણની વિસ્મૃતિ થવાથી વધારે જતાં, પહેલાં ગુણવ્રતને વિષે જે અતિચાર લાગ્યા હોય તેને આત્માની સાખે નિંદું છું. ૧૯

સાતમા વ્રતના અતિચાર

મજ્જંમિ અ મંસંમિ અ, પુપ્ફે અ ફલે અ ગંધ મલ્લે અ ॥ ઉવભોગપરિભોગે, બીયંમિ ગુણવ્વએ નિંદે ॥૨૦॥

અર્થ :- મદિરા તથા માંસ અને બીજા પણ નહીં ખાવા યોગ્ય પદાર્થ તથા પુષ્પ, ફળ, બરાસ પ્રમુખ ગંધ અને પુષ્પની માળાને ભોગવવાથી, ઉપભોગ-પરિભોગ નામના બીજા ગુણવ્રતને વિષે લાગેલા અતિચારને હું નિંદું છું. ૨૦

શબ્દાર્થ

સચ્ચિત્તે - સચિત્ત વસ્તુ વાપરવી.
પડિબદ્ધે - સચિત્ત સાથે જોડાયેલી વસ્તુ વાપરવી.
અપોલ - નહિ પકાવેલા પદાર્થ વાપરવા.
દુપ્પોલિઅં - અરધા કાચા પદાર્થ.

આહારે - ખાવાથી.
તુચ્છોસહિ - તુચ્છ પદાર્થ.
ભક્ખણયા - ભક્ષણ કરવાથી.
ઈંગાલી - અંગાર કર્મ-એટલે કુંભાર અને ભાડભુંજા વગેરેનાં અગ્નિ સંબંધી કર્મ.
વણ - વનકર્મ, એટલે ફળ, ફુલ, વનસ્પતિ, અનાજ વગેરે, ઉગાડવાં તથા છેદવાનું કર્મ.
સાડી - શકટકર્મ-એટલે ગાડાં, બેલ વગેરે વેચવા, વેચાવવાનું કર્મ.
ભાડી - ભાટિકકર્મ-એટલે ઘોડા, ઉંટ, બળદ વગેરે ભાડે આપવા અપાવવાનું કર્મ.
ફોડી - સફોટિકકર્મ-કુવા, વાવ વગેરે ખોદવા-ખોદાવવાનું કર્મ.
સુવજ્જએ - અત્યંતપણે વર્જવા.
કમ્મં - કર્મ.
વાણિજ્જં - વેપાર.
ચેવ - વળી નિશ્ચે.
દંત - હાથીદાંત, મુક્તાફળ વગેરેનો વેપાર.
લક્ખ - લાખનો વેપાર.
રસ - રસનો વ્યાપાર, ઘી, તેલ, ગોળ વગેરેનો વ્યાપાર.
કેસ - કેશનો વ્યાપાર, મોર, પોપટ, મનુષ્ય અને પશુનો વ્યાપાર.
વિસવિસયં - ઝેરનો વ્યાપાર. અફીણ, સોમલ વગેરેનો તથા શસ્ત્રાદિનો વ્યાપાર.
એવં - એ પ્રમાણે.
ખુ - નિશ્ચયથી.
જંતપિલ્લણ - ઘંટી, ચરખા પ્રમુખ, યંત્રમાં શેરડી, તલ વગેરે પીલાવવા.
કમ્મં - કર્મ.
નિલ્લંછણં - નાક, કાન વીંધવા, વીંધાવવા.
ચ - અને.
દવદાણં - અગ્નિદાહ દેવો.
સર - સરોવર.
દહ - દ્રહ.
તલાય - તળાવને.
સોસં - સુકાવી નાખવાં.
અસઈપોસં - હિંસક જીવો તથા નઠારી સ્ત્રી વગેરેનું પોષણ કરવું.
વજ્જિજ્જા - વર્જવાં.
સત્થ - શસ્ત્ર.
અગ્ગિ - અગ્નિ.
મુસલ - સાંબેલું.
જંતગ - યંત્ર.
તણ - તૃણ.
કટ્ઠે - કાષ્ઠ.
મંત - સર્પ વગેરેને ઉતારવાના મંત્ર.

મૂલ - નાગદમણીપ્રમુખ જડીબુટ્ટી.
ભેસજ્જે - ગોળી. ચૂરણ વગેરે વસ્તુઓ.
દિન્ને - આપવાથી.
દવાવિએ - બીજાની પાસે અપાવવાથી.
વા - અથવા.
ન્હાણ - અણગળ પાણીથી ન્હાવું.
ઉવ્વટ્ટણ - પીઠી વગેરે ચોળી શરીરનો મેલ ઉતારવો.
વન્નગ - અળતો, ગુલાલ વગેરેથી રંગ કરવો.
વિલેવણે - કેસર ચંદન વગેરેનું વિલેપન કરવું.
સદ્દ - શબ્દ.
રૂવ - રૂપ.
રસ - રસ.
ગંધે - ગંધ.
વત્થ - વસ્ત્ર.
આસણ - આસન.
આભરણે - આભૂષણ.
પડિક્કમે - હું પડિક્કમું છું.
દેસિઅં - દિવસ સંબંધી.
કંદપ્પે - કામભોગની કથા કરવી.
કુક્કુઈએ - લોકોને હાંસી આવે એવી કાયચેષ્ટા કરવી.
મોહરિ - વાચાળપણે અઘટિત વચન બોલવાં.
અહિગરણ - શસ્ત્ર વગેરે સજ્જ કરવા.
ભોગઅઇરિત્તે - ઉપભોગ-પરિભોગની વસ્તુ ખપ કરતાં વિશેષ રાખવી.
દંડંમિ અણટ્ઠાએ - અનર્થદંડ વિરમણ નામના.
તઇઅંમિ - ત્રીજા.
ગુણવ્વએ - ગુણવ્રતને વિષે.
તિવિહે - ત્રણ પ્રકારના.
દુપ્પણિહાણે - દુઃપ્રણિધાન દુષ્ટ યોગ વ્યાપારમાં.
અણવટ્ઠાણે - અવિનયપણે, બે ઘડી કરતાં ઓછા વખતે સામાયિક પારવું.
સઇવિહૂણે - પ્રમાદથી સામાયિક લીધું છે કે નહિ તે યાદ ન રહેવું.
વિતહકએ - વિતથપણે અર્થાત્ ખોટી રીતે કરતાં.
પઢમે - પ્રથમ.
સિક્ખાવએ - શિક્ષાવ્રતને વિષે.
આણવણે - નિયમિત ભૂમિમાં બહારથી કાંઈ ચીજ મંગાવવી.
પેસવણે - પરિમાણ ઉપરાંત ભૂમિને વિષે પોતાના કાર્ય માટે બીજાને મોકલવા.

સદ્દે - પરિમાણ ઉપરાંત ભૂમિએ રહેલાને ખોંખારાદિકથી જણાવવું.
રૂવે - રૂપ દેખાડીને પોતાની જાણ કરવી.
પુગ્ગલક્ખેવે - પદાર્થ નાખી પોતાપણું જણાવવું.
દેસાવગાસિઅંમિ - દેશાવકાશિક નામના.
બીએ - બીજા.
સિક્ખાવએ - શિક્ષાવ્રતને વિષે.
સંથારા - સંથારા સંબંધી.
ઉચ્ચારવિહિ - લઘુનીતિ તથા વડીનીતિ સંબંધી.
પમાય - પ્રમાદ.
તહ ચેવ - તેમ વળી.
ભોયણાભોએ - ભોજન સંબંધી ચિંતા કરવી.
પોસહવિહિ - પોસહનો વિધિ.
વિવરીએ - વિપરીત કરવાથી.
તઈએ - ત્રીજા.
સિક્ખાવએ - શિક્ષાવ્રતને વિષે.
સચ્ચિત્તે - સચિત્ત વસ્તુ.
નિક્ખિવણે - નાંખવી.
પિહિણે - દેવા યોગ્ય વસ્તુને સચિત્ત પદાર્થ વડે ઢાંકવી.
વવએસ - નહિ દેવાની બુદ્ધિએ પોતાની વસ્તુને પારકી કહેવી અને પરની વસ્તુને પોતાની કહેવી.
મચ્છરે - ક્રોધ, અભિમાન, ઈર્ષ્યા કરતાં દાન દેવું.
ચેવ - નિશ્ચે.
કાલાઈક્કમદાણે - ગોચરીનો કાળ વીતી જતાં મુનિને આમંત્રણ કરવું.
ચઉત્થે - ચોથા.

સચ્ચિત્તે પડિબદ્ધે, અપોલ [1]દુપ્પોલિઅં ચ આહારે ॥ તુચ્છોસહિભક્ખણયા, પડિક્કમે દેસિઅં સવ્વં ॥૨૧॥

અર્થ :- સચિત્તનો ત્યાગ વા પરિમાણ છતાં પ્રમાદના વશથી અધિક સચિત્ત વાપરવાં, સચિત્ત સાથે જોડાયેલી વસ્તુ વાપરવી, નહી પકાવેલા પદાર્થ વાપરવા, અર્ધપક્વ તથા અર્ધ

---

૧. દુપ્પલિએ અ (પ્રત્યન્તરે)

કાચા પદાર્થ વાપરવા અને તુચ્છ પદાર્થ ભક્ષણ કરવા, એ સચિત્તના ત્યાગના પાંચ અતિચાર મધ્યેથી જે અતિચાર લાગ્યા હોય તે દિવસ સંબંધી સર્વને હું પડિક્કમું છું. ૨૧

ઈંગાલી-વણ-સાડી, ભાડી-ફોડી-સુવજ્જએ કમ્મં ॥ વાણિજ્જં ચેવ દંત, લક્ખરસ-કેસ-વિસવિસયં ॥૨૨॥

અર્થ :- કુંભાર અને ભાડભુંજા વગેરેના અગ્નિ સંબંધી કર્મ તે અંગાર કર્મ; પુષ્પ, ફળ, વનસ્પતિ, અનાજ વગેરે ઉગાડવા તથા છેદવાં તે વનકર્મ; ગાડાં, બેલ વગેરે વેચવા, વેચાવવા તે શકટકર્મ; ઘોડા, ઉંટ, બળદ વગેરે ભાડે આપવા તે ભાટિક કર્મ; કુવા, વાવ વગેરે ખોદવા, ખોદાવવા તે સ્ફોટિક કર્મ; આ પાંચ કર્મ શ્રાવકે અત્યંતપણે વર્જવાં વળી નિશ્ચયે પાંચ વાણિજ્ય તેમાં હાથીદાંત, મુક્તાફળ વગેરે જ્યાં નિપજતાં હોય તે સ્થાનકે જઈ ખરીદ કરવાં તે દંતકુવાણિજ્ય; લાખ, કસુંબો, હરતાલ વગેરેનો વ્યાપાર તે લાખકુવાણિજ્ય; ઘી, તેલ, ગોળ વગેરેનો વ્યાપાર તે રસકુવાણિજ્ય; મોર, પોપટ, મનુષ્ય અને પશુનો વ્યાપાર તે કેશકુવાણિજ્ય. અફીણ, સોમલ વગેરે તથા શસ્ત્રાદિનો વ્યાપાર તે વિષવિષયકુવાણિજ્ય; એ પાંચ કુવાણિજ્યને શ્રાવકે વર્જવાં. ૨૨

એવં ખુ જંતપિલ્લણ-કમ્મં, નિલ્લંછણં ચ દવદાણં ॥ સર-દહ-તલાય-સોસં, અસઈ-પોસં ચ વજ્જિજ્જા ॥૨૩॥

અર્થ :- એ પ્રમાણે નિશ્ચયથી ઘંટી, ચરખા પ્રમુખ યંત્રમાં શેરડી, તલ વગેરે પીલાવવા, નાક, કાન વીંધવા-વીંધાવવા, અગ્નિદાહ દેવો; સરોવર, દ્રહ અને તળાવ વગેરેને સુકાવી નાખવાં, હિંસક જીવો તથા વ્યભિચારી સ્ત્રી વિગેરેનું પોષણ કરવું. આ પાંચ સામાન્ય કર્મને શ્રાવકે વર્જવાં. ૨૩

આઠમા વ્રતના અતિચાર

સત્થગ્ગિ-મુસલ-જંતગ,-તણ-કટ્ઠે-મંતમૂલ-ભેસજ્જે ॥ દિન્ને દવાવિએ વા, પડિક્કમે દેસિઅં સવ્વં ॥૨૪॥

અર્થ :- શસ્ત્ર, અગ્નિ, સાંબેલું, યંત્ર, તૃણ, કાષ્ઠ, સર્પ વગેરેને ખીલવવાના (સ્થિર કરવાના) મંત્ર, નાગદમણી પ્રમુખ જડીબુટ્ટી અને ગોળી, ચૂરણ વગેરે ઉપદ્રવકારી વસ્તુઓ બીજાને આપવા થકી, બીજાની પાસે અપાવવા થકી તથા આપનારને અનુમોદવા થકી જે અતિચાર લાગ્યા હોય, તે દિવસ સંબંધી સર્વ અતિચારને હું પડિક્કમું છું. ૨૪.

ન્હાણુ-વ્વટ્ટણ-વન્નગ, વિલેવણે સદરૂવ-રસ-ગંધે ॥ વત્થાસણ-આભરણે, પડિક્કમે દેસિઅં સવ્વં ॥૨૫॥

અર્થ :- અણગળ પાણી વગેરેથી ન્હાવું, પીઠી ચોળી શરીરનો મેલ ઉતારવો, અબીલ, ગુલાલ, અલતાદિક તથા કેશર ચંદનાદિનું વિલેપન કરવું; શબ્દ, રૂપ, રસ, ગંધ, વસ્ત્ર, આસન,

આભરણ ઈત્યાદિ અનેક ઉપભોગ સંબંધી જે અતિચાર લાગ્યા હોય તે દિવસ સંબંધી સર્વ અતિચારને હું પડિક્કમું છું. ૨૫

કંદપ્પે કુક્કુઈએ, મોહરિ અહિગરણ ભોગઅઈરિત્તે ॥ દંડંમિ [1]અણટ્ઠાએ, તઈઅંમિ ગુણવ્વએ નિંદે ॥૨૬॥

અર્થ :- કામભોગની કથા કરવી, લોકોને હાંસી આવે એવી કાયચેષ્ટા કરવી, વાચાળપણે અઘટિત વચન બોલવાં, શસ્ત્ર વગેરે સજ્જ કરવાં, ઉપભોગ-પરિભોગની વસ્તુ ખપ કરતાં વિશેષ રાખવી; અનર્થદંડ વિરમણ નામના ત્રીજા ગુણવ્રતને વિષે જે અતિચાર લાગ્યા હોય તેને હું નિંદું છું. ૨૬

તિવિહે દુપ્પણિહાણે, અણવટ્ઠાણે તહા સઈવિહૂણે ॥ સામાઈઅ વિતહકએ, પઢમે સિક્ખાવએ નિંદે ॥૨૭॥

અર્થ :- મન, વચન, કાયા એમ ત્રણ પ્રકારના દુઃપ્રણિધાન અર્થાત્ દુષ્ટ યોગ-વ્યાપારના ત્રણ અતિચાર, અવિનયપણે બે ઘડી કરતાં ઓછા વખતે સામાયિક પારવું. પ્રમાદથી સામાયિક લીધું છે કે નહિં તે યાદ ન રહેવું, એવી રીતે સામાયિક વિતથપણે અર્થાત્ ખોટી રીતે કરતાં; પ્રથમ શિક્ષાવ્રતને વિષે જે અતિચાર લાગ્યા હોય તેને હું નિંદું છું. ૨૭

---

૧. જેથી આત્મા નિરર્થક દંડાય તે અનર્થદંડ, તેના પાંચ અતિચાર આ ગાથામાં જણાવ્યા છે અને કેવા કેવા કારણે અનર્થદંડ થાય છે તે ૨૪, ૨૫મી ગાથામાં વર્ણવેલ છે.

દશમા વ્રતના અતિચાર

આણવણે પેસવણે, સદ્દે રૂવે અ પુગ્ગલક્ખેવે ॥ દેસાવગાસિઅંમિ, બીએ સિક્ખાવએ નિંદે ॥૨૮॥

અર્થ :- નિયમિત ભૂમિમાં બહારથી કોઈ ચીજ મંગાવવી, પરિમાણ ઉપરાંત ભૂમિને વિષે પોતાના કાર્ય માટે બીજાને મોકલવા, પરિમાણ ઉપરાંત ભૂમિએ રહેલાને ખોંખારાદિથી જણાવવું, તેને રૂપ દેખાડવું, તેવે સ્થળે કાંઈક પદાર્થ નાંખી પોતાપણું જણાવવું. આ પાંચ અતિચાર માંહેથી દેશાવગાસિક નામના બીજા શિક્ષાવ્રતને વિષે જે અતિચાર લાગ્યા હોય તેને હું નિંદું છું. ૨૮

અગિયારમા વ્રતના અતિચાર

સંથારુચ્ચારવિહિ, પમાય તહ-ચેવ ભોયણાભોએ ॥ પોસહવિહિ-વિવરીએ, તઈએ સિક્ખાવએ નિંદે ॥૨૯॥

અર્થ :- સંથારા સંબંધી બે પ્રકારના અર્થાત્ સંથારાને ન પડિલેહે, ન પ્રમાર્જે તથા પડિલેહે, પ્રમાર્જે તો કંઈક કરે અને કંઈક ન કરે અને લઘુનીતિ તથા વડીનીતિ સંબંધી બે પ્રકારના અર્થાત્ લઘુનીતિ અને વડીનીતિને પરઠવવાની ભૂમિને ન પડિલેહવી, ન પ્રમાર્જવી અને પડિલેહે, પ્રમાર્જે તો કાંઈક કરે અને કાંઈક ન કરે, એમ ચાર તથા ભોજન સંબંધી ચિંતા કરવી; અથવા પોસહ લીધો છે કે નહિ તે યાદ ન રહેવું. એ રીતે

+પોસહનો વિધિ વિપરીત કરવાથી ત્રીજા શિક્ષાવ્રતને વિષે જે અતિચાર લાગ્યા હોય તેને હું નિંદું છું. ૨૯

સચિત્તે નિક્ખિવણે, પિહિણે વવએસ મચ્છરે ચેવ ॥ કાલાઇક્કમદાણે, [૧]ચઉત્થે સિક્ખાવએ નિંદે. ॥૩૦॥

અર્થ :- સાધુને દેવાયોગ્ય ભોજન ઉપર સચિત્ત વસ્તુ મૂકવી; દેવાયોગ્ય વસ્તુને સચિત્ત પદાર્થ વડે ઢાંકવી; નહીં દેવાની બુદ્ધિએ પોતાની વસ્તુને પારકી કહેવી. અને દેવાની બુદ્ધિએ પરની વસ્તુને પોતાની કહેવી, ક્રોધ, અભિમાન; ઈર્ષ્યા કરતાં દાન દેવું. ગોચરીનો કાળ વીતી જતાં મુનિને આમંત્રણ કરવું. ચોથા શિક્ષાવ્રતને વિષે પૂર્વોક્ત અતિચાર મધ્યેથી જે અતિચાર લાગ્યા હોય તેને હું નિંદું છું. ૩૦

શબ્દાર્થ

સુહિએસુ - જ્ઞાનાદિકને વિષે જેનું હિત છે એવા સુવિહિતને વિષે અથવા સુખીને વિષે.
દુહિએસુ - વ્યાધિથી પીડાએલા તપે કરી દુર્બળ એવા દુઃખીને વિષે.
જા - જે.
મે - મને.
અસ્સંજએસુ-અ - નથી.
સ્વં - સ્વછંદે
યત - યત્ન એટલે પોતાની સ્વેચ્છાએ વિચરવાવાળા નહીં પણ ગુરુની આજ્ઞાએ વિચરવાવાળા એવા સુસાધુને વિષે. અથવા પાસત્થાદિને વિષે.

+ ધર્મની પુષ્ટિ કરે તે પૌષધ.

૧. તિથિ, પર્વાદિ લૌકિક વ્યવહારનો ત્યાગ કરે તે **અતિથિ**, તેમને આત્માર્થે નિર્દોષ અન્નાદિનું દાન કરવું તે અતિથિસંવિભાગ નામે ચોથું શિક્ષાવ્રત કહેવાય છે.

અણુકંપા - અનુકંપા-દયા.
સાહૂસુ - સાધુને વિષે.
સંવિભાગો - સંવિભાગ.
ચરણ - ચરણસિત્તરી.
કરણ - કરણસિત્તરી.
જુત્તેસુ - સહિત એવા.
સંતે - હોવા છતાં.
ફાસુઅદાણે - નિર્દોષ અશનાદિક.
ઇહલોએ - આલોકને વિષે.
પરલોએ - પરલોકને વિષે.
જીવિઅ - જીવવાની.
મરણે - મરવાની.
આસંસપઓગે - વાંચ્છાનો-મનનો વ્યાપાર.
પંચવિહો - પાંચ પ્રકારના.
મા - ન.
મજ્જ - મને.
હુજ્જ - હોજો.
મરણંતે - મરણાંત સુધી.
કાએણ - કાયાત્સર્ગ વગેરે કાયાના વ્યાપારથી.
કાઈઅસ્સ - કાયાથી વધ વગેરે કરાયેલા અતિચારને.
વાઈઅસ્સ - વચનના અતિચારને.
વાયાએ - જિનસ્તવ વગેરે વચનના વ્યાપારથી.
મણસા - મન વડે.
માણસિઅસ્સ - મનના અતિચારને.
વંદણ - બે પ્રકારનાં વંદન.
વય - બાર પ્રકારના વ્રત.
સિક્ખા - બે પ્રકારની શિક્ષા.
ગારવેસુ - ત્રણ ગારવને વિષે.
સન્ના - ચાર સંજ્ઞા.
કસાય - ચાર કષાય.
દંડેસુ - ત્રણ દંડને વિષે.
ગુત્તીસુ - ત્રણ ગુપ્તિને વિષે.
સમિઈસુ - પાંચ સમિતિને વિષે.
સમ્મદિટ્ઠી - સમ્યગ્દષ્ટિ.
જીવો - જીવ.
જઇવિ-હુ - જો કે નિશ્ચયે.
પાવં - પાપ.
સમાયારે - કરે.
કિંચિ - થોડું.
અપ્પો - અલ્પ.
સિ - તેનો (શ્રાવકનો)
બંધો - બંધ.
જેણ - કારણ કે.
નિદ્ધંધસં - નિર્દયપણે હિંસાનો વ્યાપાર.
કુણઇ - કરે.
તંપિ હુ - તેને પણ નિશ્ચયે.
સપડિક્કમણં - પ્રતિક્રમણ કરવાથી યુક્ત.
સપ્પરિઆવં - પશ્ચાત્તાપ કરવાથી યુક્ત.

સઉત્તરગુણં - ગુરુએ આપેલાં પ્રાયશ્ચિત્ત કરવાથી યુક્ત.
ખિપ્પં - શીઘ્રપણે.
ઉવસામેઈ - શમાવે છે.
વાહિવ્વ - વ્યાધિની જેમ.
સુસિક્ખિઓ - સારી રીતે શીખેલો.
વિજ્જો - વૈદ્ય.
જહા - જેમ.
વિસં - ઝેરને.
કુટ્ઠગયં - શરીરમાં વ્યાપેલા.
મંતમૂલ - મંત્ર મૂળના.
વિસારયા - જાણનારા.
વિજ્જા - વૈદ્યો.
હણંતિ - હણે છે.
મંતેહિં - મંત્રો વડે.
તો - તેથી.
નિવ્વિસં - વિષ રહિત.
અટ્ઠવિહં - આઠ પ્રકારના.
કમ્મં - કર્મને.

રાગદોસ - રાગદ્વેષથી.
સમજ્જિઅં - બાંધેલાં.
આલોઅંતો - ગુરુની સમીપે, પોતાનાં પાપ પ્રકાશતો.
નિંદંતો - આત્માની સાખે નિંદતો.
ખિપ્પં - શીઘ્ર.
હણઈ - હણે છે.
સુસાવઓ - ભલો શ્રાવક.
કયપાવો - કર્યું છે પાપ જેણે એવો.
અવિ - પણ.
મણુસ્સો - મનુષ્ય.
આલોઈય - પાપને પ્રકાશ કરતો.
નિંદિય - આત્માની સાખે નિંદતો.
ગુરુસગાસે - ગુરુની સમીપે.
અઈરેગ - અતિશય.
લહુઓ - હલકો.
ઓહરિઅભરુવ્વ - જેમ ભારને ઉતારીને.
ભારવહો - ભારને વહન કરનાર

સુહિએસુ અ દુહિએસુ અ; જા મે અસ્સંજએસુ [1]અણુકંપા ॥ રાગેણ વ દોસેણ વ, તં નિંદે તં ચ ગરિહામિ ॥૩૧॥

અર્થ :- જ્ઞાનાદિને વિષે હિત છે જેનું એવા સુવિહિતને વિષે તથા વ્યાધિથી પીડાયેલા, તપે કરીને દુર્બળ અને તુચ્છ

૧. અહીં અનુકંપાને નિંદી નથી પણ રાગ-દ્વેષની નિંદા કરી છે.

ઉપધિવાળા એવા દુ:ખીને +વિષે. તથા ગુરુ નિશ્રાએ વિચરનારા સુસાધુને વિષે, રાગથી (આ મારો પુત્ર છે. આ મારો સગો છે ઈત્યાદિ બુદ્ધિએ)વા દ્વેષથી (આ સાધુઓને કોઈ દેતું નથી, મલિન શરીરવાળા છે, આશ્રય વિનાના છે ઈત્યાદિ બુદ્ધિએ) મને જે અન્નાદિ દેવારૂપ અનુકંપા થઈ હોય તેને હું નિંદું છું અને ગુરુની સાખે ગર્હું છું, અથવા વસ્ત્રાદિકે સુખી, રોગવડે દુ:ખી એવા અસંયતી પાસત્થાદિકને રાગથી (આશીર્ભાવથી અથવા પરિચયાદિ કારણે) અથવા દ્વેષથી જે મને દયા થઈ હોય તેને નિંદું છું અને ગુરુની સાખે ગર્હું છું અથવા અસંયત એટલે છકાયનો વધ કરનારા બ્રાહ્મણ, ભીખારી આદિ સુખી અગર દુ:ખીને રાગ દ્વેષ કરીને દાન આપતાં જે અતિચાર લાગ્યો હોય તેને નિંદું છું અને ગુરુની સાખે ગર્હું છું. ૩૧

સાહૂસુ સંવિભાગો, ન કઓ તવચરણ-કરણ-જુત્તેસુ ॥ સંતે ફાસુઅદાણે, તં નિંદે તં ચ ગરિહામિ ॥૩૨॥

અર્થ :- તપ તથા ચરણસિત્તરી અને કરણસિત્તરીએ સહિત એવા સાધુઓને વિષે; નિર્દોષ અશનાદિક હોવા છતાં મારે સંવિભાગ (આતિથ્ય)ન કીધો હોય, તેથી જે અતિચાર લાગ્યા હોય તેને હું નિંદું છું અને ગુરુની સાખે ગર્હું છું. ૩૨

+ આથી લાંબું અશુભ આયુષ્ય બંધાય છે. જે માટે આગમમાં કહ્યું છે કે તેવા રૂપના સાધુ, બ્રાહ્મણ, સંયત, પાપકર્મને હણનાર અને તેનું પ્રત્યાખ્યાન કરનાર એ બધાની હિલના, નિંદા, ખિંસા, ગર્હા અગર અન્ય કોઈ અપ્રીતિના પ્રકારપૂર્વક અશનાદિકે કરી દાન આપે તો પ્રાણી અશુભ લાંબું આયુષ્ય બાંધે છે.

સંલેષણાના અતિચાર

ઇહલોએ પરલોએ, જીવિઅ-મરણે અ આસંસપઓગે ॥ પંચવિહો અઈયારો, મા મજ્ઝ હુજ્જ મરણં તે ॥૩૩॥

અર્થ :- ધર્મના પ્રભાવથી આ લોકને વિષે સુખની વાંચ્છા; તથા પરલોકમાં દેવેન્દ્રાદિના સુખની વાંચ્છા; અનશનને લીધે સન્માન દેખી જીવવાની વાંચ્છા; તથા દુઃખ આવે મરવાની વાંચ્છા; અને ચ શબ્દ થકી, કામભોગને વિષે તીવ્ર ઇચ્છા; સંલેષણા સંબંધી આ પાંચ પ્રકારના અતિચાર મને મરણાંત સુધી ન હોજો. ૩૩

ત્રણ યોગ વડે સર્વ વ્રતના અતિચાર

કાએણ કાઈઅસ્સ, પડિક્કમે વાઈઅસ્સ વાયાએ ॥ મણસા માણસિઅસ્સ, સવ્વસ્સ વયાઈઆરસ્સ ॥૩૪॥

અર્થ :- કાયાથી વધાદિકે કરાયેલા અતિચારને કાયોત્સર્ગાદિ જે કાયાના શુભ વ્યાપારને તેણે કરી; આળ પ્રમુખ દેવાના વચનના અતિચારને જિનસ્તવનાદિ શુભવચનના વ્યાપારે કરીને અને દેવતત્ત્વાદિને વિષે શંકા પ્રમુખ મનના અતિચારને અનિત્યાદિ ભાવનાના શુભ ચિંતવને કરીને; એમ સર્વ વ્રતના અતિચારને હું પડિક્કમું છું. ૩૪

[1]વંદણ [2]વય [3]સિક્ખાગા-રવેસુ[4] સન્ના[5]-[6]કસાય-દંડેસુ[7] ॥ ગુત્તીસુ અ સમિઈસુ અ, જો અઈઆરો [8]અ તં નિંદે ॥૩૫॥

અર્થ :- બે પ્રકારનાં વંદન, બાર પ્રકારનાં વ્રત, બે પ્રકારની શિક્ષા (ગ્રહણ અને આસેવન રૂપ), ત્રણ ગારવ, ચાર સંજ્ઞા, ચાર કષાય, ત્રણ દંડ, ત્રણ ગુપ્તિ, પાંચ સમિતિ અને ચ શબ્દથી શ્રાવકની અગિયાર પડિમા તેને વિષે જે અતિચાર લાગ્યો હોય તેને હું નિંદું છું. ૩૫

સમ્મદિટ્ઠિજીવો, જઈવિ હુ પાવં [9]સમાયરે-કિંચિ ॥ અપ્પો સિ હોઈ બંધો, જેણ ન

---

૧. ચૈત્યવંદન અને ગુરુવંદન. ૨. સ્થૂલપ્રાણાતિપાતવિરમણ આદિ શ્રાવકનાં બાર વ્રત. ૩. ગ્રહણ અને આસેવનરૂપ બે પ્રકારની શિક્ષા. તેમાં શ્રાવક સામાયિક આદિ સૂત્રાર્થ શીખે તે (૧) **ગ્રહણશિક્ષા** અર્થાત્ જઘન્યથી અષ્ટ પ્રવચનમાતા અને ઉત્કૃષ્ટથી **દશવૈકાલિક**ના છજ્જીવણીયા અધ્યયન સુધી અર્થ સાથે શીખે. (૨) **આસેવન શિક્ષા** તે નવકારથી માંડી શ્રાવકના દિવસ સંબંધી સર્વ ધર્માનુષ્ઠાન સેવે-પાળે તે. અર્થાત્ ઉઠતી વખતે નવકાર ગણીને જાગે. પછી પોતાનું સ્વરૂપ વિચારે. ઈત્યાદિ શ્રાદ્ધદિનકૃત્ય આદિ ગ્રંથોમાં કહેલાં શ્રાવકનાં અનુષ્ઠાનો પાળે.

૪. રસગારવ, ઋદ્ધિગારવ અને શાતાગારવ.

૫. ચાર દશ, અથવા સોળ સંજ્ઞા.

૬. કષ એટલે સંસાર, તેનો આય એટલે લાભ જેનાથી થાય તે કષાય ચાર છે, ક્રોધ, માન, માયા અને લોભ. ૭. જેના વડે ધર્મ-ધનથી આત્મા દંડાય તે દંડ ત્રણ છે, મન, વચન અને કાયા અથવા મિથ્યાત્વશલ્ય, માયાશલ્ય અને નિયાણશલ્યરૂપ છે.

૮. તયં ઈતિ પાઠાન્તરે. ૯. **સમાયરઈ** ઈતિ પાઠાન્તરમ્.

નિદ્ધંધસં કુણઈ ॥૩૬॥

અર્થ :- સમ્યગ્દષ્ટિ જીવ જો કે થોડું પણ પાપ કરે, તો પણ તેને અલ્પ બંધ હોય, કારણ કે તે નિર્દયપણે હિંસાદિ વ્યાપાર કરતો નથી. ૩૬

તંપિ હુ સપડિક્કમણં, સપ્પરિઆવં સઉત્તારગુણં ચ ॥ ખિપ્પં ઉવસામેઈ, વાહિવ્વ સુસિક્ખિઓ વિજ્જો ॥૩૭॥

અર્થ :- પ્રતિક્રમણ કરવે કરી, વળી પશ્ચાત્તાપ કરવે કરી. તેમજ ગુરુએ દીધેલા પ્રાયશ્ચિત્તાદિ કરવે કરી યુક્ત શ્રાવક, જેમ રૂડી રીતે શિખેલો વૈદ્ય વ્યાધિને ઉપશમાવે છે તેમ, નિશ્ચયથી તે અલ્પકર્મના બંધને શીઘ્રપણે ઉપશમાવે છે. ૩૭

જહા વિસં કુટ્ઠગયં, મંતમૂલવિસારયા ॥ વિજ્જા હણંતિ મંતેહિં, તો તં હવઈ નિવ્વિસં ॥૩૮॥

અર્થ :- જેમ શરીરમાં વ્યાપેલા સર્પાદિકના વિષને મંત્ર-મૂળના જાણનારા વૈદ્ય, મંત્રોએ કરીને નાશ કરે છે, તે વારે તે શરીર વિષ રહિત થાય છે. ૩૮

એવં અટ્ઠવિહં કમ્મં, રાગદોસ-સમજ્જિઅં ॥ આલોઅંતો અ નિંદંતો, ખિપ્પં હણઈ સુસાવઓ ॥૩૯॥

અર્થ :- એ જ પ્રમાણે ગુરુની સમીપે પોતાનાં પાપ પ્રકાશતો, વળી આત્મસાખે નિંદતો એવો ભલો શ્રાવક રાગ-દ્વેષથી બાંધેલાં એવાં આઠે પ્રકારનાં કર્મને શીઘ્ર હણે છે. ૩૯

કયપાવો વિ [1]મણુસ્સો, આલોઈય-નિંદિય ગુરુસગાસે ॥ હોઈ અઈરેગ લહુઓ, ઓહરિઅભરુવ્વ ભારવહો ॥૪૦॥

અર્થ :- જેમ ભારને વહન કરનાર ભારને ઉતારીને હળવો થાય છે તેમ કરેલાં છે પાપ જેણે એવો મનુષ્ય ગુરુની સમીપમાં જ પાપને પ્રકાશ કરતો થકો તથા આત્મસાખે નિંદા કરતો થકો પાપથી અત્યંત હળવો થાય છે. ૪૦

શબ્દાર્થ

આવસ્સએણ - આવશ્યક કરવાથી.
બહુરઓ - આરંભ તથા પરિગ્રહથી ઘણાં પાપવાળો.
દુક્ખાણં - પાપરૂપ દુઃખનો.
અંતકિરિઅં - નાશ.
કાહી - કરશે.
અચિરેણ - થોડા.
કાલેણ - કાળમાં.
આલોયણા - આલોવવાની રીતિ.
બહુવિહા - બહુ પ્રકારની છે.
સંભરિઆ - સંભારી હોય.
પડિક્કમણકાલે - પ્રતિક્રમણ કરવાને અવસરે.
મૂલગુણ - મૂળગુણને વિષે.
ઉત્તરગુણે - ઉત્તરગુણને વિષે.
નિંદે - હું નિંદુ છું.
ગરિહામિ - ગુરુની સાખે ગર્હું છું.
ધમ્મસ્સ - શ્રાવક ધર્મને.
કેવલિપન્નત્તસ્સ - કેવળીભાષિત.
અબ્ભુટ્ઠિઓમિ - હું ઉઠ્યો છું.
આરાહણાએ - આરાધનાને માટે.
વિરઓમિ - હું નિવર્ત્યો છું.
વિરાહણાએ - ધર્મની વિરાધનાથી.
પડિક્કંતો - પાપથી નિવર્ત્યો થકો.
ચિર-સંચિઅ - લાંબા કાળથી એકઠાં કરેલાં.

---
૧. મણસો ઇતિ પાઠાન્તરમ્.

પણાસણીઈ - નાશ કરનારી.
ભવ - ભવને.
સયસહસ્સ - શતસહસ્ર લાખ.
મહણીએ - હણનારી.
વિણિગ્ગય - મુખથી નીકળેલી.
કહાઈ - કથાએ કરવે કરીને.
વોલંતુ - વ્યતીત થાઓ.
દિઅહા - દિવસો.
મમ - મારે.
મંગલં - મંગળરૂપ હો.
અરિહંતા - અરિહંત ભગવાન.
સિદ્ધા - સિદ્ધ ભગવાન.
સાહૂ - સાધુ મહારાજા.
સુઅં - શ્રુતધર્મ.
ધમ્મો - ચારિત્ર ધર્મ.
સમ્મદિટ્ઠી - સમ્યગ્દૃષ્ટિ.
દેવા - દેવતાઓ.
દિંતુ - આપો.
સમાહિં - ચિત્તની સ્થિરતા.
બોહિં - સમ્યક્ત્વ.
પડિસિદ્ધાણં - નિષેધવા યોગ્ય અશુભ કાર્ય.
કરણે - કરવાથી.
કિચ્ચાણં - કરવા યોગ્ય શુભ કાર્ય.
અકરણે - ન કરવાથી.
પડિક્કમણં - પ્રતિક્રમણ છે.
અસદ્દહણે - સૂક્ષ્મ વિચાર ઉપર શ્રદ્ધા ન કરવાથી.
વિવરીય - વિપરીત.
પરૂવણાએ - પ્રરૂપણા કરવાથી.
ખામેમિ - ખમાવું છું.
સવ્વજીવે - સર્વ જીવોને.
સવ્વે - સર્વ.
જીવા - જીવો.
ખમંતુ - ખમજો.
મે - મારે.
મિત્તી - મૈત્રી છે.
સવ્વભૂએસુ - સર્વ જીવોની સાથે.
વેરં - વૈરભાવ.
મજ્ઝ - મારે.
કેણઈ - કોઈ જીવ સાથે.
અહં - મેં.
આલોઈઅ - પાપ આલોચ્યું. (પ્રકાશ્યું).
નિંદિઅ - આત્માની સાખે નિંદા કરી.
ગરહિઅ - ગુરુ સાખે ગર્હણા કરી.
દુગંછિઅં - દુર્ગંછા કરીને.
સમ્મં - સમ્યક્ પ્રકારે.
તિવિહેણ - ત્રિવિધે-મન, વચન, કાયાએ કરી.
પડિક્કંતો - પડિક્કમતો થકો. (પાછા હઠતો થકો).
વંદામિ - હું વંદના કરું છું.
જિણે - જિનને.
ચઉવ્વીસં - ચોવીશ.

આવસ્સએણ એએણ, સાવઓ જઈવિ બહુરઓ હોઈ ॥ દુક્ખાણમંતકિરિઅં, કાહી અચિરેણ કાલેણ ॥૪૧॥

અર્થ :- જો કે આરંભ તથા પરિગ્રહે કરી ઘણાં પાપ વાળો શ્રાવક હોય તો પણ આ પડિક્કમણાદિ આવશ્યક કરવાથી થોડા કાળમાં જ તે પાપરૂપ દુઃખોનો વિનાશ કરશે. ૪૧

વિસ્મૃત થયેલ અતિચાર

આલોઅણા બહુવિહા, ન ય સંભરિઆ પડિક્કમણકાલે ॥ મૂલગુણ-ઉત્તરગુણે, તં નિંદે તં ચ ગરિહામિ ॥૪૨॥

અર્થ :- ગુરુ પાસે પાપ આલોવવાની રીતિ ઘણા પ્રકારની છે, તે પ્રતિક્રમણ કરવાના અવસરે જે ન સાંભરી હોય; તે ન સંભારવા થકી મૂળગુણને વિષે તથા ઉત્તરગુણને વિષે જે અતિચાર લાગ્યો હોય; તેને આત્મસાખે નિંદું છું અને ગુરુની સાખે ગર્હું છું. ૪૨

તસ્સ ધમ્મસ્સ કેવલિપન્નત્તસ્સ ॥ અબ્ભુટ્ઠિઓમિ આરાહણાએ, વિરઓમિ વિરાહણાએ ॥ તિવિહેણ પડિક્કંતો, વંદામિ જિણે ચઉવ્વીસં ॥૪૩॥

અર્થ :- તે કેવળીભાષિત શ્રાવકધર્મની આરાધનાને માટે હું ઉઠ્યો છું, વળી તે ધર્મની વિરાધના થકી હું નિવર્ત્યો છું, ત્રિવિધે કરી નિવર્ત્યો થકો, ચોવીશ જિનને હું વાંદું છું. ૪૩

સર્વ ચૈત્યવંદન

જાવંતિ ચેઈઆઈં, ઉડ્ઢે અ અહે અ તિરિઅલોએ અ ॥ સવ્વાઈં તાઈં વંદે, ઇહ સંતો તત્થ સંતાઈં ॥૪૪॥

અર્થ :- પૂર્વે લખેલ છે. ૪૪. (પેજ નં. ૫૭માં જુઓ)

સર્વ સાધુવંદન

જાવંત કેવિ સાહૂ, ભરહેરવયમહાવિદેહે અ ॥ સવ્વેસિં તેસિં પણઓ, તિવિહેણ તિદંડવિરયાણં ॥૪૫॥

અર્થ :- પૂર્વે લખેલ છે. ૪૫. (પેજ નં. ૫૮માં જુઓ)

શુભ ભાવની પ્રાર્થના

ચિરસંચિય પાવપણાસણીઇ, ભવસય-સહસ્સ મહણીએ ॥ ચઉવીસ-જિણ-વિણિ-ગ્ગય-કહાઇ, વોલંતુ મે દિઅહા ॥૪૬॥

અર્થ :- ચિરકાળથી એકઠાં કરેલાં પાપનો નાશ કરનારી, શતસહસ્ર અર્થાત્ લક્ષ ભવને હણનારી, એવી ચોવીશ તીર્થંકરોના મુખથી નીકળેલી કથા કરવે કરીને મારા દિવસો વ્યતીત થાઓ. ૪૬

મમ મંગલમરિહંતા, સિદ્ધા સાહૂ સુઅંચધમ્મો અ ॥ [1]સમ્મદિટ્ઠી દેવા, દિંતુ સમાહિં ચ બોહિં ચ ॥૪૭॥

અર્થ :- શ્રીઅરિહંત, સિદ્ધ ભગવાન, વળી સાધુ મહારાજો, શ્રુતધર્મ તથા ચારિત્ર ધર્મ એ મારે મંગલરૂપ છે. વળી સમ્યગ્દૃષ્ટિ દેવતાઓ મને ધર્મને વિષે ચિત્તની સ્થિરતા તથા પરભવે સમ્યક્ત્વ (જિનધર્મની પ્રાપ્તિ) આપો. ૪૭

કયા કારણે પ્રતિક્રમણ કરવું ?

પડિસિદ્ધાણં કરણે, કિચ્ચાણમકરણે [2]પડિક્કમણં ॥ અસદ્દહણે અ તહા, વિવરીયપરૂવણાએ અ ॥૪૮॥

---

૧. અહીં કોઈ શંકા કરે કે દેવો સમાધિ-બોધિ આપવાને સમર્થ છે કે નહિં ? સમર્થ હોય તો સર્વને શા માટે નથી આપતા ? અને અસમર્થ હોય તો પ્રાર્થના કરવી ફોગટ છે. કદાચ યોગ્યતાવાળાને જ આપે એમ કહેશો તો પછી બકરીના ગળાના આંચળની માફક તેમની પ્રાર્થના કરવે કરીને શું ? તેનું શાસ્ત્રકાર સમાધાન કરે છે કે - સર્વત્ર યોગ્યતા એજ પ્રમાણ છે. પરંતુ જેમ ઘડો બનાવવાને માટીની યોગ્યતા છે ખરી, તો પણ કુંભાર, ચક્ર, ચીવર, દંડાદિક સર્વ તેનાં સહકારી કારણ છે. તેમ અહીં પણ ભવ્ય જીવની યોગ્યતા છતાં કુંભાર, ચક્રાદિ કારણની પેઠે બીજાની સહાયની જરૂર પડે છે. એટલે નડતાં વિઘ્નોનું નિવારણ કરી દેવતાઓ સમાધિ-બોધિ આપી શકે છે માટે પ્રાર્થના કરવી યોગ્ય છે.

૨. આ ગાથાથી વ્રતધારી અને અવ્રતી સર્વ જીવોએ અવશ્ય પ્રતિક્રમણ કરવું જોઈએ એમ સિદ્ધ થાય છે.

અર્થ :- નિષેધવા યોગ્ય (શંકા, વધાદિ અશુભ કાર્યને) કરવે કરી તથા કરવા યોગ્ય (દેવપૂજા, સામાયિકાદિ શુભ કાર્યને) ન કરવે કરી, વળી (નિગોદાદિ સૂક્ષ્મ વિચારને) અણસદહવે કરી અને જિનાગમથી વિરૂદ્ધ પ્રરૂપણા કરવે કરી જે પાપ લાગ્યું હોય તે દૂર કરવાને પ્રતિક્રમણ (કરવાનું) છે. ૪૮

સર્વજીવ પ્રત્યે ક્ષામણા

ખામેમિ સવ્વજીવે, સવ્વે જીવા ખમંતુ મે ॥ મિત્તી મે સવ્વભૂએસુ, વેરં મજ્ઝ ન કેણઈ ॥૪૯॥

અર્થ :- સર્વ જીવોને હું ખમાવું છું. સર્વ જીવો મારા અપરાધને ખમજો-માફ કરજો. મારે સર્વ જીવોની સાથે મૈત્રીભાવ છે. કોઈ જીવની સાથે મારે વૈરભાવ નથી. ૪૯

એવ-મહં આલોઈઅ, નિંદિઅ ગરહિઅ દુગંછિઅં સમ્મં ॥ તિવિહેણ પડિક્કંતો, વંદામિ જિણે ચઉવ્વીસં ॥૫૦॥

અર્થ :- આ પ્રમાણે સમ્યક્ પ્રકારે પાપ આલોચ્યું, આત્માની સાખે નિંદા કરી, ગુરુ સાખે ગર્હણા કરી અને દુર્ગંછા કરી અને ત્રિવિધે પડિક્કમતો થકો ચોવીશ જિનને હું વાંદું છું.૫૦

ઈતિ વંદિત્તા સૂત્ર. ૩૩

❀ ❀ ❀

૩૪. અબ્ભુટ્ઠિઓ (ગુરુખામણા) સૂત્ર

શબ્દાર્થ

અબ્ભિંતર - અંદર.
દેવસિઅં - દિવસના અપરાધને.
ખામેઉં - ખામવાને.
ખામેમિ - ખામું છું.
જં કિંચિ - જે કોઈ.
અપત્તિઅં - અપ્રીતિભાવ.
પરપત્તિઅં - વિશેષ અપ્રીતિભાવ.
ભત્તે - ભોજનને વિષે.
પાણે - પાણીને વિષે.
વિણએ - વિનયને વિષે.
વેઆવચ્ચે - વૈયાવચ્ચને વિષે.
આલાવે - એકવાર બોલવાને વિષે.
સંલાવે - વારંવાર બોલવાને વિષે.
ઉચ્ચાસણે - ગુરુથી ઉંચે આસને બેસવાને વિષે.
સમાસણે - ગુરુની બરાબર આસને બેસવાને વિષે.
અંતરભાસાએ - ગુરુ બોલતા હોય તેની વચ્ચે બોલવામાં.
ઉવરિભાસાએ - ગુરુએ કહેલી વાત તેને વધારીને વિશેષપણે કહેવામાં.
જં કિંચિ - જે કાંઈ.
મજ્ઝ - મેં.
વિણયપરિહીણં - વિનય રહિતપણું કર્યું હોય.
સુહુમં - સૂક્ષ્મ.
બાયરં - બાદર-સ્થૂળ.
તુબ્ભે - તમે.
જાણહ - જાણો છો.
ન જાણામિ - જાણતો નથી.

ઈચ્છાકારેણ સંદિસહ ભગવન્ ! અબ્ભુટ્ઠિઓમિ અબ્ભિંતર દેવસિઅં ખામેઉં ? ઈચ્છં, ખામેમિ દેવસિઅં.

અર્થ :- હે ભગવન્ ! ઈચ્છાપૂર્વક આપ મને આદેશ આપો, હું દિવસમાં કરેલા અપરાધને ખમાવવાને ઉઠ્યો છું. ગુરુ કહે (ખામેહ) ખમાવો, શિષ્ય કહે (ઈચ્છં) હું એ જ ઈચ્છું છું. (અને) દિવસ સંબંધી અપરાધ પ્રત્યે ખામું છું.

જંકિંચિ અપત્તિઅં, પરપત્તિઅં, ભત્તે, પાણે, વિણએ, વેયાવચ્ચે, આલાવે, સંલાવે, ઉચ્ચાસણે, સમાસણે, અંતર-ભાસાએ, ઉવરિભાસાએ.

અર્થ :- જે કાંઈ અપ્રીતિભાવ કે વિશેષ અપ્રીતિભાવ ઉપજાવ્યો હોય (શેને વિષે ?) ભોજનને વિષે, પાણીને વિષે, વિનયને વિષે, વૈયાવચ્ચને વિષે, એક વાર બોલવાને વિષે, વારંવાર બોલવાને વિષે, ગુરુથી ઉંચા આસને બેસવાને વિષે, ગુરુની બરાબર આસને બેસવાને વિષે, ગુરુ બોલતા હોય તેની વચ્ચે બોલવામાં, ગુરુએ કહેલી વાત વિશેષપણે કહેવામાં.

જંકિંચિ મજઝ વિણય-પરિહીણં, સુહુમં વા બાયરં વા, તુબ્ભે જાણહ, અહં ન જાણામિ, તસ્સ મિચ્છા મિ દુક્કડં ॥

અર્થ :- જે કાંઈ મારે (જીવે) સૂક્ષ્મ વા સ્થૂલ વિનય રહિત-પણું કર્યું હોય તે તમે જાણો છો; હું જાણતો નથી તે મારું પાપ મિથ્યા થાઓ.

ગુરુ (૧૫), લઘુ (૧૧૧), સર્વવર્ણ (૧૨૬).

❀ ❀ ❀

૩૫. આયરિય [1]ઉવજ્ઝાએ સૂત્ર

શબ્દાર્થ

આયરિય - આચાર્ય.
ઉવજ્ઝાએ - ઉપાધ્યાય.
સીસે - શિષ્ય.
સાહમ્મિએ - સાધર્મી.
કુલ - એક આચાર્યનો પરિવાર.
ગણે - એક વાચનાવાળો ઘણા આચાર્યનો પરિવાર.
કેઈ - કોઈ પણ પ્રકારનો.
કસાયા - કષાય કર્યો હોય.
સવ્વે - તે સર્વને.
તિવિહેણ - ત્રિવિધે કરીને.
ખામેમિ - હું ખામું છું.
સવ્વસ્સ - સર્વ.
સમણસંઘસ્સ - શ્રમણસંઘરૂપ.
ભગવઓ - ભગવંતના સંબંધમાં કરેલા અપરાધ પ્રત્યે.
અંજલિં - બે હાથ.
કરિય - જોડીને.
સીસે - મસ્તક ઉપર.
ખમાવઈત્તા - ખમાવીને.
ખમામિ - ખમું છું.
સવ્વસ્સ - સર્વના કરેલા અપરાધને.
અહયંપિ - હું પણ.
જીવરાસિસ્સ - જીવોના સમૂહના સંબંધમાં કરેલા અપરાધ પ્રત્યે.
ભાવઓ - ભાવથી.
ધમ્મ - ધર્મને વિષે.
નિહિય - સ્થાપ્યું છે.
નિયચિત્તો - પોતાનું ચિત્ત જેણે.
ખમાવઈત્તા - ખમાવીને.

આયરિય ઉવજ્ઝાએ, સીસે, સાહમ્મિએ કુલગણે અ ॥ જે મે કેઈ કસાયા, સવ્વે તિવિહેણ ખામેમિ ॥૧॥

અર્થ :- આચાર્ય, ઉપાધ્યાય તેમના શિષ્ય, સાધર્મી, એક આચાર્યનો પરિવાર, તથા ઘણા આચાર્યનો પરિવાર, તે સર્વેના

---

૧. આ સૂત્રવડે આચાર્ય, ઉપાધ્યાય, શિષ્ય, સાધુ સમુદાય, સંઘ અને સર્વ જીવોની સાથે ક્ષામણા થાય છે, માટે સૂત્ર બોલતી વખતે બરાબર ઉપયોગ રાખવામાં આવે તો કર્મનિર્જરા થાય.

ઉપર જે કોઈપણ પ્રકારનો કષાય મારે જીવે કર્યો હોય તે સર્વેને ત્રિવિધે કરી ખામું છું. ૧

સવ્વસ્સ સમણ-સંઘસ્સ, ભગવઓ અંજલિં કરિયસીસે ॥ સવ્વં ખમાવઈત્તા, ખમામિ સવ્વસ્સ અહયંપિ ॥૨॥

અર્થ :- સર્વ શ્રમણ સંઘરૂપ ભગવંતના સંબંધમાં કરેલ જે અપરાધ તે સર્વ અપરાધને મસ્તકની ઉપર બે હાથ જોડીને ખમાવીને તે સર્વના કરેલા અપરાધને હું પણ ખમું છું. ૨

સવ્વસ્સ જીવરાસિસ્સ, ભાવઓ ધમ્મ નિહિય-નિયચિત્તો ॥ સવ્વં ખમાવઈત્તા, ખમામિ સવ્વસ્સ અહયંપિ ॥૩॥

અર્થ :- ભાવથી ધર્મને વિષે સ્થાપ્યું છે પોતાનું ચિત્ત જેણે એવો હું સર્વ જીવોના સમૂહના સંબંધમાં કરેલા અપરાધ પ્રત્યે, સર્વને ખમાવીને, હું પણ સર્વ પ્રત્યે ખમું છું. ૩.

ગાથા (૩),પદ (૧૨), ગુરુ (૧૯), લઘુ (૯૧), સર્વવર્ણ (૧૧૦)

ઈતિ ખામણા સૂત્ર ૩૫.

❀ ❀ ❀

૩૬. નમોડસ્તુ વર્દ્ધમાનાય[1]

શબ્દાર્થ

ઈચ્છામો - અમે ઈચ્છીએ છીએ.	ખમાસમણાણં - ક્ષમાશ્રમણને.
અણુસટ્ઠિં - ગુરુ આજ્ઞાને.	અસ્તુ - થાઓ.

૧. સંધ્યા પ્રતિક્રમણ કરતી વખતે છ આવશ્યક પૂરાં થયા પછી તેના હર્ષ નિમિત્તે શ્રી વીર પરમાત્માની સ્તુતિ બોલાય છે.

વર્દ્ધમાનાય - વર્દ્ધમાનસ્વામીને.
સ્પર્દ્ધમાનાય - સ્પર્ધા કરનાર.
કર્મણા - કર્મની સાથે.
તજ્જય - તે કર્મના જયથી.
અવાપ્તમોક્ષાય - મોક્ષને પ્રાપ્ત થયેલા.
પરોક્ષાય - આંખથી પર.
કુતીર્થિનામ્ - મિથ્યાત્વીઓને.
યેષાં - જેઓના.
વિકચ - ખીલેલા.
અરવિંદ - કમળોની.
રાજ્યા - પંક્તિ વડે.
જ્યાયઃ - પ્રશંસા કરવા યોગ્ય.
ક્રમ - ચરણરૂપ.
કમલાવલિં - કમળની શ્રેણીને.
દધત્યા - પોતાની ઉપર ધારણ કરતી.
સદૃશૈ - સરખાની સાથે.
ઈતિ - એ પ્રકારે.
સંગતં - મળવું.
પ્રશસ્યં - પ્રશંસનીય.
કથિતં - કહેલું છે.
સંતુ - થાઓ.
શિવાય - મોક્ષને અર્થે.
તે - તે.
જિનેંદ્રાઃ - જિનેન્દ્રો.
કષાયતાપ - કષાયરૂપ તાપથી.
અર્દિત - પીડિત એવા.
જંતુ - પ્રાણીઓને.
નિર્વૃતિં - શાન્તિ.
કરોતિ - કરે છે.
યો - જે.
જૈન - ગણધરના.
મુખ - મુખરૂપી.
અંબુદ - મેઘથી.
ઉદ્ગતઃ - નીકળેલો.
સ - તે.
શુક્રમાસ - જેઠ માસમાં.
ઉદ્ભવ - ઉત્પન્ન થયેલા.
વૃષ્ટિ - વર્ષાદના.
સંનિભો - જેવો.
દધાતુ - કરો.
તુષ્ટિં - સંતોષ.
મયિ - મારે વિષે.
વિસ્તરો - વિસ્તાર.
ગિરાં - વાણીનો.

ઈચ્છામો અણુસટ્ઠિં, નમો ખમાસમણાણં ॥
નમોઽર્હત્૦ ॥

અર્થ :- અમે ગુરુ આજ્ઞાને ઇચ્છીએ છીએ; ક્ષમાશ્રમણને નમસ્કાર થાઓ.

નમોઽસ્તુ વર્દ્ધમાનાય, સ્પર્દ્ધમાનાય કર્મણા ॥ તજ્જયાવાપ્તમોક્ષાય, પરોક્ષાય કૂતીર્થિનામ્ ॥૧॥

અર્થ :- કર્મની સાથે સ્પર્દ્ધાના કરનાર, તે કર્મનો જય કરીને મોક્ષ પ્રાપ્ત કરનાર અને કુતીર્થિઓથી પરોક્ષ એવા વર્દ્ધમાનસ્વામિને નમસ્કાર થાઓ. ૧

યેષાં વિકચારવિન્દરાજ્યા, જ્યાયઃ-ક્રમ-કમલાવલિં દધત્યા ॥ સદૃશૈરિતિ સંગતં પ્રશસ્યં, કથિતં સન્તુ શિવાય તે જિનેન્દ્રાઃ ॥૨॥

અર્થ :- જે જિનેન્દ્રોની પ્રશંસનીય ચરણકમળની શ્રેણીને (પોતાની ઉપર) ધારણ કરતી એવી વિકસ્વર કમળોની શ્રેણી તેનું સરખાની સાથે મળવું તે અતિ પ્રશંસનીય છે એમ કહેલું છે, તે જિનેન્દ્રો મોક્ષને અર્થે થાઓ. ૨

કષાયતાપાર્દિત-જન્તુનિર્વૃતિં, કરોતિ યો જૈનમુખામ્બુદોદ્ગતઃ ॥ સ શુક્રમાસોદ્ભવવૃષ્ટિસન્નિભો, દધાતુ તુષ્ટિં મયિ વિસ્તરો ગિરામ્ ॥૩॥

અર્થ :- જે ગણધર મહારાજના મુખરૂપી મેઘથકી નિકળેલ વાણીનો વિસ્તાર, કષાયરૂપ તાપથી પીડિત એવા પ્રાણીઓને શાન્તિ કરે છે, વળી જે જ્યેષ્ઠ માસમાં ઉત્પન્ન થયેલા વરસાદ સરખો છે, તે (સિદ્ધાન્તરૂપ વાણીનો વિસ્તાર) મારે વિષે સંતોષ કરો. ૩.

❀ ❀ ❀

૩૭. વિશાલલોચન[૧]

શબ્દાર્થ

વિશાલ - વિશાળ છે.
લોચનદલં - નેત્રરૂપી પત્ર જેમાં.
પ્રોદ્યત્ - પ્રકાશમાન.
દંતાંશુ - દાંતના કિરણરૂપ.
કેસરં - કેસરવાળું.
પ્રાતઃ - પ્રાતઃકાળે.
વીરજિનેન્દ્રસ્ય - શ્રી વીર ભગવાનનું.
મુખપદ્મં - મુખરૂપી કમળ.
પુનાતુ - પવિત્ર કરો.
વઃ - તમને.
યેષાં - જે જિનેન્દ્રોનું.
અભિષેકકર્મ - સ્નાન કર્મ.
કૃત્વા - કરીને.
મત્તા - ઉન્મત્ત થયેલા.
હર્ષભરાત્ - હર્ષના સમૂહથી.
સુખં - સુખરૂપ.
સુરેન્દ્રાઃ - દેવતાના ઇન્દ્રો.
તૃણમપિ - તૃણ તુલ્ય પણ.
ગણયન્તિ - ગણતા.
નૈવ - નથી જ.
નાકમ્ - સ્વર્ગને.
પ્રાતઃ - પ્રાતઃકાળે.
સંતુ - થાઓ.
શિવાય - મોક્ષને અર્થે.
તે - તે.
જિનેંદ્રાઃ - જિનેન્દ્રો.
કલંક - કલંકથી.
નિર્મુક્તમ્ - રહિત.
અમુક્ત - નથી મુકાણી.
પૂર્ણતં - પૂર્ણતા જેની.
કુતર્ક - કુતર્ક કરનારા અન્ય મતિરૂપ.
રાહુ - રાહુને.
ગ્રસનં - ભક્ષણ કરનાર.
સદોદયં - હંમેશાં ઉદય પામેલા.
અપૂર્વચંદ્રં - અપૂર્વ ચંદ્રરૂપ.

---

૧. પ્રભાત સમયે રાઈ પ્રતિક્રમણના છ આવશ્યક પછી આ સ્તુતિ બોલાય છે માટે પ્રાભાતિક-વીર-સ્તુતિઃ એ નામ પણ આપવામાં આવેલ છે.

જિનચંદ્ર - જિનચંદ્રના.
ભાષિતં - આગમને.
દિનાગમે - પ્રભાત સમયે.
નૌમિ - હું નમસ્કાર કરું છું.
બુધૈ - પંડિતોએ.
નમસ્કૃતં - નમસ્કાર કરેલા.

વિશાલ-લોચન-દલં, પ્રોદ્યદન્તાંશુ-કેસરમ્ ।। પ્રાતર્વીરજિનેન્દ્રસ્ય, મુખપદ્મં પુનાતુ વઃ ।।૧।।

અર્થ :- જે મુખકમળને વિષે વિશાળ નેત્રોરૂપ પત્ર છે તથા અત્યંત ઝળહળતા એવા દાંતના કિરણરૂપ કેસર (સુગંધના કણીયા) છે, તે વીર જિનેન્દ્રનું મુખકમળ પ્રભાત સમયે તમને પવિત્ર કરો. ૧

યેષામભિષેકકર્મ કૃત્વા, મત્તા હર્ષ-ભરાત્ સુખં સુરેન્દ્રાઃ ।। તૃણમપિ, ગણયન્તિ નૈવ નાકં, પ્રાતઃ સન્તુ શિવાય તે જિનેન્દ્રાઃ ।।૨।।

અર્થ :- જે જિનેન્દ્રોના અભિષેક કાર્યને કરીને, હર્ષના સમૂહમાં મગ્ન થયેલા એવા દેવેન્દ્રો, દેવલોક સંબંધી સુખને તૃણ તુલ્ય પણ ગણતા નથી જ, તે જિનેન્દ્રો પ્રભાત સમયે મોક્ષને અર્થે થાઓ. ૨

કલંકનિર્મુક્તમમુક્તપૂર્ણતં,
કુતર્ક-રાહુગ્રસનં સદોદયમ્ ।।
અપૂર્વચંદ્રં જિનચન્દ્રભાષિતં,
દિનાગમે નૌમિ, બુધૈર્નમસ્કૃતમ્ ।।૩।।

અર્થ :- જે જિનચન્દ્રનું આગમ કલંક રહિત છે, નથી મુકાણી પૂર્ણતા જેની એવું છે, કુતર્ક કરનારા પરદર્શની રૂપ રાહુને ભક્ષણ કરનાર છે, નિરંતર ઉદય પામેલા અપૂર્વ ચંદ્ર સમાન છે અને જેને પંડિતોએ નમસ્કાર કરેલો છે, તે જિનચન્દ્રના આગમને હું પ્રભાત સમયે નમસ્કાર કરું છું. ૩

❀ ❀ ❀

૩૮. શ્રુતદેવતાની સ્તુતિ[1]

શબ્દાર્થ

સુઅદેવયાએ - શ્રુતદેવતાને અર્થે.
સુઅદેવયા - શ્રુતદેવતા.
ભગવઈ - ભગવતી.
નાણાવરણીય - જ્ઞાનાવરણીય.
કમ્મસંઘાયં - કર્મના સમૂહને.
તેસિં - તેઓનાં.
ખવેઉ - ક્ષય કરો.
સયયં - નિરંતર.
જેસિં - જેઓની.
સુઅસાયરે - શ્રુતરૂપ સાગરને વિષે.
ભત્તી - ભક્તિ છે.

સુઅદેવયાએ કરેમિ કાઉસ્સગ્ગં૦ ॥

સુઅદેવયા ભગવઈ, નાણાવરણીય-કમ્મસંઘાયં ॥ તેસિં ખવેઉ સયયં, જેસિં સુઅસાયરે ભત્તી ॥૧॥

અર્થ :- શ્રુતદેવતાને (સ્મરણ કરવા) અર્થે કાઉસ્સગ્ગ કરું છું. ભગવતી શ્રુતદેવતા (સરસ્વતી) જેઓની શ્રુતસાગરને

---

૧. અહીં વંદણવત્તિઆએ ન કહેતાં **અન્નત્થ ઊસસિએણં** કહેવું. તેનું કારણ એ છે કે દેવતાઓ અવિરતિ હોવાથી તેમને વંદન પૂજન થાય નહિ, સ્મરણ પ્રાર્થના તો થાય, તે વાત વંદિત્તાની ફુટનોટમાં જણાવેલ છે.

વિષે નિરંતર ભક્તિ છે તેઓના જ્ઞાનાવરણીય કર્મના સમૂહને ક્ષય કરો !

ગાથા (૧), પદ (૪), સંપદા (૪), ગુરુ (૨), લઘુ (૩૫), સર્વવર્ણ (૩૭).

❀ ❀ ❀

૩૯. ક્ષેત્રદેવતાની સ્તુતિ

શબ્દાર્થ

જીસે - જેના.
ખિત્તે - ક્ષેત્રને વિષે.
સાહૂ - સાધુઓ.
દંસણ - દર્શન.
નાણેહિં - જ્ઞાન વડે.
ચરણ - ચારિત્ર.
સહિએહિં - સહિત.
સાહંતિ - સાધે છે.
મુક્ખમગ્ગં - મોક્ષમાર્ગને.
સા - તે.
દેવી - દેવી.
હરઉ - હરણ કરો.
દુરિયાઈં - પાપોને.

ખિત્તદેવયાએ કરેમિ કાઉસ્સગ્ગં૦

જીસે ખિત્તે સાહૂ, દંસણ-નાણેહિં ચરણ-સહિએહિં ॥ સાહંતિ મુક્ખમગ્ગં, સા દેવી હરઉ દુરિયાઈં ॥૧॥

અર્થ :- જેના ક્ષેત્રને વિષે સાધુ મુનિરાજ ચારિત્ર સહિત દર્શન-જ્ઞાનવડે મોક્ષમાર્ગને સાધે છે, તે દેવી દુરિતો (પાપો)ને હરણ કરો.

ગાથા (૧), પદ (૪), સંપદા (૪), લઘુ (૩૩), ગુરુ (૩), સર્વવર્ણ (૩૬).

❀ ❀ ❀

૪૦. કમલદલ સ્તુતિ[1]

શબ્દાર્થ

કમલદલ - કમળનાં પત્ર જેવાં.
વિપુલ - વિશાળ.
નયના - નેત્રવાળી.
કમલમુખી - કમલના જેવા મુખવાળી.
કમલગર્ભ - કમળના ગર્ભની.
સમ - સમાન.
ગૌરી - ગૌરવર્ણવાળી.
કમલે - કમળમાં.
સ્થિતા - રહેલી.
ભગવતી - ભગવતી.
દદાતુ - આપો.
શ્રુતદેવતા - શ્રુતદેવતા-સરસ્વતી.
સિદ્ધિં - સિદ્ધિને.

કમલ-દલ-વિપુલ-નયના, કમલમુખી કમલગર્ભ-સમગૌરી ॥ કમલે સ્થિતા ભગવતી, દદાતુ શ્રુતદેવતા સિદ્ધિમ્ ॥૧॥

અર્થ :- કમળના પત્ર સરખા વિસ્તીર્ણ નેત્રોવાળી, કમળના જેવા મુખવાળી, કમળના ગર્ભની જેવા ગૌરવર્ણવાળી અને કમળને વિષે રહેલી એવી ભગવતી શ્રુતદેવતા સિદ્ધિ આપો. ૧

ગાથા (૧), પદ (૪), લઘુ (૪૦), ગુરુ (૪), સર્વ વર્ણ (૪૪).

❀ ❀ ❀

૪૧. અઢ્ઢાઇજ્જેસુ (મુનિવંદન[2]) સૂત્ર

શબ્દાર્થ

અઢ્ઢાઇજ્જેસુ - અઢી.
દીવસમુદ્દેસુ - દ્વીપ અને બે સમુદ્ર સંબંધી.
પનરસસુ - પંદર.
કમ્મભૂમીસુ - કર્મભૂમિને વિષે.

---

૧. આ થોય સ્ત્રીઓએ સુઅદેવયાની સ્તુતિના બદલે કહેવાની છે. અને સમસંસ્કૃત ભાષામાં છે.

૨. આ સૂત્રવડે અઢી દ્વીપ અને બે સમુદ્રમાં રહેલા સર્વ મુનિ મહારાજાને વંદન થાય છે. માટે મુનિવંદન સૂત્ર.

રયહરણ - રજોહરણ-ઓઘો.
ગુચ્છ - ગુચ્છક.
પડિગ્ગહ - પાત્રાંને.
ધારા - ધરનારા.
પંચ - પાંચ.
મહવ્વય - મહાવ્રતને.
ધારા - ધારણ કરનારા.
અઠ્ઠારસ - અઢાર.
સહસ્સ - હજાર.
સીલંગધારા - શીલના અંગને ધરનાર.
અક્ખય - સંપૂર્ણ.
આયાર - આચારરૂપ.
ચરિત્તા - ચારિત્રના પાળનારા.
સિરસા - મસ્તકે.
મણસા - મને કરી.
મત્થએણ વંદામિ - હું વંદના કરું છું.

અઢ્ઢાઈજ્જેસુ દીવસમુદેસુ, પનરસસુ કમ્મભૂમીસુ ॥ જાવંત કેવિ સાહૂ, રયહરણગુચ્છ-પડિગ્ગહધારા ॥

અર્થ :- અઢી દ્વીપ તથા બે સમુદ્ર સંબંધી પંદર કર્મભૂમિને વિષે જેટલા કોઈ સાધુ, રજોહરણ (ઓઘો) પાત્રાની ઝોળી અને પાત્રાં વગેરે ધર્મોપકરણના ધારણ કરનારા વળી.

પંચમહવ્વયધારા, અઠ્ઠારસસહસ્સસીલંગ-ધારા ॥ *અક્ખયાયાર ચરિત્તા, તે સવ્વે સિરસા મણસા મત્થેણ વંદામિ ॥૧॥

અર્થ :- પાંચ મહાવ્રતને ધારણ કરનારા, અઢાર હજાર શીલ-ચારિત્રના અંગના ધરનારા, સંપૂર્ણ આચારરૂપ ચારિત્રના પાળનારા, તે સર્વને, મસ્તકે કરીને, મને કરીને હું વાંદું છું. ૧

લઘુ (૭૨), ગુરૂ (૧૩), સર્વ વર્ણ (૮૫)

---

* અક્ખયાયાર ઇતિ પાઠાન્તરે.

૪૨. વરકનક સૂત્ર (એકસો [1]સિત્તેર જિન સ્તુતિ)

શબ્દાર્થ

વર - ઉત્તમ.
કનક - સુવર્ણ.
શંખ - શંખ.
વિદ્રુમ - પરવાળાં.
મરકત - નીલમ.
ઘન - મેઘના.
સંનિભં - જેવા વર્ણવાળા.
વિગતમોહમ્ - મોહ રહિત.
સપ્તતિશતમ્ - એકસો સિત્તેર.
જિનાનાં - તીર્થંકરોને.
સર્વામર - સર્વ દેવતાઓએ.
પૂજિતં - પૂજેલાને.

વરકનક-શંખ-વિદ્રુમ,-મરકત-ઘનસન્નિભં વિગતમોહમ્ ॥ સપ્તતિશતં જિનાનાં, સર્વામર-પૂજિતં વન્દે ॥૧॥

અર્થ :- ઉત્તમ સુવર્ણ, શંખ, પરવાળાં, નીલમ અને સજળ મેઘના જેવા વર્ણવાળા અને મોહ વિનાના, તેમજ સર્વ દેવતાઓથી પૂજિત એવા એકસો સિત્તેર તીર્થંકરોને હું વંદના કરું છું.

❀ ❀ ❀

૪૩. [2]લઘુશાન્તિ સ્તવ સૂત્ર

શબ્દાર્થ

શાન્તિ - શાન્તિનાથ ભગવાનને.
શાન્તિનિશાન્તં - શાન્તિના સ્થાનરૂપ.
શાન્તમ્ - રાગ-દ્વેષ રહિત.
શાન્ત - શાન્ત થયા છે.

---

૧. આ સૂત્રવડે જગચિંતામણિની ફુટનોટમાં વર્ણવ્યા મુજબ ઉત્કૃષ્ટ કાળે વિચરતા ૧૭૦ જિનોને તેમના વર્ણવડે સ્તવેલા છે.

૨. બૃહદ્‌ગચ્છીય પ્રસિદ્ધપ્રભાવી **શ્રીમાનદેવસૂરિ શ્રીનાડુલ** નગર મધ્યે ચોમાસું હતા. તે વખતે **શ્રીશાકંભરી** નગર મધ્યે શાકિનીએ કરેલ મરકીના

અશિવં - ઉપદ્રવ જેનાથી.
નમસ્કૃત્ય - નમસ્કાર કરીને.
સ્તોતુઃ - સ્તુતિ કરનારની.
શાન્તિનિમિત્તં - શાન્તિના કારણરૂપ.
મંત્રપદૈઃ - મંત્રોના પદવડે.
શાન્તયે - શાન્તિને અર્થે.
સ્તૌમિ - હું સ્તુતિ કરુ છું.
ઓમ્ ઈતિ - ૐ એવું.
નિશ્ચિતવચસે - નિશ્ચયવાચક પદ છે જેમનું.
નમો નમો - વારંવાર નમસ્કાર થાઓ.

ભગવતે - સમગ્ર ઐશ્વર્યવાળા.
અર્હતે - યોગ્ય.
પૂજાં - પૂજાને
શાંતિજિનાય - શાંતિનાથ ભગવાનને.
જયવતે - રાગાદિકને જિતનારા.
યશસ્વિને - યશવાળાને.
સ્વામિને - સ્વામિને.
દમિનામ્ - ઈન્દ્રિયોને દમન કરનારા મુનિઓના.
સકલ - સર્વ.
અતિશેષક - ચોત્રીશ અતિશય રૂપ.

ઉપદ્રવે શ્રીસંઘ પીડાવાથી, તે શ્રીસંઘે માણસો મોકલી **શ્રીમાનદેવસૂરિ**ને હકીકત જાહેર કરી તે ઉપદ્રવ નિવારવા માટે વિનંતી કરી. તેથી પદ્મા, જયા, વિજયા અને અપરાજિતા એ ચાર દેવીઓનું સાન્નિધ્ય છે જેમને એવા અને અત્યંત કરુણાભાવે કરીને સહિત એવા તે સૂરિએ ઉપદ્રવ નિવારવા અર્થે આ લઘુ **શાન્તિસ્તવ**ની રચના કરીને શાકંભરીના સંઘને મોકલ્યું. તેથી આ સ્તવન પોતે ભણવાથી અગર અન્ય પાસે સાંભળવા થકી અને સ્તવવડે મંત્રિત જળ છાંટવાથી ઉપદ્રવ નાશ પામ્યો અને શાન્તિ થઈ. આ પ્રમાણે આ સ્તોત્રની રચના **શ્રી નાડુલ મધ્યે શ્રીમાનદેવસૂરિએ** કરી. શાકંભરી સંઘનો ઉપદ્રવ શાન્ત થયો તેથી સર્વત્ર શાન્તિને અર્થે આ સ્તોત્ર ગણાય છે. હાલમાં દૈવસિક પ્રતિક્રમણના અંતે પણ બોલાય છે. આ **શાન્તિ** પ્રતિક્રમણમાં ક્યારે દાખલ થઈ તે વિષે વૃદ્ધવાદ એવો છે કે શ્રી માનદેવસૂરિએ બનાવ્યા પછી માંગલિક અર્થે તે સર્વત્ર ગણાતી, (પાછળથી એટલે આજથી લગભગ ૫૦૦) વર્ષ અગાઉ એક **યતિજીશ્રી ઉદેપુરમાં** હતા. તેમની પાસે શ્રાવકો હરવખત માંગલિક અર્થે શાન્તિ સાંભળવા આવતા. લોકો વારંવાર આવી કંટાળો આપવા લાગ્યા, તેથી પ્રતિક્રમણમાં દુક્ખક્ખય કમ્મક્ખયના કાઉસ્સગ્ગને અંતે શાન્તિ કહેવી, જેથી સૌના સાંભળવામાં આવે એવો ઠરાવ કર્યો. ત્યારથી તે રીવાજ પ્રચલિત થયો.

મહાસંપત્તિ - મોટી સંપત્તિએ.
સમન્વિતાય - સહિતને.
શસ્યાય - પ્રશંસા કરવા યોગ્ય.
ત્રૈલોક્ય - ત્રણ લોકના જીવને.
પૂજિતાય - પૂજેલાને.
નમોનમઃ - વારંવાર નમસ્કાર થાઓ.
શાન્તિદેવાય - શ્રી શાન્તિનાથને.
સર્વામર - સર્વ દેવતાઓના.
સુસમૂહ - સુંદર સમૂહ.
સ્વામિક - તેમના સ્વામી ચોસઠ ઈન્દ્રોથી.
સંપૂજિતાય - પૂજાએલાને.
ન જિતાય - દેવતાઓથી પણ નહિ જીતાએલાને.
ભુવન - ત્રણ ભુવનના.
જન - લોકોનું.
પાલન - પાલન કરવામાં.
ઉદ્યતતમાય - અતિશય સાવધાન એવા તે.
સતતં - હંમેશાં.
તસ્મૈ - તેને.
દુરિતૌઘ - પાપના સમૂહના.
નાશન-કરાય - નાશ કરનારને.
સર્વાશિવ - સર્વ ઉપદ્રવોને.
પ્રશમનાય - શાન્ત કરનારને.
દુષ્ટગ્રહ - દુષ્ટ ગ્રહ.
ભૂત - ભૂત.
પિશાચ - પિશાચ.
શાકિનીનાં - શાકિનીઓને.
પ્રમથનાય - નાશ કરનારને.

શાન્તિં શાન્તિ નિશાન્તં, શાન્તમ્ શાન્તા-ડશિવં નમસ્કૃત્ય ॥ સ્તોતુઃ શાન્તિનિમિત્તં, મંત્રપદૈઃ શાન્તયે સ્તૌમિ ॥૧॥

અર્થ :- શાન્તિના સ્થાનરૂપ, રાગ-દ્વેષ વિનાના અને શાન્ત થયા છે અકલ્યાણકારી ઉપદ્રવો જેનાથી એવા શ્રીશાન્તિનાથને નમસ્કાર કરીને, સ્તુતિ કરનારની શાન્તિના હેતુરૂપ છે તેથી શાન્તિના અર્થે, મંત્રોનાં પદો વડે હું સ્તુતિ કરું છું. ૧.

ઓમિતિ નિશ્ચિતવચસે, નમો નમો* ભગવતેऽર્હતે પૂજામ્ ॥ શાન્તિજિનાય-જયવતે, યશસ્વિને સ્વામિને દમિનામ્ ॥૨॥

અર્થ :- ૐ એવું નિશ્ચયાત્મક વાચક પદ છે જેમનું એવા, સમગ્ર ઐશ્વર્યવાળા, પૂજાને યોગ્ય, રાગાદિને જિતનાર, યશવાળા અને ઈન્દ્રિયોને દમન કરનારા (મુનિરાજ)ના સ્વામી એવા શાન્તિનાથને વારંવાર નમસ્કાર થાઓ. ૨

સકલાતિશેષકમહા, સંપત્તિસમન્વિતાય શસ્યાય ॥ ત્રૈલોક્યપૂજિતાય ચ, નમો નમઃ શાન્તિદેવાય ॥૩॥

અર્થ :- સમસ્ત ચોત્રીસ અતિશયરૂપ મહાન સંપત્તિવાળા પ્રશંસા કરવા યોગ્ય અને ત્રણ લોકના જીવોથી પૂજિત એવા શ્રી શાન્તિનાથને વારંવાર નમસ્કાર થાઓ. ૩.

સર્વામરસુસમૂહ-સ્વામિકસંપૂજિતાય [1]નજિતાય, ॥ ભુવનજનપાલનોદ્યત-તમાય સતતં નમસ્તસ્મૈ ॥૪॥

અર્થ :- સમસ્ત દેવતાઓના સુંદર સમૂહ, તેમના સ્વામી જે ચોસઠ ઈન્દ્રો તેમનાથી પૂજાએલા; દેવતાઓથી પણ નહીં

---

* અહીં નમો પદ બે વખત મૂક્યું છે તે અતિ આદર સૂચવવાને માટે છે.

૧. નિર્જિતાય ઇતિ પાઠાન્તરં.

જીતાએલા; ત્રણ ભુવનના લોકનું પાલન કરવામાં સાવધાન એવા તે (શાન્તિનાથ)ને નિરંતર નમસ્કાર થાઓ. ૪

સર્વ દુરિતૌઘનાશન-કરાય સર્વા-ડશિવપ્રશમનાય ॥ દુષ્ટગ્રહભૂતપિશાચ-શાકિનીનાં પ્રમથનાય ॥૫॥

અર્થ :- સર્વ પાપના સમૂહનો નાશ કરનારા, સર્વ ઉપદ્રવને પ્રકર્ષે કરી શાન્ત કરનારા, દુષ્ટ ગ્રહ, ભૂત પિશાચ અને શાકિનીના ઉપદ્રવને નાશ કરનારા એવા શાન્તિનાથને નમસ્કાર થાઓ. ૫

શબ્દાર્થ

યસ્ય - જે શાન્તિનાથનો.
ઇતિ - એ પ્રમાણે પૂર્વે કહેલ.
નામમંત્ર - નામ રૂપ મંત્ર.
પ્રધાન - તે વડે સર્વોત્તમ એવું.
વાક્ય - જે વચન.
ઉપયોગ - તેના ઉપયોગથી.
કૃતતોષા - જેણે સંતોષ કર્યો છે એવી.
વિજયા - વિજયાદેવી.
કુરુતે - કરે છે.
જનહિતં - લોકોનું હિત.
ઇતિ ચ - અને એ પ્રમાણે.
નુતા - સ્તવેલી છે.
નમત - નમસ્કાર કરો.
ભવતુ - થાઓ.
તે - તમોને.
ભગવતિ - હે ભગવતિ.
વિજયે - વિજયાદેવી.
સુજયે - સારા જયવાળી.
પરાપરૈઃ - બીજા દેવોથી.
અજિતે - નહિ જીતાએલી.
અપરાજિતે - કોઈ ઠેકાણે પરાભવ નહિ પામેલી.
જગત્યાં - પૃથ્વીને વિષે.
જયતિ - જય પામે છે.
જયાવહે - સ્તુતિ કરનારને જય આપનારી.
ભવતિ - તમે.
સર્વસ્ય - બધા.
અપિ - પણ.
સંઘસ્ય - સંઘને.
ભદ્ર - સુખ.
કલ્યાણ - ઉપદ્રવ રહિતપણું.

મંગલ - મંગળને.
પ્રદદે - પ્રકર્ષે કરી આપનારી.
સાધૂનાં - સાધુઓને.
સદા - નિરંતર.
શિવ - નિરુપદ્રવપણું.
સુતુષ્ટિ - ચિત્તની શાન્તિ.
પુષ્ટિ - ધર્મની વૃદ્ધિને.
પ્રદે - આપનારી.
જીયાઃ - જય પામો.
ભવ્યાનાં - ભવ્ય પ્રાણીઓને.
કૃતસિદ્ધે - સિદ્ધિ કરનારી.
નિર્વૃત્તિ - ચિત્તની સમાધિ.
નિર્વાણ - મોક્ષ.
જનનિ - ઉત્પન્ન કરનારી.
સત્ત્વાનાં - ભવ્ય જીવોને.
અભયપ્રદાન - અભય આપવામાં.
નિરતે - તત્પર.
અસ્તુ - હો.
સ્વસ્તિપ્રદે - કલ્યાણને આપનારી.
તુભ્યમ્ - તને.
ભક્તાનાં - ભક્ત.
જંતૂનાં - જીવોને.
શુભાવહે - કલ્યાણ કરનારી.
નિત્યં - નિરંતર.
ઉદ્યતે - તત્પર.
દેવિ - દેવી.
સમ્યગ્દષ્ટિનાં - સમ્યગ્દષ્ટિ જીવોને.
ધૃતિ - ધીરજ.
રતિ - પ્રીતિ.
મતિ - મતિ, દીર્ઘદષ્ટિ.
બુદ્ધિ - બુદ્ધિ (ચાલુ વિષયને જાણનારી.)
પ્રદાનાય - આપવાને.

યસ્યેતિ નામમંત્ર, -પ્રધાનવાક્યોપયોગ-કૃતતોષા ॥ વિજયા કુરુતેજનહિત, મિતિ ચ નુતા નમત તં શાન્તિમ્ ॥૬॥

અર્થ :- જે શાન્તિજિનનો પૂર્વોક્ત નામરૂપ મંત્ર તેણે કરી સર્વોત્તમ પવિત્ર એવું જે વચન તેના ઉપયોગે કરી કર્યો છે ચિત્તને વિષે સંતોષ જેણે એવી જે વિજયાદેવી, જે મનુષ્યનું હિત કરે છે તથા આગળ કહેશે એ પ્રકારે સ્તુતિ કરાયેલી છે તે શાન્તિનાથને હે ભવ્યજનો ! તમે નમસ્કાર કરો. ૬

ભવતુ નમસ્તે ભગવતિ ! વિજયે સુજયે પરાપરૈરજિતે ! ॥ અપરાજિતે ! જગત્યાં, જયતીતિ જયાવહે ભવતિ ! ॥૭॥

અર્થ :- હે ભગવતિ વિજયા, સુજયા બીજા દેવોથી નહિ જિતાએલી એવી હે અજિતા, કોઈ ઠેકાણે પરાભવ ન પામેલી એવી હે અપરાજિતા, તમો પૃથ્વીને વિષે જયવંતા વર્તો; એમ સ્તુતિ કરતે છતે સ્તુતિ કરનાર ભક્તજનને જયની આપનારી થાય છે, એવી હે દરેક દેવીઓ ! તમોને નમસ્કાર થાઓ. ૭

સર્વસ્યાપિ ચ સંઘસ્ય, ભદ્રકલ્યાણમંગલ-પ્રદદે ॥ સાધૂનાં ચ સદા શિવ, સુતુષ્ટિ-પુષ્ટિપ્રદે જીયાઃ ॥૮॥

અર્થ :- ચતુર્વિધ સર્વ સંઘને સૌખ્ય, નિરુપદ્રવપણું અને મંગલને પ્રકર્ષે કરી આપનારી હે દેવી ! વળી મોક્ષને સાધનાર મુનિઓને નિરંતર નિરુપદ્રવપણું, ચિત્તની શાન્તિ અને ધર્મની વૃદ્ધિ આપનારી હે દેવી ! તમે જયવંતી હો. ૮

ભવ્યાનાં કૃતસિદ્ધે ! નિર્વૃતિનિર્વાણ-જનનિ ! સત્ત્વાનામ્ ॥ અભયપ્રદાનનિરતે ! નમોઽસ્તુ સ્વસ્તિપ્રદે ! તુભ્યમ્ ॥૯॥

અર્થ :- ભવ્ય જીવોને કરી છે સિદ્ધિ જેણે એવી તથા પ્રાણીઓને ચિત્તની સમાધિ તથા મોક્ષ ઉત્પન્ન કરનારી એવી

તથા ઉત્કૃષ્ટ રીતે નિર્ભયપણું દેવાને તત્પર એવી તથા પ્રકર્ષે કરી કલ્યાણને આપનારી એવી હે દેવી ! તને નમસ્કાર હો. ૯

ભક્તાનાં જંતૂનાં, શુભાવહે ! નિત્ય મુદ્યતે ! દેવિ ! ॥ સમ્યગ્દૃષ્ટિનાં [1]ધૃતિરતિ-મતિબુદ્ધિપ્રદાનાય ॥૧૦॥

અર્થ :- ભક્ત જીવોને કલ્યાણ પમાડનારી તથા સમ્યગ્દૃષ્ટિ જીવોને ધૈર્ય, પ્રીતિ, મતિ, તથા બુદ્ધિ પ્રકર્ષે કરી આપવાને માટે હે દેવી ! તમે નિરંતર સાવધાન છો. ૧૦

શબ્દાર્થ

જિનશાસન - જિનશાસનમાં.	**સલિલ** - જળ.
નિરતાનાં - તત્પરને.	**અનલ** - અગ્નિ.
નતાનાં - નમસ્કાર કરનારા.	**વિષ** - ઝેર.
જગતિ - જગતમાં.	**વિષધર** - સર્પ.
જનતાનાં - જન સમુદાયને.	**રાજરોગ** - રાજા, રોગ.
શ્રી - લક્ષ્મી.	**રણ** - લડાઈના.
સંપત્ - સંપત્તિ.	**ભયતઃ** - ભયથી.
કીર્તિ - કીર્તિ-એક દિગ્વ્યાપી યશ.	**રાક્ષસ** - રાક્ષસના.
યશઃ - યશને-સર્વ દિગ્વ્યાપી યશ.	**રિપુગણ** - શત્રુઓનો સમૂહ.
વર્દ્ધનિ - વધારનારી.	**મારી** - મરકી.
જયદેવિ - હે જયદેવી.	**ચૌર** - ચોર.
વિજયસ્વ - તમે વિજય પામો.	**ઈતિ** - સાત ઈતિ (ભય).

૧. ધૃતિ એટલે સંતોષ, મતિ એટલે દીર્ઘદૃષ્ટિ.

શ્વાપદાદિભ્યઃ - ફાડી ખાનાર પ્રાણી વગેરેથી.
અથ - હવે.
રક્ષ રક્ષ - રક્ષણ કરો રક્ષણ કરો.
સુશિવં - અતિશય નિરુપદ્રવપણું.
કુરુ કુરુ - કરો કરો.
સ્વસ્તિં - કલ્યાણને.
ત્વં - તમે.
ભગવતિ - હે ભગવતિ.
ગુણવતિ - હે ગુણવાળી.
શિવશાન્તિ - કલ્યાણ શાન્તિ.
ઈહ - આ લોકમાં.
એવં - એવી રીતે.
યન્નામાક્ષર - જેના નામના અક્ષરોના.
પુરસ્સરં - મંત્રપૂર્વક.
સંસ્તુતા - સ્તુતિ કરેલી.

જિનશાસન-નિરતાનાં, શાન્તિનતાનાં ચ જગતિ જનતાનામ્ ॥ શ્રી-સંપત્-[1]કીર્તિ-યશોવર્દ્ધનિ ! જયદેવિ ! વિજયસ્વ ॥૧૧॥

અર્થ :- જિનશાસનને વિષે તત્પર અને શ્રી શાન્તિનાથને નમસ્કાર કરનારા જગત મધ્યેના જનસમુદાયને લક્ષ્મી, સંપત્તિ, કીર્તિ અને યશને વધારનારી એવી હે જયાદેવી ! તમે જય પામો ! ૧૧.

સલિલાનલવિષવિષધર, દુષ્ટગ્રહ-રાજરોગરણભયતઃ ॥ રાક્ષસરિપુગણ-મારી, ચૌરેતિશ્વાપદાદિભ્યઃ[2] ॥૧૨॥

---

૧. એક દેશવ્યાપી ખ્યાતિ તે કીર્તિ અને સર્વ દિગ્વ્યાપી ખ્યાતિ તે યશ. અથવા દાન-પુણ્ય કરવાથી પ્રાપ્ત થાય તે કીર્ત્તિ અને પરાક્રમ વડે પ્રાપ્ત થાય તે યશ.

૨. આદિ શબ્દથી ડાકિની, શાકિની, ભૂત વગેરે લેવાં.

અર્થ :- પાણી, અગ્નિ, ઝેર, સર્પ, માઠા ગ્રહ, રાજા, રોગ, લડાઈના ભયથકી (અને) રાક્ષસ, શત્રુઓના સમૂહ, મરકી, ચોર, સાત [1]ઇતિ (ભય) અને મદોન્મત્ત ફાડી ખાનારા પ્રાણીઓ વગેરેના ભયથી. ૧૨

અથ રક્ષરક્ષ સુશિવં, કુરુ કુરુ શાન્તિં ચ કુરુ કુરુ સદેતિ ॥ તુષ્ટિં કુરુ કુરુ પુષ્ટિં, કુરુ કુરુ સ્વસ્તિં ચ કુરુ કુરુ ત્વમ્ ॥૧૩॥

અર્થ :- હવે રક્ષણ કર, રક્ષણ કર, અતિશય નિરુપદ્રવપણું કર કર. વળી શાન્તિ કર કર, અને નિરંતર એજ પ્રમાણે કર કર; તુષ્ટિ, પુષ્ટિ, અને કલ્યાણ કર કર; એટલા વાનાં તું કર. ૧૩

ભગવતિ ! ગુણવતિ ! શિવશાન્તિ-તુષ્ટિ-પુષ્ટિ-સ્વસ્તીહ કુરુ કુરુ જનાનામ્ ॥ ઓમિતિ નમો નમો હ્રાઁ, હ્રીઁ, હ્રૂઁ હ્રઃ યઃ ક્ષઃ હ્રીઁ ફૂટ્ ફૂટ્ +સ્વાહા ॥૧૪॥

અર્થ :- હે ભગવતિ ! હે ગુણવતિ ! પૃથ્વીને વિષે તું મનુષ્યોને કલ્યાણ, શાન્તિ, તુષ્ટિ, પુષ્ટિ અને ક્ષેમ (કલ્યાણ) કર કર. જ્યોતિસ્વરૂપિણી એવી હે દેવી ! તને નમસ્કાર થાઓ. હ્રાઁ-

---

૧. અતિવૃષ્ટિ (ઘણો વરસાદ), અનાવૃષ્ટિ (વરસાદ ન થાય તે). ઉંદર, તીડ, પોપટ, સ્વચક્ર, (પોતાના રાજાના સૈન્યનો) ભય તથા પરચક્ર ભય એ સાત પ્રકારે ઈતિ જાણવી.

+ ફૂટ્ ફટ્ઃ, ફટ્ ફટ્ સ્વાહા ઇતિ પાઠાન્તરં

હ્રીં-હૂઁ-હ્રઃ-યઃ-ક્ષઃ-હ્રીં-ફૂટ્-ફૂટ્-સ્વાહા. આ સર્વે મંત્રાક્ષર છે. તેમાં પ્રથમના સાત શાન્તિમંત્રના બીજ છે. અને બાકીના ત્રણ વિઘ્નના વિનાશ કરનારા મંત્રબીજ છે. ૧૪

એવં યન્નામાક્ષર, પુરસ્સરં સંસ્તુતા જયાદેવી ॥ કુરુતે શાન્તિં નમતાં (પાઠાંતરે- કુરુતે શાન્તિનિમિત્તં) નમો નમઃ શાન્તયે તસ્મૈ ॥૧૫॥

અર્થ :- એ પ્રમાણે જે (શાન્તિનાથ)ના નામાક્ષર મંત્રપૂર્વક સ્તુતિ કરાયેલી એવી જયાનામની દેવી શ્રીશાન્તિનાથપ્રભુને નમસ્કાર કરનારાઓને શાન્તિ કરે છે. (પાઠાંતરે શાન્તિના હેતુને કરે છે) તે શાન્તિનાથને વારંવાર નમસ્કાર થાઓ. ૧૫

શબ્દાર્થ

ઈતિ - એ પ્રમાણે.
પૂર્વસૂરિ - પૂર્વાચાર્યોએ.
દર્શિત - બતાવેલા.
મંત્રપદ - મંત્રના પદોથી.
વિદર્ભિતઃ - ગર્ભિત એવું.
સ્તવઃ - સ્તવન.
શાન્તેઃ - શાન્તિનાથનું.
સલિલાદિ - જળ વગેરેના.
ભયવિનાશી - ભયને નાશ કરનાર.
શાંત્યાદિકર : શાન્તિ વગેરેને કરનાર.
ભક્તિમતામ્ - ભક્તિ કરનારા મનુષ્યોને.
યઃ - જે
એનં - આ સ્તવને.
પઠતિ - ભણે છે.
સદા - હંમેશાં.
શૃણોતિ - સાંભળે છે.
ભાવયતિ - મનમાં સ્મરે છે.
યથાયોગં - સાવધાન યોગ રાખીને.
હિ - અવશ્ય.
શાન્તિપદં - શાન્તિના સ્થાનને.
યાયાત્ - પામે.
સૂરિઃ શ્રીમાનદેવઃ - શ્રીમાનદેવસૂરિ.

ઉપસર્ગાઃ - ઉપસર્ગો.	મનઃ - મન.
ક્ષયં - ક્ષયને.	પ્રસન્નતાં - પ્રસન્નપણાને.
યાંતિ - પામે છે.	એતિ - પામે છે.
છિદ્યન્તે - છેદાય છે.	પૂજ્યમાને - પૂજન કરતાં.
વિઘ્ન - વિઘ્નરૂપ.	જિનેશ્વરે - જિનેશ્વરનું.
વલ્લયઃ - વેલાઓ.	માંગલ્યં - મંગલરૂપ.

ઇતિ પૂર્વસૂરિદર્શિત, મંત્રપદ-વિદર્ભિતઃ સ્તવઃ શાન્તેઃ ॥ સલિલાદિ-ભયવિનાશી, શાંત્યાદિકરશ્ચ ભક્તિ-મતામ્ ॥૧૬॥

અર્થ :- એ પ્રમાણે પૂર્વાચાર્યે બતાવેલા એવા મંત્રના પદથી ગર્ભિત એવું શાન્તિનાથનું સ્તવન જે જલ પ્રમુખના ભયનો નાશ કરનાર છે અને ભક્તિ કરનારા મનુષ્યોને શાન્તિ આદિ સુખનું કરનાર છે. ૧૬

યશ્ચૈનં પઠતિ સદા, શૃણોતિ ભાવયતિ વા યથાયોગમ્ ॥ સ હિ શાન્તિપદં યાયાત્, (પાઠાંતરે-શિવશાન્તિપદં યાયાત્) સૂરિઃ શ્રીમાનદેવશ્ચ ॥૧૭॥

અર્થ :- જે માણસ આ સ્તવનને નિરંતર ભણે છે, સાવધાન [1]યોગ રાખી જે સાંભળે છે, વા મનમાં સ્મરણ કરે છે. તે માણસ અવશ્ય શાન્તિપદ પામે (પાઠાંતરે-કલ્યાણ અને શાન્તિનું સ્થાન પામે) શ્રી માનદેવસૂરિ પણ તે પદ પામે. ૧૭

---

૧. મન, વચન અને કાયા.

ઉપસર્ગાઃ ક્ષયં યાંતિ, છિદ્યન્તે વિઘ્ન-વલ્લયઃ ।। મનઃ પ્રસન્નતામેતિ, પૂજ્યમાને જિનેશ્વરે ।।૧૮।।

અર્થ :- શ્રી જિનેશ્વર ભગવાનને પૂજતાં થકાં, ઉપસર્ગો નાશ પામે છે, વિઘ્નરૂપી વેલો છેદાય છે, મન પ્રસન્નતાને પામે છે. ૧૮

સર્વ-મંગલ-માંગલ્યં, સર્વ-કલ્યાણ-કારણમ્ ।। પ્રધાનં સર્વધર્માણાં, જૈનં જયતિ શાસનમ્ ।।૧૯।।

અર્થ :- સર્વ મંગલોમાં માંગલિક, સર્વ કલ્યાણનું કારણ, સર્વ ધર્મમાં મુખ્ય એવું જૈનશાસન જયવંતું વર્તે છે. ૧૯

ઇતિ શ્રી લઘુશાન્તિ સ્તવ. ૪૩

❀ ❀ ❀

૪૪. ચઉક્કસાય[૧]

શબ્દાર્થ

ચઉક્કસાય - ચાર કષાય રૂપ.	ઉલ્લુરણૂ - ઉચ્છેદનાર.
પડિમલ્લ - વૈરીને.	દુજ્જય - દુર્જય.

---

૧. રાત્રીએ સંથારાપોરિસીમાં આ સૂત્ર ચૈત્યવંદન તરીકે બોલવામાં આવે છે. દરેક શ્રાવક સંથારાપોરિસી ભણાવી શકતા નથી તેથી દેવસિઅ પ્રતિક્રમણના અંતે સામાયિક પારતી વખતે લોગસ્સ કહ્યા પછી કહેવાનો વિધિ શ્રાવકોને માટે છે.

મયણ - કામદેવના.
બાણ - બાણને.
મુસુમૂરણુ - ભાંગનાર.
સરસ - રસવાલી-નીલી.
પિઅંગુ - રાયણ જેવા.
વન્નુ - વર્ણવાળા.
ગય - હાથી જેવી.
ગામિઉ - ગતિવાળા.
જયઉ - જયવંતા વર્તો.
પાસુ - પાર્શ્વનાથ
ભુવણત્તય - ત્રણ ભુવનના.
સામિઉ - સ્વામી.
જસુ - જેના.
તણુ - શરીરની.
કંતિ - કાંતિ.
કડપ્પ - સમૂહ.
સિણિદ્ધઉ - સ્નિગ્ધ.
સોહઈ - શોભે છે.
ફણિ - ફેણનું.
મણિ - મણિ (રત્ન)
આલિદ્ધઉ - વ્યાપ્ત.
નં - નિશ્ચે.
નવ - નવો.
જલહર - મેઘ.
તડિત્ - વિજળી.
લય - લતા.
લંછિઉ - સહિત.
સો - તે.
જિણુ - જિન.
પાસુ - પાર્શ્વનાથ.
પયચ્છઉ - આપો.
વંછિઉ - વાંચ્છિત.

ચઉક્કસાયપડિમલ્લુલ્લૂરણુ, દુજ્જય-
મયણબાણમુસુમૂરણુ ॥ સરસપિઅંગુવન્નુ
ગયગામિઉ, જયઉ પાસુ ભુવણત્તયસામિઉ
॥૧॥

અર્થ :- ચાર કષાયરૂપ વૈરીના ઉચ્છેદનાર; દુઃખે જિતાય એવા કામદેવના બાણને તોડનાર; સ્નિગ્ધ નીલી એવી રાયણના (જેવા શરીરના) વર્ણવાળા; અને હસ્તિની જેવી ગતિવાળા ત્રણ ભુવનના સ્વામી શ્રી પાર્શ્વનાથ પ્રભુ જયવંતા વર્તો. ૧

જસુ તણુકંતિકડપ્પ સિણિદ્ધઉ, સોહઇ ફણિમણિકિરણાલિદ્ધઉ[1] ॥ નં નવજલહર-તડિલ્લય-લંછિઉ, સો જિણુ પાસુ પયચ્છઉ વંછિઉ ॥૨॥

અર્થ :- જેના શરીરની કાન્તિનો સમૂહ સ્નિગ્ધ છે, વળી જે નાગેન્દ્રની ફણાની ઉપર રહેલા મણિના કિરણોથી વ્યાપ્ત છે, વળી જે વિજળીની લતાએ કરી સહિત એવા નવા મેઘની જેમ શોભે છે; તે શ્રી પાર્શ્વનાથ પ્રભુ મારા વાંચ્છિત પૂર્ણ કરો. ૨

❀ ❀ ❀

૪૫. *ભરહેસરની સજ્ઝાય

ભરહેસર બાહુબલી, અભયકુમારો અ ઢંઢણકુમારો ॥ સિરિઓ અણિયાઉત્તો, અઇમુત્તો નાગદત્તો અ ॥૧॥

અર્થ :- શ્રી ભરતેશ્વર, બાહુબલિજી, અભયકુમાર, તથા ઢંઢણકુમાર, શ્રી સ્થૂલભદ્રજીના નાનાભાઈ શ્રીયક, અર્ણિકાપુત્ર આચાર્ય, અતિમુક્તકુમાર તથા નાગદત્ત. ૧

મેઅજ્જ થૂલિભદ્દો, વયરરિસી નંદિસેણ સીંહગિરી ॥ કયવન્નો અ સુકોસલ,

---

૧. લુદ્ધઉ ઇતિ પાઠાન્તરં.

* આ સજ્ઝાયમાં શીલવ્રતને દ્રઢતાથી પાળનાર ઉત્તમ સત્ત્વશાળી પુરુષો અને સતીઓનું નામોચ્ચારપૂર્વક સ્મરણ થાય છે.

પુંડરિઓ કેસી કરકંડૂ ॥૨॥

અર્થ :- મેતાર્યમુનિ, સ્થૂલભદ્રજી, વજઋષિ, નંદિષેણજી, સિંહગિરી મહારાજ (શ્રી વજસ્વામીના ગુરુ), કૃતપુણ્યકુમાર સુકોશલમુનિ, પુંડરિકસ્વામી, કેશીકુમાર, કરકંડુ પ્રત્યેકબુદ્ધ. ૨

હલ્લ વિહલ્લ સુદંસણ, સાલ મહાસાલ સાલિભદ્દો અ ॥ ભદ્દો દસન્નભદ્દો, પસન્ન-ચંદો અ જસભદ્દો ॥૩॥

અર્થ :- હલ્લ અને વિહલ્લ બંને શ્રેણિકના પુત્ર; સુદર્શન શેઠ, સાલમુનિ, મહાસાલમુનિ, શાલિભદ્ર (પ્રસિદ્ધ ભોગી,) ભદ્રબાહુસ્વામી, દશાર્ણભદ્ર, પ્રસન્નચંદ્ર રાજર્ષિ તથા શ્રી યશોભદ્રસૂરિ. ૩

જંબૂપહુ વંકચૂલો, ગયસુકુમાલો અવંતિ-સુકુમાલો ॥ ધન્નો ઈલાઈપુત્તો, ચિલાઈપુત્તો અ બાહુમુણી ॥૪॥

અર્થ :- જંબૂસ્વામી, વંકચૂલ રાજકુમાર, ગજસુકુમાલ, અવન્તિસુકુમાલ, ધન્નાશેઠ, ઈલાચીપુત્ર, ચિલાતીપુત્ર અને યુગબાહુ મુનિ. ૪

અજ્જગિરી અજ્જરક્ખિઅ, અજ્જ-સુહત્થી ઉદાયગો મણગો ॥ કાલયસૂરી સંબો, પજ્જુન્નો મૂલદેવો અ ॥૫॥

અર્થ :- આર્યમહાગિરીજી, આર્યરક્ષિતસૂરિ, આર્યસુહસ્તિ-સૂરિ, ઉદાયી રાજા, મનકપુત્ર, કાલિકાચાર્ય, શાંબકુમાર, પ્રદ્યુમ્ન-કુમાર અને મૂળદેવરાજા. ૫

પભવો વિન્હુકુમારો, અદકુમારો દઢપ્પ-હારી અ ॥ સિજ્જંસ કૂરગડૂ અ, સિજ્જં-ભવ મેહકુમારો અ ॥૬॥

અર્થ :- પ્રભવસ્વામી, વિષ્ણુકુમાર, આર્દ્રકુમાર તથા દઢપ્રહારી ચોર, શ્રેયાંસકુમાર, કુરગડુ સાધુ, શય્યંભવસ્વામી અને મેઘકુમાર. ૬

એમાઈ મહાસત્તા, દિંતુ સુહં ગુણગણેહિં સંજુત્તા ॥ જેસિં નામગ્ગહણે, પાવપબંધા વિલિજ્જંતિ ॥૭॥

અર્થ :- ઈત્યાદિ બીજા પણ મહાપરાક્રમી પુરુષો, જ્ઞાનાદિ ગુણોના સમૂહે કરી સહિત એવા, અમને સુખ આપો; જેમના નામસ્મરણથી પાપનાં બંધન વિનાશ પામે છે. ૭

સુલસા ચંદનબાલા, મણોરમા મયણ-રેહા દમયંતી ॥ નમયાસુંદરી સીયા, નંદા ભદ્દા સુભદ્દા ય ॥૮॥

અર્થ :- સુલસા, ચંદનબાળા, મનોરમા, મદનરેખા, દમયન્તી, નર્મદાસુંદરી, સીતા, નંદા, ભદ્રાશેઠાણી, અને સુભદ્રા. ૮

રાઈમઈ રિસિદત્તા, પઉમાવઈ અંજણા સિરીદેવી ।। જિટ્ઠ સુજિટ્ઠ મિગાવઈ, પભાવઈ ચિલ્લણાદેવી ।।૯।।

અર્થ :- રાજીમતી, ઋષિદત્તા, પદ્માવતી, અંજનાસુંદરી, શ્રીદેવી, જયેષ્ઠા, સુજયેષ્ઠા, મૃગાવતી, પ્રભાવતી, ચેલ્લણા-રાણી. ૯

બંભી સુંદરી રુપ્પિણી, રેવઈ કુંતી સિવા જયંતિ ય ।। દેવઈ દોવઈ ધારણી, કલાવઈ પુપ્ફચૂલા ય ।।૧૦।।

અર્થ :- બ્રાહ્મી, સુંદરી, રુકિમણી, રેવતી, કુન્તી, શિવા અને જયન્તી, દેવકી, દ્રૌપદી, ધારીણી, કલાવતી તથા પુષ્પચૂલા. ૧૦

પઉમાવઈ ય ગોરી, ગંધારી લક્ખમણા સુસીમા ય ।। જંબૂવઈ સચ્ચભામા, રુપ્પિણી કણ્હટ્ઠ મહિસીઓ ।।૧૧।।

અર્થ :- પદ્માવતી, તથા ગૌરી, ગાંધારી, લક્ષ્મણા તથા સુસીમા, જંબૂવતી, સત્યભામા, રુકિમણી આ આઠ શ્રી કૃષ્ણની પટ્ટરાણીઓ છે. ૧૧

જક્ખા ય જક્ખદિન્ના, ભૂઆ તહ ચેવ ભૂઅદિન્ના ય ।। સેણા વેણા રેણા, ભયણીઓ થૂલભદસ્સ ।।૧૨।।

અર્થ :- યક્ષા, યક્ષદત્તા, ભૂતા તથા વળી નિશ્ચયથી ભૂતદત્તા, સેણા, વેણા, રેણા આ સાત સ્થૂલભદ્રની બહેનો છે. ૧૨

ઈચ્ચાઈ મહાસઈઓ, જયંતિ અકલંક-સીલકલિઆઓ ॥ અજ્જવિ વજ્જઈ જાસિં, જસ-પડહો તિહુઅણે સયલે ॥૧૩॥

અર્થ :- ઈત્યાદિ મોટી સતીઓ નિર્મળ શિયળગુણે કરી સહિત જયવંતી વર્તે છે વળી આજ પણ સકલ ત્રિભુવનને વિષે જેઓના યશનો ડંકો વાગે છે. ૧૩

ઈતિ ભરહેસર સજ્ઝાય. ૪૫

❀ ❀ ❀

૪૬. સકલતીર્થ*

(તીર્થવંદના)

સકલતીર્થ વંદું કરજોડ, જિનવર નામે મંગલ કોડ; પહેલે સ્વર્ગે લાખ બત્રીશ, જિનવર ચૈત્ય નમું નિશદિશ ॥૧॥

બીજે લાખ અઠ્ઠાવીશ કહ્યાં, ત્રીજે બાર લાખ સદ્દહ્યાં ॥ ચોથે સ્વર્ગે અડ લખ ધાર, પાંચમે વંદું લાખ જ ચાર ॥૨॥

---

* આ સકલતીર્થ ગુજરાતી ભાષામાં હોવાથી સુગમ છે માટે અર્થ લખ્યો નથી. આ સૂત્રવડે ત્રણે લોકમાં રહેલ શાશ્વત અને અશાશ્વત જિનચૈત્યો તથા જિનબિંબોને વંદના કરાય છે.

છઠ્ઠે સ્વર્ગે સહસ પચાસ, સાતમે ચાલીશ સહસ પ્રાસાદ ॥ આઠમે સ્વર્ગે છ હજાર, નવ દશમે વંદુ શત ચાર ॥૩॥

અગ્યાર બારમેં ત્રણશેં સાર, નવ ગ્રૈવેયકે ત્રણશેં અઢાર ॥ પાંચ અનુત્તર સર્વે મળી, લાખ ચોરાશી અધિકાં વળી ॥૪॥

સહસ સત્તાણું ત્રેવીશ સાર, જિનવર-ભવનતણો અધિકાર ॥ લાંબા સો જોજન વિસ્તાર, પચાસ ઉંચાં બહોંતેર ધાર ॥૫॥

એકસો એંશી બિંબ પ્રમાણ, [1]સભાસહિત

---

૧. બાર દેવલોક સુધીના ઇન્દ્રોને, દરેક વિમાને (૧) મજ્જન સભા. (૨) અલંકાર સભા. (૩) જ્ઞાન સભા. (૪) સિદ્ધાયતન સભા અને (૫) વ્યવસાય સભા એમ પાંચ પાંચ સભા હોય છે. દરેક સભા ત્રણ ત્રણ દ્વારવાળી હોય છે અને દરેક દ્વારે એકેક ચૌમુખજી એટલે ચાર ચાર પ્રતિમાજી હોય એટલે એક સભાનાં ૧૨, માટે ૫ સભાનાં ૬૦ પ્રતિમાજી મહારાજ થયાં. મૂળ ચૈત્ય ત્રણ દ્વારવાળાં હોય છે. તેના ગભારામાં ૧૦૮ પ્રતિમાજી અને ત્રણ દ્વારના ત્રણ ચોમુખજીનાં ૧૨ મળી ૧૨૦ પ્રતિમાજી તેમાં હોય. તેમાં પાંચ સભાનાં ૬૦ મેળવતાં ૧૮૦ પ્રતિમાજી સભા સહિત એક ચૈત્યમાં સમજવાં. નવ ગ્રૈવેયક અને પાંચ અનુત્તરમાં ઇન્દ્રો નથી તેથી સભાઓ નથી, માટે ત્યાંનાં ૩૨૩ ચૈત્યોમાં ૧૨૦ પ્રતિમાજી દરેકનાં ગણવાં અને ૮૪૯૬૭૦૦ ચૈત્યમાં ૧૮૦ પ્રતિમાજી દરેકમાં ગણવાં. જેથી અહીં બતાવેલ સંખ્યા મળી રહેશે.

એક ચૈત્યે જાણ ॥ સો ક્રોડ બાવન ક્રોડ સંભાલ, લાખ ચોરાણું સહસ ચૌંઆલ ॥૬॥

સાતશેં ઉપર સાઠ વિશાલ, સવિ બિંબ પ્રણમું ત્રણ કાલ ॥ સાત ક્રોડ ને બહોંતેર લાખ, ભવનપતિમાં દેવલભાખ ॥૭॥

એકસો એંશી બિંબ પ્રમાણ, એક એક ચૈત્યે સંખ્યા જાણ ॥ તેરશેં ક્રોડ, નેવ્યાસી ક્રોડ, સાઠ લાખ વંદું કર જોડ ॥૮॥

બત્રીશેં ને ઓગણસાઠ, તીર્ચ્છાલોકમાં ચૈત્યનો પાઠ ॥ [1]ત્રણ લાખ એકાણું હજાર, ત્રણશેં વીશ તે બિંબ જુહાર ॥૯॥

વ્યંતર જ્યોતિષીમાં વળી જેહ, શાશ્વતા જિન વંદું તેહ ॥ ઋષભ-ચંદ્રાનન વારિષેણ, વર્દ્ધમાન નામે ગુણસેણ ॥૧૦॥

---

૧. તીર્ચ્છાલોકમાં નંદીશ્વરદ્વીપનાં ૫૨ (બાવન) ચૈત્ય, રુચકદ્વીપનાં ૪ ચૈત્ય અને કુંડલ દ્વીપનાં ૪ ચૈત્ય મળી ૬૦ ચૈત્ય ચાર દ્વારવાળાં છે અને બાકીનાં ૩૧૯૯ ચૈત્ય ત્રણ દ્વારવાળાં છે. તેથી ચાર દ્વારવાળામાં ૧૨૪ અને ત્રણ દ્વારવાળામાં ૧૨૦ પ્રતિમાજી છે.

સમેતશિખર વંદું જિન વીશ, અષ્ટાપદ વંદું ચોવીશ ॥ વિમલાચલ ને ગઢ ગિરનાર, આબુ ઉપર જિનવર જુહાર ॥૧૧॥

શંખેશ્વર કેસરિયો સાર, તારંગે શ્રી અજિત જુહાર ॥ અંતરિક્ષવરકાણો પાસ, જીરાવલો ને થંભણપાસ ॥૧૨॥

ગામ નગર પુર પાટણ જેહ, જિનવર ચૈત્ય નમું ગુણ ગેહ ॥ વિહરમાન વંદું જિન વીશ, સિદ્ધ અનંત નમું નિશદિશ ॥૧૩॥

અઢીદ્વીપમાં જે અણગાર, અઢાર સહસ શીલાંગના ધાર ॥ પંચ મહાવ્રત સમિતિ સાર, પાલે પલાવે પંચાચાર ॥૧૪॥

બાહ્ય અભ્યંતર તપ ઉજમાલ, તે મુનિ વંદું ગુણમણિમાલ ॥ નિત નિત ઉઠી કીર્તિ કરું, જીવ કહે ભવસાયર તરું ॥૧૫॥

❀ ❀ ❀

૪૭. [1]મન્હ જિણાણં સજ્ઝાય

શબ્દાર્થ

મન્હ - માનવી.
જિણાણં - જિનેશ્વરની.
આણં - આજ્ઞા.
મિચ્છં - મિથ્યાત્વનો.
પરિહરહ - ત્યાગ કરવો.
ધરહ - ધારવું.
સમ્મત્તં - સમ્યક્ત્વને.
છવ્વિહ - છ વિધ, છ પ્રકારના.
આવસ્સયંમિ - આવશ્યકને વિષે.
ઉજ્જુત્તો - ઉદ્યમવંત.
હોઈ - હોય.
પઈદિવસં - પ્રતિદિવસ, હંમેશાં.
પવ્વેસુ - પર્વ દિવસે.
પોસહવયં - પૌષધવ્રત.
દાણં - સુપાત્રે દાન કરવું.
સીલં - શિયળ પાળવું.
તવો - તપ કરવો.
ભાવો - ભાવના.
સજ્ઝાય - સ્વાધ્યાય.
નમુક્કારો - નમસ્કાર.
પરોવયારો - પરોપકાર.
અ - વળી.
જયણા - યતના, રક્ષા.
જિણપૂઆ - જિનપૂજા.
જિણથુણણં - જિનેશ્વરની સ્તુતિ.
ગુરુથુઅ - ગુરુસ્તુતિ.
સાહમ્મિઆણ - સાધર્મિકોનું.
વચ્છલ્લં - વાત્સલ્ય.
વવહારસ્સ - વ્યવહારની.
સુદ્ધી - શુદ્ધિ.
રહજત્તા - રથયાત્રા.
તિત્થજત્તા - તીર્થયાત્રા.
ઉવસમ - ઉપશમ.
વિવેગ - વિવેક.
સંવર - સંવર.
ભાસાસમિઈ - ભાષાસમિતિ.
છજીવ - છકાય જીવની.
કરુણા - દયા.
ધમ્મિઅજણ - ધાર્મિકજનનો.
સંસગ્ગો - સંસર્ગ, સહવાસ.
કરણ - ઇન્દ્રિયોનું.
દમો - દમન.
ચરણ - ચારિત્રનો.
પરિણામો - પરિણામ.

---

૧. આ સજ્ઝાયમાં શ્રાવકને યોગ્ય સદાચારના છત્રીસ પ્રકારનાં કૃત્યોનું વર્ણન છે. દરેક શ્રાવકે તે કરવામાં યથાશક્તિ ઉદ્યમવંત થવાની જરૂર છે.

સંઘોવરિ - સંઘની ઉપર.	સઢ્ઢાણ - શ્રાવકના.
બહુમાણો - બહુમાન.	કિચ્ચં - કૃત્ય.
પુત્થય - પુસ્તક.	એયં - એ.
લિહણં - લખાવવું.	નિચ્ચં - નિત્ય.
પભાવણા - પ્રભાવના.	સુગુરુ - સદ્‌ગુરુના.
તિત્થે - તીર્થમાં.	ઉવએસેણં - ઉપદેશ વડે.

[1]મન્હજિણાણં આણં, મિચ્છં પરિહરહ ધરહ સમ્મત્તં ॥ છવ્વિહ-આવસ્સયંમિ [2]ઉજ્જુત્તો હોઈ પઈદિવસં ॥૧॥

અર્થ :- જિનેશ્વર ભગવાનની આજ્ઞા માનવી, મિથ્યાત્વનો ત્યાગ કરવો, સમ્યક્ત્વ ધારણ કરવું, છ પ્રકારના આવશ્યકમાં પ્રતિદિવસ ઉદ્યમવંત થવું. ૧

પવ્વેસુ પોસહવયં, દાણં સીલં તવો અ ભાવો અ ॥ સજ્ઝાય નમુક્કારો, પરોવયારો અ જયણા અ ॥૨॥

અર્થ :- પર્વ દિવસને વિષે પોસહ વ્રત કરવું, દાન, શિયળ, તપ અને ભાવના, સ્વાધ્યાય, નમસ્કાર અને પરોપકાર તથા જયણા રાખવી. ૨

જિણપૂઆ જિણથુણણં, ગુરુથુઅ

૧. મન્નહ જિણાણમાણં ઈતિ પાઠાન્તરં.
૨. 'ઉજ્જુત્તા હોહ' ઈતિ પાઠાન્તરં.

સાહમ્મિઆણ વચ્છલ્લં ।। વવહારસ્સ ય સુદ્ધી, રહજત્તા તિત્થજત્તા ય ।।૩।।

અર્થ :- જિનેશ્વર ભગવાનની પૂજા, જિનેશ્વર ભગવાનની સ્તુતિ, ગુરુની સ્તુતિ, અને સાધર્મીને વિષે વાત્સલ્ય, વ્યવહારની શુદ્ધિ, રથયાત્રા અને તીર્થયાત્રા. ૩

ઉવસમ [1]વિવેગ સંવર, ભાસાસમિઈ [2]છ જીવકરુણા ય ।। ધમ્મિઅજણસંસગ્ગો, કરણદમો ચરણપરિણામો ।।૪।।

અર્થ :- ઉપશમ, વિવેક, સંવર, ભાષાસમિતિ અને ષટ્‌કાય જીવની દયા, ધાર્મિક માણસનો સંસર્ગ, ઈન્દ્રિયોનું દમન અને ચારિત્રનો પરિણામ. ૪

સંઘોવરિ બહુમાણો, પુત્થયલિહણં પભાવણા તિત્થે ।। સઢ્ઢાણકિચ્ચ-મેઅં નિચ્ચં સુગુરૂવએસેણં ।।૫।।

અર્થ :- શ્રીસંઘ ઉપર બહુમાન રાખવું, પુસ્તક લખાવવાં અને તીર્થની પ્રભાવના કરવી, શ્રાવકનાં આ કૃત્ય છે, તે નિરંતર સદ્‌ગુરુના ઉપદેશથી જાણવાં. ૫

ઈતિ શ્રાવક દિનકૃત્ય સજ્ઝાય

❀ ❀ ❀

---

(૧) વિવેક (૨) યજીવ ઈતિ પાઠાન્તર : આ સજ્ઝાયમાં શ્રાવકને યોગ્ય હંમેશની તથા પર્વ દિવસની ૩૬ પ્રકારની કરણીનું વર્ણન કરવામાં આવ્યું છે. વિશેષાર્થીએ આની મોટી ટીકા જોવી.

૪૮. પોસહનું પચ્ચક્ખાણ[1]

કરેમિ [2]ભંતે ! પોસહં, આહારપોસહં દેસઓ સવ્વઓ, સરીરસક્કાર-પોસહં સવ્વઓ, બંભચેર-પોસહં સવ્વઓ, અવ્વાવારપોસહં સવ્વઓ, ચઉવ્વિહં પોસહં ઠામિ, જાવ દિવસં અહોરત્તં પજ્જુવાસામિ ॥

---

૧. આ સૂત્ર વડે પોસહનું પચ્ચક્ખાણ લેવાય છે. **પ્રત્યાખ્યાન** શબ્દનો અર્થ ત્યાગ કરવું અને પાલવું-સેવન કરવું, એમ બંને પ્રકારે થાય છે. તેથી **આહારપોસહં** એટલે આહારનો ત્યાગ કરવા રૂપ પોસહ કરું છું એમ અર્થ થાય છે. તેવી જ રીતે **સરીરસક્કાર પોસહં** એટલે શરીરની શોભા ન કરવા રૂપ પોસહ કરું છું. એ બંને બાબત ત્યાગ કરવાની છે. **બંભચેરપોસહં** અને **અવ્વાવારપોસહં** એટલે બ્રહ્મચર્યને પાળવારૂપ અને અવ્યાપાર (મન, વચન અને કાયાના સાવદ્ય યોગ અકરણરૂપ)ને પાળવારૂપ પોસહ કરું છું. એમ બંને પદનો અર્થ પાલન કરવાનો થાય છે. સામાયિક અને પોસહમાં ત્રણ કાળ સંબંધી પચ્ચક્ખાણ થાય છે તે આ પ્રમાણે **કરેમિ** પદ વડે વર્તમાન કાળે સાવદ્ય યોગનો ત્યાગ કરવા રૂપ પચ્ચક્ખાણ થાય છે. **તસ્સ** પદ વડે અતીતકાળે (ભૂતકાળે) કરેલાં સાવદ્ય યોગનું પ્રતિક્રમણ થાય છે. અને પોસહમાં **ઠામિ** પદ વડે અનાગત કાળે બે બાબતનો ત્યાગ અને બે બાબતનું પાલન કરીશ એ પ્રકારનો (ધર્મની પુષ્ટિ આપે તે) પોસહ કરીશ એમ પચ્ચક્ખાણ કરાય છે.

૨. **ભંતે** એ પદના ભદંત (કલ્યાણકારી). ભયાન્ત (ભયનો અંત કરનાર) અને ભવાન્ત (ભવનો અંત કરનાર) એવા ત્રણ અર્થ થાય છે, **ભંતે** એ પ્રકારે ભગવંતને આમંત્રણ કરવા વડે કરીને ગુરુકુલવાસનું સૂચન થાય છે. અર્થાત્ સાધુઓએ ગુરુનિશ્રામાં રહેવું અને ગૃહસ્થે ગુરુ મહારાજ પાસે સામાયિક ઉચ્ચરવું.

અર્થ :- હે ભગવંત ! હું પોસહ કરું છું. આહારત્યાગ કરવાનો પોસહ દેશથી વા સર્વથી, શરીરસત્કાર ન કરવાનો પોસહ સર્વથી, બ્રહ્મચર્યનો પોસહ સર્વથી, અવ્યાપારનો પોસહ સર્વથી, આ ચાર પ્રકારના પોસહને હું કરું છું, તે આખો દિવસ અથવા રાત અને દિવસ પાળું ત્યાં સુધી.

દુવિહં તિવિહેણં, મણેણં, વાયાએ કાએણં, ન કરેમિ ન કારવેમિ, તસ્સ ભંતે ! પડિક્કમામિ, નિંદામિ ગરિહામિ, અપ્પાણં વોસિરામિ ॥૧॥

અર્થ :- બે પ્રકારે અને ત્રણ પ્રકારે, મન-વચન અને કાયા વડે એમ ત્રણ પ્રકારે, ન કરું તથા ન કરાવું એમ બે પ્રકારે, હે ભગવંત ! તે (અતીતકાળના પાપ)ને હું પ્રતિક્રમું છું, આત્માની સાખે નિંદું છું, ગુરુની સાખે ગર્હું છું અને આત્માને વોસિરાવું છું. ૧

❀ ❀ ❀

૪૯. પોસહ પારવાનું સૂત્ર

સાગરચંદો કામો, ચંદવડિંસો સુદંસણો ધન્નો ॥ જેસિં પોસહપડિમા, અખંડિયા જીવિયંતે વિ. ॥૧॥

અર્થ :- સાગરચંદ્રકુમાર, કામદેવજી, ચંદ્રાવતંસ રાજા, સુદર્શન શેઠ, તેઓને ધન્ય છે કે જેઓની પૌષધ પ્રતિમા જીવિતના અંત સુધી (મરણાંત કષ્ટ પ્રાપ્ત થતાં) પણ અખંડિત રહી. ૧

ધન્ના સલાહણિજ્જા, સુલસા આણંદ કામદેવા ય ।। જાસ પસંસઈ ભયવં, દઢવયત્તં મહાવીરો. ।।૨।।

અર્થ :- ધન્ય છે તે મનુષ્યોને અને તેઓ જ પ્રશંસાપાત્ર છે. સુલસા શ્રાવિકા આણંદ અને કામદેવ શ્રાવક જેમના દઢ વ્રતપણાને ભગવંત શ્રીમહાવીરસ્વામી વખાણે છે. ૨

પોસહ વિધિએ લીધો, વિધિએ પાર્યો, વિધિ કરતાં જે કાંઈ અવિધિ હુઓ હોય તે સવિ હુ, મન, વચન, કાયાએ કરી મિચ્છા મિ દુક્કડં ।।૩।।

અર્થ :- પોષહના અઢાર દોષમાં જે કોઈ દોષ લાગ્યો હોય તે સવિ હુ - મન-વચન-કાયાએ કરી મિચ્છા મિ દુક્કડં. ૩

❀ ❀ ❀

૫૦. સામાયિક લેવાનો વિધિ

પ્રથમ સ્થાપનાચાર્યજી ન હોય તો ઉંચે આસને પુસ્તક આદિ જ્ઞાનાદિનું ઉપકરણ મુકીને શ્રાવક તથા શ્રાવિકાએ કટાસણું, મુહપત્તિ અને ચરવળો લઈ, શુદ્ધ વસ્ત્ર સહિત થઈ, જગ્યા પુંજી કટાસણું પાથરી તે ઉપર બેસી. મુહપત્તિ ડાબા હાથમાં મુખ પાસે રાખી, તે વડે મુખ ઢાંકી જમણો હાથ ઉંધો,

સ્થાપનાજી સન્મુખ રાખીને એક નવકાર તથા પંચિંદિય[1] કહેવા પછી ખમાસમણ દઈ ઈરિયાવહિ, તસ્સ ઉત્તારી, અન્નત્થ ઊસસિએણં કહી એક લોગસ્સનો ચંદેસુ નિમ્મલયરા સુધી (લોગસ્સ ન આવડે તો ચાર નવકારનો) કાઉસ્સગ્ગ કરવો. નમો અરિહંતાણં પદ બોલી કાઉસ્સગ્ગ પારી લોગસ્સ કહેવો. પછી ખમાસમણ દઈ "ઈચ્છાકારેણ સંદિસહ ભગવન્ સામાયિક મુહપત્તિ પડિલેહું ?" કહી કાંઈક વિરામ લઈ 'ઈચ્છં' કહી પચાસ બોલ ચિંતવવા સાથે મુહપત્તિ પડિલેહવી. પછી ખમાસમણ દઈ 'ઈચ્છાકારેણ સંદિસહ ભગવન્ સામાયિક સંદિસાહુ' ? "ઈચ્છં" કહી ખમાસમણ દઈ 'ઈચ્છાકારેણ સંદિસહ ભગવન્ સામાયિક ઠાઉં' ? "ઈચ્છં" કહી બે હાથ જોડી એક નવકાર ગણી "ઈચ્છકારી ભગવન્ પસાય કરી સામાયિક દંડક ઉચ્ચરાવોજી" કહી ગુરુ અથવા વડિલ હોય તો તેઓની પાસે કરેમિ ભંતે ઉચ્ચરવું, નહિતર પોતાની મેળે કરેમિ ભંતેનો પાઠ બોલવો. પછી ખમાસમણ દઈ "ઈચ્છાકારેણ સંદિસહ ભગવન્ બેસણે સંદિસાહુ" ? "ઈચ્છં" કહી. પછી ખમાસમણ દઈ "ઈચ્છાકારેણ સંદિસહ ભગવન્ બેસણે ઠાઉં" ? 'ઈચ્છં' કહેવું પછી ખમાસમણ દઈ "ઈચ્છાકારેણ સંદિસહ ભગવન્ સજ્ઝાય સંદિસાહુ ?" 'ઈચ્છં'. કહી ખમાસમણ દઈ "ઈચ્છાકારેણ સંદિસહ ભગવન્ સજ્ઝાય કરું" ? 'ઈચ્છં'. કહી ત્રણ નવકાર ગણવા.પછી બે ઘડી વાંચવા આદિએ કરી ધર્મધ્યાન કરવું અથવા નવકારવાળી ગણવી. વિકથાદિ પ્રમાદમાં પડવું નહિ.

---

૧. સેન પ્રશ્નના પાઠ પ્રમાણે સ્થાપનાના ત્રણ નવકાર અને ઉત્થાપના એક નવકાર વડે થાય છે.

૫૧. સામાયિક પારવાનો વિધિ

પ્રથમ ચરવળો લઈ ઊભા થઈ ખમાસમણ દઈ ઈરિયાવહિ પડિક્કમી યાવત્ કાઉસ્સગ્ગ કરી, નમો અરિહંતાણં પદ બોલી, કાઉસ્સગ્ગ પારી, લોગસ્સ કહેવો પછી ખમાસમણ દઈ 'ઈચ્છાકારેણ સંદિસહ ભગવન્ મુહપત્તિ પડિલેહું' ? 'ઈચ્છં' કહી મુહપત્તિ પડિલેહી ખમાસમણ દઈ, 'ઈચ્છાકારેણ સંદિસહ ભગવન્ સામાયિક પારુ[1] ?' યથાશક્તિ કહી, ખમાસમણ દઈ, ઈચ્છાકારેણ સંદિસહ ભગવન્ સામાયિક પાર્યું.[2] કાંઈક વિસામા પછી 'તહત્તિ' કહી પછી જમણો હાથ ચરવળા ઉપર અથવા કટાસણા ઉપર થાપી એક નવકાર ગણી 'સામાઈય વયજુત્તો' કહેવો. પછી જમણો હાથ સ્થાપના સામે સવળો રાખીને એક નવકાર ગણવો. અહીં ઉપરા ઉપર ત્રણ સામાયિક કે બે સામાયિક કરવાં હોય તો દરેક સામાયિક લેતાં લેવાની વિધિ કરવી પણ વખતો વખત પારવું નહિં. બે સામાયિક કરવાં હોય તો બે પુરાં થયે અને ત્રણ સામાયિક કરવાં હોય તો ત્રણ પુરાં થયે એકવાર પારવું. એવી પ્રવૃત્તિ છે. એક સામટાં આઠ-દશ સામાયિક કરવાં હોય તો ત્રણ ત્રણ સામાયિક સુધી આ વિધિ જાણવો.[3]

૫૨. ચૈત્યવંદન કરવાનો વિધિ

પ્રથમ ત્રણ ખમાસમણ દઈને, પછી "ઈચ્છાકારેણ સંદિસહ ભગવન્ ચૈત્યવંદન કરું" ? કહી; 'ઈચ્છં' કહી, ચૈત્યવંદન, જંકિંચિ કહી, પછી બે કુણી પેટ ઉપર રાખી, બે હાથ

---

૧. અહીં ગુરુ 'પુણોવિ કાયવ્વો' કહે. ૨. અહીં ગુરુ 'આયારો ન મોત્તવ્વો' કહે. ૩. લગોલગ સામાયિક લેવું હોય ત્યારે બીજું-ત્રીજું સામાયિક લેતાં 'સજ્ઝાય કરું' ના બદલે 'સજ્ઝાયમાં છું' એમ કહી ત્રણ નવકારને બદલે એક નવકાર ગણવો.

જોડી અંજલી કરી 'નમુત્થુણં' કહેવું. પછી મુક્તાશુક્તિ મુદ્રાએ (બે હાથ પોલા જોડી, માથા સુધી ઉંચા રાખી) 'જાવંતિ ચેઈઆઈં' કહી, ખમાસમણ દઈ તે જ મુદ્રાએ 'જાવંત કેવિ સાહૂ' કહી, પછી અંજલી કરી 'નમોઽર્હત્-સિદ્ધાચાર્યોપાધ્યાય સર્વ સાધુભ્યઃ' તેમજ ઉવસગ્ગહરં અથવા ગમે તે સુવિહિતનું કરેલું સ્તવન કહેવું પછી મુક્તાશુક્તિ મુદ્રાએ જયવીયરાય આભવમખંડા સુધી કહી હાથ જરા નીચા ઉતારી જયવીયરાય પુરા કહેવા; પછી ઉભા થઈ બે પગ વચ્ચે ચાર આંગળ અંતર રાખી, બે હાથે અંજલી કરી અરિહંત ચેઈઆણં કરેમિ કાઉસ્સગ્ગં; અન્નત્થ ઊસસિએણં, કહી નવકારનો કાઉસ્સગ્ગ કરવો. પછી નમો અરિહંતાણં કહી 'નમોઽર્હત્સિદ્ધાચાર્યોપાધ્યાય-સર્વસાધુભ્યઃ' કહી થોય જોડા માંહેની પહેલી થોય કહેવી.

૫૩. ગુરુવંદન કરવાનો વિધિ

પ્રથમ બે ખમાસમણ દઈ નીચે મુજબ સુખ-શાતા પૂછવી. ઈચ્છકાર [1]સુહરાઈ, સુહદેવસિ[2] સુખતપ, શરીર નિરાબાધ, સુખસંજમ જાત્રા નિર્વહો છો જી ! સ્વામી શાતા છે જી ? ભાતપાણીનો લોભ દેજોજી.

પછી ખમાસમણ દઈ ઈચ્છાકારેણ સંદિસહ ભગવન્ અબ્ભુટ્ઠિઓમિ અબ્ભિંતર રાઈયં[3] ખામેઉં ? કહી, અબ્ભુટ્ઠિઓ કહેવો.

૫૪. દેવસિઅ પ્રતિક્રમણનો વિધિ

પ્રથમ પૂર્વની રીતીએ સામાયિક લેવું, પછી પાણી વાપર્યું હોય તો ખમાસમણ દઈ "ઈચ્છા૦ સંદિસહ ભગ૦ મુહપત્તિ

૧. બપોર પહેલાના વખતમાં કહેવું. ૨ બપોર પછીના વખતમાં કહેવું. ૩ બપોર પછીના વખતમાં દેવસિયં કહેવું.

પડિલેહું"? "ઇચ્છં" એમ કહી બેસીને મુહપત્તિ પડિલેહવી અને જો આહાર વાપર્યો હોય તો બે વાંદણા દેવાં; ત્યાં બીજાં વાંદણામાં 'આવસ્સિઆએ' એ પદ ન કહેવું. અવગ્રહમાં જ ઉભા રહીને 'ઇચ્છકારી ભગ૦ પસાય કરી પચ્ચક્ખાણનો આદેશ દેશોજી' એમ કહેવું. પછી વડીલ પચ્ચક્ખાણ કરાવે યા પોતે યથાશક્તિ પચ્ચક્ખાણ કરે. પછી ખમાસમણ દઈ ઉભા થઈ "ઇચ્છા૦ સંદિ૦ ભગ૦ ચૈત્યવંદન કરું?" એમ કહેવું; પછી બેસીને વડીલ ચૈત્યવંદન કહે. વડીલ ન હોય તો પંચાંગ પ્રણિપાતથી (બંને ઢીંચણ જમીન ઉપર સ્થાપી) પોતે કહે. પછી 'જંકિંચિ' કહેવું. પછી નમુત્થુણં કહી, ઉભા થઈ અરિહંત ચેઇઆણં કહી અન્નત્થ૦ કહી એક નવકારનો કાઉસ્સગ્ગ કરી પારી નમોઽર્હત્૦ કહી પહેલી થોય કહેવી, પછી લોગસ્સ, સવ્વલોએ અરિહંત ચેઈઆણં, અન્નત્થ૦ કહી એક નવકારનો કાઉસ્સગ્ગ કરી,પારી, બીજી થોય કહેવી. પુક્ખરવરદી, સુઅસ્સ ભગવઓ કરેમિ કાઉસ્સગ્ગં વંદણવત્તિઆએ૦ કહી, અન્નત્થ૦ કહી, એક નવકારનો કાઉસ્સગ્ગ કરી, પારી ત્રીજી થોય કહેવી, પછી સિદ્ધાણં બુદ્ધાણં કહી. વૈયાવચ્ચગરાણં૦ અન્નત્થ૦ કહી એક નવકારનો કાઉસ્સગ્ગ કરી, પારી નમોઽર્હત્૦ કહી ચોથી થોય કહેવી, પછી બેસીને નમુત્થુણં કહેવું. પછી ઉભા થઈ ચાર ખમાસમણ દેવાપૂર્વક 'ભગવાન્હં, આચાર્યહં, ઉપાધ્યાયહં, સર્વ સાધુહં, એમ કહેવું, પછી 'ઇચ્છકારિ સમસ્ત શ્રાવકને વાંદું, એમ કહેવું. પછી ઇચ્છા૦ સંદિ૦ ભગ૦ દેવસિઅ પડિક્કમણે ઠાઉં? 'ઇચ્છં'. એ આદેશ માગીને બેસી જમણો હાથ ચરવળા ઉપર યા ભૂમિ ઉપર સ્થાપી, 'સવ્વસ્સવિ દેવસિઅ દુચ્ચિંતિઅ દુબ્ભાસિઅ, દુચ્ચિટ્ઠિઅ મિચ્છા મિ દુક્કડં' એ પાઠ કહેવો. (પ્રતિક્રમણમાં દરેક

આદેશ વડીલ જ માગે, તે ન હોય તો શ્રાવક પોતે માગે. આ વાત પીઠિકારૂપે સર્વત્ર યોજવી.) પછી ઉભા થઈ કરેમિ ભંતે૦ ઇચ્છામિ ઠામિ કાઉસ્સગ્ગં જો મે દેવસિઓ અઈઆરો૦ કહી તસ્સઉત્તરી૦ અન્નત્થ૦ કહી અતિચારની આઠ ગાથાનો અને તે ન આવડે તો આઠ નવકારનો કાઉસ્સગ્ગ કરી, પારી. પ્રગટ લોગસ્સ કહેવો. પછી બેસીને ત્રીજા આવશ્યકની મુહપત્તિ પડિલેહવી પછી ઉભા થઈને બે વાંદણા દેવાં, તેમાં બીજા વાંદણા વખતે અવગ્રહ બહાર નીકળવું નહિ. બીજું વાંદણુ પુરું થયે 'ઇચ્છા૦ સં૦ ભ૦ દેવસિયં આલોઉં ? 'ઇચ્છં' આલોએમિ 'જો મે દેવસિઓ અઈઆરોનો પાઠ કહેવો. પછી 'સાત લાખ' અને 'અઢાર પાપસ્થાનક' કહેવા. પછી 'સવ્વસ્સવિ, દેવસિઅ, દુચ્ચિંતિય દુબ્ભાસિય દુચ્ચિટ્ઠિઅ ઇચ્છા૦ સંદિ૦ ભગ૦ ઇચ્છં તસ્સ મિચ્છા મિ દુક્કડં' એમ કહી વીરાસને અથવા ન આવડે તો જમણો ઢીંચણ ઉંચો રાખી એક નવકાર, કરેમિભંતે૦ કહી, ઇચ્છામિ પડિક્કમિઉં, જો મે દેવસિઓ અઈઆરો કહી સંપૂર્ણ વંદિત્તુ કહેવું; પણ તેમાં 'તસ્સ ધમ્મસ્સ કેવલિપન્નત્તસ્સ અબ્ભુટ્ઠિઓમિ' એ પદ બોલતાં ઉભા થવું અને અવગ્રહની બહાર જઈને વંદિત્તુ પૂરું કરવું. પછી બે વાંદણા દેવાં. બીજા વાંદણામાં અવગ્રહમાં ઉભા હોઈએ ત્યાં 'ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્ અબ્ભુટ્ઠિઓમિ અબ્ભિંતર દેવસિઅં ખામેઉં ? 'ઇચ્છં ખામેમિ દેવસિઅં' કહીને જમણો હાથ ચરવળા ઉપર સ્થાપી જંકિંચિ અપત્તિઅં ઇત્યાદિ પાઠ બોલતાં અબ્ભુટ્ઠિઓ ખામવો. પછી અવગ્રહ બહાર નીકળીને બે વાંદણા દેવાં. બીજું વાંદણુ પુરું થાય ત્યારે અવગ્રહની બહાર નીકળી 'આયરિય ઉવજ્ઝાએ' કહેવું. પછી કરેમિભંતે૦ ઇચ્છામિ ઠામિ૦ તસ્સ ઉત્તરી૦ અન્નત્થ૦ કહી

બે લોગસ્સ અથવા ન આવડે તો આઠ નવકારનો કાઉસ્સગ્ગ કરવો. (લઘુ કે મોટી શાન્તિ કે ખરાબ સ્વપ્નના કાઉસ્સગ્ગ સિવાય બીજી બધી જગ્યાએ લોગસ્સના જયાં જયાં કાઉસ્સગ્ગ આવે ત્યાં ત્યાં ચંદેસુ નિમ્મલયરા સુધી જ ગણવાનું ધ્યાનમાં રાખવું.) પછી પારીને લોગસ્સ, સવ્વલોએ અરિહંત ચેઈ૦ અન્નત્થ૦ કહી; એક લોગસ્સ યા ચાર નવકારનો કાઉસ્સગ્ગ કરી પારી, પુક્ખરવરદી૦ સુઅસ્સ ભગવઓ કરેમિ કાઉ૦ વંદણ૦ કહી, અન્નત્થ કહી એક લોગસ્સનો યા ચાર નવકારનો કાઉસ્સગ્ગ કરી, પારી સિદ્ધાણં બુદ્ધાણં કહેવું. પછી "સુઅદેવયાએ કરેમિ કાઉસ્સગ્ગં અન્નત્થ૦" કહી એક નવકારનો કાઉસ્સગ્ગ કરી, નમોઽર્હત્૦ કહી પુરુષે સુઅદેવયાની થોય (અહીં સ્ત્રી હોય તો તે કમલ-દલની સ્તુતિ કહે.) કહેવી. પછી ખિત્તદેવયાએ કરેમિ કાઉસ્સગ્ગં, અન્નત્થ૦ કહી એક નવકારનો કાઉસ્સગ્ગ કરી, પારી, નમોઽર્હત્૦ કહી જીસે ખિત્તે સાહુ૦ની થોય કહેવી. (અહીં પણ સ્ત્રી હોય તો તે યસ્યાઃ ક્ષેત્રં૦ થોય કહે.) પછી એક નવકાર ગણી બેસીને મુહપત્તિ પડિલેહવી. પછી બે વાંદણા દેવાં પછી ઊભા ઊભા "સામાયિક, ચઉવ્વિસત્થો, વાંદણાં, પડિક્કમણું, કાઉસ્સગ્ગ, પચ્ચક્ખાણ" કર્યું છે જી. ઈચ્છામો અણુસટ્ઠિં, એમ કહી, બેસીને નમો ખમાસમણાણં, નમોઽર્હત્૦ ઈત્યાદિ પાઠ કહી નમોઽસ્તુ વર્દ્ધમાનાય૦ કહેવું (અહીં સ્ત્રી હોય તો તે સંસારદાવા૦ની ત્રણ થોય કહે.) પછી નમુત્થુણં કહી "ઈચ્છાકારેણ સંદિ૦ ભગવન્ સ્તવન ભણું" ? 'ઈચ્છં' કહી સ્તવન કહેવું, (સ્તવન પૂર્વાચાર્યનું બનાવેલું ઓછામાં ઓછું પાંચ ગાથાનું હોવું જોઈએ) પછી 'વરકનક' કહી પૂર્વની પેઠે ભગવાનાદિ ચારને, ભગવાનહં વગેરે કહી ચાર ખમાસમણવડે

થોભવંદન કરવું. પછી જમણો હાથ ચરવળા યા ભૂમિપર સ્થાપી અઢ્ઢાઇજ્જેસુ કહેવું પછી ઊભા થઈ "ઇચ્છા૦ સંદિ૦ દેવસિઅ પાયચ્છિત્ત-વિસોહણત્થં કાઉસ્સગ્ગ કરું ? ઇચ્છં દેવસિઅ પાયચ્છિત્ત-વિસોહણત્થં કરેમિ કાઉસ્સગ્ગં, અન્નત્થ૦ કહી ચાર લોગસ્સ યા સોળ નવકારનો કાઉસ્સગ્ગ કરી, પારી, પ્રગટ લોગસ્સ કહેવો. પછી બે ખમાસમણ દેવા પૂર્વક "સજ્ઝાય સંદિસાહું ઇચ્છં" તથા "સજ્ઝાય કરું ? ઇચ્છં" એવી રીતે બે આદેશ માગી, બેસી. એક નવકાર ગણીને વડિલ અગર તેમનો આદેશ માગી, પોતે સજ્ઝાય કહે. પછી એક નવકાર ગણી ઊભા થઈ ખમાસમણ દઇ "ઇચ્છા૦ સંદિ૦ ભગ૦ દુક્ખક્ખય કમ્મક્ખય નિમિત્તં કાઉસ્સગ્ગ કરૂં ? ઇચ્છં, દુક્ખક્ખય કમક્ખય નિમિત્તં કરેમિ કાઉસ્સગ્ગં" અન્નત્થ૦ કહી સંપૂર્ણ ચાર લોગસ્સ અથવા સોળ નવકારનો કાઉસ્સગ્ગ કરી, પારી, નમોઽર્હત્ કહી, એક જણ 'લઘુશાન્તિ' કહે અને બીજા કાઉસ્સગ્ગમાં સાંભળે. પછી કાઉસ્સગ્ગ પારી, લોગસ્સ કહી, ખમાસમણ દઈ ઇરિયાવહી, તસ્સ ઉતરી, અન્નત્થ૦ કહી, એક લોગસ્સ યા ચાર નવકારનો કાઉસ્સગ્ગ કરી પારી, લોગસ્સ કહેવો પછી બેસી ચઉક્કસાય, જંકિંચિ, નમુત્થુણં, જાવંતિ ચેઇઆઈ કહી, ખમાસમણ દઇ જાવંત કેવિ સાહૂ, નમોઽર્હત્૦ ઉવસગ્ગહરં કહી બે હાથ લલાટે લગાડી જયવીયરાય કહી ખમાસમણ દઈ "ઇચ્છા૦ સંદિ૦ ભગ૦ મુહપત્તિ પડિલેહું ? ઇચ્છં" કહી મુહપત્તિ પડિલેહવી. પછી ઊભા થઈ બે ખમાસમણ દેવા પૂર્વક "ઇચ્છા૦ સંદિ૦ ભગ૦ સામાયિક પારું ?" "યથાશક્તિ" તથા ઇચ્છા૦ સંદિ૦ ભગ૦ સામાયિક પાર્યું "તહત્તિ" કહી, સામાયિક પારવાની વિધિ પ્રમાણે સામાઇઅ વયજુત્તો કહેવા પર્યંત સર્વ કહેવું, પછી સ્થાપના સ્થાપી હોય તો જમણો હાથ અવળો સ્થાપનાજી સન્મુખ રાખી એક નવકાર ગણવો.

૫૫. રાઈઅ પ્રતિક્રમણ વિધિ

પ્રથમ પૂર્વ રીતિએ સામાયિક લેવું. પછી ખમાસમણ દઈ "ઇચ્છાકારેણ સંહિસહ ભગવન્ કુસુમિણ દુસુમિણ ઉફ્રાવણી રાઈઅ પાયચ્છિત્તવિસોહણત્થં કાઉસ્સગ્ગ કરૂં ? ઇચ્છં કુસુમિણ-દુસુમિણ. કહી, અન્નત્થ૦ કહી, કામભોગાદિનાં તે રાત્રિએ દુઃસ્વપ્ન આવ્યાં હોય તો સાગરવરગંભીરા સુધી અને બીજા દુઃસ્વપ્ન આવ્યાં હોય તો ચંદેસુ નિમ્મલયરા સુધી ચાર લોગસ્સ યા સોળ નવકારનો કાઉસ્સગ્ગ કરી, પારી, પ્રગટ લોગસ્સ કહેવો. પછી ખમાસમણ દઈ "ઇચ્છાકારેણ સંદિ૦ ભગ૦ ચૈત્યવંદન કરું ? ઇચ્છં" એમ કહી બેસીને પંચાંગપ્રણિપાતે જગચિંતામણિનું ચૈત્યવંદન જયવીયરાય પર્યંત કહેવું. પછી ભગવાનાદિ ચારને થોભવંદન કરવું પછી ઉભા થઈ બે ખમાસમણ દેવાપૂર્વક સજઝાયનો આદેશ માગી બેસીને એક નવકાર ગણી, ભરહેસરની સજઝાય કહેવી. પછી ઇચ્છકાર સુહરાઈ૦નો પાઠ કહેવો. પછી "ઇચ્છાકારેણ સંદિ૦ ભગ૦ રાઈઅ પડિક્કમણે ઠાઉં ? ઇચ્છં" એમ કહી જમણો હાથ ઉપધિ ઉપર સ્થાપી, સવ્વસ્સવિ રાઈઅ દુચ્ચિંતિઅ૦ નો પાઠ કહેવો, પછી નમુત્થુણં કહી ઉભા થઈ કરેમિ ભંતે, ઇચ્છામિ ઠામિ૦ તસ્સ ઉત્તરી, અન્નત્થ૦ કહી એક લોગસ્સ યા ચાર નવકારનો કાઉસ્સગ્ગ કરી, પારી પછી લોગસ્સ સવ્વલોએ અરિ૦ અન્નત્થ૦ કહી, એક લોગસ્સ યા ચાર નવકારનો કાઉસ્સગ્ગ કરી પારી પછી પુક્ખરવરદી૦ સુઅસ્સ ભગવઓ૦ વંદણ૦ અન્નત્થ૦ કહી અતિચારની આઠ ગાથા અથવા આઠ નવકારનો કાઉસ્સગ્ગ કરી પારી પછી સિદ્ધાણં બુદ્ધાણં કહી બેસીને ત્રીજા આવશ્યકની મુહપત્તિ પડિલેહવી, પછી ઉભા થઈ વાંદણા બે દેવાં, પછી

ઈચ્છાકારેણ સંદિ૦ ભગ૦ રાઈઅં આલોઉં ? ઈચ્છં, આલોએમિ જો મે રાઈનો પાઠ કહેવો. પછી સાત લાખ, અઢાર પાપસ્થાનક, સવ્વસ્સવિ રાઈઅ૦ દેવસિઅ પ્રતિક્રમણની પેઠે કહેવું. પછી બેસીને વીરાસને, ન આવડે તો જમણો ઢીંચણ ઉભો રાખી નવકાર, કરેમિ ભંતે, ઈચ્છામિ પડિક્કમિઉં જો મે રાઈઓ૦ કહી વંદિત્તુ કહેવું, ૪૪મી ગાથામાં "અબ્ભુટ્ઠિઓમિ" પદ કહેતાં ઉભા થઈ વંદિતુ પૂરું કરી વાંદણા બે દેવાં. પછી અવગ્રહમાં જ રહી, આદેશ માગી, અબ્ભુટ્ઠિઓ૦ ખામીને અવગ્રહ બહાર નીકળી, વાંદણાં બે દેવાં, પછી આયરિઅ ઉવજ્ઝાએ૦ કહેવું, પછી કરેમિભંતે, ઈચ્છામિ ઠામિ૦ તસ્સ૦ અન્નત્થ૦ કહી સોળ નવકારનો કાઉસ્સગ્ગ કરી - (અત્ર તપચિંતવણીનો કાઉસ્સગ્ગ કરવાનો છે.) પારી, પ્રગટ લોગસ્સ કહી, બેસીને છટ્ઠા આવશ્યકની મુહપત્તિ પડિલેહી ઊભા થઈને વાંદણા બે દેવાં. પછી અવગ્રહની અંદર રહીને 'સકલતીર્થ' કહેવું. પછી આદેશ માગી યથાશક્તિ પચ્ચક્ખાણ કરવું. પછી છ આવશ્યક દેવસિઅની પેઠે સંભારવાં. પછી "ઈચ્છામો અણુસટ્ઠિં" કહી બેસીને નમો ખમાસમણાણં નમોઽર્હત્૦ કહી વિશાલ લોચનદલં૦ કહેવું. (અહીં સ્ત્રીએ સંસારદાવાની ત્રણ થોય કહેવી.) પછી નમુત્થુણં, અરિહંત ચેઈઆણં. કહી એક નવકારનો કાઉસ્સગ્ગ કરી પારીને (પુરુષોએ નમોઽર્હત્ કહી) કલ્લાણકંદની પ્રથમ થોય કહેવી પછી લોગસ્સ, પુક્ખરવરદી, સિદ્ધાણં બુદ્ધાણં, કહી અનુક્રમે બાકીની ત્રણેય થોયો કહેવી પછી બેસીને નમુત્થુણં કહી ભગવાનાદિ ચારને થોભવંદન કરવું. પછી જમણો હાથ ઉપધિ ઉપર સ્થાપી અઢ્ઢાઈજ્જેસુ કહેવું. પછી બંને ઢીંચણ ભૂમિ પર સ્થાપી ઈશાનકોણ સન્મુખ બેસી યા તે દિશા મનમાં ચિંતવીને ખમાસમણ દઈ શ્રી સીમંધર સ્વામીનું

ચૈત્યવંદન; સ્તવન જયવીયરાય, કાઉસ્સગ્ગ થોય પર્યંત વિધિપૂર્વક કરવું. તેમાં અરિહંત ચેઈયાણંથી ઉભા થઈને વિધિ કરવી. તેજ પ્રમાણે ખમાસમણ દઈ શ્રી સિદ્ધાચલજીનું ચૈત્યવંદન, સ્તવન, જયવીયરાય, કાઉસ્સગ્ગ, થોય પર્યંત વિધિપૂર્વક કરવું. પછી સામાયિક પારવાની વિધિની રીતિએ સામાયિક પારવું.

તા.ક. ગુરુમહારાજ હોય ત્યારે તેઓ જેમ આદેશ માગે છે-તેઓ કાઉસ્સગ્ગ પારે ત્યારે આપણે પારીએ છીએ, કંઈ સૂત્ર કહેવું હોય ત્યારે તેઓની પાસે કહેવાનો આદેશ માગીએ છીએ; તેજ પ્રકારે તેમને વિરહે કરેમિ ભંતે ઉચ્ચરાવનાર જ્ઞાનવૃદ્ધ, તપોવૃદ્ધ, વ્રતવૃદ્ધ, પ્રત્યે પણ પ્રતિક્રમણ કરતી વખતે વિનયથી વર્તવું યોગ્ય છે.

૫૯. પચ્ચક્ખાણ પારવાનો વિધિ

૧ પ્રથમ "ઈરિયાવહિ" પડિક્કમી, યાવત્ 'જગચિંતામણી' ચૈત્યવંદન "જયવીયરાય" સુધી કરવું. પછી "મન્હ જિણાણં"ની સજઝાય કહી મુહપત્તિ પડિલેહવી. પછી ખમાસમણ દઈ 'ઈચ્છાકારેણ સંદિસહ ભગવન્ ! પચ્ચક્ખાણ પારું ? યથાશક્તિ, ઈચ્છામિ૦ ઈચ્છા૦ સંદિસહ ભગવન્ ! પચ્ચક્ખાણ પાર્યું; "તહત્તિ" એમ કહી જમણો હાથ કટાસણા અથવા ચરવળા ઉપર સ્થાપી, એક "નવકાર" ગણી, પચ્ચક્ખાણ કર્યું હોય, તેનું નામ કહી તે પારવું. તે આ પ્રમાણે "ઉગ્ગએ સૂરે નમુક્કારસહિઅં પોરિસિં, સાઢપોરિસિં, ગંઠિસહિઅં, મુટ્ઠિસહિઅં પચ્ચક્ખાણ કર્યું. ચઉવ્વિહાર, આયંબિલ, નીવિ, એકાસણું, બેઆસણું, પચ્ચક્ખાણ કર્યું. તિવિહાર, પચ્ચક્ખાણ ફાસિઅં પાલિઅં, સોહિઅં તીરિઅં, કિટ્ટિઅં, આરાહિઅં, જં ચ ન આરાહિઅં, તસ્સ મિચ્છા મિ દુક્કડં. એમ કહી એક નવકાર ગણવો.

૫૭. સ્નાતસ્યાની સ્તુતિ

શબ્દાર્થ

સ્નાતસ્ય - ન્હવરાવેલા.
અપ્રતિમસ્ય - નિરુપમ-ઉપમા આપી શકાય નહિ એવા.
મેરુશિખરે - મેરુપર્વતની ટોચે..
શચ્યા - ઈન્દ્રાણીએ.
વિભોઃ - પ્રભુના.
શૈશવે - બાળપણમાં.
રૂપાલોકન - રૂપ જોવાથી થયેલ.
વિસ્મય - આશ્ચર્ય વડે.
આહૃતરસ - ભોગવેલ રસની.
ભ્રાંત્યા - ભ્રાંતિવડે.
ભ્રમચ્ચક્ષુષા - ભમતી ચક્ષુ છે જેની.
ઉન્મૃષ્ટં - લૂછેલું.
નયનપ્રભા - નેત્રની કાન્તિવડે.
ધવલિતં - ઉજ્જવલ થયેલું.
ક્ષીરોદક - ક્ષીરસમુદ્રના પાણીની.
આશંક્યા - આશંકા વડે.
વક્ત્રં - મુખ.
યસ્ય - જેનું.
પુનઃ પુનઃ - વારંવાર.
સ જયતિ - તે જયવંત વર્તે છે.
શ્રીવર્ધમાનઃ - શ્રી મહાવીર.
જિનઃ - તીર્થંકર.
હંસ - હંસપક્ષીની.
અંસ - પાંખવડે.
આહત - ઉડાડેલી.
પદ્મરેણુ - કમળની રજવડે.
કપિશ - પીળું થયેલું.
ક્ષીરાર્ણવ - ક્ષીરસમુદ્રના.
અંભોભૃતૈઃ - પાણીથી ભરેલા.
કુંભૈઃ - કળશો વડે.
અપ્સરસાં - અપ્સરાઓના.
પયોધરભર - સ્તનના સમૂહની.
પ્રસ્પર્દ્ધિભિઃ - અતિ સ્પર્ધા કરનારા.
કાંચનૈઃ - સોનાના.
યેષાં - જેઓનો.
મંદરરત્નશૈલ - મેરુ પર્વતના.
શિખરે - શિખર ઉપર.
જન્માભિષેકઃ - જન્મ અભિષેક.
કૃતઃ - કરેલો છે.
સર્વૈઃ - સર્વ પ્રકારના.
સર્વસુરાસુર - સમગ્ર સુર (વૈમાનિક દેવ) અને અસુર (ભવનવાસી દેવ)ના.
ઈશ્વરગણૈઃ - ઈન્દ્રના સમુદાયે.
તેષાં - તેઓના.

નતઃ - નમ્યો.
અહં - હું.
ક્રમાન્ - ચરણોને.
અર્હદ્‌વક્ત્ર - અર્હંતના મુખ થકી.
પ્રસૂતં - પ્રગટ થયેલા.
ગણધરરચિતં - ગણધરોએ રચેલા.
દ્વાદશાંગં - બાર અંગરૂપ.
વિશાલં - વિશાળ.
ચિત્રં - આશ્ચર્યકારી.
બહ્‌વર્થયુક્તં - ઘણા અર્થયુક્ત.
મુનિગણ - સાધુ સમુદાયના.
વૃષભૈઃ - નાયકોએ - આચાર્યોએ.
ધારિતં - ધારણ કરેલું.
બુદ્ધિમદ્‌ભિઃ - બુદ્ધિમાન.
મોક્ષ - મોક્ષના.
અગ્રદ્વારભૂતં - અગ્રદ્વાર સમાન.
વ્રતચરણફલં - વ્રત અને ચારિત્રનું ફળ છે જેમાં એવું.
જ્ઞેયભાવપ્રદીપં - જાણવા યોગ્ય ભાવોને દીપક સમાન.
ભક્ત્યા - ભક્તિ વડે.
નિત્યં - નિરંતર.
પ્રપદ્યે - અંગીકાર કરું છું.
શ્રુતં - સિદ્ધાંતને.
અખિલં - સમસ્ત.
લોકૈકસારં - લોકમાં અદ્વિતીય સારભૂત.
નિષ્પંકવ્યોમ - વાદળ રહિત આકાશ જેવા.
નીલદ્યુતિ - નીલવર્ણવાળા.
અલસદૃશં - મદઘૂર્ણિત નેત્રવાળા.
બાલચંદ્ર - બીજના ચંદ્રની.
આભદંષ્ટ્રં - કાન્તિ જેવી દાઢવાળા.
મત્તં - મદોન્મત્ત.
ઘંટારવેણ - ઘંટના શબ્દે.
પ્રસૃત - પ્રસરતા.
મદજલં - મદરૂપ પાણીને.
પૂરયંતં - પૂરતા.
સમંતાત્ - સર્વ બાજુએ.
આરૂઢં - બેઠેલ.
દિવ્યનાગં - દિવ્ય હસ્તિ ઉપર.
વિચરતિ - વિચરે છે.
ગગને - આકાશમાં.
કામદઃ - મન વાંછિત આપનાર.
કામરૂપી - સ્વેચ્છાચારી.
યક્ષઃ - યક્ષ.
સર્વાનુભૂતિઃ - સર્વાનુભૂતિ.
દિશતુ - આપો.
મમ - મને.
સદા - હંમેશ.
સર્વકાર્યેષુ - સર્વ કાર્યમાં.
સિદ્ધિં - સિદ્ધિને.

શ્રી વીરજિન સ્તુતિ

(શાર્દુલવિક્રીડિતમ્)

સ્નાતસ્યાપ્રતિમસ્ય મેરૂશિખરે શચ્યા વિભોઃ શૈશવે, રૂપાલોકનવિસ્મયાહૃતરસ-ભ્રાંત્યા ભ્રમચ્ચક્ષુષા ॥ ઉન્મૃષ્ટં નયનપ્રભા-ધવલિતં ક્ષીરોદકાશંકયા, વક્ત્રં યસ્ય પુનઃ પુનઃ સ જયતિ શ્રી વર્દ્ધમાનો જિનઃ ॥ ૧ ॥

અર્થ :- બાળપણમાં મેરૂ પર્વતના શિખર ઉપર ન્હવરાવેલા અને નિરૂપમ પ્રભુના રૂપને જોવાથી થયેલા વિસ્મયવડે ભોગવેલ રસની ભ્રાંતિવડે ભમતી (અરહી પરહી થતી) છે ચક્ષુ જેની એવી ઈન્દ્રાણીએ, નેત્રની કાન્તિવડે ઉજ્જ્વલ કરેલું અને ક્ષીરસમુદ્રના જળની આશંકા વડે લૂછેલું જે ભગવંતનું મુખ છે, તે શ્રી વર્દ્ધમાનજિન વારંવર જયવંત વર્તે છે. ૧.

સર્વ જિન સ્તુતિ

હંસાંસાહત-પદ્મરેણુકપિશ-ક્ષીરાર્ણ-વાંભોભૃતૈઃ, કુંભૈરપ્સરસાં પયોધરભર-પ્રસ્પર્દ્ધિભિઃ કાંચનૈઃ ॥ યેષાં મંદરરત્નશૈલ-શિખરે જન્માભિષેકઃ કૃતઃ, સર્વૈઃ સર્વસુરા-સુરેશ્વરગણૈસ્તેષાં નતોડહં ક્રમાન્ ॥ ૨ ॥

અર્થ :- સર્વ પ્રકારના સમગ્ર સુર અને અસુરના ઈન્દ્ર સમુદાયે મેરુ પર્વતના શિખર ઉપર રાજહંસોની પાંખો વડે ઉડેલી કમળની રજ વડે પીળું થયેલ જે ક્ષીરસમુદ્રનું પાણી તેના વડે ભરેલા, અપ્સરાના સ્તનના સમૂહની સાથે અતિસ્પર્દ્ધા કરનારા એવા સુવર્ણના કળશો વડે જે તીર્થંકરોનો જન્માભિષેક કરેલ છે. તેઓના ચરણકમળોને હું નમ્યો છું. ૨.

શ્રુત-સિદ્ધાંત સ્તુતિ

(સ્રગ્ધરાવૃત્તમ્)

અર્હદ્વક્ત્રપ્રસૂતં, ગણધરરચિતંદ્વાદશાંગં-
વિશાલં, ચિત્રં બહ્વર્થયુક્તં મુનિગણ-
વૃષભૈર્ધારિતં બુદ્ધિમદ્ભિઃ ।। મોક્ષાગ્ર-
દ્વારભૂતં વ્રતચરણફલં જ્ઞેયભાવપ્રદીપં,
ભક્ત્યા નિત્યં પ્રપદ્યે શ્રુતમહ-મખિલં
સર્વલોકૈકસારમ્ ।। ૩ ।।

અર્થ :- અર્હંતના મુખથકી પ્રગટ થયેલ, ગણધરોએ રચેલ દ્વાદશ અંગરૂપ વિશાલ, આશ્ચર્યકારી, ઘણા અર્થયુક્ત બુદ્ધિમંત સાધુ સમુદાયના નાયકો (આચાર્યો)એ ધારણ કરેલ, મોક્ષના અગ્રદ્વાર તુલ્ય, વ્રત અને ચારિત્રનું ફળ છે જેમાં એવા, જાણવા યોગ્ય ભાવોને (જણાવવામાં) દીપક સમાન અને સર્વ લોકને વિષે અદ્વિતીય સારભૂત સમસ્ત સિદ્ધાંતને હું નિરંતર ભક્તિ વડે અંગીકાર કરું છું. ૩.

નિષ્પં - કવ્યોમનીલ દ્યુતિમલસદૃશં [1]બાલ-ચંદ્રાભદંષ્ટ્રં, મત્તં ઘંટારવેણ પ્રસૃત-મદજલં પૂરયન્તં સમન્તાત્ આરૂઢો દિવ્ય-નાગં વિચરતિ ગગને કામદઃ કામરૂપી, યક્ષઃ સર્વાનુભૂતિર્દિશતુ મમ સદા સર્વકાર્યેષુ સિદ્ધિમ્ ॥ ૪ ॥

અર્થ :- વાદળ રહિત આકાશ જેવા નીલવર્ણવાળા મદઘૂર્ણિત નેત્રવાળા, બીજના ચંદ્રની કાન્તિ જેવી ઉજ્જ્વલ દાઢા (દંતૂશળ) વાળા, ઘંટના શબ્દવડે મદોન્મત્ત, પ્રસરતા મદરૂપ પાણીને સર્વ બાજુએ પૂરતા એવા દિવ્ય હસ્તિ ઉપર બેઠેલ, મનોવાંછિત આપનાર, સ્વેચ્છાચારી સર્વાનુભૂતિ નામનો યક્ષ આકાશમાં વિચરે છે; તે મને હંમેશ સર્વ કાર્યમાં સિદ્ધિ આપો. ૪.

❀ ❀ ❀

૫૮. ભવનદેવતા-સ્તુતિઃ

શબ્દાર્થ

જ્ઞાનાદિ - જ્ઞાનાદિક.	વિદધાતુ - કરો.
ગુણયુતાનાં - ગુણયુક્તનું.	ભવનદેવી - ભવનદેવી.
સ્વાધ્યાય - સ્વાધ્યાય (અને)	શિવં - કલ્યાણ.
સંયમરતાનાં - ચારિત્રમાં રક્તનું.	સર્વસાધૂનાં - સર્વ સાધુઓનું.

૧. આ સ્તુતિ શ્રીમદ્ હેમચંદ્રાચાર્યના કૃતઘ્ન શિષ્ય બાલચન્દ્રાચાર્યે બનાવી છે. પ્રથમ સંઘે માન્ય કરી નહોતી, પણ બાલચંદ્ર કાળ કરીને વ્યંતર થવાથી તેણે સંઘને ઉપદ્રવ કર્યો તેથી, તથા અવિરૂદ્ધ વચન હોવાથી સંઘે માન્ય કરીને ચતુર્દશીના પ્રતિક્રમણમાં દાખલ કરી એવો વૃદ્ધવાદ છે. બાલચંદ્ર શબ્દે કર્તાનું નામ પણ સૂચવ્યું છે.

ભવણદેવયાએ કરેમિ કાઉસ્સગ્ગં૦

જ્ઞાનાદિગુણયુતાનાં, નિત્યં સ્વાધ્યાય-સંયમરતાનામ્ ॥ વિદધાતુ ભવનદેવી, શિવં સદા સર્વસાધૂનામ્ ॥ ૧ ॥

અર્થ :- ભવનદેવતાને આશ્રયીને કાઉસ્સગ્ગ કરું છું. જ્ઞાનાદિ, ગુણયુક્ત હંમેશાં સ્વાધ્યાય અને સંયમમાં રક્ત સર્વ સાધુઓનું હે ભવનદેવી ! નિરંતર કલ્યાણ કરો. ૧.

❀ ❀ ❀

૫૯. ક્ષેત્રદેવતા સ્તુતિઃ

શબ્દાર્થ

યસ્યાઃ - જે દેવીના.
ક્ષેત્રં - ક્ષેત્રને.
સમાશ્રિત્ય - આશ્રય કરીને.
સાધુભિઃ - સાધુઓ વડે.
સાધ્યતે - સધાય છે.
ક્રિયા - ધર્મક્રિયા
સા - તે.
ક્ષેત્ર દેવતા - ક્ષેત્રદેવી.
ભૂયાત - થાઓ.
નઃ - અમને.
સુખદાયિની - સુખ આપનારી.

યસ્યાઃ ક્ષેત્રં સમાશ્રિત્ય, સાધુભિઃ સાધ્યતે ક્રિયા ॥ સા ક્ષેત્રદેવતા નિત્યં, ભૂયાન્નઃ સુખદાયિની ॥ ૧ ॥

અર્થ :- જે દેવીના ક્ષેત્રનો આશ્રય કરીને સાધુઓ વડે ધર્મક્રિયા સધાય છે, તે ક્ષેત્રદેવી અમોને નિરંતર સુખ આપનારી થાઓ ! ૧.

❀ ❀ ❀

૬૦. સકલાર્હત્*

શબ્દાર્થ

સકલ - સર્વને.
અર્હત્ - પૂજવાને યોગ્ય.
પ્રતિષ્ઠાનં - સ્થાનરૂપ.
અધિષ્ઠાનં - સ્થાનક.
શિવશ્રિયઃ - મોક્ષલક્ષ્મીનું.
ભૂર્ભુવઃ સ્વસ્ત્રયી - પાતાળ, મૃત્યુ અને સ્વર્ગરૂપ ત્રણ લોકના.
ઈશાનં - ઈશ્વર-સ્વામી.
આર્હન્ત્યં - અર્હતના સમૂહનું.
પ્રણિદધ્મહે - અમે ધ્યાન કરીએ છીએ.
નામ - નામનિક્ષેપ.
આકૃતિ - સ્થાપનાનિક્ષેપ.
દ્રવ્ય - દ્રવ્યનિક્ષેપ (અને).
ભાવૈઃ - ભાવનિક્ષેપ વડે.
પુનતઃ - પવિત્ર કરનારા.
ત્રિજગજ્જનં - ત્રણ જગતના લોકોને.
ક્ષેત્રે - ક્ષેત્રમાં.
કાલે - કાળમાં.
સર્વસ્મિન્ - સર્વને વિષે.
અર્હતઃ - અર્હન્તોને.
સમુપાસ્મહે - રૂડા પ્રકારે સેવીએ છીએ.
આદિમં - પહેલા.
પૃથિવીનાથં - પૃથ્વીના પતિ, રાજા.
નિષ્પરિગ્રહં - નિષ્પરિગ્રહી-સાધુ.
તીર્થનાથં - તીર્થપતિ, તીર્થંકર.
ઋષભસ્વામિનં - ઋષભદેવસ્વામિને.
સ્તુમઃ - અમે સ્તવીએ છીએ.
અર્હન્તં - પૂજ્ય.
અજિતં - અજિતનાથને.
વિશ્વ - જગતરૂપી.
કમલાકર - કમળવાળા સરોવરને.
ભાસ્કરં - સૂર્યસમાન.
અમ્લાન - નિર્મળ.
કેવલાદર્શ - કેવળજ્ઞાનરૂપ દર્પણમાં.
સંક્રાંતજગતં - પ્રતિબિંબિત કર્યું છે ત્રણ જગત જેણે એવા.

* આ ચૈત્યવંદન પક્ખી, ચોમાસી અને સંવચ્છરી પ્રતિક્રમણના આરંભમાં કહેવામાં આવે છે. કલિકાળસર્વજ્ઞ શ્રીમદ્ હેમચંદ્રાચાર્યે પોતે કરેલા ત્રિષષ્ટિશલાકાપુરુષ ચરિત્ર નામના ગ્રંથમાં ૨૬ મા શ્લોક સિવાય કૃતાઽપરાધે૰ પર્યંત ૨૫ શ્લોક મંગલાચરણ તરીકે રચેલા છે. તેથી આ ચૈત્યવંદનના કર્તા ઉક્ત આચાર્ય છે, એમ નિર્ણય થાય છે.

સ્તુવે - સ્તવું છું.
વિશ્વ - સમસ્ત.
ભવ્યજન - ભવ્યજનો રૂપી.
આરામ - બગીચાને.
કુલ્યાતુલ્યાઃ - પાણીની નીક તુલ્ય.
જયંતિ - જયવંતી વર્તે છે.
તાઃ - તે.
દેશનાસમયે - ધર્મોપદેશ વખતે.
વાચઃ - વાણીઓ.
શ્રીસંભવઃ - શ્રીસંભવનાથ.
જગત્પતેઃ - જગતના પતિ-પ્રભુની.

સકલાર્હત્પ્રતિષ્ઠાન-મધિષ્ઠાનં શિવ-શ્રિયઃ ॥ ભૂર્ભુવઃસ્વસ્ત્રયીશાન-માર્હન્ત્યં પ્રણિદધ્મહે ॥ ૧ ॥

અર્થ :- સર્વને પૂજાના સ્થાનરૂપ, મોક્ષલક્ષ્મીના નિવાસ રૂપ અને પાતાળ ભૂમિ (મર્ત્ય) અને સ્વર્ગરૂપ ત્રણ લોકના ઈશ્વર એવા અર્હત્‌ના સમૂહનું અમે ધ્યાન કરીએ છીએ. ૧.

નામાકૃતિદ્રવ્યભાવૈઃ, પુનતસ્ત્રિજગજ્જનમ્ ॥ ક્ષેત્રે કાલે ચ સર્વસ્મિન્નર્હતઃ સમુપાસમહે ॥ ૨ ॥

અર્થ :- સર્વ ક્ષેત્રને વિષે અને સર્વ (ભૂત, ભવિષ્ય તથા વર્તમાન) કાળને વિષે નામનિક્ષેપ, સ્થાપનાનિક્ષેપ, દ્રવ્યનિક્ષેપ અને ભાવનિક્ષેપવડે કરીને ત્રણ જગતના લોકોને પવિત્ર કરનાર અર્હત્ પ્રભુઓને રૂડે પ્રકારે (વંદન, સત્કાર અને સન્માનાદિકથી) અમે સેવીએ છીએ. ૨.

આદિમં પૃથિવીનાથ-માદિમં નિષ્પરિ-ગ્રહમ્ ॥ આદિમં તીર્થનાથં ચ, ઋષભ-સ્વામિનં સ્તુમઃ ॥ ૩ ॥

અર્થ :- પ્રથમ પૃથ્વીના પતિ (રાજા) પ્રથમ પરિગ્રહના ત્યાગી (સાધુ) અને પહેલા તીર્થંકર ઋષભદેવસ્વામિની અમે સ્તુતિ કરીએ છીએ. ૩.

અર્હન્તમજિતંવિશ્વ-કમલાકરભાસ્કરમ્; અમ્લાનકેવલાદર્શ-સંક્રાંતજગતં સ્તુવે.॥૪॥

અર્થ :- આ વિશ્વરૂપી કમળવાળા સરોવરને સૂર્યના જેવા અને જેણે પોતાના નિર્મળજ્ઞાનરૂપી દર્પણમાં ત્રણ જગત્ પ્રતિબિંબિત કરેલું છે એવા પૂજન કરવા યોગ્ય અજિતનાથ ભગવાનની હું સ્તુતિ કરું છું. ૪.

વિશ્વભવ્યજનારામ-કુલ્યાતુલ્યા જયંતિ તાઃ ॥ દેશનાસમયે વાચઃ, શ્રી સંભવ-જગત્પતેઃ ॥ ૫ ॥

અર્થ :- સર્વ જગતના પતિ એવા શ્રી સંભવનાથ પ્રભુની ધર્મોપદેશ વખતે સર્વ જગતના ભવ્યજનો રૂપી ઉદ્યાનને સિંચન કરવામાં પાણીની નીક જેવી તે વાણીઓ જયવંતી વર્તે છે. ૫.

શબ્દાર્થ

અનેકાંતમત - સ્યાદ્વાદ મતરૂપ.
અંભોધિ - માહાસાગરને.
સમુલ્લાસન - ઉલ્લાસ કરવામાં.
ચંદ્રમાઃ - ચંદ્ર તુલ્ય.

દદ્યાત્ - આપો.
અમંદં - ઘણો.
આનંદ - હર્ષ.
ભગવાન્ - ઐશ્વર્યવાળા.
અભિનંદન - અભિનંદનસ્વામી.
દ્યુસત્ - દેવતાઓના.
કિરીટશાણાગ્ર - મુકુટરૂપ શરાણના અગ્ર ભાગ વડે.
ઉત્તેજિત - અત્યંત તેજવંત થઈ છે.
અંઘ્રિનખ - ચરણના નખની.
આવલિઃ - શ્રેણી-પંક્તિ (જેની એવા)
સુમતિસ્વામી - સુમતિનાથ.
તનોતુ - વિસ્તારો.
અભિમતાનિ - વાંછિતોને.
વઃ - તમારા.
પદ્મપ્રભપ્રભો - પદ્મપ્રભપ્રભુની.
દેહભાસઃ - દેહની કાન્તિઓ.
પુષ્ણન્તુ - પોષણ કરો.
વઃ - તમારી.
શ્રિયં - મોક્ષલક્ષ્મીને.
અંતરંગ - અભ્યંતર.
અરિમથને - શત્રુને નાશ કરવામાં.
કોપ - ક્રોધના.
આટોપાત્ - પ્રબળપણાથકી.
ઈવ - પેઠે.
અરુણાઃ - લાલ
શ્રીસુપાર્શ્વજિનેંદ્રાય - શ્રી સુપાર્શ્વજિનેંદ્રને.
મહેંદ્ર - ઇન્દ્રોએ.
મહિતાંઘ્રયે - પૂજ્યા છે ચરણ જેમના એવા.
નમઃ - નમસ્કાર હો.
ચતુર્વર્ણસંઘ - ચતુર્વિધ-સંઘરૂપ.
ગગનાભોગ - આકાશ મંડળમાં.
ભાસ્વતે - સૂર્ય સમાન.
ચંદ્રપ્રભપ્રભોઃ - ચંદ્રપ્રભપ્રભુની.
ચંદ્ર - ચંદ્રમાના.
મરીચિનિચય - કિરણના સમૂહ જેવી.
ઉજ્જ્વલા - શ્વેત-ધોળી.
મૂર્ત્તસિતધ્યાન - સાક્ષાત્ શુક્લધ્યાન વડે.
નિર્મિતાઈવ - નિર્માણ કરાયેલ હોય તેવી.
શ્રિયે - જ્ઞાનલક્ષ્મીને માટે.
અસ્તુ - હો.
વઃ - તમને.

અનેકાન્તમતાંભોધિ - સમુલ્લાસન-ચંદ્રમાઃ ! દદ્યાદમંદમાનન્દં, ભગવાન-ભિનંદનઃ ॥ ૬ ॥

અર્થ :- સ્યાદ્વાદ મતરૂપી સમુદ્રને ઉલ્લાસ કરવામાં ચંદ્ર તુલ્ય શ્રી અભિનંદન ભગવાન્ ઘણો આનંદ આપો. ૬.

દ્યુસત્‌કિરીટશાણાગ્રો-ત્તેજિતાંઘ્રિનખા-વલિઃ ॥ ભગવાન્ સુમતિસ્વામી, તનો-ત્વભિમતાનિવઃ ॥ ૭ ॥

અર્થ :- દેવતાઓના મુગટરૂપી શરાણના અગ્રભાગવડે જેમના ચરણની નખપંક્તિ તેજવંત થયેલી છે. એવા શ્રી સુમતિસ્વામી ભગવાન તમારા વાંછિતોનો વિસ્તાર કરો. ૭.

પદ્મપ્રભપ્રભોર્દેહ-ભાસઃ પુષ્ણન્તુ વઃ શ્રિયમ્ ॥ અંતરંગારિમથને, કોપાટોપાદિ-વારુણાઃ ॥ ૮ ॥

અર્થ :- અંતરંગ શત્રુઓ (કામ-ક્રોધાદિ)ને મથન (દૂર) કરવાને કરેલા કોપના પ્રબળપણાથી જાણે લાલ થઈ હોય તેવી શ્રી પદ્મપ્રભપ્રભુના દેહની કાન્તિઓ. તમારી મોક્ષલક્ષ્મીનું પોષણ કરો. ૮.

શ્રીસુપાર્શ્વજિનેન્દ્રાય, મહેન્દ્રમહિતાંઘ્રયે ! નમશ્ચતુર્વર્ણસંઘ-ગગનાભોગ ભાસ્વતે॥૯॥

અર્થ :- સાધુ, સાધ્વી, શ્રાવક અને શ્રાવિકા એ ચતુર્વિધ સંઘરૂપી આકાશના વિસ્તારમાં સૂર્ય જેવા અને જેનાં ચરણોને મોટા ઈન્દ્રોએ પૂજયાં છે. એવા શ્રી સુપાર્શ્વનાથ જિનેન્દ્રને નમસ્કાર હો. ૯.

ચંદ્રપ્રભપ્રભોશ્ચન્દ્ર - મરીચિનિચ-યોજ્જ્વલા ॥ મૂર્તિર્મૂર્તસિતધ્યાન-નિર્મિતેવ શ્રિયેઽસ્તુ વઃ ॥ ૧૦ ॥

અર્થ :- ચંદ્રના કિરણોના સમૂહ થકી ઉજ્જ્વળ, જાણે મૂર્તિમંત (સાક્ષાત્) શુક્લધ્યાનવડે કરીને બનાવી હોય તેવી શ્રી ચંદ્રપ્રભ પ્રભુની મૂર્તિ તમારી જ્ઞાનલક્ષ્મીને માટે થાઓ. ૧૦.

શબ્દાર્થ

કર - હાથમાં રહેલા.
અમલક્ર્વદ્ - નિર્મળજળની માફક.
કલયન્ - જાણનારા.
કેવલશ્રિયા - કેવળજ્ઞાનરૂપ લક્ષ્મી વડે.
અચિંત્ય - અચિંત્ય-વિચારી શકાય નહિ તેવા.
માહાત્મ્યનિધિઃ - માહાત્મ્યના ભંડાર.
સુવિધિઃ - સુવિધિનાથ.
બોધયે - સમકિતને માટે.
સત્ત્વાનાં - પ્રાણીઓના.
પરમાનંદકંદ - ઉત્કૃષ્ટ આનંદના અંકુરને.
ઉદ્ભેદ - પ્રગટ કરવામાં.
નવાંબુદઃ - નવીન મેઘતુલ્ય.
સ્યાદ્વાદામૃત - અનેકાંતરૂપ અમૃતને.
નિસ્યંદી - ઝરનારા.
શીતલઃ - શીતળનાથ.
પાતુ - રક્ષણ કરો.
ભવરોગાર્ત - સંસારરૂપ રોગથી પીડાયેલા.
જંતૂનાં - પ્રાણીઓને.
અગદંકાર - વૈદ્ય સમાન.
દર્શનઃ - દર્શન છે જેમનું એવા.
નિઃશ્રેયસશ્રી - મોક્ષલક્ષ્મીના.
રમણઃ - ધણી.
શ્રેયાંસઃ - શ્રેયાંસનાથ.
શ્રેયસે - કલ્યાણના અર્થે.
વિશ્વ - જગતને.
ઉપકારકીભૂત - ઉપકાર કરનારા.
તીર્થકૃત્કર્મ - તીર્થંકર નામકર્મની.
નિર્મિતિઃ - ઉત્પત્તિ કરી છે જેમણે એવા.
સુર - વૈમાનિક દેવ.
અસુર - ભવનવાસી દેવ. (અને)
નરૈઃ - મનુષ્યો વડે.
પૂજ્યઃ - પૂજવા લાયક.
વાસુપૂજ્યઃ - વાસુપૂજ્યસ્વામી

પુનાતુ - પવિત્ર કરો.
વિમલસ્વામિનઃ - વિમલનાથની.
કતકક્ષોદ - કતકફળના ચૂર્ણ.
સોદરા - સરખી.
ત્રિજગત્ - ત્રણ જગતના.
ચેતોજલ - ચિત્તરૂપી પાણીને.
નૈર્મલ્યહેતવઃ - નિર્મળપણાના કારણભૂત.

કરામલકવદ્વિશ્વં, કલયન્ કેવલશ્રિયા ॥ અચિંત્યમાહાત્મ્યનિધિઃ, સુવિધિર્બોધયેઽસ્તુવઃ ॥ ૧૧ ॥

અર્થ :- પોતાની કેવળજ્ઞાનરૂપી લક્ષ્મીવડે સર્વ વિશ્વને હાથમાં રહેલા નિર્મળજળની માફક જાણનાર અને અચિંત્ય માહાત્મ્યના નિધાનરૂપ શ્રી સુવિધિનાથ ભગવાન તમારા બોધિ (સમ્યક્ત્વ)ને માટે થાઓ. ૧૧.

સત્ત્વાનાં પરમાનંદ-કંદોદ્ભેદનવાંબુદઃ ॥ સ્યાદ્વાદામૃતનિસ્યંદી, શીતલઃ પાતુ વો જિનઃ ॥ ૧૨ ॥

અર્થ :- પ્રાણીઓના ઉત્કૃષ્ટ આનંદના અંકુરને પ્રગટ થવામાં નવીન મેઘ જેવા, સ્યાદ્વાદમતરૂપી અમૃતને ઝરનારા શ્રી શીતળનાથ તીર્થંકર તમારી રક્ષા કરો. ૧૨.

ભવરોગાર્ત્તજંતૂના-મગદંકારદર્શનઃ ॥ નિઃશ્રેયસશ્રીરમણઃ, શ્રેયાંસઃ શ્રેયસેઽસ્તુ વઃ ॥ ૧૩ ॥

અર્થ :- જેમનું દર્શન (સમ્યક્ત્વ) સંસારરૂપી રોગથી પીડાએલા જીવોને વૈદ્ય સમાન છે અને જે મોક્ષરૂપી લક્ષ્મીના સ્વામી છે. એવા શ્રી શ્રેયાંસનાથ ભગવાન તમારા કલ્યાણના અર્થે થાઓ. ૧૩.

વિશ્વોપકારકીભૂત - તીર્થકૃત્કર્મ-નિર્મિતિઃ ॥ સુરાસુરનરૈઃ પૂજ્યો, વાસુ-પૂજ્યઃ પુનાતુ વઃ ॥ ૧૪ ॥

અર્થ :- જેમણે સર્વ વિશ્વને ઉપકાર કરનારા એવા તીર્થંકર નામકર્મને નિષ્પન્ન કરેલું છે અને જે દેવ, અસુર અને મનુષ્યો વડે પૂજવા લાયક છે, એવા શ્રી વાસુપૂજ્યસ્વામી તમોને પવિત્ર કરો. ૧૪.

વિમલસ્વામિનો વાચઃ, કતકક્ષોદ-સોદરાઃ ॥ જયંતિ ત્રિજગચ્ચેતો-જલ-નૈર્મલ્યહેતવઃ ॥ ૧૫ ॥

અર્થ :- [1]કતક ફળના ચૂર્ણ જેવી, ત્રણ જગતના ચિત્તરૂપી જળને નિર્મળ કરવામાં કારણરૂપ શ્રીવિમલસ્વામીની વાણીઓ જયવંતી વર્તે છે. ૧૫.

શબ્દાર્થ

સ્વયંભૂરમણ - સ્વયંભૂરમણ સમુદ્રની.	વારિણા - પાણી વડે.
સ્પર્દ્ધિ - સ્પર્ધા કરે એવા.	અનંતજિત્ - અનંતનાથજિન.
કરુણારસ - કરુણારસરૂપ.	અનંતાં - જેનો અંત નથી એવી.

૧. ગમે તેવા મલિન જળમાં કતકચૂર્ણ નાખ્યું હોય તો જળને સ્વચ્છ કરે છે, તેમ પ્રભુની વાણી જગત્ના ચિત્તને નિર્મળ કરે છે.

પ્રયચ્છતુ - આપો.
સુખશ્રિયમ્ - મોક્ષના સુખરૂપ લક્ષ્મીને.
કલ્પદ્રુમ - કલ્પવૃક્ષની જેવા.
સધર્માણં - ધર્મવાળા.
ઈષ્ટપ્રાપ્તૌ - વાંછિતફળની પ્રાપ્તિમાં.
શરીરિણાં - શરીરધારી પ્રાણીઓને.
ચતુર્દ્ધા - ચાર પ્રકારના.
ધર્મદેષ્ટારં - ધર્મને બતાવનારા.
ધર્મનાથં - ધર્મનાથને.
ઉપાસ્મહે - અમે ઉપાસના કરીએ છીએ.
સુધાસોદર - અમૃત સરખી.
વાગ્જ્યોત્સ્ના - વાણીરૂપ ચાંદની (ચંદ્રના અજવાળા) વડે.
નિર્મલીકૃત - નિર્મલ કર્યાં છે.
દિઙ્મુખ - દિશાઓના મુખ ભાગ જેમણે એવા.
મૃગલક્ષ્મા - હરણના ચિહ્નવાળા.
તમઃશાન્ત્યૈ - અજ્ઞાનની શાન્તિને માટે.
શાન્તિનાથઃ - શ્રી શાન્તિનાથ.
શ્રીકુંથુનાથ - શ્રી કુંથુનાથ.
સનાથઃ - સહિત.
અતિશયર્દ્ધિભિઃ - અતિશયોરૂપ લક્ષ્મીવડે.
સુરાસુરનૃનાથાના - સુર, અસુર અને મનુષ્યના સ્વામીઓના.
એકનાથઃ - અદ્વિતીયસ્વામી.
અરનાથઃ - અરનાથ પ્રભુ.
તુ - વળી.
ચતુર્થાર - ચોથા આરારૂપ.
નભોરવિઃ - આકાશમાં સૂર્યસમાન.
ચતુર્થપુરુષાર્થશ્રી - ચોથા પુરુષાર્થરૂપ લક્ષ્મીના.
વિલાસં - વિલાસને.
વિતનોતુ - વિસ્તારો.

સ્વયંભૂરમણસ્પર્દ્ધિ-કરુણારસવારિણા ॥
અનંતજિદનંતાંવઃ, પ્રયચ્છતુ સુખશ્રિયમ્ ॥૧૬॥

અર્થ :- સ્વયંભૂરમણ (છેલ્લા) સમુદ્રની હરીફાઈ કરનારા કરુણારસરૂપી જળવડે શ્રી અનંતનાથ ભગવાન્ તમને અનંત (જેનો અંત નથી એવી) મોક્ષના સુખરૂપ લક્ષ્મીને આપો. ૧૬.

કલ્પદ્રુમસધર્માણ-મિષ્ટપ્રાપ્તૌ શરીરિણામ્ ॥
ચતુર્દ્ધાધર્મ્મદેષ્ટારં, ધર્મનાથમુપાસ્મહે ॥૧૭॥

અર્થ :- પ્રાણીઓને વાંછિત ફલની પ્રાપ્તિમાં કલ્પવૃક્ષની જેવા ધર્મવાળા અને દાન, શીલ, તપ, તથા ભાવરૂપ ચાર પ્રકારના ધર્મને બતાવનાર, શ્રી ધર્મનાથની અમે ઉપાસના કરીએ છીએ. ૧૭.

સુધાસોદરવાગ્જ્યોત્સ્ના - નિર્મ્મલી-
કૃતદિઙ્મુખઃ ॥ મૃગલક્ષ્મા તમઃ શાન્ત્યૈ
શાન્તિનાથજિનોઽસ્તુ વઃ ॥ ૧૮ ॥

અર્થ :- પોતાની અમૃતના જેવી વાણીરૂપ ચંદ્રિકાવડે જેમણે દિશાઓના મુખભાગોને નિર્મલ કર્યા છે અને જેમનું મૃગનું ચિહ્ન છે એવા શ્રી શાન્તિનાથ જિન તમારા અજ્ઞાનની શાન્તિને માટે થાઓ. ૧૮.

શ્રી કુંથુનાથો ભગવાન્, સનાથોઽ-
તિશયર્દ્ધિભિઃ ॥ સુરાસુરનૃનાથાના, મેક-
નાથોઽસ્તુ વઃ શ્રિયે ॥ ૧૯ ॥

અર્થ :- અતિશયોની સમૃદ્ધિઓવડે કરી યુક્ત અને દેવ, અસુર તથા મનુષ્યોના સ્વામીઓ (ઈન્દ્ર, ચક્રવર્તી વગેરે)ના અદ્વિતીય પતિ શ્રી કુંથુનાથ ભગવાન તમારી કલ્યાણરૂપી લક્ષ્મીને અર્થે હો. ૧૯.

અરનાથસ્તુભગવાં-શ્ચતુર્થારનભોરવિઃ ॥
ચતુર્થપુરુષાર્થશ્રી-વિલાસંવિતનોતુવઃ ॥૨૦॥

અર્થ :- ચોથા આરારૂપી આકાશમાં સૂર્ય સમાન શ્રી અરનાથ ભગવાન્ વળી તમોને ચોથા પુરુષાર્થ (મોક્ષ)ની લક્ષ્મીના વિલાસને વિસ્તારો. ૨૦.

શબ્દાર્થ

અધીશમયુર - સ્વામીરૂપ મોરને.
નવવારિદં - નવીન મેઘ તુલ્ય.
કર્મદ્રુ - કર્મરૂપી વૃક્ષને.
ઉન્મૂલને - ઉખેડી નાખવામાં.
હસ્તિમલ્લં - ઐરાવત હાથી તુલ્ય.
મલ્લિં - મલ્લિનાથને.
અભિષ્ટુમઃ - સ્તુતિ કરીએ છીએ.
જગત્ - જગતની.
મહામોહનિદ્રા - ગાઢ મોહ (મોહનીયકર્મ) રૂપ નિદ્રાને.
પ્રત્યુષસમય - પ્રભાતકાળની.
ઉપમં - ઉપમાવાળા.
મુનિસુવ્રતનાથસ્ય - મુનિસુવ્રત સ્વામિની.
દેશનાવચનં - ઉપદેશની વાણીને.
સ્તુમઃ - અમે સ્તવીએ છીએ.
લુઠંતો - લોટતાં, પડતાં.
નમતાં - નમસ્કાર કરનારાઓના.
મૂર્ધ્નિ - મસ્તક ઉપર.
નિર્મલીકારકારણં - નિર્મલ કરવાના કારણભૂત.
વારિપ્લવાઃ - પાણીના પ્રવાહ.
ઇવ - પેઠે.
નમેઃ - શ્રીનમિનાથના.
પાંતુ - રક્ષણ કરો.
પાદનખાંશવઃ - ચરણના નખના કિરણો.
યદુવંશ - યાદવકુળરૂપ.
સમુદ્રેન્દુઃ - સમુદ્રને ચંદ્ર તુલ્ય.
કર્મકક્ષ - કર્મરૂપ વનખંડને.
હુતાશનઃ - અગ્નિસમાન.
અરિષ્ટનેમિઃ - અરિષ્ટનેમિનાથ.
ભૂયાત્ - થાઓ.
અરિષ્ટનાશનઃ - ઉપદ્રવને નાશ કરનારા.
કમઠે - કમઠ ઉપર.
ધરણેન્દ્રે - ધરણેન્દ્ર ઉપર.
સ્વોચિતં - પોતાને યોગ્ય.
કર્મ કુર્વતિ - કર્મને કરનારા.
તુલ્યમનોવૃત્તિઃ - સરખી મનોવૃત્તિવાળા.
પાર્શ્વનાથઃ - શ્રીપાર્શ્વનાથસ્વામી.

સુરાસુરનરાધીશ-મયૂરનવવારિદમ્ ॥

કર્મ્મદ્રૂન્મૂલને હસ્તિ-મલ્લં મલ્લિમભિ-ષ્ટુમઃ ॥ ૨૧ ॥

અર્થ :- સુર, અસુર અને મનુષ્યોના પતિ (ઈન્દ્ર ચક્રવર્ત્યાદિ) રૂપી મયૂરોને (ઉલ્લાસ કરવાને) નવીન મેઘ સમાન અને કર્મરૂપી વૃક્ષને ઉખેડી નાંખવામાં ઐરાવત હસ્તિરૂપ શ્રી મલ્લિનાથની અમે સ્તુતિ કરીએ છીએ. ૨૧.

જગન્મહામોહનિદ્રા - પ્રત્યૂષસમયોપમમ્ ॥
મુનિસુવ્રતનાથસ્ય, દેશનાવચનં સ્તુમઃ ।૨૨।

અર્થ :- સર્વ જગત્‌ના લોકોની મોહનીય કર્મરૂપી નિદ્રાને દૂર કરવાને પ્રભાતકાળની ઉપમાવાળા શ્રી મુનિસુવ્રતનાથના દેશના વચનની અમે સ્તુતિ કરીએ છીએ. ૨૨.

લુઠંતો નમતાં મૂર્ધ્નિ, નિર્મલીકાર-કારણમ્ ॥ વારિપ્લવા ઈવ નમેઃ, પાંતુ પાદનખાંશવઃ ॥ ૨૩ ॥

અર્થ :- નમસ્કાર કરતા એવા પ્રાણીઓના મસ્તક ઉપર પડતાં અને જળના પ્રવાહની માફક નિર્મળ કરવાના કારણરૂપ શ્રી નમિનાથ ભગવાનના ચરણના નખનાં કિરણો તમારી રક્ષા કરો. ૨૩.

યદુવંશસમુદ્રેન્દુઃ, કર્મ્મકક્ષહુતાશનઃ ॥ અરિષ્ટનેમિર્ભગવાન્, ભૂયાદ્વોઽરિષ્ટ-નાશનઃ ॥ ૨૪ ॥

અર્થ :- યદુવંશરૂપી સમુદ્રમાં ચંદ્ર સમાન અને કર્મરૂપી (શુષ્ક) વનમાં અગ્નિ સમાન શ્રી અરિષ્ટનેમિ ભગવાન્ તમારા ઉપદ્રવને નાશ કરનારા થાઓ. ૨૪.

[1]કમઠેધરણેન્દ્રે ચ, સ્વોચિતંકર્મ કુર્વતિ ॥
પ્રભુસ્તુલ્યમનોવૃત્તિઃ, પાર્શ્વનાથઃ શ્રિયેઽસ્તુ વઃ ॥ ૨૫ ॥

અર્થ :- પોતપોતાને યોગ્ય કર્મ કરતા કમઠ અને ધરણેન્દ્ર ઉપર જેમની મનોવૃત્તિ સરખી છે એવા શ્રી પાર્શ્વનાથ પ્રભુ તમારી જ્ઞાનલક્ષ્મીને માટે થાઓ. ૨૫.

શબ્દાર્થ

શ્રીમતે - શ્રીમાન્.
વીરનાથાય - મહાવીર સ્વામીને.
સનાથાય - સહિત.
અદ્‌ભુતશ્રિયા - આશ્ચર્યકારીલક્ષ્મી (ચોત્રીશ અતિશયરૂપ) વડે.
મહાનંદસરઃ - મહા આનંદરૂપ સરોવરને.
રાજમરાલાય - રાજહંસ સમાન.
અર્હતે - પૂજ્યને.
કૃતાપરાધે - અપરાધી.
અપિ - પણ.
જને - મનુષ્ય ઉપર.
કૃપામંથર - દયાવડે નમેલી છે.
તારયો - કીકીઓ જેમની એવા.
ઈષદ્ - જરા.
બાષ્પાર્દ્રયોઃ - અશ્રુથી ભીંજાયેલા.
ભદ્રં - કલ્યાણ હો.
શ્રીવીરજિન - શ્રીમહાવીરપ્રભુના.
નેત્રયોઃ - નેત્રોનું.
વિજિતાન્યતેજાઃ - વિશેષ પ્રકારે અન્યના તેજને જીતનારા.
સેવિતઃ - સેવાયેલા.
શ્રીમાન્ - કૈવલ્ય લક્ષ્મીવાળા.
વિમલઃ - નિર્મળ.
ત્રાસ-વિરહિતઃ - ત્રાસ-ભયથી રહિત.
ત્રિભુવન - ત્રણ ભુવનમાં.
ચૂડામણિઃ - મુકુટ સમાન.
મહિતઃ - પૂજિત.

---

૧. કમઠાસુરે જળ વગેરેનો ઉપદ્રવ કર્યો, અને ધરણેન્દ્રે તે ઉપસર્ગ નિવારી પ્રભુની સેવા કરી છતાં પ્રભુનો બન્ને ઉપર સમાન ભાવ હતો.

વીરં - મહાવીર પરમાત્માને.
બુધાઃ - પંડિતો.
સંશ્રિતાઃ - આશ્રય કરીને રહેલા છે.
વીરેણ - વીરસ્વામી વડે.
અભિહતઃ - હણાયો છે.
સ્વકર્મનિચયઃ - પોતાનો કર્મ સમૂહ.
વીરાય - વીરપ્રભુને.
વીરાત્ - મહાવીરદેવથકી.
તીર્થમ્ - તીર્થ.
ઈદં - આ વર્તમાન.
પ્રવૃત્તં - પ્રવર્ત્યું છે.

અતુલં - તુલના ન થઈ શકે એવું.
વીરસ્ય - વીરનું.
ઘોરં - આકરું, કઠણ.
તપો - તપ.
વીરે - મહાવીરમાં.
શ્રીધૃતિકીર્તિ - લક્ષ્મી, ધૈર્ય, કીર્તિ.
કાન્તિનિચયઃ - કાન્તિનો સમૂહ.
શ્રીવીર ! - હે મહાવીરદેવ !
ભદ્રં - કલ્યાણને.
દિશ - આપો.

શ્રીમતે વીરનાથાય, સનાથાયાદ્ભુત-શ્રિયા ॥ મહાનંદસરોરાજ-મરાલાયાર્હતે નમઃ ॥ ૨૬ ॥

અર્થ :- (ચોત્રીશ અતિશયરૂપ) અદ્ભુત લક્ષ્મીએ કરી સહિત, મહા આનંદરૂપ સરોવરને વિષે રાજહંસ સમાન અને પૂજ્ય (અરિહંત) એવા શ્રીમાન વીરસ્વામીને નમસ્કાર થાઓ. ૨૬.

કૃતાપરાધેઽપિ[૧] જને, કૃપામંથરતારયોઃ ॥ ઈષદ્બાષ્પાર્દ્રયોર્ભદ્રં, શ્રીવીરજિનનેત્રયોઃ ॥૨૭॥

૧. સંગમ નામના દેવે પ્રભુ ઉપર ઘણા ઉપસર્ગો કર્યા તો પણ પ્રભુ ચલાયમાન ન થયા ત્યારે થાકીને તે સ્વસ્થાનકે જતો હતો તે વખતે પ્રભુ અત્યંત કરૂણાવાળા હોવાથી નેત્રમાં સહેજ અશ્રુ આવ્યાં તે એટલા માટે કે

અર્થ :- અપરાધ કરનારા માણસ ઉપર પણ દયાવડે નમેલી કીકીઓવાળાં અને (તેથી દયાવડે જ) જરા અશ્રુથી ભીંજાયેલાં શ્રી વીરજિનનાં નેત્રોનું કલ્યાણ થાઓ. ૨૭.

જયતિ વિજિતાન્યતેજાઃ, સુરાસુરાધીશ-સેવિતઃ શ્રીમાન્ ॥ વિમલસ્ત્રાસવિરહિત-સ્ત્રિભુવનચૂડામણિર્ભગવાન્ ॥ ૨૮ ॥

અર્થ :- વિશેષ પ્રકારે અન્યના તેજને જીતનારા, દેવ અને દાનવોના સ્વામી વડે સેવાયેલા, કેવળજ્ઞાનરૂપ લક્ષ્મીવાળા, નિર્મળ, વિશેષ પ્રકારે ભયથી રહિત અને ત્રણ ભુવનમાં મુકુટ સમાન ભગવંત (વીરસ્વામી) જયવંતા વર્તે છે. ૨૮.

***વીરઃ સર્વસુરાસુરેન્દ્રમહિતો, વીરં બુધાઃ સંશ્રિતાઃ, વીરેણાભિહતઃ સ્વકર્મ-નિચયો વીરાય નિત્યં નમઃ ॥ વીરાત્તીર્થમિદં પ્રવૃત્તમતુલં, વીરસ્ય ઘોરં તપોઃ, વીરે શ્રીધૃતિ કીર્તિ કાન્તિનિચયઃ શ્રીવીર ! ભદ્રં દિશ ॥ ૨૯ ॥**

મારાથી આ જીવને કાંઈ પણ ઉપકાર થયો નહિ, પ્રભુને વાંદનાર અને ઉપસર્ગ કરનાર દરેકને પ્રભુના દર્શનથી સમ્યક્ત્વ પ્રાપ્ત થતું હતું પણ સંગમ અભવ્ય હતો તેથી તેને પ્રાપ્ત થયું નહિ એવા અપરાધી ઉપર પણ જેમણે કરૂણાભાવ દર્શાવ્યો તે પ્રભુની અત્યંત કરૂણા સમજવી.

* આ શ્લોકમાં વીર શબ્દને જુદી જુદી આઠ વિભક્તિઓ લગાડીને શ્રી મહાવીર દેવની સ્તુતિ કરેલ છે.

અર્થ :- વીરભગવંત સર્વ દેવ-દાનવના ઇન્દ્રોવડે પૂજાએલા છે. વીરસ્વામીને પંડિતો આશ્રય કરી રહેલા છે, વીરપ્રભુવડે પોતાનો કર્મસમૂહ હણાયો છે. વીરસ્વામીને હંમેશાં નમસ્કાર થાઓ. વીરસ્વામી થકી આ (વર્તમાન) તીર્થ પ્રવર્ત્યું છે, વીરસ્વામીનું તુલના ન થઈ શકે તેવું આકરું તપ છે. વીરસ્વામીને વિષે લક્ષ્મી, ધૈર્ય, કીર્તિ અને કાન્તિનો સમૂહ છે. હે શ્રી વીર ! અમને કલ્યાણ આપો. ૨૯.

શબ્દાર્થ

અવનિતલગતાનાં - પૃથ્વીતળને વિષે રહેલાં.
કૃત્રિમાકૃત્રિમાનાં - અશાશ્વતાં અને શાશ્વતાં.
વરભવનગતાનાં - શ્રેષ્ઠ (ભવન-પત્યાદિ દેવનાં) ભવનને વિષે રહેલાં.
દિવ્યવૈમાનિકાનાં - દિવ્ય વૈમાનિકોનાં.
ઇહ - આ લોકમાં.
મનુજકૃતાનાં - મનુષ્યોએ કરેલાં.
દેવરાજાર્ચિતાનાં - દેવના રાજાઓ (ઇન્દ્રો)એ પૂજેલાં.
જિનવરભવનાનાં - જિનેશ્વરનાં.
ચૈત્યો - પ્રતિમાઓને.
ભાવતઃ - ભાવથકી.
નમામિ - હું નમું છું.
સર્વેષાં - સર્વ.
વેધસાં - જ્ઞાતાઓમાં.
આદ્યં - પહેલા.
પરમેષ્ઠિનાં - પરમેષ્ઠીઓના.
દેવાધિદેવં - દેવના દેવ.
સર્વજ્ઞ - સર્વને જાણનારને.
શ્રીવીરં - મહાવીરસ્વામીને.
પ્રણિદધ્મહે - અમે ધ્યાન કરીએ છીએ.
અનેકભવાર્જિત - અનેક ભવોમાં ઉપાર્જન કરેલાં.
ઊર્જિતમહાપાપ - ઘણા મોટા પાપને.
પ્રદીપાનલો - પ્રકર્ષે બાળવાને. અગ્નિ સમાન.
સિદ્ધિવધૂ - મોક્ષલક્ષ્મીના.
વિશાલહૃદય - વિશાળ અંતઃકરણમાં.
અલંકારહારોપમઃ - અલંકાર રૂપ હારની ઉપમાવાળા.
અષ્ટાદશદોષ - અઢાર દોષરૂપ.
સિંધુરઘટા - હાથીના સમુદાયને.
નિર્ભેદ - ભેદવાને, નાશ કરવાને.
પંચાનનઃ - કેસરીસિંહ.
ભવ્યાનાં - ભવ્યજનોને.

વિદધાતુ - આપો.
વાંછિતફલં - ઇચ્છિત ફલને.
વીતરાગઃ - રાગદ્વેષરહિત.
ખ્યાતઃ - પ્રસિદ્ધ.
અષ્ટાપદપર્વતઃ - અષ્ટાપદપર્વત.
ગજપદઃ - ગજપદ પર્વત.
સંમેતશૈલાભિધઃ - સંમેતશિખર નામનો પર્વત.
રૈવતકઃ - ગિરનાર.
પ્રસિદ્ધમહિમા - પ્રગટ મહિમાવાળો.
શત્રુંજયઃ - શત્રુંજય પર્વત.
મંડપઃ - માંડવગઢ.
વૈભારઃ - વૈભારગિરિ.
કનકાચલઃ - કનકાચલ પર્વત.
અર્બુદગિરિઃ - આબુપર્વત.
ચિત્રકૂટાદય - ચિત્રકૂટ ચિત્તોડ વગેરે.
તત્ર - ત્યાં.
ઋષભાદયઃ - ઋષભદેવ વગેરે.
કુર્વન્તુ - કરો.
વઃ - તમોને.
મંગલં - કલ્યાણને.

[1]અવનિતલગતાનાં, કૃત્રિમાકૃત્રિમાનાં;
વરભવનગતાનાં, દિવ્યવૈમાનિકાનામ્ ॥
ઇહ મનુજકૃતાનાં, દેવરાજાર્ચિતાનાં; જિન-
વરભવનાનાં, ભાવતોઽહં નમામિ ॥ ૩૦ ॥

અર્થ :- પૃથ્વીતલને વિષે રહેલાં, અશાશ્વતાં અને શાશ્વતાં શ્રેષ્ઠ (ભવનપત્યાદિના) ભવનને વિષે રહેલાં, દિવ્ય વૈમાનિકોનાં, આ લોકમાં મનુષ્યોએ કરેલાં, અને ઇન્દ્રોએ પૂજિત એવાં શ્રી જિનેશ્વરદેવનાં ચૈત્યો (પ્રતિમાઓ)ને ભાવ થકી હું નમું છું. ૩૦.

સર્વેષાંવેધસામાદ્ય-માદિમંપરમેષ્ઠિનામ્ ॥
દેવાધિદેવં સર્વજ્ઞં, શ્રીવીરં પ્રણિદધ્મહે ।૩૧।

---

૧. આ શ્લોકમાં શાશ્વતી અને અશાશ્વતી પ્રતિમાઓને નમસ્કાર કરવા વડે સ્થાપનાજિનને નમસ્કાર કરેલ છે.

અર્થ :- જ્ઞાતાઓમાં પ્રથમ, (પાંચ) પરમેષ્ઠિઓમાં પ્રથમ, દેવોના દેવ અને સર્વજ્ઞ એવા શ્રી મહાવીરસ્વામીનું અમે ધ્યાન ધરીએ છીએ. ૩૧.

[1]દેવોઽનેકભવાર્જિતોર્જિત-મહાપાપ-પ્રદીપાનલો. દેવઃ સિદ્ધિવધૂવિશાલહૃદયા-લંકારહારોપમઃ ॥ દેવોઽષ્ટાદશદોષસિંધુર-ઘટા નિર્ભેદપંચાનનો, ભવ્યાનાં વિદધાતુ વાંછિતફલં, શ્રીવીતરાગો જિનઃ ॥ ૩૨ ॥

અર્થ :- (જે) દેવ અનેક ભવમાં ઉપાર્જન કરેલાં ઘણા મોટા પાપને પ્રકર્ષે બાળવાને અગ્નિ સમાન છે, (જે) દેવ મોક્ષ લક્ષ્મીના વિશાલ હૃદય ઉપર અલંકારરૂપ હારની ઉપમાવાળા છે. (જે) દેવ અઢાર દોષરૂપ હાથીના સમુદાયને ભેદવાને કેશરીસિંહ તુલ્ય છે એવા શ્રી વીતરાગજિન ભવ્યજનોને વાંચ્છિત ફળ આપે ! ૩૨.

[2]ખ્યાતોષ્ટાપદપર્વતો ગજપદઃ સંમેત-શૈલાભિધઃ શ્રીમાન્ રૈવતકઃ પ્રસિદ્ધમહિમા શત્રુંજયો મંડપઃ ॥ વૈભારઃ કનકાચલોઽ-

---

૧. આ શ્લોક વડે ભાવજિનની સ્તુતિ કરવામાં આવી છે. અને ૩ થી ૨૭ શ્લોક વડે નામજિનની સ્તુતિ કરવામાં આવી છે.

૨. આ શ્લોક વડે ભરતક્ષેત્રમાં આવેલા અશાશ્વત તીર્થ ઉપર બિરાજમાન જિનપ્રતિમાઓની સ્તુતિ થાય છે. એમાં કનકાચળ કહેલ છે. તે કોઈ અશાશ્વત તીર્થ હોવું જોઈએ. મેરુપર્વત હોવાનો સંભવ નથી.

ર્બુદગિરિઃ શ્રીચિત્રકુટાદય-સ્તત્ર શ્રીઋષભાદયો જિનવરા કુર્વન્તુ વો મંગલમ્ ॥૩૩॥

અર્થ :- પ્રસિદ્ધ અષ્ટાપદ પર્વત, ગજપદપર્વત, સંમેતશિખર નામે પર્વત, શ્રીમાન્ ગિરનાર પર્વત, પ્રસિદ્ધ માહાત્મ્યવાળો શત્રુંજયગિરિ, માંડવગઢ, વૈભારગિરિ, મેરુ પર્વત, અર્બુદાચળ અને ચિત્રકૂટ (ચિતોડ) વગેરે; ત્યાં (બિરાજમાન) શ્રી ઋષભાદિક જિનેશ્વરો તમારું કલ્યાણ કરો. ૩૩.

૬૧. શ્રી પાક્ષિકાદિ અતિચાર*

નાણંમિ દંસણંમિ અ, ચરણંમિ તવંમિ તહ ય વિરિયંમિ, આયરણં આયારો, ઈય એસો પંચહા ભણિઓ. ૧.

જ્ઞાનાચાર, દર્શનાચાર, ચારિત્રાચાર, તપાચાર, વીર્યાચાર, એ પંચવિધ આચારમાંહિ અનેરો જે કોઈ અતિચાર પક્ષ દિવસમાંહિ સૂક્ષ્મ બાદર જાણતાં અજાણતાં હુઓ હોય, તે સવિ હુ, મને, વચને, કાયાએ કરી મિચ્છા મિ દુક્કડં. ૧.

---

* શ્રાવકના સમ્યકૃત્વ સહિત બાર વ્રતના ૧૨૪ અતિચારો વંદિત્તા સૂત્રમાં જે સામાન્યથી વર્ણવ્યા છે તે જ અતિચારોનું વિશેષ સ્વરૂપ અહીં આપવામાં આવેલ છે. પક્ખી, ચોમાસી અને સંવચ્છરી પ્રતિક્રમણમાં આ અતિચારો બોલવાનો વિધિ છે, માટે તેનું નામ પાક્ષિકાદિ અતિચાર રાખેલું છે. અતિચાર ગુજરાતી ભાષામાં હોવાથી તેનો અક્ષરશઃ અર્થ લખેલ નથી પણ કઠણ શબ્દોનો અર્થ ફૂટનોટમાં લખેલ છે.

તત્ર [1]જ્ઞાનાચારે આઠ અતિચાર.

કાલે વિણએ બહુમાણે, ઉવહાણે તહ અનિણ્હવણે;
વંજણ અત્થ તદુભએ, અટ્ઠવિહો નાણમાયારો. ૧.

જ્ઞાન કાળવેળાએ ભણ્યો ગણ્યો નહીં, અકાળે ભણ્યો. વિનયહીન, બહુમાનહીન, યોગ-ઉપધાનહીન; અનેરા કન્હે ભણી અનેરો ગુરુ કહ્યો. દેવ ગુરુ વાંદણે, પડિક્કમણે, સજ્ઝાય કરતાં, ભણતાં, ગણતાં, કૂડો અક્ષર કાને માત્રાએ અધિકો ઓછો ભણ્યો, સૂત્ર કૂડું કહ્યું. અર્થ કૂડો કહ્યો. [2]તદુભય કૂડાં કહ્યાં, ભણીને વિસાર્યાં સાધુ તણે ધર્મે કાજો અણઉદ્ધર્યે, ડાંડો અણપડિલેહ્યો, [3]વસતિ અણશોધે, [4]અણપવેસે, અસજ્ઝાય, અણોજ્ઝાયમાંહે શ્રી દશવૈકાલિક પ્રમુખ સિદ્ધાંત ભણ્યો, ગણ્યો. શ્રાવકતણે ધર્મે થવિરાવલિ, પડિક્કમણાં. ઉપદેશમાલા પ્રમુખ સિદ્ધાંત ભણ્યો ગણ્યો. કાળવેળાએ કાજો [5]અણઉદ્ધર્યે પઢ્યો. જ્ઞાનોપગરણ, પાટી, પોથી ઠવણી, કવલી, નોકારવાળી, સાપડા, સાપડી. [6]દસ્તરી, [7]વહી, [8]ઓલિયા પ્રમુખ પ્રત્યે પગ લાગ્યો

---

૧. આ ગાથા વડે જ્ઞાનાચારના આઠ આચારોનાં નામ કહેલ છે. તેમાં જે પ્રમાદ તે અતિચાર એ પ્રમાણે દર્શનાચાર અને ચારિત્રચારની ગાથાઓ માટે પણ સમજવું. તેવી જ રીતે બીજા અતિચારોનું વર્ણન જે જે ગાથાઓમાં આવેલું છે. તે ગાથાનું પ્રથમ પદ માત્ર મૂકીને તે પછીનું તેનું વિશેષ વર્ણન સૂત્રકારે આપ્યું છે.

૨. સૂત્ર અને અર્થ. ૩. ઉપાશ્રય. ૪. યોગોદ્વહનાદિ ક્રિયાવડે સિદ્ધાંત ભણવામાં પ્રવેશ કર્યા વિના. ૫. કાઢ્યા વિના. ૬. દફતર. ૭. ચોપડો. ૮. લખેલા કાગળના વીંટા.

થુંક લાગ્યું, થુંકે કરી અક્ષર માંજ્યો. [1]ઓશીસે ધર્યો. કને છતાં આહાર [2]નિહાર કીધો. જ્ઞાનદ્રવ્ય ભક્ષતાં ઉપેક્ષા કીધી. [3]પ્રજ્ઞાપરાધે [4]વિણાશ્યો, વિણસતો [5]ઉવેખ્યો. છતી શકિતએ સાર સંભાર ન કીધી. જ્ઞાનવંત પ્રત્યે દ્વેષ. મત્સર ચિંતવ્યો. અવજ્ઞા આશાતના કીધી, કોઈ પ્રત્યે ભણતાં ગણતાં અંતરાય કીધો. આપણા જાણપણાતણો ગર્વ ચિંતવ્યો. મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન, મનઃપર્યવજ્ઞાન, કેવળજ્ઞાન, એ પંચવિધ જ્ઞાનતણી અસદ્દહણા કીધી. કોઈ તોતડો બોબડો [6]હસ્યો વિતર્ક્યો. [7]અન્યથા પ્રરૂપણા કીધી, જ્ઞાનાચાર વિષઈઓ અનેરો જે કોઈ અતિચાર પક્ષ દિવસ૦ ૧.

દર્શનાચારે આઠ અતિચાર,

નિસ્સંકિય, નિક્કંખિય, નિવ્વિતિગિચ્છા અમૂઢદિટ્ઠી અ;
ઉવવૂહ થિરીકરણે, વચ્છલ્લ પભાવણે અટ્ઠ. ૧.

દેવ-ગુરુ- ધર્મ તણે વિષે નિઃશંકપણું ન કીધું, તથા એકાંત નિશ્ચય ન કીધો, ધર્મ સંબંધીયા ફલતણે વિષે નિઃસંદેહ બુદ્ધિ ધરી નહીં. સાધુ-સાધ્વીનાં મલ મલિન ગાત્ર દેખી દુગંછા નિપજાવી. કુચારિત્રીયા દેખી

---

૧. ઓશિકે. ૨. ઝાડો. ૩. ઓછી સમજણને લીધે. ૪. નાશ કર્યો. ૫. ઉપેક્ષા કરી. ૬. મશ્કરીમાં હસ્યા. ૭. સૂત્ર વિરૂદ્ધ.

ચારિત્રીયા ઉપર અભાવ હુઓ મિથ્યાત્વીતણી પૂજા-પ્રભાવના દેખી મૂઢદષ્ટિ પણું કીધું તથા સંઘમાંહે ગુણવંત તણી [1]અનુપબૃંહણા કીધી. [2]અસ્થિરીકરણ, અવાત્સલ્ય, અપ્રીતિ અભક્તિ નિપજાવી, અબહુમાન કીધું. તથા દેવદ્રવ્ય, ગુરુદ્રવ્ય, જ્ઞાનદ્રવ્ય, સાધારણદ્રવ્ય, ભક્ષિત ઉપેક્ષિત પ્રજ્ઞાપરાધે વિણાશ્યા. વિણસતાં ઉવેખ્યાં. છતી શક્તિએ સારસંભાળ ન કીધી, તથા સાધર્મિક સાથે કલહ કર્મબંધ કીધો. અધોતી અષ્ટપડ મુખકોશ પાખે દેવપૂજા કીધી. [3]બિંબ પ્રત્યે વાસકુંપી ધુપધાણું કળશતણો ઠબકો લાગ્યો. બિંબ હાથ થકી પાડ્યું. ઉસાસ-નિઃસાસ લાગ્યો. દેહરે, ઉપાશ્રયે, મલશ્લેષ્માદિક લોહ્યું, દેહરામાંહે હાસ્ય, ખેલ. [4]કેલિ, કુતૂહલ, આહાર-નિહાર કીધાં; પાન, સોપારી, [5]નિવેદીઆં ખાધાં, [6]ઠવણાયરિય હાથ થકી પાડ્યા. પડિલેહવા વિસાર્યા. જિનભવને ચોરાશી આશાતના, ગુરુ-ગુરુણી પ્રત્યે તેત્રીશ આશાતના, કીધી હોય. ગુરુવચન તહત્તિ કરી [7]પડિવજ્યું નહીં, દર્શનાચાર વિષઈઓ અનેરો જે કોઈ અતિચાર પક્ષ દિવસ૦ ૨.

---

૧. ગુણની પ્રશંસા ન કરવી તે. ૨. સમ્યક્ત્વથી પડતાને સ્થિર નહિ કરવો તે. ૩. જિનપ્રતિમાને. ૪. રમત. ૫. નૈવેદ્ય. ૬. સ્થાપનાચાર્ય. ૭. અંગીકાર કર્યું.

ચારિત્રાચારે આઠ અતિચાર,

પણિહાણ-જોગજુત્તો પંચહિં સમિઈહિં તીહિં ગુત્તીહિં;
એસ ચરિત્તાયારો, અટ્ઠવિહો હોઇ નાયવ્વો. ૧.

*ઈર્યા- સમિતિ તે અણજોયે હિંડયા. ભાષાસહિત તે સાવદ્યવચન બોલ્યા. એષણા સમિતિ તે [1]તૃણ, [2]ડગલ અન્ન પાણી અસૂઝતું લીધું. આદાનભંડમત્ત-નિક્ખેવણા સમિતિ તે આસન, શયન, ઉપકરણ, માતરૂં પ્રમુખ અણપુંજી જીવાકુલ ભૂમિકાએ મુક્યું લીધું. પારિષ્ઠાપનિકા સમિતિ તે મલ મૂત્ર [3]શ્લેષ્માદિક અણપુંજી [4]જીવાકુલ ભૂમિકાએ પરઠવ્યું. મનોગુપ્તિ મનમાં આર્ત-રૌદ્રધ્યાન ધ્યાયાં. વચનગુપ્તિ [5]સાવદ્ય વચન બોલ્યા. કાયગુપ્તિ શરીર અણપડિલેહ્યું હલાવ્યું, અણપૂંજે બેઠા. એ અષ્ટપ્રવચન માતા સાધુતણે ધર્મે સદૈવ અને શ્રાવક તણે ધર્મે સામાયિક પોસહ લીધે રૂડી પેરે પાળ્યાં

---

* અહીં ઈર્યાસમિતિ એટલે ઈર્યાસમિતિ સંબંધી અતિચાર એમ સમજવાનું છે. કેમકે ગાથામાં આચારનાં નામ આપ્યાં છે. તે પ્રમાણે અહીં પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિનાં નામ અનુક્રમે આપીને તેના અતિચારની સમજ આપી છે. અહિં અતિચારનો વિષય ચાલે છે માટે ભાષાસમિતિ આદિ દરેક ઠેકાણે આ પ્રમાણે સમજવું.

૧. ઘાસ. ૨. અચિત્ત માટીનાં ઢેફાં. ૩. બળખો, લીંટ. ૪. ઘણા જીવજંતુવાળી. ૫. પાપવાળાં.

નહીં, ખંડણા વિરાધના હુઇ. ચારિત્રાચાર વિષઇઓ અનેરો જે કોઈ અતિચાર પક્ષ દિવસમાંહી સૂક્ષ્મ-બાદર જાણતાં-અજાણતાં હુઓ હોય, તે સવિ હુ મને વચને કાયાએ કરી મિચ્છા મિ દુક્કડં. ૩.

*વિશેષતઃ શ્રાવકતણે ધર્મે શ્રી [1]સમ્યક્ત્વમૂલ બાર વ્રત, સમ્યક્ત્વતણા પાંચ અતિચાર, સંકા-કંખ-વિગિચ્છા૦ શંકા-શ્રી અરિહંતતણા બળ, અતિશય જ્ઞાનલક્ષ્મી, ગાંભીર્યાદિક ગુણ શાશ્વતી પ્રતિમા ચારિત્રીયાનાં ચારિત્ર, શ્રીજિનવચનતણો સંદેહ કીધો, આકાંક્ષા-બ્રહ્મા, વિષ્ણુ, મહેશ્વર, ક્ષેત્રપાલ, [2]ગોગો; આસપાલ, [3]પાદરદેવતા, ગોત્રદેવતા, ગ્રહપૂજા, [4]વિનાયક, હનુમંત, સુગ્રીવ. વાલી, નાહ ઈત્યેવમાદિક દેશ, નગર, ગામ, ગોત્ર, નગરી. [5]જૂજુઆ દેવ-દેહરાના પ્રભાવ દેખી રોગ આતંક કષ્ટ આવ્યે ઇહલોક પરલોકાર્થે પૂજ્યા માન્યા. સિદ્ધ

* પાંચ આચારો પૈકી જ્ઞાનાચાર, દર્શનાચાર અને ચારિત્રાચાર એ ત્રણના અતિચારની વાત સાધુ અને શ્રાવક બન્નેને એક સરખી રીતે સામાન્ય લાગુ પડતી હોવાથી ઉક્ત ત્રણ આચારના અતિચારોનું વર્ણન પ્રથમ સામાન્ય આપ્યું હવે અહીંથી શ્રાવક યોગ્ય અતિચારનું વર્ણન કરે છે તેથી વિશેષતઃ કહ્યું.

૧. જીવાદિ નવતત્ત્વના યથાર્થ રહસ્યનું શ્રદ્ધાન-પ્રતીતિ.

૨. નાગદેવસર્પ. ૩. ગામની દેવી. ૪. ગણેશ. ૫. જુદાં જુદાં.

વિનાયક [1]જીરાઊલાને માન્યું, ઇચ્છ્યું. બૌદ્ધ સાંખ્યાદિક સંન્યાસી, [2]ભરડા, ભગત, [3]લિંગિયા, જોગીઆ, જોગી, [4]દરવેશ. અનેરા દર્શનીયા તણો કષ્ટ; મંત્ર, ચમત્કાર દેખી પરમાર્થ જાણ્યા વિના ભૂલ્યા [5]વ્યામોહ્યા, કુશાસ્ત્ર શીખ્યાં, સાંભળ્યાં. શ્રાદ્ધ, [6]સંવચ્છરી, હોલિ, બળેવ, માહી પૂનમ, અજાપડવો, પ્રેતબીજ, ગૌરીત્રીજ, વિનાયક ચોથ, નાગપંચમી, ઝીલણાછટ્ઠી, શીલસાતમી, ધ્રુવઆઠમી, નૌલી નવમી, અહવા દશમી, વ્રત અગિયારશી, વચ્છબારશી, ધનતેરશી, અનંત ચઉદશી અમાવાસ્યા. આદિત્યવાર, ઉત્તરાયણ, નૈવેદ્ય કીધાં. નવોદક, યાગ, ભોગ, ઉતારણાં કીધાં. કરાવ્યાં, અનુમોદ્યાં. પિંપલે પાણી ઘાલ્યાં, ઘલાવ્યાં, ઘર બાહિર, ક્ષેત્રે, ખલે, કુવે, તળાવે, નદીએ, દ્રહે, વાવીએ, સમુદ્રે, કુંડે, પુણ્યહેતુ સ્નાન કીધાં, કરાવ્યાં અનુમોદ્યાં, દાન દીધાં. ગ્રહણ, શનૈશ્ચર, માહમાસે, નવરાત્રિએ ન્હાયા. [7]અજાણના થાપ્યાં, અનેરાઈ વ્રત-વ્રતોલાં કીધાં, કરાવ્યાં, વિતિગિચ્છા-ધર્મ સંબંધીઆ ફલતણે વિષે સંદેહ

૧. અન્યમતે દેવવિશેષ. ૨. બ્રાહ્મણ. ૩. વેષધારી. ૪. ફકીર. ૫ ભોળવાણ. ૬. મરી ગયેલા પાછળ તેની મરણતિથિ સંબંધી ભોજન અગર જ્ઞાતિભોજન કરાવે છે તે. ૭. અજાણ માણસોએ સ્થાપેલા એવા.

કીધો, જિન અરિહંત ધર્મના આગાર, વિશ્વોપકારસાગર, મોક્ષમાર્ગના દાતાર, ઈસ્યા ગુણ ભણી ન માન્યા ન પૂજ્યા. [1]મહાસતી [2]મહાત્માની ઈહલોક પરલોક સંબંધીયા [3]ભોગવાંછિત પૂજા કીધી. રોગ આતંક, કષ્ટ આવ્યે [4]ખીણ વચન ભોગ માન્યા. મહાત્માનાં ભાત-પાણી મલ શોભા તણી નિંદા કીધી, કુચારિત્રીયા દેખી ચારિત્રિયા ઉપર કુભાવ હુઓ. મિથ્યાત્વીતણી પૂજાપ્રભાવના દેખી પ્રશંસા કીધી. પ્રીતિ માંડી દાક્ષિણ્ય લગે તેહનો ધર્મ માન્યો કીધો. શ્રી સમ્યક્ત્વ વિષઈઓ અનેરો જે કોઈ અતિચાર પક્ષ દિવસમાંહિ૦

પહેલે સ્થૂલપ્રાણાતિપાતવિરમણવ્રતે પાંચ અતિચાર. વહબંધછવિચ્છેએ૦ દ્વિપદ ચતુષ્પદ પ્રત્યે રીસવશે [5]ગાઢો ઘાવ ઘાલ્યો, ગાઢે બંધને બાંધ્યો, અધિક ભાર ઘાલ્યો. [6]નિર્લાંછન કર્મ કીધાં. ચારા-પાણી તણી વેલાએ સારસંભાળ ન કીધી. લેહણે દેહણે કિણહિ પ્રત્યે લંઘાવ્યો, તેણે ભૂખે આપણે જમ્યા, કન્હે રહી મરાવ્યો. બંદીખાને ઘલાવ્યો, સળ્યાં ધાન, [7]તાવડે નાંખ્યાં, દળાવ્યાં, ભરડાવ્યાં,

---

૧. સાધ્વી. ૨. સાધુ મુનિરાજ. ૩. ભોગપ્રાપ્ત્યર્થે. ૪. દીન. ૫. ગાઢો-આકરો, ઘાવ-પ્રહાર, ઘાલ્યો-કર્યો સખ્ત માર માર્યો. ૬. નાક, કાન વિંધવા, ઘોડા-બળદ ખશી કરવા. ૭. તડકે.

શોધી ન વાવર્યાં, ઈંધણ, છાણાં અણશોધ્યાં બાળ્યાં તે માંહિ સાપ, વિંછી, ખજુરા, સરવલા, માંકડ, જુઆ ગિંગોડા [1]સાહતાં મુઆ, દુહવ્યા, રૂડે સ્થાનકે ન મૂકયાં. કીડી-મંકોડીનાં ઈંડાં વિછોહ્યાં. લીખ ફોડી[2] ઉદેહી, કીડી, મંકોડી, ધીમેલ, કાતરા, ચુડેલ, પતંગિયા, દેડકાં, અલસીયાં, ઈઅલ, કુંતાં, ડાંસ, મસા, બગતરા, માખી, તીડ પ્રમુખ જીવ વિણઠ્ઠા, માળા હલાવતાં ચલાવતાં પંખી, ચકલાં, કાગ તણાં ઈંડાં ફોડ્યાં. અનેરા એકેન્દ્રિયાદિક જીવ વિણાસ્યા, ચાંપ્યા, દુહવ્યા, કાંઈ હલાવતાં ચલાવતાં પાણી છાંટતાં, અનેરાં કાંઈ કામકાજ કરતાં [3]નિર્ધ્વંસપણું કીધું. જીવરક્ષા રૂડી ન કીધી. સંખારો સૂકવ્યો. રૂડું ગલણું ન કીધું. અણગળ પાણી વાવર્યું. રૂડી જયણા ન કીધી. અણગળ પાણીએ [4]ઝીલ્યા. લુગડાં ધોયાં. ખાટલા તાવડે[5] નાંખ્યા, ઝાટક્યા, જીવાકુલ ભૂમિ લીંપી. વાશી ગાર રાખી. દલણે, ખાંડણે લીંપણે, રૂડી જયણા ન કીધી. આઠમ-ચઉદસના નિયમ ભાંગ્યા. ધૂણી કરાવી, પહેલે સ્થૂલ પ્રાણાતિપાત વિરમણવ્રતવિષઈઓ અનેરો જે કોઈ અતિચાર પક્ષ દિવસમાંહિ૦ ૧.

૧. ઝાલતાં-પકડતાં. ૨. લીખના બે ટુકડા કર્યા. ૩. નિર્દયતા. ૪. ન્હાયા. ૫. તડકે.

બીજે સ્થૂલ મૃષાવાદવિરમણવ્રતે પાંચ અતિચાર, સહસા રહસ્સદારે૦ સહસાત્કારે કુણહિ પ્રત્યે અજુગતું આળ અભ્યાખ્યાન દીધું. સ્વદારા મંત્રભેદ કીધો. અનેરા કુણહિનો મંત્ર, આલોચ, મર્મ પ્રકાશ્યો. કુણહિને [1]અનર્થ પાડવા કૂડી બુદ્ધિ દીધી. કૂડો લેખ લખ્યો. કૂડી સાખ ભરી. [2]થાપણમોસો કીધો. કન્યા ગૌ ઢોર, ભૂમિસંબંધી લેહણે-દેહણે વ્યવસાયે વાદવઢવાડ કરતાં મોટકું જુઠું બોલ્યા. હાથ પગ તણી ગાળ દીધી. કડકડા મોડ્યા. મર્મવચન બોલ્યા, બીજે સ્થૂલ મૃષાવાદવિરમણવ્રત વિષઈઓ અનેરો જે કોઈ અતિચાર પક્ષ૦ ૨.

ત્રીજે સ્થૂલ અદત્તાદાનવિરમણવ્રતે પાંચ અતિચાર, તેનાહડપ્પઓગે૦, ઘર, બાહિર, ક્ષેત્રે ખલે પરાઈ વસ્તુ અણમોકલી લીધી, વાવરી, ચોરાઈ વસ્તુ [3]વહોરી. ચોર ધાડ પ્રત્યે સંકેત કીધો. તેહને [4]સંબલ દીધું. તેહની વસ્તુ લીધી, વિરુદ્ધ રાજ્યાતિક્રમ કીધો. નવા, પુરાણા, સરસ, વિરસ, સજીવ, નિર્જીવ વસ્તુના ભેળ સંભેળ કીધાં. કૂડે કાટલે, તોલે માને, માપે વહોર્યાં. દાણચોરી કીધી, કુણહને લેખે [5]વરાંસ્યો. સાટે લાંચ લીધી. કૂડો કરહો કાઢ્યો.

૧. કષ્ટમાં-નુકશાનીમાં. ૨. પોતાને ત્યાં મૂકેલ થાપણોનો ઈન્કાર કરવો. ૩. ખરીદ કરી. ૪. ભાતું. ૫. છેતર્યો.

વિશ્વાસઘાત કીધો. પરવંચના કીધી. પાસંગ કુડાં કીધાં. દાંડી ચઢાવી. લહકે ત્રહકે કૂડાં કાટલાં, માન માપાં કીધાં. માતા, પિતા, પુત્ર, મિત્ર [1]કલત્ર [2]વંચી કુણહિને દીધું. જુદી ગાંઠ કીધી. થાપણ ઓળવી. કુણહીને લેખે પલેખે ભૂલવ્યું. પડી વસ્તુ ઓળવી લીધી. ત્રીજે સ્થૂલ અદત્તાદાનવિરમણવ્રત વિષઈઓ અનેરો જે કોઈ અતિચાર પક્ષ દિવસ૦ ૩.

ચોથે સ્વદારાસંતોષ-પરસ્ત્રીગમનવિરમણવ્રતે પાંચ અતિચાર, અપરિગ્ગહિયાઈત્તર૦ [3]અપરિ-ગૃહીતાગમન, [4]ઈત્વરપરિગૃહીતાગમન કીધું. વિધવા, વેશ્યા, પરસ્ત્રી, કુલાંગના, સ્વદારાશોકતણે વિષે દષ્ટિ વિપર્યાસ કીધો. સરાગ વચન બોલ્યા; આઠમ ચઉદસ અનેરી પર્વતિથિના નિયમ લઈ ભાંગ્યા. [5]ઘર ઘરણાં કીધાં કરાવ્યાં. વર-વહુ વખાણ્યાં. કુવિકલ્પ ચિંતવ્યો, [6]અનંગક્રીડા કીધી. સ્ત્રીનાં અંગોપાંગ નિરખ્યાં, પરાયા વિવાહ જોડ્યા. ઢિંગલા ઢિંગલી પરણાવ્યાં. કામભોગતણે વિષે તીવ્ર અભિલાષ કીધો. [7]અતિક્રમ,

---

૧. સ્ત્રી ૨. ઠગી ૩. વેશ્યા ગમન ૪. થોડા કાળ માટે રાખેલી સ્ત્રી સાથે ગમન. ૫. નાતરું - પુનર્લગ્ન ૬. વ્યવહાર વિરુદ્ધ અંગો વડે કામ ક્રીડા કરવી. ૭. અતિક્રમ, વ્યક્તિક્રમ, અતિચાર અને અનાચાર, આ ચારે દોષ એક-એકથી ચઢીયાતા છે, તેનું દ્રષ્ટાંત આ પ્રમાણે - (પેજ નં.૨૨૩નીનીચે)

વ્યતિક્રમ, અતિચાર, અનાચાર સુહણે સ્વપ્નાંતરે હુઆ. કુસ્વપ્ન લાધ્યાં. નટ વિટ સ્ત્રીશું હાંસું કીધું, ચોથે સ્વદારાસંતોષ પરસ્ત્રી ગમન વિરમણ વ્રત વિષઈઓ અનેરો જે કોઇ અતિચાર પક્ષ૦. ૪.

પાંચમે પરિગ્રહ પરિમાણવ્રતે પાંચ અતિચાર, ધણધન્ન ખિત્તવત્થુ૦ ધન-ધાન્ય, ક્ષેત્ર [1]વાસ્તુ, રૂપ્ય, સુવર્ણ, [2]કુપ્ય, [3]દ્વિપદ, [4]ચતુષ્પદ, એ નવવિધ પરિગ્રહ તણા નિયમ ઉપરાંત વૃદ્ધિ દેખી મૂર્છા લગે સંક્ષેપ ન કીધો, માતા, પિતા, પુત્ર, સ્ત્રીતણે, લેખે કીધો. પરિગ્રહ પરિમાણ લીધું નહીં, લઇને [5]પઢિઉં નહીં. પઢવું વિસાર્યું. અલીધું મેલ્યું. નિયમ વિસાર્યા. પાંચમે પરિગ્રહપરિમાણ વ્રત વિષઈઓ અનેરો જે કોઈ અતિચાર પક્ષ દિવસમાંહિ૦ ૫.

છઠ્ઠે દિગ્ પરિમાણવ્રતે પાંચ અતિચાર, ગમણસ્સ ઉ પરિમાણે૦ ઊર્ધ્વદિશિ, અધોદિશિ, તિર્યગ્-દિશિએ જાવા આવવા તણા નિયમ લઈ ભાંગ્યા.

જેમ કોઈને રાત્રિભોજનનું પચ્ચક્ખાણ છે, તે માણસને રાત્રિએ ખાવાની ઈચ્છા થાય તે અતિક્રમ, ખાવાનું લેવા જવાનાં પ્રયત્ન તે વ્યતિક્રમ, ખાવાનું હાથમાં લીધું ત્યાં અતિચાર અને ખાધું એટલે અનાચાર.

૧. ઘર વગેરે ઇમારત, ઘરવખરી. ૨. ત્રાંબુ, પિતળ વગેરે ધાતુ. ૩. દાસ, દાસી વગેરે બે પગવાળાં. ૪. ચાર પગવાળાં પશુ. ૫. સંભાર્યું.

[1]અનાભોગે વિસ્મૃત લગે અધિક ભૂમિ ગયા. [2]પાઠવણી આઘી પાછી મોકલી. વહાણ વ્યવસાય કીધો. વર્ષાકાલે [3]ગામતરું કીધું, ભૂમિકા એક ગમા સંક્ષેપી. બીજી ગમા વધારી. છટ્ઠે દિગ્પરિણામવ્રત વિષઈઓ અનેરો જે કોઈ અતિચાર પક્ષ દિવસમાંહિ૦ ૬.

સાતમે ભોગોપભોગ વિરમણવ્રતે ભોજન આશ્રયી પાંચ અતિચાર અને કર્મ હુંતી પંદર અતિચાર એવં વીશ અતિચાર, સચિત્તે પડિબદ્ધે૦ સચિત્ત નિયમ લીધે અધિક સચિત્ત લીધું. અપક્વાહાર દુપક્વાહાર, તુચ્છૌષધિતણું ભક્ષણ કીધું. ઓળા-ઉંબી, પોંક, પાપડી ખાધાં.

[4]સચિત્ત-દવ્વ-વિગઈ, વાણહ-તંબોલ-વત્થ-કુસુમેસુ;
વાહણ-સયણ-વિલેવણ, બંભ-દિસિ-ણ્હાણ ભત્તેસુ. ૧

એ ચઉદ નિયમ દિનગત, રાત્રિગત લીધા નહિ. લઈને ભાંગ્યા. બાવીસ અભક્ષ્ય બત્રીશ અનંતકાયમાંહિ આદુ, મૂળા, ગાજર, પિંડ , પિંડાલુ, કચુરો, સૂરણ

---

૧. અજાણતાં ૨. મોકલવાની ચીજ ૩. બીજે ગામ જવું તે

૪. આ ગાથા વડે ચૌદ નિયમો વર્ણવ્યા છે. તે આ પ્રમાણે ૧. સચિત્ત, ૨. દ્રવ્ય (ખાવાના પદાર્થ), ૩. વિગઇ (ઘી, તેલ, ગોળ, દહી, દુધ અને કડા વિગઇ), ૪. વાણહ (જોડા), ૫. તંબોલ, (મુખવાસ તરીકે વપરાતા પદાર્થ) ૬. વસ્ત્ર, ૭. કુસુમ (સુંઘવાના પદાર્થ), ૮. વાહન-

[1]કુણી આંબલી, ગલો વાઘરડાં ખાધાં. વાશી કઠોળ, પોલી રોટલી, ત્રણ દિવસનું [2]ઓદન લીધું. મધુ, મહુડાં, માખણ માટી, વેંગણ, પીલું, પીચુ, પંપોટા; વિષ, હિમ કરહા, ઘોલવડાં અજાણ્યાં ફલ, ટિંબરૂં, ગુંદા, મહોર, બોળ અથાણું, [3]આમ્બલબોર, કાચું મીઠું, તિલ ખસખસ, કોઠિંબડાં ખાધાં, રાત્રિભોજન કીધાં, લગભગ વેળાએ વાળુ કીધું. દિવસ વિણ ઉગે શીરાવ્યા તથા કર્મતઃ પન્નર કર્માદાન [4]ઈંગાલકમ્મે, વણકમ્મે, સાડિકમ્મે, ભાડિકમ્મે ફોડીકમ્મે એ પાંચ કર્મઃ દંતવાણિજ્જે

(ઘોડા, ગાડી, રેલ્વે, વાહન, ઉંટ વગેરે) ૯. શયન (પાટ, પાટલા, પથારી વગેરે), ૧૦. વિલેપન (શરીરે ચોપડવાના સુગંધી પદાર્થ) ૧૧. બ્રહ્મચર્ય, ૧૨. દિશા (ચાર દિશા ચાર વિદિશા, ઊર્ધ્વ અને અધો દિશા મળી ૧૦) ૧૩. સ્નાન (ન્હાવું) અને ૧૪. ભાત-પાણી (ખાવા-પીવાની વસ્તુ) એ ચૌદ પ્રકારે ભોગોપભોગ યોગ્ય વસ્તુની મર્યાદા રાખવી. આ પ્રમાણે મર્યાદા રાખવાથી તે ઉપરાંતની જે આશ્રવની શ્રેણી અપ્રત્યાખ્યાનિકિ ક્રિયાને યોગે આવે છે તે બંધ થાય છે, જે વસ્તુનો કદિ ઉપયોગ કર્યો નથી અને કરવામાં આવતો નથી તેમ કરવાની ઈચ્છા પણ નથી તેનું પણ જ્યાં સુધી પ્રત્યાખ્યાન લેવામાં ન આવે ત્યાં સુધી તેના આશ્રવની શ્રેણી આવ્યે જાય છે માટે દરેક ભવ્યોએ આ ચૌદ નિયમની હકીકત ગુરુગમથી સમજીને હરહંમેશાં નિયમ ધરવાની ટેવ પાડવી. જેથી પરિણામે બહુ હિતકર્તા થશે.

૧. કુણી-કુમળી-કાચી ૨. દહીં નાંખેલ ભાત ૩. ખાટાં ૪. આ પંદર કર્માદાનનો અર્થ વંદિત્તા માંહેની ઈંગાલિવણ૦ ઇત્યાદિ બે ગાથા નંબર ૨૩-૨૪ (પેજ નં.૧૨૧-૧૨૨)ના અર્થથી સમજી લેવો.

લક્ખવાણિજ્જે, રસવાણિજ્જે, કેસવાણિજ્જે, વિસવાણિજ્જે, એ પાંચ વાણિજ્ય; જંતપિલ્લણકમ્મે, નિલ્લંછણકમ્મે, દવગ્ગિદાવણયા, સરદહ તલાય-સોસણયા, અસઈ પોસણયા, એ પાંચ સામાન્ય, એ પાંચ કર્મ્મ, પાંચ વાણિજ્ય, પાંચ સામાન્ય, એવં પન્નર કર્માદાન બહુસાવદ્ય મહારંભ, [1]રાંગણ [2]લીહાલા કરાવ્યા, ઈંટ નિભાડા પકાવ્યા, ધાણી, ચણા, પક્વાન્ન કરી વેચ્યાં, વાશી માખણ તવાવ્યાં તિલ વોહોર્યા. ફાગણ માસ ઉપરાંત રાખ્યા. દલિદો કીધો, અંગીઠા કરાવ્યા. શ્વાન, બિલાડા સૂડા, સાલહિ પોષ્યા. અનેરા જે કાંઈ બહુ સાવદ્ય ખરકર્માદિક સમાચર્યાં. વાશી ગાર રાખી, લીંપણે ગુંપણે, મહારંભ કીધો અણશોધ્યા ચુલા [3]સંધ્રુક્યા. ઘી, તેલ, ગોળ, છાસતણાં ભાજન ઉઘાડાં મુક્યાં. તેમાંહિ માખી, કુંતી, ઉંદર, ગીરોલી પડી, કીડી ચડી, તેની જયણા ન કીધી. સાતમે ભોગોપભોગ વિરમણવ્રત વિષઈઓ અનેરો જે કોઈ અતિચાર પક્ષ દિવસમાંહિ૦. ૭.

આઠમે અનર્થદંડ વિરમણવ્રતે પાંચ અતિચાર કંદપ્પે કુક્કુઈએ૦ કંદર્પ્પ લગે વિટચેષ્ટા. હાસ્ય

---

૧. રંગવાનું કામ ૨. કોયલા ૩. સળગાવ્યા

ખેલ; કુતુહલ કીધાં. પુરુષ-સ્ત્રીના હાવ-ભાવ રૂપશૃંગાર, વિષયરસ વખાણ્યા. રાજકથા, [1]ભક્ત-કથા, દેશકથા, સ્ત્રીકથા કીધી. પરાઈ [2]તાંત કીધી તથા પૈશુન્યપણું કીધું. આર્ત્ત-રૌદ્રધ્યાન ધ્યાયાં, ખાંડા, કટાર, કોશ, કુહાડા, રથ, [3]ઉખલ, [4]મુશલ, અગ્નિ, ઘરંટી, [5]નિસાહે. દાતરડાં પ્રમુખ અધિકરણ [6]મેલી દાક્ષિણ્યે લગે માગ્યાં. આપ્યાં. પાપોપદેશ કીધો, અષ્ટમી ચતુર્દશીએ ખાંડવા દળવા તણા નિયમ ભાંગ્યા. [7]મુખરપણાલગે અસંબદ્ધ વાક્ય બોલ્યા, પ્રમાદાચરણ સેવ્યાં, અંઘોલે, નાહણે, દાતણે, પગ ધોઅણે, [8]ખેલ પાણી તેલ છાંટ્યાં, ઝીલણે ઝીલ્યા, જુગટે રમ્યા, હિંચોલે હિંચ્યા, નાટક [9]પ્રેક્ષણક જોયાં. કણ, [10]કુવસ્તુ, ઢોર લેવરાવ્યાં. [11]કર્કશ વચન બોલ્યા. આક્રોશ કીધા. અબોલા લીધા. કરકડા મોડ્યા. મત્સર ધર્યો. [12]સંભેડા લગાડ્યા, શ્રાપ દીધા. ભેંસા, સાંઢ, [13]હુડુ, કુકડા, શ્વાનાદિક ઝુઝાર્યા ઝુઝતા જોયા, [14]ખાદિ લગે અદેખાઈ ચિંતવી; માટી, મીઠું, કણ, કપાશીયા, કાજવિણ ચાંપ્યા, તે ઉપર

---

૧. ભોજન આશ્રયી કથા ૨. વાત ૩. ખાણીયો ૪. સાંબેલું. ૫ દાળ વાટવાની છીપર ૬. એકઠાં કરી ૭. વાચાલપણાને લીધે ૮. શ્લેષ્મ ૯. ગમ્મત ૧૦. હલકી વસ્તુ ૧૧. આકરાં ૧૨. એકબીજાને સાચું-જુઠું સમજાવીને વઢવાડ કરાવી ૧૩. બોકડા ૧૪. ખ્યાતિ

બેઠા. આલી[1] વનસ્પતિ ખુંદી. સૂઈ, શસ્ત્રાદિક નિપજાવ્યાં. ઘણી નિદ્રા કીધી. રાગ-દ્વેષ લગે એકને ઋદ્ધિ પરિવાર વાંછી. એકને મૃત્યુહાનિ વાંચ્છી આઠમે અનર્થદંડ વિરમણવ્રત વિષઈઓ અનેરો જે કોઈ અતિચાર પક્ષ દિવસમાંહિ૦. ૮.

નવમે સામાયિક વ્રતે પાંચ અતિચાર, તિવિહે દુપ્પણિહાણે૦ ॥ સામાયિક લીધે મન આહટ્ટ, દોહટ્ટ [2]ચિંતવ્યું. સાવદ્ય વચન બોલ્યાં. શરીર અણપડિલેહ્યું હલાવ્યું. છતી વેળાએ સામાયિક ન લીધું. સામાયિક લઈ ઉઘાડે મુખે બોલ્યા. ઉંઘ આવી. વાત વિકથા ઘરતણી ચિંતા કીધી. વીજ, દીવાતણી ઉજ્જેહિ[3] હુઈ, કણ કપાશીયા, માટી, મીઠું, ખડી, ધાવડી. અરણેટો પાષાણ પ્રમુખ ચાંપ્યાં. પાણી નીલ, ફુલ. સેવાલ, હરિયક્કાય, બીયક્કાય ઈત્યાદિક [4]આભડ્યાં. સ્ત્રી-તિર્યંચતણા નિરંતર[5] પરસ્પર સંઘટ્ટ હુઆ, [6]મુહપત્તિઓ સંઘટ્ટી, સામાયિક અણપૂગ્યું પાર્યું, પારવું વિસાર્યું. નવમે સામાયિક વ્રત વિષઈઓ અનેરો જે કોઈ અતિચાર પક્ષ દિવસ૦. ૯.

---

૧. લીલી. ૨. આર્ત્ત-રૌદ્રધ્યાનમાં પ્રવર્ત્યો. ૩. અજવાળું શરીર ઉપર પડ્યું. ૪. સ્પર્સ્યા. ૫. અનંતર ૬. સામાચારી વિરુદ્ધ મુહપત્તિવડે સ્પર્શ કર્યો.

દશમે દેશાવગાશિક વ્રતે પાંચ અતિચાર, આણવણે પેસવણે૦ આણવણપ્પઓગે. પેસવણપ્પ-ઓગે. સદ્દાણુવાઇ. રૂવાણુવાઇ. બહિયાપુગ્ગલ-પક્ખેવે. નિયમિત ભૂમિકામાંહિ બાહેરથી કાંઈ અણાવ્યું. આપણ કન્હે થકી બાહેર કાંઈ મોકલ્યું. અથવા રૂપ દેખાડી કાંકરો નાંખી, સાદ કરી આપણપણું છતું જણાવ્યું. દશમે દેશાવગાશિક વ્રત વિષઈઓ અનેરો જે કોઈ અતિચાર પક્ષ દિવસમાંહિ૦. ૧૦.

અગ્યારમે પૌષધોપવાસવ્રતે પાંચ અતિચાર, સંથારુચ્ચારવિહિ૦ અપ્પડિલેહિય દુપ્પડિલેહિય સિજ્જાસંથારએ, અપ્પડિલેહિય દુપ્પડિલેહિય ઉચ્ચાર-પાસવણ ભૂમિ, પોસહ લીધે સંથારાતણી ભૂમિ ન પુંજી. બાહિરલાં [1]લહુડાં વડાં સ્થંડિલ દિવસે શોધ્યાં નહિ. પડિલેહ્યાં નહિ. માતરૂં અણપુંજ્યું હલાવ્યું, અણપુંજી જીવાકુલ ભૂમિકાએ પરઠવ્યું. પરઠવતાં "[2]અણુજાણહ જસ્સુગ્ગહો" ન કહ્યો. પરઠવ્યા પુંઠે વાર ત્રણ "[3]વોસિરે વોસિરે" ન કહ્યો. પોસહશાલામાંહિ

---

૧. લઘુનીતિ-પેશાબ અને વડીનીતિ-ઝાડો તે બંનેની શુદ્ધ જગ્યા દિવસે શોધી રાખી નહિ.

૨. જે અધિષ્ઠાયક દેવની આ જગ્યા હોય તે દેવ મને આ જગ્યા વાપરવાની આજ્ઞા આપો.

૩. પરઠવવા યોગ્યપદાર્થનો ત્યાગ કરું છું.

પેસતાં, "નિસીહિ[1]" નીસરતાં 'આવસ્સહિ[2]' વાર ત્રણ ભણી નહી, પુઢવી, અપ્, તેઉ, વાઉ, વનસ્પતિ, ત્રસકાયતણા સંઘટ્ટ, પરિતાપ, ઉપદ્રવ હુઆ. સંથારાપોરિસી તણો વિધિ ભણવો વિસાર્યો, પોરિસીમાંહે[3] ઊંઘ્યા, અવિધે સંથારો પાથર્યો. પારણાદિક તણી ચિંતા કીધી. કાળવેળાએ દેવ ન વાંધા. પડિક્કમણું ન કીધું. પોસહ અસૂરો લીધો, સવેરો પાર્યો. પર્વતિથિએ પોસહ લીધો નહિ. અગ્યારમે પૌષધોપવાસ વ્રત વિષઈઓ અનેરો જે કોઈ અતિચાર પક્ષ દિવસમાંહિ૦. ૧૧.

બારમે અતિથિ સંવિભાગવ્રતે પાંચ અતિચાર સચ્ચિત્તે નિક્ખિવણે૦ સચિત્ત વસ્તુ હેઠ ઉપર છતાં મહાત્મા મહાસતી પ્રત્યે અસૂઝતું[4] દાન દીધું. દેવાની બુદ્ધિએ અસૂઝતું ફેડી સુઝતું કીધું, પરાયું ફેડી આપણું કીધું. અણદેવાની બુદ્ધિએ સૂઝતું ફેડી અસૂઝતું કીધું, આપણું ફેડી પરાયું કીધું, વહોરવા વેળા ટળી[5] રહ્યા, અસુર[6] કરી મહાત્મા તેડ્યા. મચ્છર ધરી દાન દીધું. ગુણવંત આવ્યે ભક્તિ ન સાચવી. છતી શક્તિએ [7]સાહમ્મિવચ્છલ્લ ન કીધું.

---

૧. અન્ય વ્યાપારનો ત્યાગ કરું છું. ૨ બીજી અવશ્ય કરવાની ક્રિયાઓ બાકી છે માટે બહાર નિકળું છું. ૩ રાત્રિને પહેલે પાહોરે ૪. અનેષણીય સાધુને લઈ ન શકાય તેવું અશુદ્ધ. ૫ બીજે કામે ગયા ૬. ગોચરી કાળ વીત્યા પછી ૭. સાધર્મિક વાત્સલ્ય

અનેરા ધર્મક્ષેત્ર [1]સીદાતાં છતી શક્તિએ ઉદ્ધર્યાં નહીં. [2]દીન [3]ક્ષીણ પ્રત્યે અનુ-કંપાદાન ન દીધું. બારમે અતિથિ-સંવિભાગવ્રત વિષઈઓ અનેરો જે કોઈ અતિચાર પક્ષ દિવસમાંહિ૦. ૧૨.

સંલેખનાતણા પાંચ અતિચાર, ઈહલોએ પરલોએ૦ ઈહલોગાસંસપ્પઓગે, પરલોગાસંસપ્પ-ઓગે, જીવિઆસંસપ્પઓગે, મરણાસંસપ્પઓગે, કામ-ભોગાસંસપ્પઓગે, ઈહલોકે ધર્મના પ્રભાવ લગે રાજઋદ્ધિ; સુખ, સૌભાગ્ય; પરિવાર વાંછ્યાં. પરલોકે દેવ, દેવેન્દ્ર, વિદ્યાધર, ચક્રવર્તીતણી પદવી વાંછી, સુખ આવ્યે જીવિતવ્ય વાંછ્યું. દુઃખ આવ્યે મરણ વાંછ્યું; કામભોગતણી વાંછા કીધી. [4]સંલેષણા વિષઈઓ અનેરો જે કોઈ અતિચાર પક્ષ દિવસમાંહિ૦. ૧૩.

તપાચાર બાર ભેદ-છ બાહ્ય, છ અભ્યંતર, અણસણમૂણોઅરિઆ૦ અણસણ ભણી ઉપવાસ વિશેષ પર્વતિથિએ છતી શક્તિએ કીધો નહીં. ઊણોદરીવ્રત-તે કોળિયા પાંચ સાત ઉણા રહ્યા નહીં. વૃત્તિસંક્ષેપ-તે દ્રવ્ય ભણી સર્વ વસ્તુનો સંક્ષેપ કીધો નહી. રસત્યાગ[5] તે વિગઈત્યાગ ન કીધો.કાયક્લેશ-

---

૧. દુઃખી થતા ૨. નિર્ધન ૩. દુઃખી. ૪. અનશન ૫. સ્નિગ્ધ રસ (વિગઈ)નો ત્યાગ-લોલુપતાનો ત્યાગ.

લોચાદિક કષ્ટ સહન કર્યાં નહીં. સંલીનતા-અંગોપાંગ સંકોચી રાખ્યાં નહીં. પચ્ચક્ખાણ ભાંગ્યાં. પાટલો ડગડગતો ફેડ્યો નહીં. ગંઠસી, પોરિસી, સાઢપોરિસી, પુરિમઢ, એકાસણું, બિઆસણું, નીવિ, આયંબિલ પ્રમુખ પચ્ચક્ખાણ પારવું વિસાર્યું, બેસતાં નવકાર ન ભણ્યો, ઉઠતાં પચ્ચક્ખાણ કરવું વિસાર્યું. ગંઠસીઉં ભાંગ્યું. નીવિ, આંબિલ, ઉપવાસાદિક તપ કરી કાચું પાણી પીધું. વમન હુઓ. બાહ્યતપ વિષઇઓ અનેરો જે કોઈ અતિચાર પક્ષ૦. ૧૪.

અભ્યંતરતપ, પાયચ્છિત્તં વિણઓ૦ મનશુદ્ધે ગુરુ કન્હે આલોઅણ લીધી નહીં; ગુરુદત્ત પ્રાયશ્ચિત્ત તપ લેખાશુદ્ધે પહુંચાડ્યો નહિં; દેવ, ગુરુ; સંઘ, સાહમ્મી પ્રત્યે વિનય સાચવ્યો નહીં. બાલ-વૃદ્ધ, ગ્લાન; તપસ્વી પ્રમુખનું વૈયાવચ્ચ ન કીધું. વાચના પૃચ્છના, પરાવર્ત્તના અનુપ્રેક્ષા, ધર્મકથા લક્ષણ પંચવિધ સ્વાધ્યાય ન કીધો. ધર્મધ્યાન, શુક્લધ્યાન ન ધ્યાયાં. આર્ત્તધ્યાન રૌદ્રધ્યાન ધ્યાયાં. કર્મક્ષય નિમિત્તો લોગસ્સ દસ-વીસનો કાઉસ્સગ્ગ ન કીધો. અભ્યંતર તપ વિષઇઓ અનેરો જે કોઈ અતિચાર પક્ષ દિવસમાંહિ૦. ૧૫.

વીર્યાચારના ત્રણ અતિચાર. અણિગૂહિઅબલ-વીરિઓ૦ પઢવે. ગુણવે વિનય, વૈયાવચ્ચ, દેવપૂજા, સામાયિક, પોસહ, દાન, શીલ, તપ, ભાવનાદિક ધર્મકૃત્યને વિષે મન વચન કાયાતણું છતું [1]બલ, છતું [2]વીર્ય ગોપવ્યું. રૂડા પંચાંગ ખમાસમણ ન દીધાં. વાંદણાતણા આવર્તવિધિ સાચવ્યા નહીં. અન્યચિત્ત[3] નિરાદરપણે બેઠા ઉતાવળું દેવવંદન પડિક્કમણું કીધું. વીર્યાચાર વિષઇઓ અનેરો જે કોઈ અતિચાર પક્ષ દિવસમાંહિ૦. ૧૬.

[4]નાણાઇઅટ્ઠ પઈવય, સમ્મસંલેહણ પણ પન્નર કમ્મેસુ;
બારસ તપ વિરિઅતિગં, ચઉવ્વીસ સયં અઈયારા.૧

પડિસિદ્ધાણં કરણે૦ પ્રતિષેધ અભક્ષ્ય, અનંતકાય, બહુબીજ ભક્ષણ, મહારંભ પરિગ્રહાદિ કીધાં, જીવાજીવાદિક સૂક્ષ્મ વિચાર સદહ્યા નહીં. આપણી કુમતિ લગે ઉત્સૂત્ર પ્રરૂપણા કીધી. તથા પ્રાણાતિપાત, મૃષાવાદ, અદત્તાદાન, મૈથુન, પરિગ્રહ, ક્રોધ, માન, માયા, લોભ, રાગ, દ્વેષ, કલહ, અભ્યાખ્યાન, પૈશુન્ય, રતિ-અરતિ,

૧. ઈન્દ્રિજન્ય શક્તિ ૨. આત્મિક શક્તિ ૩ શૂન્ય ચિત્તે ૪. જ્ઞાનાદિ આચાર (જ્ઞાનાચાર દર્શનાચાર અને ચારિત્રાચાર)ના આઠ-આઠ (એટલે ૨૪) પ્રત્યેક વ્રત, (શ્રાવકનાં બાર વ્રત) સમ્યક્ત્વ અને સંલેષણાનાં પાંચ-પાંચ (એટલે ૭૦) કર્માદાનના પંદર, તપના બાર અને વીર્યના ત્રણ એમ સર્વ મળી એકસો ચોવીશ અતિચાર શ્રાવકધર્મના સમજવા.

પરપરિવાદ, માયા-મૃષાવાદ, મિથ્યાત્વશલ્ય એ અઢાર પાપસ્થાનક કીધાં, કરાવ્યાં, અનુમોદ્યાં હોય; દિનકૃત્ય, પ્રતિક્રમણ, વિનય, વૈયાવચ્ચ ન કીધાં; અનેરું જે કાંઈ વીતરાગની આજ્ઞા-વિરુદ્ધ કીધું, કરાવ્યું, અનુમોદ્યું હોય, એ *ચિહું પ્રકાર માંહિ અનેરો જે કોઈ અતિચાર પક્ષ દિવસમાંહિ સૂક્ષ્મ, બાદર, જાણતાં અજાણતાં હુઓ હોય તે સવિ હુ મને વચને કાયાએ કરી મિચ્છા મિ દુક્કડં. ૧૭.

[1]એવંકારે શ્રાવકતણે ધર્મે શ્રી સમકિતમૂલ બાર વ્રત, એકસો ચોવીશ અતિચારમાંહિ અનેરો જે કોઈ અતિચાર [2]પક્ષ દિવસમાંહિ સૂક્ષ્મ-બાદર, જાણતાં-અજાણતાં હુઓ હોય તે સવિ હુ મને વચને કાયાએ કરી મિચ્છા મિ દુક્કડં.

ઈતિ શ્રી શ્રાવક પક્ખી, ચોમાસી, સંવચ્છરી
અતિચાર સમાપ્ત

---

* (૧) પ્રતિષિદ્ધ વસ્તુનું કરવું. (૨) કરવા યોગ્ય અનુષ્ઠાન નહિ કરવું. (૩) વીતરાગના વચનની અશ્રદ્ધા કરવી. (૪) વિપરીત પ્રરૂપણા કરવી એ ચાર.

૧. એ પૂર્વોક્ત પ્રકારે

૨. આ અતિચાર ચોમાસી અને સંવચ્છરી પ્રતિક્રમણમાં પણ કહેવાય છે. તેથી જ્યાં જ્યાં પક્ષ દિવસ છે ત્યાં ત્યાં ચોમાસીમાં ચોમાસી દિવસ અને સંવચ્છરીમાં સંવચ્છરી દિવસ એમ કહેવું.

નવ સ્મરણો*

૧. શ્રી નવકાર - (પંચમંગલસૂત્રમ્)

[1]નમો અરિહંતાણં. ૧. નમો સિદ્ધાણં. ૨. નમો આયરિયાણં. ૩. નમો ઉવજ્ઝાયાણં. ૪. નમો લોએ સવ્વસાહૂણં. ૫. એસો પંચનમુક્કારો. ૬. સવ્વ-પાવપ્પણાસણો. ૭. મંગલાણં ચ સવ્વેસિં. ૮. પઢમં હવઇ મંગલં. ૯.

ઈતિ નમસ્કાર સૂત્રમ્

૨. ઉવસગ્ગહરં સ્તવનમ્

[2]ઉવસગ્ગહરં, પાસં પાસં વંદામિ કમ્મ-ઘણમુક્કં
વિસહર-વિસ નિન્નાસં, મંગલ-કલ્લાણ-આવાસં. ૧.

---

* પર્વ દિવસે સકલ શ્રેયને માટે અને ક્ષુદ્રોપદ્રવાદિ દોષ નિવારવા અને સુખશાન્તિને માટે ગણાય છે-સ્મરણ કરાય છે માટે સ્મરણ કહેવાય છે, પ્રતિષ્ઠામહોત્સવાદિ ક્રિયાવિધાનમાં નમિઊણ અને કલ્યાણ મંદિર વિના સાત સ્મરણ ગણવામાં આવે છે. સપ્ત સ્મરણ ટીકાની લખેલ પ્રતોમાં લઘુશાન્તિનો પણ સમાવેશ કર્યો છે. તેથી લઘુશાન્તિ સ્મરણ તરીકે ગણીએ ત્યારે નવકારને માંગલિક તરીકે ગણવો.

૧. અહીં અરિહંતાણં (રાગ-દ્વેષ વગેરે શત્રુને હણનારા) અરહંતાણં (ઇન્દ્રાદિથી પૂજાને યોગ્ય) અને અરુહંતાણં (ફરી સંસાર મધ્યે જેને ઉત્પન્ન થવું નથી એવા) એમ ત્રણે પાઠ છે.

૨. આ પહેલું તથા બીજું સ્મરણ આગળ અર્થ સાથે આવી ગયેલ હોવાથી અહીં અર્થ લખ્યો નથી માટે ત્યાંથી જોઈ લેવા. (પેજ નં. ૮ થી ૧૫ પહેલું સ્મરણ તથા પેજ નં. ૫૯ થી ૬૩ બીજું સ્મરણ)

વિસહર-ફુલિંગ-મંતં, કંઠે ધારેઇ જો સયા મણુઓ;
તસ્સ ગહ-રોગ-મારી-દુટ્ઠજરા જંતિ ઉવસામં. ૨.
ચિટ્ઠઉ દૂરે મંતો, તુજ્ઝ પણામો વિ બહુફલો હોઈ;
નરતિરિએસુ વિ જીવા, પાવંતિ ન દુક્ખદોગચ્ચં. ૩.
તુહ સમ્મત્તે લદ્ધે, ચિંતામણિ-કપ્પપાયવબ્ભહિએ;
પાવંતિ અવિગ્ઘેણં, જીવા અયરામરં ઠાણં. ૪.
ઈઅ સંથુઓ મહાયસ! ભત્તિબ્ભર-નિબ્ભરેણ હિયએણ;
તા દેવ! દિજ્જ બોહિં, ભવે ભવે પાસ! જિણચંદ! ૫.

૩. સંતિકરં [1]સ્તવનમ્

શબ્દાર્થ

સંતિકરં - શાન્તિના કરનારને.
સંતિજિણં - શાન્તિનાથ જિનને.
જગસરણં - જગતને શરણભૂત.
જયસિરીઈ - જયલક્ષ્મીના અથવા જય અને લક્ષ્મીના.
દાયારં - દાતાર આપનારે.
સમરામિ - સ્મરણ કરૂં છું.
ભત્તપાલગ - ભક્તનું પાલન કરનારાં.
નિવ્વાણીગરૂડ - નિર્વાણીદેવી અને ગરૂડયક્ષે.
કયસેવં - કરી છે સેવા જેની એવા.
ૐસનમો - ૐકાર સહિત નમસ્કાર.
વિપ્પોસહિ - વિપ્રુડૌષધિ લબ્ધિને.
પત્તાણં - પામેલાને.

---

૧. શ્રી તપગચ્છનાયક શ્રી સોમસુંદરસૂરિના પટ્ટપ્રભાવક સહસ્રાવધાની શ્રી મુનિસુંદરસૂરિએ શ્રી મેદપાટ (મેવાડ) દેશ મધ્યે આવેલા દેવકુલપાટક નગરને વિષે સંઘમાં અકસ્માત મરકીના ઉપદ્રવથી પીડિત લોકોને જોઈને અત્યંત કરુણાવાળા અને ગુરુના પ્રસાદથી પ્રાપ્ત કરી છે સદ્વિદ્યા જેમણે એવા તે મહાત્માએ મરકીની ઉપશાન્તિને માટે સૂરિમંત્રના આમ્નાયવાળું આ શ્રી શાન્તિનાથ જિનનું સ્તોત્ર રચ્યું છે. એ સ્તોત્રના પઠન-

સંતિસામિપાયાણં - શાન્તિસ્વામી પૂજ્યને.
ૐ સ્વાહામંતેણં - ૐસ્વાહામંત્ર વડે.
સવ્વ - સર્વ બધા.
અસિવદુરિઅહરણાણં - ઉપદ્રવ અને પાપને હરનારને.
ૐ - શોભાયમાન.
સંતિનમુક્કારો - શાન્તિનાથને કરેલ નમસ્કાર.
ખેલોસહિમાઈ - શ્લેષ્મૌષધિ આદિ.
લદ્ધિપત્તાણં - લબ્ધિ પામેલાને.
સૌં હ્રીં - ૐ હ્રીં સહિત.
સવ્વોસહિપત્તાણં - સર્વૌષધિ લબ્ધિ પામેલાને.
દેઈ - આપે છે.
સિરિ - દ્રવ્ય અને ભાવલક્ષ્મી.
વાણી - શ્રુતદેવી.
તિહુઅણસામિણી - ત્રણ ભુવનની સ્વામિની.
સિરિદેવી - લક્ષ્મીદેવી.
જક્ખરાયગણિપિડગા - યક્ષરાજ ગણિપિટક-દ્વાદશાંગીનો અધિષ્ઠાયક દેવ.
ગહ - ગ્રહ (નવ).
દિસિપાલ - દિક્પાલ (દશ).
સુરિંદા - દેવેંદ્રો.
સયાવિ - સદાય.
રક્ખંતુ - રક્ષણ કરો.
જિણભત્તે - જિનેશ્વરના ભક્તોને.
મમ - મુજને.
રોહિણી - રોહિણીદેવી.
પન્નત્તિ - પ્રજ્ઞપ્તિ દેવી.

પાઠનથી અને સ્તોત્રમંત્રિત જળ છાંટવાથી ઉપદ્રવ શાન્ત થયા, ત્યારથી આ સ્તોત્ર શાન્તિ નિમિત્તે ગણાય છે. આ સ્તોત્રની ૧૩ ગાથા ત્રણ કાળ અગર ઉભયકાળ સ્મરણ કરવાથી દુષ્ટ ભૂત-પ્રેત, શાકિની વગેરેના ઉપદ્રવ અને રોગાદિ ભય ન થાય, મોટું પુન્ય થાય અને સુલભબોધિપણું થાય. વિશેષમરકી અગર માંદગી વગેરે પ્રસંગે આ સ્તોત્રની ૧૩ ગાથા નવકાર અને ઉવસગ્ગહરંની પેઠે રૂડે પ્રકારે, સુવર્ણ જળ વડે પવિત્ર થઈને દરેક ઘરે સાત વાર અથવા ત્રણ વાર ગણવી, અને ન આવડે તો સાંભળવી તેથી મરકી પ્રમુખ શાન્ત થાય. નિરંતર ઉભયકાળ પ્રતિક્રમણ પછી પાક્ષિક, ચોમાસી અને સાંવત્સરિક પ્રતિક્રમણ પછી કેટલાક સાત અગર ત્રણ વાર ગણે છે, બીજા સાવધાનપણે સાંભળે છે તે સર્વને તે દિવસ તે રાત્રિ, તે પક્ષ, તે ચાતુર્માસ અને તે વર્ષને વિષે ઉપદ્રવ થાય નહિ, આ સંબંધી વિશેષ હકીકત જાણવાની ઈચ્છાવાળાએ ટીકા જોવી.

વજ્જસિંખલા - વજ્રશૃંખલા.
વજ્જંકુસિ - વજ્રાંકુશી.
ચક્કેસરી - ચક્રેશ્વરી.
નરદત્તા - નરદત્તા-પુરુષદત્તા.
કાલી - કાળી.
મહાકાળી - મહાકાળી.
ગોરી - ગૌરી.
તહ - તેમજ.
ગંધારી - ગાંધારી.
મહજાલા - મહાજ્વાલા.
માણવી - માનવી.
વઈરુટ્ટા - વૈરોટ્યા.
અચ્છુત્તા - અચ્છુપ્તા.
માણસિયા - માનસિકા.
મહામાણસિયા - મહામાનસિકા.
દેવીઓ - દેવીઓ.
જક્ખા - યક્ષો.
ગોમુહ - ગોમુખ.
તિમુહ - ત્રિમુખ.
જક્ખેસ - યક્ષેશ.
તુંબરૂ - તુંબરૂ.
કુસુમો - કુસુમ.
માયંગવિજયઅજિયા - માતંગ વિજય અને અજિત
બંભો - બ્રહ્મ.
મણુઓ - મનુજ.
સુરકુમારો - સુરકુમાર.

સંતિકરં સંતિજિણં, જગસરણં, જય-સિરીઈ દાયારં ॥ સમરામિ ભત્તપાલગ-નિવ્વાણી-ગરુડકયસેવં ॥ ૧ ॥

અર્થ :- શાન્તિના કરનાર, જગતને શરણભૂત, જયલક્ષ્મી (જય અને લક્ષ્મીના)ના આપનાર અને ભક્તજનોનું પાલન કરનાર, નિર્વાણદેવી અને ગરૂડયક્ષે કરી છે સેવા જેમની એવા શ્રી શાન્તિનાથ જિનનું હું સ્મરણ કરૂં છું. ૧.

ૐ સનમો [૧]વિપ્પોસહિ-પત્તાણંસંતિ-

૧. જેની વિષ્ટા અને મૂત્ર ઔષધિરૂપ છે અથવા જેની વિષ્ટા અને મૂત્ર સર્વ રોગનું હરણ કરે છે એવી લબ્ધિવાળા.

સામિપાયાણં ॥ ઝ્રૌઁ સ્વાહામંતેણં[1], સવ્વા-સિવદુરિઅ-હરણાણં ॥ ૨ ॥

અર્થ :- [2]વિપ્રુડૌષધિ લબ્ધિને પામેલા ઝ્રૌઁ સ્વાહા મંત્ર વડે સર્વ ઉપદ્રવ અને પાપને હરનાર (અથવા ઝ્રૌઁ સ્વાહા મંત્રવડે યુક્ત અને સર્વ ઉપદ્રવ અને પાપને હરનાર), પૂજ્ય શાન્તિનાથને ૐકાર પૂર્વક નમસ્કાર હો ! ૨.

ૐસંતિનમુક્કારો, [3]ખેલોસહિમાઇલદ્ધિ-પત્તાણં ॥ સૌં હ્રીઁ નમો સવ્વો, સહિ-પત્તાણં ચ દેઇ સિરિં ॥ ૩ ॥

અર્થ :- શ્લેષ્મૌષધિ[4] આદિ લબ્ધિને પામેલા શોભાયમાન શ્રી શાન્તિનાથને નમસ્કાર હો. વળી સર્વૌષધિ[5] લબ્ધિને પામેલા શાન્તિનાથને ૐ હ્રીઁ સહિત નમસ્કાર હો, જે નમસ્કાર ભવ્યોને, લક્ષ્મી આપે છે. અથવા ૐકાર સહિત શાન્તિજિનને કરેલ નમસ્કાર શ્લેષ્મૌષધિ આદિ લબ્ધિ અને સર્વૌષધિલબ્ધિ પામેલા સાધુઓને જ્ઞાનદર્શનાદિ (દ્રવ્ય અને ભાવ) લક્ષ્મી આપે છે.

---

૧. સૂરિમંત્રમાં કહેલ મંત્રબીજ.

૨. "ૐ નમો વિપ્પોસહિપત્તાણં ઝ્રૌઁ સ્વાહા" એ પદ વડે જાપ કરવો.

૩. જેમાં શ્લેષ્મ અને નાકનો મેલ ઔષધરૂપ છે એ વગેરે લબ્ધિવાળા.

૪. "ૐ હ્રીઁ નમો ખેલોસહિમાઈલદ્ધિપત્તાણં" અને "ૐ હ્રીઁ નમો સવ્વોસહિપત્તાણં" એ બે સૂરિમંત્ર છે. તેનો જાપ કરવાનો આમ્નાય ગુરુગમથી સમજવો.

૫. જેના દાંત, નખ, કેશ અને રોમ વગેરે સર્વ અવયવો ઔષધરૂપ છે એવી લબ્ધિવાળા.

વાણી-તિહુઅણ-સામિણી,-સિરિદેવી-જક્ખરાયગણિપિડગા ॥ ગહદિસિપાલ-સુરિંદા, સયાવિ રક્ખંતુ જિણભત્તે ॥ ૪ ॥

અર્થ :- શ્રુતદેવી [1]ત્રિભુવનસ્વામિની, લક્ષ્મીદેવી અને [2]યક્ષરાજ ગણિપિટક, ગ્રહ, દિક્પાળ અને દેવેંદ્રો જિનના ભક્તોનું સદાય રક્ષણ કરો ! ૪.

સોળ વિદ્યાદેવીઓ

રક્ખંતુ મમ રોહિણી, પન્નત્તી વજ્જ-સિંખલા ય સયા ॥ વજ્જંકુસિ ચક્કેસરી નરદત્તા કાલિ મહાકાલી ॥ ૫ ॥

અર્થ :- રોહિણી [3]પ્રજ્ઞપ્તિ, વજ્રશૃંખલા, વજ્રાંકુશી, ચક્રેશ્વરી, નરદત્તા, કાળી અને મહાકાળી, મારું (અને ઉપલક્ષણથી બીજા-ઓનું પણ નિરંતર સર્વ પ્રકારના ઉપદ્રવથી) રક્ષણ કરો. ૧.

---

૧. સૂરિમંત્ર પીઠપંચકની અધિષ્ટાયિકાદેવી, તેનું ધ્યાન કરનારને સહાય કરનારી.

૨. દ્વાદશાંગીનો અધિષ્ઠાય દેવ, યક્ષો મધ્યે કાન્તિ વડે વિશેષ શોભે છે માટે તેને યક્ષરાજ કહેવાય છે.

૩. પુણ્ય બીજને ઉત્પન્ન કરે તે રોહિણી. પ્રકૃષ્ટ જ્ઞાન છે જેને વિષે તે **પ્રજ્ઞપ્તિ**, દુષ્ટને દમન કરવા માટે વજ્રની પેઠે દુર્ભેદ્ય શૃંખલા છે જેના હાથમાં તે **વજ્રશૃંખલા**, વજ્ર અને અંકુશ એ અસ્ત્ર જેના હાથમાં છે તે **વજ્રાંકુશી**. હાથમાં નિરંતર ચક્રને ધારણ કરનારી તે **ચક્રેશ્વરી**, મનુષ્યને વરદાન વગેરે દેવાવાળી તે **નરદત્તા**, શ્યામ વર્ણવાળી અથવા શત્રુઓને વિષે કાળની ઉપમા છે જેને તે કાળી, ઘણા શ્યામવર્ણવાળી અને શત્રુઓને મહાકાળ સદશ તે

ગોરી તહ ગંધારી, મહજાલા માણવી અ વઈરુટ્ટા ॥ અચ્છુત્તા માણસિયા, મહા-માણસિયાઉ દેવીઓ ॥ ૬ ॥

અર્થ :- ગૌરી, ગાંધારી, મહાજ્વાલા, માનવી, અને વૈરોટ્યા, અચ્છુપ્તા, માનસિકા અને મહામાનસિકા એ (સોળ) દેવીઓ (રક્ષણ કરો !) ૬.

જક્ખા ગોમુહ મહજક્ખ, તિમુહ જક્ખેસ તુંબરૂકુસુમો ॥ માયંગવિજયઅજિયા, બંભો મણુઓ સુરકુમારો ॥ ૭ ॥

અર્થ :- *યક્ષોનાં નામ કહે છે - ગોમુખ, મહાયક્ષ, ત્રિમુખ, યક્ષેશ, તુંબરૂ, કુસુમ, માતંગ, વિજય, અજિત, બ્રહ્મ, મનુજ, સુરકુમાર. ૭.

મહાકાળી. ગૌર (ઉજ્જવળ) વર્ણવાળી તે ગૌરી, ગાયના વાહનને ધારણ કરનારી તે ગાંધારી, સર્વ અસ્ત્રો (ફેંકવાના હથીયાર)ની મ્હોટી જવાળા છે જેને તે મહાજ્વાળા. મનુષ્યની જનની (માતા) તુલ્ય તે માનવી, અન્યોન્ય વૈરની ઉપશાન્તિ માટે આગમન છે જેનું તે વૈરોટ્યા, પાપનો સ્પર્શ નથી જેને તે અચ્છુપ્તા, ધ્યાન કરનારના મનને સાન્નિધ્ય કરવાવાળી તે માનસિકા, અને ધ્યાન કરનારના મનને મહાસાન્નિધ્ય કરવાવાળી તે મહામાનસિકા. એ સોળ દેવીઓનું વિદ્યાપ્રધાનત્વ હોવાથી તે વિદ્યાદેવીઓ કહેવાય છે એ દેવીઓને મંત્રપટ્ટમાં પોતપોતાને સ્થાનકે સ્થાપન કરીને તેનું ધ્યાન કરે તો તે ધ્યાન સુખને દેનાર થાય છે.

* આ સાતથી દશ ગાથામાં વર્ણવેલા ચોવીશીના ચોવીશ તીર્થંકરોના યક્ષ અને યક્ષિણીઓના વર્ણ, વાહન અને આકાર વગેરે અનુક્રમે આ પ્રમાણે જાણવા. (પેજ નં. ૨૪૨માં)

શબ્દાર્થ

છમ્મુહ - ષણ્મુખ.	જક્ખિંદો - યક્ષેન્દ્ર.
પયાલ - પાતાળ.	કૂબેર - કૂબેર.
કિન્નર - કિન્નર.	વરૂણો - વરૂણ.
ગરુલો - ગરૂડ.	ભિઉડી - ભૃકુટી.
ગંધવ્વ - ગંધર્વ.	ગોમેહો - ગોમેધ.

૧ **ગૌમુખ**- સોના જેવા વર્ણવાળો, ગજવાહન અને ચાર ભુજાવાળો છે. જમણી બે ભુજામાં વરદ તથા અક્ષમાળા અને ડાબી બે ભુજામાં માતુલિંગ (બીજોરૂં) અને પાશ હોય છે. ૨ **મહાયક્ષ**- શ્યામ વર્ણ, ચાર મુખ, ગજવાહન અને આઠ હાથવાળો છે. જમણા ચાર હાથમાં વરદ, મુદ્દગર, અક્ષસૂત્ર (નાની માળા) અને પાશ હોય છે. ડાબા ચાર હાથમાં બીજોરૂં, અભય, અંકુશ અને શક્તિ છે. ૩ **ત્રિમુખ**- ત્રણ નેત્ર, ત્રણ મુખ, શ્યામવર્ણ, મયૂરવાહન અને છ ભુજાવાળો છે. જમણી ત્રણ ભુજા, નકુલ, ગદા અને અભય યુક્ત હોય અને ડાબી ત્રણ ભુજા બીજોરૂં, નાગ અને અક્ષસૂત્ર યુક્ત હોય છે. ૪ **ઈશ્વર**- શ્યામ કાન્તિ, ગજવાહન અને ચાર ભુજાવાળો છે. જમણી ભુજાઓમાં બીજોરૂં અને અક્ષસૂત્ર હોય. ડાબી ભુજાઓમાં નકુલ ને અંકુશ હોય. ૫ **તુંબરૂ**- શ્વેતવર્ણ, ગરૂડવાહન અને ચાર ભુજાવાળો છે. જમણા બે હાથ વરદ અને શક્તિ યુક્ત હોય અને ડાબા બે હાથ ગદા અને નાગપાશ યુક્ત હોય. ૬ **કુસુમ**- નીલવર્ણ, કુરંગ (હરણ) વાહન અને ચાર ભુજાવાળો છે. જમણા બે હાથમાં ફળ અને અભય હોય છે અને ડાબા બે હાથમાં નકુલ અને અક્ષસૂત્ર હોય છે. ૭ **માતંગ**- નીલવર્ણ, ગજવાહન અને ચાર ભુજાવાળો છે. જમણી બે ભુજાઓમાં બીલ્વ અને પાશ હોય ત્યારે ડાબી બે ભુજાઓમાં નકુલ અને અંકુશ હોય. ૮ **વિજય**- હરિતવર્ણ, ત્રણ લોચન, હંસવાહન અને બે ભુજાવાળો છે. જમણા હાથમાં ચક્ર અને ડાબા હાથમાં મુદ્દગર હોય. ૯ **અજિત**- શ્વેતવર્ણ, કૂર્મ વાહન અને ચાર ભુજાવાળો છે. જમણા બે હાથમાં માતુલિંગ. અક્ષસૂત્ર યુક્ત હોય છે અને ડાબા બે હાથ નકુલ, કુંતકાલ યુક્ત છે. ૧૦ **બ્રહ્મ**- ચાર મુખ, ત્રણ નેત્ર, શ્વેતવર્ણ, પદ્માસન અને આઠ ભુજાવાળો છે. જમણા ચાર હાથમાં માતુલિંગ, મુદ્દગર, પાશ અને અભય હોય છે અને ડાબા ચાર હાથમાં નકુલ, ગદા, અંકુશ અને

પાસમાયંગા - પાર્શ્વ અને માતંગ.	**સુતારયાસોય** - સુતારકા, અશોકા.
અજિયા - અજિતા.	**સિરિવચ્છા** - શ્રીવત્સા.
દુરિઆરિ - દુરિતારિ.	**ચંડા** - ચંડા.
અચ્ચુઅ - અચ્યુતા.	**વિજયંકુસિ** - વિજયા, અંકુશા.
સંતા - શાન્તા.	**પન્નઈત્તિ** - પન્નગા એમ.
જાલા - જ્વાલા.	**નિવ્વાણિ** - નિર્વાણી.

અક્ષસૂત્ર હોય છે. ૧૧ **મનુજ**- અથવા **ઈશ્વર**- શ્વેતવર્ણ, ત્રણ નેત્ર, વૃષભવાહન અને ચાર ભુજાવાળો છે. જમણા બે હાથમાં માતુલિંગ ને ગદા હોય છે અને ડાબા બે હાથ નકુલ અને અક્ષસૂત્ર યુક્ત હોય છે. ૧૨ **સુરકુમાર**- શ્વેતવર્ણ, હંસવાહન અને ચાર ભુજાવાળો છે. જમણા બે હાથ માતુલિંગ અને બાણયુક્ત અને ડાબા બે હાથ નકુલ અને ધનુષ્ય યુક્ત હોય છે. ૧૩ **ષણ્મુખ**- શ્વેતવર્ણ, શિખિ (મોર) વાહન અને બાર ભુજાવાળો છે. જમણા છ હાથ ફલ, ચક્ર, બાણ, ખડ્ગ, પાશ અને અક્ષસૂત્ર યુક્ત હોય અને ડાબા છ હાથ નકુલ, ચક્ર, ધનુ, ફલક, અંકુશ અને અભય યુક્ત હોય છે. ૧૪ **પાતાલ**- ત્રણ મુખ, રક્તવર્ણ, મકર વાહન અને છ ભુજાવાળો છે. જમણા ત્રણ હાથ પદ્મ, ખડ્ગ અને પાશયુક્ત હોય છે અને ડાબા ત્રણ હાથ નકુલ, ફલક અને અક્ષસૂત્ર યુક્ત હોય છે. ૧૫ **કિન્નર**- ત્રણ મુખ, રક્તવર્ણ, કૂર્મ (કાચબો) વાહન અને છ ભુજાવાળો છે. જમણા ત્રણ હાથ બીજ પુરક ગદા અને અભય યુક્ત અને ડાબા ત્રણ હાથ નકુલ, પદ્મ અને અક્ષમાલા યુક્ત હોય છે. ૧૬ **ગરૂડ**- વરાહવાહન, ક્રોડવદન, શ્યામ વર્ણ અને ચાર ભુજાવાળો છે. જમણા બે હાથમાં બીજપૂરક ને પદ્મ અને ડાબા બે હાથ નકુલ ને અક્ષસૂત્ર યુક્ત હોય છે. ૧૭ **ગંધર્વ** - શ્યામવર્ણ, હંસવાહન અને ચાર ભુજાવાળો છે. જમણા બે હાથ વરદ ને પાશયુક્ત હોય છે. અને ડાબા બે હાથમાં માતુલિંગ અને અંકુશ હોય છે. ૧૮ **યક્ષેન્દ્ર**- છ મુખ, ત્રણ નેત્ર, શ્યામ વર્ણ, શંખ (અથવા મોર) વાહન અને બાર ભુજાવાળો છે. તેના જમણા છ હાથ બીજપૂરક, બાણ, ખડ્ગ, મુદ્દગર, પાશ અને અભયયુક્ત છે અને ડાબા છ હાથ નકુલ, ધનુ, ફલક, શૂલ, અંકુશ અને અક્ષસૂત્ર યુક્ત હોય છે. ૧૯ **કૂબેર**- ચાર મુખ, ઇન્દ્રાયુધ (નીલ) વર્ણ, ગજવાહન અને આઠ ભુજાવાળો છે. તેના જમણા ચાર હાથમાં, વરદ, પરશુ, શૂલ, અને

અચ્ચુઆ - અચ્યુતા.	અંબ - અંબા.
ધરણી - ધારણી.	પઉમાવઈ - પદ્માવત્તી.
વઈરૂટ્ટછુત્ત - વૈરોટ્યા અચ્છુમા.	સિદ્ધા - સિદ્ધાયિકા.
ગંધારિ - ગાંધારી.	ઈઅ - એ પ્રકારે.

અભય હોય છે અને ડાબા ચાર હાથમાં બીજપૂરક, શક્તિ, મુદ્ગર અને અક્ષસૂત્ર હોય છે. ૨૦ **વરુણ**- ચાર મુખ ત્રણ નેત્ર, શ્વેતવર્ણ, વૃષભવાહન, જટામુકુટ ભૂષિત અને આઠ ભુજાવાળો છે. તેના જમણા ચાર હાથમાં બીજપૂરક, ગદા, બાણ અને શક્તિ હોય છે અને ડાબા ચાર હાથમાં નકુલ, પદ્મ, ધનુ, અને પરશુ હોય છે. ૨૧ **ભૃકુટી**- ચાર મુખ, ત્રણ નેત્ર, સોના જેવો વર્ણ, વૃષભવાહન અને આઠ ભુજાવાળો છે. તેના જમણા ચાર હાથમાં બીજપૂરક, શક્તિ, મુદ્ગર અને અભય હોય છે, અને ડાબા ચાર હાથમાં નકુલ, પરશુ, વજ્ર અને અક્ષસૂત્ર છે. ૨૨ **ગોમેધ**- ત્રણ મુખ, શ્યામકાન્તિ, પુરુષવાહન અને છ ભુજાવાળો છે. તેના જમણા ત્રણ હાથમાં માતુલિંગ, પરશુ અને ચક્ર છે અને ડાબા ત્રણ હાથમાં નકુલ, શૂલ અને શક્તિ છે. ૨૩ **પાર્શ્વ**- અથવા **વામન**- ગજમુખ, સર્પફણા-મંડિત મસ્તક, શ્યામવર્ણ, કૂર્મવાહન અને ચાર ભુજાવાળો છે. જમણા બે હાથમાં બીજપુરક અને સર્પ (અથવા માતુલિંગ અને ગદા) છે ડાબા બે હાથમાં નકુલ અને સર્પ છે. ૨૪ **માતંગ**- શ્યામવર્ણ, ગજવાહન અને બે ભુજાવાળો છે જમણા હાથમાં નકુલ અને ડાબા હાથમાં બીજપૂરક છે.

૧ **ચક્રેશ્વરી** અથવા **અપ્રતિચક્રા**- સુવર્ણવર્ણા, ગરૂડવાહન અને આઠ ભુજાવાળી છે. જમણી ચાર ભુજામાં વરદ, બાણ, ચક્ર અને પાશ છે અને ડાબા ચાર હાથમાં ધનુષ્ય, વજ્ર, ચક્ર અને અંકુશ છે. ૨ **અજિતા**- ગૌરવર્ણ લોહાસનાધિ (ગૌ) રૂઢ અને ચાર હાથવાળી છે. જમણા બે હાથમાં વરદ અને પાશ છે અને ડાબા બે હાથમાં બીજપૂરક અને અંકુશ છે. ૩. **દુરિતારિ**- ગૌરવર્ણ, મેષવાહન અને ચાર હાથવાળી છે. જમણા બે હાથમાં વરદ અને અક્ષસૂત્ર છે અને ડાબા બે હાથમાં ફલ અને અભય છે. ૪ **કાલી**- શ્યામવર્ણ, પદ્માસન, ચાર ભુજાવાળી છે. જમણા બે હાથમાં વરદ અને પાશ છે અને ડાબા બે હાથમાં નાગ અને અંકુશ છે. ૫ **મહાકાલી**- સોના જેવો વર્ણ, પદ્માસન, ચાર ભુજાવાળી છે. જમણા બે હાથમાં વરદ અને પાશ છે અને

તિત્થરક્ખણરયા - તીર્થરક્ષણમાં તત્પર.
અન્નેવિ - બીજા પણ.
સુરાસુરી - દેવદેવીઓ.
ચઉહાવિ - ચારે પ્રકારના.
વંતર - વ્યંતર દેવ.
જોઈણિપમુહા - યોગિની પ્રમુખ.
કુણંતુ - કરો.
રક્ખં - રક્ષણ.
અમ્હં - અમારૂં.
એવં - એ પ્રકારે.
સુદિટ્ઠિ - સમ્યગ્દષ્ટિ.
સુરગણસહિઓ - દેવ સમુદાયે સહિત (શાન્તિજિન).

ડાબા બે હાથમાં માતુલિંગ અને અંકુશ છે. ૬ **અચ્યુતા**- શ્યામવર્ણ, નરવાહન અને ચાર ભુજાવાળી છે. દક્ષિણ બે હાથમાં વરદ અને બાણ છે અને ડાબા બે હાથમાં ધનુષ્ય અને અભય (અથવા બીજોરૂં અને અંકુશ) છે. ૭ **શાન્તા**- સુવર્ણ વર્ણ, ગજવાહન અને ચાર હાથવાળી છે. જમણા બે હાથમાં વરદ અને અક્ષસૂત્ર છે અને ડાબા બે હાથમાં શૂલ અને અભય છે. ૮ **જ્વાલા કે ભ્રકુટી**- પીળો વર્ણ, વરાહવાહન, ચાર ભુજાવાળી છે. જમણા બે હાથમાં ખડ્ગ અને મુદ્ગર છે. ડાબા બે હાથમાં ફલક અને પરશુ છે. ૯ **સુતારિકા**- ગૌરવર્ણ, વૃષભવાહન અને ચાર ભુજાવાળી છે. તેના જમણા બે હાથમાં વરદ અને અક્ષસૂત્ર છે ડાબા બે હાથમાં કલશ અને અંકુશ છે. ૧૦ **અશોકા**- નીલવર્ણ, પદ્માસન અને ચાર ભુજાવાળી છે. જમણા બે હાથમાં વરદ અને પાશ (અથવા મુદ્ગર) છે અને ડાબા બે હાથમાં ફલક અને અંકુશ છે. ૧૧ **શ્રીવત્સા-માનવી**- ગૌરવર્ણ, સિંહવાહન અને ચાર ભુજાવાળી છે. જમણા બે હાથમાં વરદ અને મુદ્ગર છે અને ડાબા બે હાથમાં કલશ અને અંકુશ (અથવા પુષ્પ ને ગદા) છે. ૧૨ **પ્રવરા-ચંડા**- શ્યામવર્ણ, અશ્વ વાહન અને ચાર ભુજાવાળી છે. જમણા બે હાથમાં વરદ અને શક્તિ છે અને ડાબા બે હાથમાં પુષ્પ અને ગદા છે. ૧૩ **વિજયા-વિદિતા**- હરિતવર્ણ, પદ્માસન અને ચાર ભુજાવાળી છે, જમણા બે હાથમાં બાણ અને પાશ છે, ડાબા બે હાથમાં ધનુષ્ય અને નાગ છે. ૧૪. **અંકુશા**- ગૌરવર્ણ, પદ્માસન અને ચાર ભુજાવાળી છે. જમણા બે હાથમાં ખડ્ગ અને પાશ છે અને ડાબા બે હાથમાં ફલક અને અંકુશ છે. ૧૫ **પન્નગા-કંદર્પા**- ગૌરવર્ણ, મત્સ્યવાહન અને ચાર ભુજાવાળી છે. જમણા બે હાથમાં ઉત્પલ (કમળ) અને અંકુશ છે અને

સંઘસ્સ - સંઘની.
સંતિજિણચંદો - શાન્તિજિનચંદ્ર.
મજ્ઝવિ - મારી પણ.
કરઉ - કરો.
રક્ખં - રક્ષા.
મુણિસુંદરસૂરિ - મુનિસુંદરસૂરિએ.
થુઅમહિમા - સ્તવ્યો છે મહિમા જેનો એવા.
સંતિનાહ - શાન્તિનાથની.
સમ્મદિટ્ટી - સમ્યગ્દષ્ટિ.
સરઈ - ચિંતવે.
તિકાલં - ત્રણ કાળ.
જો - જે પુરુષ.
ઉવદ્દવરહિઓ - ઉપદ્રવ રહિત.
સ લહઈ - તે પામે છે.
સુહસંપયં - સુખસંપદાને.

ડાબા બે હાથમાં પદ્મ અને અભય છે. ૧૬ **નિર્વાણી-** સુવર્ણ કાન્તિ, પદ્માસન અને ચાર ભુજાવાળી છે. જમણા બે હાથમાં પુસ્તક અને ઉત્પલ છે. અને ડાબા બે હાથમાં કમંડલુ અને કમલ છે. ૧૭ **અચ્યુતા-બલા-** સુવર્ણવર્ણ, મયૂરવાહન, ચાર ભુજાવાળી છે. જમણા બે હાથમાં બીજપૂરક અને શૂલ અને ડાબા બે હાથમાં મુષંડી (એક જાતનું શસ્ત્ર) અને પદ્મ છે. ૧૮ **ધારણી-** નીલવર્ણ, પદ્માસન, ચાર ભુજાવાળી છે. જમણા બે હાથમાં માતુલિંગ અને ઉત્પલ છે અને ડાબા બે હાથમાં પદ્મ અને અક્ષસૂત્ર છે. ૧૯ **વૈરોટ્યા-** કૃષ્ણવર્ણ, પદ્માસન અને ચાર ભુજાવાળી છે. જમણા બે હાથમાં વરદ અને અક્ષસૂત્ર અને ડાબા બે હાથમાં બીજપૂરક અને શક્તિ છે. ૨૦ **અચ્છુપ્તા-દત્તા-** કનકવર્ણ, ભદ્રાસન અને ચાર ભુજાવાળી છે. જમણા બે હાથમાં વરદ અને અક્ષસૂત્ર અને ડાબા બે હાથમાં બીજપૂરક અને શૂલ છે. ૨૧ **ગાંધારી-** શ્વેતવર્ણ, હંસવાહન અને ચાર ભુજાવાળી છે. જમણા બે હાથમાં વરદ અને ખડ્ગ અને ડાબા બે હાથમાં બીજપૂરક અને કુંત (ભાલો) છે. ૨૨ **અંબા-** કનકકાન્તિ, સિંહવાહન અને ચાર ભુજાવાળી છે, જમણા બે હાથમાં આમ્રલુંબી અને પાશ અને ડાબા બે હાથમાં ચક્ર અને અંકુશ છે. ૨૩ **પદ્માવતી-** કનકવર્ણ, કુર્કુટસર્પ વાહન અને ચતુર્ભુજાવાળી છે જમણા બે હાથમાં પદ્મ અને પાશ અને ડાબા બે હાથમાં ફલ અને અંકુશ છે. ૨૪ **સિદ્ધાયિકા-** હરિતવર્ણ સિંહવાહન અને ચાર ભુજાવાળી છે. જમણા બે હાથમાં પુસ્તક (પદ્મ) ને અભય (પાશ) અને ડાબા બે હાથમાં બીજપૂરક અને વીણા છે. આ ચોવીશ યક્ષ અને શાસનદેવીઓ શાસનના અધિષ્ઠાયક હોવાથી હંમેશા સ્મરણ કરવા યોગ્ય છે.

પરમં - ઉત્કૃષ્ટ.
તવગચ્છ - તપોગચ્છરૂપ.
ગયણદિણયર - આકાશમાં સૂર્ય સમાન.
જુગવર - યુગપ્રધાન.
સિરિસોમસુંદરગુરૂણં - શ્રી સોમસુંદર ગુરૂના.
સુપસાયલદ્ધ - રૂડા પ્રસાદ વડે પ્રાપ્ત કરી છે.
ગણહરવિજ્જાસિદ્ધિ - ગણધર-વિદ્યાની સિદ્ધિ જેણે એવો.
ભણઇ - કહે છે.
સીસો - શિષ્ય (મુનિસુંદરસૂરિ).

છમ્મુહપયાલકિન્નર, ગરુલો ગંધવ્વ તહય જક્ખિંદો ॥ કૂબરવરુણો ભિઉડી ગોમેહો પાસ માયંગા ॥ ૮ ॥

અર્થ :- ષણમુખ, પાતાળ, કિન્નર, ગરૂડ, ગંધર્વ તેમજ યક્ષેન્દ્ર, કૂબેર, વરુણ, ભૃકુટી, ગોમેધ, પાર્શ્વ અને માતંગા. ૮.

ચોવીશ તીર્થંકરની શાસનદેવીઓ

દેવીઓ ચક્કેસરી, અજિયા, દુરિઆરિ કાલી મહાકાલી ॥ અચ્ચુઅ સંતા જાલા, સુતારયા-સોય-સિરિવચ્છા ॥ ૯ ॥

અર્થ :- દેવીઓનાં નામ કહે છે. ચક્રેશ્વરી, અજિતા, દુરિતારિ, કાળી, મહાકાળી, અચ્યુતા, શાન્તા, જ્વાલા, સુતારકા, અશોકા, શ્રીવત્સા. ૯.

ચંડા વિજયંકુસિ, પન્નઈત્તિ નિવ્વાણિ અચ્ચુઆ ધરણી ॥ વઈરુટ્ટ છુત્ત (દત્ત) ગંધારિ, અંબ પઉમાવઈ સિદ્ધા ॥ ૧૦ ॥

અર્થ :- ચંડા, વિજયા, અંકુશા, પન્નગા, નિર્વાણી, અચ્યુતા, ધારણી, વૈરોટ્યા, અચ્છુપ્તા, (દત્તા), ગાંધારી, અંબા, પદ્માવતી અને સિદ્ધાયિકા. ૧૦.

ઈઅતિત્થરક્ખણરયા, અન્નેવિ સુરાસુરી ય ચઉહાવિ ॥ વંતર જોઈણિ પમુહા, કુણંતુ રક્ખં સયા અમ્હં ॥ ૧૧ ॥

અર્થ :- એ પ્રકારે તીર્થ (ચતુર્વિધ સંઘ)ની રક્ષામાં તત્પર પૂર્વોક્ત યક્ષ, યક્ષિણીઓ અને બીજા પણ ચારે પ્રકારના દેવ-દેવીઓ [1]વ્યંતર અને [2]યોગિની પ્રમુખ (આ સ્તોત્રનું સ્મરણ કરનારા અથવા શ્રી શાન્તિનાથના ભક્ત એવા) અમારું નિરંતર રક્ષણ કરો. ૧૧.

એવં સુદિટ્ઠિ સુરગણ-સહિઓ સંઘસ્સ સંતિજિણચંદો ॥ મજ્ઝવિ કરેઉ રક્ખં, મુણિ-સુંદરસૂરિ-થુઅ-મહિમા ॥ ૧૨ ॥

અર્થ :- એ પ્રકારે સમ્યગ્દૃષ્ટિ દેવ સમુદાયે સહિત અને મુનિમાંહે પ્રધાન શ્રુતકેવળી વગેરે અને પંડિતોએ (મુનિસુંદર-સૂરિએ) સ્તવ્યો છે મહિમા જેનો એવા શ્રી શાન્તિજિનચંદ્ર સંઘની અને મારી પણ રક્ષા કરો. ૧૨.

ઈઅસંતિનાહ સમ્મ-દિટ્ઠિ* રક્ખં સરઈ

---

૧. માણિભદ્રાદિ બાવન વીર અથવા ક્ષેત્રપાળ વગેરે.

૨. ભદ્રકાળી પ્રમુખ ચોસઠ યોગિની.

* અહીં સંતિનાહ અને રક્ખંની વચ્ચે સમ્મદિટ્ઠિ એ પદનું વ્યવધાન પ્રાકૃત વ્યાકરણના નિયમથી છે.

તિકાલંજો ॥ સવ્વોવદ્દવરહિઓ, સ લહઈ સુહસંપયં પરમં ॥ ૧૩ ॥

અર્થ :- એ પ્રકારે જે સમ્યગ્દષ્ટિ મનુષ્ય શ્રી શાન્તિનાથની રક્ષાને ત્રણે કાળ સ્મરણ કરે છે તે સર્વ ઉપદ્રવથી રહિત થયો છતો ઉત્કૃષ્ટ સુખસંપદાને પામે છે. ૧૩.

તવગચ્છગયણ-દિણયર-જુગવર-સિરિ-સોમસુંદરગુરૂણં ॥ સુપસાય-લદ્ધ-ગણહર, વિજ્જાસિદ્ધી ભણઈ સીસો । ૧૪ ।

અર્થ :- તપગચ્છરૂપ ગગનમાં સૂર્યસમાન યુગપ્રધાન શ્રી સોમસુંદરસૂરિ ગુરુના રૂડા પ્રસાદવડે પ્રાપ્ત કરી છે ગણધર વિદ્યા-સિદ્ધિ જેણે એવો શિષ્ય (મુનિસુંદરસૂરિ) ભણે છે કહે[1] છે. ૧૪.

ઈતિ શ્રી સંતિકરં સ્તવનમ્

૪. તિજયપહુત્ત*

શબ્દાર્થ

તિજયપહુત્ત - ત્રણ જગત્‌ના સ્વામીપણાને.	**મહાપાડિહેરજુત્તાણં** - મહાપ્રાતિહાર્યે સહિતના.
પયાસય - પ્રકટ કરનાર.	**સમયક્ખિત્ત** - કાળક્ષેત્રને વિષે.
અટ્ઠ - આઠ.	**ઠિઆણં** - રહેલાને.

૧. ગુરૂનું નામ લેવાની ઈચ્છાએ કેટલાએક આ ચૌદમી ગાથા ગણે છે, તેમાં કાંઈ વિરોધ નથી.

* આ સ્તોત્રમાં એકસો સિત્તેર જિનની સ્તુતિ હોવાથી **"સત્તરિસયંથુત્ત"** એ નામ પણ આ સ્તોત્રનું છે. શ્રી માનદેવસૂરિએ કોઈ વખતે શ્રીસંઘમાં વ્યંતરે કરેલ ઉપસર્ગ નિવારવા અર્થે આ સ્તોત્ર રચ્યું છે એવો સંપ્રદાય છે.

સરેમિ - સ્મરણ કરૂં છું.
ચક્કં - સમૂહ અથવા યંત્રને.
પણવીસા - પચ્ચીશ.
અસીઆ - એંશી.
પનરસ - પંદર.
પન્નાસ - પચાસ.
જિણવરસમૂહો - જિનેશ્વરનો સમુદાય.
નાસેઉ - નાશ કરો.
સયલદુરિઅં - બધાં પાપને.
ભવિઆણં - ભવ્યજનોનાં.
ભત્તિજુત્તાણં - ભક્તિવાનોનાં.
વીસા - વીશ.
પણયાલા - પીસ્તાળીશ.
વિય - નિશ્ચયે, વળી.
તીસા - ત્રીશ.
પન્નત્તરી - પંચોતેર.
જિણવરિંદા - જિનેશ્વરો.
ગહભૂઅરક્ખ - ગ્રહ, ભૂત, રાક્ષસ અને.
સાઇણિ - શાકિનીના.
ઘોરુવસગ્ગં - ઘોર ઉપસર્ગને.
પણાસંતુ - પ્રકર્ષે નાશ કરો.
સત્તરિ - સિત્તેર.
પણતીસા - પાંત્રીશ.
સટ્ઠી - સાઠ.
પંચેવ - પાંચ નિશ્ચયે.
જિણગણો - જિનનો સમુદાય.
એસો - એ.

વાહિજલજલણ - વ્યાધિ, પાણી, અગ્નિ.
હરિકરિચોર - વાઘ, હાથી, ચોર અને.
અરિમહાભયં - શત્રુના મોટા ભયને.
હરઉ - હરણ કરો.
પણપન્ના - પંચાવન.
દસેવ - દશ નિશ્ચયે.
પન્નટ્ઠી - પાંસઠ.
તહય - તેમજ.
ચેવ - નિશ્ચયે.
ચાલીસા - ચાલીસ.
રક્ખંતુ - રક્ષણ કરો.
મે - મારા.
સરીરં - શરીરને.
દેવાસુરપણમિઆ - દેવ અને દાનવે નમસ્કાર કરાયેલા.
સિદ્ધા - સિદ્ધ થયેલા.
હરહુંહઃ - મંત્રબીજાક્ષરો છે.
સરસુંસઃ - મંત્રબીજાક્ષરો છે.
આલિહિય - લખ્યું છે.
નામગબ્ભં - સાધકનું નામ જેના મધ્યમાં એવા.
ચક્કં - યંત્ર.
કિર - નિશ્ચયે.
સવ્વઓભદ્દં - સર્વતોભદ્ર.
રોહિણિ - રોહિણી.
પન્નત્તિ - પ્રજ્ઞપ્તિ.
વજ્જસિંખલા - વજ્રશૃંખલા.

વજ્જઅંકુસિઆ - વજ્રાંકુશા.
ચક્કેસરિ - ચક્રેશ્વરી.
નરદત્તા - નરદત્તા.
કાલિ - કાલી.
મહાકાલિ - મહાકાલી.
ગોરી - ગૌરી.

તિજય-પહુત્ત-પયાસય, અટ્ઠ-મહા પાડિહેરજુત્તાણં ॥ સમયક્ખિત્ત-ઠિઆણં, સરેમિ ચક્કં જિણિંદાણં ॥ ૧ ॥

અર્થ :- ત્રણ ભુવનની ઠકુરાઈ પ્રગટ કરનારા, આઠ મહાપ્રાતિહાર્ય યુક્ત અને કાળક્ષેત્ર[1] (અઢીદ્વીપ)માં વર્તતા જિનેન્દ્રોના વૃંદ ([2]યંત્ર)ને સ્મરણ કરૂ છું. ૧.

૧. જ્યાં રાત્રિ-દિવસરૂપ કાળની પ્રધાનતા છે. એવા કાળક્ષેત્ર એટલે અઢીદ્વીપને વિષે ઉત્પન્ન થયેલા ૧૭૦ જિનની સ્તવના યંત્ર વડે થાય છે, તે યંત્ર* મોટો અને ઘણા માહાત્મ્યવાળો છે.

૨૫ ह	૮૦ र	क्षि	૧૫ हुं	૫૦ हः
૨૦ स	૪૫ र	प	૩૦ सुं	૭૫ सः
क्षि	प	ॐ	स्वा	हा
૭૦ ह	૩૫ र	स्वा	૬૦ हुं	૫ हः
૫૫ स	૧૦ र	हा	૬૫ सुं	૪૦ सः

૨. યંત્ર કરવાની રીતિ આ પ્રમાણે જાણવી.

આ બાજુમાં જણાવ્યા મુજબ તે યંત્રનાં પાંચ ઉભાં અને પાંચ આડાં ખાનાં કરવાં એટલે ૨૫ ખાનાં થયાં, તેમાં મધ્યના આડા પાંચ ખાનામાં ક્ષિપ ॐ સ્વાહા એ પાંચ અક્ષરની પાંચ મહાભૂતાત્મક મહાવિદ્યા લખવી, તેમજ મધ્યના પાંચ ઉભા ખાનામાં

* યંત્ર નાનું હોવાથી સોળ, વિદ્યાદેવીઓનાં નામ લખી શકાયાં નથી પણ લખવાં જોઈએ.

પણવીસા ય અસીઆ, પનરસપન્નાસ જિણવર સમૂહો ॥ નાસેઉ સયલ-દુરિઅં, ભવિઆણં ભત્તિ-જુત્તાણં ॥ ૨ ॥

અર્થ :- પચ્ચીશ, એંશી, પંદર અને પચાસ એ પ્રકારે (યંત્રમાં લખેલ) તીર્થંકરોનો સમુદાય ભક્તિવાન ભવ્યજનોનાં બધાં પાપનો નાશ કરો. ૨.

વીસા પણયાલા વિય, તીસા પન્નત્તરી જિણવરિંદા ॥ ગહ-ભૂઅ-રક્ખ-સાઈણિ-ઘોરુવસગ્ગં પણાસંતુ ॥ ૩ ॥

પણ એજ પાંચ અક્ષરની મહાવિદ્યા લખવી (તેમાં क्षि પૃથ્વીબીજ, प અપ્બીજ, ॐ અગ્નિબીજ स्वा પવનબીજ અને हा આકાશબીજ છે) પહેલી આડી પંક્તિના બાકીના ચાર ખાનામાં બીજી ગાથામાં બતાવેલા ૨૫-૮૦-૧૫-૫૦ એ ચાર અંકો અનુક્રમે લખવા, બીજી આડી પંક્તિના બાકીના ચાર ખાનામાં ત્રીજી ગાથામાં બતાવેલા ૨૦-૪૫-૩૦-૭૫ એ ચાર અંકો અનુક્રમે લખવા. ચોથી આડી પંક્તિના બાકીના ચાર ખાનામાં ચોથી ગાથામાં બતાવેલા ૭૦-૩૫-૬૦-૫ એ ચાર અંકો અનુક્રમે લખવા, અને પાંચમી આડી પંક્તિના બાકીના ચાર ખાનામાં પાંચમી ગાથામાં બતાવેલા ૫૫-૧૦-૬૫-૪૦ એ ચાર અંકો અનુક્રમે લખવા. તે પછી છઠ્ઠી ગાથામાં બતાવેલ ह (દુરિતનાશક સૂર્યબીજ) र (પાપદહનકારક અગ્નિબીજ) हुं (ભૂતાદિત્રાસક ક્રોધબીજ અને આત્મરક્ષક કવચ) અને हः (સૂર્યબીજે સંપૂટિત) એ ચાર બીજાક્ષરો પહેલી આડી લીટીના અંકોવાળા ચાર ખાનામાં અંકો નીચે અનુક્રમે મૂકવા. અને स (સૌમ્ય કારક ચંદ્રબીજ) र (તેજોદ્દીપન અગ્નિબીજ) सुं (સર્વ દુરિતોને શાન્ત કરનાર શામક) અને सः (ચંદ્રબીજે સંપૂટિત) એ ચાર અક્ષરો બીજી આડી લીટીના અંકોવાળા

અર્થ :- વીશ, પીસ્તાળીશ વળી ત્રીશ અને પંચોતેર એ પ્રકારે જિનેશ્વરો ગ્રહ, ભૂત, રાક્ષસ અને શાકિનીથી ઉત્પન્ન થયેલ ઘોર ઉપસર્ગનો પ્રકર્ષે નાશ કરો. ૩.

સત્તરિ પણતીસા વિય, સટ્ઠી પંચેવ જિણ-ગણો એસો ॥ વાહિ-જલ-જલણ-હરિ-કરિ-ચોરારિ- મહાભયં હરઉ ॥ ૪ ॥

અર્થ :- સિત્તેર, પાંત્રીશ વળી સાઠ અને પાંચ નિશ્ચયે એ જિન સમુદાય વ્યાધિ, પાણી (અથવા તાવ), અગ્નિ, વાઘ, હાથી, ચોર અને શત્રુના મોટા ભયને હરણ કરો. ૪.

પણપન્ના ય દસેવ ય, પન્નટ્ઠી તહય ચેવ ચાલીસા ॥ રક્ખંતુ મે સરીરં, દેવાસુર-પણમિઆ સિદ્ધા ॥ ૫ ॥

ચાર ખાનામાં અનુક્રમે મૂકવા. ચોથી આડી લીટીના અંકોવાળા ચાર ખાનામાં પણ हरहुंहः એ ચાર બીજાક્ષરો મૂકવા અને પાંચમી આડી લીટીના અંકોવાળા ચાર ખાનામાં सरसुंसः એ ચાર બીજાક્ષરો લખવા. આ છઠ્ઠી ગાથાના આરંભમાં ૐ છે તે પંચપરમેષ્ઠિવાચક છે અને हरहुंहः એ ચાર બીજાક્ષરો વડે અનુક્રમે પદ્મા, જયા, વિજયા અને અપરાજિતા એ ચાર દેવીઓનાં નામ જાણવાં.

આ યંત્રની ચાર ઉભી, ચાર આડી અને બે તીર્છી એમ દશ લાઈનના અંકોનો સરવાળો કરતાં દરેકનો સરવાળો ૧૭૦ થાય છે, સર્વ બાજુથી સરખી ગણતરી મળે છે. તેથી સર્વતો ભદ્ર એવું આ યંત્રનું નામ છે આ યંત્રના ચારે બાજુના ૫ડખાના અંકોવાળા ૧૬ ખાનામાં અનુક્રમે સાતમી અને આઠમી ગાથામાં બતાવેલી ૧૬ વિદ્યાદેવીઓનાં નામ ૐ ह्रीँ श्रीँ એ ત્રણ બીજાક્ષરો સહિત અને અંતમાં नमः પદ સહિત લખવાં.

અર્થ :- પંચાવન અને વળી દશ, પાંસઠ તેમ જ નિશ્ચે ચાલીશ. એ દેવ-દાનવે નમસ્કાર કરાયેલા અને સિદ્ધ થયેલા એવા જિનો મારા શરીરનું રક્ષણ કરો. ૫.

ૐ હરહુંહઃ સરસુંસઃ, હરહુંહઃ તહ ય ચેવ સરસુંસઃ ॥ આલિહિય-નામ-ગબ્ભં, ચક્કં કિર સવ્વઓભદ્દં ॥ ૬ ॥

અર્થ :- ૐ હરહુંહઃ સરસુંસઃ હરહુંહઃ તેમજ સરસુંસઃ મંત્ર બીજાક્ષરો સહિત લખ્યું છે સાધક પુરુષનું નામ જેના મધ્યમાં એવો યંત્ર તે સર્વતોભદ્ર જાણવો. ૬.

ૐ રોહિણિ પન્નત્તિ, વજ્જસિંખલા તહય વજ્જઅંકુસિઆ ॥ ચક્કેસરિ નરદત્તા, કાલિ મહાકાલિ તહ ગોરી ॥ ૭ ॥

અર્થ :- તે યંત્રમાં ૐ (પ્રણવબીજ), હ્રીँ (માયાબીજ) અને શ્રીँ (લક્ષ્મીબીજ) એ ત્રણ મંત્રબીજપૂર્વક સોળ દેવીઓનાં નામ લખવાં તે કહે છે - રોહિણી, પ્રજ્ઞપ્તિ, વજ્રશૃંખલા તેમજ વજ્રાંકુશા, ચક્રેશ્વરી, નરદત્તા, કાળી, મહાકાળી તેમજ ગૌરી. ૭.

શબ્દાર્થ

ગંધારી - ગાંધારી.
મહજ્જાલા - મહાજ્વાલા.
માણવિ - માનવી.
વઈરુટ્ટ - વૈરોટ્યા.
અચ્છુત્તા - અચ્છુપ્તા.
માણસિ - માનસી.
મહમાણસિઆ - મહામાનસિકા.
વિજ્જાદેવીઓ - વિદ્યાદેવીઓ.
પંચદસ - પંદર.
કમ્મભૂમિસુ - કર્મભૂમિમાં.

ઉત્પન્નં - ઉત્પન્ન થયેલા.
સત્તરિસયં - એકસો સિત્તેરને.
જિણાણં - જિનોનું.
વિવિહ - જાતજાતના વિવિધ.
રયણાઈવન્ન - રત્નાદિના વર્ણ વડે.
ઉવસોહિઅં - શોભિત.
દુરિઆઈ - પાપોને.
ચઉતીસ - ચોત્રીસ.
અઈસયજુઆ - અતિશય યુક્ત.
અટ્ઠમહાપાડિહેર - આઠ મહાપ્રાતિહાર્યે.
કયસોહા - કરી છે શોભા જેની એવા.
તિત્થયરા - તીર્થંકરો.
ગયમોહા - મોહ રહિત.
ઝાએઅવ્વા - ધ્યાન કરવા યોગ્ય છે.
પયત્તેણં - આદર વડે.
વરકણયસંખ - શ્રેષ્ઠ સુવર્ણ, શંખ.
વિદ્દુમમરગય - પરવાળા, નીલમણિ (અને).
ઘણસન્નિહં - મેઘસરખાવર્ણવાળા.
વિગયમોહં - મોહ રહિત.
સત્તરિસયં - એકસો સિત્તરને.
જિણાણં - જિનેશ્વરોનું.
સવ્વામરપૂઈયં - સર્વ દેવો વડે પૂજિતને.
વંદે - વાંદું છું.
ભવણવઈ - ભવનપતિ.
વાણવંતર - વાણવ્યંતર.
જોઈસવાસી - જ્યોતિષ્કવાસી.
વિમાણવાસી - વૈમાનિક.
જે કેવિ - જે કોઈ.
દુટ્ઠદેવા - દુષ્ટ (શાસનદ્વેષી) દેવો.
ઉવસમંતુ - ઉપશાન્ત હો.
મમ - મને.
ચંદણકપ્પૂરેણં - સુખડ અને કપૂરવડે.
ફલએ - પાટીઆમાં.
લિહિઊણ - લખીને.
ખાલિઅં - ધોયેલ.
પીઅં - પીધો છતો.
એગંતરાઈ - એકાંતરીયો વગેરે જ્વર.
ગહભૂઅ - ગ્રહ, ભૂત.
સાઈણિમુગ્ગં - શાકિની અને મોગકને.
પણાસેઈ - પ્રકર્ષે નાશ કરે છે.
ઈઅ - એ પ્રકારે.
સત્તરિસયંજંતં - એકસો સિત્તેર યંત્રને.
સમ્મં - સમ્યક્.
મંતં - મંત્રને.
દુવારિ - બારણામાં - દ્વારમાં.
પડિલિહિઅં - લખેલ.
દુરિઆરિ - કષ્ટ અને શત્રુનો.
વિજયવંતં - વિજય મેળવનાર.
નિબ્ભંતં - નિઃસંદેહ.
નિચ્ચં - નિરંતર.
અચ્ચેહ - પૂજો.

ગંધારિ મહજ્જાલા, માણવિ વઇરુટ્ટ તહય અચ્છુત્તા ॥ માણસિ મહમાણસિઆ, વિજ્જાદેવીઓ રક્ખંતુ ॥ ૮ ॥

અર્થ :- ગાંધારી, મહાજ્વાલા, માનવી, વૈરોટ્યા તેમજ અચ્છુપ્તા, માનસી, મહામાનસિકા (એ સોળ) વિદ્યાદેવીઓ મારું રક્ષણ કરો. ૭.

[1]પંચદસકમ્મભૂમિસુ, ઉપ્પન્નં સત્તરિ જિણાણ સયં ॥ વિવિહ-રયણાઇ-વન્નો-વસોહિઅં હરઉ દુરિઆઈં ॥ ૯ ॥

અર્થ :- પંદર કર્મ્મભૂમિને વિષે ઉત્પન્ન થયેલ, વિવિધ રત્નાદિના વર્ણવડે શોભિત એકસો સિત્તેર જિનનો સમુદાય અમારાં દુરિતો-પાપોનું હરણ કરો. ૯.

ચઉતીસ અઈસય જુઆ, અટ્ઠમહા-પાડિ-હેર કયસોહા ॥ તિત્થયરા ગયમોહા, ઝાએ-અવ્વા પયત્તેણં ॥ ૧૦ ॥

અર્થ :- ચોત્રીશ અતિશયયુક્ત, આઠ મહા પ્રાતિહાર્યે કરી છે શોભા જેની એવા અને ગયો છે મોહ જેનો એવા તીર્થંકરો આદરવડે ધ્યાન કરવા યોગ્ય છે. ૧૦.

---

૧. પાંચ ભરતક્ષેત્ર, પાંચ ઐરાવતક્ષેત્ર અને પાંચ મહાવિદેહક્ષેત્ર મળી પંદર કર્મભૂમિમાં શ્રી અજિતનાથજીને વારે ઉત્કૃષ્ટ કાળ હોવાથી ૧૭૦ જિનેશ્વરો થયા હતા. ૧૬૦ પાંચ મહાવિદેહની ૧૬૦ વિજયમાં અને ૧૦ ભરત-ઐરાવતમાં કુલ ૧૭૦ તેનું આ સ્તોત્ર છે.

(ૐ) વરકણય સંખવિદ્દુમ-મરગય ઘણ-સન્નિહં વિગયમોહં ॥ સત્તરિસયં જિણાણં, સવ્વામર પૂઈઅં વંદે (સ્વાહા) ॥ ૧૧ ॥

અર્થ :- પ્રધાન સુવર્ણ, શંખ, પરવાળા, નીલમણિ અને મેઘ સરખા વર્ણવાળા એટલે પાંચે વર્ણવાળા, ગયો છે મોહ જેનો એવા અને સર્વ દેવો વડે પૂજિત એકસો સિત્તેર જિનના સમુદાયને હું વાંદું છું. (અહિં 'ૐ પરમેષ્ઠીવાચક છે અને 'સ્વાહા' દેવોને બળીદાન આપતાં બોલાય છે.') ૧૧.

(ૐ) ભવણવઈ વાણવંતર, જોઈસવાસી-વિમાણવાસી અ ॥ જે કેવિ દુટ્ઠદેવા, તે સવ્વે ઉવસમંતુ મમ સ્વાહા ॥ ૧૨ ॥

અર્થ :- ભવનપતિ, વાણવ્યંતર, જ્યોતિષ અને વૈમાનિક જે કોઈ પણ દુષ્ટ દેવતા (શાસનદ્વેષી) છે, તે સર્વે મને ઉપશાન્ત હો-મને વિઘ્ન ન કરો. ૧૨.

ચંદણકપ્પૂરેણં, [1]ફલએ લિહિઊણ ખાલિઅં પીઅં ॥ એગંતરાઈ-ગહ-ભૂઅ, સાઈણિ-મુગ્ગં-પણાસેઈ ॥ ૧૩ ॥

---

૧. કેટલાએક અત્રે એમ કહે છે કે - કાંસ્યસ્થાલાદિમાં કપૂર, ગોરુચંદન, કેસર, ચંદન અને કસ્તૂરી વગેરેનો કર્દમ કરીને સાત વખત લેપ કરવો, છાયામાં સૂકવી તેના ઉપર યંત્ર લખીને પુષ્પ, ધૂપાદિ વડે પૂજન કરી તેના ન્હવણનું પાણી પીવાથી રોગ જાય.

અર્થ :- ચંદન અને કપૂરવડે પાટિયામાં (ઉપર જણાવેલો યંત્ર) લખીને પછી ધોઈને આ યંત્ર પીધો છતો એકાંતરીયા વગેરે તાવ, ગ્રહ, ભૂત, શાકિની અને મોગક (ઉપલક્ષણથી બીજા પણ દુષ્ટ રોગ, ભૂતાદિના આવેશ વગેરે)નો પ્રકર્ષે નાશ કરે છે. ૧૩.

ઈઅ સત્તરિસયં જંતં, સમ્મં [1]મંતં દુવારિ પડિલિહિઅં ॥ [2]દુરિઆરિ વિજયવંતં, નિબ્ભંતં નિચ્ચ-મચ્ચેહ ॥ ૧૪ ॥

અર્થ :- એ પ્રકારે દ્વારમાં લખેલ એકસો સિત્તેર જિનનો યંત્ર જે સમ્યગ્ મંત્ર છે, તે કષ્ટ અને શત્રુનો વિજય મેળવનાર છે, તેને નિઃસંદેહ નિરંતર પૂજો. ૧૪.

ઈતિ સત્તરિસય થુત્તં.

*નમિઊણ સ્તોત્રમ્

શબ્દાર્થ

નમિઊણ - નમસ્કાર કરી.	ચૂડામણિ - મુકુટને વિષે રહેલા મણિઓના.
પણયસુરગણ - નમસ્કાર કરનારા દેવસમુદાયના.	કિરણરંજિઅં - કિરણો વડે શોભાયમાન.

૧. અહીં કેટલાએક કહે છે કે રૂપા અગર ત્રાંબાના પતરામાં યંત્ર લખીને ગૃહમધ્યે નિરંતર પૂજન કરવું અને કાર્ય વખતે શુદ્ધ જળે પ્રક્ષાલન કરીને જળ પીવું.

૨. અહીં "દુરિઆરિવિજયતંત" એવો પાઠ પણ છે ત્યાં "કષ્ટ અને શત્રુનો વિજય કરનાર એવું તંત્ર એટલે (એકસો-સિત્તેર જિનના યંત્રરૂપ) શાસ્ત્ર" એ પ્રકારે અર્થ લેવો.

* આ સ્તોત્ર શ્રી વીર પ્રભુની ૧૦મી પાટે થયેલા બૃહદ્ગચ્છીય શ્રી માનતુંગસૂરિએ રચ્યું છે. તેમણે આ સ્તોત્રની આઠમી ગાથા રચતાં નાગરાજને વશ કર્યો હતો.

મુણિણો - પાર્શ્વનાથ મુનિના.
ચલણજુઅલં - ચરણયુગલ-બે પગને.
મહાભય - મોટા ભયને.
પણાસણં - વિશેષે નાશ કરનાર.
સંથવં - સ્તોત્રને.
વુચ્છં - કહીશ.
સડિય - સડી ગયેલા છે.
કરચરણ - હાથ, પગ.
નહ મુહ - નખ અને મુખ જેનાં એવા.
નિબુડ્ડનાસા - બેસી ગયેલા નાકવાળા અથવા જીવવાની આશા વિનાના.
વિવન્નલાયન્ના - લાવણ્ય રહિત.
કુટ્ઠમહારોગાનલ - કોઢરૂપ મહારોગ તે રૂપ અગ્નિના.
ફુલિંગ - તણખા જેવી પીડા વડે.
નિદ્દઢ્ઢસવ્વંગા - દાઝ્યાં છે સર્વ અંગો જેમનાં એવાં.
તે - તે પુરુષો.
તુહ - તમારા.
ચલણારાહણ - ચરણોની સેવારૂપ.
સલિલંજલિ - પાણીની અંજલિ (ખોબા)ના.
સેય - સિંચનવડે.
વુઢ્ઢિયચ્છાયા - વૃદ્ધિ પામી છે શોભા (કાન્તિ) જેમની એવા છતાં.
વણદવદઢ્ઢા - વનના અગ્નિ વડે દાઝેલા.
ગિરિપાયવવ્વ - પર્વતના વૃક્ષોની પેઠે.
પત્તા - પામેલા, પામે છે.
પુણો - ફરીથી.
લચ્છિં - આરોગ્ય લક્ષ્મીને.
દુવ્વાયખુભિય - દુષ્ટ વાયુ વડે ક્ષોભ પામેલા.
જલનિહિ - સમુદ્રમાં.
ઉબ્ભડકલ્લોલ - ઉદાર કલ્લોલ (મોજાં)ના.
ભીસણારાવે - ભયંકર શબ્દો થઈ રહ્યા છે જેને વિષે એવા.
સંભંત - સંભ્રાંત થયેલા (અને).
ભયવિસંઠુલ - ભયવડે વિહ્વળ થયેલા.
નિજ્જામય - ખલાસીઓએ.
મુક્કવાવારે - છોડી દીધો છે વહાણ હાંકવારૂપ વ્યાપાર જેને વિષે એવા.
અવિદલિઅજાણવત્તા - નથી ભાંગ્યું વહાણ જેનું એવા છતા.
ખણેણ - ક્ષણવારમાં.
પાવંતિ - પામે છે.
ઇચ્છિઅં - ઇચ્છિત.
કૂલં - સમુદ્રના કિનારાને.
પાસજિણ - પાર્શ્વનાથના.
ચલણજુઅલં - પગના યુગલને.
નિચ્ચં - નિરંતર.
ચિઅ - નિશ્ચયે.
જે - જેઓ.
નમંતિ - નમે છે.
નરા - મનુષ્યો.

નમિઊણ પણયસુરગણ-ચૂડામણિ-કિરણરંજિઅંમુણિણો ॥ ચલણજુઅલં [1]મહા-ભય,પણાસણં સંથવં વુચ્છં ॥ ૧ ॥

અર્થ :- નમસ્કાર કરતા એવા દેવસમુદાયના મુકુટને વિષે રહેલ મણિઓના કિરણોવડે શોભાયમાન પાર્શ્વનાથ મુનિના ચરણયુગલને નમસ્કાર કરીને મોટા ભયોને વિશેષે નાશ કરનાર સંસ્તવને હું કરીશ. ૧.

રોગભયહરમાહાત્મ્ય

સડિય-કર-ચરણ-નહ-મુહ, નિબુડ્ડ-નાસા [2]વિવન્ન-લાયન્ના ॥ કુટ્ઠ-મહારોગા-નલ-ફુલિંગ-નિદ્દઢ-સવ્વંગા ॥ ૨ ॥

---

૧. મહ-ઉત્સવ અને અભય-નિર્ભયતા બન્ને વિષે પણ અવશ્ય અસણ-કરવા યોગ્ય અર્થાત્ ઉત્સવ અને નિર્ભયપણાને વિષે અવશ્ય સ્મરણ કરવા યોગ્ય સંસ્ત્વ આવો અર્થ પણ થાય છે; મોટા ભય ૧૪ વર્ણવ્યા છે. પણ કેટલેક ઠેકાણે રોગજલજલણ૦ ઇત્યાદિ આઠ ભય પણ વર્ણવ્યા છે. માટે આ સ્તોત્રમાં સ્તોત્ર કર્તા આઠ ભય નિવારણ લક્ષણ પ્રભુના અતિશયનું વર્ણન બે-બે ગાથા વડે કરે છે, પ્રથમ ઉદ્દેશ અને પછી નિર્દેશ હોય છે પણ એવી શૈલી આ સ્તોત્રકાર આચાર્યે રાખી નથી. કર્તાએ પ્રથમ આઠ ભયનિવારક અતિશય વર્ણવીને પાછળથી રોગજલ૦ ઇત્યાદિ ગાથા વડે પોતાનો ઉદ્દેશ જણાવ્યો છે. ભક્તામરસ્તોત્રમાં પણ આચાર્ય મહારાજાએ આવી શૈલી રાખી છે.

૨. વિવર્ણલાવણ્યાઃ એટલે વિરૂપ લાવણ્યવાળા અર્થાત્ કદરૂપ એવો અર્થ પણ થાય છે.

તે તુહ ચલણારાહણ-સલિલંજલિ-સેય-વુઢ્ઢિયચ્છાયા[1] ॥ વણદવ-દઢ્ઢા ગિરિ-પાય-વવ્વ પત્તા પુણો લચ્છિં ॥ ૩ ॥

અર્થ :- સડી ગયા છે હાથ, પગ, નખ અને મુખ જેના, બેસી ગયેલી છે નાસિકા જેની (અથવા નાશ થઈ છે આશા જેની એટલે જીવવાની આશા વિનાના) નાશ પામ્યું છે લાવણ્ય (સૌંદર્ય) જેનું અને કોઢરૂપ મહારોગ તે રૂપ અગ્નિના તણખા જેવી પીડાવડે દાઝ્યાં છે, સર્વ અંગો જેમનાં એવા મનુષ્યો, વનના અગ્નિવડે દાઝેલા પર્વતનાં વૃક્ષોની પેઠે તમારા ચરણોની સેવારૂપ પાણીની અંજલિના સિંચનવડે વૃદ્ધિ પામી છે શોભા-કાન્તિ જેમની એવા છતાં ફરીથી આરોગ્ય લક્ષ્મીને પામે છે. <u>वुड्ढिउच्छाहा</u> એવો પાઠ પણ છે, ત્યાં 'વૃદ્ધિ પામ્યો છે ઉત્સાહ જેમનો' એવો અર્થ લેવો. ૨-૩.

જલ-ભયહર-માહાત્મ્ય.

દુવ્વાય ખુભિય-જલનિહિ[2], ઉબ્ભડ-કલ્લોલ ભીસણારાવે ॥ સંભંત-ભય-વિસંઠુલ-નિજ્જામય-મુક્ક-વાવારે ॥ ૪ ॥

અવિદલિઅ-જાણવત્તા, ખણેણ-પાવંતિ ઈચ્છિઅં કૂલં ॥ પાસજિણ-ચલણ-જુઅલં, નિચ્ચં ચિઅ જે નમંતિ નરા ॥ ૫ ॥

---

૧. વુઢ્ઢિઉચ્છાહા (વર્દ્ધિતોત્સાહાઃ) ૨. પ્રાકૃતત્વાત્ સપ્તમીલોપઃ

અર્થ :- દુષ્ટ વાયુ વડે ક્ષોભ પામેલા, ઉદાર કલ્લોલના ભયંકર શબ્દો થઈ રહ્યા છે જેને વિષે અને સંભ્રાંત થયેલા તેમજ ભય વડે વિહ્વલ થયેલા ખલાસીઓએ છોડી દીધો છે (વહાણ હાંકવારૂપ) વ્યાપાર જેને વિષે એવા સમુદ્રને વિષે; જે મનુષ્યો શ્રી પાર્શ્વનાથના ચરણયુગલને નિશ્ચે નિરંતર નમે છે તેઓ, નથી ભાંગ્યું વહાણ જેમનું એવા છતાં ક્ષણવારમાં ઈચ્છિત એવા સમુદ્રના કિનારાને પામે છે. ૪-૫.

શબ્દાર્થ

ખરપવણ - પ્રચંડ પવન વડે.
ઉદ્ધુય - વિસ્તાર પામેલા.
વણદવ - વનના અગ્નિની.
જાલાવલિ - જ્વાળાની શ્રેણિ વડે.
મિલિય - એકત્ર થયેલા.
સયલદુમગહણે - સઘળા વૃક્ષના ગહનો (વનખંડો) છે જેને વિષે એવા.
ડજ્ઝંત - દાઝતી.
મુદ્ધમયવહુ - મુગ્ધ હરણીઓના.
ભીસણરવ - ભયંકર શબ્દ વડે.
ભીસણંમિ - ભયંકર.
વણે - વનને વિષે.
જગગુરુણો - જગદ્‌ગુરુના.
કમજુઅલં - ચરણ યુગલને.
નિવ્વાવિઅ - આપત્તિના તાપની. ઉપશાન્તિવડે સુખી કર્યો છે.
સયલતિહુઅણાભોઅં - સમગ્ર ત્રણ ભુવનનો પ્રપંચ જેણે એવા.
જે - જેઓ.

સંભરંતિ - રૂડે પ્રકારે સ્મરણ કરે છે.
મણુઆ - મનુષ્યો.
ન કુણઈ - નથી કરતો.
જલણો - અગ્નિ.
ભયં - ભય.
તેસિં - તેઓને.
વિલસંત - સુશોભિત.
ભોગભીસણ - ફણાવડે, ભયંકર.
ફુરિઆરુણ - ચંચળ લાલ.
નયણ - નેત્રવાળા. (અને)
તરલજીહાલં - ચપળ (લપલપ થતી) જીભવાળા.
ઉગ્ગભુઅંગં - ઉગ્રસર્પને.
નવજલયસત્થહં - નવીન મેઘ સમાન.
ભીસણાયારં - ભયંકર આકારવાળા.
મન્નંતિ - માને છે.
કીડસરિસં - કીડા સમાન.
દૂરપરિચ્છુઢ - અત્યંત સમસ્ત પ્રકારે ટાળ્યો છે.

વિસમવિસવેગા - આકરા વિષનો વેગ જેમણે એવા.
તુહ - તમારા.
નામક્ખર - નામાક્ષર રૂપ.
ફુડ સિદ્ધ - પ્રકટ પ્રભાવવડે પ્રસિદ્ધ થયેલ.
મંતગુરુઆ - મંત્ર વડે ગરિષ્ઠ.
નરા - મનુષ્યો.
લોએ - લોકને વિષે.
અડવીસુ - અટવીઓને વિષે.
ભિલ્લતક્કર - ભિલ્લ, ચોર.
પુલિંદસદુલ - વનચર જીવો અને વાઘના.
સદ્દભીમાસુ - શબ્દોવડે ભયંકર.
ભયવિહુર - ભયવડે વિહ્વલ.
વુન્ન - દુઃખીજનોવાળા.
કાયર - ભિલ્લ લોકોએ.
ઉલ્લૂરિય - લુંટ્યા છે.
પહિયસત્થાસુ - મુસાફરોના સાર્થો જેને વિષે એવી.
અવિલુત્ત - નથી ચોરાયું.
વિહવસારા - ઉત્કૃષ્ટ ધન જેમનું એવા છતાં.
તુહ - તમારા.
નાહ - હે નાથ !
પણામમત્તવાવારા - પ્રણામમાત્ર વ્યાપારવાળા.
વવગયવિગ્ઘા - વિશેષે ગયાં છે વિઘ્નો જેનાં એવા છતાં.
સિગ્ઘં - તત્કાળ.
પત્તા - પામે છે.
હિયઇચ્છિયં - હૃદયમાં ઇચ્છિ૦
ઠાણં - સ્થાનને.

અગ્નિ-ભયહર-માહાત્મ્ય

ખરપવણુદ્ધુય વણદવ-જાલાવલિ મિલિય-સયલદુમ-ગહણે ॥ ડજ્ઝંત-મુદ્ધ-મયવહુ-ભીસણરવ-ભીસણંમિ વણે ॥ ૬ ॥

જગગુરુણોકમજુઅલં, નિવ્વાવિઅસયલ-તિહુઅણા-ભોઅં ॥ જે સંભરંતિ [૧]મણુઆ, ન કુણઇ જલણો ભયં તેસિં ॥ ૭ ॥

૧. ગરુઆ ઇતિ પાઠાન્તરમ્.

અર્થ :- પ્રચંડ પવનવડે આમતેમ વિસ્તાર પામેલ એવા વનના અગ્નિની જ્વાળાની શ્રેણિવડે પરસ્પર એકત્ર થયેલા વૃક્ષનાં ગહનો (વનખંડો) છે જેને વિષે એવા અને દાઝતી મુગ્ધ હરણીઓના ભયંકર શબ્દોવડે (અથવા બળેલ વનને વિષે જ્વાળાથી વ્યાકુળ મૃગલીઓના ઘણા આક્રંદવડે) ભયાનક એવા વનને વિષે જગદ્‌ગુરુ (પાર્શ્વનાથ પ્રભુ)ના, આપત્તિના તાપની ઉપશાન્તિ વડે સુખી કર્યો છે. સકલ ત્રણ ભુવનનો પ્રપંચ (અથવા વિસ્તાર) જેણે એવા ચરણયુગલનું જે મનુષ્યો રૂડે પ્રકારે સ્મરણ કરે છે તેઓને તે અગ્નિ ભય કરતો નથી. ૬-૭.

સર્પ-ભયહર-માહાત્મ્ય

વિલસંત-ભોગભીસણ-ફુરિઆરુણ-
નયણ-તરલજીહાલં ॥ ઉગ્ગ-ભુઅંગં નવ-
જલય-સત્થહં ભીસણાયારં ॥ ૮ ॥
મન્નંતિ કીડ-સરિસં, દૂર-પરિચ્છુઢ
વિસમ-વિસ-વેગા ॥ તુહ નામક્ખરફુડ-
સિદ્ધ-મંતગુરુઆ નરા લોએ ॥ ૯ ॥

અર્થ :- સુશોભિત ફણા (અથવા દેહ) વડે ભયંકર ચંચળ રક્ત નેત્રવાળા અને ચપળ (લપલપ થતી) જીભવાળા, નવીન મેઘ જેવા શ્યામ અને ભયંકર આકૃતિવાળા, ઉગ્ર સર્પને આ લોકમાં તમારા નામાક્ષર રૂપ પ્રકટ પ્રભાવવડે સિદ્ધ થયેલ (ગારૂડી આદિક) મંત્રવડે ગરિષ્ઠ મનુષ્યો, અત્યંત સમસ્ત પ્રકારે ટાળ્યો છે આકરા વિષનો વેગ જેમણે એવા છતાં કીડા સમાન માને છે. ૮-૯.

અડવીસુ ભિલ્લ-તક્કર, -પુલિંદ-સદ્દુલ-
સદ્દ-ભીમાસુ ॥ ભયવિહુર-વુન્નકાયર-
ઉલ્લૂરિય-પહિય-સત્થાસુ ॥ ૧૦ ॥

અવિલુત્ત-વિહવ-સારા, તુહ નાહ !
પણામ- મત્ત-વાવારા ॥ વવગયવિગ્ઘા-
સિગ્ઘં, પત્તા હિય-ઈચ્છિયં ઠાણં ॥ ૧૧ ॥

અર્થ :- ભિલ્લ (પલ્લિવાસી), ચોર, વનચર જીવો અને વાઘના શબ્દોવડે ભયંકર અને ભયવડે વિહ્વલ એવા દુઃખી જનોવાળા મુસાફરોના સાર્થોને ભિલ્લોએ લુંટ્યા છે જેને વિષે એવી સર્વ અટવીઓને વિષે; હે નાથ ! તમને પ્રણામ માત્રનો વ્યાપાર છે જેમને એવા મનુષ્યો (માત્ર તમને પ્રણામ જ કરનાર માણસો), નથી લુંટાયું ઉત્કૃષ્ટ ધન જેનું એવા છતાં અને વિશેષે ગયાં છે વિઘ્નો જેમનાં એવા છતાં હૃદયમાં ઇચ્છેલ સ્થાનકને તત્કાળ પામે છે. ૧૦-૧૧.

શબ્દાર્થ

પજ્જલિઅ - પ્રજ્વલિત જાજ્વલ્યમાન.
અનલનયણં - અગ્નિ સરખાં લાલ નેત્રોવાળા.
દૂર - અત્યંત.
વિયારિયમુહં - ફાડ્યું છે મુખ જેમણે એવા.
મહાકાયં - પ્રચંડ કાયાવાળા.
નહકુલિસઘાય - નખરૂપ વજ્રના પ્રહાર વડે.
વિઅલિઅ - વિશેષે ભેદ્યો છે.
ગઈંદકુંભત્થલ - હસ્તિના કુંભસ્થળનો.

આભોઅં - વિસ્તાર જેણે એવા (સિંહ)ને.
પણયસસંભમ - નમસ્કાર કરનારા અને આદરવાળા.
પત્થિવ - રાજાઓના.
નહમણિમાણિક્ક - જેના નખરૂપ મણિ-માણિક્યને વિષે.
પડિઅપડિમસ્સ - પડ્યાં છે પ્રતિબિંબ જેમનાં એવા (પાર્શ્વ પ્રભુ)ના.
તુહ - તમારા.
વયણપહરણધરા - વચનરૂપ હથિયારને ધારણ કરનારા (મનુષ્યો).
સીહં - સિંહને.
કુદ્ધંપિ - ક્રોધાયમાન પણ.
ન ગણંતિ - નથી ગણતા.
સસિધવલ - ચંદ્ર સરખા ઉજ્જ્વલ.
દંતમુસલં - દંતૂશળવાળાને.
દીહકરુલ્લાલ - મોટી સૂંઢના ઉછાળા વડે.
વુઢ્ઢિઉચ્છાહં - વધ્યો છે ઉત્સાહ જેનો એવા.
મહુપિંગ - મધસરખા પીળા.
નયણજુઅલં - નેત્રયુગલવાળાને.
સસલિલનવ - જળથી ભરેલ નવીન.
જલહરારાવં - મેઘ સરખી ગર્જનાવાળા.

ભીમં - ભયંકર.
મહાગઈદં - મોટા ગજેન્દ્રને.
અચ્ચાસન્નંપિ - અત્યંત નજીક રહેલા પણ.
તે - તેઓ.
ન વિ ગણંતિ - નથી ગણતાં.
તુમ્હ - તમારા.
મુણિવઈ - હે મુનિપતિ !
તુંગં - ઉન્નત.
સમલ્લીણા - રૂડે પ્રકારે આશ્રય કરી રહેલા છે.
સમરંમિ - સંગ્રામ વિષે.
તિક્ખખગ્ગ - તીક્ષ્ણ ખડ્ગ.
અભિગ્ઘાય - પ્રહાર વડે.
અપવિદ્ધ - ઉચ્છૃંખલ.
ઉદ્ધુયકબંધે - નાચતાં ધડો છે જેને વિષે એવા.
કુંતવિણિભિન્ન - ભાલાવડે. વિશેષે ભેદાયેલા.
કરિકલહ - હસ્તિના બચ્ચાંઓએ.
મુક્કા - મૂકેલા.
સિક્કારપઉરંમિ - સિત્કાર શબ્દો વડે પ્રચૂર.
નિજ્જિઅદપ્પ - જીત્યા છે અહંકારવડે.
ઉદ્ધરરિઉનરિંદ - ગર્વિષ્ઠ થયેલા શત્રુ રાજાઓના.

નિવહા - સમૂહને જેણે એવા.
ભડા - સુભટો.
જસં - યશને.
ધવલં - ઉજ્જવળ.
પાવંતિ - પામે છે.

પાવપસમિણ ! - પાપને પ્રકર્ષે શાન્ત કરનાર.
પાસજિણ - હે પાર્શ્વજિન.
તુહ - તમારા.
પ્પભાવેણ - પ્રભાવવડે.

સિંહ-ભયહર-માહાત્મ્ય

પજ્જલિઆનલ-નયણં, દૂર-વિયારિયમુહં મહાકાયં ॥ નહકુલિસ-ઘાય-વિઅલિઅ-ગઈંદ-કુંભત્થલા-ભોઅં ॥ ૧૨ ॥

પણય-સસંભમ-પત્થિવ-[1]નહમણિ-માણિક્ક-પડિઅપડિમસ્સ ॥ તુહ વયણ-પહરણ ધરા, સીહં કુદ્ધંપિ ન ગણંતિ । ૧૩ ।

અર્થ :- પ્રજ્વલિત અગ્નિ સરખાં લાલ નેત્રવાળા, અત્યંત ફાડ્યું છે મુખ જેણે એવા, પ્રચંડ કાયાવાળા અને નખરૂપ વજ્રના પ્રહાર વડે વિશેષે ભેદી નાંખ્યો છે હસ્તિના કુંભસ્થળનો વિસ્તાર જેણે એવા ક્રોધાયમાન સિંહને પણ, નમસ્કાર કરનારા અને આદરવાળા રાજાઓના, જેના નખરૂપ મણિ-માણિક્યને વિષે પડ્યાં છે પ્રતિબિંબ એવા જે આપના વચનરૂપ હથીયારને ધારણ કરનાર મનુષ્યો ગણતા નથી. અર્થાત્ તમારા વચનરૂપ

---

૧. પ્રભુના નખ અત્યંત કાન્તિવાળા હોવાથી તેને મણિ-માણિક્યની ઉપમા આપવામાં આવી છે. નમસ્કાર કરતી વખતે નમસ્કાર કરનારનું પ્રતિબિંબ નખમાં પડે છે.

શસ્ત્રને ધારણ કરનારા મનુષ્યો ભયકારી મોટા સિંહને પણ ગણતા નથી. ૧૨-૧૩.

ગજ-ભયહર-માહાત્મ્ય

સસિ-ધવલ-દંતમુસલં, દીહકરુલ્લાલ-વુડ્ઢિ-ઉચ્છાહં ॥ મહુપિંગ-નયણજુઅલં, સસલિલ-નવ-જલહરારાવં ॥ ૧૪ ॥

ભીમં મહાગઈંદં, અચ્ચાસન્નંપિ તે ન વિ ગણંતિ ॥ જે તુમ્હ ચલણ-જુઅલં, મુણિ-વઈ ! તુંગં સમલ્લીણા ॥ ૧૫ ॥

અર્થ :- ચંદ્ર સરખા ઉજ્જ્વલ છે બે દંતશુળો જેને, મોટી સૂંઢના ઉછાળાવડે વધ્યો છે ઉત્સાહ જેનો, મધ સરખું પિંગલ (રક્તપીત) વર્ણવાળું નેત્રયુગલ છે જેનું અને જળથી ભરેલા નવીન મેઘ સરખી ગર્જના છે જેની એવા અત્યંત નજીક આવેલા મોટા ગજેન્દ્રને પણ, હે મુનિપતિ ! તમારા ગુણવડે ઉન્નત ચરણયુગલને જેઓ રૂડે પ્રકારે આશ્રય કરીને રહેલા છે, તે મનુષ્યો ગણતા નથી, અર્થાત્ તે મનુષ્યો હાથીના ભયની સંભાવના પણ કરતા નથી. ૧૪-૧૫.

રણ-ભયહર-માહાત્મ્ય

સમરમ્મિ તિક્ખખગ્ગા-ભિગ્ઘાય-પવિદ્ધ-ઉદ્ધુયક-બંધે ॥ કુંત-વિણિભિન્ન-કરિકલહ, મુક્ક-સિક્કાર-પઉરંમિ ॥૧૬॥

નિજ્જિઅ-દપ્પુદ્ધર-રિઉ, નરિંદનિવહા ભડા જસં ધવલં ॥ પાવંતિ પાવ-પસમિણ, પાસજિણ ! તુહપ્પભાવેણ ॥ ૧૭ ॥

અર્થ :- તીક્ષ્ણ ખડ્ગના પ્રહારવડે ઉચ્છૃંખલની પેઠે આમતેમ નાચતાં ધડો છે જેને વિષે એવા અને ભાલાવડે વિશેષે ભેદાયેલા હસ્તિનાં બચ્ચાંઓએ મૂકેલા સીત્કાર શબ્દોવડે પ્રચૂર સંગ્રામને વિષે, હે પાપને પ્રકર્ષે શાન્ત કરનાર પાર્શ્વજિન ! તમારા પ્રભાવ વડે જીત્યા છે. અહંકારવડે ગર્વિષ્ઠ થયેલા શત્રુ રાજાઓના સમૂહને જેમણે એવા સુભટો ઉજ્જ્વલ યશને પામે છે. ૧૬-૧૭.

શબ્દાર્થ

રોગજલજલણ - રોગ, પાણી, અગ્નિ.
વિસહર - સર્પ.
ચોરારિમઈંદ - ચોરરૂપ શત્રુ, સિંહ.
ગયરણભયાઈં - હાથી અને સંગ્રામથી ઉત્પન્ન થયેલા ભયો.
પાસજિણ - પાર્શ્વજિનના.
નામસંકિત્તણેણ - નામનું રૂડા પ્રકારે ઉચ્ચારણ કરવા વડે.
પસમંતિ - અત્યંત શાન્ત થાય છે.
સવ્વાઈં - સર્વ.
એવં - એ પ્રકારે.
મહાભયહરં - મહાભયને હરનાર.
પાસજિણિંદસ્સ - પાર્શ્વજિનેન્દ્રના.
સંથવં - સ્તવનને.
ઉઆરં - ઉદાર.
ભવિયજણ - ભવ્યજનોને.
આણંદયરં - આનંદ કરનાર.
કલ્લાણપરંપર - કલ્યાણની પરંપરાના.
નિહાણં - સ્થાનને.
રાયભય - રાજ્યનો ભય.
જક્ખરક્ખસ - યક્ષ, રાક્ષસ.
કુસુમિણદુસ્સઉણ - કુસ્વપ્ન. દુષ્ટ શુકન (અને).
રિક્ખપીડાસુ - નક્ષત્ર રાશિની પીડાઓને વિષે.
સંઝાસુ દોસુ - બે સંધ્યાઓએ (સવાર અને સાંજ).
પંથે - અરણ્યાદિ માર્ગમાં.
ઉવસગ્ગે - ઉપસર્ગમાં.

તહય - તેમજ.
રયણીસુ - ભયંકર રાત્રિ વિષે.
જો - જે.
પઢઇ - ભણે છે.
નિસુણઇ - સાંભળે છે.
તાણં - તેના.
કઇણો - કવિ.
માણતુંગસ્સ - માનતુંગસૂરિના.
પાસો - પાર્શ્વનાથ.
પાવં - પાપને.
પસમેઉ - પ્રશાન્ત કરો !
સયલભુવણ - સમસ્ત જગત્ વડે.
અચ્ચિઅચલણો - પૂજાયા છે. ચરણ જેમનાં એવા.
ઉવસગ્ગંતે - ઉપસર્ગ કરતે છતે.
કમઠાસુરંમિ - કમઠ અસુર.
ઝાણાઓ - ધ્યાન થકી.
સંચલિઓ - ચલાયમાન થયા.
સુરનરકિન્નર - દેવ, મનુષ્ય અને કિન્નરની.
જુવઈહિં - સ્ત્રીઓ વડે.
સંથુઓ - સ્તુતિ કરાયેલા.
પાસજિણો - પાર્શ્વજિન.
એઅસ્સ - એ સ્તવનના.
મજ્ઝયારે - મધ્યે.
અટ્ઠારસઅક્ખરેહિં - અઢાર અક્ષરો વડે.
મંતો - મંત્ર.
જાણઇ - જાણે.
સો - તે.
ઝાયઇ - ધ્યાન કરે.
પરમપયત્થં - પરમપદમાં રહેલા.
ફુડં - પ્રકટપણે.
સમરણ - સ્મરણ.
કુણઇ - કરે.
સંતુટ્ઠહિયયેણં - સંતુષ્ટ હૃદયવડે.
અટ્ઠુત્તરસય - એકસો આઠ.
વાહિભય - વ્યાધિથી ઉત્પન્ન થયેલ ભયો.
નાસઇ - નાશ પામે છે.
તસ્સ - તેના.
દૂરેણ - દૂરથી જ-અત્યંત.

રોગાદિ-અષ્ટ-ભયહર માહાત્મ્ય

રોગ-જલજલણ-વિસહર,-ચોરારિ-
મઇંદ-ગય-રણભયાઈ ॥ પાસજિણ-નામ-
સંકિ-ત્તણેણ, પસમંતિ સવ્વાઈ ॥ ૧૮ ॥

અર્થ :- પાર્શ્વજિનના નામનું રૂડા પ્રકારે (વિશુદ્ધ શ્રદ્ધા વડે) ઉચ્ચારણ કરવા વડે રોગ, જળ, અગ્નિ, સર્પ, ચોર, શત્રુ, સિંહ, હાથી, અને સંગ્રામથી ઉત્પન્ન થયેલા સર્વ ભયો અત્યંત શાન્ત થાય છે. અર્થાત્ ફરી ક્યારે પણ ઉત્પન્ન થતા નથી. (ૐ હ્રીં નમિઉણ પાસ વિસહર વસહ ફુલિંગ હ્રીં રોગજલજલણ વિસહરચોરારિ-મઇંદગયરણભયાઇં... પસમંતિ મમ* સ્વાહા. આ મહામંત્ર આ સ્તવનની અંદર વેરાયેલા અક્ષરોથી બનેલો છે.) ૧૮.

ઉપસંહાર-સ્તોત્ર-માહાત્મ્ય

એવં મહા-ભયહરં, પાસ-જિણિંદસ્સ સંથવ-મુઆરં ॥ [1]ભવિય-જણાણંદયરં, કલ્લાણ-પરંપર-નિહાણં ॥ ૧૯ ॥

રાયભય-જક્ખ-રક્ખસ,-કુસુમિણ-દુસ્સ-ઉણ-રિક્ખ-પીડાસુ ॥ સંઝાસુ દોસુ પંથે, ઉવસગ્ગે તહ ય રયણીસુ ॥ ૨૦ ॥

---

* મમ વાયુ શબ્દે પવનબીજ છૂટક છે. સ્વઃ આકાશ શબ્દે આકાશબીજ અને હા એ છૂટક છે. વસહ પણ બીજી ગાથામાં વેરાયેલ છે. બીજા અક્ષરો પહેલી અને આ ગાથામાં સ્પષ્ટ છે.

૧. અહીં ભવ્યની પાસે જનશબ્દ ન મૂક્યો હોત તો પણ એજ અર્થ કરી શકાત પરંતુ અવ્યવહાર રાશિરૂપ નિગોદને વિષે રહેલા ભવ્યજીવોને આનંદકારી થવાનો સંભવ નથી માટે તે બાબત સ્ફુટ કરવાને માટે જન શબ્દ લીધો છે. તેથી વ્યવહાર રાશિવાળા જીવો, એમ અર્થ કરવો. અહીં પણ વિભાજન કરીને બીજો પણ અર્થ થાય છે તે આ પ્રમાણે-ભવિયજણાણ ભવ્યજનોને કલ્લાણપરં-કલ્યાણકારક અને પરનિહાણં શત્રુના કપટને અંદયરં બાંધનારું અથવા ક્ષુદ્ર કર્મને અટકાવનારૂં આ સંસ્તવ (સ્તોત્ર) છે.

જો પઢઇ જો અ નિસુણઇ, તાણં કઇણો ય માણતુંગસ્સ ॥ પાસો પાવં પસમેઉ, સયલ-ભુવણ-ચ્ચિય-ચલણો ॥ ૨૧ ॥

અર્થ :- એ પ્રકારે મહાભયને હરનાર, ઉદાર, ભવ્યજનોને આનંદ કરનાર અને કલ્યાણની પરંપરાનું સ્થાન એવા પાર્શ્વજિનેન્દ્રના સંસ્તવને, રાજ્યભય, યક્ષ, રાક્ષસ, કુસ્વપ્ન, દુષ્ટ શકુન અને નક્ષત્ર-રાશિની પીડાઓને વિષે, બંને સંધ્યાએ, અરણ્યાદિ માર્ગમાં, ઉપસર્ગમાં તેમજ (ભયંકર) રાત્રિઓને વિષે; જે ભણે છે અને સાવધાનપણે સાંભળે છે તે બન્નેના અને કવિ માનતુંગસૂરિના પણ પાપને-સમસ્ત જગત વડે પૂજાયાં છે ચરણ જેનાં એવા પાર્શ્વનાથ ભગવાન્ શાન્ત કરો. નિવારણ કરો. ૧૯-૨૦-૨૧.

ઉવસગ્ગંતે કમઠા, - સુરંમિ, ઝાણાઓ જો ન સંચલિઓ ॥ સુર-નર-કિન્નર-જુવઈહિં, સંથુઓ જયઉ પાસજિણો ॥ ૨૨ ॥

અર્થ :- કમઠાસુરે[1] ઉપસર્ગ કર્યે છતે જે (ષટ્જીવનિકાયના

---

૧. શ્રી પાર્શ્વપ્રભુ સાથે પૂર્વના દશભવથી કમઠને વૈર હતું. દશમે ભવે કમઠ તાપસ થઈ પંચાગ્નિ તપ કરતો હતો. તે વખતે તે અગ્નિ માંહેલું એક કાષ્ઠ ચીરાવી તેમાંથી બળતો સર્પ બતાવી પ્રભુએ તેની અજ્ઞાનતા જણાવી છતાં તે પોતાનું અપમાન થયું ગણી વિશેષ વેર મનમાં ચિંતવી ઘણો અજ્ઞાન તપ કરી મેઘમાલી દેવતા થયો. તેણે પૂર્વના વૈર યોગે પ્રભુ

હિતચિંતનરૂપ) ધ્યાનથકી ચલાયમાન થયા નથી તે, દેવ, મનુષ્ય અને કિન્નરની સ્ત્રીઓવડે રૂડે પ્રકારે સ્તુતિ કરાયેલ પાર્શ્વજિન જયવંતા વર્તો. ૨૨.

એઅસ્સમજઝયારે, અટ્ઠારસ-અક્ખરેહિં જો મંતો ॥ જો જાણઇ સો ઝાયઇ, પરમ-પયત્થં ફુડં પાસં ॥ ૨૩ ॥

અર્થ :- આ સ્તવનના મધ્યે નમિઊણ પાસવિસહરવસહ જિણફુલિંગ એ અઢાર અક્ષરોવડે બનેલ (ચિંતામણિ નામા ગુપ્ત) મંત્ર છે તેને જે જાણે છે તે પરમપદપ્રાપ્ત (મંત્રમય) પાર્શ્વનાથનું પ્રગટપણે (તે મંત્રવડે) ધ્યાન કરે છે. ૨૩.

પાસહ સમરણ જો કુણઇ, સંતુટ્ઠ હિય-એણ ॥ અટ્ઠુત્તરસય-વાહિ-ભય, નાસઇ તસ્સ દૂરેણ ॥ ૨૪ ॥

અર્થ :- જે મનુષ્ય સંતુષ્ટ હૃદયવડે શ્રી પાર્શ્વનાથનું ધ્યાન કરે છે તેના એકસો આઠ વ્યાધિથી ઉત્પન્ન થયેલા ભયો દૂરથી જ નાશ પામે છે. ૨૪.

ઈતિ ભયહરસ્તોત્ર સંપૂર્ણમ્

કાઉસ્સગ્ગ ધ્યાને હતા ત્યારે પ્રથમ ધૂળની વૃષ્ટિ કરી, પછી મુશળધાર મેઘ વરસાવ્યો, વગેરે ઉપસર્ગ કર્યા છતાં પ્રભુ ધ્યાનમાં સ્થિર રહ્યા.

૬. શ્રી અજિતશાન્તિ* સ્તવનમ્

શબ્દાર્થ

અજિઅં - અજિતનાથને.
જિઅસવ્વભયં - જીત્યા છે સર્વ ભયો જેમણે એવા.
સંતિં - શાન્તિનાથને.
પસંત - વિશેષે શાન્ત કર્યા છે.
સવ્વગયપાવં - સર્વ રોગ અને પાપ જેમણે એવા.
જયગુરૂ - જગતના ગુરૂ.
સંતિગુણકરે - શાન્તિરૂપ ગુણના કરનારા.
દોવિ - બંને.
જિણવરે - જિનેશ્વરોને.
પણિવયામિ - પ્રણામ કરૂં છું.
ગાહા - ગાથાના નામનો છંદ.
વવગય - નાશ થયો છે.
મંગુલભાવે - અશોભન (માઠો) ભાવ જેમનો એવા.
તે - તે બંને.
અહં - હું.
વિઉલતવ - વિસ્તીર્ણ તપવડે.
નિમ્મલસહાવે - નિર્મળ છે સ્વભાવ જેમનો એવા.
નિરુવમ - ઉપમા રહિત (અને)
મહપ્પભાવે - મહાન છે પ્રભાવ જેમનો એવા.
થોસામિ - સ્તુતિ કરીશ.
સુદિટ્ઠ - રૂડે પ્રકારે દેખ્યા છે.
સબ્ભાવે - વિદ્યમાન ભાવો.
સવ્વદુક્ખ - સર્વ દુઃખો.
પ્પસંતીણં - વિશેષે શાન્ત થયાં છે જેમના એવા.
સવ્વપાવ - સર્વપાપો.
પ્પસંતિણં - વિશેષ શાન્ત થયાં છે જેમના એવા.
સયા - નિરંતર.
અજિયસંતીણં - પરાભવ નહિ પામેલા અને ઉપશાન્ત થયેલા.
નમો - નમસ્કાર થાઓ.
અજિયસંતીણં - અજિતનાથ અને શાન્તિનાથને.
સિલોગો - શ્લોક નામનો છંદ.

---

* પૂર્વે શ્રીવર્દ્ધમાનજિનશિષ્ય શ્રીનંદિષેણજી શ્રીશત્રુંજય તીર્થે યાત્રાર્થે ગયેલા. ત્યાં મૂળ પ્રાસાદમાં પ્રથમ તીર્થંકર શ્રીઆદિનાથજિનને નમસ્કાર કરીને બે પ્રાસાદમાં રહેલા અજિતનાથ અને શાન્તિનાથને નમસ્કાર કરીને તે બંને પ્રાસાદના વચ્ચે કાઉસ્સગ્ગ ધ્યાને રહ્યા. યથાશક્તિ કાઉસ્સગ્ગ પૂર્ણ કરીને શ્રી અજિતનાથ અને શાન્તિનાથ જિનની એક સાથે સ્તુતિ કરી, એ

અજિઅજિણ - હે અજિતજિન.
તવ - તમારું.
પુરિસુત્તમ - પુરુષમાંહે ઉત્તમ.
નામકિત્તણં - નામનું કીર્તન.
તહ ય - તેમજ.
ધિઈમઈ - ધીરજ અને બુદ્ધિને.
પ્પવત્તણં - પ્રવર્ત્તાવનારું.
ય - પણ પૂર્વોક્ત ગુણવાળું છે.
જિણુત્તમ - સામાન્ય કેવળીને વિષે ઉત્તમ.
સંતિ ! - હે શાન્તિનાથ !
કિત્તણં - કીર્તન, સ્મરણ.
માગહિયા - માગધિકા નામનો છંદ.
કિરિયાવિહિ - ક્રિયાના વિધાન વડે.
સંચિઅ - એકઠાં કરેલ.
કમ્મકિલેસ - કર્મ અને કષાય થકી.
વિમુક્ખયરં - વિશેષે મુકાવનાર.
અજિઅં - નહિ જીતાયેલા.
નિચિઅંગુણેહિં - ગુણોવડે વ્યાપ્ત.
મહામુણિ - મહામુનિ સંબંધી.
સિદ્ધિગયં - અણિમાદિ સિદ્ધિઓને પ્રાપ્ત.
અજિઅસ્સય - અજિતનાથને.
સંતિમહામુણિણો - શાન્તિનાથ મહામુનિને.
સંતિકરં - શાન્તિ કરનાર.
સયયં મમ - નિરંતર મને.
નિવ્વુઈકારણયં - મોક્ષનું કારણ.
નમંસણયં - નમસ્કાર.
આલિંગણયં - આલિંગનક નામનો છંદ.

અજિઅં જિઅસવ્વભયં[1], સંતિં ચ પસંત-

પ્રમાણે શ્રી મહાવીરજિન શિષ્ય નંદિષેણ મહર્ષિએ આ અજિતશાન્તિ સ્તવ રચ્યું. કોઈ આચાર્ય વળી એમ કહે છે કે શ્રીનેમિનાથના શિષ્ય શ્રીનંદિષેણગણિ શ્રી શત્રુંજય તીર્થે યાત્રાર્થે આવેલા, ત્યારે ઉત્તર-દક્ષિણ દિશામાં રહેલા શ્રી અજિતનાથ અને શાન્તિનાથના બે પ્રાસાદના અંતરાલે રહીને શ્રીઅજિતનાથ અને શાન્તિનાથ જિનની સ્તુતિ એક સાથે કરી.

શ્રી શત્રુંજય મહાકલ્પને વિષે કહ્યું છે કે नेमिवयणेण जत्तागएण जहिं नंदिसेणगणिवइणा । वहिओ अजिअसंतिथओ, जयउ तयं पुंडरियं तित्थं ॥ આ પ્રકારે અજિતશાન્તિ સ્તવનના કર્તા શ્રીનંદિષેણને કોઈ શ્રીમહાવીરજિન શિષ્ય અને કોઈ શ્રીનેમિજિન શિષ્ય કહે છે. અહીં બહુશ્રુત કહે તે પ્રમાણ.

૧. ભય સાત પ્રકારે છે તે આ પ્રમાણે - ૧ ઈહલોક ભય, ૨ પરલોક ભય, ૩ આદન ભય, ૪ અકસ્માત્ ભય, ૫ આજીવિકા ભય, ૬ મરણ ભય અને ૭ અપકીર્તિ ભય

સવ્વગયપાવં; જયગુરૂ[1] સંતિગુણકરે,
દોવિ જિણવરે પણિવયામિ. ॥ ૧ ॥ ગાહા.

અર્થ :- જિત્યા છે સર્વભય જેમણે એવા અજિતનાથ અને વિશેષ શાન્ત કર્યા છે સર્વ રોગ અને પાપ જેમણે (અથવા વિશેષે શાન્ત થયે છતે ક્ષય થયાં છે અશુભ કર્મ જેમનાં) એવા શાન્તિનાથ વળી જગતના ગુરુ (અથવા જગતને વિષે મોટા) અને શાન્તરૂપ ગુણને કરનારા (અથવા શાન્તિ એટલે કષાયનો અભાવ અને ગુણ એટલે જ્ઞાન, દર્શન અને ચારિત્ર તેને કરનારા) તે બંને જિનેશ્વરોને હું પ્રણામ કરું છું. ૧.

વવગયમંગુલભાવે, તે હં વિઉલતવ-
નિમ્મલસહાવે; નિરુવમમહપ્પભાવે,
થોસામિ સુદિટ્ઠસબ્ભાવે ॥ ૨ ॥ ગાહા.

અર્થ :- નાશ થયો છે અશોભન (માઠો) ભાવ (પરિણામ) જેમનો એવા, વિસ્તીર્ણ (દ્વાદશવિધ) તપવડે નિર્મલ (નિષ્કર્મા) છે સ્વભાવ જેમનો એવા, નિરુપમ અને મહાન છે પ્રભાવ જેમનો એવા અને રૂડે પ્રકારે કેવળજ્ઞાન-દર્શનવડે યથાર્થપણે જાણ્યા છે વિદ્યમાન ભાવો (જીવાજીવાદિ સત્ પદાર્થો) જેમણે એવા તે બે (જિનો) ને હું (નંદિષેણ ગણિ) સ્તવીશ. ૨.

સવ્વદુક્ખપ્પસંતીણં, સવ્વપાવપ્પસંતિણં[2];

---

૧. गृणाति तत्त्वम् इति गुरुः તત્ત્વોનો ઉપદેશ કરે તે ગુરૂ, અહીં પ્રાકૃત હોવાથી વિભક્તિનો લોપ થયો છે. પ્રાકૃત વ્યાકરણમાં દ્વિ-વચન નહીં હોવાથી છંદોમાં બહુવચનનો પ્રયોગ કરવામાં આવ્યો છે.

૨. ચતુર્થીસ્થાને ષષ્ઠી, આર્ષત્વાદ્ દીર્ઘાભાવશ્ચ.

સયા અજિયસંતીણં, નમો અજિઅસંતિણં ॥ ૩ ॥ સિલોગો ॥

અર્થ :- સર્વ દુઃખો વિશેષે શાન્ત થયાં છે જેમના (અથવા યોગ્ય જીવોનાં સર્વ દુઃખો વિશેષે શાન્ત થયાં છે જેનાથી) એવા, સર્વ પાપ વિશેષે શાન્ત થયાં છે જેમનાં એવા અને નિરંતર પરાભવ નહિ પામેલા અને ઉપશાન્ત થયેલા એવા અજિતનાથ અને શાન્તિનાથને નમસ્કાર હો. ૩.

અજિયજિણ ! સુહપ્પવત્તણં, તવ-પુરિસુત્તમ નામકિત્તણં, તહય [૧]ધિઈમઈપ્પ-વત્તણં, તવ ય જિણુત્તમ ! સંતિ ! કિત્તણં ॥ ૪ ॥ માગહિઆ ॥

અર્થ :- હે અજિતનાથ ! હે પુરુષોત્તમ ! તમારા નામનું કીર્ત્તન, સુખ (સ્વર્ગાપવર્ગરૂપ)ને પ્રવર્ત્તાવનારું છે, તેમ જ ધીરજ (ચિત્તાની સ્વસ્થતા) અને (પ્રજ્ઞા)ને પ્રવર્તાવનારું છે, હે જિનોત્તમ ! હે શાન્તિનાથ ! તમારૂં કીર્તન પણ પૂર્વોક્ત ગુણવાળું છે. ૪.

કિરિઆ-વિહિ-સંચિઅ-કમ્મ-કિલેસ-વિમુક્ખયરં, અજિઅં નિચિઅં ચ ગુણેહિં મહામુણિ ! સિદ્ધિગયં; અજિઅસ્સ ય

૧. ધિઈમઈપવત્તણં ઇતિ પાઠાન્તરમ્.

સંતિમહા-મુણિણો વિ અ સંતિકરં, સયયં મમ નિવ્વુઈકારણયં ચ નમંસણયં ॥ ૫ ॥ આલિંગણયં ॥

અર્થ :- ક્રિયાના[1] ભેદવડે એકત્ર કરેલા કર્મ અને કષાય[2] થકી વિશેષે મુકાવનાર, અન્ય દર્શનીય દેવોના વંદન-પુણ્યવડે નહિ જિતાયેલ (તે કરતાં અનંત ગુણ ઉત્તમ), ગુણવડે વ્યાપ્ત અને મહામુનિ સંબંધી[3] અણિમાદિ સિદ્ધિઓને પ્રાપ્ત એવા અજિતનાથ અને શાન્તિનાથ મહામુનિને (કરેલો) નમસ્કાર, મને નિરંતર શાન્તિને કરનાર અને મોક્ષનું કારણ હો. ૫.

શબ્દાર્થ

પુરિસા - હે પુરુષો !	દુક્ખવારણં - દુઃખનું નિવારણ.
જઈ - જો.	વિમગ્ગહ - શોધતા હો.

૧. કાયિકી વગેરે પાંચ અથવા પચીશ ક્રિયા, તેનું સ્વરૂપ નવતત્ત્વથી સમજવું.

૨. અહીં કષાયનું કર્મમાંહે અંતર્ગતપણું છે તો પણ સંસારના કારણને વિષે કષાયની મુખ્યતા છે એ જણાવવાને અર્થે કષાયનું જુદું ગ્રહણ કર્યું છે.

૩. **અણિમાદિ** આઠ સિદ્ધિ આ પ્રમાણે જાણવી ૧ કમળના જેવા ઝીણા છિદ્રમાં પણ પ્રવેશ કરવાની શક્તિ તે **અણિમા**. ૨ મેરુ પર્વત કરતાં પણ મોટું શરીર વિકુર્વી શકાય તે **મહિમા**. ૩ અત્યંત ભારે થવાની શક્તિ તે **ગરિમા**. ૪ વાયુ કરતાં પણ હલકા થવાની શક્તિ તે **લઘિમા**. ૫ પૃથ્વી ઉપર રહ્યા છતાં અંગુલિના અગ્રભાગ વડે મેરુ પર્વતની ટોચ અને સૂર્યાદિને સ્પર્શ કરવાની શક્તિ તે **પ્રાપ્તિ**. ૬ પાણીમાં પૃથ્વીની જેમ પગે ચાલે અને પૃથ્વી ઉપર પાણીમાં જેમ ડુબી જઈ બહાર નીકળે એવી શક્તિ તે **પ્રાકામ્ય**. ૭ સ્થાવર પણ આજ્ઞા માને એવી શક્તિ-તીર્થંકર ચક્રવર્તિની ઋદ્ધિને વિસ્તારી શકે એવી પ્રભુતા તે **ઈશિત્વ**. ૮ જીવ અને અજીવ સર્વ પદાર્થ વશ થાય એવી શક્તિ તે **વશિત્વ**.

સુક્ખકારણં - સુખનું કારણ.
ભાવઓ - ભાવ થકી.
અભયકરે - નિર્ભિક્તાને કરનારાને.
સરણં - શરણે.
પવજ્જહા - પ્રાપ્ત થાઓ.
અરઈરઈ - સંયમને વિષે શોક અને અસંયમને વિષે હર્ષ (અને).
તિમિરવિરહિઅં - અજ્ઞાન રહિતને.
ઉવરય - નિવૃત્ત થયાં છે.
જરમરણં - જરા અને મરણ જેમનાં એવાને.
સુરઅસુર - વૈમાનિક, ભવનપતિ.
ગરૂલ-ભુયગવઈ - જ્યોતિષ્ક અને વ્યંતર ઇન્દ્રો વડે.
પયય - આદર વડે.
પણિવઈયં - નમસ્કાર કરાયેલાને.
અહમવિ - હું પણ.
સુનયનયનિઉણં - રૂડા નયની નીતિને વિષે ડાહ્યાને.
અભયકરં - અભયને કરનારાને.
સરણં - શરણ.
ઉવસરિઅ - પામીને.
ભુવિદિવિજ - મનુષ્ય અને દેવોવડે.
મહિઅં - પૂજાયેલાને.
ઉવણમે - સમીપ રહ્યો છતો નમું છું.
સંગયયં - સંગતક નામે છંદ.
તં - તે (શાન્તિનાથ)ને.
જિણુત્તમ - સામાન્ય કેવળીને વિષે ઉત્તમને.
ઉત્તમ - શ્રેષ્ઠ.
નિત્તમસત્તધરં - અજ્ઞાન રહિત ભાવયજ્ઞને ધારણ કરનારને.
અજ્જવ મદ્દવ - સરળતા, નમ્રતા.
ખંતિવિમુત્તિ - ક્ષમા, નિર્લોભતા (અને).
સમાહિનિહિં - સમાધિના ભંડારને.
સંતિકરં - શાન્તિના કરનારાને.
પણમામિ - નમસ્કાર કરૂં છું.
દમુત્તમ - ઇન્દ્રિયોના જયવડે ઉત્તમ.
તિત્થયરં - તીર્થના કરનારાને.
સંતિમુણિ - શાન્તિનાથ મુનિ.
સંતિસમાહિવરં - શાન્તિ વડે સમાધિ (ચિત્તની સ્વસ્થતા) રૂપી વર.
દિસઉ - આપો.
સોવાણયં - સોપાનક નામે છંદ.
સાવત્થિ-શ્રાવસ્તિ - અયોધ્યા વિષે
પુવ્વપત્થિવં - પૂર્વે રાજા હતા.
વરહત્થિમત્થય - પ્રધાન હસ્તિના મસ્તક જેવું.
પસત્થવિત્થિન્નસંથિયં - પ્રશસ્ત અને વિસ્તીર્ણ છે સંસ્થાન જેમનું એવા.
થિરસરિચ્છવચ્છં - સ્થિર શ્રીવત્સ-વાળું હૃદય છે જેમનું એવા.
મયગલલીલાયમાણ - મદ વડે ઉન્મત્ત અને લીલાયુક્ત.

વરગંધહત્થિ - પ્રધાન ગંધહસ્તિના.
પત્થાણપત્થિઅં - ગમન જેવી ચાલ (ગતિ) છે જેમની એવા.
સંથવારિહં - સ્તુતિ કરવાને યોગ્ય.
હત્થિહત્થબાહું - હસ્તિની સૂંઢ જેવા બાહુ છે જેમના એવા.
ધંતકણગરુઅગ - ધમેલ સુવર્ણના આભરણ જેવો.
નિરુવહયપિંજરં - સ્વચ્છ પીતવર્ણ છે જેમનો એવા.
પવરલક્ખણોવચિય - શ્રેષ્ઠ લક્ષણો વડે વ્યાપ્ત.
સોમચારુરુવં - સૌમ્ય અને સુંદર છે રૂપ જેમનું એવા.
સુઈસુહ - કાનને સખકારી.
મણાભિરામ - મનને આનંદદાયક.
પરમરમણિજ્જ - અત્યંત રમણીય.
વરદેવદુંદુહિ - પ્રધાનદેવદુંદુભિના.
નિનાયમહુરયર - શબ્દ કરતા મધુર (અને).
સુહગિરં - કલ્યાણકારી છે વાણી જેમની એવા.
વેઢ્ઢઓ - વેષ્ટકનામે છંદ.
અજિઅં - અજિતનાથને.
જિઆરિગણં - જિત્યા છે શત્રુ સમુદાય જેમણે એવા.
જિઅસવ્વભયં - જિત્યા છે સર્વ ભય જેમણે એવા.
ભવોહરિઉં - ભવપરંપરાના શત્રુ.
પણમામિ - નમસ્કાર કરું છું.
પયઓ - આદર વડે.
પાવં - પાપને.
પસમેઉ - પ્રકર્ષે શાન્ત કરો.
ભયવં - ભગવાન.
રાસાલુદ્ધઓ - રાસાલુબ્ધકછંદ

પુરિસા ! જઇ દુક્ખવારણં, જઇય વિમગ્ગહ સુક્ખકારણં, અજિઅં સંતિં ચ ભાવઓ, અભયકરે સરણં પવજ્જહા. ॥ ૯ ॥ માગહિઆ ॥

અર્થ :- હે મનુષ્યો ! જો તમે દુઃખનું નિવારણ અને સુખનું કારણ શોધો છો, તો અભય (નિર્ભયતા)ને કરનારા એવા અજિતનાથ અને શાન્તિનાથને શરણે ભાવપૂર્વક પ્રાપ્ત થાઓ. ૯.

અરઈ રઈ તિમિરવિરહિઅ-મુવરય-જર-મરણં, સુર-અસુર-ગરુલ-ભુયગવઈ-પયય-પણિવઈયં; અજિઅ-મહમવિ અ સુનય-નય-નિઉણ-મભયકરં, સરણ-મુવસરિઅ ભુવ-દિવિજ-મહિઅં સયય-મુવણમે ॥ ૭ ॥ સંગયયં ॥

અર્થ :- સંયમને વિષે અરતિ અને અસંયમને વિષે રતિ તથા અજ્ઞાનવડે રહિત (અથવા અરતિ મોહનીયના ઉદયથી થયેલ ચિત્તનો ઉદ્વેગ અને રતિ મોહનીયના ઉદયથી થયેલ ચિત્તનો આનંદ તે બંને સમ્યગ્જ્ઞાનને આચ્છાદન કરનાર હોવાથી તે રૂપ અજ્ઞાનવડે રહિત), નિવૃત્ત થયાં છે જરા (વૃદ્ધાવસ્થા) અને મરણ જેમનાં એવા (અથવા ઉપરતજરમ્ = નિવૃત્ત થયેલ છે જરા જેમની એવા અને અરણમ્-યુદ્ધાદિ ક્લેશરહિત) સુર (વૈમાનિકદેવ), અસુર (ભવનપતિદેવ), ગરૂડ (જ્યોતિષ્કદેવ), અને ભુજગ (વ્યંતર-ખેચર) (અથવા સુર, અસુર, સુવર્ણકુમાર અને નાગકુમાર દેવોના ઈન્દ્રોવડે આદરથી નમસ્કાર કરાયેલા,) સુંદર ન્યાય છે જેમને એવા નૈગમાદિ સાત નયને વિષે નિપુણ (અથવા સુંદર નયન ઉપદેશને વિષે નિપુણ) અભયને કરનારા અને મનુષ્ય તથા દેવોવડે પૂજિત એવા અજિતનાથને શરણે જઈને હું પણ નિરંતર સમીપ રહ્યો છતો નમું છું. ૭.

શ્રી શાન્તિજિન સ્તુતિ

તં ચ જિણુત્તમ-મુત્તમ-નિત્તમ-સત્તધરં; અજ્જવ-મદ્દવ-ખંતિ-વિમુત્તિ-સમાહિ-નિહિં; સંતિકરં પણમામિ દમુત્તમ-તિત્થયરં, સંતિ-મુણી[1] મમ સંતિસમાહિ-વરં દિસઉ ॥ ૮ ॥ સોવાણયં ॥

અર્થ :- સામાન્ય કેવળીને વિષે ઉત્તમ, શ્રેષ્ઠ અજ્ઞાન (અથવા આકાંક્ષા) રહિત, ભાવયજ્ઞને ધારણ કરનાર (અથવા અજ્ઞાન રહિત વ્યવસાય છે જેમનો એવા), સરળતા, નમ્રતા, ક્ષમા, નિર્લોભતા અને સમાધિના ભંડાર, શાન્તિના કરનારા, ઈન્દ્રિયના જયવડે ઉત્તમ તીર્થ (સંઘ)ને કરનારા તે શાન્તિનાથ મુનિને પણ હું પ્રણામ કરું છું. તે શાન્તિનાથ [2]મુનિ મને શાન્તિ વડે સમાધિ (ચિત્તની સ્વસ્થતા) રૂપ વરદાન આપો. ૮.

શ્રી અજિતજિન સ્તુતિ

સાવત્થિ-પુવ્વપત્થિવં ચ વરહત્થિ-મત્થય-પસત્થ વિત્થિન્નસંથિયં, થિર-સરિચ્છ-વચ્છં, મયગલ-લીલાયમાણ-

---

૧. સંતિમુણી એ પદનો બે વખત સંબંધ લેવાનો છે પહેલાં ત્રણ પાદ સાથે સંબંધ લેતાં બીજી વિભક્તિનો અર્થ લેવો અને ચોથા પાદ સાથે સંબંધ લેતાં પહેલી વિભક્તિનો અર્થ લેવો.

૨. જગતની ત્રિકાળ અવસ્થાને જાણે તે મુનિ-સર્વજ્ઞ.

વરગંધહત્થિ-પત્થાણ-પત્થિયં સંથવારિહં, હત્થિ-હત્થબાહું ધંતકણગ-રુઅગ-નિરુ-વહય-પિંજરં, પવર-લક્ખણોવચિય-સોમ-ચારુ-રૂવં સુઈસુહ-મણા-ભિરામ-પરમ-રમણિજ્જ-વરદેવદુંદહિ-નિનાય-મહુરયર-સુહગિરં ॥ ૯ ॥ વેઢ્ઢઓ ॥

અજિઅં જિઆરિગણં, જિઅ-સવ્વભયં ભવોહરિઉં; પણમામિ અહં પયઓ, પાવં પસમેઉ મે ભયવં ॥ ૧૦ ॥ રાસાલુદ્ધઓ ॥

અર્થ :- અયોધ્યા નગરીને વિષે પૂર્વે (દીક્ષા લીધા અગાઉ) રાજા હતા એવા, પ્રધાન હસ્તિના મસ્તક જેવું પ્રશસ્ત (વખાણવા લાયક) અને વિસ્તીર્ણ છે સંસ્થાન (શરીરનો આકાર) જેમનું એવા, નિશ્ચલ શ્રીવત્સવાળું છે હૃદય જેમનું એવા (અથવા સ્થિર અને સરખું છે હૃદય જેમનું એવા) મદ વડે ઉન્મત્ત અને લીલાયુક્ત પ્રધાન, ગંધહસ્તિના ગમન જેવી ચાલ છે જેમની એવા, સ્તુતિ કરવાને યોગ્ય, હસ્તિની શૂંઢ જેવા છે બાહુ (હાથ) જેમના એવા, ધમેલ સુવર્ણના આભરણ જેવો સ્વચ્છ પીતવર્ણ છે જેમનો એવા, શ્રેષ્ઠ લક્ષણોવડે વ્યાપ્ત, સૌમ્ય અને સુંદર છે રૂપ જેમનું એવા કાનને સુખકારી અને મનને આનંદદાયક તથા અત્યંત રમણીય પ્રધાન દેવદુંદુભિના શબ્દ કરતાં વધારે મધુર અને કલ્યાણકારી છે વાણી જેમની એવા; વળી જીત્યા છે શત્રુ સમુદાય જેમણે, જીત્યા છે સર્વ ભય જેમણે (અથવા જીવશ્રવ્યભગં એટલે

સંજ્ઞીપંચેન્દ્રિય જીવોને સાંભળવા યોગ્ય છે માહાત્મ્ય જેમનું એવા). ભવપરંપરાના શત્રુ (ભવનો નાશ કરનારા) અજિત-નાથને હું આદરવડે નમસ્કાર કરું છું. તે ભગવાન મારા પાપ (અશુભ કર્મ)ને શાન્ત કરો. ૯-૧૦.

શબ્દાર્થ

કુરુજણવય - કુરૂદેશના.
હત્થિણાઉરનરીસરો -હસ્તિનાપુર નગરના રાજા હતા.
પઢમં - પ્રથમ.
તઓ - તે પછી.
મહાચક્કવટ્ટિભોએ - મ્હોટા ચક્ર-વર્તિના રાજયને ભોગવતા હતા.
મહપ્પભાવો - મ્હોટાપ્રભાવવાળા.
બાવત્તરિપુરવરસહસ્સ - બહોંતેર હજાર પુરવર.
વર નગર - શ્રેષ્ઠ નગરો.
નિગમજણવયવઇ - નિગમ અને દેશના સ્વામી.
બત્તીસારાયવરસહસ્સ - બત્રીશ હજાર શ્રેષ્ઠ રાજાઓ.
અણુયાયમગ્ગો - અનુયાયી છે જેમના એવા.
ચઉદસવરરયણ - ચૌદ શ્રેષ્ઠ રત્નો.
નવમહાનિહિ - નવ મહાનિધાન.
ચઉસટ્ઠિસહસ્સ - ચોસઠ હજાર.
પવરજુવઈણ - શ્રેષ્ઠ સ્ત્રીઓના.
સુંદરવઇ - સુંદર ભર્તાર, ધણી.
ચુલસી-હય-ગય-રહ-સયસહસ્સ- ચોરાશી લાખ ઘોડા, ચોરાશી લાખ હાથી અને ચોરાશી લાખ રથના.
સામી - સ્વામી.
છન્નવઈગામકોડી - છન્નું ક્રોડ ગામના.
આસી - હોતાં હવા.
જો - જે.
ભારહંમિ - ભરત ક્ષેત્રમાં.
ભયવં - ભગવાન.
તં સંતિં - તે ઉપશમ રૂપને.
સંતિકરં - શાન્તિના કરનારા અથવા મોક્ષને આપનારાને.
સંતિણ્ણં - રૂડે પ્રકારે તર્યા છે.
સવ્વભયા - સર્વ ભય થકી.
સંતિજિણં - શાન્તિનાથ જિન.
થુણામિ - સ્તવું છું.
સંતિં - શાન્તિને.
વિહેઉં - કરવાને.
એ - સંબોધન અર્થે વપરાયેલ છે.
રાસાનંદિઅયં - રાસાનંદિતક નામે છંદ.
ઈક્ખાગ! - ઇક્ષ્વાકુ વંશમાં ઉત્પન્ન થયેલા.

વિદેહ નરીસર - વિદેહ દેશના રાજા.
નરવસહા - મનુષ્યમાં શ્રેષ્ઠ.
મુણિવસહા - મુનિઓમાં શ્રેષ્ઠ.
નવસારય - નવીન શરદઋતુના.
સસિસકલાણણ ! - ચંદ્ર જેવા શોભાયમાન મુખવાળા.
વિગયતમા ! - ગયું છે અજ્ઞાન જેમનું એવા.
વિહુઅરયા - ટાળ્યાં છે કર્મરૂપ રજ જેણે એવા.
અજિય - હે અજિતનાથ !
ઉત્તમતેઅ - ઉત્તમ તેજવાળા.
ગુણેહિં - ગુણો વડે.
મહામુણિ - મોટા મુનિ વડે.
અમિયબલા - માપી શકાય નહિ એવા બળવાળા.
વિઉલકુલા! - વિસ્તીર્ણ કુળવાળા.
પણમામિ - નમસ્કાર કરૂં છું.
તે - તમોને.
ભવભયમૂરણ ! - ભવભયને તોડનારા.
જગસરણા! - જગતને શરણભૂત.
મમ - મને.
સરણં - શરણભૂત છો.
ચિત્તલેહા - ચિત્રલેખા નામે છંદ.
દેવદાણવિંદ - સુરઅસુરના ઇન્દ્ર.
ચંદસુરવંદ ! - ચંદ્ર અને સૂર્યને વંદન કરવા યોગ્ય.
હટ્ઠ - આરોગ્યવંત. આનંદ સ્વરૂપ
તુટ્ઠ - પ્રીતિવંત.
જિટ્ઠ - પ્રશસ્ય (અને).
પરમલટ્ઠરૂવ - અત્યંત કાન્તિયુક્ત રૂપવાળા.
ધંતરુપ્પ - ધમેલ રૂપાના. ચાંદી
પટ્ટસેય - પાટ જેવી શ્વેત.
સુદ્ધ-નિદ્ધ - નિર્મળ, સ્નિગ્ધ. લીસ્સી
ધવલદંતપંતિ - ઉજજ્વળ છે દાંતની પંક્તિ જેમની એવા.
સંતિ ! - હે શાન્તિનાથ.
સત્તિ-કિત્તિ-મુત્તિ - શક્તિ, કીર્તિ, નિર્લોભતા.
જુત્તિ-ગુત્તિપવર ! - યુક્તિ અને ગુપ્તિ વડે શ્રેષ્ઠ.
દિત્તતેઅવંદ - દેદીપ્યમાન તેજના સમૂહવાળા.
ધેય - ધ્યાન કરવા યોગ્ય.
સવ્વલોઅ - સર્વ લોકોએ.
ભાવિઅપ્પભાવ - જાણ્યો છે પ્રભાવ જેમનો એવા.
ણેઅ - જાણવા યોગ્ય.
પઈસ - આપો.
મે - મને.
સમાહિં - ચિત્તની સ્વસ્થતા-સમાધિ.
નારાયઓ - નારાચક નામે છંદ.

વિમલસસિકલા - નિર્મળ ચંદ્રની પ્રભા કરતાં.
અઈરેઅસોમં - અધિક સૌમ્યતાવાળા.
વિતિમિરસૂરકર - વાદળાં રહિત સૂર્યના કિરણો કરતાં.
અઈરેઅતેઅં - અધિક તેજવાળા.
તિઅસવઈગણ - દેવતાઓના સ્વામીઓના સમુદાય કરતાં.
અઈરેઅરૂવં - અધિક રૂપવાળા.
ધરણીધરપ્પવર - પર્વતમાંહે શ્રેષ્ઠ (મેરૂ પર્વત) કરતાં.
અઈરેઅ-સારં - અધિક સ્થિરતાવાળા.
કુસુમલયા - કુસુમલતા નામે છંદ.
સત્તે - સત્વ (વ્યવસાય)માં.
અજિઅં - નહિ જીતાય એવા.
સારીરેબલે - શરીરસંબંધી બળમાં.
તવસંજમે - તપ અને ચારિત્ર વિષે.
એસ - એ પ્રકારે.
જિણંઅજિઅં - અજિતનાથ જિન
ભુઅગપરિરિંગિઅં - ભુજગ પરિરિંગિત નામે છંદ.

શ્રી શાન્તિજિન સ્તુતિ

કુરુજણવય-હત્થિણાઉર-નરીસરો પઢમં, તઓ મહાચક્કવટ્ટિભોએ મહપ્પ-ભાવો; જો બાવત્તરિપુરવર-સહસ્સવર-નગર[1]-નિગમ-જણવયવઈ બત્તીસા-રાયવર-સહસ્સાણુયાયમગ્ગો; ચઉદસવરરયણ[2]-

---

૧. જેમાં કર ન હોય તે. મ્હોટા વ્યાપારીઓની દુકાનવાળાં સ્થાનો-વ્યાપારનાં સ્થાનો.

૨. ચૌદ રત્નો દરેક ચક્રવર્તિને હોય, તે આ પ્રમાણે જાણવા.

(૧) ચક્રરત્ન તે ધનુષ્ય પ્રમાણ હોય, વૈરીનું મસ્તક છેદે. (૨) છત્રરત્ન તે ધનુષ્ય પ્રમાણ હોય, ચક્રવર્તિના હસ્ત સ્પર્શે બાર યોજન વિસ્તારવાળું થાય. જે ઉત્તરના મ્લેચ્છ રાજાના દેવતાઓએ વરસાવેલા વર્ષાદને રોકવા સમર્થ થાય. (૩) દંડરત્ન તે ધનુષ્ય પ્રમાણ હોય, વાંકી ભૂમિને સરખી

નવ-મહાનિહિ[1]-ચઉસટ્ઠિસહસ્સ પવર-જુવઈણ સુંદરવઇ, ચુલસી-હય-ગય-રહ-

કરે, જરૂર પડ્યે હજાર યોજન જમીન ખોદે. (૪) **ચર્મરત્ન** બે હાથનું હોય, જરૂર પડ્યે ચક્રવર્તિના સ્પર્શે બાર યોજન લાંબું થાય, તેમાં સવારે શાલિપ્રમુખ ધાન્ય વાવ્યાં હોય, તે સાંજે ઉપભોગ યોગ્ય તૈયાર થાય. (૫) **ખડ્ગરત્ન** બત્રીશ આંગળનું હોય છે. સંગ્રામમાં અત્યન્ત શક્તિવંત હોય. (૬) **કાગિણીરત્ન** ચાર અંગુલ પ્રમાણ હોય, તેના વડે વૈતાઢ્ય પર્વતની ગુફામાં બંને બાજુ ઓગણપચાસ પ્રકાશ આપનારાં મંડળ કરે છે.(૭) **મણિરત્ન** ચાર અંગુલ લાંબું અને બે આંગળ પહોળું હોય, તે છત્રરત્નના તુંબા ઉપર બાંધ્યું છતું બાર યોજન પ્રકાશ કરે અને હાથે કે માથે બાંધ્યું છતું સમસ્ત રોગને હરે, એ સાત રત્ન એકેન્દ્રિય જાતિનાં છે. અને બીજાં સાત પંચેન્દ્રિય જાતિનાં છે. (૮) **પુરોહિત રત્ન** તે શાન્તિકર્મ કરે. (૯) **અશ્વરત્ન.** (૧૦) **ગજરત્ન** એ બંને મહા-પરાક્રમવાળાં હોય. (૧૧) **સેનાપતિરત્ન** તે ચક્રવર્તિની સહાય વિના ગંગા-સિંધુની બાહેરની પાસેના ચાર ખંડને જીતે. (૧૨) **ગૃહપતિરત્ન** તે ગૃહની ચિંતા રાખે. (૧૩) **વાર્ધકીરત્ન** તે મકાનો બાંધે, લશ્કર પડાવ કરાવે વૈતાઢ્યની ગુફામાં આવેલી ઉન્મગ્ના અને નિમગ્ના નદીના પૂલ બાંધે, ઇત્યાદિ બાંધકામ કરે. (૧૪) **સ્ત્રીરત્ન** અત્યંત અદ્ભુત રૂપવંત ચક્રવર્તિને ભોગયોગ્ય હોય, એ પ્રત્યેક રત્ન એક હજાર યક્ષોએ અધિષ્ઠિત હોય અને બે હજાર યક્ષ ચક્રીની બે બાહુના અધિષ્ઠાયક હોય એમ ૧૬ હજાર યક્ષ ચક્રવર્તિના સેવક હોય. ચક્ર, દંડ, છત્ર અને ચર્મ એ ચાર આયુધશાળામાં ઉત્પન્ન થાય. ખડ્ગ, કાગિણી અને મણિ એ ત્રણ ભંડારમાં ઉત્પન્ન થાય. ગજ અને અશ્વ વૈતાઢ્ય પર્વતમાં ઉપજે. સ્ત્રી રત્ન ક્ષત્રિયરાજાને ઘેર થાય અને બાકીનાં ચાર ચક્રીના નગરને વિષે ઉત્પન્નથાય.

૧. નવ નિધાનનું સ્વરૂપ આ પ્રમાણે જાણવું. (૧) ગામ (ફરતી વાડ હોય તે), આકર (મીઠું પાકે તે), નગર (રાજધાની થાય તે) પાટણ (જળ અને સ્થળના માર્ગ હોયતે.) દ્રોણમુખ (જ્યાં જળ માર્ગ જ હોય) મડબ (અઢી ગાઉ ફરતાં ગામ ન હોય તે.) સૈન્ય અને ગ્રહની માંડણી એ સર્વ **નૈસર્પી** નામે નિધાનને વિષે હોય. (૨) ગણિત, ગીત, ચૌવીશ જાતના

સય-સહસ્સસામી, છન્નવઈગામકોડિ સામી આસી જો ભારહંમિ ભવયં ॥૧૧॥ વેઢ્ઢઓ ॥

તં સંતિં સંતિકરં, સંતિણ્ણં સવ્વભયા ॥ સંતિં થુણામિ જિણં, સંતિં વિહેઉ મે[1] ॥ ૧૨ ॥ રાસાનંદિઅયં ॥

ધાન્યનાં બીજ તથા તેની ઉત્પત્તિના પ્રકાર એ સર્વ પાંડુક નિધાનમાં હોય. (૩) સર્વ જાતનાં આભરણ, અશ્વ અને હાથીનાં આભરણ, તેની વિધિ પિંગલક નિધાનને વિષે હોય. (૪) ચક્રવર્તીનાં ચૌદ રત્ન વગેરે સર્વરત્ન નામે ચોથા નિધાનના યોગે થાય. કેટલાએક કહે છે કે - આ નિધાનથી તે રત્નો મહા-દીપ્તિવંત થાય. (૫) વસ્ત્રની ઉત્પત્તિના પ્રકાર, રંગની ઉત્પત્તિ સાત ધાતુ, વસ્ત્ર ધોવાની રીત વગેરે મહાપદમ નિધાનમાં હોય. (૬) સમસ્ત કાળજ્ઞાન (જ્યોતિષ્ક), તીર્થંકરાદિના વંશાદિકનું કથન શિલ્પવિદ્યા, કર્ષણ (ખેતી) વાણિજ્ય (વેપાર) વગેરે કાળ નિધાનમાં હોય. (૭) લોઢું, સોનું, મણિ, મોતિ, સ્ફટિક અને પ્રવાળાના સમૂહ મહાકાળ નિધાનમાં હોય. (૮) શુરવીર યોદ્ધાની ઉત્પત્તિ, હથિયાર વગેરે યુદ્ધ સામગ્રી, યુદ્ધનીતિ દંડનીતિ એ માણવક નિધાનમાં હોય. (૯) નાટ્યવિધિ, ગદ્ય-પદ્યની વિધિએ મહાશંખ નિધાનમાં હોય. આ નવે નિધાન ઉત્સેધાંગુલે આઠ યોજન ઉંચા, નવ યોજન પહોળા અને બાર યોજન લાંબા પેટીના આકારે ગંગા નદીના મુખ આગળ સદા રહે છે. ચક્રવર્તિ ઉત્પન્ન થઈ છ ખંડ સાધીને જ્યારે પાછા વળે ત્યારે તેની સાથે આવી ચક્રિની નગરીમાં પાતાળમાં રહે. આ નિધાનો વિવિધ રત્નમય છે અને ઘણા ધન અને રત્નાદિ સમૃદ્ધિએ કરી સહિત છે, આનું વિશેષ વર્ણન જોવાની ઇચ્છાવાળાએ પ્રવચનસારોદ્ધારાદિ ગ્રંથ જોવા.

૧. એ અતિશાયી લોકોના સંબોધન અર્થે વપરાય છે તેથી હે ઉત્તમ પુરુષો ! તમારી સમક્ષ હું સ્તુતિ કરૂં છું એમ સૂચવાય છે.

અર્થ :- કુરુ દેશને વિષે હસ્તિનાપુર નગરના પ્રથમ રાજા હતા. તે વાર પછી મહોટા ચક્રવર્તીના (છ ખંડના) રાજ્ય (ને વિષે વર્તતા હતા)ને ભોગવતા હતા. મ્હોટો છે પ્રભાવ જેનો એવા (અથવા મહાત્મભાવ : ઉત્સવો વડે આત્માને પ્રીતિ કરનારા) જે ઘર વડે શ્રેષ્ઠ એવા બહોંતેર હજાર પ્રધાન નગરો, નિગમ અને દેશના સ્વામી (અથવા બહોંતેર હજાર નગર અને પ્રધાન વ્યાપારના સ્થાનોવાળાં ગામો છે જેને વિષે એવા દેશના સ્વામી અથવા બહોંતેર હજાર પ્રધાન નગર અને શહેરની પેઠે જન સમુદાયે સંકીર્ણ છે રસ્તાઓ જેને વિષે એવા દેશોના સ્વામી) બત્રીસ હજાર મુકુટબદ્ધ રાજાઓએ અનુસરણ કર્યો છે માર્ગ જેનો એવા. ચૌદ શ્રેષ્ઠ રત્ન; નવ મહાનિધાન અને ચોસઠ હજાર શ્રેષ્ઠ સ્ત્રીઓના સુંદર ભર્તાર, ચોરાશી લાખ ઘોડા (અઢાર ક્રોડ ઘોડા પણ કહેલા છે), ચોરાશી લાખ હાથી અને ચોરાશી લાખ રથના સ્વામી, છન્નુ ક્રોડ ગામના સ્વામી એવા જે ભગવાન્ ભરતક્ષેત્રને વિષે હતા, તે ઉપશમરૂપશાન્તિને કરનારા (મોક્ષને આપનારા), રૂડે પ્રકારે તર્યા છે સર્વ ભય (મૃત્યુ) થકી એવા (અથવા રૂડે પ્રકારે તર્યા છે; સર્વ ભય જેના થકી એવા) શાન્તિનાથ જિનને શાન્તિ કરવાને માટે હું સ્તવું છું અથવા પૂર્વોક્ત શાન્તિનાથ જિનને સ્તવું છું. તે ભગવાન્ મુજને શાન્તિ કરો. ૧૧-૧૨.

શ્રી અજિતજિન સ્તુતિ

ઈક્ખાગ ! વિદેહ નરીસર, નરવસહા
મુણિવસહા[1]; નવસારય-સસિ[2]સકલાણણ

---

૧. મુણિવસહાનવ એ પ્રકારે પદ લઈએ ત્યારે મુનિપસભાનવ-ઈન્દ્રોની સભાને વિષે સ્તુતિ થાય છે જેની એવા - આવો અર્થ થાય છે.

૨. સકલ શબ્દનો અર્થ પૂર્ણ લઈએ ત્યારે ચંદ્રનું વિશેષણ લેવું પડે તે વિશેષણની પહેલાં આવવું જોઈએ, પણ પ્રાકૃતને લીધે પર નિપાત થાય છે.

વિગયતમા વિહુઅરયા ॥ અજિઉત્તમ-
તેઅ[1]ગુણેહિં મહામુણિ-અમિઅબલા
વિઉલકુલા, પણમામિ તે ભવ-ભય-મૂરણ
[2]જગસરણા મમસરણં ॥૧૩॥ ચિત્તલેહા ॥

અર્થ :- હે ઈક્ષ્વાકુ વંશમાં ઉત્પન્ન થયેલા, હે વિદેહ દેશના રાજા (અથવા ગૃહસ્થાવાસને વિષે રાજા). હે મનુષ્યમાં શ્રેષ્ઠ, હે મુનિઓને વિષે શ્રેષ્ઠ, હે ઉદય પામેલા શરદ ઋતુના ચંદ્ર જેવા શોભાયમાન મુખવાળા (અથવા ઉદય પામેલ શરદ ઋતુના પૂર્ણ ચંદ્ર જેવા મુખવાળા), હે ગયું છે અજ્ઞાન જેના થકી એવા, હે ટાળ્યા છે (નવા બંધાતા અને બાંધેલા) કર્મરૂપ રજ જેણે એવા, હે ગુણોવડે ઉત્તમ તેજવાળા, (અથવા હે તેજગુણોવડે ઉત્તમ !) હે મોટા મુનિઓ વડે પામી (જાણી) શકાય નહિ એવું છે સામર્થ્ય જેમનું એવા, હે વિસતીર્ણ કુળ (વંશ)વાળા, હે ભવભયને તોડનારા, હે અજિતનાથ ! તમોને નમસ્કાર કરું છું. હે જગતને શરણભૂત ! મને શરણભૂત છો અથવા હે અજિતનાથ ! તમારા શરણ-સ્મરણને કરનારાને હું નમસ્કાર કરું છું. ૧૩.

શ્રી શાન્તિજિન સ્તુતિ

દેવ-દાણ-વિંદ-ચંદ-સૂર-વંદ-હટ્ઠ-તુટ્ઠ-
જિટ્ઠ-પરમ-લટ્ઠ-રૂવ-ધંત-રુપ્પ-પટ્ટ-સેય-
સુદ્ધ-નિદ્ધ-ધવલ-દંત-પંતિ ! સંતિ ! સત્તિ-

---

૧. ગુણ બે પ્રકારના છે - રૂપ વગેરે બાહ્ય અને જ્ઞાનાદિ તે અભ્યંતર.
૨. જગસરણ અને અમમ (નિર્મમત્વ) એવા બે પદ પણ નીકળે છે.

કિત્તિ-મુત્તિ-જુત્તિ-ગુત્તિ-પવર ॥ દિત્તતેઅ વંદ ધેઅ[1] સવ્વલોઅ-ભાવિઅપ્પભાવણે અ, પઈસ મે સમાહિં ॥૧૪॥ નારાયઓ ॥

અર્થ :- હે સુર-અસુરના ઈન્દ્ર, ચંદ્ર અને સૂર્યને વંદન કરવા યોગ્ય, હે આરોગ્યવંત, પ્રીતિવંત, પ્રશસ્ય અને અત્યંત કાન્તિ યુક્ત રૂપવાળા હે ધમેલ ! રૂપાના પાટ જેવી શ્વેત (અથવા શ્રેયસ એટલે ઘન-પ્રશસ્ય), નિર્મળ, સ્નિગ્ધ અને ઉજ્જ્વળ છે દાંતની પંક્તિ (બે હાર) જેમની એવા ! હે શક્તિ, કીર્તિ, નિર્લોભતા, યુક્તિ (ન્યાયયુક્ત વચન) અને ગુપ્તિ (મન, વચન અને કાયાને નિયમમાં રાખવા) વડે શ્રેષ્ઠ ! હે દેદીપ્યમાન તેજના સમૂહવાળા ! હે ધ્યાન કરવા યોગ્ય ! (અથવા જાજ્વલ્યમાન તેજવાળા, વંદન કરવા યોગ્ય, ધ્યાન કરવા યોગ્ય !) હે સર્વ લોકોએ જાણ્યો છે પ્રભાવ જેમનો એવા ! હે જાણવા યોગ્ય ! હે શાન્તિનાથ ! મને સમાધિ (ચિત્તની સ્વસ્થતા) આપો. ૧૪.

શ્રી અજિતનાથની સ્તુતિ

વિમલસસિ-કલાઈરેઅ-સોમં, વિતિ-મિર-સુર-કરાઈરેઅ-તેઅં ॥ [2]તિઅસવઈ-

---

૧. ધેયસવ્વલોય પોષણ કરવા યોગ્ય છે સર્વલોક જેના વડે એવા, ભાવિઅપ્પભાવ (ભાવિત આત્મભવઃ) જાણ્યો છે આત્મારૂપ પદાર્થ જેણે એવા (આત્મગુણમાં રક્ત) અને ણેય (નેતઃ) સ્વામી એમ પદ નીકળે છે.

૨. સર્વ દેવતા મળી પોતાનું રૂપ એકત્ર કરી ભગવંતની ટચલી આંગળી પાસે મૂકે તો સુવર્ણ અને તાંબાના રૂપમાં જેટલું અંતર લાગે તેટલું ભગવંતના અને દેવતાના એકત્ર કરેલ રૂપમાં લાગે.

ગણાઈરે-રૂવં, ધરણિધરપ્પ-વરાઈરેઅ-સારં ॥ ૧૫ ॥ કુસુમલયા ॥

સત્તે અ સયા અજિઅં, સારીરે અ બલે અજિઅં ॥ તવ સંજમે અ અજિઅં, એસ થુણામિ જિણં અજિઅં ॥ ૧૬ ॥ ભુઅગ-પરિરિંગિઅં.

અર્થ :- નિર્મળ ચંદ્રની પ્રભા કરતાં અધિક સૌમ્યતાવાળા, વાદળ રહિત સૂર્યના કિરણો કરતાં અધિક તેજવાળા, ઈન્દ્રના સમુદાય કરતાં અધિક રૂપવાળા, મેરુપર્વત કરતાં અધિક સ્થિરતાવાળા, વળી સત્ત્વ (વ્યવસાય)માં નિરંતર અજિત (નહિ જીતાય એવા), શરીર સંબંધી બળમાં પણ અજિત તપ અને [1]સંયમને વિષે અજિત એવા પ્રકારે હું અજિતનાથ જિનને સ્તવું છું. ૧૫-૧૬.

---

૧. સંયમ સત્તર પ્રકારે છે તે આ પ્રમાણે-પાંચ ઈન્દ્રિય અને ચાર કષાયનો જય, પાંચ અવ્રતનો ત્યાગ અને ત્રણ યોગ (મન, વચન, કાયા)નું નિવર્તન, સંયમના ૧૭ પ્રકાર બીજી રીતે પણ છે, તે આ પ્રમાણે ૧ પૃથ્વીકાય સંયમ, ૨ અપ્કાય સંયમ, ૩ તેઉકાય સંયમ, ૪ વાઉકાય સંયમ, ૫ વનસ્પતિકાય સંયમ, ૬ બેઈન્દ્રિય સંયમ, ૭ તેઈન્દ્રિય સંયમ, ૮ ચૌરિન્દ્રિય સંયમ, ૯ પંચેન્દ્રિય સંયમ, ૧૦ પ્રેક્ષ્ય (જોવું) સંયમ, ૧૧ ઉપેક્ષ્ય (ઉપેક્ષા કરવી) સંયમ, ૧૨ પ્રમાર્જન સંયમ, ૧૩ અપહૃત્ય (પરઠવું) સંયમ, ૧૪ મન સંયમ, ૧૫ વચન સંયમ, ૧૬ કાય સંયમ અને ૧૭ અજીવ (ઉપકરણ) સંયમ.

શબ્દાર્થ

સોમગુણેહિં - સૌમ્ય ગુણવડે.
પાવઇ - પામે - પહોંચે.
તં - તે (અજિતનાથ અથવા શાન્તિનાથ)ને.
નવસરયસસી - નવીનશરદઋતુનો ચંદ્ર.
તેઅગુણેહિં - તેજ ગુણવડે.
નવસરયરવી - નવીન શરદઋતુનો સૂર્ય.
રૂવગુણેહિં - રૂપ ગુણવડે.
તિઅસગણવઇ - દેવસમુદાયના સ્વામી (ઇન્દ્ર).
સારગુણેહિં - સ્થૈર્ય ગુણ વડે.
ધરણિધરવઇ - મેરુ પર્વત.
તિત્થવર - શ્રેષ્ઠ તીર્થના.
પવત્તયં - પ્રવર્તક.
તમરયરહિયં - અજ્ઞાન અને કર્મ-રજથી રહિત.
ધીરજણ - બુદ્ધિવાન પુરૂષો વડે.
થુઅચ્ચિઅં - સ્તુતિ કરાયેલ અને પૂજાએલ.
ચુઅકલિકલુસં - ગયાં છે વૈર અને મલિનતા જેના એવા.
સંતિસુહ - મોક્ષ સુખના.
તિગરણપયઓ - મન, વચન, અને કાયાએ સાવધાન છતો.
સંતિં - શાન્તિનાથને.
મહામુણિં - મહાજ્ઞાનીને.
સરણં - શરણે.
ઉવણમે - જાઉં છું.
વિણઓણય - વિનયવડે નમેલા.
સિરરઇઅંજલિ - મસ્તકવિષે જોડી છે અંજલી જેણે એવા.
રિસિગણસંથુઅં - ઋષિઓના સમુદાય વડે રૂડે પ્રકારે સ્તુતિ કરાયેલા.
થિમિઅં - નિશ્ચળ.
વિબુહાહિવ - દેવોના અધિપતિ (ઇન્દ્ર).
ધણવઇ - કુબેર (અને).
નરવઇ - ચક્રવર્તી વડે.
થુઅમહિઅચ્ચિઅં - સ્તવાયેલા નમન કરાયેલા અને પૂજાયેલા.
બહુસો - ઘણીવાર.
અઇરુગ્ગય - તત્કાળ ઉગેલ.
સરયદિવાયર - શરદઋતુના સૂર્ય કરતાં.
સમહિઅ - અત્યંત અધિક.
સપ્પભં - શોભનિક કાન્તિવાળા.
તવસા - તપવડે.
ગયણંગણ - આકાશને વિષે.
વિયરણસમુઇઅ - વિચારવા વડે એકઠા થયેલ.

ચારણવંદિઅં - ચારણમુનિઓ વડે વંદાયેલા.
સિરસા - મસ્તકવડે.
અસુરગરુલ - અસુરકુમાર અને સુવર્ણકુમાર વગેરે ભવનવાસી દેવોવડે.
પરિવંદિઅં - સમસ્ત પ્રકારે વંદાયેલા.
કિન્નરોરગ - કિન્નર અને મહોરગ વગેરે વ્યંતર દેવોવડે.
નમંસિઅં - નમસ્કાર કરાયેલા.
દેવકોડિસય - સેંકડો કોટિ વૈમાનિક દેવવડે.
સંથુઅં - સ્તુતિ કરાયેલા.
સમણસંઘ - શ્રમણસંઘ વડે.
પરિવંદિઅં - સમસ્ત પ્રકારે વંદાયેલ.
અભયં - ભયરહિત.
અણહં - પાપરહિત.
અરયં - અનાસક્ત.
અરુયં - રોગરહિત.
અજિઅં - નહિ જીતાયેલા.
અજિઅં - અજિતનાથને.
પયઓ - આદરવડે.
પણમે - હુ નમું છું.
ખિજ્જિઅયં - ખિદ્યતક છંદ.
કિસલયમાલા - કિસલયમાલાછંદ.
લલિઅયં - લલિતક છંદ.
સુમુહં - સુમુખ છંદ.
વિજ્જુવિલસિયં - વિદ્યુત્ વિલસિત છંદ.

શ્રી શાન્તિજિન સ્તુતિ

[૧]સોમગુણેહિં [૨]પાવઇ ન [૩]તં નવ-સરય-સસી, તેઅ-ગુણેહિં પાવઇ-ન તં નવ સરય-

---

૧. ચંદ્ર, સૂર્ય, ઈંદ્ર અને મેરૂપર્વત પોતાના સૌમ્યતા, તેજ, રૂપ અને સ્થૈર્ય ગુણ વડે કરીને ભગવંતના સૌમ્યતા આદિ ગુણની સમાનતા પ્રાપ્ત કરી શકતા નથી એટલે કે ભગવંતના ગુણો અધિકતર છે.

૨. પામઇ એવો પાઠ હોય ત્યાં પણ **પ્રામતિ** ગત્યર્થક હોવાથી એવો જ અર્થ થાય છે.

૩. અહિ **તત્** શબ્દ પૂર્વોક્ત અજિતનાથ લીધા છે. પરંતુ હવે પછી કહેવાના શાન્તિનાથ લેવા એમ વૃદ્ધો કહે છે. કેમ કે અજિતનાથની સ્તુતિ આવા જ ગુણો વડે પ્રથમ કરાઈ છે. તેમજ **તત્** શબ્દનો અર્થ **વક્ષ્યમાણ** પણ કરી શકાય છે.

રવી, રૂવગુણેહિં પાવઇ ન તં તિઅ-સગણવઇ, સારગુણેહિં પાવઇ, ન તં ધરણિધરવઇ ॥ ૧૭ ॥ ખિજ્જિઅયં ॥

અર્થ :- સૌમ્યગુણ વડે નવીન શરદઋતુનો ચંદ્ર તે (અજિતનાથ)ને પામી ન શકે, તેજ ગુણવડે નવીન શરદઋતુનો સૂર્ય તેનં પહોંચે નહિ, રૂપ ગુણવડે ઇંદ્ર તેને પહોંચે નહિં અને સ્થૈર્ય ગુણવડે મેરૂપર્વત તેને પહોંચે નહિં અર્થાત્ તેની સમાન થઈ શકે નહિ. ૧૭.

[૧]તિત્થવર-પવત્તયં તમરય-રહિયં, ધીરજણથુઅચ્ચિઅં ચુઅ-કલિકલુસં ॥ સંતિસુહપ્પવત્તયં, તિગરણ-પયઓ, સંતિમહં મહા-મુણિં સરણમુવણમે ॥ ૧૮॥ લલિઅયં ॥

અર્થ :- શ્રેષ્ઠ તીર્થ (ચતુર્વિધ સંઘ)ના પ્રવર્તક, અજ્ઞાન અને કર્મ (બાંધેલા અને નવા બંધાતા) રજથી રહિત (અથવા તમો અને રજોગુણથી રહિત), પંડિત પુરુષોવડે વાણીથી સ્તુતિ કરાયેલ અને પુષ્પાદિવડે પુજાયેલ, ગયા છે વૈર (કલહ) અને મલીનતા

૧. તિત્થયર એવો પાઠ પણ છે ત્યાં તીર્થંતર એટલે પ્રકૃષ્ટ તીર્થ એવો થાય છે. અથવા શાન્તિસુખપ્રવૃત્તદં શાન્તિ સુખને માટે પ્રવર્તનાર (સંયમો)ને પાલન કરનારા એવો પણ અર્થ થાય છે.

જેનાં એવા, મોક્ષસુખના પ્રવર્ત્તક અને મહાજ્ઞાની (સર્વજ્ઞ) શાન્તિનાથને, મન, વચન, કાયાએ કરી સાવધાન થયો છતો હું શરણે જાઉં છું. ૧૮.

શ્રી અજિતજિન સ્તુતિ

વિણઓણય-સિરરઇ-અંજલિ-રિસિ-
ગણ-સંથુઅં [1]થિમિઅં, [2]વિબુહાહિવ-
ધણવઇ-નરવઇ-થુઅ-મહિ-અચ્ચિઅં
બહુસો ॥ અઇ-રુગ્ગય-સરયદિવાયર-
સમહિઅ-સપ્પભં તવસા, ગયણં-ગણ-
વિયરણ-સમુઇઅ-ચારણ-વંદિઅં સિરસા
॥ ૧૯ ॥ કિસલયમાલા ॥

અસુર-ગરુલ-પરિવંદિઅં, કિન્નરોરગ-
નમંસિઅં ॥ [3]દેવકોડિસય-સંથુઅં, સમણ-
સંઘ-પરિવંદિઅં ॥ ૨૦ ॥ સુમુહં ॥
અભયં[4] અણહં, [5]અરયં અરુયં ॥ અજિઅં,

---

૧. મનના શુભ-અશુભ વિકલ્પરહિત હોવાથી તરંગ વિનાના સમુદ્ર જેવા નિશ્ચલ.
૨. વિબુધ એટલે પંડિત-સારા કવિ તેના અધિપ એવો અર્થ પણ થાય છે.
૩. જઘન્ય પણ એક ક્રોડ દેવતા ભગવંતની સેવામાં હોય છે.
૪. પાશયતિ મલિનયતિ તત્ પાપમ્ આત્માને મલિન કરે તે પાપ.
૫. અરજં કર્મરજરહિત એવો અર્થ પણ થાય છે.

અજિઅં, પયઓ પણમે ॥ ૨૧ ॥ વિજ્જુ-વિલસિઅં (ત્રિભિર્વિશેષકમ્)

અર્થ :- વિનયવડે નમેલા મસ્તકને વિષે જોડી છે અંજલી જેમણે એવા, ઋષિસમુદાય વડે રૂડે પ્રકારે સ્તુતિ કરાયેલા નિશ્ચળ ઈન્દ્ર, કુબેર (ઉપલક્ષથી ચારે લોકપાલ) અને ચક્રવર્તિ આદિ વડે ઘણીવાર વચનવડે સ્તુતિ કરાયેલા, પ્રણામાદિવડે નમન કરાયેલા અને પુષ્પાદિવડે પૂજાયેલા, તપવડે તત્કાળ ઉદય પામેલા શરદઋતુના સૂર્ય કરતાં અત્યંત અધિક શોભનિક કાન્તિવાળા આકાશને વિષે વિચરવા વડે એકઠા થયેલા ચારણ મુનિઓ (જંઘાચારણ અને વિદ્યાચારણ[1]) વડે. મસ્તકે કરીને વંદાયેલા, અસુરકુમાર, સુવર્ણકુમાર વગેરે ભવનવાસી દેવોવડે સમસ્ત પ્રકારે વંદાયેલા, કિન્નર અને મહોરગ વ્યંતર દેવોવડે નમસ્કાર કરાયેલા, સેંકડો કોટી વૈમાનિક દેવોવડે સ્તુતિ કરાયેલા શ્રમણસંઘ (અથવા સાધુ સમુદાય) વડે સમસ્ત પ્રકારે વંદાયેલા, ભયરહિત, પાપરહિત, આસક્તિ (વિષયવાસના) રહિત, રોગરહિત અને અજિત (બાહ્ય અને અભ્યંતર શત્રુવડે નહીં જીતાયેલા) એવા શ્રી અજિતનાથને આદરવડે પ્રણામ કરું છું. ૧૯-૨૦-૨૧.

શબ્દાર્થ

આગયા - આવેલા.
વરવિમાણ - શ્રેષ્ઠ વિમાન.
દિવ્વકણગ - મનોહર સુવર્ણમય.
રહતુરય - રથ અને અશ્વના.
પહકરસએહિં - સમૂહના સેંકડો વડે કરી.

---

૧. ચારણમુનિ મુખ્ય બે પ્રકારના છે-જંઘાચારણ અને વિદ્યાચારણ. એ સિવાય બીજા અનેક પ્રકારના ચારણમુનિઓ જ્યોતિરશ્મી ચારણ વગેરે શ્રી પ્રવચનસારોદ્ધારાદિમાં બતાવેલા છે.

હુલિઅં - શીઘ્ર.
સસંભમોઅરણ - ઉતાવળે આકાશથી ઉતરવા વડે.
ખુભિઅલુલિઅ - ક્ષુભિતચિત્તવાળા છતે ડોલતા.
ચલકુંડલ - ચંચળ કુંડલ.
અંગયતિરીડ - બાજુબંધ અને મુકુટ.
સોહંતમઉલિમાલા - શોભતી છે મસ્તકની માળા જેમની એવા.
જં - જે ભગવંતને.
સુરસંઘા - દેવસમુદાયો.
સાસુરસંઘા - અસુરના સમુદાયે સહિત.
વેરવિઉત્તા - વૈર રહિત.
ભત્તિસુજુત્તા - ભક્તિવડે સહિત.
આયરભૂસિય - આદરવડે શોભિત.
સંભમપિંડિઅ - ઉતાવળે એકત્ર થયેલા.
સુટ્ઠુસુવિમ્હિય - અતિશય વિસ્મિત થયેલ છે.
સવ્વબલોઘા - સર્વ જાતના સૈન્યના સમૂહ જેમના એવા.
ઉત્તમકંચણરયણ - શ્રેષ્ઠ સુવર્ણ અને રત્નવડે.
ભાસુરભૂસણ - દેદીપ્યમાન આભૂષણ વડે.
ભાસુરિઅંગા - શોભાયમાન છે અંગો જેમનાં એવા.
ભત્તિવસાગય - ભક્તિને લીધે આવેલા (અને)
ગાયસમોણય - શરીરવડે નમેલા.
પંજલિપેસિય - અંજલી વડે કર્યો છે.
સીસપણામા - મસ્તકવડે પ્રણામ.
વંદિઊણ - વાંદીને.
થોઊણ - સ્તુતિ કરીને.
તો - પછી.
તિગુણમેવ - ત્રણ વખતજ.
પુણો - ફરીથી.
પયાહિણં - પ્રદક્ષિણા કરીને.
પણમિઊણ - પ્રણામ કરીને.
સુરાસુરા - સુરો અને અસુરો.
પમુઇઆ - આનંદિત થયેલા.
સભવણાઈ - પોતાના ભવનો પ્રત્યે.
ગયા - જતા હવા.
તં - તે.
મહામુણિં - મહામુનિઓને.
અહંપિ - હું પણ.
પંજલી - અંજલી કરી છે જેણે એવો.
રાગદોષ - રાગ-દ્વેષ.
ભયમોહવજ્જિઅં - ભય અને મોહથી રહિત.
દેવદાણવ - દેવ દાનવ (અને).
નરિંદવંદિઅં - રાજાઓ વડે વંદાયેલા.
સંતિં - શાન્તિનાથને.
ઉત્તમં - ઉત્તમ.

મહાતવં - વિશાળ તપવાળા.
નમે - નમસ્કાર કરું છું.

રયણમાલા - રત્નમાલા છંદ.
ખિત્તયં - ક્ષિપ્તક છંદ.

આગયાવરવિમાણ-દિવ્વકણગ-રહતુરય-પહકરસએહિં હુલિઅં ॥ સસંભમોઅરણ-ખુભિઅ-લુલિય-ચલ-કુંડલંગય-તિરીડ-સોહંતમઉલિમાલા ॥ ૨૨ ॥ વેડ્ઢઓ ॥

જં સુરસંઘા સાસુરસંઘા વેરવિઉત્તા ભત્તિ-સુજુત્તા, આયર-ભૂસિય સંભમપિંડિઅ-સુટ્ઠુસુવિમ્હિય-સવ્વબલોઘા ॥ ઉત્તમ કંચણ-રયણ-પરુવિયભાસુર-ભૂસણ-ભાસુરિ-અંગા, ગાય-સમોણય-ભત્તિ-વસા-ગય-પંજલિ-પેસિય-સીસપણામા ॥ ૨૩ ॥ ॥ રયણમાલા ॥

વંદિઊણ થોઊણ તો જિણં, તિગુણમેવ ય પુણો [1]પયાહિણં ॥ પણમિઊણ ય જિણં સુરાસુરા, પમુઈઆ સભવણાઈં તો ગયા ॥ ૨૪ ॥ ખિત્તયં ॥

---

૧. પ્રદક્ષિણા કરાયેલ છે જેને - પ્રદક્ષિણા કરાયેલ એવા ભગવંત એ પ્રકારે ભગવંતનું વિશેષણ લેવાથી અર્થ થાય છે. અહિં કૃત્વા અધ્યાહાર છે.

તં મહામુણિમહંપિ પંજલી, રાગદોસ-ભય-મોહવજ્જિયં ॥ દેવદાણવ-નરિંદ-વંદિઅં, સંતિ-મુત્તમં મહાતવં નમે ॥ ૨૫ ॥ ખિત્તયં ॥

અર્થ :- શ્રેષ્ઠ, વિમાન, મનોહર સુવર્ણમય રથ અને અશ્વના સેંકડો સમૂહવડે કરી શીઘ્ર આવેલા, ઉતાવળે આકાશ થકી ઉતરવાવડે ક્ષુભિત ચિત્તવાળા છતે ડોલતા, ચંચળ કુંડળ, બાજુબંધ અને મુકુટ તથા શોભતી છે મસ્તકની માળા જેમની એવા; વળી અસુરના સમૂહે કરી સહિત, વૈરરહિત, ભક્તિએ કરી સહિત (અથવા भक्तिसंयुक्ता ભક્તિને વિષે સારી રીતે પ્રેરાયેલા) આદર વડે શોભિત, ઉતાવળે એકત્ર થયેલ અને અતિશય વિસ્મિત થયેલ છે સર્વ જાતનાં કટ (સૈન્ય) સમૂહ જેમનાં એવા, શ્રેષ્ઠ સુવર્ણ અને રત્નવડે વિશેષ રૂપયુક્ત કરેલા દેદીપ્યમાન આભૂષણો વડે શોભાયમાન છે અંગો જેમનાં એવા, શરીરવડે નમેલા, ભક્તિને લીધે આવેલા અને અંજલી પૂર્વક કર્યો છે મસ્તકવડે પ્રણામ જેણે એવા દેવસમુદાયે; જે ભગવંતને વાંદીને (નમન કરીને) અને તે વાર પછી વાણીવડે સ્તુતિ કરીને ત્યારપછી ત્રણ વાર પ્રદક્ષિણા કરીને ફરીને જિનને પ્રણામ કરીને દેવ-દાનવ આનંદિત થયા થકા ત્યાંથી પોતાના ભવન પ્રત્યે પાછા ગયા; મહામુનિઓ છે શિષ્ય જેમના એવા, રાગ, દ્વેષ, ભય અને મોહથી રહિત, દેવ, દાનવ અને રાજાઓ વડે વંદાયેલા, શ્રેષ્ઠ અને વિશાળ તપવાળા એવા તે શાન્તિનાથને; અંજલી કરી છે જેણે એવો હું નમસ્કાર કરું છું. ૨૨-૨૩-૨૪-૨૫.

શબ્દાર્થ

અંબરંતર - આકાશના અંતરાલે.
વિઆરણિઆહિં - વિચરનારી.
લલિઅહંસવહુ - મનોહરહંસીની પેઠે.
ગામિણિઆહિં - ગમન કરનારી.
પીણસોણિથણ - પુષ્ટ કટીતટ અને સ્તનવડે.
સાલણિઆહિં - શોભતી.
સકલકમલદલ - ખીલેલા કમળનાં પાંદડાં જેવાં.
લોઅણિઆહિં - નેત્રવાળી.
પીણનિરંતર - મોટા અને ગાઢ (અંતર રહિત).
થણભર - સ્તનના ભારવડે.
વિણમિઅ - વિશેષ નમેલાં છે.
ગાયલઆહિં - ગાત્ર જેનાં એવી.
મણિકંચણ - મણિ અને સુવર્ણની.
પસિઢિલ - વિશેષે શિથિલ.
મેહલસોહિઅ - મેખલા વડે શોભાયમાન છે.
સોણિતડાહિં - કટીપ્રદેશ જેનો એવી.
વરખિંખિણીનેઉર - શ્રેષ્ઠ ઘુઘરીઓ, ઝાંઝર.
સતિલયવલય - સુંદર તિલક અને કંકણવડે.
વિભૂસણિઆહિં - વિશેષે શોભિત એવી.
રઈકર - પ્રીતિ કરનારું.
ચઉરમણોહર - ચતુર જનના મનને હરણ કરનારું. (અને)
સુંદર દંસણિઆહિં - સુંદર છે દર્શન જેનું એવી.
દેવસુંદરીહિં - દેવાંગનાઓ વડે.
પાયવંદિઆહિં - પગમાં વંદન કરતી.
વંદિઆ - વંદાયેલા.
જસ્સ - જે ભગવંતના.
તે - તે બે.
સુવિક્કમા - રૂડી ગતિ વાળા.
કમા - ચરણો.
અપ્પણો - પોતાના.
નિડાલએહિં - લલાટ વડે.
મંડણોડ્ડણ - આભૂષણની રચનાના.
પ્પગારએહિં - પ્રકાર વડે.
કેહિં - કેવા (પ્રકારો) વડે.
અવંગતિલય - અપાંગ, તિલક.
પત્તલેહનામએહિં - પત્રલેખ નામના.
ચિલ્લએહિં - દેદીપ્યમાન.
સંગય - મળ્યો છે.
અંગયાહિં - અંગો જેનાં એવી.
ભત્તિસન્નિવિટ્ઠ - ભક્તિવડે વ્યાપ્ત.
વંદણ - વંદન કરવાને.
આગયાહિં - આવેલી.
હુંતિ - છે.

તં - તેને.
અહં - હું.
જિણચંદ - જિનચંદ્રને.
અજિઅં - અજિતનાથને.
જિઅમોહં - જીત્યો છે મોહ જેણે એવા.
ધુય - ટાળ્યાં છે.
સવ્વકિલેસં - સર્વદુઃખો જેણે એવા.
પયઓ - આદર વડે.
પણમામિ - પ્રણામ કરૂં છું.
દીવયં - દીપક છંદ.
ચિત્તક્ખરા - ચિત્રાક્ષર છંદ.

શ્રીઅજિતજિન સ્તુતિ

અંબરંતર-વિઆરણિઆહિં, લલિઅ-હંસવહુ-ગામિણિઆહિં ॥ પીણસોણિથણ-સાલિણિઆહિં, સકલ-કમલદલ-લોઅણિ-આહિં ॥ ૨૬ ॥ દીવયં ॥

[૧]પીણ-[૨]નિરંતર-થણભર-[૩]વિણમિઅ-ગાયલઆહિં, મણિકંચણપસિઢિલ-મેહલ-સોહિઅ-સોણિતડાહિં ॥ વરખિંખિણિ નેઉર-સતિલય-વલય-વિભૂસણિ-આહિં, રઈકર-ચઉર [૪]મણોહર-સુંદર-દંસણિઆહિં ॥ ૨૭ ॥ ચિત્તક્ખરા ॥

૧. પ્રીણ કામીજનને ખુશી કરે એવા. ૨ વ્યવધાન (અંતર) રહિત. ૩ નાજુક અને કોમળ શરીર હોવાથી નમી ગયેલાં.

૪. મનોહર મનને અન્યત્ર ગમનનો નિષેધ કરવાથી મનને અટકાવનાર એવો અર્થ થાય છે.

દેવસુંદરીહિં પાયવંદિઆહિં વંદિઆ ય જસ્સ તે સુવિક્કમા કમા, અપ્પણો નિડાલએહિં મંડણોડ્ડણપ્પગારએહિં, કેહિં કેહિં વિ ॥ અવંગતિલય પત્તલેહ નામએહિં ચિલ્લએહિં સંગયં-ગયાહિં, ભત્તિસન્નિવિટ્ઠ-વંદણાગયાહિં હુંતિ તે વંદિઆ પુણો પુણો ॥ ૨૮ ॥ નારાયઓ ॥

તમહં જિણચંદં, અજિઅં જિઅમોહં ॥ ધુયસવ્વકિલેસં, પયઓ પણમામિ ॥ ૨૯ ॥ નંદિઅયં ॥ (ચતુર્ભિઃ કલાપકમ્)

અર્થ :- આકાશના અંતરાલે વિચરનારી, મનોહર હંસીની પેઠે ગમન કરનારી, પુષ્ટ કટીપ્રદેશ અને સ્તનવડે શોભાયમાન, સંપૂર્ણ (ખીલેલા) કમળના પત્ર જેવાં લોચન (નેત્ર)વાળી; મ્હોટા અને ગાઢ સ્તનના ભારવડે વિશેષે નમેલાં છે ગાત્ર (શરીર) જેનાં એવી; મણિ અને સુવર્ણની બનાવેલ વિશેષે શિથિલ (ઢીલી) મેખલા (કંદોરા) વડે શોભાયમાન છે કટીપ્રદેશ જેનો એવી, શ્રેષ્ઠ ઘુઘરીઓ, ઝાંઝર, સુંદર તિલક અને કંકણ (વલયવડે) વિશેષે સુશોભિત એવી; પ્રીતિ કરનારું, ચતુરજનના મનને હરણ કરનારું અને સુંદર છે દર્શન (દેખાવ-રૂપ) જેનું એવી; અલંકારો અથવા શરીરના કિરણોનો સમૂહ છે જેને એવી, આભૂષણની રચનાના પ્રકારો વડે ને વળી કેવા કેવા પ્રકાર વડે ? દેદીપ્યમાન

અપાંગ (નેત્રને વિષે અંજનની રચના), તિલક અને પત્રલેખ (કસ્તુરી વગેરેની કપોળ સ્થળ ઉપર કરેલી પત્રલેખા) નામ છે જેનાં એવા મળેલાં છે અંગો જેનાં એવી, ભક્તિ વડે વ્યાપ્ત એવું વંદન કરવાને આવેલી એવી દેવાંગનાઓ વડે, પોતાના લલાટે કરીને જે ભગવંતનાં રૂડી ગતિ (ચાલ)વાળા (અથવા રૂડા પરાક્રમવાળા) તે બે ચરણો વંદાયેલ છે અને વળી ફરીથી વંદાયેલ છે; જીત્યો છે મોહ (મોહનીય કર્મ) જેણે એવા અને ટાળ્યાં છે સર્વ પ્રકારનાં દુઃખો અને કષાય જેણે એવા તે અજિતનાથ જિનચંદ્રને આદરસહિત હું નમસ્કાર કરું છું. ૨૬-૨૭-૨૮-૨૯.

શબ્દાર્થ

થુઅ - સ્તુતિ કરાયેલા (અને).
વંદિઅયસ્સા - વંદન કરાયેલા.
રિસિગણ - ઋષિસમુદાય (અને).
દેવગણેહિં - દેવસમૂહ વડે.
તો - તે પછી.
દેવવહૂહિં - દેવીઓ વડે.
પયઓ - સાવધાનપણે.
પણમિઅસ્સા - પ્રણામ કરાયેલા.
જસ્સ - મોક્ષ આપવાને શક્તિવાન.
જગુત્તમ - જગતને વિષે ઉત્તમ.
સાસણઅસ્સા - શાસન છે જેમનું એવા.
ભત્તિવસાગય - ભક્તિને વિશે આવવાથી.
પિંડિઅયાહિં - એકત્ર થયેલા.
દેવવરચ્છરસા - નર્તકવાદ શ્રેષ્ઠ દેવ અને નૃત્ય કુશળ દેવાંગનાઓ વડે યુક્ત.
બહુઆહિં - બહુ.
સુરવર - દેવોની સાથે શ્રેષ્ઠ.
રઇગુણ - ક્રીડારૂપ ગુણને વિષે.
પંડિઅયાહિં - પંડિતા, ડાહી.
વંસસદ્દ - વેણુધ્વનિ.
તંતિતાલમેલિએ - વીણા અને પટહાદિ મળ્યે છતે.
તિઉક્ખર - ત્રિપુષ્કર નામના વાજિંત્રના.
અભિરામ - મનોહર.
સદ્દમીસએકએ - શબ્દ વડે મિશ્રિત કર્યે છતે.
સુઇસમાણણેઅ - સાંભળવાનું સમાનપણું કર્યે છતે.
સુદ્ધ - શુદ્ધ ઉચ્ચારવાળું.
સજ્જગીય - અધિક ગુણવાળા ગીતવડે સહિત.

પાયજાલ - પગને વિષે જાળના આકારવાળી.
ઘંટિઆહિં - ઘુઘરીઓ વડે ઉપલક્ષિત છતે.
વલયમેહલા - બલૈયાં, કંદોરો.
કલાવનેઉર - કલાપ અને ઝાંઝરના.
અભિરામસદ્દ - મનોહર શબ્દ વડે.
મીસએકએ - મિશ્રિત કર્યે છતે.
દેવનટ્ટિઆહિં - દેવનર્તકીઓ વડે.
હાવભાવવિબ્ભમ - હાવભાવ અને વિલાસના.
પ્પગારએહિં - પ્રકારવાળા.
નચ્ચિઊણ - નૃત્ય કરીને.
અંગહારએહિં - અંગના વિક્ષેપે કરીને.
વંદિઆ - વંદાયેલા.
જસ્સ - જે (ભગવાન)નાં.
તયં - તે (શાન્તિનાથ).
તિલોયસવ્વસત્ત - ત્રણ ભુવનના સર્વ પ્રાણીઓને.
સંતિકારયં - શાન્તિના કરનારા.
પસંત - વિશેષે શાન્ત થયા છે.
સવ્વપાવદોસં - સર્વ પાપ અને દોષ જેના એવા.
એસ - આ.
અહં - હું.
છત્તચામરપડાગ - છત્ર, ચામર, પતાકા.
જૂઅજવમંડિઆ - યૂપ અને જવવડે સુશોભિત.
ઝયવર - શ્રેષ્ઠ ધ્વજ.
મગરતુરય - મગર, અશ્વ (અને).
સિરિવચ્છસુલંછણા - શ્રીવત્સ એવાં શોભાયમાન છે લાંછન જેમને એવા.
દીવસમુદ્દમંદર - દ્વીપ, સમુદ્ર મેરૂ પર્વત (અને).
દિસાગયસોહિયા - દિગ્ગજ વડે સુશોભિત.
સત્થિઅવસહ - સ્વસ્તિક, વૃષભ.
સીહરહ - સિંહ, રથ (અને).
ચક્કવરંકિયા - ચક્રવડે શ્રેષ્ઠ રીતે ચિહ્નિત.
સહાવલટ્ઠા - સ્વભાવે કરીને શોભાયમાન.
સમપઈટ્ઠા - સરખી ભૂમિને વિષે રહેલાં.
અદોસદુટ્ઠા - દોષ વડે અદુષ્ટ.
ગુણેહિં - ગુણો વડે.
જિટ્ઠા - જ્યેષ્ઠ, મોટા.
પસાયસિટ્ઠા - નિર્મળતા વડે શ્રેષ્ઠ.
તવેણ - તપ વડે.
પુટ્ઠા - પુષ્ટ.
સિરીહિં - લક્ષ્મીદેવી વડે.
ઈટ્ઠા - પૂજિત.
રિસીહિં - મુનિઓ વડે.
જુટ્ઠા - સેવાયેલા.

તવેણ - તપ વડે.
ધુયસવ્વપાવયા - ટાળ્યાં છે સર્વ પાપ જેમણે એવા.
સવ્વલોઅ - સર્વ લોકના.
હિઅમૂલપાવયા - હિતના મૂળને પ્રાપ્ત કરાવનાર.
સંથુઆ - સ્તુતિ કરાયેલા.
પાયયા - પૂજ્ય.
હુંતુ - થાઓ !
સિવસુહાણ - મોક્ષસુખના.
દાયયા - આપનાર.
ભાસુરયં - ભાસુરક છંદ.
વાણવાસિયા - વાનવાસિકા છંદ.
અપરાંતિકા - અપરાંતિકા છંદ.

થુઅ-વંદિઅયસ્સા રિસિગણ-દેવગણેહિં, તો દેવવહૂહિં પયઓ પણ [1]મિઅસ્સા, [2]જસ્સ જગુત્તમસાસણઅસ્સા, ભત્તિવસા ગય-પિંડિઅયાહિં ॥ દેવવરચ્છરસા બહુઆહિં, [3]સુરવર-રઈગુણ-પંડિઅયાહિં ॥ ૩૦ ॥ ભાસુરયં ॥

વંસસદ-તંતિ-તાલ-મેલિએ [4]તિઉક્ખરા-

---

૧. નમંસિયસ્સા (નમંસ્યિતસ્ય) ઈતિ પાઠાન્તરં ભગવંત સમીપે પ્રથમ ગણધર નમસ્કાર કરે, ત્યારબાદ દેવો અને પછી દેવીઓ નમસ્કાર કરે, તે ક્રમ અહીં દર્શાવ્યો છે.

૨. જસૂચ મોક્ષણે જસૂ ધાતુ મોક્ષ કરવાના અર્થમાં છે. તેથી જાસ્ય એટલે મોક્ષ પ્રાપ્ત કરવાને શક્તિવાન.

૩. શ્રેષ્ઠ દેવોને પ્રીતિ જે થકી થાય એવા (સંગીત કુશળતા વગેરે) ગુણોને વિષે પંડિતા-વિદુષી એવી દેવનર્તકી એવો અર્થ પણ થાય છે.

૪. એક મુખવાળા અને બે મુખવાળા વાજિંત્ર મળીને ત્રણ મુખવાળું વાજીંત્ર તે ત્રિપુષ્કર.

ભિરામ-સદમીસએ કએ અ, સુઈ-
સમાણ-ણેઅ- [1]સુદ્ધ-સજ્જ[2] ગીય-પાય-
જાલ-ઘંટિયાહિં, વલય- મેહલા-કલાવ
ને ઉરાભિરામ-સદમીસએ કએ અ ॥
[3]દેવનટ્ટિઆહિં [4]હાવ [5]ભાવ-વિબ્ભ-
[6]મપ્પગાર [7]એહિં, નચ્ચિઊણ [8]અંગહાર-
એહિં વંદિઆ ય જસ્સ તે સુવિક્કમા કમા,
તયં તિલોય-સવ્વસત્તસંતિકારયં, પસંત-
સવ્વ-પાવ-દોસમેસહં નમામિ સંતિ-મુત્તમં
જિણં ॥ ૩૧ ॥ નારાયઓ ॥

અર્થ :- ઋષિ સમુદાય અને દેવસમુદાય વડે સ્તુતિ કરાયેલા

---

૧. અનુનાસિકાદિ દોષરહિત શુદ્ધ ઉચ્ચારવાળું.
૨. ષડ્જ મયૂર, શંખ આદિના શબ્દો વડે (સદ્) સારું અથવા સદ્યઃ તત્કાળ ગાયેલું. એવો અર્થ થાય છે.
૩ નૃત્યકળામાં કુશળ એવી દેવાંગનાઓ.
૪. મુખની ચેષ્ટાદિ બહુ કામવિકારનો અભિપ્રાય.
૫. ચિત્તમાં રહેલ અલ્પ કામવિકારનો અભિપ્રાય.
૬. વાણી, વસ્ત્ર અને ભૂષણ વગેરેનું ભ્રમથી સ્થાન બદલાવું અથવા વિલાસ.
૭. નેત્ર, મુખ વગેરેના વિકારી ફેરફાર.
૮. હાથ, આંગળી પ્રમુખ અંગના-અભિનય વડે.
૯. શોભિત પંડિત જનોનો આચાર જેમને સમીપે છે એવા. એવો અર્થ પણ થાય છે.

અને વંદન કરાયેલા. તે પછી દેવીઓ વડે સાવધાનપણે પ્રણામ કરાયેલા અને મોક્ષ આપવાને શક્તિમાન હોવાથી જગતને વિષે ઉત્તમ છે શાસન (આજ્ઞા) જેમનું એવા જે ભગવંત તેમનાં રૂડા પરાક્રમવાળાં તે બે ચરણકમળો ભક્તિના વિશે આવવાથી એકત્ર થયેલી, ઘણા નર્તકવાદ શ્રેષ્ઠ દેવ અને નૃત્યકુશળ દેવાંગનાઓવડે યુક્ત તથા દેવોની સાથે શ્રેષ્ઠરતિક્રીડારૂપ ગુણને વિષે પંડિતા (ડાહી) એવી દેવનર્તકીઓવડે વેણુધ્વનિ (વાંસળીનો નાદ) વીણા અને ચપટી, પટહાદિ તાલ (અથવા કાંસિ, કરતાલ વગેરેના તાલ) મળ્યે છતે ત્રિપુષ્કરનામા વાજિંત્રના મનોહર શબ્દવડે મિશ્રિત કર્યે છતે, સાંભળવાનું સમાનપણું કર્યે છતે (સર્વ શબ્દ સાંભળવામાં કાનનું સાવધાનપણું-એકાગ્રતા), શુદ્ધ તથા અધિક ગુણવાળા ગીત વડે સહિત એવી પગને વિષે જાળના આકારવાળી ઘુઘરીઓ વડે ઉપલક્ષિત છતે, વલય (બલૈયાં), કંદોરો, કલાપ (એક જાતનું આભરણ) અને ઝાંઝરના મનોહર શબ્દવડે મિશ્રિત કર્યે છતે, હાવભાવ અને વિલાસના પ્રકારવાળા અંગના વિક્ષેપે કરીને નૃત્ય કરીને વંદાયેલા છે જે, તે ત્રણ ભુવનના સર્વ પ્રાણીઓને શાન્તિના કરનાર (અથવા મોક્ષને આપનાર) અને વિશેષે શાન્ત થયાં છે સર્વ પાપ (અશુભ કર્મ) તથા દોષ (રાગ, દ્વેષ, મોહ વગેરે) જેમનાં (અથવા જેથી) એવા ઉત્તમ શાન્તિનાથ જિનને આ પ્રત્યક્ષ એવો હું નમસ્કાર કરું છું. ૩૦-૩૧.

શ્રી અજિતનાથ અને શાન્તિનાથની સ્તુતિ

છત્ત-ચામર-પડાગ[૧] જુઅ[૨] જવમંડિઆ,
[૩]ઝય-વરમગર-તુરય-સિરિ[૪] વચ્છ-

---

૧. નાની ધ્વજા. ૨. યજ્ઞસ્થંભ ૩. સિંહાદિના ચિત્રવાળો મોટો ધ્વજ.
૪. ઉત્તમ પુરુષના વક્ષઃસ્થળ (છાતી)માં આ લક્ષણ હોય છે કોઈને પગમાં પણ હોવાનો સંભવ છે.

સુલંછણા ॥ [૫]દીવ-સમુદ [૬]મંદર-દિસા [૭]ગય-સોહિઆ, સત્થિ અ વસહસીહ -રહ-ચક્કવરંકિયા ॥ ૩૨ ॥ લલિઅયં ॥

સહાવલટ્ઠા [૮]સમપ્પઈટ્ઠા, અદોસદુટ્ઠા [૯]ગુણેહિં જિટ્ઠા ॥ [૧૦]પસાયસિટ્ઠા તવેણ પુટ્ઠા, સિરીહિં ઈટ્ઠા રિસીહિં જુટ્ઠા ॥ ૩૩ ॥ વાણવાસિઆ ॥

તે તવેણ ધુઅ-સવ્વપાવયા, સવ્વલોઅ હિઅ-મૂલ-પાવયા ॥ [૧૧]સંથુઆ, અજિઅ-સંતિ-પાયયા, હુંતુ મે સિવસુહાણ [૧૨]દાયયા ॥ ૩૪ ॥ અપરાંતિકા. (ત્રિભિર્વિશેષકમ્).

---

૫. જંબૂદ્વીપ વગેરે દ્વીપ અને લવણસમુદ્ર વગેરે સમુદ્ર જાણવા.
૬. મંદિર એવો પાઠ હોય ત્યાં "પ્રાસાદ" એવો અર્થ કરવો.
૭. મેરૂપર્વતની આસપાસ ચારે દિશાએ હસ્તિના આકારના કરિકૂટો ભદ્રશાળ વનમાં છે તે
૮. **અસમપ્રતિષ્ઠા** : નિરુપમ છે પ્રતિષ્ઠા (ખ્યાતિ) જેમની એવા.
૯. રતાશ તથા કોમળતા આદિ અથવા જ્ઞાન, દર્શન, ચારિત્રાદિ ગુણો.
૧૦. **પ્રસાતશિષ્ટાઃ** એટલે ઉત્કૃષ્ટ સુખવાળા શ્રેષ્ઠ પુરુષો છે જેમની સમીપે એવા.
૧૧. **શંસ્તુતાઃ** સુખના કારણભૂત સ્તવન કર્યું છે જેમનું એવા.
૧૨. શિવસુખના દાતાર એવા અજિતનાથ અને શાન્તિનાથ પૂજ્ય મને સ્તુતિ કરાયેલા થાઓ. અર્થાત્ તેમનું નિત્ય દર્શન થાઓ એમ પણ અર્થ લઈ શકાય.

અર્થ :- છત્ર, ચામર, પતાકા, યૂપ અને જવ (લક્ષણો) વડે સુશોભિત શ્રેષ્ઠ ધ્વજ, મગર, અશ્વ અને શ્રીવત્સ એવાં શોભાયમાન છે લાંછનો જેમને એવા, દ્વીપ સમુદ્ર મેરુ પર્વત અને દિગ્ગજકૂટવડે સુશોભિત, સ્વસ્તિક (સાથિયો), વૃષભ, સિંહ, રથ અને ચક્રવડે શ્રેષ્ઠ રીતે ચિહ્નિત (લક્ષણવાળા); સ્વભાવે (સ્હેજે) કરીને શોભાયમાન. સરખી રીતે ભૂમિ ઉપર પ્રતિષ્ઠિત, રાગાદિ દોષવડે વિકાર નહી પામેલા, ગુણોવડે મોટા, નિર્મળતા (રાગાદિ દોષના નાશ) વડે શ્રેષ્ઠ, તપવડે પુષ્ટ (યુકત), લક્ષ્મીદેવી વડે પૂજાયેલા અને મુનિઓ વડે સેવાયેલા, તપવડે ટાળ્યાં છે સર્વ પાપ (શુભાશુભ કર્મ) જેમણે એવા, સર્વ લોકના હિત (મોક્ષ)ના મૂળ (જ્ઞાન, દર્શન, ચારિત્ર) ને પ્રાપ્ત કરાવનારા, રૂડે પ્રકારે સ્તુતિ કરાયેલા તે અજિતનાથ અને શાન્તિનાથ પૂજ્યો મને મોક્ષસુખ આપનારા થાઓ. ૩૨-૩૩-૩૪.

શબ્દાર્થ

એવં - એ પ્રકારે.
તવબલવિઉલં - તપ સામર્થ્ય વડે વિશાળ.
થુઅં - સ્તવ્યું.
મએ - મેં.
અજિઅસંતિજિણ - અજિતનાથ અને શાન્તિનાથ જિનનું.
જુઅલં - યુગલ-જોડી.
વવગય - ગયાં છે.
કમ્મરયમલં - કર્મરૂપ રજ અને મલ જેના એવું.
ગઈ - ગતિને.
ગયં - પ્રાપ્ત થયેલું.
સાસયં - શાશ્વતી.
વિઉલં - વિસ્તીર્ણ.
બહુગુણપ્પસાયં - બહુ ગુણના પ્રસાદવાળું.
મુક્ખસુહેણ - મોક્ષસુખવડે.
પરમેણ - ઉત્કૃષ્ટ.
અવિસાયં - વિષાદ રહિત.
નાસેઉ - નાશ કરો.
વિસાયં - વિકલતાને.

કુણઉ - કરો.
પરિસાવિ અ - સભા પણ.
પ્પસાયં - અનુગ્રહ, મહેરબાની.
તં - તે.
મોએઉ - હર્ષને આપો.
નંદિં - સમૃદ્ધિને.
પાવેઉ - પ્રાપ્ત કરાવો.
નંદિસેણં - નંદિષેણ મુનિને.
અભિનંદિં - સમસ્ત પ્રકારે આનંદ.
પરિસાવિ - સભાને પણ.
સુહનંદિં - સુખસમૃદ્ધિ.
દિસઉ - આપો.
સંજમેનંદિં - ચારિત્રને વિષે આનંદ.
પક્ખિઅ - પક્ખિ પ્રતિક્રમણને વિષે.
ચાઉમ્માસિઅ - ચોમાસી પ્રતિક્રમણને વિષે.
સંવચ્છરિએ - સંવચ્છરી પ્રતિક્રમણને વિષે.
અવસ્સ - અવશ્ય.
ભણિયવ્વો - ભણવું.
સોઅવ્વો - સાંભળવું.
સવ્વેહિં - સર્વેએ.
ઉવસગ્ગનિવારણો - વિઘ્ન નિવારણ કરનાર.
એસો - એ (છે).
પઢઇ - ભણે છે.
નિસુણઇ - સાંભળે છે.
ઉભઓ - બન્ને.
કાલંપિ - વખતે.
અજિઅસંતિથયં - અજિતશાન્તિ સ્તવ.
ન હુ - ન જ.
હુંતિ - થાય.
રોગા - રોગો.
પુવ્વુપ્પન્ના - પૂર્વે થયેલા.
વિ - પણ.
નાસંતિ - નાશ પામે છે.
જઇ - જો.
ઈચ્છહ - ઇચ્છો છો.
પરમપયં - મોક્ષ પદ.
અહવા - અથવા.
કિતિં - કીર્તિને.
સુવિત્થડં - સારી રીતે વિસ્તાર પામેલી.
ભુવણે - ત્રણ ભુવનમાં.
તા - તો.
તેલુક્ક - ત્રણ લોકનો.
ઉદ્ધરણે - ઉદ્ધાર કરનાર.
જિણવયણે - જિનેશ્વરના વચનમાં.
આયરં - આદર.
કુણહ - કરો.
વવગય - નાશ પામ્યા છે.
કલિકલુસાણં - ક્લેશ અને મલીનતા જેનાં એવા.
નિદ્ધંત - નિર્મૂળપણે.
રાગદોસાણં - રાગદ્વેષ જેમના એવા.
પુણબ્ભવાણં - પુનર્જન્મ જેમના એવા.
નમોત્થુ - નમસ્કાર હો.
તે - તે.

દેવાહિદેવાણં - દેવાધિદેવને.	સંપુણ્ણ - સંપૂર્ણ પૂર્ણિમાના.
પસમઇ - વિશેષે શાન્ત થયા છે.	ચંદવયણસ્સ - ચંદ્રના જેવા મુખવાળા.
પુણ્ણં - પુણ્ય.	કિત્તણે - કીર્તન કર્યે છતે.
વડ્ઢઇ - વધે છે.	અજિઅસંતિસ્સ - અજિતનાથ
નમંસમાણસ્સ - વંદન કરનારનાં.	અને શાન્તિનાથનું.

એવંતવ-બલ-વિઉલં, થુઅંમએ અજિઅ-સંતિ-જિણ-જુઅલં, વવગય-કમ્મ-રય-મલં, ગઈં ગયં સાસયં [1]વિઉલં ॥૩૫॥ ગાહા

અર્થ :- એ પ્રકારે તપ સામર્થ્યવડે વિશાળ ગયા છે કર્મરૂપ રજ અને મલ જેમના એવું, શાશ્વતી અને વિસ્તીર્ણ (વિપુલ સુખવાળી) ગતિને પ્રાપ્ત થયેલું એવું અજિતનાથ અને શાન્તિનાથ જિનનું યુગલ (જોડું) મેં સ્તવ્યું છે. ૩૫.

તં બહુગુણપ્પસાયં, મુક્ખસુહેણ પરમેણ [2]અવિસાયં, નાસેઉ મે વિસાયં, કુણઉ અ પરિસાવિ અ પ્પસાયં ॥ ૩૬ ॥ ગાહા

અર્થ :- જ્ઞાન-દર્શનાદિક અનેક ગુણનો પ્રસાદ છે જેને એવું (અથવા ઘણા પ્રકારની નિર્મળતાવાળું), ઉત્કૃષ્ટ મોક્ષસુખવડે વિષાદ (વિકલતા) રહિત તે યુગલ. મારા વિષાદ અથવા (વિસાત) દુઃખનો નાશ કરો, વળી સભા (આ સ્તવનને

૧. વિમલં ઇતિ પાઠાન્તરમ્.

૨. અવિસાતં - ગયું છે સુખ જેનું તે વિસાત અને ન વિસાતં અવિસાતં- સુખ રહિત નહિ અર્થાત્ સુખવાળા એવો અર્થ પણ થાય છે.

સાંભળનારી સભા) પણ મારા ઉપર અનુગ્રહ (કહેલ સ્તવનના ગુણનું ગ્રહણ અને દોષના ત્યાગરૂપ મહેરબાની) કરો. ૩૬.

અંત્ય મંગલાચરણ

તં મોએઉઅ નંદિં, પાવેઉ અ [1]નંદિસેણ-મભિનંદિં ॥ પરિસાવિ અ સુહનંદિં, મમ ય દિસઉ સંજમેનંદિં ॥ ૩૭ ॥ ગાહા.

અર્થ :- તે યુગલ ભવ્યજનોને હર્ષ કરાવો અને સમૃદ્ધિ પ્રાપ્ત કરાવો અને નંદિષેણને સમસ્ત પ્રકારે આનંદ પ્રાપ્ત કરાવો. શ્રોતાજનોની સભાને પણ સુખસમૃદ્ધિ આપો તથા મને સંયમને વિષે આનંદ આપો. ૩૭.

પક્ખિઅ ચાઉમ્માસિઅ, [2]સંવચ્છરિએ અવસ્સ ભણિઅવ્વો[3]; સોઅવ્વો સવ્વેહિં, ઉવસગ્ગ નિવારણો એસો ॥ ૩૮ ॥

---

૧. આ નંદિષેણ મુનિ શ્રેણિકના પુત્ર કે બીજા કોઈ મહર્ષિ છે તેનો બરાબર નિર્ણય થતો નથી. કેટલાક વળી એમ કહે છે કે શ્રી શત્રુંજયની ગુફામાં શ્રી અજિતનાથ અને શાન્તિનાથ વર્ષાઋતુમાં રહેલા હતા તે જગ્યાએ અનુપમ સરોવરની સમીપે અજિતનાથનું ચૈત્ય હતું અને મરુદેવી ટુંકની પાસે શાન્તિનાથનું ચૈત્ય હતું. ત્યાં શ્રી નેમિનાથજીના ગણધર નંદિષેણજીએ અજિતશાન્તિ સ્તવનની રચના કરી તેથી તે બંને ચૈત્યો પૂર્વાભિમુખ થયાં. મૂળ ગ્રંથકારે અહીં સુધી રચના કરી છે. તેમાં ૩૭ ગાથા અને ૨૪૨૪ અક્ષરો આવે છે. બાકીની ગાથાઓ અન્યની કરેલી છે.

૨. સંવચ્છરે રાઈએ અ દિઅહે ઈતિ પાઠાંતરમ્.

૩. આ સ્તવન એક જ જણે ભણવાનું કહ્યું છે. તેનું કારણ એ કે એક સાથે ઘણાના બોલવાથી કોલાહલ થાય, તેથી સર્વને ઉપયોગપૂર્વક સંભળાય નહિ તેથી એક સાથે બોલવાની પદ્ધતિ ઉચિત નથી.

અર્થ :- પક્ખી પ્રતિક્રમણને વિષે, ચૌમાસી પ્રતિક્રમણને વિષે અને સંવચ્છરી પ્રતિક્રમણને વિષે (એક જણે આ સ્તોત્ર, અવશ્ય ભણવું અન્ને સર્વ જનોએ સાંભળવું. એ સ્તવન વિઘ્નનું નિવારણ કરનાર છે. ૩૮.

જો પઢઈ જ અ નિસુણઇ, ઉભઓ કાલંપિ અજિઅસંતિથયં ॥ ન હુ હુંતિ તસ્સ [1]રોગા, પુવ્વુપ્પન્ના વિ નાસંતિ ॥ ૩૯ ॥

અર્થ :- અજિતશાન્તિ સ્તવનને જે પુરુષ બંને વખત પણ (ઉપલક્ષણથી સવાર, બપોર અને સાંજ) ભણે છે અને જે સાવધાનપણે સાંભળે છે તેને રોગો હોતા નથી. તેમજ, પૂર્વ થયેલા (રોગો) પણ નાશ પામે છે.

જઈ ઈચ્છહ પરમપયં, અહવા કિત્તિં સુવિત્થડં ભુવણે, તા તેલુક્કુદ્ધરણે, જિણ-વયણે આયરં કુણહ ॥ ૪૦ ॥[2]

અર્થ :- જો તમે મોક્ષપદને વાંચ્છતા હો અથવા ત્રણ ભુવનમાં વિસ્તાર પામેલી કીર્તિ ઈચ્છતા હો તો ત્રણ લોકનો ઉદ્ધાર કરનારા જિનવચનને વિષે આદર કરો. ૪૦.

આ અજિતશાન્તિ સ્તોત્રમાં વપરાયેલા છંદો પ્રાકૃત છંદશાસ્ત્રને અનુસારે પેજ નં. ૩૧૫ના મથાળે આપવામાં આવેલ છે.

---

૧. કાસ, શ્વાસ, ભગંદર કોઢ વગેરે રોગો અથવા સર્વ પ્રકારની પીડાઓ.

૨. આ ૪૦ ગાથા પ્રસિદ્ધ છે, તે સર્વત્ર બોલાય છે, તે સિવાય બીજી બે ગાથાઓ પણ જોવામાં આવે છે; તે પેજ નં.૩૧૫ ની નીચે છે.

છંદમાં - ગુરુ અને લઘુ અક્ષરોની ખાસ જરૂર પડે છે, ગુરુ-દીર્ઘસ્વર કે તેની સાથેનો કોઈપણ વ્યંજન, તથા અનુસ્વાર, વિસર્ગ કે જોડાએલો અક્ષર જેની પછી આવેલો હોય, તેવા હ્રસ્વ સ્વર કે તેની સાથેનો વ્યંજન-તે ગુરુ અક્ષર કહેવાય છે. (ડ) ગુરુની નિશાની છે ગુરુની માત્રા બે છે.

લઘુ - હ્રસ્વસ્વર કે તેની સાથેનો વ્યંજન - તે લઘુ અક્ષર કહેવાય છે. (।) લઘુની નિશાની માત્રા એક છે.

પૂર્વાર્ધ - શ્લોકનો આગલો અર્ધ ભાગ પૂર્વાર્ધ કહેવાય.

ઉત્તરાર્ધ - શ્લોકનો પાછલો અર્ધ ભાગ ઉત્તરાર્ધ કહેવાય.

પાદ - શ્લોકના એક ભાગને પાદ કહે છે.

યતિ - શ્લોકમાં જે ઠેકાણે વિસામો લેવાનો હોય તેને યતિ કહે છે.

ગણ - શ્લોકમાં ત્રણ ત્રણ અક્ષરોના ગણ હોય છે. ગુરુ અને લઘુ અક્ષરોની મેળવણીથી ગણ થાય છે.

મા-તા-રા-જ-ભા-ન-સ-ય-આ સૂત્રને મોઢે કરવું, નીચે પ્રમાણે વાંચવાથી ગણોમાં અક્ષરોનું સ્વરૂપ સમજાશે.

માતારા	ડ ડ ડ	મગણ
તારાજ	ડ ડ ।	તગણ
રાજભા	ડ । ડ	રગણ
જભાન	। ડ ।	જગણ

વવગયકલિકલુસાણં, વવગયનિદ્ધંતરાગદોસાણં ।
વવગયપુણબ્ભવાણં, નમોત્થુ તે દેવાહિદેવાણં ॥ ૧ ॥

નાશ પામ્યા છે ક્લેશ અને મલીનતા જેમનાં એવા, નિર્મૂળપણે નાશ પામ્યા છે રાગ-દ્વેષ જેમના એવા, ગયા છે પુનર્જન્મ જેમના એવા તે દેવાધિદેવોને નમસ્કાર હો. ૧

સવ્વં પસમઈ પાવં, પુણ્ણં વહ્રઈ નમંસમાણસ્સ ।
સંપુણ્ણચંદવયણસ્સ, કિત્તણે અજિયસંતિસ્સ ॥ ૨ ॥

સંપૂર્ણ ચંદ્રના જેવા મુખવાળા અજિતનાથ અને શાન્તિનાથ જિનનું કીર્તન કર્યે છતે વંદન કરનારનાં સર્વ પાપ વિશેષ શાન્ત થાય છે અને પુણ્ય વધે છે. ૨.

ભાનસ	ડ I I	ભગણ
નયસ	I I I	નગણ
સયમા	I I ડ	સગણ
યમાતા	I ડ ડ	યગણ
લઘુ	I	

ખુલાસો - આ ગણો અક્ષરમેળછંદમાં વપરાય છે, કોઈ પણ એક અક્ષર લઈ તેની સાથે પછીના બે અક્ષરો વાંચવાથી ત્રણ અક્ષરનો ગણ થશે. પહેલા અક્ષર સાથે ગણ શબ્દ જોડવાથી તે ગણનું નામ થશે. તથા તે ગણમાં ગુરૂ તથા લઘુ ક્યાં ક્યાં લેવા? તે પણ સમજાશે.

તેમજ **માત્રામેળછંદમાં ક-ચ-ટ-ત-પ** નામના પાંચ ગણો વપરાય છે. તેમાં **ક** ગણ બે માત્રાનો, **ચ** ગણ ત્રણ માત્રાનો, **ટ** ગણ ચાર માત્રાનો, **ત** ગણ પાંચ માત્રાનો, **પ** ગણ છ માત્રાનો થાય છે. તેમજ લઘુ-ગુરૂની મેળવણીથી તેના અનુક્રમે બે-ત્રણ-પાંચ-આઠ અને તેર ભેદ નીચે પ્રમાણે -

કગણ	**ચગણ**	**ટગણ**	**તગણ**	**પગણ**
ડ	I ડ	ડ ડ	I ડ ડ	ડ ડ ડ
I I	ડ I	I I ડ	ડ I ડ	II ડ ડ
(૨)	I II	I ડ I	II I ડ	I ડ I ડ
	(૩)	ડ II	ડ ડ I	ડ II ડ
		II II	II ડ I	II II ડ
		(૫)	I ડ II	I ડ ડ I
			ડ II I	ડ I ડ I
			ડ I II	II I ડ I
			(૮)	ડ ડ II
				II ડ II
				I ડ II I
				ડ II II
				II II II
				(૧૩)

ગાથા છંદ :- તેનું લક્ષણ આ પ્રમાણે જાણવું - સાત ટ ગણ (ચાર માત્રાવાળા) પછી એક ગુરૂ પ્રથમ અર્ધમાં આવે, ત્યાં વિષમ ટ ગણમાં જગણ (।ડ।) ન હોય, છઠ્ઠો ટગણ મધ્યમાં કગણ (ડ) વાળો હોય, બીજા અર્ધમાં તો પાંચ ટગણ અને પછી છઠ્ઠો લઘુ હોય, બાકીનું પહેલા અર્ધ પેઠે એટલે સાતમો ટગણ અને પછી ગુરૂ એ પ્રકારે ગાથા છંદ જાણવો.

શ્લોક છંદ :- પાંચમો અક્ષર સર્વત્ર (ચારે પાદમાં) લઘુ, બીજા અને ચોથા પાદમાં સાતમો અક્ષર લઘુ હોય, છઠ્ઠો અક્ષર વળી ગુરૂ જાણવો એ પ્રકારે પંડિતો શ્લોક છંદ કહે છે.

માગધિકા છંદ :- તેનું લક્ષણ આ પ્રમાણે જાણવું-વિષમ (પહેલા-ત્રીજા) પાદમાં બે ટગણ અને સમ (બીજા-ચોથા) પાદમાં પગણ (છ માત્રા) અને ટગણ અને તે પછી સમ વિષમ બંનેમાં લઘુ કગણ, લઘુ કગણ આવે તેને માગધિકા છંદ જાણવો.

આલિંગનક છંદ :- તેનું લક્ષણ આ પ્રમાણે જાણવું. આલિંગનક છંદને વિષે બે લઘુ અને એક ગુરુ આવે, એવા છ ટગણ સર્વ પાદને વિષે આવે છે પણ એટલું વિશેષ છે કે પહેલું પદ ત્રીજાની સાથે અને બીજું પદ ચોથા સાથે યમકવાળું હોય.

સંગતક છંદ :-તેનું લક્ષણ આ પ્રમાણે જાણવું-લઘુ અક્ષર-વાળા તગણ (પાંચ માત્રા) ચાર અને એક ગુરુ ત્રણ પાદને વિષે હોય; લઘુ તગણ બે, ટગણ બે, લઘુ તગણ અને અંત્ય ગુરુ ચોથા પાદને વિષે હોય, એ સંગતક છંદ અનુપ્રાસ સહિત હોય. સ્વરની વિવક્ષા વિના એક બે ત્રણ અક્ષરના અંતરે એક વ્યંજન વારંવાર આવ્યા કરે તે અનુપ્રાસ જાણવો.

સોપાનક છંદ :- તેનું લક્ષણ આ પ્રમાણે જાણવું - એક ગુરૂ અને લઘુવાળા ટગણ પાંચ અને ગુરૂ એમ તુલ્ય અક્ષરવાળા પદવડે હિત સોપાનક છંદ જાણવો. દરેક પદમાં ૧૯ અક્ષર છે.

વેષ્ટક છંદ :- તેનું લક્ષણ આ પ્રકારે જાણવું - તગણ, ચગણ (ત્રણ માત્રા,) પગણ, તગણ, ટગણ બે, તગણ બે, પગણ ટગણ ચાર, તગણ ત્રણ, તગણ ત્રણ, લઘુ, ગુરુ, ચગણ, બે ટગણ, ચગણ ગુરુ એ પ્રમાણે વેષ્ટક છંદ જાણવો.

રાસાલુબ્ધક છંદ :- તેનું લક્ષણ આ પ્રમાણે જાણવું - ટગણ બે, લઘુ, ગુરુ તથા ટગણ ત્રણ, લઘુ, ગુરુ, ટગણ ત્રણ અને છેલ્લું પાદ બીજા સરખું (ટગણ ત્રણ, લઘુ ગુરૂ) જયાં છે તે રાસાલુબ્ધક છંદ જાણવો.

વેષ્ટક છંદ :- પ્રથમના વેષ્ટકથી આ જુદો સમજવો. તેનું લક્ષણ આ પ્રમાણે જાણવું - પગણ, તગણ બે લઘુ, ગુરુ, ટગણ છ, બે ગુરુ, ટગણ સાત, લઘુ ગુરુ, પગણ, ટગણ, બે, તગણ ચગણ, ગુરુ, ટગણ નવ, બે લઘુ, ગુરુ, ટગણ ચાર, ગુરુ બે, ટગણ બે, છગણ, ગુરૂવાળા ટગણ ત્રણ, બે લઘુ ગુરુ એ પ્રમાણે બીજો વેષ્ટક છંદ જાણવો.

રાસાનંદિતક છંદ :- તેનું લક્ષણ આ પ્રમાણે જાણવું - ટગણ બે,લઘુ બે, ગુરુ, પહેલા અને બીજા પાદમાં હોય, ત્રીજા પાદમાં ટગણ બે, લઘુ અને ગુરુ હોય. ચોથા પાદમાં ટગણ બે અને ગુરુ એ લક્ષણવાળો રાસાનંદિતક છંદ જાણવો.

ચિત્રલેખાછંદ :- તેનું લક્ષણ આ પ્રકારે જાણવું - તગણ, ટગણ તગણ, ટગણ બે, લઘુ બે અને ગુરુ પહેલા અને બીજા પાદમાં આવે. તથા તગણ, ટગણ, તગણ, ટગણ ત્રણ, એ લઘુ અને ગુરુ ત્રીજા પાદમાં હોય અને ચોથા પાદમાં તગણ, ટગણ, તગણ, ટગણ બે, ચગણ અને ગુરુ આવે એ પ્રકારે ચિત્રલેખા છંદ જાણવો.

નારાચક છંદ :- તેનું લક્ષણ આ પ્રકારે જાણવું - ગુરુ લઘુરૂપ ચગણ નવ, નગણ, ચગણ આઠ, નગણ, ચગણ આઠ

અને નગણ, દશ ચગણ તેમજ નગણ, ગુરુ બે, એ લક્ષણવાળો નારાચક છંદ જાણવો. અહીં નગણ આવ્યો તે અક્ષરમેળનો સમજવો; તે અક્ષર ગણ ભગણ (ડાા) જગણ (ાડા), સગણ (ાાડ), યગણ (ાડડ), રગણ (ડાડ), તગણ (ડડા), નગણ (ાાા), અને મગણ (ડડડ), એ આઠ નામના જાણવા.

કુસુમલતા છંદ :- તેનું લક્ષણ આ પ્રકારે જાણવું - વિષમ પદમાં છ કળા અને સમ પદમાં આઠ કળા પ્રથમ હોય અને અંતે રગણ અને ટગણ કુસુમલતા નામના છંદને વિષે હોય. આઠ કળાની ગણતરી હંમેશ માટે સરખી હોતી નથી. આ છંદને **ઓપછંદસિક** પણ કહે છે.

ભુજગપરિરિંગિત છંદ :- તેનું લક્ષણ આ પ્રકારે જાણવું - પહેલા પાદમાં તગણ, ટગણ, લઘુ, ગુરુ અને બીજામાં પગણ, ટગણ, લઘુ બે, ગુરુ હોય એ પ્રકારે પાછલા અર્ધનાં બંને પાદ પણ જાણવાં એ લક્ષણયુક્ત ભુજગપરિરિંગિત છંદ જાણવો.

ખિદ્યતક છંદ :- તેનું લક્ષણ આ પ્રકારે જાણવું - ભગણ, રગણ, નગણ, ભગણ, નગણ, લઘુ ગુરુ સર્વ પદમાં હોય તેમજ દશમે અક્ષરે વિશ્રામ કરવો, સર્વ પદમાં અંત્યાક્ષર યમકવાળાં હોય તે ખિદ્યતક નામનો છંદ જાણવો અને **વંશપત્રપતિત** પણ કહે છે.

લલિતક છંદ :- તેનું લક્ષણ આ પ્રમાણે જાણવું - ટગણ ચાર લઘુ, ગુરુ એમ ત્રણ પાદમાં આવે અને ટગણ, તગણ, ટગણ બે લઘુ ગુરુ ચોથા પાદમાં લલિતક નામે છંદને વિષે જાણવો.

કિસલયમાલા નામે છંદ :- તેનું લક્ષણ આ પ્રકારે જાણવું - ટગણ પાંચ જગણ (ાડા), લઘુ અને ગુરુ પ્રત્યેક પાદમાં આવે અને સત્તાવીશ માત્રા હોય, એ પ્રકારે કિસલયમાલા નામનો છંદ જાણવો.

સુમુખ છંદ :- તેનું લક્ષણ આ પ્રકારે જાણવું-લઘુવાળા ચગણ બે, ટગણ, લઘુ અને ગુરુ; તગણ બે લઘુ અને ગુરુ; પગણ ટગણ, લઘુ અને ગુરુ, ચગણ બે, ટગણ, લઘુ અને ગુરુ એ પ્રમાણે ચાર પાદ અનુક્રમે જાણવા. સર્વ પાદમાં તેર તેર માત્રા હોય તે સુમુખ છંદ જાણવો.

વિદ્યુદ્વિલસિત છંદ :- તેનું લક્ષણ આ પ્રમાણે જાણવું - બે લઘુ અને એક ગુરુ. બે લઘુ અને એક ગુરુ એમ દરેક પાદમાં હોય તે વિદ્યુદ્વિલસિત છંદ જાણવો.

વેષ્ટક નામા છંદ :- તે પ્રથમનાં વેષ્ટકો કરતાં જુદો સમજવો, તેનું લક્ષણ આ પ્રમાણે જાણવું-તગણ બે, ટગણ ચાર, તગણ, ટગણ, તગણ ત્રણ, લઘુ ગુરુ, પગણ બે, ટગણ બે અને ગુરુ બે હોય તે વેષ્ટક નામા છંદ જાણવો.

રયણમાલા છંદ :- લક્ષણ આ પ્રમાણે જાણવું - પહેલા પાદમાં ટગણ અને બે ગુરુ એમ ચાર વખત આવે અને બાકીના પાદમાં સાત ટગણ અને અંતે બે ગુરુ હોય. પ્રત્યેક પાદ બત્રીસ માત્રાવાળો રયણમાલા છંદમાં હોય.

ક્ષિપ્તક છંદ :- તેનું લક્ષણ આ પ્રકારે જાણવું - પગણ ટગણ બે અને ગુરુ દરેક પાદમાં ક્ષિપ્તક છંદ હોય.

દ્વિતીય ક્ષિપ્તક છંદ :- લક્ષણ આ પ્રકારે જાણવું-અથવા રગણ, નગણ, રગણ, લઘુ અને ગુરુ પ્રત્યેક પાદમાં ક્ષિપ્તક છંદમાં જાણવા, આ ક્ષિપ્તક બીજો જાણવો. **રથોદ્ધતા છંદ** પણ આ પ્રમાણે હોય.

દીપક છંદ :- લક્ષણ આ પ્રકારે જાણવું - ચાર પાદને વિષે યમક હોય એવો ક્ષિપ્તક છંદ (પ્રથમનો) તે દીપક છંદ જાણવો. એનું બીજું નામ **મંડિલ** છંદ છે.

ચિત્રાક્ષરા છંદ :- લક્ષણ આ પ્રમાણે જાણવું-પહેલા અને ચોથા પાદમાં પાંચ ટગણ અને બે ગુરુ આવે તથા બીજા-ત્રીજા પાદમાં છ ટગણ અને એક ગુરુ હોય. ચારે પાદમાં યમકવાળો હોય તે ચિત્રાક્ષરા છંદ જાણવો.

બીજો નારાચક છંદ :- લક્ષણ આ પ્રકારે જાણવું - અગ્યાર ચગણ, ગુરુ, ચૌદ ચગણ, નગણ, સોળ ચગણ, ટગણ, ત્રણ ચગણ એ પ્રમાણે બીજા નારાચક છંદમાં જાણવું.

નંદિતક છંદ :- લક્ષણ આ પ્રમાણે જાણવું - બે લઘુ, ગુરુ, બે લઘુ, ગુરુ અને ગુરુ સર્વ પાદમાં આવે તે નંદિતક છંદ જાણવો.

ભાસુરક છંદ :- લક્ષણ આ પ્રકારે જાણવું - તગણ, પગણ, તગણ, ટગણ, તગણ, ટગણ, તગણ, ટગણ, ગુરુ, પગણ, બે ટગણ, ગુરુ બાર ટગણ એ પ્રકારે સુયતિ અને અનુપ્રાસ સહિત ભાસુરક છંદ જાણવો.

અન્ય નારાચક છંદ :- લક્ષણ આ પ્રમાણે જાણવું-તેર ચગણ, નગણ, નવ ચગણ, નગણ, ત્રીશ ચગણ, અને ગુરુ તથા અઢાર ચગણ એ પ્રકારે બીજો નારાચક છંદ જાણવો.

બીજો લલિતક છંદ :- લક્ષણ આ પ્રકારે જાણવું - ચગણ, ટગણ, ચાર તેમજ ગુરુ દરેક પાદમાં હોય એવા લક્ષણવાળો બીજો લલિતક છંદ જાણવો.

વાનવાસિકા છંદ :- લક્ષણ આ પ્રકારે જાણવું - ટગણ ચાર, તેમાં નવમી અને બારમી માત્રા લઘુ હોય (દરેક પાદમાં) તે વાનવાસિકા છંદ જાણવો.

અપરાંતિકા છંદ :- લક્ષણ આ પ્રકારે જાણવું - આઠ માત્રા રગણ (ડાડ) લઘુ અને ગુરુ સર્વ પાદમાં હોય તેવો અપરાંતિકા છંદ જાણવો.

૭. ભક્તામર સ્તોત્ર*

શબ્દાર્થ

ભક્તામર - ભક્તિમંત દેવતાઓના.
પ્રણતમૌલિ - નમેલા મુકુટને વિષે રહેલ.
મણિપ્રભાણામ્ - મણિઓની કાન્તિઓને.
ઉદ્યોતકં - પ્રકાશ કરનાર.
દલિતપાપ - દલન કર્યો છે પાપરૂપ.
તમોવિતાનં - અંધકારનો સમૂહ જેણે એવા.
સમ્યક્ - રૂડે પ્રકારે.
જિનપાદયુગં - તીર્થંકરના ચરણ યુગલને.
યુગાદૌ - યુગની આદિમાં.
આલંબનં - આધારભૂત.
ભવજલે - ભવસમુદ્રમાં.
પતતાં - પડતા.
જનાનાં - ભવ્યજનોને.
યઃ - જે ભગવંત.
સંસ્તુત - રૂડે પ્રકારે સ્તુતિ કરાયેલા છે.
સકલવાઙ્મય - સમસ્ત શાસ્ત્ર સંબંધી.
તત્ત્વબોધાત્ - રહસ્યના બોધ થકી.
ઉદ્ભૂતબુદ્ધિ - ઉત્પન્ન થયેલી બુદ્ધિવડે.

---

* આ ભક્તામર સ્તોત્ર લઘુશાન્તિના કર્તા **શ્રી માનદેવસૂરિ**ની પાટે આવેલા **શ્રી માનતુંગસૂરિ**એ રચ્યું છે. સ્તોત્ર રચવાનો હેતુ આ પ્રમાણે જાણવો-શ્રી માલવ દેશમાં ઉજ્જયિની નગરીમાં **શ્રી વૃદ્ધભોજ** નામે રાજાની સભામાં **મયૂર** અને **બાણ** પ્રમુખ ચૌદ વિદ્યામાં પ્રવીણ અને ન્યાય, વેદાંત, મીમાંસા, સાંખ્ય, વૈશેષિક, પાતંજલી વગેરે ષટ્શાસ્ત્રના જાણ, દેવતાના સાન્નિધ્યવાળા અને ગર્વિષ્ઠ એવા પાંચસો પંડિતો હતા. એકદા **મયૂર પંડિતે** પોતાની પુત્રી જે બાણ પંડિતને પરણાવી હતી, તેના ઘર પાસેથી જતાં તે દંપતીનો માંહોમાંહે થતો કલહ સાંભળીને મર્મમાં હાંસી કરી. તેથી તેની પુત્રીએ તેને શ્રાપ આપ્યો. પુત્રીના શ્રાપથી **મયૂર** કુષ્ટી થયો. પછી તેણે સો કાવ્યવડે સ્તુતિ કરી સૂર્યદેવને પ્રસન્ન કર્યા. સૂર્યે પ્રત્યક્ષ થઈ તેનો કોઢ મટાડ્યો. તેથી તેની ખ્યાતિ થઈ, તેથી **બાણ પંડિતે** ઈર્ષ્યાને લીધે પોતાના હાથ-પગ કાપીને સો કાવ્ય વડે ચંડીદેવીને પ્રસન્ન કરી, ચંડીએ પ્રત્યક્ષ થઈ તેના હાથ-પગ નવા કર્યા; તેથી તેની પણ વિશેષ ખ્યાતિ થઈ. આવા ચમત્કારથી લોકો શિવધર્મની પ્રશંસા કરવા લાગ્યા અને જૈનધર્મની નિંદા કરવા લાગ્યા કે જૈનીઓ ઉદરનિર્વાહ પૂરતી કષ્ટક્રિયા કરે છે, પણ કોઈ

પટુભિઃ - કુશળ.
સુરલોકનાથૈઃ - દેવલોકના સ્વામી (ઇન્દ્રો) વડે.
સ્તોત્રૈ - સ્તોત્રો વડે.
જગત્ત્રિતય - ત્રણ જગતના.
ચિત્તહરૈ - ચિત્તને હરણ કરનાર.
ઉદારૈઃ - ઉદાર.
સ્તોષ્યે - સ્તવીશ.
કિલ - નિશ્ચે.
અહમપિ - હું પણ.
તં પ્રથમં - તે પ્રથમ.
જિનેન્દ્રં - જિનેશ્વરને.
બુદ્ધ્યા - બુદ્ધિ વડે.
વિના - રહિત.

ચમત્કારી કવિ કે પંડિત તેમનામાં નથી. એક દિવસે **વૃદ્ધભોજ** રાજાએ શ્રાવકોને પૂછ્યું કે તમારામાં કોઈ વિદ્યાવાળા છે ? ત્યારે શ્રાવકોએ કહ્યું કે-હે સ્વામી ! શ્રી **માનતુંગસૂરિ** આ વખતમાં મહાપ્રાભાવિક છે. તે સાંભળી રાજાએ તેમને બોલાવવાથી તેઓ ત્યાં આવ્યા. પ્રવેશમહોત્સવ વખતે બ્રાહ્મણોએ ઘીથી ભરેલું કચોળું એક માણસના હાથમાં આપી સૂરિ મહારાજને બતાવ્યું. તેથી સૂરિએ એક સળી યાચી લઈ તે ઘીના કચોળામાં મૂકી. આમ કરવાનું કારણ શ્રાવકોએ પૂછવાથી તેમણે જણાવ્યું કે - ઘૃતપૂર્ણ કચોળું બતાવી બ્રાહ્મણોએ સૂચના કરી કે કચોળામાંના ઘીની પેઠે અમારાવડે આ નગરી પૂરી ભરેલ છે તેમાં તમારો અવકાશ નથી. તેથી અમે સળી નાંખીને સૂચવ્યું કે - જેમ ઘીમાં સળી પ્રવેશ કરે છે તે પ્રમાણે અમારો પણ આ નગરીમાં પ્રવેશ (સમાસ) થશે હવે એક વખત રાજા પાંચશે પંડિતો સાથે સભામાં બેઠા છે. ત્યાં શ્રી માનતુંગસૂરિને બોલાવી પૂછ્યું કે તમારામાં કાંઈ વક્તૃત્વ શક્તિ છે ? ત્યારે સૂરિએ હા પાડવાથી વાદ ચાલ્યો, તેમાં જગત્કર્તૃત્ત્વનું ખંડન કરી સર્વને નિરુત્તર કર્યા; ત્યારે રાજાએ કહ્યું કે **બાણ** અને **મયૂર**ની પેઠે કોઈ દૈવીશક્તિ હોય તો બતાવો. પછી સૂરિના કહેવાથી તાળાંવાળી ૪૨ (૪૮) બેડીઓ પહેરાવીને એક ઓરડામાં તેમને પૂર્યા અને દરવાજા મજબુત રીતે બંધ કરી તેને સાત તાળાં માર્યા અને આજુબાજુ બ્રાહ્મણો તથા પહેરગીરો રાખ્યા પછી માનતુંગસૂરિએ ભક્તામરસ્તોત્ર રચવા માંડ્યું, એકેક કાવ્ય કરતે છતે એક બેડી અને એક તાળું તુટતું ગયું અને દ્વાર તથા તેનાં તાળાં સ્વયમેવ ઉઘડી ગયાં, આવો ચમત્કાર જોઈ રાજાએ વિસ્મય પામી ગુરુનું બહુમાન કર્યું અને તે જૈનશાસનમાં પ્રીતિવાળો થયો આ બૃહદ્ગચ્છીય **શ્રીમાનતુંગસૂરિ** શ્રી વીરપ્રભુની વીશમી પાટે થયા છે.

અપિ - પણ.
વિબુધ - દેવતાઓએ.
અર્ચિતપાદપીઠ ! - અર્ચન કર્યું છે પાદાસન જેનું એવા.
સ્તોતું - સ્તુતિ કરવાને.
સમુદ્યતમતિઃ - રૂડે પ્રકારે ઉત્પન્ન થઇ છે મતિ જેને એવો.
વિગતત્રપઃ - વિશેષે ગઈ છે લજ્જા જેની એવો.
બાલં - બાળકને.
વિહાય - મૂકીને.
જલસંસ્થિતં - પાણીમાં રૂડે પ્રકારે રહેલ.
ઇન્દુબિંબં - ચંદ્રબિંબને.
અન્યઃ - બીજો.
કઃ - કોણ.
ઇચ્છતિ - ઇચ્છે.
જનઃ - મનુષ્ય.
સહસા - તત્કાળ.
ગ્રહીતુમ્ - ગ્રહણ કરવાને.
વક્તું - કહેવાને.
ગુણાન્ - ગુણોને.
ગુણસમુદ્ર ! - હે ગુણના સાગર !
શશાંકકાંતાન્ - ચંદ્રમા સરખા મનોહર.
તે - તમારા.
ક્ષમઃ - સમર્થ થાય.
સુરગુરુ - બૃહસ્પતિ.
પ્રતિમઃ - સમાન.

કલ્પાંતકાલ - પ્રલયકાળના.
પવનોદ્ધત - પવનવડે ઉદ્ધત થયેલ છે.
નક્રચક્રં - મગરમત્સ્યનો સમૂહ જેને વિષે એવા.
વા - અથવા.
તરીતુમ્ - તરવાને.
અલં - સમર્થ.
અંબુનિધિં - મહાસાગરને.
ભુજાભ્યાં - બે હાથ વડે.
સોઽહં - એવો હું.
તથાપિ - તો પણ.
તવ - તમારી.
ભક્તિવશાત્ - ભક્તિના વશ થકી.
મુનીશ ! - મુનિઓના સ્વામી.
કર્તું - કરવાને.
સ્તવં - સ્તવનને.
વિગતશક્તિઃ - ગયેલ છે શક્તિ જેની એવો.
પ્રવૃત્તઃ - પ્રવૃત્ત થયો છું.
પ્રીત્યા - પ્રીતિ વડે.
આત્મવીર્યં - પોતાના બળને.
અવિચાર્ય - નહિ વિચારીને.
મૃગઃ - હરણ.
મૃગેન્દ્રં - સિંહની.
ન અભ્યેતી - સામે નથી થતો.
કિં - શું.
નિજશિશોઃ - પોતાના બાળકના.
પરિપાલનાર્થં - રક્ષણ અર્થે.

મંગળ તથા અભિધેય

ભક્તામર-પ્રણત-મૌલિ-મણિ-પ્રભાણા-,
મુદ્યોતકં દલિત-પાપ-તમો-વિતાનમ્;
સમ્યક્ પ્રણમ્ય જિનપાદયુગં યુગાદા-,
વાલંબનં ભવજલે પતતાં જનાનામ્. ૧.
યઃ સંસ્તુતઃ સકલ-વાઙ્મય-તત્ત્વબોધા,-
દુદ્ભૂત-બુદ્ધિ-પટુભિઃ સુરલોક-નાથૈઃ;
સ્તોત્રૈ-ર્જગત્ત્રિતય-ચિત્ત-હરૈ-રુદારૈઃ;
સ્તોષ્યે કિલાહમપિ તં પ્રથમં જિનેન્દ્રમ્ ૨. યુગ્મમ્

અર્થ :- ભક્તિમંત દેવતાઓના નમેલા મુકુટને વિષે રહેલા મણિઓની કાન્તિઓને પ્રકાશ કરનાર, દલન કર્યો છે પાપરૂપ અંધકારનો સમૂહ જેણે એવા અને [1]યુગની આદિમાં ભવસમુદ્રમાં પડતા ભવ્યજનોને આધારભૂત એવા (પ્રથમ) તીર્થંકરના ચરણયુગલને રૂડે પ્રકારે નમસ્કાર કરીને જે ભગવંત સમસ્ત શાસ્ત્રના રહસ્યના જ્ઞાનથકી ઉત્પન્ન થયેલ બુદ્ધિવડે કુશળ એવા ઈન્દ્રોવડે ત્રણ જગતના ચિત્તને હરણ કરનારાં અને ઉદાર સ્તોત્રો વડે રૂડે પ્રકારે સ્તુતિ કરાયેલ છે, તે પ્રથમ જિનેંદ્રને હું પણ નિશ્ચે સ્તવીશ. ૧-૨.

કવિએ બતાવેલી પોતાની લઘુતા.

બુદ્ધ્યા વિનાઽપિ વિબુધા-ર્ચિત-પાદપીઠ !,
સ્તોતું સમુદ્યત -મતિ-ર્વિગતત્રપોઽહમ્;

---

૧. ધર્મપ્રવર્તનની આદિમાં, અર્થાત્ ધર્મનો વિચ્છેદ થયા પછી ફરી ધર્મની પ્રવૃત્તિ થાય તે યુગની આદિ જાણવી. એટલે ત્રીજા આરાને છેડે.

બાલં વિહાય જલ-સંસ્થિત-મિન્દુબિમ્બ,-
મન્યઃ ક ઈચ્છતિ જનઃ સહસા ગ્રહીતુમ્ ? ૩.

અર્થ :- વિબુધાર્ચિતપાદપીઠ (દેવતાઓએ અથવા પંડિતોએ અર્ચન કર્યું છે પાદાસન જેનું એવા) ! બુદ્ધિ (પ્રબલપ્રજ્ઞા) વિના પણ સ્તુતિ કરવાને રૂડે પ્રકારે ઉદ્યમવાળી મતિ છે જેની એવો અને વિશેષે ગઈ છે લજ્જા જેને એવો (શક્તિ વિના સ્તુતિ કરવાને તત્પર થયો માટે લજ્જા વિનાનો ધીઠો) હું છું, પાણીને વિષે રૂડે પ્રકારે રહેલ (પ્રતિબિંબિત થયેલ) ચંદ્રમાના બિંબને બાળકને મૂકીને (બાળક સિવાય) બીજો કયો મનુષ્ય તત્કાળ ગ્રહણ કરવાને ઈચ્છે ? અર્થાત્ બાળક વિના બીજો કોઈ બુદ્ધિવાન જળ-પ્રતિબિંબિત ચંદ્રને ગ્રહણ કરવા ઈચ્છતો નથી. તેમ હું પણ બાળકની પેઠે અશક્ત છતાં સ્તુતિ કરવાને ઈચ્છું છું. ૩.

સ્તુતિ કરવાની અશક્યતાનું વર્ણન.

વક્તું ગુણાન્ ગુણસમુદ્ર ! શસાંક-કાંતાન્,
કસ્તે ક્ષમઃ સુરગુરુ-પ્રતિમોડપિ બુદ્ધ્યા;
કલ્પાંત-કાલ-પવનોદ્ધત-નક્ર-ચક્રં,
કો વા[1] તરીતુમલમં-બુનિધિં ભુજાભ્યામ્. ૪.

અર્થ :- હે ગુણસમુદ્ર (ધૈર્ય-ગાંભીર્યાદિ ગુણના સ્થાન) ! ચંદ્રમા સરખા મનોહર-ઉજ્જ્વળ એવા તમારા ગુણોને બુદ્ધિવડે કરીને બૃહસ્પતિ સમાન એવો પણ કયો પુરુષ કહેવાને સમર્થ થાય ? અર્થાત્ કોઈ સમર્થ થતો નથી. અથવા તો પ્રલય કાળના પવન વડે

---

૧. વા ઉપમાને વિષે વપરાયેલ છે. મતલબ કે જેમ સમુદ્રને કોઈ બે હાથ વડે તરી શકે નહીં, તેમ તમારા ગુણો કહેવાને બૃહસ્પતિ જેવો પણ સમર્થ થાય નહિ.

ઉદ્ધત થયેલ (ઉછળી રહ્યો) છે મગરમત્સ્યનો સમૂહ જેને વિષે એવા સમુદ્રને કયો પુરુષ બે ભુજાવડે તરવાને સમર્થ થાય ? ૪.

સ્તોત્ર રચવાનો હેતુ

સોડહં તથાડપિ તવ ભક્તિવશાન્મુનિશ !
કર્તું સ્તવં વિગતશક્તિ-રપિ પ્રવૃત્તઃ;
પ્રીત્યાડડત્મવીર્ય-મવિચાર્ય મૃગો મૃગેન્દ્રં,
નાભ્યેતિ કિં નિજશિશોઃ પરિપાલનાર્થમ્. ૫.

અર્થ :- હે મુનીશ ! (તત્ત્વને જાણનાર મહર્ષિઓના સ્વામી) (સ્તોત્ર કરવાને અસમર્થ) એવો છું. તો પણ તમારી ભક્તિના વશ થકી (ભક્તિના આગ્રહથી) વિશેષ ગઈ છે શક્તિ જેની (શક્તિ રહિત) એવો છતો પણ સ્તવનને કરવાને હું પ્રવૃત્ત થયો છું. હરિણ, સ્નેહવડે પોતાના બાળકના રક્ષણને માટે પોતાનું બળ નહિ વિચારીને સિંહની સામે શું નથી થતો (લડવાને શું સન્મુખ નથી જતો) ? ૫.

શબ્દાર્થ

અલ્પશ્રુતં - થોડા શાસ્ત્રને જાણનાર.
શ્રુતવતાં - બહુશ્રુતોને.
પરિહાસધામ - હાસ્યનું સ્થાન.
ત્વત્ - તમારી.
ભક્તિરેવ - ભક્તિ જ.
મુખરીકુરુતે - વાચાળ કરે છે.
બલાત્ - બલાત્કારે.
મામ્ - મને.
યત્ - જે કારણ માટે.
કોકિલઃ - કોયલ.
મધૌ - ચૈત્ર માસમાં.
મધુરં - મનોજ્ઞ.
વિરૌતિ - બોલે છે.
તત્ - તે.
ચારુચૂતકલિકા - મનોહર આમ્રકલિકાનો.
નિકરૈકહેતુઃ - સમૂહ તેજ એક હેતુ છે.
સંસ્તવેન - રૂડા સ્તવન વડે.
ભવસંતતિ - ભવપરંપરાવડે.
સન્નિબદ્ધં - બંધાયેલ.

પાપં - પાપ.
ક્ષણાત્ - ક્ષણવારમાં.
ક્ષયં - ક્ષયને.
ઉપૈતિ - પામે છે.
શરીરભાજાં - દેહધારીઓનું.
આક્રાંતલોક - લોકમાં વ્યાપ્ત થયેલ.
અલિનીલ - ભ્રમર જેવો કાળો.
અશેષં - સમસ્ત.
આશુ - શીઘ્ર.
સૂર્યાંશુ - સૂર્યનાં કિરણોવડે.
ભિન્નમિવ - નાશ પામેલ હોય તેમ.
શાર્વરં - અંધારી રાત્રિથી ઉત્પન્ન થયેલ.
અંધકારં - અંધારૂં.
મત્વા - માનીને.
ઇતિ - એમ.
મયા - મારા વડે.
ઇદં - આ.
આરભ્યતે - આરંભ કરાય છે.
તનુધિયા - મંદ બુદ્ધિવાળા.
પ્રભાવાત્ - પ્રભાવ વડે.
ચેતો - ચિત્તને.
હરિષ્યતિ - હરણ કરશે.
સતાં - સજ્જનોનાં.
નલિનીદલેષુ - કમલિનીના પત્રને વિષે.
મુક્તાફલદ્યુતિ - મોતિની કાન્તિને.
નનુ - નિશ્ચે.
ઉદબિંદુઃ - પાણીનું ટીપું.
આસ્તાં - દૂર રહો.
અસ્ત - નાશ પામ્યા છે.
સમસ્તદોષં - સમગ્ર દોષ જે થકી એવું.
સંકથા - કથા.
જગતાં - જગત્નાં.
દુરિતાનિ - પાપોને.
હન્તિ - હણે છે.
દૂરે - દૂર રહો.
સહસ્રકિરણઃ - સૂર્ય.
કુરુતે - કરે છે.
પ્રભા એવ - પ્રભા જ.
પદ્માકરેષુ - કમળના સમૂહવાળા સરોવરને વિષે.
જલજાનિ - કમળોને.
વિકાશભાંજિ - વિકસ્વર.
અત્યદ્ભુતં - અત્યંત આશ્ચર્ય.
ભુવનભૂષણભૂત - ત્રણ ભુવનના આભૂષણ તુલ્ય.
ભૂતૈઃ - સત્ય.
ગુણૈઃ - ગુણો વડે.
ભુવિ - જગતમાં.
ભવન્તં - તમોને.
અભિષ્ટુવન્તઃ - સ્તુતિ કરનારા.
તુલ્યા - સરખા.
ભવંતિ - થાય છે.
ભવતઃ - તમારી.
તેન - તે વડે.
ભૂત્યા - સંપત્તિ વડે.
આશ્રિત - સેવકને.
ઇહ - આ લોકમાં.
આત્મસમં - પોતાની તુલ્ય.
ન કરોતિ - ન કરે.

અલ્પશ્રુતં શ્રુતવતાં પરિહાસ-ધામ,
ત્વદ્ભક્તિરેવ મુખરી-કુરુતે બલાન્મામ્;
યત્કોકિલઃ કિલ મધૌ મધુરં વિરૌતિ,
તચ્ચારુચૂત-કલિકા-નિકરૈક-હેતુઃ. ૬.

અર્થ :- અલ્પશાસ્ત્રના બોધવાળા અને બહુશ્રુત (ઘણા શાસ્ત્રને જાણનારા પંડિતો)ને હાસ્યનું સ્થાન એવા મને તમારી ભક્તિ જ બલાત્કારથી વાચાળ કરે છે. જે કારણ માટે કોયલ નિશ્ચે ચૈત્રમાસ (વસંત ઋતુ)માં મધુર શબ્દ બોલે છે, તેનો મનોહર આમ્રકલિકાનો સમૂહ તે જ એક હેતુ (કારણ) છે, અર્થાત્ જેમ આંબાનો મોર (કોર) ખાવાથી કોયલ મધુર સ્વરે બોલે છે, તેમ હું તમારી ભક્તિરૂપ શક્તિવડે સ્તોત્ર કરીશ. ૬.

સ્તવના કરવાથી થતો લાભ

ત્વત્સંસ્તવેન ભવ-સંતતિ-સન્નિબદ્ધં,
પાપં ક્ષણાત્ ક્ષયમુપૈતિ શરીર-ભાજામ્;
આક્રાંત-લોકમલિ-નીલ-મશેષ-માશુ,
સૂર્યાંશુ-ભિન્નમિવ શાર્વર-મન્ધકારમ્. ૭.

અર્થ :- હે ભગવંત ! તમારા રૂડા સ્તોત્રવડે (ગુણવર્ણન વડે) દેહધારીઓ (પ્રાણીઓ)નું સંસારની પરપંરા વડે બંધાયેલ પાપ (અશુભ કર્મ), જેમ વ્યાપ્ત થયેલ છે લોક જેનાથી એવો (લોકમાં વ્યાપી રહેલો) અને ભ્રમર જેવો કાળો, કૃષ્ણપક્ષની રાત્રિ સંબંધી સમસ્ત અંધકાર, શીઘ્ર સૂર્યના કિરણો વડે નાશ પામે છે, તેમ ક્ષણવારમાં ક્ષયને પામે છે. ૭.

સ્તવના કરવાના હેતુની વિશેષ દૃઢતા

મત્વેતિ નાથ ! તવ સંસ્તવનં મયેદ-
મારભ્યતે તનુધિયાડપિ તવ પ્રભાવાત્;
ચેતો હરિષ્યતિ સતાં નલિનીદલેષુ,
મુક્તાફલ-દ્યુતિ-મુપૈતિ નનૂદબિન્દુઃ ૮.

અર્થ :- હે નાથ ! તમારા પ્રભાવવડે તમારું આ સ્તોત્ર સજ્જન પુરુષોના ચિત્તનું હરણ કરશે, એ પ્રકારે માનીને (જાણીને) મંદબુદ્ધિવાળા પણ મારા વડે તમારું સ્તોત્ર આરંભ કરાય છે (રચાય છે), અર્થાત્ હું તમારું સ્તોત્ર રચું છું; કેમકે કમલિનીના પત્રને વિષે પડેલ જળબિંદુ નિશ્ચે મુકતાફળ (મોતી)ની જેવી કાન્તિને પામે છે. અર્થાત્ કમલપત્રમાં રહેલ જળબિંદુ કમળના પ્રભાવે મોતી જેવું દેખાય છે, તેમ તમારા પ્રભાવ વડે કરીને આ સ્તોત્ર સજ્જનોને આનંદકારી થશે. ૮.

ભગવંતની કથાનું માહાત્મ્ય.

[૧]આસ્તાં તવસ્તવન-મસ્ત-સમસ્તદોષં,
ત્વત્સંકથાડપિ જગતાં દુરિતાનિ હન્તિ;
દૂરે સહસ્રકિરણઃ કુરુતે પ્રભૈવ,
પદ્માકરેષુ જલજાનિ વિકાશભાંજિ. ૯.

અર્થ :- હે પ્રભુ ! નાશ પામ્યા છે સમસ્ત દોષ (રાગદ્વેષ-કષાયાદિ) જે થકી એવું તમારું સ્તવન દૂર રહો, પરંતુ તમારી કથા (આ ભવ-પરભવના ચરિત્રની વાર્તા અથવા તમારૂં નામ) પણ જગતનિવાસી લોકોના પાપને હણે છે. જેમ-સૂર્ય દૂર રહો,

૧. ક્રિયાના અર્થવાળો અવ્યય છે.

પરંતુ તેની કાન્તિ જ (અરુણોદય) કમળના સમૂહવાળા સરોવરને વિષે કમળોને વિકસ્વર કરે છે. ૯.

ગુણસ્તુતિનું ફળ

નાત્યદ્‌ભુતં ભુવન-ભૂષણ-ભૂત ! નાથ !,
ભૂતૈર્ગુણૈર્ભુવિ ભવંત-મભિષ્ટુવંતઃ;
તુલ્યા ભવંતિ ભવતો નનુ[1] તેન [2]કિંવા,
ભૂત્યાડડશ્રિતં ય ઇહ નાત્મસમં કરોતિ. ૧૦.

અર્થ :- હે ત્રણ ભુવનના આભૂષણ તુલ્ય, હે નાથ ! સત્ય ગુણોવડે કરીને, પૃથ્વીને વિષે તમારી સ્તુતિ કરનારા મનુષ્યો તમારી સરખા થાય છે. (મોક્ષ પામે એટલે તમારી તુલ્ય થાય) તે અતિ આશ્ચર્ય નથી. અથવા જે સ્વામી આ લોકને વિષે પણ પોતાના આશ્રિત (સેવકને) લક્ષ્મી વડે પોતાની તુલ્ય ન કરે તેવા (સ્વામી) વડે કરીને શું ? કાંઈ જ નહિ.

શબ્દાર્થ

દૃષ્ટ્વા - જોઈને.	તોષં - સંતોષને.
ભવંત - તમોને.	ઉપયાતિ - પામે.
અનિમેષ - મટકું માર્યા વિના એકી નજરે.	જનસ્ય - મનુષ્યની.
	ચક્ષુઃ - નેત્ર, આંખ.
વિલોકનીયં - જોવા યોગ્ય.	પીત્વા - પીને.
અન્યત્ર - બીજે સ્થાને.	પયઃ - પાણીને.

૧. પ્રશ્નના અર્થમાં પણ વપરાય.

૨. જે પોતાના સેવકને પોતાની સમાન કરે તે જ ખરો સ્વામી જાણવો, બીજા સ્વામી કંઈ ગણતરીમાં નથી, એવો આ લોકમાં પણ વ્યવહાર છે. તો હે ભગવંત ! તમે ખરા સ્વામી છો માટે હું પણ તમારી સ્તવના વડે તમારા તુલ્ય તીર્થંકરની ઋદ્ધિ પામીશ. એવી યાચના સ્તોત્રકાર કરે છે.

શશિકરદ્યુતિ - ચંદ્રના કિરણોની કાન્તિ જેવા.
દુગ્ધસિન્ધોઃ - ક્ષીર સમુદ્રના.
ક્ષારંજલં - ખારા પાણીને.
જલનિધેઃ - લવણ સમુદ્રના.
અશિતું - પીવાને.
ઇચ્છેત્ - ઇચ્છે.
યૈઃ - જે.
શાન્તરાગરુચિભિઃ - શાન્ત રસના ભાવની છાયાવાળા.
પરમાણુભિઃ - પરમાણુઓ વડે.
નિર્માપિતઃ - નિર્માણ કરાયેલા છો.
ત્રિભુવન - ત્રણ ભુવનને વિષે.
એકલલામભૂત ! - અદ્વિતીય તિલક સમાન.
તાવંતઃ - તેટલા.
એવ - નિશ્ચયાર્થે.
ખલુ - નિશ્ચે.
અણવઃ - પરમાણુઓ.
પૃથિવ્યાં - જગતમાં.
યત્ - જે કારણ માટે.
તે - તમારા.
સમાનં - સરખું.
અપરં - બીજું.
હિ - નિશ્ચે.
રૂપં - રૂપ.
અસ્તિ - છે.
વક્ત્રં - મુખ.
ક્વ - ક્યાં.
સુરનરોરગ - દેવ, મનુષ્ય અને ભવનપતિના.
નેત્રહારિ - નેત્રને હરણ કરનારૂં.
નિઃશેષ - સમસ્ત પ્રકારે.
નિર્જિત - જીતી છે.
જગત્ ત્રિતય - ત્રણ જગતની.
ઉપમાનં - ઉપમા જેણે એવું.
બિંબં - બિંબ.
કલંકમલિનં - કલંકવડે મ્લાનિ પામેલું.
નિશાકરસ્ય - ચંદ્રમાનું.
યદ્ - જે.
વાસરે - દિવસે.
ભવતિ - થાય છે.
પાંડુપલાશ - પીળાખાખરાના પાન.
કલ્પં - સરખું.
સંપૂર્ણમંડલ - સંપૂર્ણ મંડળવાળા પૂર્ણિમાના.
શશાંકકલાકલાપ - ચંદ્રની કળાના સમૂહના સરખા.
શુભ્રાઃ - ઉજ્જવળ.
ગુણાઃ - ગુણો.
ત્રિભુવનં - ત્રણ ભુવનને.
તવ - તમારા.
લંઘયંતિ - ઉલ્લંઘન કરે છે.
યે - જે પુરુષો.

સંશ્રિતાઃ - આશ્રય કરીને રહેલા છે.
તાન્ - તેઓને.
નિવારયતિ - નિવારણ કરે.
સંચરતઃ - વિચરતા.
યથેષ્ટં - સ્વેચ્છાએ.
ચિત્રં - આશ્ચર્ય.
અત્ર - અહીં.
યદિ - જો.
ત્રિદશ - દેવતાઓની.
અંગનાભિઃ - સ્ત્રીઓ વડે.
નીતં - પામેલું.
મનાક્ - કિંચિત્.
મનઃ - મન.
વિકારમાર્ગં - વિકારની ચેષ્ટાને.
કલ્પાંતકાલ - પ્રલયકાળના.
મરુતા - વાયુવડે.
ચલિત - કંપાયમાન થયા છે.
અચલેન - પર્વતો જેનાથી એવા.
મંદરાદ્રિ - મેરૂપર્વતનું.
શિખરં - શિખર ટોચ.
ચલિતં - ચલાયમાન થયેલું.
કદાચિત્ - ક્યારેય પણ.

ભગવદ્ દર્શનનું ફળ

દૃષ્ટ્વા ભવંત-મનિમેષ-વિલોકનીયં,
નાન્યત્ર તોષમુપયાતિ જનસ્ય ચક્ષુઃ;
પીત્વા પયઃ શશિકર ઘુતિ-દુગ્ધસિંધોઃ,
ક્ષારં જલં જલનિધેરશિતું ક* ઈચ્છેત્ ? ૧૧.

અર્થ :- મેષોન્મેષ (મટકું મારવું) રહિતપણે જોવા યોગ્ય (એકીટસે-એકીનજરે જોવા યોગ્ય) એવા તમોને જોઈને મનુષ્યની ચક્ષુ બીજે સ્થાને (અન્ય દેવોમાં) સંતોષ (આનંદ) પામતી નથી, કેમકે ચંદ્રના કિરણની કાન્તિ જેવા (ઉજ્જ્વળ) ક્ષીરસમુદ્રના પાણીને પીને લવણસમુદ્રના ખારા પાણીને પીવાને કોણ ઈચ્છે ? ૧૧.

---

* ક્ષીર સમુદ્રના નિર્મળ જળ તુલ્ય જિનદેવનું દર્શન પામીને લવણ-સમુદ્રના ખારા પાણી તુલ્ય અન્ય દેવના દર્શનને કોણ વાંછે ? અર્થાત્ કોઈ ન જ ઈચ્છે.

ભગવંતના રૂપનું વર્ણન.

યૈઃ [1]શાન્તરાગ-રુચિભિઃ પરમાણુભિસ્ત્વં[2],
નિર્માપિતસ્ત્રિભુવનૈકલલામ[3] ભૂત !;
તાવંત એવ ખલુ તેઽપ્યણવઃ પૃથિવ્યાં,
યત્તે સમાન-મપરં ન હિ રૂપમસ્તિ. ૧૨.

અર્થ :- હે ત્રણ ભુવનને વિષે અદ્વિતીય તિલક (આભરણ) સમાન ! શાન્તરસના ભાવની છાયાવાળા જે પરમાણુઓ વડે તમે નિર્માણ કરાયેલા છો, તે પરમાણુઓ જગતમાં નિશ્ચે તેટલા જ છે. જે કારણ માટે તમારા સમાન બીજું કોઈ (રૂપ આ જગતમાં) નિશ્ચે નથી. ૧૨.

ભગવંતના મુખનું વર્ણન

વક્ત્રં ક્વ તે સુર-નરોરગ-નેત્રહારિ,
નિઃશેષ-નિર્જિત-જગત્ત્રિતયોપમાનમ્;
બિંબં કલંક-મલિનં [4]ક્વ નિશાકરસ્ય,
યદ્વાસરે ભવતિ [5]પાંડુ-પલાશ-કલ્પમ્. ૧૩.

અર્થ :- દેવ, મનુષ્ય અને ભવનપતિ (નાગકુમાર) દેવના નેત્રને હરણ કરનારું (મોહ પમાડનારું) તથા સમસ્ત પ્રકારે જીતી

૧. "શાન્ત થઈ છે રાગની છાયા (ઈચ્છારૂપ મોહનીય કર્મ) જે થકી એવા" એવો અર્થ પણ થાય છે.
૨. જેની સાથે વિશેષ પ્રીતિ હોય તેને એક વચને બોલાવાય છે.
૩. મસ્તકે ધારણ કરેલી પુષ્પની માળા અથવા તિલક તે લલામ.
૪. બે વસ્તુનો મુકાબલો કરવામાં ક્વ શબ્દ મોટું અંતર સૂચવનારો છે.
૫. ખાખરાનું પાન પાકવાથી પીળું પડી જાય છે તેના જેવું નિસ્તેજ-ફીકું.

છે ત્રણ જગતની ઉપમા (કમળ, ચંદ્ર દર્પણ આદિ પદાર્થોની) જેણે એવું તમારું મુખ ક્યાં ? અને લાંછન કલંકવડે મલિન (ગ્લાનિ પામેલું) તથા જે દિવસે પીળા ખાખરાના પાન સરખું (નિસ્તેજ) થાય છે એવું ચંદ્રમાનું બિંબ ક્યાં ? અર્થાત્ ચંદ્રબિંબ કરતાં ભગવંતના મુખનું તેજ અત્યંત નિર્મળ છે. માટે તે ઉપમા સંભવે નહિ. ૧૩.

સંપૂર્ણ-મંડલ-શશાંક-કલા-કલાપ-
શુભ્રા ગુણા-સ્ત્રિભુવનં તવ લંઘયંતિ;
યે સંશ્રિતા-સ્ત્રિજગદીશ્વર ! નાથમેકં,
કસ્તાન્નિ-વારયતિ સંચરતો યથેષ્ટમ્. ૧૪.

અર્થ :- ત્રણ જગતના ઈશ્વર ! સંપૂર્ણ મંડળવાળા પૂર્ણિમાના ચંદ્રની કળાના સમૂહ સરખા ઉજ્જ્વળ એવા તમારા ગુણો ત્રણ ભુવનને ઉલ્લંઘન કરે છે (ત્રણ ભુવનને વ્યાપીને રહેલા છે.) કેમ કે જે એક (અદ્વિતીય-સમર્થ) નાથને આશ્રય કરીને રહેલા છે, તેને સ્વેચ્છાએ વિચરતા કોણ નિવારણ કરી શકે ? અર્થાત્ ત્રણે ભુવન ભગવંતના ગુણ ગ્રહણ કરવામાં તત્પર હોય છે. ૧૪.

ચિત્રં કિમત્ર યદિ તે ત્રિદશાંગનાભિ-
ર્નીતં મનાગપિ મનો ન વિકાર-માર્ગમ્;
કલ્પાંતકાલ-મરુતા ચલિતા-ચલેન,
કિં મંદરાદ્રિ-શિખરં ચલિતં કદાચિત્. ૧૫.

અર્થ :- હે દેવ ! દેવાંગનાઓ વડે તમારૂં મન જરા પણ વિકારની ચેષ્ટાને પામ્યું નથી તેમાં શું આશ્ચર્ય છે ? કેમ કે કંપાયમાન થયા છે અન્ય પર્વતો જેનાથી એવા પ્રલયકાળના

પવનવડે ક્યારે પણ મેરુ પર્વતનું શિખર ચલાયમાન થયેલું છે ? અર્થાત્ કલ્પાંતકાળનો પવન અન્ય પર્વતને કંપાવી શકે છે પણ મેરુને કંપાવી શકતો નથી, તેમ દેવાંગનાઓ હરિહરાદિ અન્યને ક્ષોભ પમાડે છે, પણ તમને ક્ષોભ પમાડી શકતી નથી. ૧૫.

શબ્દાર્થ

નિર્ધૂમવર્તિઃ - ધુમાડા અને વાટ રહિત.
અપવર્જિતતૈલપૂરઃ - ત્યાગ કર્યો છે તેલનો પૂર જેણે એવો.
કૃત્સ્નં - સમગ્ર.
જગત્ત્રયં - ત્રણ જગતને.
પ્રકટીકરોષિ - પ્રગટ કરો છો.
ગમ્યઃ - બુઝાઈ જવા યોગ્ય.
જાતુ - કદાપિ,
મરુતાં - પવનોને.
અચલાનાં - પર્વતો જે થકી એવા.
દીપઃ - દીપક.
અપરઃ - અપૂર્વ લોકોત્તર.
અસિ - છો.
જગત્પ્રકાશઃ - જગતપ્રસિદ્ધ.
અસ્તં - અસ્તને.
ઉપયાસિ - પામો છો.
રાહુગમ્ય - રાહુવડે ગ્રસવા યોગ્ય.
સ્પષ્ટીકરોષિ - પ્રકાશ કરો છો.
સહસા - તત્કાળ.
યુગપત્ - સમકાળે-એકી સાથે.
જગંતિ - ત્રણ જગતને.
અંભોધરોદર - મેઘના મધ્યભાગ વડે.
નિરુદ્ધ - આચ્છાદિત થયો છે.
મહાપ્રભાવઃ - મહોટો પ્રતાપ.
સૂર્યાતિશાયિ - સૂર્ય થકી અધિક
મહિમા - મહિમાવાળા.
મુનીંદ્ર - મુનિઓના સ્વામી.
લોકે - લોકને વિષે.
નિત્યોદયં - નિરંતર ઉદય પામેલું.
દલિતમોહ - દલન કર્યો છે મોહરૂપ.
મહાંધકારં - મ્હોટો અંધકાર જેણે એવું.
ગમ્યં - ગ્રસવા યોગ્ય.
રાહુવદનસ્ય - રાહુના મુખને.
વારિદાનાં - વાદળાઓને.
વિભ્રાજતે - શોભે છે.
મુખાબ્જં - મુખરૂપ કમળ.
અનલ્પકાન્તિ - ઘણી કાન્તિવાળું.
વિદ્યોતયન્ - પ્રકાશ કરતું.
શશાંકબિંબં - ચંદ્રના બિંબરૂપ.
શર્વરીષુ - રાત્રિઓ વિષે.
શશિના - ચંદ્ર વડે.
અહ્નિ - દિવસે.
વિવસ્વતા - સૂર્યવડે.
યુષ્મદ્ - તમારા.

મુખેંદુ - મુખરૂપ ચંદ્રમાવડે.
દલિતેષુ - દલન કરાયે છતે.
તમસ્સુ - અંધકાર.
નિષ્પન્નશાલિ - પાકેલા શાલીના.
વનશાલિનિ - વન વડે શોભાયમાન થયેલા.
જીવલોકે - મૃત્યુલોક છતે.
કાર્યં - પ્રયોજન.
કિયત્ - શું ?
જલધરૈઃ - મેઘો વડે.
જલભારનમ્રૈઃ - પાણીના ભાર વડે નમ્ર.
જ્ઞાનં - જ્ઞાન.
યથા - જેવી રીતે.
ત્વયિ - તમારા વિષે.
વિભાતિ - શોભે છે.
કૃતાવકાશં - અનંત ધર્માત્મક પદાર્થોને વિષે કર્યો છે પ્રકાશ જેણે એવું.
એવં - એ પ્રકારે.
તથા - તેવી રીતે.
હરિહરાદિષુ - હરિહરાદિ દેવોને વિષે.
નાયકેષુ - પોતે-પોતાના શાસનના નાયક.
તેજઃ - પ્રકાશ.
સ્ફુરન્મણિષુ - દેદીપ્યમાન મણિઓને વિષે.
યાતિ - પામે છે.
મહત્ત્વં - મોટાઈને.
તુ - વળી.
કાચશકલે - કાચના ટુકડાને વિષે.
કિરણાકુલે - કાન્તિવડે વ્યાપ્ત.
અપિ - પણ.

દીપકની ઉપમાની વ્યર્થતા

નિર્ધૂમવર્ત્તિ-રપવર્જિત-તૈલપુરઃ,
કૃત્સ્નં જગત્ત્રય-મિદં પ્રકટીકરોષિ;
[1]ગમ્યો ન જાતુ મરુતાં ચલિતાચલાનાં,
[2]દીપોડપરસ્ત્વમસિ નાથ ! જગત્પ્રકાશઃ. ૧૬.

અર્થ :- હે નાથ ! દ્વેષરૂપ ધૂમ અને *કામદશારૂપી વાટ રહિત,ત્યાગ કર્યો છે સ્નેહપ્રકાશરૂપ તેલનો પૂર (તેલનું પુરવું)

---

૧. પરાભવ કરવાને શક્ય-વશવર્તિ.
૨. અલૌકિક દીપક (દીવો) થી અન્ય સ્વરૂપવાળો બીજો લોકોત્તર દીપક.
* કામની દશ અવસ્થાઓ છે, તે આ પ્રમાણે જાણવી. (૧) કામની

જેણે એવા તમે, આ સમગ્ર ત્રણ જગતને કેવળજ્ઞાનરૂપ ઉદ્યોત વડે પ્રકાશ કરો છો, અને ચલાયમાન થયા છે પર્વતો જે થકી એવા પવનોને કદાપિ ગમ્ય નથી (પવન વડે ઓલવાય એવા નથી) એવા જગતપ્રસિદ્ધ (અથવા જગતને વિષે જ્ઞાનનો ઉદ્યોત છે જેનો એવા) તમે અપૂર્વ (લોકોત્તર) દીપક છો. અર્થાત્ લૌકિક દીપક ધૂમ, વાટ અને તેલ સહિત છે અને ઘરમાં જ માત્ર પ્રકાશ કરે છે તથા પવન વડે ઓલવાઈ જાય છે. ત્યારે આપ પૂર્વોક્ત ધૂમ્ર, વાટ અને તેલ રહિત છતાં ત્રણે લોકને પ્રકાશ કરો છો અને ગમે તેવા પવન વડે આપનો જ્ઞાનપ્રકાશ ઓલવાઈ જતો નથી માટે અપૂર્વ દીપક છો. ૧૬.

સૂર્યની ઉપમાની વ્યર્થતા

નાસ્તં કદાચિ-દુપયાસિ ન રાહુગમ્ય,
સ્પષ્ટીકરોષિ સહસા યુગપજ્જગંતિ;
નાંભોધરોદર-નિરુદ્ધમહાપ્રભાવઃ,
સૂર્યાતિશાયિ-મહિમાડસિ મુનીંદ્ર! લોકે. ૧૭.

અર્થ :- કદાપિ (કોઈ પણ વખતે) અસ્ત પામતા નથી. રાહુ વડે ગ્રસવા યોગ્ય (પાપરૂપ રાહુ વડે પરાભવ પામવા યોગ્ય) નથી. તત્કાળ સમકાળે ત્રણ જગતને પ્રકાશ કરો છો અને મેઘ (જ્ઞાનાવરણાદિ કર્મરૂપ વાદળાં)ના મધ્ય ભાગ વડે આચ્છાદિત થયો છે મહોટો પ્રતાપ (જ્ઞાનપ્રકાશ) જેનો એવા

ઇચ્છા. (૨) મેળવવાની ચિંતા. (૩) સ્મરણ. (૪) ગુણકીર્તન. (૫) ઉદ્વેગ. (૬) પ્રલપન-જેમ તેમ બોલવું. (૭) ઉન્માદ. (૮) અંગદાહ વગેરે વ્યાધિનો સંભવ. (૯) જડતા અને (૧૦) મરણ (કામની પ્રાપ્તિ નહિ થવાથી મરવા તૈયાર થાય).

નથી. અર્થાત્ સૂર્યની ઉપમા પણ આપને ઘટતી નથી કેમ કે તેના કરતાં પણ અધિક મહિમાવાળા તમે છો. ૧૭.

ચંદ્રની ઉપમાની વ્યર્થતા.

નિત્યોદયં દલિતમોહ-મહાંધકારં,
ગમ્યં ન રાહુવદનસ્ય ન વારિદાનામ્;
વિભ્રાજતે તવ મુખાબ્જ-મનલ્પકાન્તિ,
વિદ્યોતયજ્જગદપૂર્વ-શશાંક-બિમ્બમ્. ૧૮.

અર્થ :- નિરંતર ઉદય પામેલું, દલન કર્યો છે અજ્ઞાનરૂપ (મોહનીય કર્મરૂપ) મહોટો અંધકાર જેણે એવું, રાહુ (કુર્તક વાદીરૂપ)ના મુખને નહિ ગ્રસવા યોગ્ય, આઠ કર્મરૂપ વાદળાંઓને નહિ આચ્છાદન કરવા યોગ્ય, અત્યંતકાન્તિવાળું અને ત્રણ જગતને પ્રકાશ કરતું એવું તમારું મુખરૂપ કમળ અપૂર્વ ચંદ્રમાના બિંબરૂપ શોભે છે. અર્થાત્ ચંદ્રની ઉપમા પણ આપને ઘટતી નથી, કેમકે તેના કરતાં પણ આપ અધિક મહિમાવાળા છો. ૧૮.

કિં શર્વરીષુ શશિનાઽહ્નિ વિવસ્વતા વા,
યુષ્મન્મુખેંદુ-દલિતેષુ તમસ્સુ નાથ !;
નિષ્પન્ન-શાલિ-વન-શાલિનિ જીવલોકે,
કાર્યં કિયજ્જલધરૈ-ર્જલભાર નમ્રૈઃ ૧૯

અર્થ :- હે નાથ ! તમારા મુખરૂપ ચંદ્રમાવડે અંધકાર દલન કરાયે છતે, રાત્રિઓને વિષે ચંદ્રવડે અથવા દિવસે સૂર્યવડે શું પ્રયોજન છે ? અર્થાત્ તે કંઈ કામના નથી કેમ કે પાકેલા શાલી (ડાંગર)ના વનવડે શોભાયમાન થયેલા જીવલોક છતે, પાણીના ભારવડે નમ્ર થયેલા મેઘોવડે શું પ્રયોજન છે ?

અર્થાત્ તમારા મુખરૂપ ચંદ્ર વિદ્યમાન છતે ચંદ્ર-સૂર્યનું કાંઈપણ પ્રયોજન નથી. ૧૯.

પ્રભુના નામની શ્રેષ્ઠતા

જ્ઞાનં યથા ત્વયિ વિભાતિ કૃતાવકાશં,
નૈવં તથા હરિહરાદિષુ નાયકેષુ;
તેજઃ સ્ફુરન્મણિષુ યાતિ યથા મહત્ત્વં,
નૈવં તુ કાચ-શકલે કિરણાકુલેઽપિ. ૨૦.

અર્થ :- હે નાથ ! અનંત ધર્માત્મક પદાર્થોને વિષે કર્યો છે પ્રકાશ જેણે એવું જ્ઞાન (કેવળજ્ઞાન) જેવી રીતે તમારે વિષે શોભે છે, તેવી રીતે પોતપોતાના શાસનના નાયક એવા હરિહરાદિ દેવોને વિષે એવા પ્રકારનું (જ્ઞાન) નથી શોભતું. કેમ કે દેદીપ્યમાન (જાતિવંત) મણિઓને વિષે જેવી રીતે પ્રકાશ મોટાઈને પામે છે. તેવી રીતે કાન્તિવડે વ્યાપ્ત (ચળકતા) એવા પણ કાચના કકડાને વિષે એ પ્રકારે મોટાઈ નથી પામતો. અર્થાત્ અન્ય દેવોને વિભંગજ્ઞાન છે; તમારા જેવું કેવળજ્ઞાન તેમનામાં નથી. ૨૦.

શબ્દાર્થ

મન્યે - માનું છું.
વરં - શ્રેષ્ઠ.
હરિહરાદયઃ - હરિહરાદિ દેવો.
દૃષ્ટાઃ - જોયા.
દૃષ્ટેષુ - જોયે છતે.
યેષુ - જેઓને.
હૃદયં - મારું ચિત્ત.
તોષં - સંતોષને.
એતિ - પામે છે.
વીક્ષિતેન - દેખાયેલ.
ભવતા - તમારા વડે.
ભુવિ - પૃથ્વીમાં.
યેન - જે વડે.
કશ્ચિત્ - કોઈપણ.
હરતિ - હરણ કરે છે.
ભવાન્તરે - બીજા ભવને વિષે.

સ્ત્રીણાં - સ્ત્રીઓના.
શતાનિ - સેંકડાઓ.
શતશો - સેંકડો.
જનયંતિ - પ્રસવે છે.
પુત્રાન્ - પુત્રોને.
અન્યાઃ - બીજી.
સુતં - પુત્રને.
ત્વદુપમં - તમારા સરખા.
જનની - માતા.
પ્રસૂતા - પ્રસવતી - જન્મ આપતી.
સર્વાઃ - બધી.
દિશઃ - દિશાઓ.
દધતિ - ધારણ કરે છે.
ભાનિ - નક્ષત્રોને.
સહસ્રરશ્મિં - સૂર્યને.
પ્રાચી - પૂર્વ.
દિગ્ - દિશા.
જનયતિ - ઉત્પન્ન કરે છે.
સ્ફુરદંશુજાલં - દેદીપ્યમાન છે. કિરણોનો સમૂહ જેનો એવા.
ત્વાં - તમોને.
મુનયઃ - મુનિઓ.
પરમં - ઉત્કૃષ્ટ.
પુમાંસમ્ - પુરુષ.
આદિત્યવર્ણમ્ - સૂર્યના જેવા વર્ણવાળા.
અમલં - નિર્મળ.
તમસઃ - અંધકારની.

પુરસ્તાત્ - આગળ.
સમ્યગ્ - રૂડા પ્રકારે.
ઉપલભ્ય - પામીને.
જયંતિ - જીતે છે.
મૃત્યું - મરણ.
શિવઃ - નિરુપદ્રવ.
શિવપદસ્ય - મોક્ષપદનો.
પંથાઃ - માર્ગ-રસ્તો.
અવ્યયં - નાશ ન પામે તેવા.
વિભું - સમર્થ.
અચિંત્યં - અચિંત્યમહિમાવાળા.
અસંખ્યં - અસંખ્ય ગુણવાળા.
આદ્યં - પહેલા.
બ્રહ્માણં - બ્રહ્મસ્વરૂપ.
ઈશ્વરં - દેવના દેવ.
અનંતં - અંતરહિત.
અનંગકેતું - કામદેવનો નાશ કરવામાં પૂંછડીયા તારા સરખા.
યોગીશ્વરં - યોગીઓના ઈશ્વર.
વિદિતયોગં - યોગને જાણનાર.
અનેકં - અનેક પર્યાયવાળા.
એકં - અદ્વિતીય.
જ્ઞાનસ્વરૂપ - જ્ઞાનસ્વરૂપી.
અમલં - અઢારે દોષરહિત.
પ્રવદંતિ - કહે છે.
સંતઃ - સજ્જન પુરૂષો.
બુદ્ધઃ - બુદ્ધ છો.
ત્વમેવ - તમે જ.

विबुधार्चित - દેવતાઓએ પૂજ્યો છે.
बुद्धिबोधात् - બુદ્ધિનો બોધ જેનો એવા તેથી.
शंकरः - શંકર.
शंकरत्वात् - સુખ કરવાપણાથી.
धाता - વિધાતા.
धीर ! - હે ધીર !
शिवमार्गविधेः - મોક્ષની વિધિને.
विधानात् - રચવા થકી.
व्यक्तं - પ્રકટ.
पुरुषोत्तम - પુરુષોત્તમ.
असि - છો.

નિંદા - સ્તુતિ

મન્યે[1] વરં હરિહરાદય એવ દૃષ્ટા,
દૃષ્ટેષુ યેષુ હૃદયં ત્વયિ તોષમેતિ;
કિં વીક્ષિતેન ભવતા ભુમિ યેન નાન્યઃ,
કશ્ચિન્મનો હરતિ નાથ ! ભવાંતરેऽપિ. ૨૧.

અર્થ :- હે નાથ ! હરિ-હરાદિ દેવો જોયા તે હું સારું જ માનું છું. જેને દીઠે છતે હૃદય (મારું ચિત્ત) તમારે વિષે સંતોષ (આનંદ)ને પામે છે. દેખેલા એવા તમો વડે કરીને શું ? તો કે જે (તમારા દર્શન) વડે પૃથ્વીને વિષે બીજો કોઈ દેવ ભવાંતરને વિષે પણ મનને હરણ નહિ કરે. ૨૧.

માતાની પ્રશંસાદ્વારા પ્રભુસ્તુતિ.

સ્ત્રીણાં શતાનિ શતશો જનયંતિ પુત્રાન્,
નાન્યા સુતં ત્વદુપમં જનની પ્રસૂતા;

---

૧. જેમ સામાન્ય વસ્તુને જોયા પછી તેના કરતાં સારી વસ્તુ જોવામાં આવતાં વિશેષ આનંદ થાય છે, તેમ હરિ-હરાદિને મેં પ્રથમ જોયા અને પછી તમને જોયા તેથી તમારી ઉત્તમતા મને વિશેષે દૃઢ થઈ. માટે પ્રથમ હરિ-હરાદિને જોયા તે સારું થયું તેમ હું માનું છું. તમને સર્વ ગુણસંપન્ન જોઈને હવે રાગ-દ્વેષ, કામ-ક્રોધાદિ દોષવાળા અન્ય દેવોમાં મારું મન ભવાંતરમાં પણ સંતોષ પામશે જ નહિં.

સર્વા દિશો દધતિ ભાનિ સહસ્રરશ્મિં,
પ્રાચ્યેવ દિગ્જનયતિ સ્ફુરદંશુજાલમ્. ૨૨.

અર્થ :- સ્ત્રીઓના સેંકડાઓ (સેંકડો સ્ત્રીઓ) સેંકડો પુત્રોને પ્રસવે છે પરંતુ તમારા જેવા પુત્રને બીજી માતા જન્મ આપતી નથી. કેમ કે બધી દિશાઓ નક્ષત્રોને ધારણ કરે છે, પણ દેદીપ્યમાન છે કિરણોનો સમૂહ જેનો એવા સૂર્યને પૂર્વ દિશા જ ઉત્પન્ન કરે છે. અર્થાત્ સૂર્યને જન્મ આપનાર જેમ પૂર્વ દિશા જ છે તેમ તમારા જેવા પુત્રને જન્મ આપનાર તો તમારી માતા (મરુદેવા) જ છે. ૨૨.

પ્રભુના પરમ પુરુષત્વનું વર્ણન

ત્વામામનંતિ મુનયઃ પરમં પુમાંસ,-
માદિત્યવર્ણ-મમલં તમસઃ પુરસ્તાત્;
ત્વામેવ સમ્ય-ગુપલભ્ય[1] જયંતિ મૃત્યું,
નાન્યઃ શિવઃ શિવપદસ્ય મુનીન્દ્ર ! પંથાઃ ૨૩.

અર્થ :- હે મુનીંદ્ર ! મુનિઓ તમોને પરમ પુરુષ (નિષ્કર્મા), પાપરૂપ અંધકારની આગળ સૂર્ય જેવી કાન્તિવાળા અને નિર્મળ (રાગ-દ્વેષરહિત) કહે છે, તમોને જે રૂડા પ્રકારે પામીને (જાણીને) મૃત્યુને જીતે છે, તે સિવાય બીજો કોઈ ઉપદ્રવ રહિત મોક્ષપદનો માર્ગ (રસ્તો) નથી. ૨૩.

સર્વ દેવના નામે જિનસ્તુતિ.

ત્વામવ્યયં વિભુ-મચિન્ત્ય-મસંખ્ય-માદ્યં,
બ્રહ્માણ-મીશ્વર-મનન્ત-મનંગકેતુમ્;[2]

---

૧. જન્મ-મરણ ટાળે છે અર્થાત્ સિદ્ધદશાને પામે છે.

૨. જગતનો સંહાર કરવાને પૂંછડીયો તારો જેમ હેતુભૂત છે તેમ તમે કામદેવને હણવાને કેતુ તુલ્ય છો.

યોગીશ્વરં [1]વિદિતયોગ-મનેક-મેકં,
જ્ઞાનસ્વરૂપ-મમલં પ્રવદન્તિ સંતઃ. ૨૪.

અર્થ :- હે પ્રભુ ! સંત (સાધુ-સજ્જન) પુરુષો તમોને અવ્યય (નાશ ન પામે તેવા), વિભુ (પરમ ઐશ્વર્ય વડે શોભતાકર્મનું ઉન્મૂલન કરવામાં સમર્થ). અચિન્ત્ય (અચિન્ત્ય ગુણવાળા અથવા આધ્યાત્મિક પુરુષો વડે કરી પણ ચિંતવન થઈ ન શકે એવું સ્વરૂપ છે જેનું એવા), અસંખ્ય ગુણવાળા, આદ્ય (પહેલા તીર્થંકર અથવા લોકવ્યવહારરૂપ સૃષ્ટિની શરૂઆત કરનાર અથવા પંચ પરમેષ્ઠિને વિષે આદ્ય), બ્રહ્મ સ્વરૂપ (પરમાનંદ સ્વરૂપ, નિવૃત્તિરૂપ), ઈશ્વર (દેવના દેવ), અનંત (અનંત જ્ઞાન-દર્શનવાળા અથવા મૃત્યુરૂપ અંત વિનાના), અનંગકેતુ (કામદેવનો નાશ કરવાને પૂંછડીયા તારા જેવા અથવા અંગ-ઔદારિકાદિ શરીર તે રૂપ કેતુ-ચિહ્ન જેને નથી તેવા), યોગીઓના ઈશ્વર (ચાર-જ્ઞાની મુનિઓ અથવા ધ્યાની પુરુષોના ઈશ્વર). યોગ, (જ્ઞાન, દર્શન, ચારિત્રરૂપને જાણનાર અથવા જણાયો છે અષ્ટાંગ યોગ જેનાથી એવા), અનેક (જ્ઞાને કરીને સર્વવ્યાપક હોવાથી અનેક અથવા અનેક પર્યાયવાળા), અદ્વિતીય (સર્વોત્તમ), જ્ઞાનસ્વરૂપ (કેવળજ્ઞાનરૂપ સ્વરૂપ છે જેનું એવા) અને નિર્મળ (અઢાર દોષરહિત) એવા કહે છે. ૨૪.

[2]બુદ્ધસ્ત્વમેવ વિબુધાર્ચિત-બુદ્ધિ-બોધાત્,
ત્વં [3]શંકરોડસિ ભુવનત્રય-શંકરત્વાત્;

---

૧. વિ=વિશેષ પ્રકારે, દિત=ખંડન કર્યો છે. યોગ=કર્મનો સંબંધ જેણે એવા. એવો પણ અર્થ થાય છે.

૨. તત્ત્વને જાણે તે બુદ્ધ. ૩. સુખને કરે તે શંકર.

[1]ધાતાઽસિ ધીર ! શિવમાર્ગવિધેર્વિધાનાત્,
વ્યક્તં ત્વમેવ ભગવન્ ! [2]પુરુષોત્તમોઽસિ. ૨૫.

અર્થ :- હે નાથ દેવતાઓએ અર્ચિત કર્યો છે બુદ્ધિનો બોધ જેનો એવા છો - માટે તમે જ બુદ્ધદેવ છો. ત્રણ ભુવનને સુખને કરવાપણા થકી તમે જ શંકર છો, હે ધીર ! મોક્ષમાર્ગની વિધિ (રત્નત્રયરૂપ)ને રચવાથી (પ્રરૂપવાથકી) તમે જ બ્રહ્મા છો. હે ભગવંત ! તમે જ પ્રકટ પુરુષોત્તમ (કૃષ્ણ) છો. અર્થાત્ બુદ્ધ, શંકર, બ્રહ્મા અને નારાયણ એ યથાર્થ નામ પ્રમાણે ગુણવાળા નથી કેમ કે બુદ્ધ કેવલજ્ઞાન રહિત, શંકર-સંહાર કરનારા, બ્રહ્મા-હિંસક વેદના ઉપદેશ દેનારા અને કૃષ્ણ કપટ યુક્ત છે; માટે તે નામના યથાર્થ ગુણો સર્વ આપનામાં જ છે. ૨૫.

શબ્દાર્થ

તુભ્યં - તમોને.
નમઃ - નમસ્કાર હો.
ત્રિભુવનાર્તિહરાય - ત્રણ ભુવનની પીડાને હરનારા.
ક્ષિતિતલ - પૃથ્વીતલને વિષે.
અમલભૂષણાય - નિર્મળભૂષણ રૂપ.
ત્રિજગતઃ - ત્રણ જગતના.
પરમેશ્વરાય - પરમેશ્વરને.
ભવોદધિશોષણાય - ભવસાગરને શોષણ કરનારને.
વિસ્મયઃ - આશ્ચર્ય.
નામ - આમંત્રણના અર્થમાં.
અશેષૈઃ - સમસ્ત.
સંશ્રિતઃ - આશ્રય કરાયેલા છો.
નિરવકાશતયા - નિરંતરપણે.
દોષૈઃ - દોષો વડે.
ઉપાત્તવિવિધાશ્રય - ગ્રહણ કરેલા વિવિધ આશ્રયો વડે.
જાતગર્વૈઃ - ઉત્પન્ન થયો છે ગર્વ જેને એવા (દોષો).
સ્વપ્નાંતરે - સ્વપ્નાંતરમાં.
ઈક્ષિત - જોવાયેલા.
અસિ - છો.
ઉચ્ચૈઃ - ઉંચા.
અશોકતરુસંશ્રિતં - અશોકવૃક્ષને આશ્રય કરીને રહેલું.

---

૧. શિવમાર્ગને કરે-રચે તે બ્રહ્મા. ૨. પુરુષોમાંહે ઉત્તમ તે પુરુષોત્તમ.

ઉન્મયૂખં - ઉંચા છે કિરણો જેનાં એવું.
આભાતિ - શોભે છે.
નિતાંતમ્ - અત્યંત.
સ્પષ્ટ - પ્રકટ.
ઉલ્લસત્કિરણં - દેદીપ્યમાન છે કિરણો જેનાં એવું.
અસ્ત - નાશ કર્યો છે.
તમોવિતાનં - અંધકારનો સમૂહ જેણે.
રવેઃ - સૂર્યનું.
પયોધરપાર્શ્વવર્તિ - મેઘની પાસે રહેલું.
સિંહાસને - સિંહાસનને વિષે.
મણિમયૂખ - મણિઓના કિરણોની.
શિખાવિચિત્રે - પંક્તિવડે ચિત્ર - વિચિત્ર.
વિભ્રાજતે - શોભે છે.
વપુઃ - શરીર.
કનકાવદાતં - સુવર્ણ જેવું મનોજ્ઞ.
વિયદ્વિલસત્ - આકાશને વિષે ઉદ્યોતમાન.
અંશુલતાવિતાનં - કિરણોની શાખાનો સમૂહ છે જેને એવું.
તુંગોદયાદ્રિ - ઊંચા મેરૂપર્વતના.
શિરસિ - શિખર ઉપર.
સહસ્રરશ્મેઃ - સૂર્યના.
કુંદાવદાત - મોગરાના પુષ્પ જેવા ઉજ્જવળ.
ચલચામર - વિંઝેલા ચામરો વડે.
ચારુશોભં - મનોજ્ઞ છે શોભા જેની એવું.
કલધૌતકાંતં - સુવર્ણ સરખું મનોહર.
ઉદ્યચ્છશાંક - ઉદય પામેલા ચંદ્ર સરખા.
શુચિનિર્ઝર - નિર્મળ ઝરણાના.
વારિધારં - પાણીની ધારા છે જેને વિષે એવું.
તટં - શિખર.
સુરગિરેઃ - મેરૂ પર્વતનું.
ઇવ - પેઠે.
શાતકૌમ્ભં - સુવર્ણમય.

જિનસ્તુતિ

તુભ્યં નમસ્ત્રિભુવનાર્તિહરાય નાથ !,
તુભ્યં નમઃ [1]ક્ષિતિ-તલા-મલ-ભૂષણાય;

---

૧. ક્ષિતિ=પૃથ્વી, તલ=પાતાળ અને અમલ=સ્વર્ગ, તેના મંડન તુલ્ય એવો પણ અર્થ થઈ શકે છે.

તુભ્યં નમસ્ત્રિજગતઃ પરમેશ્વરાય,
તુભ્યં નમો જિન ! ભવોદધિ-શોષણાય. ૨૬.

અર્થ :- હે નાથ ! ત્રણ ભુવનની પીડાને હરનાર તમોને નમસ્કાર હો. પૃથ્વીતળને વિષે નિર્મળ ભૂષણ (અલંકાર) રૂપ તમોને નમસ્કાર હો. ત્રણ જગતના પરમેશ્વર એવા તમોને નમસ્કાર હો. અને હે જિન ! ભવ (ચાર ગતિના ભ્રમણરૂપ) સમુદ્રને શોષણ કરનારા તમોને નમસ્કાર હો. ૨૬.

નિંદા-સ્તુતિ

કો વિસ્મયોઽત્ર યદિ [૧]નામ ગુણૈરશેષૈ-,
સ્ત્વં સંશ્રિતો [૨]નિરવકાશતયા મુનીશ !,
[૩]દોષૈ-રૂપાત્ત[૪] વિવિધાશ્રય-જાત-ગર્વૈઃ,
[૫]સ્વપ્રાંતરેઽપિ ન કદાચિ-દપીક્ષિતોઽસિ. ૨૭.

અર્થ :- હે મુનીશ ! (મુનિઓના ઈશ્વર) સમસ્ત ગુણો વડે તમે નિરંતરપણે રૂડા પ્રકારે આશ્રય કરાયેલા છો; એમાં શું આશ્ચર્ય છે ? કેમ કે ગ્રહણ કરેલા વિવિધ આશ્રયો વડે ઉત્પન્ન થયો છે ગર્વ જેને એવા દોષો વડે તમે સ્વપ્રાંતરમાં ક્યારે પણ

---

૧. કોમળ આમંત્રણમાં વપરાય છે. ૨. અન્ય દેવને વિષે સ્થાન નહિ મળવાથી સ્થાન રહિતપણાવડે એટલે અંતર રહિતપણે, ગુણો તમોને જ આશ્રય કરી રહ્યા છે. ૩. કામ-ક્રોધાદિ. ૪. ગ્રહણ કર્યા જે જાતજાતના (અન્ય દેવના) આશ્રયો (સ્થાનો) તે વડે ઉત્પન્ન થયો છે અહંકાર જેને એવા દોષો. અર્થાત્ અન્ય દેવને વિષે રહેવાનો આશ્રય મળવાથી દોષોએ તમને સ્વપ્રાંતરમાં પણ જોયા નથી. કેમકે ઇચ્છિત સ્થાન મળવાથી બીજાની વાંછા રહેતી નથી. ૫. એક સ્વપ્રમાં બીજું સ્વપ્ર આવે તે.

જોવાયેલા નથી, અર્થાત્ ગુણો તમોને આશ્રય કરી રહ્યા છે અને દોષો અન્ય દેવોને આશ્રય કરી રહ્યા છે. ૨૭.

અશોકવૃક્ષ નામે પ્રાતિહાર્યનું વર્ણન

[૧]ઉચ્ચૈરશોકતરુ-સંશ્રિત-મુન્મયૂખ-,
માભાતિ રૂપમ-મલં ભવતો નિતાન્તમ્;
સ્પષ્ટોલ્લસત્‌કિરણ-મસ્ત-તમોવિતાનં,
બિમ્બં રવેરિવ પયોધર-પાર્શ્વવર્તિ. ૨૮.

અર્થ :- હે જિન ! ઉંચા અશોકવૃક્ષને આશ્રય કરીને રહેલ (અશોકવૃક્ષની નીચે બેઠેલ), ઉંચા (અથવા અધિક) છે કિરણો જેનાં એવું અને નિર્મળ (પરસેવા રહિત) એવું તમારું શરીર પ્રકટ દેદીપ્યમાન છે કિરણો જેનાં એવું, નાશ કર્યો છે અંધકારનો સમૂહ જેણે એવું અને મેઘ (વાદળા)ની પાસે રહેલું એવું સૂર્યનું બિંબ હોય તેની પેઠે અત્યંત શોભે છે. ૨૮.

સિંહાસન પ્રાતિહાર્ય વર્ણન.

સિંહાસને [૨]મણિ-મયૂખ-શિખા-વિચિત્રે,
વિભ્રાજતે તવ વપુઃ કનકાવદાતમ્;
બિમ્બં વિયદ્વિલસદં-શુલતા વિતાનં,
તુંગોદયાદ્રિ શિરસીવ સહસ્રરશ્મેઃ. ૨૯.

અર્થ :- મણિઓના કિરણોની પંક્તિ (અથવા અગ્રભાગ) વડે ચિત્ર-વિચિત્ર એવા સિંહાસનને વિષે સુવર્ણના જેવું મનોજ્ઞ

---

૧. જિનેશ્વરના શરીર કરતાં બારગણું ઊંચું અશોકવૃક્ષ હોય છે.

૨. અહીં કિરણના સમૂહ સમાન મણિના કિરણોની પંક્તિ, ઉદયાચળ પર્વત સમાન સિંહાસન અને સૂર્યબિંબ સમાન પ્રભુનું શરીર જાણવું.

તમારું શરીર, ઊંચા મેરૂ પર્વતના શિખર ઉપર આકાશને વિષે ઉદ્યોતમાન્ (પ્રસરેલા) કિરણોની શાખાનો સમૂહ છે જેને એવું સૂર્યનું બિંબ હોય તેની પેઠે વિશેષે કરીને શોભે છે. ૨૯.

ચામર પ્રાતિહાર્યનું વર્ણન

કુન્દાવદાત-ચલચામર-ચારુશોભં,
વિભ્રાજતે તવ વપુઃ કલ-ધૌતકાન્તમ્;
ઉદ્યચ્છશાંક-શુચિ-નિર્ઝર-વારિધાર-,
મુચ્ચૈસ્તટં* સુરગિરેરિવ શાતકૌમ્ભમ્. ૩૦.

અર્થ :- હે પ્રભુ ! મોગરાના પુષ્પ જેવા શ્વેત વર્ણવાળાં અને (ઇન્દ્રોએ) વીંઝેલા એવાં ચામરો વડે મનોહર છે શોભા જેની એવું તથા સુવર્ણ સરખું મનોહર તમારું શરીર, ઉદય પામેલા ચંદ્ર સરખા નિર્મળ ઝરણના પાણીની ધારા જેને વિષે છે એવું અને સુવર્ણમય મેરૂપર્વતનું ઉંચું શિખર હોય, તેના જેવું વિશેષ કરીને શોભે છે. ૩૦.

શબ્દાર્થ

છત્રત્રયં - ત્રણ છત્ર.
શશાંકકાંત - ચંદ્ર સરખું મનોહર.
સ્થિત - રહેલું.
સ્થગિત - ઢાંકી દીધો છે.
ભાનુકરપ્રતાપં - સૂર્યના કિરણોનો પ્રતાપ જેણે એવું.
મુક્તાફલપ્રકરજાલ - મોતીના સમૂહની રચના વડે.
વિવૃદ્ધશોભં - વિશેષ વૃદ્ધિ પામી છે શોભા જેની એવું.
પ્રખ્યાપયત્ - પ્રકર્ષે જણાવનારૂં.
પરમેશ્વરત્વં - પરમેશ્વરપણાને.
ઉન્નિદ્ર - વિકસ્વર થયેલા.
હેમનવપંકજ - સુવર્ણના નવ કમળના.
પુંજકાન્તિ - સમૂહની કાન્તિ વડે.

* અહીં મેરૂપર્વતના શિખર તુલ્ય ભગવંતનું શરીર અને પાણીની ધારા તુલ્ય વીંઝાતા ચામરો જાણવાં.

પર્યુલ્લસન્નખ - ઉછળતા નખનાં.
મયૂખશિખા - કિરણોની પંક્તિ વડે.
અભિરામૌ - મનોહર.
પાદૌ - બે ચરણો.
પદાનિ - ગમનસ્થાનને.
ધત્તઃ - ધારણ કરે છે.
પદ્માનિ - કમળોને.
વિબુધાઃ - દેવતાઓ.
પરિકલ્પયંતિ - રચે છે.
ઇત્થં - એ પ્રકારની.
વિભૂતિઃ - સંપદા.
અભૂત્ - હતી.
ધર્મોપદેશનવિધૌ - ધર્મના ઉપદેશની વિધિમાં.
પરસ્ય - અન્ય દેવની.
યાદૃક્ - જેવી.
પ્રભા - કાન્તિ.
દિનકૃતઃ - સૂર્યની.
પ્રહતાંધકારા - પ્રકર્ષે કરીને હણ્યો છે અંધકાર જેણે એવી.
તાદૃક્ - તેવી.
કુતઃ - ક્યાંથી.
ગ્રહગણસ્ય - ગ્રહસમૂહની.
વિકાશિનઃ - પ્રકાશિત થયેલા.
શ્ચ્યોતન્ - ઝરતા.
મદાવિલવિલોલ - મદ વડે કલુષિત થયેલા અને ચંચળ.
કપોલમૂલ - ગંડસ્થળોને વિષે.
મત્તભ્રમદ્ - મદોન્મત્ત થયેલા અને ભમતા.
ભ્રમરનાદ - ભમરાઓના શબ્દ વડે.
વિવૃદ્ધકોપં - વિશેષે વૃદ્ધિ પામ્યો છે કોપ જેનો એવા.
ઐરાવતાભં - ઐરાવત જેવી કાન્તિવાળા.
ઇભં - હસ્તિને.
ઉદ્ધતં - ઉદ્ધત.
આપતન્તં - સન્મુખ આવતા.
ભયં - ભય.
આશ્રિતાનાં - આશ્રિતો-ભક્તજનોને.
ભિન્નેભ - ભેદાયેલા હસ્તિના.
કુંભગલત્ - કુંભસ્થળ થકી પડેલા.
ઉજ્જ્વલશોણિતાક્ત - ઉજ્જ્વળ અને લોહીથી ખરડાયેલા.
મુક્તાફલપ્રકર - મોતીના સમૂહ વડે.
ભૂષિતભૂમિભાગઃ - શોભાવ્યો છે પૃથ્વીનો ભાગ જેણે એવો.
બદ્ધક્રમઃ - ફાળ મારતો.
ક્રમગતં - ફાળમાં આવી ગયેલને.
હરિણાધિપઃ - સિંહ.
આક્રામતિ - પરાભવ કરે છે.
ક્રમયુગાચલ - ચરણ યુગલરૂપ પર્વતને.
સંશ્રિતં - આશ્રિતજનને.
તે - તમારા.

છત્રત્રય પ્રાતિહાર્ય વર્ણન

[૧]છત્રત્રયં તવ વિભાતિ શશાંકકાન્ત,-
મુચ્ચૈઃ સ્થિતં સ્થગિત-ભાનુકર-પ્રતાપમ્;
મુક્તાફલ-પ્રકર-જાલ-વિવૃદ્ધ-શોભં,
[૨]પ્રખ્યાપયત્ત્રિજગતઃ પરમેશ્વરત્વમ્. ૩૧.

અર્થ :- હે પ્રભુ ! ચંદ્ર સરખું મનોહર (અથવા ઉજ્જવળ) ઊંચે રહેલું (તમારા મસ્તકે ધારણ કરાયેલું), ઢાંકી દીધો છે સૂર્યના કિરણોનો પ્રતાપ (તેજ અથવા સંતાપ-પીડા) જેણે એવું, મોતીના સમૂહની રચના વડે વિશેષે વૃદ્ધિ પામી છે શોભા જેની એવું અને ત્રણ જગતના પરમેશ્વરપણા (અધિપતિપણા)ને જાણે પ્રકર્ષે કરીને જણાવતું હોય નહિ ! તેવું તમારૂં છત્રત્રય વિશેષે શોભે છે. ૩૧.

ઉન્નિદ્ર-હેમ-નવપંકજ-પુંજ-કાન્તિ[૩]-
પર્યુલ્લસન્નખ-મયૂખ-શિખાડભિરામૌ;

---

૧. ત્રણ છત્ર. ૨. એ ત્રણ છત્ર એમ સૂચવે છે કે - આ ભગવંત ત્રણ જગતના સ્વામિ છે, કેમકે અન્ય રાજા-મહારાજાઓને એક છત્ર હોય છે અને ભગવંતને ત્રણ છત્ર છે આ ૩૧મા શ્લોક પછી પુષ્પવૃષ્ટિ, દિવ્ય ધ્વનિ, ભામંડલ અને દેવદુંદુભિ એ ચાર અતિશયના વર્ણનવાળા ચાર કાવ્યો સ્તોત્રકારે બનાવ્યાં હતાં પરંતુ તેમાં વર્ણવેલ યુગાદિ દેવની સ્તુતિના આકર્ષણથી ચક્રેશ્વરીનું આસન કંપતું હતું. તેથી તે ચાર કાવ્યો ગોપવ્યાં છે એમ કહેવાય છે. અહીં દિગંબરોએ ગંભીરતારરવપૂરિતદિગ્વિભાગ ઇત્યાદિ ચાર કાવ્યો નવીન બનાવીને ગોઠવ્યાં છે.

૩. અહીં કાન્તિ શબ્દના ઇ કારને દીર્ઘ કરીને એવો અર્થ પણ કરાય છે - 'વિકસિત સુવર્ણના નવ કમળના સમૂહની કાન્તિવાળાં' એવાં ચરણો.

પાદૌ પદાનિ તવ યત્ર જિનેન્દ્ર ! ધત્તઃ,
પદ્માનિ તત્ર વિબુધાઃ પરિકલ્પયન્તિ[1] ૩૨.

અર્થ :- હે જિનેન્દ્ર ! વિકસ્વર થયેલા સુવર્ણના નવ (અથવા નવીન) કમળના સમૂહની કાન્તિવડે ચારે તરફ ઉછળતાં નખનાં કિરણોની પંક્તિવડે મનોહર એવા તમારાં બે ચરણો જ્યારે ગમનસ્થાનને ધારણ કરે છે (ચરણન્યાસ કરે છે - જાય છે) ત્યાં દેવતાઓ કમળોને રચે છે. ૩૨.

અતિશય લક્ષ્મીનું વર્ણન.

ઇત્થં યથા તવ વિભૂતિરભૂજ્જિનેન્દ્ર !,
[2]ધર્મોપદેશન-વિધૌ ન તથા [3]પરસ્ય;
યાદૃક્ પ્રભા દિનકૃતઃ પ્રહતાંધકારા,
તાદૃક્કૃતો ગ્રહ-ગણસ્ય વિકાશિનોઽપિ. ૩૩.

અર્થ :- હે જિનેન્દ્ર ! ધર્મના વિધિમાં (ધર્મ-વ્યાખ્યાન કરતી વખતે) એ પૂર્વોક્ત પ્રકારની તમારી અતિશયરૂપ સંપદા જે પ્રકારે હોતી હવી, તે પ્રકારે અન્ય દેવોની સંપદા ન હોતી, કેમકે પ્રકર્ષે

---

૧. તીર્થંકરદેવ જ્યાં જ્યાં વિચરે છે ત્યાં ત્યાં તેમના ચરણ કમળ નીચે દેવતાઓ નવ કમળ વખતોવખત પરાવર્તન કરીને રચે છે. બે ચરણ નીચે બે કમળ રહે છે અને સાત કમળ પાછળ ચાલે છે ભગવંત ચરણ ઉપાડે એટલે તેમાંથી બે કમળ દેવતાઓ આગળ સ્થાપે છે કમળ એનાં એ હોય છે પણ દેવતાઓ તેનું પરાવર્તન કરે છે. એટલે નવીન જણાય છે અહીં કમળનો વર્ણ પીળો અને ભગવંતના નખની કાન્તિ રક્ત (રાતી) છે, તેથી બંનેના મેળાપથી ચરણકમળનો વિચિત્ર વર્ણ થાય છે, એમ કહ્યું છે.

૨. દુર્ગતિમાં પડતા પ્રાણીઓને ધારી રાખે તે ધર્મ.

૩. અન્ય હરિ-હરાદિ દેવોમાં સરાગપણું હોવાથી ચોત્રીશ અતિશય અને આઠ પ્રાતિહાર્યરૂપી લક્ષ્મી તેમને હોતી નથી.

કરીને હણ્યો છે અંધકાર જેણે એવી સૂર્યની કાન્તિ જેવી છે તેવી કાન્તિ પ્રકાશિત થયેલ પણ ગ્રહસમૂહની ક્યાંથી હોય ?

ગજ ભયહર કાવ્ય.

શ્ચ્યોતન્મદાવિલ-વિલોલ-કપોલમૂલ-,
મત્ત-ભ્રમદ્-ભ્રમર-નાદ-વિવૃદ્ધકોપમ્;
[1]ઐરાવતાભમિ-ભમુ[2]દ્ધતમાપતંતં,
દૃષ્ટ્વા ભયં ભવતિ નો ભવદાશ્રિતાનામ્. ૩૪.

અર્થ :- ઝરતા મદવડે કરીને કલુષિત થયેલા અને ચંચળ એવા જે ગંડસ્થળો તેને વિષે મદોન્મત થયેલા અને અહીં તહીં ભમતા એવા ભ્રમરોના ઝંકાર શબ્દવડે વિશેષ વૃદ્ધિ પામ્યો છે કોપ જેનો એવા, ઐરાવત હસ્તિ સરખી છે કાન્તિ જેની એવા અને ઉદ્ધત (દુર્દાંત) એવા હસ્તિને સન્મુખ આવતો જોઈને તમારા આશ્રિતો (ભક્તજનો)ને ભય ઉત્પન્ન થતો નથી.

ભિન્નેભ-કુંભગલ-દુજ્જવલ-શોણિતાક્ત,-
મુક્તાફલ-પ્રકર-ભૂષિત-ભૂમિભાગઃ;
બદ્ધક્રમઃ ક્રમગતં [3]હરિણાધિપોડપિ,
નાક્રામતિ ક્રમયુગા-ચલ-સંશ્રિતં તે. ૩૫.

---

૧. મ્હોટી કાયાવાળો હોવાથી ઐરાવત (ઇન્દ્રના હસ્તિ) સરખો કહ્યો છે.

૨. અંકુશાદિ શસ્ત્રના પ્રહારની પણ અવગણના કરતો.

૩. જેમ પર્વતનો આશ્રય લેવાથી મનુષ્યને સિંહ ભય કરી શકતો નથી તેમ તમારા નામસ્મરણ વડે તમારા ચરણનો આશ્રય કરનારા મનુષ્ય મ્હોટા બળવાન સિંહની ફાળમાં આવી ગયા હોય તો પણ તેમને સિંહ મારી શકતો નથી.

અર્થ :- ભેદાયેલ હસ્તિના કુંભસ્થળ થકી પડેલા, ઉજ્જવળ અને લોહીથી ખરડાયેલા એવા મોતીના સમૂહવડે શોભાવ્યું છે, પૃથ્વીપીઠ જેણે એવો તથા ફાળ મારતો એવો સિંહ પણ તમારા ચરણયુગલરૂપ પર્વતનો આશ્રય કરીને રહેલ મનુષ્યને ફાળમાં પ્રાપ્ત થયો હોય (પોતાની પાસે જ આવી ગયો હોય) તો પણ પરાભવ કરતો નથી. અર્થાત્ મારવાને દોડતો નથી - મારી શકતો નથી. ૩૫.

શબ્દાર્થ

પવનોદ્ધતં - પવનવડે ઉદ્ધત થયેલ.
વહ્નિકલ્પં - અગ્નિસદશ.
દાવાનલં - વનના અગ્નિને.
જ્વલિતં - જાજવલ્યમાન.
ઉજ્જ્વલં - ઉજ્જવળ.
ઉત્ફુલિંગં - ઉંચા ગયા છે તણખા જેના એવા.
વિશ્વં - જગતને.
જિઘત્સું - ગળી જવાને ઈચ્છતો.
સંમુખં - સન્મુખ.
નામકીર્તનજલં - નામના કીર્તનરૂપ પાણી.
શમયતિ - શાન્ત કરે છે.
અશેષં - સમસ્ત.
રક્તેક્ષણં - લાલ નેત્રવાળા.
સમદકોકિલ - મદોન્મત્ત કોયલના.
કંઠનીલં - કંઠ જેવા શ્યામવર્ણવાળા.
ક્રોધોદ્ધતં - કોપવડે ઉદ્ધત.
ફણિનં - સર્પને.
ઉત્ફણં - ઉંચી કરી છે ફણા જેણે એવા.
ક્રમયુગેન - ચરણયુગલે કરીને.
નિરસ્તશંકઃ - નાશ થયો છે ભય જેનો એવો.
ત્વન્નામનાગદમની - તમારાં નામરૂપ નાગદમની (ઔષધી કે મંત્ર)
હૃદિ - હૃદયને વિષે.
પુંસઃ - પુરુષના.
વલ્ગત્ - યુદ્ધ કરતા.
તુરંગગજગર્જિત - ઘોડા અને હાથીઓની ગર્જનાઓ વડે.
ભીમનાદં - ભયંકર છે શબ્દો જેને વિષે એવું (સૈન્ય).
આજૌ - સંગ્રામને વિષે.
બલં - સૈન્ય.
બલવતાં - બળવાન.
ભૂપતીનાં - રાજાઓનું.
દિવાકરમયૂખં - સૂર્યના કિરણોની.
શિખાપવિદ્ધં - શિખાઓ વડે ભેદાયેલું.

ત્વત્કીર્તનાત્ - તમારા કીર્તન થકી.
તમ ઈવ - અંધકારની પેઠે.
ભિદાં - ભેદને.
ઉપૈતિ - પામે છે.
કુંતાગ્રભિન્નં - ભાલાની અણીઓ વડે ભેદાયેલા.
ગજશોણિત - હસ્તિનારૂધિર રૂપ.
વારિવાહ - પાણીના પ્રવાહને વિષે.
વેગાવતારતરણ - ઉતાવળે પ્રવેશ થવાથકી તેને તરવાને.
આતુરયોધભીમે - આતુર થયેલા યોદ્ધાઓ વડે ભયંકર.
યુદ્ધે - યુદ્ધને વિષે.
જયં - જયને.
વિજિતદુર્જય - વિશેષ પ્રકારે જીત્યા છે દુઃખે જીતાય એવા.
જેયપક્ષાઃ - શત્રુના પક્ષો જેણે એવા છતાં.
વનાશ્રયિણઃ - વનને આશ્રય કરીને રહેલા.
લભન્તે - પામે છે.
અંભોનિધૌ - સમુદ્રને વિષે.
ક્ષુભિત - ક્ષોભ પામેલા.
ભીષણનક્રચક્ર - ભયંકર નક્ર જાતિના સમૂહો (અને).
પાઠીનપીઠ - પાઠીનપીઠ જાતના જળજંતુ.
ભયદોલ્બણ - ભય આપનાર અને ઉત્કટ.
વાડવાગ્નૌ - વડવાનળ છે જેને વિષે એવા.
રંગત્તરંગ - ઉછળતા કલ્લોલના.
શિખરસ્થિત - શિખર ઉપર રહેલું છે.
યાનપાત્રાઃ - વહાણ જેનું એવા પુરુષો.
ત્રાસં - ભયને.
વિહાય - ત્યાગ કરીને.
સ્મરણાદ્ - સ્મરણથકી.
વ્રજંતિ - ઈચ્છિત સ્થાને જાય છે.

અગ્નિ ભયહર કાવ્ય.

કલ્પાન્તકાલ-પવનોદ્ધત-વહ્નિકલ્પં,
દાવાનલં જ્વલિત-મુજ્જ્વલ-મુત્સ્ફુલિંગમ્;
વિશ્વં જિઘત્સુમિવ સંમુખ-માપતંતં,
ત્વન્નામ-કીર્તન-જલં શમયત્યશેષમ્[1] ૩૯.

---

૧. નિરવશેષપણે એવો ક્રિયાવિશેષણ અવ્યયનો અર્થ પણ લઈ શકાય.

અર્થ :- પ્રલયકાળના પવનવડે ઉદ્ધત થયેલા (પ્રેરાયેલા) અગ્નિસદૃશ, જાજ્વલ્યમાન, ઉજ્જ્વળ (જ્વાળાથી શોભતો અથવા પ્રબળપણે સળગતો), ઉંચા ગયેલ છે તણખા જેના એવો અને જગતને ગળી જવાને જાણે ઈચ્છતો હોય તેમ સન્મુખ આવતો એવો સમસ્ત જે દાવાનળ (વનનો અગ્નિ) તેને તમારા નામના કીર્તનરૂપ જળ શાન્ત કરે છે. ૩૯.

સર્પ ભયહર કાવ્યં

રક્તેક્ષણં સમદ-કોકિલ-કણ્ઠનીલં,
ક્રોધોદ્ધતં ફણિન-મુત્ફણ-માપતન્તમ્;
આક્રામતિ ક્રમ-યુગેન નિરસ્ત-શંક,-
સ્ત્વન્નામ-નાગદમની[1] હૃદિ યસ્ય પુંસઃ. ૩૭.

અર્થ :- હે ભગવંત ! તમારા નામરૂપ નાગદમની જે પુરુષના હૃદયને વિષે વર્તે છે તે પુરુષ, લાલ નેત્રવાળા, મદોન્મત્ત કોયલના કંઠ સરખા શ્યામ વર્ણવાળા, ક્રોધવડે ઉદ્ધત, ઊંચી કરી છે ફણા જેણે એવા અને (કરડવાને) સન્મુખ આવતા એવા સર્પને નાશ થયો છે ભય જેનો એવો (નિર્ભય) છતો (પોતાના) ચરણયુગલવડે ઉલ્લંઘન કરે છે, અર્થાત્ જે પુરુષના હૃદયમાં તમારા નામરૂપ મંત્ર છે તે પુરુષ નિર્ભયપણે ઉગ્ર સર્પને પોતાના પગ વડે કરીને દોરડાની માફક સ્પર્શ કરે છે - પગવડે દૂર કરે છે - દબાવે છે. ૩૭.

[2]સંગ્રામભયહર કાવ્યદ્વયમ્

વલ્ગત્તુરંગ-ગજગર્જિત-ભીમનાદ,-

---

૧. વિષને હરણ કરનાર ઔષધી અથવા જાંગુલી મંત્ર

૨. આ બે કાવ્ય ગણવાથી યુદ્ધને વિષે જય મળે છે.

માજૌ બલં બલવતામપિ ભૂપતીનામ્;
ઉદ્યદ્દિવાકરમયૂખ-શિખાડપવિદ્ધં,
ત્વત્કીર્તના ત્તમ ઈવાશુ ભિદામુપૈતિ. ૩૮.

અર્થ :- સંગ્રામને વિષે, યુદ્ધ કરતા ઘોડા અને હાથીઓની ગર્જનાવડે ભયંકર છે શબ્દો જેને વિષે એવું અતિશય બળવાન રાજાઓનું પણ સૈન્ય, તમારા કીર્તન થકી ઉદય પામેલા સૂર્યના કિરણોની શિખાઓ વડે ભેદાયેલ અંધકાર હોય તેની પેઠે શીઘ્ર નાશ પામે છે અર્થાત્ સૂર્યના કિરણથી જેમ અંધકાર નાશ પામે છે તેમ તમારા નામ-સ્મરણથી અતિશય બળવાન રાજાનું સૈન્ય નાશ પામે છે. ૩૮.

કુંતાગ્ર-ભિન્ન-ગજ-શોણિત-વારિવાહ,-
વેગાવતાર-તરણા-તુર-યોધભીમે;
યુદ્ધે જયં વિજિત-દુર્જય-જેયપક્ષા-,
સ્ત્વત્પાદપંકજ-વનાશ્રયિણો લભન્તે. ૩૯.

અર્થ :- ભાલાની અણીઓ વડે ભેદાયેલા હસ્તિના રૂધિરરૂપ જળપ્રવાહને વિષે ઉતાવળે પ્રવેશ થવા થકી તેને તરવાને આતુર (વ્યાકુળ) થયેલા યોદ્ધાઓ વડે કરીને ભયંકર યુદ્ધને વિષે તમારા ચરણરૂપ કમળવનનો આશ્રય કરીને રહેલા પુરૂષો વિશેષ પ્રકારે જીત્યા છે દુઃખે જીતાય એવા શત્રુઓના પક્ષોને જેણે એવા છતા જયને પામે છે. અર્થાત્ તમારા ચરણકમળનો આશ્રય કરીને રહેલા જનો મોટા સંગ્રામમાં જય મેળવે છે. ૩૯.

જળભયહર કાવ્ય

અમ્ભોનિધૌ ક્ષુભિત-ભીષણ-નક્રચક્ર,-
પાઠીનપીઠ - ભય - દોલ્બણ [1]વાડવાગ્નૌ;
રંગત્તરંગ-શિખર-સ્થિત-યાનપાત્રા,-
સ્ત્રાસં વિહાય ભવતઃ સ્મરણાદ્ વ્રજન્તિઃ ૪૦.

અર્થ :- ક્ષોભ પામેલા છે ભયંકર નક્ર જાતિના મત્સ્યના સમૂહો અને પાઠીન તથા પીઠ જાતિના જળજંતુઓ અને ભયને આપનાર તથા ઉત્કૃષ્ટ (વિષમ) વાડવાગ્નિ જેને વિષે છે એવા સમુદ્રને વિષે, ઉછળતા કલ્લોલના શિખર ઉપર રહ્યું છે વહાણ જેનું એવા પુરુષો, તમારા નામ-સ્મરણથી ત્રાસનો ત્યાગ કરીને ઇચ્છિત સ્થાને જાય છે, અર્થાત્ તોફાની દરિયામાં પણ તમારા નામ-સ્મરણ વડે નિર્વિઘ્ને ઇચ્છિત સ્થાને પહોંચે છે. ૪૦.

શબ્દાર્થ

ઉદ્ભૂત - ઉત્પન્ન થયેલ.
ભીષણજલોદર - ભયંકર જલોદર રોગના.
ભારભુગ્નાઃ - ભારવડે વાંકા થયેલા.
શોચ્યાં - શોક કરવા યોગ્ય.
દશાં - દશાને.
ઉપગતાઃ - પ્રાપ્ત થયેલ.
ચ્યુતજીવિતાશાઃ - છોડી દીધી છે જીવિતની આશા જેણે એવા.
ત્વત્પાદપંકજ - તમારા ચરણકમળની
રજોઽમૃત - રજ રૂપ અમૃત વડે.
દિગ્ધદેહાઃ - લિપ્ત છે શરીર જેમનાં એવા.
મર્ત્યાઃ - મનુષ્યો.
મકરધ્વજતુલ્ય - કામદેવ સરખા.
રૂપાઃ - રૂપવાળા.
આપાદકંઠ - પગથી માંડીને ગળાપર્યંત.
ઉરુશૃંખલ - મોટી સાંકળો વડે.
વેષ્ટિતાંગાઃ - બાંધ્યાં છે અંગો જેમનાં એવા.
ગાઢં - અત્યંત.

---
૧. વાડવાનળ અગ્નિ સમુદ્રમાં જ હોય છે તે પાણીથી ઓલાતો નથી.

બૃહન્નિગડકોટિ - મોટી બેડીઓની અણીયો વડે.
નિઘૃષ્ટજંઘાઃ - નિઃશૈષપણે ઘસાતી છે જંઘાઓ જેમની એવા.
ત્વન્નામમંત્ર - તમારા નામરૂપ મંત્રને.
અનિશં - નિરંતર.
મનુજાઃ - મનુષ્યો.
સ્મરંતઃ - સ્મરણ કરનાર.
સદ્યઃ - તત્કાળ.
સ્વયં - પોતાની મેળે.
વિગતબંધભયાઃ - વિશેષે ગયો છે બંધનનો ભય જેનો એવા.
મત્તદ્વિપેન્દ્ર - મદોન્મત્ત હસ્તિ.
મૃગરાજ - સિંહ.
દવાનલાહિ - દાવાનળ, સર્પ.
સંગ્રામવારિધિ - સંગ્રામ, મહાસાગર.
મહોદરબંધનોત્થં - જલોદર અને બંધનથકી ઉત્પન્ન થયેલ.
નાશં - નાશને.
ભયં - ભય.
ભિયેવ - બીકે કરીને જેમ હોય તેમ.
તાવકં - તમારા.
સ્તવં - સ્તવનને.
ઈમં - આ.
મતિમાન્ - બુદ્ધિમાન.
સ્તોત્રસ્રજં - સ્તોત્રરૂપ માળા.
ગુણૈઃ - જ્ઞાનાદિ ગુણોરૂપ દોરીવડે.
નિબદ્ધાં - ગુંથેલી.
ભક્ત્યા - ભક્તિરૂપ રચનાવડે.
મયા - મેં.
રુચિરવર્ણ - મનોહર અક્ષરરૂપ.
વિચિત્રપુષ્પાં - ચિત્ર-વિચિત્ર પુષ્પોવાળી.
ધત્તે - ધારણ કરે છે.
કંઠગતાં - કંઠને વિષે.
અજસં - નિરંતર.
માનતુંગં - માનવડે ઉન્નત અથવા માનતુંગસૂરિને.
અવશા - અસ્વતંત્ર (પોતાને તાબે રહેનારી).
સમુપૈતિ - પ્રાપ્ત થાય છે.
લક્ષ્મીઃ - લક્ષ્મી.

રોગભયહર કાવ્યમ્

ઉદ્ભૂત-ભીષણ- જલોદર-ભારભુગ્નાઃ,
શોચ્યાં દશા-મુપગતાશ્ચ્યુત-જીવિતાશાઃ;
ત્વત્પાદપંકજ-રજોડમૃત-દિગ્ધ-દેહા,
મર્ત્યા ભવન્તિ મકરધ્વજ-તુલ્યરૂપાઃ. ૪૧.

અર્થ :- ઉત્પન્ન થયેલ ભયંકર જલોદર રોગના ભારવડે વાંકા વળી ગયેલા, શોચનીય દશાને પ્રાપ્ત થયેલા અને છોડી દીધી છે જીવિતની આશા જેણે એવા મનુષ્યો; તમારા ચરણકમળની રજરૂપ અમૃતવડે લિપ્ત (લેપાયેલ) છે શરીર જેમનાં એવા છતા કામદેવ સરખા (સુંદર શરીરવાળા) રૂપવાળા થાય છે. અર્થાત્ શરીરે અમૃત ચોપડવાથી જેમ સુંદર થાય છે તેમ તમારા ચરણકમળની રજ શરીરે લગાડવાથી જલોદરાદિ દુઃસાધ્ય રોગવાળા મનુષ્યોના રોગો નાશ પામી સુંદર રૂપ થાય છે. ૪૧.

આપાદકણ્ઠ-મુરુ-શૃંખલ-વેષ્ટિતાંગા,
ગાઢં બૃહન્નિગડ-કોટિનિઘૃષ્ટ-જંઘાઃ;
ત્વન્નામ-મન્ત્ર-મનિશં મનુજાઃ સ્મરન્તઃ,
સદ્યઃ સ્વયં વિગત-બન્ધ-ભયા ભવન્તિ. ૪૨.

અર્થ :- પગથી માંડીને ગળાપર્યંત મોટી સાંકળોવડે બાંધ્યા છે અંગો જેમનાં એવા અને અત્યંત મોટી બેડીઓની અણીઓવડે નિઃશેષપણે ઘસાતી છે જંઘાઓ જેમની એવા પણ તમારા નામરૂપ મંત્ર (ઋષભાય નમઃ)ને નિરંતર સ્મરણ કરનારા મનુષ્યો, તત્કાળ પોતાની મેળે વિશેષે ગયો છે બંધનનો ભય જેનો એવા થાય છે. અર્થાત્ તમારા નામ-સ્મરણથી આકરો બંધનભય તત્કાળ નાશ પામે છે. ૪૨.

મત્ત-દ્વિપેન્દ્ર-મૃગરાજ-દવાનલાહિ,-
સંગ્રામ-વારિધિ-મહોદર-બન્ધનોત્થમ્;
તસ્યાશુ નાશ-મુપયાતિ ભયં ભિયેવ,
યસ્તાવકં સ્તવમિમં મતિમાનધીતે. ૪૩.

અર્થ :- હે ભગવંત ! જે બુદ્ધિમાન પુરુષ તમારા આ (ભક્તામર નામના) સ્તવનને ભણે છે તે પુરુષનો મદોન્મત્ત હસ્તિ, સિંહ, દાવાનળ, સર્પ, સંગ્રામ, મહાસાગર, જલોદર અને બંધનથકી ઉત્પન્ન થયેલ ભય, બીકે કરીને જેમ હોય તેમ શીઘ્ર નાશ પામે છે. અર્થાત્ તમારા સ્તોત્રના પઠનથકી ઉપર કહેલા આઠ જાતના ભયો જાણે ભય પામ્યા હોય તેમ નાશ પામે છે. ૪૩.

[1]સ્તોત્રસ્રજં તવ જિનેન્દ્ર ! ગુણૈર્નિબદ્ધાં,
ભક્ત્યા મયા રુચિર-વર્ણ-વિચિત્ર-પુષ્પામ્;
ધત્તે જનો ય ઇહ કણ્ઠ-ગતા-મજસ્રં,
તં માનતુંગ-મવશા સમુપૈતિ લક્ષ્મીઃ. ૪૪.

અર્થ :- હે જિનેન્દ્ર ! મેં ભક્તિરૂપ રચનાવડે અને જ્ઞાનાદિ ગુણોરૂપ દોરાવડે ગુંથેલી (રચેલી) અને મનોહર અક્ષરરૂપ ચિત્ર-વિચિત્ર પુષ્પોવાળી તમારા સ્તોત્રરૂપ માળાને જે પુરુષ આ લોકને વિષે નિરંતર કંઠને વિષે ધારણ કરે છે (ગણે છે) તે માનવડે ઉન્નત પુરુષ (અથવા માનતુંગસૂરિ)ને અસ્વતંત્ર (પોતાને તાબે રહેનારી) લક્ષ્મી પ્રાપ્ત થાય છે. અર્થાત્ તમારા સ્તોત્રને નિરંતર ગણનારાને તાબેદાર લક્ષ્મી પ્રાપ્ત થાય છે. ૪૪.

ઇતિ ભક્તામર સ્તોત્રં સમાપ્તમ્.

---

૧. રાજ્ય, સ્વર્ગાપવર્ગ અને સત્કાવ્ય કરવાની શક્તિરૂપ અહિં જિનેશ્વરના સ્તોત્રને પુષ્પની માળાની ઉપમા આપી છે. ભગવંતના ગુણરૂપ દોરો, ભક્તિરૂપ રચના અને જુદા જુદા અક્ષરો રૂપ રંગબેરંગી પુષ્પો જાણવાં. આ સ્તોત્રમાં છેવટે પુષ્પમાળા શબ્દ વાપર્યો છે તે મહા-આનંદનો હેતુ છે અને લક્ષ્મી શબ્દ મંગળવાચી છે, તેથી કરીને આ સ્તોત્રને ભણનારા, સાંભળનારા અને તેનું વ્યાખ્યાન કરનારા પુરુષોને કલ્યાણની પરંપરા થાય છે, એવો ભાવ સૂચવે છે.

શ્રી કલ્યાણમંદિર સ્તોત્ર*

શબ્દાર્થ

કલ્યાણમંદિર - કલ્યાણનું ઘર.	**અનિંદિતં** - પ્રશસ્ય.
ઉદાર - ઉદાર.	**અંઘ્રિપદ્મં** - ચરણકમળને.
અવદ્યભેદિ - પાપને ભેદનારું.	**સંસારસાગર** - સંસારસમુદ્રને વિષે.
ભીતાભયપ્રદં - ભય પામેલાને અભયને આપનારું.	**નિમજ્જત્** - બૂડતા.
	અશેષજંતુ - સમગ્ર પ્રાણીઓને.

* આ કલ્યાણમંદિર સ્તોત્ર **સિદ્ધસેનદિવાકરસૂરિ**એ રચ્યું છે. તેની ઉત્પત્તિ આ પ્રમાણે જાણવી-ઉજ્જયિની નગરીને વિષે રહેનાર વિક્રમરાજાના પુરોહિતનો પુત્ર અને **દેવસિકા** નામની માતાની કુક્ષિ થકી ઉત્પન્ન થયેલ **મુકુંદ** નામનો પંડિત ભૃગુકચ્છ (ભરૂચ) નગરે વાદ કરવા જતો હતો. રસ્તામાં **વૃદ્ધવાદીસૂરિ** મળ્યા. તેમની સાથે વાદ કર્યો અને ગોવાળોને સાક્ષી રાખ્યા. તેમાં તે હાર્યો, પછી રાજસભામાં વાદ કરતાં પણ **વૃદ્ધવાદી** જીત્યા. તેથી તેમનો શિષ્ય થયો. ગુરુએ **કુમુદચંદ્ર** નામ આપ્યું અને સૂરિપદ આપ્યું ત્યારે **સિદ્ધસેનદિવાકર** એવું નામ આપ્યું. તેણે એકદા વાદ માટે આવેલા ભટ્ટને સંભળાવવા માટે નવકારને બદલે **નમોऽર્હત્સિદ્ધાચાર્યોપાધ્યાય-સર્વસાધુભ્યઃ**- એ પ્રકારનું ચૌદ પૂર્વનું પહેલું સંસ્કૃત વાક્ય કહ્યું, વળી એક વખત ગુરૂ મહારાજને કહ્યું કે-આ સઘળા પ્રાકૃત સિદ્ધાંતો છે તેને હું સંસ્કૃત બનાવું ? ત્યારે ગુરુએ કહ્યું કે-બાળ, સ્ત્રી, મંદબુદ્ધિવાન અને મૂર્ખ એવા ચારિત્રની ઈચ્છાવાળા મનુષ્યોના હિતને માટે તત્ત્વજ્ઞોએ પ્રાકૃતમાં સિદ્ધાંત રચ્યા છે માટે એ પ્રકારે બોલવાથી તમને મોટું પ્રાયશ્ચિત લાગ્યું, એમ કહીને તેમને ગચ્છ બહાર કર્યા. સંઘે વિનંતિ કરી કે આ મહાપ્રભાવક છે માટે ગચ્છ બહાર કરવા યોગ્ય નથી. એવો સંઘનો અતિઆગ્રહ થવાથી ગુરુએ કહ્યું કે-અઢાર રાજાઓને પ્રતિબોધીને જૈન કરશે તો ગચ્છમાં લઈશું, તેથી **સિદ્ધસેનજી** ઉજ્જયિનીને વિષે ગયા, ત્યાં **વિક્રમરાજા** ઘોડા ખેલાવવા જતા હતા, તેણે રથ પાસેથી નીકળતા **સિદ્ધસેનદિવાકરજી**ને પૂછ્યું કે તમે કોણ છો ? આચાર્યે કહ્યું કે સર્વજ્ઞપુત્ર છું, તેથી રાજાએ મનમાં નમસ્કાર કર્યો, એટલે આચાર્યે ધર્મલાભ આપ્યો. એટલે રાજાએ પૂછ્યું-કોને ધર્મલાભ

પોતાયમાનમ્ - વહાણતુલ્ય.	**વિભુઃ** - સમર્થ.
અભિનમ્ય - નમસ્કાર કરીને.	**સુવિસ્તૃતમતિઃ** - વિસ્તાર પામેલી છે બુદ્ધિ જેની એવા.
જિનેશ્વરસ્ય - જિનેશ્વરનાં.	**વિધાતું** - કરવાને.
સુરગુરુઃ - બૃહસ્પતિ.	**તીર્થેશ્વરસ્ય** - તીર્થંકરનું.
ગરિમામ્બુરાશેઃ - મહિમારૂપી મહાસાગરનું.	**કમઠસ્મય** - કમઠના અહંકારને.
સ્તોત્રં - સ્તવન.	**ધૂમકેતોઃ** - ધૂમકેતુ સમાન.

આપો છો ? આચાર્યે કહ્યું કે- જેણે મનથી નમસ્કાર કર્યો છે તેને. આથી રાજાએ સંતોષ પામી ક્રોડ સોનૈયા આપવા માંડ્યા. તે આચાર્યે નહિ લેતા ધર્મકાર્યમાં વપરાવ્યા. વળી એક વખત ચાર શ્લોક લઈને રાજદ્વારે ગયા, ત્યાં રાજાને પૂછાવ્યું કે તમને મળવા માટે એક ભિક્ષુ હાથમાં ચાર શ્લોક લઈને આવ્યો છે, તે આવે કે જાય ? રાજાએ કહેવરાવ્યું કે દશ લાખ સોનામહોર અને ચૌદ હાથી આપવા છતાં તેને આવવું હોય તો ભલે આવે. અગર પાછા જાય. પછી આચાર્યે રાજા પાસે જઈ અનુક્રમે ચાર શ્લોક કહ્યા, તેથી ખુશ થઈને રાજાએ અનુક્રમે એકેક દિશાનું રાજય આપવાનો સંકલ્પ કર્યો, પણ આચાર્યે તે નહીં લેતા **"હું જ્યારે આવું ત્યારે મારો ધર્મોપદેશ સાંભળવો"** આટલું જ માંગી લીધું. એકદા આચાર્ય મહાકાળના મંદિરમાં શિવપિંડિકા ઉપર પગ રાખીને સૂતા. ત્યાં ઘણા લોકોએ ઉઠાડ્યા છતાં ન ઉઠ્યા, તેથી લોકોએ રાજા પાસે જઈ હકીકત નિવેદન કરી. રાજાએ બળાત્કારે હાંકી કાઢવાને ફરમાવ્યું, તેથી રાજપુરુષો તેમને ચાબુકના પ્રહાર કરવા લાગ્યા, પરંતુ તે પ્રહાર તેમને નહિ લાગતાં રાજાઓની રાણીઓને લાગવા માંડ્યા, અત્યંત કોલાહલ થવાથી રાજા આશ્ચર્ય પામી મહાકાળના મંદિરમાં આવ્યા, ત્યાં આચાર્યને ઓળખ્યા અને પૂછ્યું કે મહાદેવ પૂજ્ય છે છતાં તેના મસ્તકે તમે પગ કેમ રાખ્યા ? આચાર્યે કહ્યું કે **મહાદેવ** તો બીજા જ છે, જેની હું સ્તુતિ કરીશ. તે તમે સાવધાનપણે સાંભળો, કહી **કલ્યાણમંદિર સ્તોત્ર** કરવા માંડ્યું. **અગ્યારમો શ્લોક બોલતાં પૃથ્વીકંપ થયો. ધુમાડો નિકળ્યો અને શિવલિંગ ફાટીને ધરણેન્દ્ર સહિત પાર્શ્વનાથ મહારાજની તેજસ્વી પ્રતિમા પ્રગટ થઈ,** આચાર્યે સ્તોત્ર

તસ્ય - તેનું.	**તવ** - તમારૂં.
અહમ્ - હું.	**વર્ણયિતું** - વર્ણન કરવાને.
એષ - આ પ્રત્યક્ષ.	**અસ્માદૃશાઃ** - અમારા સરખા.
કિલ - નિશ્ચે.	**કથં** - કેવી રીતે.
સંસ્તવનં - સ્તવનને.	**અધીશ !** - હે સ્વામી.
કરિષ્યે - કરીશ.	**ભવન્તિ** - થાય.
સામાન્યતઃ - સામાન્યપણે.	**અધીશા** - સમર્થ.
અપિ - પણ.	**ધૃષ્ટ** - ધીઠો.

સંપૂર્ણ કરીને કહ્યું કે અહીં ભદ્રા શેઠાણીનો પુત્ર **અવંતિસુકુમાર** અનશન કરી કાયોત્સર્ગમાં રહી ચ્યવીને **નલિનીગુલ્મ** વિમાનને વિષે ગયેલ છે, તે સ્થાને પિતાની યાદગીરીમાં તેના પુત્રે **મહાકાળ** નામનું નવીન ચૈત્ય બંધાવી પાર્શ્વપ્રભુની પ્રતિષ્ઠા કરી હતી. કેટલાક કાળે મિથ્યાદષ્ટિઓએ તેના ઉપર મહાદેવનું લિંગ પધરાવી પ્રતિમાને ઢાંકી દીધી; તે મારી સ્તુતિ વડે હમણાં **પાર્શ્વપ્રભુ પ્રગટ થયા છે.** સાંભળી રાજાએ હર્ષ પામી તે મંદિરના ખર્ચ માટે ગામ આપ્યાં અને પોતે સમ્યક્ત્વ અંગીકાર કર્યું. તે પછી **સિદ્ધસેનસૂરિએ** વિક્રમના અનુયાયી બીજા અઢાર રાજાઓને પ્રતિબોધ્યા. તેના ગુણથી રંજિત થઈ **વિક્રમરાજાએ** સુખાસન આપ્યું. જેમાં બેસીને તેઓ હંમેશાં રાજસભામાં જવા લાગ્યા. સિદ્ધસેન ૧૮ રાજાને પ્રતિબોધવાને ગયેલા તે આરંભમાં મગ્ન થયેલ છે એમ જાણીને **વૃદ્ધવાદી** ગુરુ તેમને પ્રતિબોધવા શ્રી ઉજ્જયિની આવ્યા. ત્યાં ભોઈ (સુખાસન ઉપાડનાર)નું રૂપ ધારણ કરીને દ્વારમાં ઉભા રહ્યા. જ્યારે **સિદ્ધસેનસૂરિ** સુખાસનમાં બેસીને રાજદ્વારે જતા હતા ત્યારે **વૃદ્ધવાદીએ** એક ભોઈને ઠેકાણે રહી પાલખી ઉપાડી લીધી. વૃદ્ધ હોવાથી ધીમે ધીમે ચાલવા લાગ્યા ત્યારે **સિદ્ધસેનસૂરિએ** કહ્યું કે - **ભૂરિભાર-ભરાક્રાન્તઃ સ્કંધઃ-કિં તવ બાધતિ ?** અહિં આત્મનેપદને સ્થાને **બાધતિ** પરસ્મૈપદનો પ્રયોગ વાપર્યો, તેથી **વૃદ્ધવાદી** બોલ્યા કે **ન તથા બાધતે સ્કંધો યથા બાધતિ બાધતે.** આ સાંભળી પોતાની ભૂલ જાણી ચમત્કાર પામ્યા અને ભૂલ કાઢનારને પોતાના ગુરુ જાણી પાલખીમાંથી ઉતરી નમસ્કાર કર્યો. ગુરુએ પ્રતિબોધી સંઘમાં લીધા. તે મહાન કવિ થયા છે તેના જેવા બીજા કોઈ કવિ ત્યારપછી થયા નથી.

કૌશિકશિશુઃ - ઘૂવડનો બાળક.
યદિવા - અથવા.
દિવાંધઃ - દિવસે આંધળો.
રૂપં - સ્વરૂપને.
પ્રરૂપયતિ - કહી શકે છે.
કિં - શું.
ઘર્મરશ્મેઃ - સૂર્યના.
મોહક્ષયાત્ - મોહનીયકર્મના નાશથી.
અનુભવન્ - અનુભવ કરતો.
મર્ત્યો - મનુષ્ય.
નૂનં - નિશ્ચે.
ગુણાન્ - ગુણોને.
ગણયિતું - ગણવાને.
ક્ષમેત - સમર્થ થાય છે.
કલ્પાંત - પ્રલયકાળને વિષે.
વાંતપયસઃ - ફેંકી દીધું છે પાણી જેણે એવા.
પ્રકટઃ - પ્રત્યક્ષ.
યસ્માત્ - જે કારણ માટે.
મીયેત - મપાય ?
કેન - કોના વડે.
રત્નરાશિઃ - રત્નનો સમૂહ.
અભ્યુદ્યતઃ - સાવધાન થયેલો.
જડાશયઃ - જડબુદ્ધિવાળો.
લસત્ - દેદીપ્યમાન.
અસંખ્યગુણાકરસ્ય - અસંખ્ય ગુણના સ્થાનનું.
નિજબાહુયુગં - પોતાના બે હાથ.
વિતત્ય - પહોળા કરીને.
વિસ્તીર્ણતાં - વિસ્તારને.
કથયતિ - કહે છે.
સ્વધિયા - પોતાની બુદ્ધિ વડે.
અંબુરાશેઃ - સમુદ્રના.

મંગળ અને અભિધેય.

કલ્યાણમન્દિર-મુદાર-મવદ્યભેદિ,
ભીતાભયપ્રદ-મનિન્દિત-મંઘ્રિપદ્મમ્;
સંસારસાગર-નિમજ્જ-દશેષજન્તુ-,
પોતાયમાન-મભિનમ્ય જિનેશ્વરસ્ય. ૧.

યસ્ય સ્વયં સુરગુરુર્ગરિમામ્બુરાશેઃ,
સ્તોત્રં સુવિસ્તૃત-મતિર્ન વિભુર્વિધાતુમ્;

તીર્થેશ્વરસ્ય [1]કમઠ-સ્મય-[2]ધૂમ-કેતો-,
સ્તસ્યાહમેષ કિલ સંસ્તવનં કરિષ્યે (યુગ્મમ્) ૨.

અર્થ :- કલ્યાણનું ઘર, ઉદાર (મોટું અથવા ભવ્યજનોને વાંચ્છિત આપે તેથી દાતાર), પાપને ભેદન કરનાર, ભય પામેલાને અભય (નિર્ભયતા અથવા મોક્ષ) આપનાર પ્રશસ્ય (જરાપણ દોષ રહિત અને) સંસારરૂપ સમુદ્રને વિષે ડૂબતા સમગ્ર પ્રાણીઓને વહાણ તુલ્ય એવા જિનેશ્વરના ચરણકમળને નમસ્કાર કરીને, કમઠના અહંકારને ધૂમકેતુ સમાન એવા જે (તીર્થંકર પાર્શ્વપ્રભુ)ના મહિમારૂપી મહાસાગરનું સંસ્તવન કરવાને વિસ્તાર પામેલી છે બુદ્ધિ જેની એવો બૃહસ્પતિ પોતે સમર્થ નથી તે તીર્થંકરનું સ્તવન, આ (પ્રત્યક્ષ મૂર્ખ) એવો હું નિશ્ચે કરીશ. ૧-૨.

સ્તુતિ કરવાની અશક્યતાનું વર્ણન.

સામાન્યતોઽપિ તવ વર્ણયિતું સ્વરૂપ,-
મસ્માદૃશાઃ કથમધીશ ! ભવન્ત્યધીશાઃ;
ધૃષ્ટોઽપિ કૌશિકશિશુ-ર્યદિવા દિવાન્ધો,
રૂપં પ્રરૂપયતિ કિં કિલ ઘર્મરશ્મે ? ૩.

અર્થ :- હે સ્વામી ! અમારા સરખા મંદબુદ્ધિવાળા પુરુષો, સામાન્યપણે પણ તમારું સ્વરૂપ કહેવાને કેવી રીતે સમર્થ થાય ! અથવા ધૃષ્ટ (ધીઠો-દ્રઢ પ્રયત્નવડે પ્રગલ્ભ) પણ દિવસે આંધળો એવો ઘુવડનો બાળક નિશ્ચે સૂર્યના સ્વરૂપને શું કહી શકે છે ?

---

૧. કમઠના ભવથી દશ ભવનું બંધાયેલું વૈર છે જેને એવો અસુરકુમારનિકાયનો મેઘમાળી દેવ.

૨. પૂંછડીવાળો અગર ચોટલીવાળો ગ્રહ ઉદય પામે છે. તેથી ઉપદ્રવ નાશ થાય છે, તેમ આ પાર્શ્વનાથપ્રભુ પણ કમઠના ગર્વનો નાશ કરનાર છે.

અર્થાત્ ગમે તેવો વાચાળ અને બુદ્ધિશાળી ઘૂવડ હંમેશા દિવસે અંધ હોવાથી સૂર્યનું સ્વરૂપ વર્ણવી શકે નહિ તેમ હું મંદબુદ્ધિ હોવાથી તમારૂં સ્વરૂપ વર્ણવી શકું તેમ નથી. (અહિં કવિ પોતાની લઘુતા સૂચવે છે.) ૩.

મોહક્ષયા-દનુભવન્નપિ નાથ ! મર્ત્યો,
નૂનં ગુણાન્ ગણયિતું ન તવ ક્ષમેત;
કલ્પાન્ત-વાન્ત-પયસઃ પ્રકટોડપિ યસ્માન્,
મીયેત-કેન જલધેર્નનું રત્નરાશિઃ ? ૪.

અર્થ :- હે નાથ ! મોહનીયાદિ કર્મનો ક્ષય થવાથી-(અથવા અજ્ઞાનના ક્ષયથી) ગુણોને અનુભવતો (ભોગવતો) એવો [1]મનુષ્ય પણ તમારા ગુણોને ગણવાને નિશ્ચે સમર્થ થતો નથી, જે કારણ માટે કલ્પાંતકાળને વિષે ફેંકી દીધું છે પાણી જેણે એવા સમુદ્રનો પ્રત્યક્ષ પણ રત્નનો સમૂહ નિશ્ચે શું કોઈ વડે માપી શકાય છે ? અર્થાત્ પાણી ઉછળી જવાથી પ્રકટ દેખાતો રત્નસમૂહ જેમ પામી શકાતો નથી તેમ મોહનીયાદિ કર્મના ક્ષયથી પ્રગટપણે તે ગુણોને જાણતા એવા કેવળી પણ તેની ગણતરી કરી શકતા નથી. ૪.

સ્તોત્ર કરવાનો હેતુ

અભ્યુદ્યતોડસ્મિ તવ નાથ ? જડાશયોડપિ,
કર્ત્તું સ્તવં લસદસંખ્ય-ગુણાકરસ્ય;
બાલોડપિ કિં ન નિજબાહુ-યુગં વિતત્ય,
વિસ્તીર્ણતાં કથયતિ સ્વધિયાડમ્બુરાશેઃ ? ૫.

---

૧. ગુણોને અનુભવતા-કેવળી, અહીં એ સમજવાનું છે કે કેવળી પોતે તમારા ગુણોને અનુભવે છે. જાણે છે, છતાં આયુષ્ય અલ્પ અને ગુણો ઘણા તેથી ગણતરી કરી શકે નહીં (કહી શકે નહી).

અર્થ :- હે નાથ ! હું જડબુદ્ધિવાળો (મૂર્ખ) છું તો પણ દેદીપ્યમાન અસંખ્ય ગુણના સ્થાન એવા તમારું સ્તવન કરવાને હું સાવધાન (ઉદ્યમવંત) થયેલ છું, બાળક પણ પોતાના બે હાથને પહોળા કરીને પોતાની બુદ્ધિ વડે સમુદ્રના વિસ્તારને શું નથી કહેતો ? અર્થાત્ બાળક જેમ પોતાના બે હાથ પહોળા કરી સમુદ્રનો વિસ્તાર બતાવે છે તેમ હું પણ મારી શક્તિ અનુસારે આવડે એવી સ્તુતિ કરવાને ઉદ્યુક્ત થયો છું. ૫.

શબ્દાર્થ

યે - જે.
યોગિનાં - યોગીઓને.
ન યાંતિ - નથી પ્રાપ્ત થતા.
ગુણાઃ - ગુણો.
વક્તું - કહેવાને.
તેષુ - તેને વિષે.
મમ - મારી.
અવકાશઃ - શક્તિ.
જાતા - થયું.
તદ્ - તે માટે.
એવં - એ પ્રકારે.
અસમીક્ષિતકારિતા - અવિચારી કાર્ય.
ઈયં - આ.
જલ્પંતિ - બોલે છે.
નિજગિરા - પોતાની ભાષાવડે.
નનુ - નિશ્ચે.
પક્ષિણઃ - પક્ષીઓ.
આસ્તાં - દૂર રહો.
અચિંત્યમહિમા - અચિંત્ય મહિમાવાળું.
પાતિ - રક્ષણ કરે છે.
ભવતઃ - તમારૂં.
ભવતઃ - ભવથકી.
જગંતિ - ત્રણ જગતને.
તીવ્રાતપ - પ્રચંડ તાપવડે.
ઉપહતપાન્થજનાન્ - પીડાતા પંથી જનોને.
નિદાઘે - ગ્રીષ્મકાળમાં.
પ્રીણાતિ - ખુશ કરે છે.
પદ્મસરસઃ - કમળવાળા સરોવરનો.
સરસઃ - જળકણ સહિત.
અનિલઃ - પવન.
હૃદ્વિર્તિનિ - હૃદયમાં વર્ત્તતે છતે.
ત્વયિ - તમે.
વિભો ! - હે સ્વામી !
શિથિલીભવન્તિ - શિથિલ થઈ જાય છે.

જંતોઃ - જીવોના.
ક્ષણેન - ક્ષણવારમાં.
નિબિડાઃ - દઢ.
કર્મબંધા - કર્મના બંધનો.
સદ્યઃ - ક્ષણવારમાં તુરત.
ભુજંગમમયાઃ - સર્પમયબંધનો.
ઇવ - પેઠે.
મધ્યભાગં - મધ્યભાગે.
અભ્યાગતે - આવ્યે છતે.
વનશિખંડિનિ - વનનો મોર.
ચંદનસ્ય - ચંદન વૃક્ષનાં.
મુચ્યન્તે - મૂકાય છે.
એવ - નિશ્ચે.
મનુજાઃ - મનુષ્યો.
સહસા - તત્કાળ.
રૌદ્રૈઃ - ભયંકર.
ઉપદ્રવશતૈઃ - ઉપદ્રવના સેંકડો વડે.
વીક્ષિતેઃ - જોવાયે છતે.
ગોસ્વામિનિ - કિરણોના સ્વામી સૂર્ય અથવા ગોવાળ.
સ્ફુરિતતેજસિ - સ્ફુરાયમાન તેજવાળા.
દષ્ટ માત્રે - જોવાયે થકે.
ચૌરૈઃ - ચોરો વડે.
આશુ - શીઘ્ર.
પશવઃ - પશુઓ.
પ્રપલાયમાનૈઃ - પલાયમાન કરતા.
તારકઃ - તારનાર.
ભવિનાં - પ્રાણીઓના.
ત - તેઓ.
ત્વાં - તમોને.
ઉદ્વહંતિ - વહન કરે છે.
હૃદયેન - હૃદય વડે.
ઉત્તરંતઃ - સંસારસમુદ્રને ઉતરતા.
યદ્વા - અથવા યુક્ત છે.
દતિઃ - ચામડાની મશક.
તરતિ - તરે છે.
જલં - પાણીને.
એષઃ - આ.
અંતર્ગતસ્ય - અંદર રહેલ.
મરુતઃ - પવનનો.
સઃ - તે.
અનુભાવઃ - પ્રભાવ (છે)

યે [1]યોગિનામપિ ન યાન્તિ ગુણાસ્તવેશ !,
વક્તું કથં ભવતિ તેષુ મમાવકાશઃ ?,
જાતા તદેવ-મસ-મીક્ષિત-કારિતેયં,
જલ્પન્તિ વા નિજગિરા નનુ પક્ષિણોડપિ. ૬.

૧. દર્શન, જ્ઞાન, ચારિત્રરૂપ રત્નત્રયીના આરાધનવડે ઉત્પન્ન થયું છે જ્ઞાન જેને એવા મહર્ષીઓ.

અર્થ :- હે પ્રભુ ! તમારા જે ગુણો યોગીઓને પણ કહેવાને પ્રાપ્ત થતા નથી. (વચનગોચર થતા નથી), તેને વિષે (તે ગુણો કહેવાને) મારી શક્તિ કેમ હોય ? તે માટે એ પ્રકારે આ (સ્તુતિ કરવાનો આરંભ) અવિચારી કાર્ય થયું. અથવા પક્ષિઓ પણ નિશ્ચે પોતાની ભાષા વડે બોલે છે. અર્થાત્ મનુષ્યભાષા ન આવડવાથી પક્ષીઓ જેમ પોતાની ભાષામાં બોલે છે તેમ હું પણ સુંદર અર્થગર્ભિત સ્તુતિ કરવાને અસમર્થ છતાં શક્તિ અનુસાર સ્તુતિ કરું છું. ૬.

ભગવન્ નામગ્રહણ માહાત્મ્ય.

આસ્તા-મચિન્ત્ય-મહિમા-જિન ! સંસ્તવસ્તે,
નામાપિ પાતિ ભવતો ભવતો જગન્તિ;
તીવ્રાતપોપહત-પાન્થજનાન્ નિદાઘે,
પ્રીણાતિ પદ્મસરસઃ સરસોઽનિલોઽપિ. ૭.

અર્થ :- હે જિનેશ્વર ! અચિંત્ય મહિમાવાળું તમારું સ્તવન દૂર રહો. તમારું નામ પણ (ગ્રહણ કર્યું છતું) ત્રણ જગતનું ભવ (સંસારભ્રમણ) થકી રક્ષણ કરે છે. ગ્રીષ્મઋતુમાં પ્રચંડ (અસહ્ય) તાપવડે પીડાયેલ (આકુળ-વ્યાકુળ થયેલા) પંથી જનો (મુસાફરો)ને કમળવાળા સરોવરનો સૂક્ષ્મ જળકણસહિત (ઠંડો) પવન પણ ખુશી કરે છે. અર્થાત્ ઠંડો પવન મુસાફરોને ખુશી કરે તો પછી પાણીની શી વાત ? તેમ તમારું નામમાત્ર ભવભ્રમણ મટાડે તો પછી સ્તવનનો મહિમા તો શું વર્ણવવો ? મતલબ કે તમારું સ્તોત્ર ઘણા માહાત્મ્યવાળું છે. ૭.

ધ્યાન માહાત્મ્ય.

હૃદ્વર્ત્તિનિ ત્વયિ વિભો ! શિથિલીભવન્તિ,
જન્તોઃ ક્ષણેન નિબિડા અપિ કર્મબન્ધાઃ;
સદ્યો ભુજંગમ-મયા ઈવ મધ્યભાગ-,
મભ્યાગતે વનશિખણ્ડિનિ ચંદનસ્ય. ૮.

અર્થ :- હે સ્વામી ! તમે હૃદયને વિષે વર્તતે છતે પ્રાણીના દૃઢ પણ કર્મબંધનો, જેમ વનનો મોર વનના મધ્ય ભાગે આવ્યે છતે ચંદન વૃક્ષનાં સર્પમય બંધનો તત્કાળ શિથિલ (ઢીલાં) થઈ જાય છે. તેમ ક્ષણવારમાં શિથિલ થાય છે. અર્થાત્ મોરના આવવાથી સુગંધને લીધે ચંદન (સુખડ) વૃક્ષને વીંટાઈ રહેલા સર્પો જેમ ખસી જાય છે, તેમ તમો ભવ્ય પ્રાણીના હૃદયમાં વસવાથી (તમારું ધ્યાન કર્યે છતે) આકરાં કર્મ હોય તે ઢીલાં થઈ જાય છે. ૮.

દર્શન માહાત્મ્ય.

મુચ્યન્ત એવ મનુજાઃ સહસા જિનેન્દ્ર !,
રૌદ્રૈ-રુપદ્રવ-શતૈસ્ત્વયિ વીક્ષિતેઽપિ;
[1]ગોસ્વામિનિ [2]સ્ફુરિત-તેજસિ દૃષ્ટમાત્રે,
ચૌરૈ-રિવાશુ પશવઃ પ્રપલાયમાનૈઃ. ૯.

---

૧. કિરણોનો સ્વામી એટલે સૂર્ય, પૃથ્વીનો સ્વામી એટલે રાજા અને ગાયોનો સ્વામી એટલે ગોવાળ એવા ત્રણ અર્થ થાય છે, માટે ત્રણ પ્રકારે અર્થ લેવો.

૨. સૂર્ય પક્ષે પ્રભાત કાળે જગતને પ્રકાશ કરવાથી વિસ્તૃત તેજવાળો, રાજાપક્ષે અખંડિત પ્રતાપવાળો અને ગોવાળપક્ષે સ્ફુરિત બળવાળો એમ અર્થ લેવા.

અર્થ :- હે જિનેન્દ્ર ! તમો જોવાયે છતે (તમારું દર્શન થવાથી) મનુષ્યો ભયંકર ઉપદ્રવના સેંકડો (સેંકડો ઉપદ્રવે) વડે; જેમ સ્ફુરાયમાન તેજ (પ્રતાપ-બળ) વાળો સૂર્ય (અથવા રાજા અગર ગોવાળ) જોવાયે થકે પલાયન કરતા (નાશી જતા) ચોરોવડે પશુઓ શીઘ્ર મૂકાઈ જાય છે. તેમ શીઘ્રપણે મુકાઈ જાય છે. અર્થાત્ તમારા દર્શનથી સેંકડો ઉપદ્રવો તત્કાળ નાશ પામે છે. ૯.

ધ્યાન માહાત્મ્ય.

ત્વં તારકો જિન ! [1]કથં ? ભવિનાં ત એવ,
ત્વા-મુદ્વહન્તિ હૃદયેન યદુત્તરન્તઃ;
યદ્વા દૃતિસ્તરતિ યજ્જલ-મેષ નૂન-,
મન્તર્ગતસ્ય મરુતઃ સ કિલાનુભાવઃ ૧૦.

અર્થ :- હે જિનેન્દ્ર ! તમે પ્રાણીઓના તારનારા કેવી રીતે છો ? જે કારણ માટે સંસારસમુદ્રને ઉતરતા એવા તેઓ (પ્રાણીઓ) જ તમોને હૃદયવડે વહન કરે છે, અથવા તે યુક્ત છે. ચામડાની મસક નિશ્ચે પાણીમાં તરે છે, તે આ પ્રત્યક્ષ અંદર રહેલ વાયુનો જ નિશ્ચે પ્રભાવ છે. ૧૦.

---

૧. સંસારસમુદ્રને ઉતરતા પ્રાણીઓ તમોને હૃદયમાં ધારણ કરે છે તેથી તમો તારનાર કેવી રીતે હોઈ શકો ? કેમકે વાહ્ય (વહન થનાર) વહન (વહન કરનાર)માં વાહક હોય તે તારક છે એટલે નાવમાં બેઠેલ પુરુષ નાવનો તારક નથી. આ પ્રમાણે શંકા કરીને સ્તોત્રકાર પોતે જ સમાધાન કરે છે કે પાણીની મસકમાં રહેલ વાયુ જેમ મસકને તારે છે તેમ તમે પ્રાણીઓના હૃદયમાં વહન કરાયે છતે (ધ્યાન કરાયે છતે) તેઓને તારો છો.

શબ્દાર્થ

યસ્મિન્ - જે કામદેવને વિષે.
હરપ્રભૃતયઃ - મહાદેવ વગેરે દેવો.
હતપ્રભાવાઃ - હણાયો છે પ્રભાવ જેનો એવા.
સ - તે.
ત્વયા - તારા વડે.
રતિપતિઃ - કામદેવ.
ક્ષપિતઃ - ક્ષય પામ્યો છે.
ક્ષણેન - ક્ષણવારમાં.
વિધ્યાપિતાઃ - બુઝાવી નાંખ્યા છે.
હુતભુજઃ - અગ્નિઓને.
પયસા - પાણી વડે.
અથ - હવે.
યેન - જે.
પીતં - પીધું.
દુર્દ્ધરવાડવેન - દુઃસહવડવાનળે.
અનલ્પગરિમાણં - ઘણી પ્રૌઢતાવાળા.
પ્રપન્નાં - પ્રાપ્ત થયેલા.
જંતવઃ - પ્રાણીઓ.
અહો - આશ્ચર્યે.
હ્રદયે - હ્રદયમાં.
દધાનાઃ - ધારણ કરનારા.
જન્મોદધિં - ભવસાગરને.
લઘુ - શીઘ્રપણે.
તરંતિ - તરે છે.
અતિલાઘવેન - અત્યંત હલકાપણાએ.
ચિંત્યઃ - વિચારવા યોગ્ય.
હંત - નિશ્ચે.
મહતાં - મોટા પુરુષોનો.
પ્રભાવઃ - પ્રભાવ.
ક્રોધઃ - કોપ.
નિરસ્તઃ - નાશ થયેલો છે.
ધ્વસ્તાં - હણાયા.
તદા - ત્યારે.
બત - આશ્ચર્ય છે.
કર્મચૌરાઃ - કર્મરૂપી ચોરો.
પ્લોષતિ - બાળે છે.
અમુત્ર - આ લોકમાં.
શિશિરા - શીતળ, ઠંડો.
લોકે - લોકને વિષે.
નીલદ્રુમાણિ - લીલા વૃક્ષોવાળા.
વિપિનાનિ - વનખંડોને.
હિમાની - હિમસમૂહ.
યોગિનઃ - યોગિઓ.
પરમાત્મરૂપં - સિદ્ધ સ્વરૂપી.
અન્વેષયંતિ - જુએ છે.
હ્રદયાંબુજ - હ્રદયકમળના.
કોશદેશે - ડોડાના મધ્યભાગે.
પૂતસ્ય - પવિત્ર.
નિર્મલરુચેઃ - નિર્મળ કાન્તિવાળા.
અન્યત્ - બીજું.
અક્ષસ્ય - કમળના બીજનું.
સંભવિ - સંભવે.
કર્ણિકાયાઃ - કર્ણિકા થકી.

ધ્યાનાત્ - ધ્યાનવડે.	ઉપલભાવં - પાષાણ ભાવને.
ભવિનઃ - પ્રાણીઓ.	અપાસ્ય - ત્યાગ કરીને.
દેહં - શરીરને.	ચામીકરત્વં - સુવર્ણપણાને.
વિહાય - ત્યાગ કરીને.	અચિરાત્ - તત્કાળ.
પરમાત્મદશાં - સિદ્ધ સ્વરૂપને.	ઇવ - પેઠે.
વ્રજંતિ - પામે છે.	ધાતુભેદાઃ - માટી પાષાણમાં મળેલ ધાતુઓ.
તીવ્રાનલાત્ - પ્રબલ અગ્નિવડે.	

યસ્મિન્ હર-પ્રભૃતયોઽપિ હત-પ્રભાવાઃ,
સોઽપિ ત્વયા રતિપતિઃ ક્ષપિતઃ ક્ષણેન;
વિધ્યાપિતા હુતભુજઃ પયસાથ યેન,
પીતં ન કિં તદપિ દુર્દ્ધર-વાડવેન. ૧૧.

અર્થ :- જે કામદેવને વિષે હરિ-હરાદિ દેવો પણ હણાયો છે પ્રભાવ જેમનો એવા થયા છે તે કામદેવ પણ તારાવડે ક્ષણવારમાં ક્ષય પામ્યો છે. હવે તેવું દૃષ્ટાંત કહે છે - જે પાણીએ અગ્નિઓને બુઝાવી નાંખ્યા છે ? તે (પાણી) પણ દુઃસહ વડવાનળે (સમુદ્રના અગ્નિએ) શું નથી પીધું-નથી શોષણ કર્યું ? અર્થાત્ બીજા અગ્નિને બુઝાવી નાખનાર પાણીને જેમ વડવાનળ શોષી જાય છે તેમ હરિ-હરાદિ દેવોને તાબે કરનાર એવા કામદેવને તમે જીત્યો છે. ૧૧.

સ્વામિન્નનલ્પ-ગરિમાણ-મપિ પ્રપન્ના,-
સ્ત્વાં જન્તવઃ કથમહો હૃદયે દધાનાઃ ?;
જન્મોદધિં લઘુ તરન્ત્યતિ-લાઘવેન,
ચિન્ત્યો ન હન્ત મહતાં યદિ વા પ્રભાવઃ ૧૨.

૧. અથ શબ્દ દૃષ્ટાંત કહેવાને મૂકેલ છે.

અર્થ :- હે સ્વામી ! તમોને (સ્વામીપણાએ) પ્રાપ્ત થયેલા પ્રાણીઓ, ઘણી પ્રૌઢતાવાળા એવા પણ તમોને હૃદયમાં ધારણ કરવા છતાં અત્યંત હલકાપણાએ કરીને (બીલકુલ ભાર વિનાના હોય તેમ) ભવસાગરને શીઘ્રપણે કેવી રીતે તરે છે ? એ આશ્ચર્ય છે. અથવા નિશ્ચે મહાન્ (ત્રણ જગતને વિષે ઉત્તમ) પુરુષોનો પ્રભાવ ચિંતવવા યોગ્ય નથી. અર્થાત્ તમે અતિગરિષ્ઠ એટલે ઘણા ભારવાળા છતાં બીલકુલ ભાર વિનાના હલકા હોય તેમ તમોને હૃદયમાં ધારણ કરીને ભવસમુદ્રને તમારા આશ્રિતો જલદીથી તરી જાય છે એ આશ્ચર્ય છે, કેમકે વધારે ભાર તે તરવાને અસમર્થ થાય, આ પ્રમાણે શંકા કરીને તેનું સમાધાન કરે છે કે- મહાન્ પુરુષોનો પ્રભવ એવો છે કે તે મનવડે પણ ચિંતવવા યોગ્ય નથી. કેમકે તે ઘણા ભારવાળાને પણ પોતાના પ્રભાવથી સર્વથા ભાર રહિત હોય તેમ તારે છે. ૧૨.

ક્રોધસ્ત્વયા [1]યદિ વિભો ? પ્રથમં નિરસ્તો,
ધ્વસ્તાસ્તદા બત કથં કિલ કર્મચૌરાઃ ?;
પ્લોષત્યમુત્ર યદિ વા શિશિરાડપિ લોકે,
નીલદ્રુમાણિ વિપિનાનિ ન કિં હિમાની[2] ? ૧૩.

અર્થ :- હે પ્રભુ ! તમારા વડે જે ક્રોધ પ્રથમ જ નાશ કરાયો છે તો આશ્ચર્ય છે કે કર્મરૂપી ચોરો નિશ્ચે કેવી રીતે હણાયા ? અથવા આ લોકને વિષે શીતળ પણ હિમસમૂહ, નીલા વૃક્ષવાળા વનખંડોને શું નથી બાળતો ? અર્થાત્ ક્રોધ વિના કર્મરૂપ ચોરને તમે હણ્યા તે મોટું આશ્ચર્ય છે એમ શંકા કરીને સમાધાન કરે છે

૧. યદિ સમાધાન અર્થમાં વપરાય છે, આ પ્રમાણે દરેક ઠેકાણે સમજવું.
૨. મહદ્હિમં = હિમાની.

કે - ઠંડો હિમ જેમ વૃક્ષોને બાળે છે તેમ તમે ક્રોધ વિના પણ કર્મરૂપ ચોરને બાળો છો તે યુક્ત છે. ૨૩.

ત્વાં યોગિના જિન ! સદા પરમાત્મરૂપ-,
મન્વેષયન્તિ હૃદયામ્બુજ-કોશ-દેશે;
પૂતસ્ય નિર્મલરુચે-ર્યદિ વા કિમન્ય-,
દક્ષસ્ય [1]સમ્ભવિ પદં નનુ કર્ણિકાયાઃ ૧૪.

અર્થ :- હે જિન ! મહર્ષિઓ હૃદયરૂપ કમળના ડોડાના મધ્યભાગને વિષે સિદ્ધસ્વરૂપી એવા તમોને નિરંતર જ્ઞાન ચક્ષુવડે જોવે છે. અથવા નિશ્ચે પવિત્ર અને નિર્મળ કાન્તિવાળા કમળના બીજનું કર્ણિકા થકી બીજું સ્થાન શું સંભવે ? અર્થાત્ કમળના બીજનું સ્થાન જેમ કર્ણિકા છે તેમ તમે પણ કર્મમલનો નાશ થવાથી પવિત્ર એટલે ચિદાનંદ સ્વરૂપે પ્રગટ થયેલા હોવાથી નિર્મળ કાન્તિવાળા છો માટે યોગીન્દ્રના હૃદયકમળના મધ્યભાગરૂપ કર્ણિકા એ જ તમારું યોગ્ય સ્થાન છે. ૧૪.

[2]ધ્યાનાજ્જિનેશ ! ભવતો ભવિનઃ ક્ષણેન,
દેહં વિહાય પરમાત્મ-દશાં વ્રજન્તિ;
તીવ્રાનલા-દુપલભાવમપાસ્ય લોકે,
ચામીકરત્વ-મચિરાદિવ ધાતુભેદાઃ ૧૫.

અર્થ :- હે જિનેશ્વર ! લોકને વિષે ધાતુભેદો (માટી-પાષાણમાં મળેલ ધાતુ) પ્રબળ અગ્નિ વડે પાષાણપણાનો ત્યાગ

---

૧. સંભવતીતિ સંભવિ.

૨. ભ્રમરી થકી બીક પામેલી ઈયળ ભ્રમરીનું ધ્યાન કરતી છતી ભ્રમરીરૂપ જેમ થાય તેમ વીતરાગનું ધ્યાન કરનાર જીવ વીતરાગ સ્વરૂપ થાય છે. અર્થાત્ જે ધ્યાન કરે તે તેવો થાય છે.

કરીને તત્કાલ સુવર્ણપણાને જેમ પામે છે, તેની પેઠે તમારા ધ્યાન થકી ભવ્ય પ્રાણીઓ ક્ષણવારમાં શરીરનો ત્યાગ કરીને પરમાત્મદશાને પામે છે, અર્થાત્ તમારું ધ્યાન કરવાથી પ્રાણીઓ તમારા જેવા બને છે. ૧૫.

શબ્દાર્થ

અંતઃ - અંતઃકરણને વિષે.
સદૈવ - નિરંતર.
જિન - હે જિનેશ્વર.
યસ્ય - જેના.
વિભાવ્યસે - વિશેષ ચિંતવન થાઓ છો.
ત્વં - તમે.
ભવ્યૈઃ - ભવ્યો વડે.
તદપિ - તોપણ.
નાશયસે - નાશ કરાવો છો.
શરીરં - શરીરને.
એતત્ - એવું.
સ્વરૂપં - સ્વરૂપ.
મધ્યવિવર્તિનઃ - મધ્યસ્થ પુરુષનું.
યદ્ - જે કારણ માટે.
વિગ્રહં - ક્લેશને.
પ્રશમયંતિ - ઉપશમાવે છે.
મહાનુભાવાઃ - મ્હોટા પ્રભાવવાળા.
મનીષિભિઃ - પંડિતો વડે.
અભેદબુદ્ધ્યા - અભેદબુદ્ધિ વડે.
ધ્યાતઃ - ધ્યાન કરાયો છતો.
ભવત્ - તમારા સમાન.
પ્રભાવઃ - પ્રભાવવાળો.
પાનીયં - પાણીને.
અમૃતં - અમૃત.
અનુચિંત્યમાનં - ચિંતન કરાયું છતું.
નામ - કોમલ આમંત્રણમાં.
નો - નહિ.
વિષવિકારં - વિષના વિકારને.
અપાકરોતિ - દૂર કરે છે.
વીતતમસં - તમોગુણ રહિત.
પરવાદિનઃ - પરતીર્થિઓ.
નૂનં - નિશ્ચે.
હરિહરાદિધિયા - હરિહરાદિની બુદ્ધિએ.
પ્રપન્નાઃ - આશ્રય કરીને રહેલા છે.
કાચકામલિભિઃ - કમળના રોગવાળા જનો વડે.
સિતઃ - શ્વેત.
શંખઃ - શંખ.
ગૃહ્યતે - ગ્રહણ કરાય છે.
વિવિધવર્ણ - જુદા જુદા રંગના.
વિપર્યયેણ - પરાવર્ત કરીને.
ધર્મોપદેશસમયે - ધર્મના ઉપદેશ વખતે.

સવિધ - સમીપપણા.
અનુભાવાત્ - પ્રભાવ થકી.
તે - તમારા.
તરુઃ - વૃક્ષ.
અશોકઃ - શોક રહિત.
અભ્યુદ્‌ગતે - ઉદય પામે છતે.
દિનપતૌ - સૂર્ય.
સમહીરૂહઃ - વૃક્ષોવડે સહિત.
વિબોધં - વિકાશપણાને.
ઉપયાતિ - પામે છે.
જીવલોકઃ - આખું જગત્.
ચિત્રં - આશ્ચર્ય છે.
અવાઙ્‌મુખ - નીચું મુખ છે જેનું એવા.
વૃંતમેવ - બીંટ હોય તેમજ.
વિષ્વક્ - ચારે તરફ.
પતતિ - પડે છે.
અવિરલા - સતત્.
સુરપુષ્પવૃષ્ટિઃ - દેવોએ કરેલ ફૂલની વૃષ્ટિ.
ત્વદ્‌ગોચરે - તમો પ્રત્યક્ષ છતે.
સુમનસાં - સુંદર ચિત્તવાળાનાં.
ગચ્છંતિ - જાય છે.
અધઃ - નીચે.
હિ - જે કારણ માટે.
બંધનાનિ - બંધનો.

અન્તઃ સદૈવ જિન ! યસ્ય વિભાવ્યસે ત્વં,
ભવ્યૈઃ કથં તદપિ નાશયસે શરીરમ્ ?;
એતત્સ્વરૂપ-મથ [1]મધ્ય-વિવર્ત્તિનો હિ,
[2]યદ્વિગ્રહં પ્રશમયન્તિ મહાનુભાવાઃ ૧૯.

અર્થ :- હે જિન ! જે હૃદયને વિષે ભવ્ય પ્રાણીઓવડે તમે નિરંતર વિશેષે ચિંતવન કરાઓ છો તો પણ તે (ભવ્યોના) શરીરને તમે કેમ નાશ કરો છો ? હવે દૃષ્ટાંત કહે છે કે - મધ્યસ્થ પુરુષનું નિશ્ચે એવું જ સ્વરૂપ છે. જે કારણ માટે મ્હોટા પ્રભાવવાળા પુરુષો ક્લેશને ઉપશમાવે છે. અર્થાત્ તમે મધ્યસ્થ હોવાથી શરીર અને જીવનો પરસ્પરનો અનાદિ કાળનો વિગ્રહ હતો તે મટાડવા શરીરને નાશ કરો છો અને જીવને મોક્ષ પમાડો છો. ૧૯.

૧. શરીરના મધ્યભાગે રહેનારનું અથવા વિવાદમાં બંને પક્ષ જેને સમાન હોય એવા પક્ષપાત રહિત મધ્યસ્થ પુરુષનું. ૨. વિગ્રહ=શરીર અથવા ક્લેશ

આત્મા મનીષિભિ-રયં ત્વદભેદ-બુદ્ધ્યા[1],
ધ્યાતો જિનેન્દ્ર ! ભવતીહ ભવત્પ્રભાવઃ;
પાનીય-મપ્ય-મૃત-મિત્ય-નુચિન્ત્યમાનં,
કિં નામ નો વિષવિકાર-મપાકરોતિ. ૧૭.

અર્થ :- હે જિનેન્દ્ર ! પંડિતોવડે તમારા વિષે અભેદ બુદ્ધિએ કરીને ધ્યાન કરાયો છતો આ આત્મા આ જગતને વિષે તમારા સરખા પ્રભાવવાળો થાય છે. પાણી પણ અમૃત છે. એ પ્રકારે ચિંતવન કરાયું છતું (અથવા મણિમંત્રાદિ વડે સંસ્કારિત કરાયું છતું) ઝેરના વિકારને શું નથી દૂર કરતું ? અર્થાત્ અમૃતબુદ્ધિએ ચિંતવેલું અથવા મંત્રિત કરેલું પાણી જેમ ઝેર ઉતારે છે તેમ તમારી સાથે અભેદ ભાવે ધ્યાન કરવાથી કર્મમળ રૂપ ઝેર ઉતારીને આ આત્મા પરમાત્મા થાય છે. ૧૭.

ત્વામેવ વીત-તમસં પરવાદિનોઽપિ,
નૂનં વિભો ! હરિહરાદિ-ધિયા પ્રપન્નાઃ;
કિં કાચ-કામલિભિરીશ ! સિતોઽપિ શંખો,
નો ગૃહ્યતે વિવિધવર્ણ-વિપર્યયેણ. ૧૮.

અર્થ :- હે પ્રભુ ! પરતીર્થીઓ (અન્ય દર્શનીઓ) પણ હરિહરાદિ દેવોની બુદ્ધિવડે કરીને રાગદ્વેષરૂપ તમોગુણ રહિત એવા તમોને જે નિશ્ચે આશ્રય કરીને રહેલા છે. કાચકામલી (કમળા)ના રોગવાળા જનોવડે શ્વેત એવો પણ શંખ વિવિધ રંગના

---

૧. હું અને પરમાત્મા એકજ સ્વરૂપ છીએ. એવા પ્રકારની એકાગ્રતા તે અભેદબુદ્ધિ.

પરાવર્તે કરીને શું નથી ગ્રહણ કરાતો ? અર્થાત્ પીત કમળીના રોગવાળો મનુષ્ય ધોળા શંખને પીળો શંખ, લીલો શંખ એ પ્રકારે જુદા જુદા રંગે દેખે છે, તેમ અન્ય દર્શનીઓ પણ તમારું આ હરિ છે, હર છે, બ્રહ્મા છે, એવી બુદ્ધિથી આરાધન કરે છે.

અશોકવૃક્ષ પ્રાતિહાર્ય

ધર્મોપદેશ-સમયે સવિધાનુભાવા, -
દાસ્તાં જનો ભવતિ તે તરુ-રપ્યશોકઃ;
અભ્યુદ્ગતે દિનપતૌ સમહીરુહોડપિ,
કિં વા વિબોધ-મુપયાતિ ન જીવલોકઃ ? ૧૯.

અર્થ :- હે સ્વામી ! ધર્મના ઉપદેશ વખતે તમારા સમીપપણાના પ્રભાવ થકી ચેતનવાળા મનુષ્યો તો દૂર રહો, પરંતુ અવ્યક્ત ચેતનવાળા વૃક્ષ પણ શોક રહિત (અશોક) થાય છે. અથવા સૂર્ય ઉદય પામે છતે વૃક્ષોવડે સહિત પણ આખું જગત શું વિકાસપણાને નથી પામતું ? અર્થાત્ સૂર્યોદય થયે છતે કેવળ લોક જ નિદ્રાનો ત્યાગ કરીને જાગૃત થાય છે એટલું જ નહિ પરંતુ વૃક્ષો પણ પત્રસંકોચાદિ લક્ષણ નિદ્રા છોડીને વિકસ્વર થાય છે, તેમ તમારા પ્રભાવથી મનુષ્યો શોક રહિત થાય છે એટલું જ નહિં પરંતુ વૃક્ષ પણ શોક રહિત થાય છે - નામથી અશોક થાય છે. તે યુક્ત છે. ૧૯.

સુરપુષ્પવૃષ્ટિ પ્રાતિહાર્ય

ચિત્રં વિભો ! કથ-મવાઙ્મુખ-વૃન્તમેવ,
વિષ્વક્ પતત્ય-વિરલા સુર-[1]પુષ્પ-વૃષ્ટિઃ !;

---

૧. પુષ્પ, દેવતા અને સુંદર ચિત્તવાળા એવા ત્રણ અર્થ થાય છે.

ત્વદ્ગોચરે સુમનસાં યદિ વા [1]મુનીશ !,
ગચ્છન્તિ નૂનમધ એવ હિ બંધનાનિ. ૨૦.

અર્થ :- હે પ્રભુ ! સઘન એવા દેવોએ કરેલ પુષ્પની વૃષ્ટિ ચારે તરફ નીચું છે મુખ જેનું એવા બીંટ હોય તેમજ કેમ પડે છે ? એ આશ્ચર્ય છે ! અથવા હે મુનીશ ! તમો પ્રત્યક્ષ છતે સુંદર ચિત્તવાળા (ભવ્યજનો)નાં બંધનો (કર્મના અભ્યંતર બંધન અને બેડી વગેરે બાહ્ય બંધન) જે કારણ માટે નીચે જ જાય છે (નાશ પામે છે.) અર્થાત્ પુષ્પના બીંટ નીચે જાય છે તે એમ સૂચવે છે કે ભગવંતના સમીપપણાથી જેમ અમારા બીંટ (બંધન) નીચે રહે છે તેમ ભવ્ય પ્રાણી અગર દેવતાનાં બંધનો પણ નીચે જશે એટલે ટુટીને નીચે પડશે. ૨૦.

શબ્દાર્થ

સ્થાને - યુક્ત.
ગભીરહૃદય - ગંભીર હૃદયરૂપ.
ઉદધિસંભવાયાઃ - સમુદ્રથકી ઉત્પન્ન થયેલી.
પીયૂષતાં - અમૃતપણાને.
ગિરઃ - વાણીના.
સમુદીરયંતિ - કહે છે.
પીત્વા - પાન કરીને.
યતઃ - જે કારણ માટે.
પરમસંમદ - ઉત્કૃષ્ટ હર્ષના.
સંગભાજઃ - સંયોગને ભજનારા.
વ્રજંતિ - પામે છે.
તરસા - શીઘ્ર.
અજરામરત્વં - અજરામરપણાને.
સુદૂરં - અત્યંત.
અવનમ્ય - નમીને.
સમુત્પતંતઃ - રૂડે પ્રકારે ઉંચે ઉછળતા છતા.
મન્યે - હું માનું છું.
વદંતિ - કહે છે.
શુચયઃ - પવિત્ર.
સુરચામરૌઘાઃ - દેવોએ વિંઝેલ ચામરોના સમૂહો.

---

૧. તત્ત્વને જાણે તે મુનિ, તેના સ્વામી તે મુનીશ.

અસ્મૈઃ - આ.
નતિં - નમસ્કાર.
વિદધતે - કરે છે.
મુનિપુંગવાય - મુનિઓને વિષે શ્રેષ્ઠ.
ઊર્ધ્વગતયઃ - ઉંચી ગતિવાળા.
શુદ્ધભાવાઃ - શુદ્ધ ભાવવાળા.
શ્યામં - નીલ વર્ણવાળા.
ગભીરગિરં - ગંભીર વાણીવાળા.
ઉજ્જ્વલહેમરત્ન - નિર્મલ સુવર્ણ મિશ્રિત રત્નના બનાવેલ.
સિંહાસનસ્થં - સિંહાસનને વિષે બેઠેલા.
ભવ્યશિખંડિનઃ - ભવ્ય પ્રાણીરૂપ મયૂરો.
આલોકયંતિ - જૂએ છે.
રભસેન - ઉત્સુકતા વડે.
નદંતં - ગર્જના કરતો.
ઉચ્ચૈઃ - અત્યંત.
ચામીકરાદ્રિ - મેરૂ પર્વતના.
શિરસિ - શિખર ઉપર.
નવાંબુવાહં - નવીન મેઘને.
ઉદ્ગચ્છતા - ઉંચા જતા.
શિતદ્યુતિ - નીલ કાન્તિના.
મંડલેન - મંડલ વડે.
લુપ્ત - આચ્છાદન થઈ છે.
ચ્છદચ્છવિઃ - પાંદડાની કાન્તિ જેની એવો.
અશોકતરુ - અશોક વૃક્ષ.
બભૂવ - હોતો હોવો.
સાન્નિધ્યતઃ - સમીપપણા થકી.
વીતરાગ ! - રાગદ્વેષ રહિત.
નીરાગતાં - વૈરાગ્યને.
વ્રજતિ - પામે છે.
સચેતનઃ - ચેતના સહિતે.
ભો ભોઃ - હે લોકો.
પ્રમાદં - આળસને.
અવધૂય - આળસને.
ભજધ્વં - ભજો.
એનં - આ.
આગત્ય - આવીને.
નિર્વૃત્તિપુરીં - મોક્ષ નગરી.
પ્રતિ - પ્રત્યે.
સાર્થવાહં - સાર્થવાહને.
એતદ્ - આ પ્રકારે.
નિવેદયતિ - નિવેદન કરે છે.
જગત્ત્રયાય - ત્રણ જગતને.
નદન્ - શબ્દ કરતો.
અભિનભઃ - આકાશને વ્યાપીને.
સુરદુંદુભિઃ - દેવદુંદુભિ.
તે - તમારો.

દિવ્યધ્વનિ પ્રાતિહાર્ય

સ્થાનેગભીર-હૃદયો [1]દધિસમ્ભવાયાઃ,
પીયુષતાં તવ ગિરઃ સમુદીરયન્તિ;
પીત્વા યતઃ પરમ-સંમદ-સંગભાજો,
ભવ્યા વ્રજન્તિ તરસાડપ્ય-જરામરત્વમ્. ૨૧.

અર્થ :- હે સ્વામિન્ ! ગંભીર હૃદયરૂપ સમુદ્રથકી ઉત્પન્ન થયેલી એવી તમારી વાણીના અમૃતપણાને શ્રોતાઓ કહે છે તે યુક્ત છે. જે કારણ માટે ઉત્કૃષ્ટ હર્ષના સંયોગને ભજનારા ભવ્યજનો તમારી વાણીનું પાન કરીને (અત્યંત આદરવડે સાંભળીને) શીઘ્રપણે પણ અજરામરપણાને પામે છે. અર્થાત્ જે કોઈ અમૃતને પીવે છે તે અજરામર થાય છે તેમ તમારી વાણીનું પાન કરનારા ભવ્યો ચિદાનંદ સ્વરૂપ થઈ અજરામર (મોક્ષ) સ્થાનને પામે છે. માટે તમારી વાણીને અમૃતતુલ્ય કહે છે તે યુક્ત છે. ૨૧.

ચામર પ્રાતિહાર્ય

સ્વામિન્ ! સુદૂર-મવનમ્ય સમુત્પતન્તો,
મન્યે વદન્તિ શુચયઃ સુર-ચામરૌઘાઃ;
યેડસ્મૈ નતિં વિદધતે મુનિપુંગવાય,
તે નૂન-મૂર્ધ્વગતયઃ ખલુ શુદ્ધભાવાઃ ૨૨.

અર્થ :- હે સ્વામિન્ ! હું એમ માનું છું કે પવિત્ર એવા દેવોએ વિંઝેલા ચામરોનાં સમૂહો, અત્યંત નીચા નમીને પછી રૂડે પ્રકારે ઉંચે ઉછળતા છતા આ પ્રકારે કહે છે - 'જે મનુષ્યો

---

૧. અમૃતની ઉત્પત્તિ સમુદ્રથકી ગણાય છે, માટે વાણીની ઉત્પત્તિ હૃદયસમુદ્રથકી કહી છે.

આ પ્રત્યક્ષ મુનિઓને વિષે શ્રેષ્ઠ પાર્શ્વનાથ પ્રભુને નમસ્કાર કરે છે, તે શુદ્ધ ભાવવાળા મનુષ્યો નિશ્ચે ઉંચી ગતિવાળા થાય છે.' અર્થાત્ ચામરો એમ સૂચવે છે કે જેમ અમે નીચા નમવાથી ઉંચે ચડીએ છીએ તેમ જે કોઈ આ જિનેશ્વરને નમશે તે ઉંચી ગતિ (મોક્ષ ગતિ)ને પામશે. ૨૨.

સિંહાસન પ્રાતિહાર્ય

[1]શ્યામં ગભીર-ગિર-મુજ્જ્વલ-હેમરત્ન-,
[2]સિંહાસન-સ્થમિહ ભવ્ય-શિખણ્ડિનસ્ત્વામ્;
આલોકયન્તિ રભસેન નદન્ત-મુચ્ચૈ-,
શ્ચામીકરાદ્રિ-શિરસીવ નવામ્બુવાહમ્. ૨૩.

અર્થ :- હે પ્રભુ ! અહીં (સમવસરણને વિષે) નીલા વર્ણવાળા; ગંભીર વાણીવાળા, નિર્મળ (ઉજ્જ્વળ-દેદીપ્યમાન) સુવર્ણ મિશ્રિત રત્નના બનાવેલા સિંહાસનને વિષે બેઠેલા એવા તમોને ભવ્ય પ્રાણીરૂપ મયૂરો, મેરૂ પર્વતના શિખર ઉપર અત્યંત ગર્જના કરતા નવીન મેઘને જેમ ઉત્સુકતા (આતુરતા) વડે જોતા હોય તેની પેઠે જુવે છે. ૨૩.

ભામંડલ પ્રાતિહાર્ય

ઉદ્ગચ્છતા તવ શિતિ-દ્યુતિ-મણ્ડલેન,
લુપ્તચ્છદચ્છવિ-રશોકતરુ-ર્બભૂવ;

---

૧. શ્યામ અને નીલવર્ણની એક્તા હોવાથી અહી શ્યામ (કાળો)નો અર્થ લીધેલ છે. કેમકે પ્રભુનો વર્ણ નીલો છે.

૨. અહી મેરુના શિખરને સ્થાને સિંહાસન, મેઘને સ્થાને પ્રભુનું શ્યામ શરીર, ગર્જનાને સ્થાને પ્રભુની ગંભીર વાણી અને મોરને સ્થાને ભવ્યજનો જાણવા.

સાન્નિધ્યતોઽપિ[1] યદિ વા તવ વીતરાગ !,
નીરાગતાં વ્રજતિ કો ન સચેતનોઽપિ. ૨૪.

અર્થ :- હે પ્રભુ ! ઉંચે જતા (પ્રસરતા) એવા તમારા નીલકાન્તિના મંડળ (ભામંડળ) વડે આચ્છાદન થઈ છે પાંદડાંની કાન્તિ જેની એવો અશોકવૃક્ષ હોતો હવો. અથવા હે વીતરાગ ! તમારા સમીપપણાથકી ચેતના સહિત એવો પણ કયો પુરુષ નિર્મળત્વને ન પામે ? અર્થાત્ તમારા સમીપપણાથી સચેતન, (પ્રગટ ચેતનવાળો) વૈરાગ્યને પામે છે તો અચેતન (અપ્રગટ ચેતનવાળો) અશોકવૃક્ષ નીરાગતા (નિસ્તેજપણું) ને પામે તે યુક્ત જ છે. કેમકે અચેતનને ગમે તે ફેરવી શકે પણ સચેતનને તો જ્ઞાનવાન હોય તેજ પ્રતિબોધી શકે. ૨૪

દેવદુંદુભિ પ્રાતિહાર્ય

ભોઃ ભોઃ પ્રમાદ-મવધૂય ભજધ્વ-મેન-,
માગત્ય નિર્વૃતિ-પુરીં પ્રતિ સાર્થવાહમ્;
એતન્નિવેદયતિ દેવ ! જગત્ ત્રયાય,
મન્યે નદન્નભિનભઃ સુરદુંદુભિસ્તે. ૨૫

અર્થ :- હે દેવ ! હું એમ માનું છું કે - આકાશને વ્યાપીને શબ્દ કરતો એવો તમારો દેવદુંદુભિ ત્રણ જગતને આ પ્રકારે નિવેદન કરે છે (ઉદ્‌ઘોષણા કરે છે) કે હે - ત્રણ જગતના લોકો ! તમે આળસનો ત્યાગ કરીને અહીં આવીને મોક્ષનગરી પ્રત્યે સાર્થવાહતુલ્ય આ પાર્શ્વપ્રભુને ભજો. અર્થાત્ દેવ દુંદુભિ

---

૧. તમારું વચનશ્રવણ અને રૂપદર્શન તો દૂર રહો, પરંતુ તમારા સમીપપણા થકી જ અચેતન અશોકવૃક્ષ તો દૂર રહો પરંતુ સચેતન એવો પણ કોણ વૈરાગ્ય ન પામે ? અર્થાત્ પામે જ.

ઉદ્‌ઘોષણા કરીને સૂચવે છે કે હે લોકો ! તમે પ્રમાદ દૂર કરીને આ મોક્ષદાયક પ્રભુને ભજો. ૨૫.

શબ્દાર્થ

ઉદ્યોતિતેષુ - પ્રકાશિત થયે છતે.
ભવતા - તમારા વડે.
ભુવનેષુ - ત્રણ ભુવનો.
નાથ ! - હે નાથ !
તારાન્વિતઃ - તારા મંડળ સહિત.
વિધુઃ - ચંદ્રમા.
અયં - આ.
વિહતાધિકારઃ - હણાયો છે અધિકાર જેનો એવો.
મુક્તાકલાપ - મોતીના સમૂહ વડે.
કલિતોચ્છ્‌વસિત - સહિત અને ઉલ્લસિત.
આતપત્ર - ત્રણ છત્રના.
વ્યાજાત્ - મિષ થકી.
ત્રિધા - ત્રણ પ્રકારે.
ધૃતતનુઃ - ધારણ કર્યું છે શરીર જેણે એવો.
ધ્રુવં - નિશ્ચે.
અભ્યુપેતઃ - પાસે આવેલો છે.
સ્વેન - પોતાના.
પ્રપૂરિતજગત્‌ત્રય - પ્રકર્ષે પુર્યુંછે ત્રણ જગત જેણે તેથી.
પિંડિતેન - એકત્ર થયેલ.
કાન્તિપ્રતાપયશસાં - કાન્તિ, પ્રતાપ અને યશના.
સંચયેન - સમૂહ વડે.
માણિક્યહેમરજત - માણેક, સુવર્ણ અને રૂપાવડે.
પ્રવિનિર્મિતેન - પ્રકર્ષે નિર્માણ થયેલા.
સાલત્રયેણ - ત્રણ ગઢ વડે.
અભિતઃ - ચારે તરફ.
વિભાસિ - શોભો છો.
દિવ્યસ્રજઃ - મનોહર પુષ્પની માળાઓ.
નમત્ - નમસ્કાર કરનાર.
ત્રિદશાધિપાનાં - દેવેન્દ્રોના.
ઉત્સૃજ્ય - ત્યાગ કરીને.
રત્નરચિતાન્ - વૈડૂર્યરત્નના રચેલ.
મૌલિબંધાન્ - મુકુટોને.
પાદૌ - બે ચરણોને.
શ્રયંતિ - આશ્રય કરે છે.
પરત્ર - અન્ય સ્થળે.
ત્વત્સંગમે - તમારો સંગમ છતે.
સુમનસઃ - દેવતાઓ, પંડિતો.
રમંતે - રમે છે.
જન્મજલધેઃ - ભવસમુદ્ર થકી.
વિપરાઙ્‌મુખઃ - વિશેષ પરાઙ્‌મુખ થયા છતાં.
યત્ - જે કારણ માટે.
તારયસિ - તારો છો.
અસુમતઃ - પ્રાણીઓને.
નિજપૃષ્ઠલગ્નાન્ - પોતાની પીઠે વળગેલાને.

યુક્તં - યુક્ત છે.
પાર્થિવનિપસ્ય - વિશ્વના સ્વામી.
સતઃ - સુજ્ઞ.
ચિત્રં - આશ્ચર્ય.
અસિ - જો.
કર્મવિપાકશૂન્યઃ - કર્મના વિપાકથી રહિત.
વિશ્વેશ્વરઃ - ત્રણ જગતના ઈશ્વર.
જનપાલક ! - મનુષ્યનું પાલન કરનાર.
દુર્ગતઃ - દુઃખે કરીને જાણવા યોગ્ય.
અક્ષરપ્રકૃતિઃ - નિશ્ચળ સ્વભાવવાળા.
અલિપિઃ - કર્મરૂપ લેપ રહિત.
અજ્ઞાન્ - મૂર્ખજનોને.
અવતિ - બોધ કર્યે છતે.
સદૈવ - નિરંતર.
કથંચિત્ - કેવી રીતે.
જ્ઞાનં - જ્ઞાન.
ત્વયિ - તમારે વિષે.
સ્ફુરતિ - સ્ફુરેછે.
વિશ્વવિકાશહેતુઃ - ત્રણ જગતને પ્રકાશ કરવાના હેતુભૂત.

છત્રત્રય પ્રાતિહાર્ય

ઉદ્યોતિતેષુ ભવતા ભુવનેષુ નાથ !,
તારાન્વિતો વિધુરયં વિહતાધિકારઃ;
મુક્તા-કલાપ-કલિતો [1]ચ્છ્વસિતાતપત્ર-,
વ્યાજા-ત્ત્રિધા ધૃતતનુ-ર્ધ્રુવ-મભ્યુપેતઃ ૨૯.

અર્થ :- હે નાથ ! તમારા વડે ત્રણ ભુવન પ્રકાશિત થયે છતે તારામંડળ સહિત એવો આ ચંદ્રમા વિશેષે હણાયો છે અધિકાર (જગતને વિષે પ્રકાશવા રૂપ) જેને એવો છતો મોતીના સમૂહ વડે સહિત અને ઉલ્લસિત એવો ત્રણ છત્રના મિષથી ત્રણ પ્રકારે ધારણ કર્યું છે શરીર જેણે એવો તમારી પાસે સેવા કરવા આવેલો છે. અર્થાત્ જગતને તમે પ્રકાશિત કર્યું તેથી ચંદ્રમાને પ્રકાશ કરવાનો અધિકાર રહ્યો નહી, માટે ત્રણ છત્રના મિષથી તે તમારી સેવા કરવા આવ્યો હોય એમ જણાય છે. ૨૯.

---

૧. ઉચ્છ્વ=મોટા અને સિત=શ્વેત એમ બે પદ નીકળે છે.

સ્વેન પ્રપૂરિત-જગત્ત્રય-પિણ્ડિતેન,
કાન્તિ-પ્રતાપ-યશસામિવ સંચયેન;
[1]માણિક્ય-હેમ-રજત-પ્રવિનિર્મિતેન,
[2]સાલ-ત્રયેણ [3]ભગવન્નભિતો વિભાસિ. ૨૭.

અર્થ :- હે ભગવાન્ ! પ્રકર્ષે કરીને પૂર્યું છે, ત્રણ જગત જેણે તેથી એકત્ર થયેલા એવા પોતાના કાન્તિ, પ્રતાપ અને યશના સમૂહવડે કરીને જાણે હોય ? તેમ ચારે તરફ નીલરત્ન સુવર્ણ અને રૂપા વડે નિર્માણ થયેલા (રચાયેલા) એવા ત્રણ ગઢ વડે તમે વિશેષ શોભો છો, અર્થાત્ તમારા કાન્તિ, પ્રતાપ અને યશવડે ત્રણ જગત પુરાઈ ગયું તેથી બીજું સ્થાન ન હોવાથી તેઓ ત્રણ ગઢ રૂપે એકત્ર થઈને રહેલા છે. ૨૭.

દિવ્યસ્રજો જિન ! નમત્ત્રિદશાધિપાના-,
મુત્સૃજ્ય રત્નરચિતાનપિ મૌલિબંધાન્;
પાદૌ શ્રયન્તિ ભવતો યદિ વા પરત્ર,
ત્વત્સંગમે સુમનસો ન રમન્ત એવ. ૨૮.

---

૧. નીલરત્ન.

૨. નીલરત્ન, સુવર્ણ અને રૂપાના બનેલા ત્રણ ગઢ અનુક્રમે ભગવંતના સમવસરણને વિષે હોય છે. અહીં નીલરત્નના ગઢ તુલ્ય પ્રભુના શરીરની કાન્તિ (વર્ણ), સુવર્ણના ગઢ તુલ્ય (પીળો) પ્રતાપ અને રૂપાના ગઢ તુલ્ય ઉજ્જવળ યશ થયો.

૩. સૂર્ય, જ્ઞાન, માહાત્મ્ય, યશ, વૈરાગ્ય, મુક્તિ, રૂપ, વીર્ય, પ્રયત્ન, ઇચ્છા, ધર્મ, ઐશ્વર્ય, પરાક્રમ અને યોનિ એ ૧૪ અર્થમાં ભગ શબ્દ વપરાય છે, તેમાં યોનિ અને સૂર્ય એ બે અર્થવર્જિત ભગ શબ્દ અહીં ગ્રહણ કરવો; તે ભગ જેને હોય તે ભગવાન્ એટલે કે-જ્ઞાનવાન માહાત્મ્યવાન્ ઇત્યાદિ.

અર્થ :- હે જિનેશ્વર ! મનોહરપુષ્પની માળાઓ, નમસ્કાર કરનારા દેવેંદ્રોના વૈડુર્ય રત્નના રચેલા પણ મુકુટોનો ત્યાગ કરીને તમારા ચરણયુગલનો આશ્રય કરે છે અથવા તમારો સંગમ છતે પંડિતો (દેવતાઓ) અન્ય સ્થળે રમતા નથી જ. ૨૮.

ત્વં નાથ ! જન્મજલધે-ર્વિપરાઙ્મુખોऽપિ,
યત્તારયસ્યસુમતો[1] નિજ-પૃષ્ઠલગ્નાન્;
યુક્તં હિ [2]પાર્થિવ-નિપસ્ય સતસ્તવૈવ,
ચિત્રં વિભો યદસિ કર્મ-વિપાક-શૂન્યઃ ૨૯.

અર્થ :- હે નાથ ! તમે ભવસમુદ્રથકી વિશેષે પરાઙ્મુખ થયેલ છતાં પણ પોતાની પીઠે વળગેલા પ્રાણીઓ (જે જ્ઞાન-દર્શન-ચારિત્રાદિ માર્ગ વડે જિનેશ્વર મોક્ષે ગયા તે તે માર્ગને અનુસરવાવાળા) ને જે કારણ માટે તારો છો તે વિશ્વના સ્વામી અને સુજ્ઞ એવા તમોને જે નિશ્ચે યુક્ત છે. પરંતુ હે પ્રભુ, અહીં આશ્ચર્ય છે કે - જે કારણ માટે તમે કર્મના વિપાક (ફળ) રહિત છો. ૨૯.

વિરોધાલંકારગર્ભિત અચિન્ત્ય સ્વરૂપ

વિશ્વેશ્વરોऽપિ[3] જનપાલક ! [4]દુર્ગતસ્ત્વં,

---

૧. અસુ એટલે પ્રાણ, પ્રાણવાળો તે **અસુમત્** અર્થાત્ પ્રાણી.

૨. પાર્થિવનિપ એટલે માટીનો ઘડો એવો અર્થ પણ થાય છે તેથી માટીનો ઉંધો રાખેલો ઘડો જેમ પોતાની પીઠે વળગેલાને સમુદ્રથકી તારે છે તેમ તમે પણ તારો છો તે યુક્ત છે. પરંતુ માટીનો ઘટ કુંભારે કરેલ પચનાદિ ક્રિયાઓ યુક્ત છે અને તમે કર્મવિપાક રહિત છો એ અહીં આશ્ચર્ય છે.

૩. જનોનું પાલન કરે તે જનપાલક.

૪. હે જનોને પાળનારા ! કેશવડે દરિદ્રી-રહિત છો. અર્થાત્ દીક્ષા લીધા પછી કેશ વધતા નથી. આવાં પદો પણ નીકળે છે.

કિં વાડક્ષરપ્રકૃતિ-રપ્યલિપિસ્ત્વમીશ !;
અજ્ઞાનવત્યપિ સદૈવ કથંચિદેવ,
જ્ઞાનં ત્વયિ સ્ફુરતિ વિશ્વ-વિકાશ-હેતુઃ. ૩૦.

અર્થ :- હે જનપાલક ! તમે વિશ્વના ઈશ્વર છો પણ દુર્ગત (દરિદ્રી) છો. (આ વિરોધાલંકાર છે તેનો પરિહાર કરે છે કે) - તમે વિશ્વના ઈશ્વર છો તો પણ દુર્ગત એટલે દુઃખે કરીને જાણવા યોગ્ય છો. અથવા હે ઈશ્વર ! શું તમે અક્ષર (વર્ણ) સ્વભાવવાળા છો તો પણ બ્રાહ્મી આદિ લિપિ રહિત છો ? (આ વિરોધાલંકાર છે તેનો પરિહાર કરે છે કે) તમે નિશ્ચળ પ્રકૃતિવાળા (શાશ્વત અથવા મોક્ષરૂપ સ્વભાવવાળા) છતાં કર્મરૂપ લેપ રહિત છો. અજ્ઞાનવાન્ એવા પણ તમારે વિષે ત્રણ જગતને પ્રકાશ કરવાના હેતુભૂત એવું જ્ઞાન, નિશ્ચે કેવી રીતે નિરંતર સ્ફુરે છે ? (આ વિરોધાલંકાર છે તેનો પરિહાર કરે છે કે-) મૂર્ખજનોને બોધ કર્યે છતે ત્રણ જગતને પ્રકાશ કરવાના હેતુભૂત એવું જ્ઞાન નિરંતર તમારે વિષે સ્ફૂરે છે. ૩૦.

શબ્દાર્થ

પ્રાગ્ભાર - અત્યંતપણે.
સંભૃતનભાંસિ - વ્યાપ્ત કર્યું છે આકાશ જેણે એવી.
રજાંસિ - ધૂળો.
રોષાત્ - ક્રોધ વડે.
ઉત્થાપિતાની - ઉડાડી.
કમઠેન - કમઠાસુર.
શઠેન - મૂર્ખ.
યાનિ - જે.
છાયા - કાન્તિ, પડછાયો.
તૈઃ - તે વડે.
હતા - હણાઈ.
હતાશઃ - હણાઈ છે આશા જેની એવો.
ગ્રસ્ત - વ્યાપ્ત થયો.
તુ - વળી.
અમીભિઃ - આ વડે.
અયમેવ - એ જ.
પરં - પરંતુ.
દુરાત્મા - દુષ્ટાત્મા
ગર્જદ્ - ગર્જના કરતો.

ઊર્જિતઘનૌઘમ - પ્રબળ મેઘનો સમૂહ છે જેને વિષે એવું.
અદભ્રભીમં - ઘણું ભયંકર.
ભ્રશ્યત્તડિત્ - આકાશ થકી પડતી વીજળી છે જેને વિષે એવું.
મુસલમાંસલ - સાંબેલા જેવી પુષ્ટ (અને).
ઘોરધારં - બીહામણી છે ધારા જેને વિષે એવું.
દૈત્યેન - કમઠાસુરે.
મુક્તં - વરસાવ્યું.
અથ - હવે.
દુસ્તરવારિ - દુઃખે તરવા યોગ્ય પાણી.
દધ્રે - કરાયું.
દુસ્તરવારિકૃત્યં - ભુંડી તરવારનું કામ.
ધ્વસ્તોર્ધ્વકેશ - નીચે વિખરાયેલ ઉપરના કેશ હોવાથી.
વિકૃતાકૃતિ - વિરૂપ થયેલી આકૃતિ.
મર્ત્યમુંડ - મનુષ્યના માથાનાં.
પ્રાલંબભૃદ્ - ઝુમણાને ધારણ કરનાર.
ભયદવક્ત્ર - ભયંકર મુખ થકી.
વિનિર્યદગ્નિઃ - નીકળતો છે અગ્નિ જેને એવો.
પ્રેતવ્રજઃ - દૈત્યનો સમૂહ.
પ્રતિભવન્તમ્ - તમારા પ્રત્યે.
ઈરિતઃ - મુકેલો.
અસ્ય - એને.
પ્રતિભવં - ભવોભવને વિષે.
ભવદુઃખહેતુઃ - સંસારના દુઃખનું કારણ.
ભુવનાધિપ ! - હે ત્રણ ભુવનના સ્વામી !
ત્રિસંધ્યમ્ - ત્રણ કાળે.
આરાધયંતિ - આરાધન કરે છે.
વિધિવદ્ - વિધિપૂર્વક.
વિધુતાન્યકૃત્યાઃ - વિશેષ ટાળ્યાં છે અન્ય કાર્યો જેણે એવા.
ભક્ત્યા - ભક્તિ વડે.
ઉલ્લસત્પુલક - ઉલ્લાસ પામતા રોમાંચ વડે.
પક્ષ્મલદેહદેશાઃ - વ્યાપ્ત છે શરીર જેનાં એવા.
પાદદ્વયં - ચરણયુગલને.
ભુવિ - પૃથ્વીને.
જન્મભાજઃ - પ્રાણીઓ.
અસ્મિન્ - આ.
અપારભવવારિનિધૌ - અપાર ભવ સમુદ્રને વિષે.
શ્રવણગોચરતાં - શ્રવણ ગોચરપણાને.
ગતઃ - પ્રાપ્ત થયેલા.
આકર્ણિતે - શ્રવણ કરાયે છતે.
ગોત્રપવિત્રમંત્રે - નામરૂપ પવિત્ર મંત્ર.
વિપદ્વિષધરી - આપદારૂપી સાપણ.
સવિધં - સમીપ.
સમેતિ - આવે.

કમઠાસુરે કરેલ ઉપસર્ગો

પ્રાગ્ભાર-સંભૃત-નભાંસિ રજાંસિ રોષા-,
દુત્થાપિતાની[1] કમઠેન શઠેન યાનિ;
છાયાઽપિ તૈસ્તવ ન નાથ ! હતા હતાશો,
ગ્રસ્તસ્ત્વમીભિ-રયમેવ પરં દુરાત્મા. ૩૧.

અર્થ :- હે નાથ ! મૂર્ખ કમઠાસુરે ક્રોધ થકી, અત્યંતપણે વ્યાપ્ત કર્યું છે આકાશ જેણે એવી જે રજો (ધૂળો) તમારા તરફ ઉડાડી; તે રજોવડે તમારી છાયા (શરીરનો પડછાયો અથવા કાન્તિ) પણ ન હણાઈ, પરંતુ એ રજવડે હતાશ (હણાઈ છે આશા જેની એવો) અને દુષ્ટાત્મા એવો એ જ કમઠાસુર વ્યાપ્ત થયો, અર્થાત્ કર્મ રૂપ રજવડે વ્યાપ્ત થયો. ૩૧.

યદ્ગર્જદૂર્જિત-ઘનૌ-ઘમદભ્ર-ભીમં,
ભ્રશ્યત્તડિન્મુસલ-માંસલ-ઘોર-ધારમ્;
દૈત્યેન મુક્ત-મથ દુસ્તર-વારિ દધ્રે,
તેનૈવ તસ્ય જિન ! દુસ્તર-વારિ-કૃત્યમ્. ૩૨.

અર્થ :- હે જિનેશ્વર ! ગર્જના કરતો પ્રબળ મેઘનો સમૂહ છે જેને વિષે એવું, ઘણું ભયંકર, આકાશ થકી પડતી વીજળી છે જેને વિષે એવું અને સાંબેલા જેવી પુષ્ટ અને બીહામણી છે ધારા જેને વિષે એવું દુઃખે તરવા યોગ્ય (દુઃસહ્ય) પાણી જે કારણ માટે કમઠાસુરે (તમને ઉપસર્ગ કરવા) વરસાવ્યું, પછી તે જ પાણીવડે તે કમઠાસુરનું ભુંડી તરવારનું કામ કરાયું. અર્થાત્

---

૧. "ખાડો ખોદે તે પડે" એ કહેવત મુજબ જે અધમો જિનેશ્વરની અવજ્ઞા કરે છે તેને તે અવજ્ઞા પોતાના અનર્થને માટે થાય છે તે બાબત આ અને પછીના બે કાવ્યમાં વર્ણવેલ છે.

ખરાબ તરવાર તેને રાખનારનું છેદન-ભેદન કરે છે તેમ આ પાણી તેના વરસાવનાર કમઠને જ સંસારને વિષે છેદન-ભેદનરૂપ કાર્ય કરનારૂં થયું, મતલબ કે પ્રભુને ઉપસર્ગ કરવાથી તેનો સંસાર વધ્યો. ૩૨.

ધ્વસ્તોર્ધ્વ-કેશ-વિકૃતા-કૃતિ-મર્ત્ય-મુણ્ડ-,
પ્રાલમ્બભૃદ્ભયદ-વક્ત્ર-વિનિર્યદગ્નિઃ;
પ્રેતવ્રજઃ પ્રતિભવન્ત-મપીરિતો યઃ,
સોઽસ્યાભવત્પ્રતિભવં ભવ-દુઃખહેતુઃ. ૩૩.

અર્થ :- હે પ્રભુ ! નીચે વિખરાયેલા ઉપરના કેશ હોવાથી વિરૂપ થયેલી છે આકૃતિ જેની એવા મનુષ્યના માથાના ઝુમણા (લટકતા હારડા)ને ધારણ કરનાર, ભયંકર મુખ થકી નીકળતો છે અગ્નિ જેને એવો જે દૈત્યનો સમૂહ પણ તમારા પ્રત્યે (ઉપસર્ગ કરવા માટે) કમઠાસુરે મૂક્યો તે (દૈત્ય સમૂહ) એ (કમઠાસુર)ને ભવ-ભવને વિષે સંસારના દુઃખનું કારણ હોતો હવો. ૩૩.

ધન્યાસ્ત એવ ભુવનાધિપ ! યે ત્રિસંધ્ય-,
મારાધયન્તિ વિધિવદ્વિધુતાન્યકૃત્યાઃ,
ભક્ત્યોલ્લસત્પુલક-પક્ષ્મલ-દેહદેશાઃ,
પાદદ્વયં તવ વિભો ! ભુવિ જન્મભાજઃ. ૩૪.

અર્થ :- હે ત્રણ ભુવનના સ્વામિ ! હે પ્રભુ ! વિશેષે ટાળ્યા છે અન્ય કાર્યો જેણે એવા અને ભક્તિવડે ઉલ્લાસ પામતા રોમાંચ વડે વ્યાપ્ત છે શરીર જેનાં એવા જે પ્રાણીઓ પૃથ્વીને વિષે તમારા ચરણયુગલને વિધિપૂર્વક ત્રણે કાળે પૂજે છે, તેઓ જ ધન્ય (પ્રશંસનીય) છે. ૩૪.

ગ્રંથકારે આઠ કાવ્યવડે કરેલી વિજ્ઞપ્તિ

અસ્મિન્નપાર-ભવ-વારિનિધૌ મુનીશ !,
મન્યે ન મે શ્રવણગોચરતાં ગતોऽસિ;
આકર્ણિતે તુ તવ ગોત્ર-પવિત્ર-મન્ત્રે,
કિં વા વિપદ્વિષધરી સવિધં સમેતિ. ૩૫.

અર્થ :- હે મુનીન્દ્ર ! હું એમ માનું છું કે - આ અપાર ભવસમુદ્રને વિષે તમે મારા શ્રવણગોચરપણાને પ્રાપ્ત થયેલા નથી. કેમકે તમારા નામરૂપ પવિત્ર મંત્ર શ્રવણ કરાયે છતે પણ આપદારૂપી સર્પિણી શું સમીપ આવે ? અર્થાત્ તમારું નામ સાંભળવાથી આપદાઓ આવે જ નહિ, પરંતુ મને આપત્તિઓ આવે છે; જેથી હું માનું છું કે પૂર્વભવમાં મેં તમારું નામ સાંભળ્યું જણાતું નથી. ૩૫

શબ્દાર્થ

જન્માંતરે - અન્ય ભવમાં.
પાદયુગં - ચરણ યુગલ.
મયા - મેં.
મહિતમ્ - પૂજ્યું.
ઈહિતદાનદક્ષં - વાંછિત આપવામાં ચતુર.
ઇહ જન્મનિ - આ જન્મમાં.
પરાભવનાં - પરાભવોનું.
જાતઃ - થયો.
નિકેતનં - સ્થાનક
મથિતાશયાનાં - મથન કર્યો છે ચિત્તનો આશય જેણે એવા.
મોહતિમિર - મોહરૂપ અંધારાવડે.
આવૃતલોચનેન - ઢંકાયાં છે નેત્ર જેનાં એવો હું, તેના વડે.
પૂર્વં - અગાઉ.
સકૃદ્ - એકવાર.
પ્રવિલોકિતઃ - જોવાયેલા.
મર્માવિધઃ - મર્મસ્થાનને ભેદનાર.
વિધુરયંતિ - પીડે છે.
માં - મને.
અનર્થાઃ - અનર્થો.
પ્રોદ્યત્ - પ્રકર્ષે કરીને ઉદય આવેલી.

પ્રબંધગતયઃ - કર્મબંધનની પ્રવૃત્તિ જેને વિષે છે એવા.
અન્યથા - નહિતર.
એતે - આ.
આકર્ણિતઃ - સાંભળ્યા.
નિરીક્ષિતઃ - દીઠા - જોયા.
ચેતસિ - ચિત્તને વિષે.
વિધૃતઃ - ધારણ કરેલા.
અસ્મિ - છું.
તેન - તે કારણ માટે.
જનબાંધવ ! - હે જનહિતકારી !
દુઃખપાત્રં - દુઃખનું ભાજન.
યસ્માત્ - જે કારણ માટે.
ક્રિયાઃ - ક્રિયાઓ.
પ્રતિફલંતિ - ફળ આપે છે.
ભાવશૂન્યાઃ - ભાવ રહિત
દુઃખિજનવત્સલ ! - દુઃખીજનો ઉપર કરુણાવાળું.
શરણ્ય ! - શરણ કરવા યોગ્ય.
કારૂણ્ય - કરુણાપણાના.
પુણ્યવસતે ! - પવિત્ર સ્થાન.
વશિનાં - જિતેન્દ્રિયોને વિષે.
વરેણ્ય - શ્રેષ્ઠ.
નતે - નમેલા.
મયિ - મારા ઉપર.
મહેશ ! - હે મોટા ઈશ્વર.
દયાં - કૃપા, મહેરબાની.
વિધાય - કરીને.
દુખાંકુર - દુઃખની ઉત્પત્તિના કારણ.
ઉદ્દલનતત્પરતાં - ખંડનને વિષે તત્પરપણું.
વિધેહિ - કરો.
નિઃસંખ્યસારશરણં - અસંખ્ય બળનું ઘર.
શરણં - શરણને.
શરણ્ય - શરણ કરવા યોગ્ય.
આસાદ્ય - પ્રાપ્ત કરીને.
સાદિતરિપુઃ - નાશ કર્યા છે શત્રુ જેણે અને.
પ્રથિતાવદાતં - પ્રસિદ્ધ છે પ્રભાવ જેનો એવા.
પાદપંકજ - ચરણકમળને.
પ્રણિધાનવંધ્યઃ - ધ્યાન વડે રહિત.
વધ્યઃ - હણવા યોગ્ય.
યેદ્ - જો.
ભુવનપાવન ! - ત્રણ ભુવનને પવિત્ર કરનારા.
હા - ખેદે.
હતઃ - દુર્દૈવ વડે હણાયેલો છું.

જન્માન્તરેડપિ તવ પાદયુગં ન દેવ !,
મન્યે મયા મહિત-મીહિત-દાનદક્ષમ્;

તેનેહ જન્મનિ મુનીશ ! પરા-ભવાનાં,

જાતો નિકેતન-મહં મથિતા-શયાનામ્. ૩૬.

અર્થ :- હે દેવ ! હું માનું છું કે-જન્માંતરને વિષે પણ મેં વાંછિતને આપવામાં ચતુર એવું તમારું ચરણયુગલ પૂજ્યું નથી, તે કારણથી જ હે મુનીશ ! આ જન્મમાં હું મથન કર્યો છે ચિત્તનો આશય જેણે એવા પરાભવોનું સ્થાન થયો છું. અર્થાત્ તમારા ચરણયુગલને પૂજનાર પરાભવનું સ્થાન થતો જ નથી. ૩૬.

નૂનં ન મોહ-તિમિરા-વૃત-લોચનેન,

પૂર્વં વિભો ! સકૃદપિ પ્રવિલોકિતોઽસિ;

મર્માવિધો વિધુરયન્તિ હિ મા-મનર્થાઃ,

પ્રોદ્યત્પ્રબન્ધ-ગતયઃ કથ-મન્યથૈતે. ૩૭.

અર્થ :- હે પ્રભુ ! મોહરૂપ અજ્ઞાનાંધકારવડે આચ્છાદન થયાં છે નેત્રો જેનાં એવા મારા વડે તમે નિશ્ચે પ્રથમ એક વાર પણ જોવાયેલા નથી. નહિતર (તમને જોયા હોત તો) મર્મસ્થાનને ભેદનારા અને પ્રકર્ષે ઉદય આવેલી કર્મબંધની પ્રવૃત્તિ છે જેને વિષે એવા આ દુઃખો મુજને કેમ પીડે ? અર્થાત્ પ્રભુનું દર્શન કરનારને કષ્ટ પ્રાપ્ત થતું નથી. ૩૭.

આકર્ણિતોઽપિ મહિતોઽપિ નિરીક્ષિતોઽપિ,

નૂનં ન ચેતસિ મયા વિધૃતોઽસિ ભક્ત્યા;

જાતોઽસ્મિ તેન જનબાંધવ ! દુઃખપાત્રં,

યસ્માત્ ક્રિયાઃ પ્રતિફલન્તિ ન ભાવશૂન્યાઃ. ૩૮.

અર્થ :- હે જનહિતકારી ! તમોને (કોઈ પણ ભવને વિષે) સાંભળ્યા પણ છે, પૂજ્યા પણ છે અને દીઠા પણ છે; પરંતુ ભક્તિવડે કરીને ચિત્તને વિષે નિશ્ચે ધારણ કરેલા નથી; તે કારણ

માટે જ હું દુઃખનું ભાજન (સ્થાન) થયેલો છું. જે કારણ માટે ભાવ રહિત ક્રિયાઓ (શ્રવણ, પૂજન, દર્શનાદિ) વિશિષ્ટ ફળ આપતી નથી. ૩૮.

ત્વં નાથ ! દુઃખિજ-નવત્સલ ! હે શરણ્ય !,
કારુણ્ય-પુણ્ય-વસતે ! વશિનાં વરેણ્ય !;
ભક્ત્યા નતે મયિ મહેશ ! દયાં વિધાય,
દુઃખાઙ્કુરોદ્દલન-તત્પરતાં વિધેહિ. ૩૯.

અર્થ :- હે નાથ ! દુઃખીજનો ઉપર કરુણાળુ ! હે શરણ કરવા યોગ્ય ! હે કરુણાપણાના પવિત્રસ્થાન ! (અથવા દયા અને ધર્મના સ્થાન !) હે જિતેન્દ્રિયોને વિષે શ્રેષ્ઠ ! હે મ્હોટા ઈશ્વર ! તમે ભક્તિવડે નમેલા મ્હારા ઉપર દયા કરીને દુઃખની ઉત્પત્તિના કારણના ખંડનને વિષે તત્પરતા કરો. અર્થાત્ મ્હારાં દુઃખો ઉતાવળે નાશ કરો. ૩૯.

નિઃસંખ્ય-સાર-શરણં શરણં શરણ્ય-,
માસાદ્ય સાદિત-રિપુઽપ્રથિતાઽવદાતમ્;
ત્વત્પાદ-પઙ્કજમપિપ્રણિધાન-વંધ્યો[૧],
વધ્યોઽસ્મિ ચેદ્ ભુવનપાવન ! હા હતોઽસ્મિ. ૪૦.

અર્થ :- હે ત્રણ ભુવનને પવિત્ર કરનારા ! અસંખ્ય બળના ઘર, શરણ કરવા યોગ્ય, નાશ કર્યા છે શત્રુ જેણે એવા અને પ્રસિદ્ધ છે પ્રભાવ જેનો એવા તમારા ચરણકમળના પણ શરણને પામીને જો હું ધ્યાનવડે રહિત છું તો (રાગાદિ શત્રુવડે) હણવા યોગ્ય છું હા ઈતિ ખેદે હું (દુર્દૈવવડે) હણાયેલો છું. ૪૦.

---

૧. प्रणिधानबंधो ! वन्ध्योऽस्मि એ પ્રકારે પાઠાંતર છે. ત્યાં આ પ્રમાણે અર્થ લેવો - હે મિત્ર ! તમારા ચરણનું શરણ પામીને પણ જો હું નિષ્ફળ છું, તો હે ભુવનપાવન ! ખેદ થાય છે કે હું દુર્દૈવવડે હણાયેલો છું.

શબ્દાર્થ

દેવેંદ્રવંદ્ય ! - દેવેન્દ્રોવડે વંદન કરવા યોગ્ય
વિદિત - જાણ્યો છે.
અખિલવસ્તુસાર ! - સમસ્ત વસ્તુનું રહસ્ય જેણે એવા.
સંસારતારક ! - સંસાર સમુદ્રથકી તારનારા.
ભુવનાધિનાથ - ત્રણ ભુવનના નાથ.
ત્રાયસ્વ - રક્ષણ કરો.
કરુણાહ્રદ - કરુણાના દ્રહ.
પુનીહિ - પવિત્ર કરો.
સીદંતં - સીદાતા.
અદ્ય - હમણાં.
ભયદ - ભયંકર.
વ્યસનામ્બુરાશેઃ - સંકટના સમુદ્ર થકી.
યદિ - જો.
ભવદંઘ્રિ - તમારા ચરણરૂપ.
સરોરુહાણાં - કમળોની.
ભક્તેઃ - ભક્તિનું.
કિમપિ - કાંઈ પણ.
સંતતિસંચિતાયાઃ - પરંપરાના સંચયને કરવાવાળી.
એકશરણસ્ય - એક શરણ છે જેને એવા.
શરણ્ય - શરણ કરવા યોગ્ય.
ભૂયાઃ - થાઓ.
સ્વામી - સ્વામી.
ભુવને - લોકમાં.
અત્ર - આ.
ભવાન્તરે - જન્માંતરમાં.
ઈત્થં - એ પ્રકારે.
સમાહિતધિયઃ - સમાધિવાળી છે બુદ્ધિ જેમની એવા.
વિધિવત્ - વિધિપૂર્વક.
સાંદ્રોલ્લસત્ - અત્યંત ઉલ્લાસ પામતા.
પુલકકંચુકિત - રોમાંચ વડે કંચુકિત છે.
અંગભાગાઃ - શરીરના ભાગો જેના એવા.
બિંબનિર્મલ - બિંબના નિર્મળ.
મુખાંબુજ - મુખકમળને વિષે.
બદ્ધલક્ષ્યાઃ - બાંધ્યું છે લક્ષ્ય જેણે એવા.
યે - જે.
સંસ્તવં - સ્તોત્રને.
રચયંતિ - રચે છે.
ભવ્યાઃ - ભવ્યજનો.
જનનયન - મનુષ્યના નેત્રરૂપ.
કુમુદચંદ્ર - ચન્દ્રવિકાશી કમળને ચંદ્રતુલ્ય.
પ્રભાસ્વરા - પ્રકર્ષે દેદીપ્યમાન.
સ્વર્ગસંપદઃ - સ્વર્ગની લક્ષ્મીને.
ભુક્ત્વા - ભોગવીને.
તે - તેઓ.

વિગલિત - વિશેષે ગળી ગયા છે.	અચિરાત્ - તત્કાળ.
મલનિચયાઃ - કર્મમલના સમુહ જેના એવા.	મોક્ષં - મોક્ષને.
	પ્રપદ્યન્તે - પ્રાપ્ત કરે છે.

દેવેન્દ્રવંદ્ય ! વિદિતાઽખિલ-વસ્તુસાર !,
સંસાર-તારક ! વિભો ! ભુવનાધિનાથ !;
ત્રાયસ્વ દેવ ! કરુણા-હ્રદ ! માં પુનીહિ[1],
સીદન્ત-મદ્ય ભયદ-વ્યસનામ્બુરાશેઃ. ૪૧.

અર્થ :- હે દેવેન્દ્રો વડે વંદન કરવા યોગ્ય ! હે જાણ્યું છે સમસ્ત વસ્તુનું રહસ્ય (પરમાર્થ) જેણે એવા ! હે સંસારસમુદ્રથકી તારનાર ! હે વિભુ ! હે ત્રણ ભુવનના નાથ ! હે દેવ ! હે કરુણાના દ્રહ (દયાસમુદ્ર) ! સીદાતા (વિષાદ પામતા) એવા મને ભયને આપનાર એવા સંકટના સમુદ્રથકી હમણાં રક્ષણ કરો અને (પાપનો નાશ કરીને) પવિત્ર કરો. ૪૧.

યદ્યસ્તિ નાથ ! ભવદંઘ્રિ-સરોરુહાણાં,
ભક્તેઃ ફલં કિમપિ [2]સન્તતિ-સંચિતાયાઃ;
તન્મે ત્વદેક-શરણસ્ય શરણ્ય ભૂયાઃ,
સ્વામી ત્વમેવ ભુવનેઽત્ર ભવાન્તરેઽપિ. ૪૨.

અર્થ :- હે નાથ ! પરંપરાના સંચયને કરવાવાળી એવી તમારા ચરણકમળની ભક્તિનું જો કંઈપણ ફળ હોય તો હે શરણ કરવા યોગ્ય ! તમારૂં એક શરણ છે જેને એવા (તમારે જ શરણે આવેલા) મને આ લોકને વિષે અને જન્માંતરને વિષે

૧. પ્રસદ્ય પ્રસાદ કરીને પ્રસીદ પ્રસાદ કરો, એવા બે પાઠાન્તરો પણ છે.
૨. સંતતસંચિતાયાઃ એવો પાઠ હોય ત્યાં આ પ્રમાણે અર્થ લેવો-નિરંતર કરવા વડે વૃદ્ધિ પામેલી.

પણ તમેજ સ્વામી થાઓ. અર્થાત્ તમારી ભક્તિનું કાંઈ ફળ મળતું હોય તો હું એટલું માંગું છું કે ભવ-ભવને વિષે તમે મારા સ્વામી થાઓ. ૪૨.

ઈત્થં સમાહિત-ધિયો વિધિવજ્જિનેન્દ્ર !,
સાન્દ્રોલ્લસત્પુલક-કંચુકિતાઙ્ગ-ભાગાઃ;
ત્વદ્‌બિમ્બ-નિર્મલ-મુખામ્બુજ-બદ્ધલક્ષ્યા,
યે સંસ્તવં તવ વિભો ! રચયન્તિ ભવ્યાઃ ૪૩.
જનનયન-કુમુદચન્દ્ર[1] !,
પ્રભાસ્વરાઃ સ્વર્ગસંપદો ભુક્ત્વા;
તે વિગલિત-મલ-નિચયા,
અચિરાન્મોક્ષં પ્રપદ્યન્તે. (યુગ્મમ્) ૪૪.

અર્થ :- હે જિનેન્દ્ર ! હે પ્રભુ ! હે મનુષ્યના નેત્રરૂપ ચંદ્ર વિકાશી કમળને ચંદ્રમા તુલ્ય ! સમાધિવાળી (ધ્યાનવાળી સ્થિર) બુદ્ધિ છે જેમની એવા, અત્યંત ઉલ્લાસ પામતા રોમાંચવડે કંચુકિત છે શરીરના ભાગો જેના એવા તમારા બિંબના નિર્મળ મુખકમળને વિષે બાંધ્યું છે લક્ષ્ય જેણે એવા અને વિશેષે ગળી ગયો છે કર્મમળનો સમૂહ જેનો એવા છતા જે ભવ્ય પ્રાણીઓ એ પૂર્વોક્ત પ્રકારે વિધિપૂર્વક તમારા સ્તોત્રને રચે છે (કરે છે) તેઓ પ્રકર્ષે દેદીપ્યમાન સ્વર્ગ લક્ષ્મીને ભોગવીને તત્કાળ (દેવ થઈને મનુષ્યભવ પામીને) મોક્ષને પ્રાપ્ત કરે છે. ૪૩-૪૪.

ઈતિ *શ્રીકલ્યાણમંદિરં સંપૂર્ણમ્.

---

૧. અહીં કવિએ પોતાનું દીક્ષા અવસરે ગુરૂએ આપેલું "કુમુદચંદ્ર" નામ સૂચવ્યું છે.

* આ સ્તોત્રમાં દરેક ગાથામાં મંત્રો છે તે ગુરૂગમથી જાણી લેવા.

૪૦૧

*મ્હોટી શાન્તિ

શબ્દાર્થ

ભો ભો ભવ્યાઃ - હે ભવ્ય લોકો.	**આર્હતાઃ** - હે શ્રાવકો !
શૃણુત - સાંભળો.	**ભક્તિભાજઃ** - ભક્તિવડે યુક્ત (છે)
વચનં - વચનને.	**તેષાં** - તેઓને.
પ્રસ્તુતં - અવસર ઉચિત.	**શાન્તિ** - શાન્તિ.
સર્વં - સર્વ.	**ભવતુ** - થાઓ.
એતદ્ - આ.	**ભવતાં** - તમોને.
યે - જેઓ.	**અર્હદાદિ** - અરિહંતાદિ પંચપરમેષ્ઠીના.
યાત્રાયાં - યાત્રાને વિષે.	**પ્રભાવાત્** - માહાત્મ્ય થકી.
ત્રિભુવનગુરોઃ - ત્રિભુવન ગુરુની.	

* આ મ્હોટી શાન્તિના કર્તાએ ગ્રંથને અંતે પોતાનું નામ જણાવ્યું નથી તો પણ **અહં તિત્થયરમાયા સિવાદેવીએ.** ગાથાની ટીકા લખતાં ટીકાકાર **શ્રી હર્ષકીર્તિસૂરિ** લખે છે-શ્રી નેમિનાથની માતા શિવાદેવી કહે છે કે હું તીર્થંકરની માતા શિવાદેવી નામની તમારા નગરને વિષે રહેનારી છું, ઇત્યાદિ, તે ઉપરથી શિવાદેવી માતાએ દેવીપણાની અવસ્થામાં આ શાન્તિ રચી છે, એમ નિર્ણય થાય છે. તીર્થંકરનો જન્મ થાય ત્યારે ચોસઠ ઇન્દ્રો પ્રભુના જન્મસ્થાને આવે અને જે દિશાના ક્ષેત્રમાં જન્મ થયો હોય તે દિશાના નાયક ઇન્દ્ર (સૌધર્મ અથવા ઇશાન) સર્વને અવસ્વાપિની નિદ્રા મૂકી ભગવંતનું પ્રતિબિંબ ભગવંતની માતા આગળ સ્થાપીને પોતે પાંચ રૂપ કરી પ્રભુને ગ્રહણ કરી મેરૂપર્વત ઉપર પાંડુક વનમાં આવેલી શિલાના સિંહાસનને વિષે પ્રભુને સ્થાપીને ઉત્તમ ઔષધિ મિશ્રિત જળના મોટા એક ક્રોડ અને સાઠ લાખ કળશોવડે પ્રભુને ન્હવરાવે છે અને ઉત્તમ દ્રવ્યવડે પૂજે છે અને પછી સર્વને શાન્તિ થાય તે માટે શાન્તિપાઠ ભણે છે. એ પ્રકારે ઇન્દ્રાદિક દેવો પ્રભુની જે પ્રકારે ભક્તિ કરે છે તેનું અનુકરણ કરવાના બહાને આપણે પણ (સ્નાત્રમહોત્સવાદિ દ્વારા) પ્રભુભક્તિ અવશ્ય કરવી જોઈએ, તે કેવી રીતે કરવી ? એ વગેરે હકીકત આ સ્તવને વિષે આવે છે.

આરોગ્યશ્રી - આરોગ્યતા, લક્ષ્મી.
ધૃતિમતિકરી - સંતોષ અને વિશિષ્ટ બુદ્ધિ કરનારી.
ક્લેશવિધ્વંસહેતુઃ - રાગદ્વેષાદિના નાશના કારણભૂત.
ઇહ - અહીં.
હિ - જે કારણ માટે
ભરતૈરાવત - ભરતક્ષેત્ર ઐરાવતક્ષેત્ર, (અને)
વિદેહસંભવાનાં - મહાવિદેહક્ષેત્રને વિષે ઉત્પન્ન થયેલા.
સમસ્તતીર્થકૃતાં - સમગ્ર તીર્થંકરોના.
જન્મનિ - જન્મ સમયે.
આસનપ્રકમ્પાનંતર - આસન ચલાયમાન થયા પછી.
અવધિના - અવધિજ્ઞાન વડે.
વિજ્ઞાય - જાણીને.
સૌધર્માધિપતિઃ - સૌધર્મેન્દ્ર.
સુઘોષાઘંટા - સુઘોષા નામની ઘંટાને.
ચાલનાનંતરં - વગડાવ્યા પછી.
સકલ - બધા.
સુરાસુરેન્દ્રૈઃ - સુર, અસુર અને ઇન્દ્રોની.
સહ - સાથે.
સમાગત્ય - રૂડા પ્રકારે આવીને.
સવિનયં - પરમ વિનય સહિત.
અર્હદ્ભટ્ટારકં - અરિહંતભટ્ટારકને.
ગૃહીત્વા - ગ્રહણ કરીને.
ગત્વા - જઈને.
કનકાદ્રિશૃઙ્ગે - મેરૂ પર્વતના શિખર ઉપર.
વિહિતજન્માભિષેકઃ - કર્યો છે જન્મ સ્નાત્ર મહોત્સવ જેણે એવો.
શાન્તિં - શાન્તિને.
ઉદ્ઘોષયતિ - મ્હોટાશબ્દે ભણે છે.
યથા - જેમ.
તતઃ - તેથી.
અહં - હું.
કૃતાનુકારં - કરેલનું અનુકરણ થાય.
ઇતિકૃત્વા - એમ કરીને.
મહાજનો - ઇન્દ્રાદિ દેવસમૂહ.
યેન - જે માર્ગે.
ગતઃ - ગયો.
સપંથાઃ - તે જ રસ્તો પ્રમાણ.
ઇતિ - એ કારણથી.
ભવ્યજનૈઃ સહ - ભવ્ય પ્રાણીઓ સાથે.
સમેત્ય - આવીને.
સ્નાત્રપીઠે - સ્નાત્ર પીઠિકા ઉપર.
સ્નાત્રંવિધાય - સ્નાત્ર કરીને.
ઉદ્ઘોષયામિ - ઉદ્ઘોષણા કરું છું.
તત્ - તે.
પૂજાયાત્રાસ્નાત્રાદિ - પૂજા, યાત્રા અને સ્નાત્ર વગેરે.

મહોત્સવાનંતરં - મહોત્સવ કર્યા પછી.
કર્ણ - કાન.
દત્ત્વા - દઈને.
નિશમ્યતાં - સાંભળો.
સ્વાહા - સ્વાહા.

ભો ભો [1]ભવ્યાઃ ! શૃણુત વચનં પ્રસ્તુતં સર્વમેતદ્,
યે યાત્રાયાં ત્રિભુવન-ગુરો-રાર્હતા[2] ભક્તિભાજઃ;
તેષાં શાન્તિર્ભવતુ ભવતા-મર્હદાદિપ્રભાવા,-
દારોગ્યશ્રીધૃતિ-મતિકરી ક્લેશ[3]વિધ્વંસહેતુઃ[4]. ૧.

અર્થ :- તીર્થંકરદેવનું સ્નાત્ર કરનાર શ્રાવકોમાંથી વિશિષ્ટ ગુણવાન્ શ્રાવક હોય તે ઉભો થઈને નીચે પ્રમાણે કહે છે-અહો ! આર્હત શાસનમાં રક્ત એવા ભવ્ય લોકો ! આ અવસર ઉચિત સર્વ વચન તમે સાંભળો. જે (તમો) ત્રણ ભુવનના ગુરુ (વીતરાગ)ની યાત્રા (જન્મ-મહોત્સવ)ને વિષે ભક્તિવડે યુક્ત છો તે તમોને અરિહંતાદિ પંચપરમેષ્ઠીના માહાત્મ્ય (પ્રસાદ) થકી આરોગ્યતા, લક્ષ્મી, સંતોષ અને વિશિષ્ટ બુદ્ધિને કરનારી તથા રાગ-દ્વેષાદિના નાશના કારણભૂત એવી (દુઃખ, પાપ અને ઉપસર્ગના ઉપશમરૂપ અથવા કલ્યાણરૂપ) શાન્તિ થાઓ. ૧.

ભો ! ભો ! ભવ્યલોકાઃ ! ઇહ હિ ભરતૈરાવત-વિદેહસંભવાનાં સમસ્તતીર્થ-કૃતાં જન્મન્યાસન-પ્રકમ્પાનન્તર-મવધિના વિજ્ઞાય, સૌધર્માધિપતિઃ સુઘોષાઘણ્ટા-ચાલનાનન્તરં સકલ-સુરાસુરેન્દ્રૈઃ સહ

---

૧. મુક્તિ ગમન યોગ્ય જીવો. ૨. અર્હત્ (વીતરાગ) છે દેવ જેના તે, એટલે અરિહંત દેવના ભક્તો. ૩. અવિદ્યાથી ઉત્પન્ન થયેલા કદાગ્રહ અથવા રાગદ્વેષાદિ કષાય. ૪. નપુંસકલિંગ અથવા સ્ત્રીલિંગ હોય તો પણ હેતુ શબ્દ પુલિંગમાં જ વપરાય છે.

સમાગત્ય, સવિનયમર્હદ્‌ભટ્ટારકં ગૃહિત્વા ગત્વા કનકાદ્રિ-શૃઙ્ગે, વિહિત-જન્માભિષેકઃ શાન્તિ-મુદ્‌ઘોષયતિ યથા, તતોઽહં કૃતાનુકાર-મિતિ કૃત્વા, મહાજનો યેન ગતઃ સ પન્થાઃ, ઈતિ ભવ્યજનૈઃ સહ સમેત્ય. સ્નાત્રપીઠે સ્નાત્રં વિધાય, શાન્તિ-મુદ્‌ઘોષયામિ, તત્પૂજા-યાત્રા-સ્નાત્રાદિ-મહોત્સવા-નન્તર-મિતિ કૃત્વા કર્ણંદત્વા નિશમ્યતાં [1]નિશમ્યતાં સ્વાહા[2]. ૨.

અર્થ :- હે ભવ્ય પ્રાણીઓ ! જે કારણ માટે અહીં (આ જગતમાં) ભરત, ઐરાવત અને મહાવિદેહ ક્ષેત્રને વિષે ઉત્પન્ન થયેલા સમગ્ર તીર્થંકરોના જન્મ સમયે સૌધર્મ દેવલોકનો ઈન્દ્ર, પોતાનું આસન ચલાયમાન થયા પછી અવધિજ્ઞાને (જિન-જન્મને) જાણીને સુઘોષા નામની ઘંટાને વગડાવ્યા પછી સર્વ સુર (વૈમાનિક દેવ,) અસુર (ભવનપત્યાદિ દેવ) અને તેના ઈન્દ્રોની સાથે (જિન-જન્મસ્થાને) આવીને પરમ વિનય સહિત અર્હદ્‌રૂપ ભટ્ટારક (પૂજ્ય)ને કરસંપુટમાં ગ્રહણ કરીને મેરુ પર્વતના શિખર ઉપર જઈને કર્યો છે જિનજન્મમહોત્સવ જેણે એવો તે સ્નાત્ર મહોત્સવને અંતે શાન્તિની ઉદ્‌ઘોષણા કરે છે (વેદધ્વનિની જેમ મોટા શબ્દે બોલે છેઃ) તે કારણ માટે હું પણ કરેલનું અનુકરણ જેમ થાય તેમ કરીને (વિચારીને) વળી મહાન્ જન (ઈન્દ્રાદિદેવ સમૂહ) જે માર્ગે ગયો (પ્રવર્ત્યો) તે જ માર્ગ પ્રમાણ (અર્થાત્

૧. અહીં અત્યંત આદર જણાવવા માટે આ શબ્દ બે વખત વાપર્યો છે.
૨. સુષ્ઠુ આહા-સ્વાહા સારી રીતે કહેવું તે સ્વાહા. આ પદ દેવોને બલિદાન આપતાં અને મંત્રપદને અંતે બોલાય છે.

ઇન્દ્રાદિ દેવોએ જેમ કર્યું તેમ આપણે પણ કરવું), એ કારણથી ભવ્ય પ્રાણીઓ સાથે (જિનાલયે) રૂડે પ્રકારે આવીને સ્નાત્રપીઠિકા ઉપર જિનસ્નાત્ર કરીને હું મ્હોટા શબ્દે જે શાન્તિ પાઠ કરું છું તે પૂજા,યાત્રા અને સ્નાત્ર વગેરે મહોત્સવ કર્યા પછી - એ પ્રકારે કરીને કાન દઈને (સાંભળવા માટે કાનને સાવધાન કરીને) તમે સાંભળો. સ્વાહા - ૨.

શબ્દાર્થ

પુણ્યાહં - ઉત્તમ દિવસ છે.
પ્રિયંતામ્ - સંતુષ્ટ થાઓ.
ભગવંતઃ - ઐશ્વર્યાદિ યુક્ત.
અર્હંતઃ - તીર્થંકરો.
સર્વજ્ઞાઃ - સર્વને જાણનારા.
સર્વદર્શિનઃ - સર્વને જોનારા.
ત્રિલોકનાથાઃ - ત્રણલોકના નાથ.
ત્રિલોકમહિતાઃ - ત્રણ લોક વડે પૂજાયેલા.
ત્રિલોકપૂજ્યા - ત્રણલોકના પૂજ્ય.
ત્રિલોકેશ્વરાઃ - ત્રણ લોકના ઈશ્વર.
ત્રિલોકોદ્યોતકરાઃ - ત્રણ લોકને પ્રકાશ કરનારા.
વર્ધમાનાંતાઃ - મહાવીરસ્વામી પર્યંત.
શાન્તાઃ - ઉપશાંત થયેલા.
શાન્તિકરાઃ - શાન્તિને કરનાર.
ભવંતુ - થાઓ.
મુનયઃ - મુનિઓ.
મુનિપ્રવરાઃ - મુનિશ્રેષ્ઠ.
રિપુવિજય - શત્રુએ કરેલ પરાભવ
દુર્ભિક્ષકાંતારેષુ - દુષ્કાળને અંતે મહા અટવીને વિષે.
દુર્ગમાર્ગેષુ - વિકટ માર્ગોને વિષે.
રક્ષંતુ - રક્ષણ કરો.
વઃ - તમારૂં.
નિત્યં - નિરંતર.
ૐ હ્રીં શ્રીં - મંત્રબીજ છે.
ધૃતિમતિકીર્તિ - સંતોષ, મતિ, યશ.
કાન્તિબુદ્ધિલક્ષ્મી - શોભા, બુદ્ધિ, સંપત્તિ.
મેધાવિદ્યાસાધન - ધારણ કરવાની બુદ્ધિ, વિદ્યાનું સાધન.
પ્રવેશ - નગરાદિ પ્રવેશ (અને)
નિવેશનેષુ - નિવાસસ્થાનોને વિષે.
સુગૃહીતનામાનઃ - રૂડે પ્રકારે ગ્રહણ કરાયાં છે નામો જેનાં એવા.
જયંતુ - જયવંતા વર્તો.
તે જિનેંદ્રાઃ - તે જિનેશ્વરો.

સર્વાસ્ત્રામહાજ્વાલા - સર્વ અસ્ત્રવાળી મહાજ્વાલા.
ષોડશ - સોળ.
વિદ્યાદેવ્યઃ - વિદ્યાદેવીઓ.
રક્ષંતુ - રક્ષણ કરો.
આચાર્યોપાધ્યાયપ્રભૃતિ - આચાર્ય, ઉપાધ્યાય વગેરે.
ચાતુર્વર્ણસ્ય - ચાર પ્રકારો છે જેને વિષે એવા.
શ્રીશ્રમણસંઘસ્ય - શ્રી મહાવીર પ્રભુના સંઘને.
ભવતુ - થાઓ.
તુષ્ટિ - સંતોષ.
પુષ્ટિ - ધર્મની પુષ્ટી.
ગ્રહાઃ - નવગ્રહો.
અંગારક - મંગળ.
સહિતાઃ - સહિત.
સલોકપાલાઃ - લોકપાળ દેવોએ સહિત.
વાસવ - ઈન્દ્ર.
આદિત્ય - બાર પ્રકારના સૂર્ય.
સ્કંદ - કાર્તિકેય.
વિનાયકોપેતાઃ - ગણેશ સહિત.
યે - જે.
અન્યેડપિ - બીજા પણ.
ગ્રામનગરક્ષેત્રદેવતાદયઃ - ગામ, નગર અને ક્ષેત્રના અધિષ્ઠાયક દેવો વગેરે.
પ્રીયંતાં - પ્રસન્ન થાઓ.
અક્ષીણકોશ - અક્ષયભંડાર (અને).
કોષ્ઠાગારાઃ - ધાન્યના કોઠારોવાળા.
નરપતયઃ - રાજાઓ.

[1]ૐ પુણ્યાહં પુણ્યાહં પ્રીયંતાં પ્રીયંતાં ભગવન્તોડર્હન્તઃ સર્વજ્ઞાઃ સર્વદર્શિન-સ્ત્રિલોકનાથા-સ્ત્રિલોકમહિતા-સ્ત્રિલોકપૂજ્યા-સ્ત્રિલોકેશ્વરા-સ્ત્રિલોકોદ્યોતકરાઃ. ૩.

---

૧. ૐ મંગલવાચક છે **અવતિ ઈતિ ૐ** રક્ષા કરે તે. અર્થાત્ પરમાત્મા. આ પદ પંચપરમેષ્ઠીના અર્થવાચક છે તે આ પ્રકારે અરિહંતનો **અ** સિદ્ધ એટલે અપુનર્ભવનો અ, આચાર્યનો **આ** એ ત્રણેની સંધિ કરતાં **આ** થયો. તેમાં ઉપાધ્યાયના ઉ ની સંધિ કરતાં **ઓ** થયો અને મુનિનો **મ્** જોડ્યો એટલે ૐ પદ સિદ્ધ થયું. અથવા અરિહંતના **અ** પછી સિદ્ધનો **સ્** પછી આચાર્યનો આ તેની સંધિ કરતાં **સ્** નો વિસર્ગ થઈ લોપ થયે સંધિ કરતા આ થયો તેમાં ઉ અને મ્ મેળવી સંધિ કરતાં ૐ થાય છે.

અર્થ :- ૐ એ પદ શરૂઆતમાં બોલીને કહે છે કે - આજ ઉત્તમ દિવસ છે, ઉત્તમ દિવસ છે (આજનો દિવસ ધન્ય છે). કેવળજ્ઞાનવડે જાણનાર, કેવલદર્શન વડે સર્વને જોનારા ત્રણ લોકના સ્વામી, ત્રણ લોકવડે (ત્રિભુવનવાસી જીવો વડે પુષ્પાદિકે) પૂજાયેલા, ત્રણ લોકના પૂજ્ય (પૂજવા યોગ્ય), ત્રણ લોકના ઈશ્વર અને ત્રણ લોકને (અજ્ઞાન રૂપ અંધકારનો નાશ કરવાવડે) પ્રકાશ કરનારા એવા ઐશ્વર્યાદિ યુક્ત (ચોવીશ) તીર્થંકરો અત્યન્ત સંતુષ્ટ થાઓ. ૩.

ૐ ઋષભ-અજિત-સંભવ-અભિનંદન-સુમતિ-પદ્મપ્રભ-સુપાર્શ્વ-ચન્દ્રપ્રભ-સુવિધિ-શીતલ-શ્રેયાંસ-વાસુપૂજ્ય-વિમલ-અનન્ત-ધર્મ-શાન્તિ-કુંથુ-અર-મલ્લિ-મુનિસુવ્રત-નમિ-નેમિ-પાર્શ્વ-વર્ધમાનાન્તા જિનાઃ શાન્તાઃ શાન્તિકરા ભવન્તુ સ્વાહા. ૪.

ૐ [1]મુનયો મુનિપ્રવરા રિપુ-વિજય-દુર્ભિક્ષ-કાન્તારેષુ દુર્ગમાર્ગેષુ રક્ષન્તુ વો નિત્યં સ્વાહા. ૫.

અર્થ :- ૐ ઋષભદેવ, અજિતનાથ, સંભવનાથ, અભિનંદન, સુમતિનાથ, પદ્મપ્રભપ્રભુ, સુપાર્શ્વનાથ, ચંદ્રપ્રભપ્રભુ, સુવિધિ-નાથપ્રભુ, શીતળનાથ, શ્રેયાંસનાથ, વાસુપૂજ્યસ્વામી, વિમળનાથ, અનંતનાથ, ધર્મનાથ, શાન્તિનાથ, કુંથુનાથ, અરનાથ, મલ્લીનાથ, મુનિસુવ્રતસ્વામી, નમિનાથ, નેમિનાથ, પાર્શ્વનાથ અને વર્ધમાન સ્વામી પર્યંત ઉપશાન્ત થયેલ (ચોવીશ) જિનેશ્વરો, કષાયોદયના ઉપશમરૂપ શાન્તિને કરનારા થાઓ. સ્વાહા, વળી મુનિઓમાં શ્રેષ્ઠ મુનિઓ (તત્ત્વજ્ઞ), શત્રુએ કરેલ પરાભવ,

૧. વિદ્યાના અતિશય-લબ્ધિવાળા ગણધરાદિ સાધુઓ.

દુષ્કાળ અને મહાઅટવીને વિષે તથા વિકટ માર્ગોને વિષે તમોને નિરંતર રક્ષણ કરો. સ્વાહા. ૪-૫.

ૐ હ્રીઁ શ્રીઁ ધૃતિ-મતિ-કીર્તિ-કાન્તિ-બુદ્ધિ-લક્ષ્મી-[1]મેધા-વિદ્યાસાધન-પ્રવેશ-નિવેશનેષુ સુગૃહીત-નામાનો જયન્તુ તે જિનેન્દ્રાઃ. ૬.

અર્થ :- ૐ (પ્રણવબીજ) હ્રીઁ (માયાબીજ-વશ કરનાર) અને શ્રીઁ (લક્ષ્મીબીજ-લક્ષ્મીનું કારણ) પૂર્વક સંતોષ, મતિ (દીર્ઘ દૃષ્ટિ), યશ, શોભા, બુદ્ધિ (વર્તમાનકાળે ઉપજતી બુદ્ધિ), ધનાદિ, સંપત્તિ, ધારણ કરવાની બુદ્ધિ, વિદ્યાનું સાધન, નગરાદિ પ્રવેશ અને નિવાસસ્થાનને વિષે રૂડે પ્રકારે ગ્રહણ કરાયાં છે નામો જેનાં એવા તે જિનેશ્વરો જયવંતા વર્તો = સાંનિધ્ય કરવાવાળા થાઓ. ૬.

***ૐ રોહિણી-પ્રજ્ઞપ્તિ-વજ્રશૃંખલા-વજ્રાંકુશી-અપ્રતિચક્રા-પુરૂષદત્તા-કાલી, મહાકાલી-ગૌરી-ગાંધારિ-સર્વાસ્ત્રા-મહાજ્વાલા-માનવી-વૈરોટ્યા-અચ્છુપ્તા-માનસી-મહામાનસી ષોડશ વિદ્યાદેવ્યો રક્ષન્તુ વો નિત્યં સ્વાહા. ૭.**

અર્થ :- ૐ[2] રોહિણી, પ્રજ્ઞપ્તિ, વજ્રશૃંખલા, વજ્રાંકુશી, અપ્રતિચક્રા (ચક્રેશ્વરી), નરદત્તા, કાળી, મહાકાળી, ગૌરી,

---

૧. વર્દ્ધમાનાદિ વિદ્યાઓનું સાધન અથવા ચૌદ વિદ્યાનું પાઠન.

* મંત્રપદની આદિમાં ૐ અને અંતે સ્વાહા એ પ્રકારે પદો બોલવાં એવો વૃદ્ધ આમ્નાય છે તે પ્રકારે અહીં સર્વત્ર સમજી લેવું.

૨. આ વિદ્યાદેવીઓ છે. સંતિકરં સ્તવ અને તિજયપહુત્ત એ બે સ્મરણોમાં પણ ૧૬ વિદ્યાદેવીઓનાં નામો આવે છે તે અને આ બધી એક જ સમજવી.

ગાંધારી, સર્વ અસ્ત્રવાળી મહાજ્વાલા, માનવી, વૈરોટ્યા, અચ્છુપ્તા, માનસી, મહામાનસી એ સોળ વિદ્યાદેવીઓ તમારૂં હંમેશા રક્ષણ કરો. સ્વાહા. ૭.

ૐ આચાર્યોપાધ્યાય-પ્રભૃતિ-ચાતુર્વર્ણસ્ય શ્રી [1]શ્રમણ-સંઘસ્ય શાન્તિર્ભવતુ તુષ્ટિર્ભવતુ પુષ્ટિર્ભવતુ. ૮.

અર્થ :- ૐ આચાર્ય, ઉપાધ્યાય પ્રમુખ ચાર પ્રકારો (સાધુ-સાધ્વી, શ્રાવક અને શ્રાવિકા) છે જેને વિષે એવા શ્રી મહાવીર પ્રભુના સંઘને શાન્તિ (અથવા કલ્યાણ) થાઓ, સંતોષ થાઓ, ધર્મની પુષ્ટિ થાઓ. ૮.

ૐ ગ્રહાશ્ચન્દ્ર-સૂર્યાંગારક-બુધ-બૃહસ્પતિ-શુક્ર-શનૈશ્ચર-રાહુ-કેતુ-સહિતાઃ સલોકપાલાઃ સોમ-યમ-વરૂણ-કુબેર-વાસવાદિત્ય[2] સ્કંદ-વિનાયકોપેતા યે ચાન્યેઽપિ ગ્રામ-નગર-ક્ષેત્રદેવતાદયસ્તે[3] સર્વે પ્રીયંતાં પ્રીયંતાં, અક્ષીણ-કોશ-કોષ્ઠાગારા નરપતયશ્ચ ભવન્તુ સ્વાહા. ૯.

અર્થ :- ૐ નવગ્રહો તે ચંદ્ર, સૂર્ય, મંગળ, બુધ, બૃહસ્પતિ (ગુરૂ), શુક્ર, શનૈશ્ચર, રાહુ અને કેતુ (પૂંછડીયો તારો) સહિત (સર્વ પરસ્પર મળેલા) તથા સોમ, યમ, વરૂણ અને કુબેર એ ચાર લોકપાલોએ સહિત; ઇન્દ્ર, સૂય, કાર્તિકેય અને ગણેશ સહિત; વળી પણ જે ગ્રામ, નગર અને ક્ષેત્રના અધિષ્ઠાયક દેવતાઓ વગેરે છે તે સર્વ પ્રસન્ન થાઓ, પ્રસન્ન થાઓ અને

---

૧. વર્તમાનકાળે શ્રી વીરપ્રભુનું શાસન વર્તે છે. માટે તેમનો સંઘ.

૨. બાર પ્રકારનાં સૂર્ય એટલે બાર સંક્રાંતિ સૂર્ય.

૩. આદિ શબ્દે ભવનપત્યાદિ દેવો લેવા.

રાજાઓ, ક્ષય પામે નહિ તેવા ભંડારો અને ધાન્યના કોઠારો છે જેઓને એવા થાઓ ! સ્વાહા. ૯.

શબ્દાર્થ

મિત્ર - હિતકારી.
ભ્રાતૃ - સહોદર.
કલત્ર - સ્ત્રી.
સુહૃદ્ - મિત્ર.
સ્વજન - જ્ઞાતિજન.
સંબંધિ - સગા.
બંધુવર્ગ - પોતાના ગોત્રીઓ પિત્રાઇ.
આમોદપ્રમોદકારિણઃ - આમોદ પ્રમોદને કરવાવાળા.
અસ્મિન્ - આ.
ભૂમંડલઆયતન - પૃથ્વી ઉપર પોતાના સ્થાનકોને વિષે.
નિવાસિ - વસનારા.
સાધુ-સાધ્વી - સાધુ, સાધ્વી.
શ્રાવક-શ્રાવિકાણાં - શ્રાવક અને શ્રાવિકાઓના.
રોગોપસર્ગવ્યાધિ - રોગ, ઉપસર્ગ, વ્યાધિ.
દુઃખદુર્ભિક્ષદૌર્મનસ્ય - દુઃખ, દુષ્કાળ અને ચિત્તની અવસ્થતાના.
ઉપશમનાય - નિવારણ માટે.
ઋદ્ધિ - દોલત.
વૃદ્ધિ - વંશવૃદ્ધિ.
માંગલ્યોત્સવાઃ - કલ્યાણ અને ઉત્સવો.
પ્રાદુર્ભૂતાનિ - ઉદયમાં આવેલ.
પાપાનિ - પાપો.
શામ્યંતુ - શાન્ત થાઓ.
દુરિતાનિ - અશુભ કર્મફળો.
શત્રવઃ - શત્રુઓ.
પરાઙ્મુખાઃ - અવળા મુખવાળા.
શ્રીમતે - શ્રીમાન્.
શાન્તિનાથાય - શાન્તિનાથને.
નમઃ - નમસ્કાર થાઓ.
શાન્તિવિધાયિને - શાન્તિને કરનાર.
ત્રૈલોક્યસ્ય - ત્રણ લોકની.
અમરાધીશ - દેવેન્દ્રોના.
મુકુટ - મુકુટો વડે.
અભ્યર્ચિતાંઘ્રયે - પૂજાયેલા છે ચરણકમળ જેનાં એવા.
શાન્તિઃ - શાન્તિનાથ.
શાન્તિકરઃ - શાન્તિને કરનારા.
દિશતુ - આપો.
ગુરુ - તત્ત્વોનો ઉપદેશ કરનારા.
તેષાં - તેઓના.
યેષાં - જેઓના.
ગૃહે - ઘરને વિષે.

ઉન્મૃષ્ટરિષ્ટ - દૂર કર્યા છે ઉપદ્રવ.
દુષ્ટગ્રહગતિ - માઠા ગ્રહની ગતિ.
દુઃસ્વપ્નદુર્નિમિત્તાદિ - ખરાબ સ્વપ્ન અને દુષ્ટ નિમિત્ત વગેરે જેણે એવું.
સંપાદિત - સંપાદન કરી છે.
હિતસંપત્ - શુભ લક્ષ્મી જેણે એવું.
નામગ્રહણ - નામોચ્ચારણ.
જયતિ - જયવંત વર્તે છે.
શાન્તેઃ - શાન્તિનાથનું.
શ્રીસંઘજગત્ - સંઘ, જગત્.
જનપદરાજાધિપ - દેશ, રાજારૂપ અધિપતિ (અને).
રાજસન્નિવેશાનાં - રાજાના સારા રહેવાના સ્થાનોનાં.
ગોષ્ઠિકપુરમુખ્યાણાં - ધર્મસભાના સભ્યો અને નગરના મ્હોટા પુરુષોનાં.
વ્યાહરણૈઃ - નામ ગ્રહણ કરીને.
વ્યાહરેત્ - ઉદ્‌ઘોષણા કરવી.
શ્રીજનપદાનાં - દેશોની.
શ્રીરાજાધિપાનાં - રાજારૂપ અધિપતિઓની.
શ્રીગોષ્ઠિકાનાં - ધર્મસભાના સભ્યોની.
શ્રીપૌરમુખ્યાણાં - નગરના મ્હોટા જનોની.
પૌરજનસ્ય - નગરના જનોની.
બ્રહ્મલોકસ્ય- સમસ્ત જીવલોકની.
શ્રીપાર્શ્વનાથાય - શ્રી પાર્શ્વનાથ પ્રભુને.

ૐ પુત્ર-[1]મિત્ર-ભ્રાતૃ-કલત્ર-[2]સુહૃત્-સ્વજન-[3]સંબંધિ-બંધુવર્ગસહિતા નિત્યં [4]ચામોદ-પ્રમોદ-કારિણઃ[5], અસ્મિંશ્ચ ભૂમણ્ડલ આયતન-નિવાસિ-સાધુ-સાધ્વી-શ્રાવક-શ્રાવિકાણાં [6]રોગો-પસર્ગ[7]-

---

૧. ભ્રાતૃ મિત્ર ઇતિ વા પાઠઃ
૨. છાની વાત કહેવા અને પૂછવા યોગ્ય હોય તેવા મિત્ર.
૩. પુત્ર અને ભત્રિજા વગેરેના શ્વસુર પક્ષવાળા.
૪. સમસ્ત પ્રકારે હર્ષ તે **આમોદ** અને પ્રકર્ષે હર્ષ તે **પ્રમોદ** એ બંને શબ્દ હર્ષ-વાચક છે તો પણ અધિક આનંદ દેખાડવાને માટે બંને શબ્દ વાપર્યા છે.
૫. સંતુ ઇતિ શેષઃ.
૬. થોડો વખત રહેવાવાળા તાવ વગેરે.
૭. ઘણા કાળ રહેવા વાળા કોઢ વગેરે રોગ.

વ્યાધિ[1]-દુઃખ-દુર્ભિક્ષ-દૌ[2]ર્મનસ્યો-પશમનાય શાન્તિર્ભવતુ. ૧૦.

અર્થ :- ૐ પુત્ર, [3]મિત્ર, સહોદર, સ્ત્રી, દોસ્ત, જ્ઞાતિજન, સગા અને સગોત્રીઓ (પિત્રાઈઓ)એ સર્વ નિરંતર આમોદ પ્રમોદને કરનારા થાઓ, અર્થાત્ સર્વે વિશેષ કરીને પરસ્પર આનંદને કરવાવાળા થાઓ. વળી આ લોકને વિષે પૃથ્વી ઉપર પોતાના સ્થાનકોને વિષે વસનારા સાધુ, સાધ્વી, શ્રાવક અને શ્રાવિકાઓના રોગ, ઉપદ્રવ, વ્યાધિ, દુઃખ, દુષ્કાળ અને ચિત્તની અસ્વસ્થતાના ઉપશમને માટે (નિવારણ માટે) શાન્તિ થાઓ. ૧૦.

ૐ તુષ્ટિ[4]-પુષ્ટિ-ઋદ્ધિ-[5]વૃદ્ધિ-માંગલ્યોત્સવાઃ [6]સદા પ્રાદુર્ભૂતાનિ પાપાનિ શામ્યન્તુ [7]દુરિતાનિ શત્રવઃ પરાઙ્મુખા ભવન્તુ સ્વાહા. ૧૧.

અર્થ :- ૐ ચિત્તને સંતોષ, પુષ્ટિ દોલત, વંશવૃદ્ધિ, કલ્યાણ અને [8]ઉત્સવો થાઓ, ઉદયમાં આવેલ પાપો નિરંતર શાન્ત થાઓ (નાશ પામો), અશુભકર્મફળો શાન્ત થાઓ, શત્રુઓ અવળા મુખવાળા થાઓ. સ્વાહા. ૧૧.

---

૧. પ્રતિકુલ વિપાક-અરતિ.

૨. ચિત્તની અસ્વસ્થતા.

૩. સમાન વયવાળા મિત્ર.

૪. શરીરાદિની પુષ્ટિ અથવા પુરુષાર્થ સાધવાનું સામર્થ્ય.

૫. પુત્ર-પૌત્રાદિ પરિવારનો વિસ્તાર અથવા શુભ વસ્તુની વૃદ્ધિ.

૬. ભવન્તુ ઇતિ શેષઃ.

૭. ડમરૂકમણિ ન્યાયે કરીને ક્રિયાપદ બંને બાજુ જોડવું.

૮. પુત્રના જન્મ, વિવાહાદિ મહોત્સવ અને ધર્મ કાર્યના મહોત્સવ.

[1]શ્રીમતે શાન્તિનાથાય, નમઃ શાન્તિવિધાયિને;
ત્રૈલોક્યસ્યામરાધીશ,-મુકુટાભ્યર્ચિતાંઘ્રયે[2] ॥૧॥

અર્થ :- શ્રીમાન્, ત્રણ લોકને શાન્તિના કરનારા, દેવેન્દ્રોના મુકુટોવડે પૂજાયેલાં છે ચરણકમળ જેમનાં એવા શ્રી શાન્તિનાથને નમસ્કાર થાઓ. ૧.

શાન્તિઃ શાન્તિકરઃ શ્રીમાન્, શાન્તિં દિશતુ મે ગુરુઃ;
શાન્તિરેવ સદા તેષાં, યેષાં શાન્તિર્ગૃહે ગૃહે ॥ ૨ ॥

અર્થ :- શાન્તિને કરનારા, તત્ત્વોપદેષ્ટા અને શ્રીમાન્ એવા શાન્તિનાથ પ્રભુ મને શાન્તિ આપો. જેઓના ઘરને વિષે શાન્તિનાથ પ્રભુ પૂજાય છે તેઓના ઘરે નિરંતર શાન્તિ જ થાય છે. ૨.

ઉન્મૃષ્ટ-રિષ્ટ-દુષ્ટ-ગ્રહગતિ-દુઃસ્વપ્ન-દુર્નિમિત્તાદિ[3];
સમ્પાદિત-હિત-સંપન્નામગ્રહણં જયતિ શાન્તેઃ ॥૩॥

અર્થ :- દૂર કર્યા છે ઉપદ્રવ, દુષ્ટ ગ્રહની ગતિ (ખરાબ સ્થાને ગ્રહનું સંક્રમવું), ખરાબ સ્વપ્ન (ઉંટ, મહિષનું આરોહણ વગેરેનું સ્વપ્નમાં દેખવું,) અને દુષ્ટ નિમિત્ત (ખરાબ અંગનું ફરકવું) વગેરે જેણે એવું અને સંપાદન કરી છે શુભ લક્ષ્મી જેણે એવું શાન્તિનાથ પ્રભુનું નામ ગ્રહણ (નામોચ્ચારણ) જયવંત વર્તે છે, અર્થાત્ ભક્તજનોને સુખ અને શ્રેયને કરનારું છે. ૩.

[4]શ્રીસંઘ-જગજ્જનપદ-રાજાધિપ-રાજસન્નિવેશાનામ્;
ગોષ્ઠિક-પુરમુખ્યાણાં, વ્યાહરણૈ-ર્વ્યાહરેચ્છાન્તિમ્. ।૪।

---

૧. સમવસરણાદિ પ્રશસ્ત ઋદ્ધિવાળા અને શોભા-કાન્તિવાળા.
૨. પ્રણામ કરતી વખતે ઈન્દ્રોના મુકુટોનું પ્રતિબિંબ ભગવંતના ચરણમાં પડે છે માટે મુકુટવડે પૂજાયેલા.
૩. આદિ શબ્દે અશુભ શુકન લેવા.
૪. શ્રી સંઘપૌરજનપદ ઈતિ વા પાઠ.

અર્થ :- શ્રી સંઘ, જગત, દેશ, રાજારૂપ અધિપતિઓ અને રાજાના રહેવાના સ્થાનોનાં તેમજ ધર્મસભાના સભ્યો અને નગરના મ્હોટા પુરુષોનાં નામ ગ્રહણ કરીને શાન્તિની ઉદ્‌ઘોષણા કરવી. ૪.

શ્રીશ્રમણ-સંઘસ્ય શાન્તિર્ભવતુ, શ્રીજનપદાનાં શાન્તિર્ભવતુ, શ્રીરાજાધિપાનાં શાન્તિર્ભવતુ, શ્રીરાજસન્નિવેશાનાં શાન્તિર્ભવતુ, શ્રી ગોષ્ઠિકાનાં શાન્તિર્ભવતુ; [1]શ્રીપૌરમુખ્યાણાં શાન્તિર્ભવતુ, શ્રી પૌરજનસ્ય શાન્તિર્ભવતુ, શ્રી બ્રહ્મલોકસ્ય શાન્તિર્ભવતુ, ૐ સ્વાહા ૐ સ્વાહા ૐ શ્રી પાર્શ્વનાથાય[2] સ્વાહા.

અર્થ :- શ્રી શ્રમણ સંઘને શાન્તિ થાઓ, દેશોને શાન્તિ થાઓ, રાજારૂપ અધિપતિઓને શાન્તિ થાઓ, રાજાના રહેવાના સારાં સ્થાનોને શાન્તિ થાઓ, ધર્મસભાના સભ્યજનોને શાન્તિ થાઓ, નગરના મુખ્ય જનોને શાન્તિ થાઓ, નગરના લોકોને શાન્તિ થાઓ; સમસ્ત જીવલોકને શાન્તિ થાઓ. ૐ સ્વાહા ૐ સ્વાહા ૐ શ્રી પાર્શ્વનાથ પ્રભુને સ્વાહા એટલે આ કુમકુમ, ચંદન, વિલેપન, પુષ્પ, અક્ષત, ધૂપ અને દીપ વગેરે પૂજાનાં સાહિત્યો શ્રી પાર્શ્વપ્રભુને સંતોષને માટે હો.

---

૧. પુરમુખ્યાણાં ઇતિ પાઠાન્તરે. આ પદ પછી "શ્રી ગચ્છાધિપાનાં શાન્તિર્ભવતુ ગચ્છના અધિપતિ (આચાર્યો)ને શાન્તિ થાઓ." એ પદ ટીકાકારે આપેલ છે. શ્રી પરિવારસ્ય શાન્તિર્ભવતુ એ પદ પણ ટીકામાં છે.

૨. અહીં સ્નાત્રના આરંભને વિષે જે પ્રભુનું સ્નાત્ર કરવાનું હોય તેમનું નામ લેવું જોઈએ પરંતુ તેમ નહિ કરતાં અહીં પાર્શ્વપ્રભુનું નામ સૂચવ્યું છે. વળી લોકોમાં પાર્શ્વપ્રભુ વિશેષ પ્રાભાવિક હોવાથી તેમનું નામ ગ્રહણ કર્યું છે.

શબ્દાર્થ

એષાં શાન્તિઃ - આ શાન્તિપાઠ.
પ્રતિષ્ઠાયાત્રાસ્નાત્રાદિ - પ્રતિષ્ઠા યાત્રા અને સ્નાત્રાદિને.
અવસાનેષુ - અંતે (ભણવો)
શાન્તિકલશં - શાન્તિકળશને.
કુંકુમચંદનકર્પૂર - કેશર, સુખડ બરાસ.
અગરુધૂપવાસ - અગરુ, ધૂપવાસ અને.
કુસુમાંજલિસમેતઃ - કુસુમાંજલિ સહિત તથા.
સ્નાત્રચતુષ્કિકાયાં - સ્નાત્ર મંડપમાં.
શ્રીસંઘસમેતઃ - શ્રીસંઘ સહિત છતો.
શુચિશુચિવપુઃ - પવિત્ર છે શરીર જેનું એવા.
પુષ્પવસ્ત્રચંદન - પુષ્પ, વસ્ત્ર, ચંદન (અને).
આભરણાલંકૃતઃ - અલંકાર વડે સુશોભિત.
પુષ્પમાલાં - ફુલની માળાને.
કંઠે કૃત્વા - કંઠમાં ધારણ કરીને.
ઉદ્‌ઘોષયિત્વા - ઉદ્‌ઘોષણા કરીને.
શાન્તિપાનીયં - શાન્તિકળશના જળને.
મસ્તકે - માથે.
દાતવ્યં - નાંખવું.
ઈતિ - એ પ્રકારે.
નૃત્યંતિ - કરે છે - નાચે છે.
નૃત્ય - નાટક.
મણિપુષ્પવર્ષં - રત્ન અને પુષ્પની વૃષ્ટિ.
સૃજંતિ - કરે છે.
ગાયંતિ - ગાય છે.
મંગલાનિ - મંગલકારી ગીતો.
સ્તોત્રાણિ - સ્તોત્રો.
ગોત્રાણિ - વંશના નામો.
પઠંતિ - ભણે છે.
મંત્રાન્ - મંત્રોને.
કલ્યાણભાજઃ - કલ્યાણને ભજનાર.
હિ - નિશ્ચે.
જિનાભિષેકે - જિનના સ્નાત્ર મહોત્સવમાં.
શિવં - કલ્યાણ.
અસ્તુ - હો.
સર્વજગતઃ - સર્વ જગતનું.
પરહિતનિરતા - પરનું હિત કરવામાં તત્પર.
ભૂતગણાઃ - પ્રાણી સમુદાય.
દોષાઃ - દોષો.
પ્રયાંતુ - વિશેષ-પામો.
નાશં - નાશને.
સર્વત્ર - બધે.
સુખીભવતુ - સુખી થાઓ.
લોકઃ - જીવલોક.
તિત્થયરમાયા - નેમિનાથ તીર્થંકરની માતા.

સિવાદેવી - શિવાદેવી.
તુમ્હ - તમારા.
નયરનિવાસિની - નગરમાં રહેનારી.
અમ્હ - અમારું.
સિવં - કલ્યાણ.
અસિવોવસમં - વિઘ્નનો નાશ.
ક્ષયં-યાંતિ - ક્ષય પામે છે.
છિદ્યંતે - છેદાય છે.
વિઘ્નવલ્લયઃ - વિઘ્નની વેલડીઓ.
મનઃ - મન.

પ્રસન્નતાં - પ્રસન્નતાને.
એતિ - પામે છે.
પૂજ્યમાને - પૂજ્યે છતે.
જિનેશ્વરે - જિનેશ્વરને.
કારણં - હેતુ.
પ્રધાનં - શ્રેષ્ઠ.
ધર્માણાં - ધર્મને વિષે.
જૈનં - જિનેશ્વરનું પ્રવર્ત્તાવેલું.
જયતિ - જયવંત વર્તે છે.
શાસનં - શાસન.

એષાં શાન્તિઃ પ્રતિષ્ઠા-યાત્રા-સ્નાત્રાદ્ય[1] વસાનેષુ[2] શાન્તિકલશં ગૃહીત્વા, કુંકુમ-ચંદન-કર્પૂરાગરુ-ધૂપ-વાસ-કુસુમાંજલિ-સમેતઃ સ્નાત્ર-ચતુષ્કિકાયાં શ્રીસંઘ-સમેતઃ, શુચિશુચિ[3] વપુઃ પુષ્પ-વસ્ત્ર-ચંદના-ભરણા-લંકૃતઃ પુષ્પમાલાં કણ્ઠે કૃત્વા શાન્તિમુદ્ઘોષયિત્વા-શાન્તિપાનીયં મસ્તકે દાતવ્યમિતિ[4]

અર્થ :- આ શાન્તિપાઠ તીર્થંકરોની પ્રતિષ્ઠા, યાત્રા અને

---

૧. આદિ શબ્દે પક્ખી, ચૌમાસી અને સંવચ્છરી પ્રતિક્રમણને અંતે અને સર્વ ધર્મકાર્યની સમાપ્તિને વિષે મંગળને માટે અવશ્ય ભણવો.

૨. પઠનીયા ઇતિ શેષ.

૩. શુચિશુચિવસ્ત્રચંદનાભરણાલંકૃતઃ એવો પાઠ હોય ત્યાં અર્થ આ પ્રમાણે લેવો-બાહ્યાભ્યંતર મળ રહિત, (પવિત્ર) શરીર પવિત્ર (દેવપૂજા યોગ્ય) વસ્ત્ર, ચંદનાદિ વિલેપન અને બાજુબંધ, વિંટી વગેરે ઘરેણાં વડે સુશોભિત થયો છતો.

૪. સમાપ્તિના અર્થમાં ઇતિ વપરાયેલ છે.

સ્નાત્રાદિને અંતે ભણવો. આ શાન્તિની ઉદ્‌ઘોષણા કેવી રીતે કરવી તે કહે છે - કોઈ વિશિષ્ટ ગુણવાન્ શ્રાવક ઉભો થઈને શાન્તિકળશ (શાન્તિને માટે શુદ્ધ જળથી ભરેલ કળશ)ને ગ્રહણ કરીને (ડાબા હાથમાં ધારણ કરી જમણો હાથ તેના ઉપર ઢાંકી) કેશર, સુખડ, બરાશ, અગરુ, ધૂપવાસ (અગ્નિમાં ધૂપ નાખવાથી નીકળતી સુગંધી અથવા કેશર ચંદનાદિના ઘસવાથી નીકળતો સુગંધી પરિમલ), અને કુસુમાંજલિ (પુષ્પથી ભરેલ અંજલિ-ખોબો) સહિત છતો, સ્નાત્રમંડપને વિષે શ્રી સંઘ સહિત છતો; પવિત્ર છે શરીર જેનું એવો, પુષ્પ, વસ્ત્ર, ચંદન અને અલંકાર (ઘરેણાં) વડે; સુશોભિત છતો; પુષ્પની માળાને ગળામાં ધારણ કરીને શાન્તિપાઠની ઉદ્‌ઘોષણા કરીને શાન્તિકળશનું પાણી (સર્વ જનોએ પોતાના) મસ્તકે નાખવું.

નૃત્યંતિ નૃત્યં મણિ-પુષ્પ-વર્ષં,
સૃજંતિ ગાયંતિ ચ મંગલાનિ;
સ્તોત્રાણિ ગોત્રાણિ પઠંતિ*મંત્રાન્,
કલ્યાણભાજો હિ જિનાભિષેકે. ૧.

અર્થ :- કલ્યાણ યુક્ત ભવ્ય પ્રાણીઓ જિનેશ્વરના સ્નાત્ર મહોત્સવને અંતે નિશ્ચે નાટક કરે છે, (જિનેશ્વર ઉપર) રત્ન,

* અહીં મંત્રો આ પ્રમાણે જાણવા -

ॐ नमो भगवउ अरहउ सं तिजिणस्स सिज्झउ मे भगवइ महइ महाविज्जा संति पसंति उवसंति सव्वं पावं पसमेउ तउ सव्वसत्ताणं दुपयाणं चउप्पयाणं देसगामागरपट्टणखेडे सुपुरिसाणं इत्थीणं नपुंसगाणं स्वाहा। इति शान्तिनाथविद्यामंत्र

આ તથા શ્રી પાર્શ્વનાથનો અને મહાવીર પ્રભુનો વર્ધમાન વિદ્યાનો મંત્ર વગેરે ગુરુ આમ્નાય વડે જાણી લેવો.

મોતી, પુષ્પની વૃષ્ટિ કરે છે, મંગળકારી ગીતો ગાય છે, સ્તોત્રો (જિન-સ્તુતિરૂપ) અને તીર્થંકરનાં નામો બોલે છે. (અથવા તીર્થંકરના વંશો વર્ણવે છે.) અને મંત્રો (અથવા મંત્રગર્ભિત સ્તવો) ભણે છે.

શિવમસ્તુ સર્વજગતઃ,
પરહિતનિરતા ભવંતુ ભૂતગણાઃ;
દોષાઃ પ્રયાંતુ નાશં,
સર્વત્ર સુખીભવતુ[1] લોકઃ ૨.

અર્થ :- સર્વ જગતનું કલ્યાણ થાઓ, પ્રાણી સમુદાય પારકાનું હિત કરવામાં તત્પર થાઓ, દોષો (વ્યાધિ, દુઃખ અને દમનપણું વગેરે) વિશેષ નાશ પામો અને જીવલોક સર્વ ઠેકાણે (સર્વ કાર્યમાં) સુખી થાઓ.

અહંતિત્થયર-માયા, સિવાદેવી +તુમ્હ નયર-નિવાસિની; અમ્હ સિવં તુમ્હ સિવં, અસિવોવસમં સિવં ભવતુ સ્વાહા ॥ ૩ ॥

અર્થ :- હું નેમિનાથ તીર્થંકરની માતા શિવાદેવી તમારા નગરને વિષે વસનારી છું (તમારા નગરને સાન્નિધ્ય કરવાવાળી

---

૧. સુખીભવંતુ લોકાઃ ઇતિ પાઠાન્તરમ્.

+ અહીં ટીકાકાર નાગપુરીયગચ્છી શ્રી ચંદ્રકીર્તિસૂરિના શિષ્ય હર્ષકીર્તિસૂરિ લખે છે કે શ્રી નેમિનાથ તીર્થંકરની માતા શિવાદેવી કહે છે કે- હું તીર્થંકરની માતા શિવાદેવી વગેરે. આ ઉપરથી આ શાન્તિસ્તવ નેમિનાથ પ્રભુની માતા શિવાદેવી જે માહેંદ્ર દેવલોક ગયેલ છે તેમણે રચ્યું હોય એમ સંભવે છે.

છું); તેથી મારું કલ્યાણ થાઓ અને (શિવાદેવી નામોચ્ચાર વડે) તમારું પણ કલ્યાણ થાઓ, વિઘ્નનો નાશ અને કલ્યાણ થાઓ. ૩.

ઉપસર્ગાઃ ક્ષયં યાન્તિ, છિદ્યન્તે વિઘ્નવલ્લયઃ;
મનઃ પ્રસન્નતામેતિ, પૂજ્યમાને જિનેશ્વરે. ॥ ૪ ॥

અર્થ :- જિનેશ્વર પૂજ્યે છતે ઉપસર્ગો ક્ષય પામે છે, વિઘ્નની વેલડીઓ છેદાય છે અને મન પ્રસન્નતાને પામે છે. ૪.

સર્વમંગલ-માંગલ્યં, સર્વકલ્યાણ-કારણમ્;
પ્રધાનં સર્વધર્માણાં, જૈનં જયતિ શાસનમ્. ॥ ૫ ॥

અર્થ :- સર્વ માંગલિકોને વિષે મંગળકારી, સર્વ કલ્યાણનું કારણ અને સર્વ ધર્મોને વિષે શ્રેષ્ઠ એવું જૈન (જિનેશ્વરનું પ્રવર્તાવેલું) શાસન જયવંત વર્તે છે. ૫.

ઈતિ શ્રી બૃહચ્છાન્તિસ્તવ સમ્પૂર્ણમ્.

સંથારાપોરિસિ*

શબ્દાર્થ

નિસીહી - પાપ વ્યાપારનો ત્યાગ કરીને.
નમો - નમસ્કાર હો.
ખમાસમણાણં - ક્ષમાશ્રમણોને.
ગોયમાઈણં - ગૌતમ વગેરે.
મહામુણીણં - મ્હોટા મુનિઓને.
અણુજાણહ - આજ્ઞા આપો.
જિટ્ઠિજ્જા - હે વૃદ્ધ સાધુઓ.
પરમગુરુ - શ્રેષ્ઠ ગુરુઓ.
ગુરુગુણ - મ્હોટા ગુણરૂપ.

* સાધુ અને રાત્રિ પોસહ કરનારા શ્રાવક રાત્રિની પહેલી પોરિસિમાં સ્વાધ્યાય કરીને પોરિસિ પૂર્ણ થયે સંથારો કરવા માટે (શયન માટે) ગુરૂ મહારાજ સન્મુખ આજ્ઞા માગવાને અર્થે આવે છે તે વખતે કરવાનો વિધિ આ સૂત્રમાં વર્ણવેલ છે.

રયણેહિં - રત્નો વડે.
મંડિયસરીરા - શોભિત છે શરીર જેનાં એવા.
બહુ પડિપુન્ના - બરાબર સંપૂર્ણ થઈ છે.
પોરિસિ - પોરિસિ.
રાઇય સંથારએ - રાત્રિ સંબંધી સંથારાને.
ઠામિ - કરૂં છું.
સંથારં - સંથારો કરવાની સૂવાની.
બાહુવહાણેણં - હાથને ઓશીકું કરીને.
વામપાસેણં - ડાબા પડખે.
કુક્કુડિ - કુકડીની પેઠે.
પાયપસારણ - આકાશમાં પગ પ્રસારવાને.
અતરંત - અસમર્થ છતો.
પમજ્જએ - પુજે.
ભૂમિં - જમીનને.
સંકોઇઅ - સંકોચીને.
સંડાસા - ઢીંચણોને.
ઉવ્વટ્ટંતે - પાસુ ફેરવતાં.
કાયપડિલેહા - શરીરનું પડિલેહણ કરે.
દવ્વાઇઉવઓગં - દ્રવ્યાદિનો ઉપયોગ કરે.
ઊસાસનિરુંભણા - શ્વાસોશ્વાસરૂંધીને.
આ લોએ - જૂએ.
જઇ - જો.
મે - મારા.
હુજ્જ - થાય.
પમાઓ - મરણ.
ઈમસ્સ - આ.
દેહસ્સ - શરીરનું.
ઈમાઇ - આ.
રયણીએ - રાત્રિને વિષે.
આહારમુવહિદેહં - આહાર, ઉપકરણ અને શરીર.
સવ્વં - સર્વને.
તિવિહેણ - ત્રિવિધે.
વોસિરિઅં - વોસિરાવ્યું, ત્યાગ કર્યું છે.
ચત્તારિ - ચાર.
મંગલં - મંગલરૂપ છે.
અરિહંતા - અરિહંતો.
સિદ્ધા - સિદ્ધ ભગવંતો.
સાહૂ - સાધુઓ.
કેવલિપન્નતો - કેવળીએ પ્રરૂપેલ.
ધમ્મો - ધર્મ.
લોગુત્તમા - લોકને વિષે ઉત્તમ છે.
સરણં - શરણરૂપ.
પવજ્જામિ - અંગીકાર કરું છું.
અરિહંતે - અરિહંતોને.
સિદ્ધે - સિદ્ધોને.
સાહુ - સાધુઓને.

કેવલિપણ્ણત્તં - કેવલીએ પ્રરૂપેલ.
ધમ્મં - ધર્મને.
પાણાઈવાયં - પ્રાણાતિપાત-જીવહિંસા.
અલિઅં - મૃષાવાદ-જુઠું બોલવું.
ચોરિક્કંમેહુણં - ચોરી, સ્ત્રીસેવન.
દવિણમુચ્છં - દ્રવ્યની મૂર્છા (પરિગ્રહ).
કોહં માણં - ક્રોધ, માન.
માયં લોભં - માયા, લોભ.
પિજ્જં - પ્રેમ.
તહા - તેમજ.
દોસં - દ્વેષ.
કલહં - ક્લેશ.
અબ્ભક્ખાણં - અભ્યાખ્યાન આળ.
પેસુન્નં - ચાડી.
રઈઅરઈસમાઉત્તં - રતિ, અરતિ વડે યુક્ત.
પરપરિવાયં - પરપરિવાદ.
માયામોસં - માયામૃષાવાદ.
મિચ્છત્તસલ્લં - મિથ્યાત્વશલ્ય.

નિસીહી નિસીહી નિસીહી નમો ખમાસમણાણં ગોયમાઈણં [1]મહામુણીણં.

અર્થ :- પાપ વ્યાપારોનો ત્યાગ કરીને (વાર ત્રણ) મ્હોટા મુનિઓ એવા ગૌતમસ્વામી વગેરે ક્ષમાશ્રમણોને નમસ્કાર થાઓ.

અણુજાણહ જિટ્ઠિજ્જા ! અણુજાણહ પરમગુરુ ! ગુરુગુણરયણેહિં મંડિયસરીરા ! બહુપડિપુણ્ણા-પોરિસિ, રાઈયસંથારએ ઠામિ. ૧.

અર્થ :- હે વૃદ્ધ (વડીલ) સાધુઓ ! આજ્ઞા આપો, મ્હોટા ગુણરૂપ રત્નોવડે સુશોભિત છે શરીર જેનાં એવા હે શ્રેષ્ઠ મુનિઓ ! આજ્ઞા આપો ! પોરિસિ બરાબર સંપૂર્ણ થઈ છે, હું રાત્રિ સંબંધી સંથારો કરું છું. ૧.

અણુજાણહ સંથારં, બાહુવહાણેણ વામપાસેણં;

---

૧. આ પાઠ કરીને એક નવકાર તથા કરેમિભંતે સૂત્ર એ પ્રમાણે અનુક્રમે ત્રણવાર બોલવાનું છે.

[1]કુક્કુડિપાયપસારણ, અતરંત પમજ્જએ ભૂમિ. ૨.
સંકોઈઅ સંડાસા, ઉવ્વટ્ટંતે અ કાયપડિલેહા;
દવ્વાઈઉવઓગં[2], ઊસાસનિરુંભણાલોએ[3].

અર્થ :- સંથારાની આજ્ઞા આપો ! (ગુરુ મહારાજ આજ્ઞા આપે એટલે) હાથને ઓશીકું કરીને ડાબા પડખે. કુકડીની પેઠે આકાશમાં પગ પ્રસારવાને અસમર્થ છતો જમીનને પુંજે (પુંજીને ત્યાં પગ રાખે) અને ઢીંચણો સંકોચીને સૂવે અને પાસુ ફેરવતાં શરીરનું પડિલેહણ કરે. વળી જાગવું હોય ત્યારે દ્રવ્યાદિનો ઉપયોગ કરે (તેમ છતાં નિદ્રા ઉડે નહિ તો) શ્વાસોશ્વાસ રૂંધીને (નિદ્રા દૂર કરવાને જતા આવતા લોકોને) જુએ. ૨-૩.

---

૧. જેમ કુકડી ઊંચા પગ રાખીને સુવે છે તેની માફક સાધુને સુઈ રહેવું જોઈએ અને તેમ સુવાને અસમર્થ હોય તો પછી જમીન પુંજીને પગ નીચે રાખે.

૨. દ્રવ્યાદિનો ઉપયોગ એટલે દ્રવ્ય થકી, હું કોણ છું સાધુ કે ગૃહસ્થ ? એમ વિચારે. ક્ષેત્ર થકી, હું ઉપર છું કે નીચે ? એમ વિચારે. કાળથકી, રાત્રિ છે કે દિવસ ? એમ વિચારે. ભાવ થકી મને લઘુશંકા વગેરેની બાધા છે કે નહિ ? એમ વિચારે.

૩. નિદ્રા દૂર થયા પછી લઘુશંકાદિ બાધા ટાળવા દ્વારા પુંજીને બહાર જાય ત્યાં ચોરાદિનો ભય હોય તો એક સાથે બે જાય, તેમાં એક બારણામાં ઉભો રહે અને બીજો લઘુશંકાદિ બાધા ટાળે. શિકારી જનાવરોનો ભય હોય તો એક સાથે ત્રણ જાય, તેમાં એક બારણામાં ઉભો રહે, બીજો શરીરની બાધા ટાળે અને ત્રીજો તેની પાસે રક્ષપાળ તરીકે ઉભો રહે, જો લઘુશંકાદિ બાધા ટાળનારને વધારે વાર થાય તો બારણામાં ઉભો રહેલ સાધુ પોતાને સ્થાને બીજા સાધુને ઉભો રાખીને પોતે તે બાધા ટાળનાર પાસે જઈને જગાડીને તેડી લાવે. પછી ઈર્યાવહિ પ્રતિક્રમીને સૂક્ષ્મ આનપ્રાણ (શ્વાસોશ્વાસ) લબ્ધિવાળા જે મુનિ હોય તે ચૌદ પૂર્વ સુધીનો પાઠ કરે. તેવી શક્તિના અભાવે શક્તિ મુજબ ઓછું ઓછું ગણે, ઓછામાં ઓછી ત્રણ ગાથા ગણે તેટલી પણ ગણવાને અશક્ત હોય તો પછી સૂઈ રહે.

ઓઘનિર્યુક્તિ

[1]જઈમે હુજ્જ પમાઓ, ઈમસ્સ દેહસ્સિમાઈ રયણીએ; આહારમુવહિદેહં, સવ્વં તિવિહેણ વોસિરિઅં. ૪.

અર્થ :- જો રાત્રિને વિષે મારા આ શરીરનું મરણ થાય તો આહાર ઉપકરણ અને શરીર વગેરે સર્વ ત્રિવિધે કરીને (મન, વચન અને કાયાવડે) વોસિરાવ્યું છે. ૪.

ચત્તારિ મંગલં, અરિહંતા મંગલં, સિદ્ધા મંગલં, [2]સાહૂ મંગલં, કેવલિપન્નત્તો ધમ્મો મંગલં. ૫.

અર્થ :- ચાર મને મંગળરૂપ છે - અરિહંતો માંગળિક છે, સિદ્ધો માંગળિક છે, સાધુઓ માંગળિક છે અને કેવળીએ પ્રરૂપેલ ધર્મ (શ્રુત અને ચારિત્ર) માંગળિક છે. ૫.

ચત્તારિ લોગુત્તમા, અરિહંતા લોગુત્તમા, સિદ્ધા-લોગુત્તમા, સાહૂ લોગુત્તમા, કેવલિપન્નતો ધમ્મો લોગુત્તમા. ૬.

અર્થ :- ચાર લોકને વિષે ઉત્તમ છે - અરિહંતો લોકમાં ઉત્તમ છે, સિદ્ધો લોકમાં ઉત્તમ છે, સાધુઓ લોકમાં ઉત્તમ છે અને કેવળીએ પ્રરૂપેલ ધર્મ લોકમાં ઉત્તમ છે. ૬.

ચત્તારિ સરણં પવજ્જામિ, અરિહંતે સરણં પવજ્જામિ, સિદ્ધે સરણં પવજ્જામિ, સાહૂ સરણં પવજ્જામિ, કેવલિપણ્ણત્તં ધમ્મં સરણં પવજ્જામિ. ૭.

---

૧. અહીં ૧૭ ગાથા પર્યંતની હકીકત રાત્રે સુતી વખતે વિચારવાની છે.

૨. સમ્યગ્જ્ઞાન અને ક્રિયા વડે મોક્ષમાર્ગને સાધે તે સાધુ.

અર્થ :- હું ચારને શરણ તરીકે અંગીકાર કરું છું. અરિહંતોને શરણ તરીકે અંગીકાર કરું છું; સિદ્ધોને શરણ તરીકે અંગીકાર કરું છું, સાધુઓને શરણ તરીકે અંગીકાર કરું છું અને કેવળીએ પ્રરૂપેલ ધર્મને શરણ તરીકે અંગીકાર કરું છું. ૭.

પાણાઈવાયમલિઅં, ચોરિક્કં મેહુણં દવિણમુચ્છં,
કોહં માણં માયં, લોહં પિજ્જં તહા દોસં. ૮.
કલહં અબ્ભક્ખાણં, પેસુન્નં રઈઅરઈસમાઉત્તં;
પરપરિવાયં માયા-મોસં મિચ્છત્તસલ્લં ચ. ૯.

અર્થ :- પ્રાણાતિપાત (હિંસા), મૃષાવાદ, ચોરી, મૈથુન (સ્ત્રીસેવન), દ્રવ્ય (ધન-ધાન્યાદિ પૌદ્ગલિક વસ્તુ)ની મૂર્છા, માન, માયા, લોભ, રાગ તેમજ દ્વેષ, ક્લેશ, અભ્યાખ્યાન (પરને આળ દેવું) ચાડી અને રતિ-અરતિવડે યુક્ત, પરપરિવાદ, માયા મૃષાવાદ અને મિથ્યાત્વશલ્ય. ૮-૯.

શબ્દાર્થ

વોસિરિસુ - વોસિરાવ.
ઈમાઈ - આ.
મુક્ખમગ્ગ - મોક્ષમાર્ગના.
સંસગ્ગ - ગમનને વિષે.
વિગ્ઘભૂઆઈ - અંતરાય કરનાર.
દુગ્ગઈ - માઠી ગતિના.
નિબંધણાઈ - કારણભૂત.
અટ્ઠારસ - અઢાર.
પાવઠાણાઈ - પાપસ્થાનોને.
એગો - એક છું.
અહં - હું.
નત્થિ - નથી.
મે - મારૂં.
કોઈ - કોઈ પણ.
અન્નસ્સકસ્સઈ - અન્ય કોઈનો.
એવં - એ પ્રકારે.
અદીણમણસો - અગ્લાનચિત્તવાળો.
અપ્પાણં - આત્માને.
અણુસાસઈ - શિખામણ આપે.
સાસઓ - શાશ્વતો.
અપ્પા - આત્મા.
નાણદંસણસંજુઓ - જ્ઞાનદર્શન યુક્ત.
સેસા - બાકીના.
બાહિરાભાવા - બાહ્યભાવો.

સંજોગલક્ખણા - સંયોગ લક્ષણવાળા.
સંજોગમૂલા - સંયોગ છે મૂળ કારણ જેનું એવી.
જીવેણ - જીવે.
પત્તા - પ્રાપ્ત કરી.
દુક્ખપરંપરા - દુઃખની શ્રેણી.
તમ્હા - તે કારણ માટે.
સંજોગસંબંધ - સંયોગ સંબંધ.
સવ્વં - સર્વ.
તિવિહેણ - ત્રિવિધે.
વોસિરિઅં - વોસિરાવ્યો.
અરિહંતો - અરિહંત.
મહ - મ્હારા.
દેવો - દેવ છે.
જાવજ્જીવં - જીવન પર્યંત.
સુસાહુણો - સુસાધુઓ.
ગુરુણો - ગુરૂઓ.
જિણપણ્ણત્તં - વીતરાગ દેવે પ્રરૂપેલ.
તત્તં - તત્ત્વ.
ઈઅ - એ પ્રકારે.
સમ્મત્તં - સમ્યક્ત્વ.
મએ - મેં.
ગહિઅં - ગ્રહણ કર્યું.
ખમિય - ખમાવીને.
ખમાવિઅ - ખામી.
મઈ - મારા વિષે.
ખમહ - ખમો.
સવ્વહ - સર્વ.
જીવનિકાય - જીવનિકાયોને.
સિદ્ધહસાખ - સિદ્ધની સાક્ષીપૂર્વક.
આલોયણહ - આલોયણ કરો.
મુજ્જહ - મારે.
વઈરભાવ - વૈરભાવ.
કમ્મવસ - કર્મવશથકી.
ચઉદહરાજ - ચૌદ રાજલોકક્ષેત્રમાં.
ભમંત - ભમે છે.
ખમાવિઆ - ખમાવ્યા.
મુજ્ઝવિ - મને પણ.
ખમંત - ખમો.
જં - જે.
મણેણ - મન વડે.
બદ્ધં - બંધાયું.
જં - જે.
વાએણં - વચન વડે.
ભાસિયં - બોલાયું.
પાવં - પાપ.
કાયેણ - કાયા વડે.
કયં - કરાયું.
મિચ્છામિ - મારૂં મિથ્યા થાઓ.
દુક્કડં - પાપ.
તસ્સ - તે.

વોસિરિસુ ઈમાઈ, મુક્ખમગ્ગસંસગ્ગવિગ્ઘભૂઆઈ;
દુગ્ગઈનિબંધણાઈ, અટ્ઠારસપાવઠાણાઈ. ૧૦.

અર્થ :- મોક્ષમાર્ગના ગમનને વિષે અંતરાય કરનારા અને માઠી ગતિના કારણભૂત એવા એ પૂર્વોક્ત અઢાર પાપ સ્થાનોને (હે આત્મા) તું વોસિરાવ (ત્યાગ કર). ૧૦.

એગોહં નત્થિ મે કોઈ, નાહમન્નસ્સ કસ્સઈ; એવં અદીણમણસો, અપ્પાણમણુસાસઈ. ૧૧.

અર્થ :- હું એકલો છું, મ્હારું કોઈ નથી, હું અન્ય કોઈપણનો નથી, એ પ્રમાણે અગ્લાન ચિત્તવાળો (સાવધાન ચિત્તવાળો) આત્માને શીખામણ આપે. ૧૧.

એગો મે સાસઓ અપ્પા, નાણંદંસણ-સંજુઓ; સેસા મે બાહિરાભાવા, સવ્વે સંજોગલક્ખણા. ૧૨.

અર્થ :- શાશ્વતો (સદાકાળ-નિત્ય રહેનારો) અને જ્ઞાન-દર્શનયુક્ત, એક મારો આત્મા છે. બાકીના સંયોગ લક્ષણવાળા સર્વ [1]ભાવો મારાથી બાહ્ય છે અર્થાત્ મારાથી જુદા છે. ૧૨.

સંજોગમૂલા જીવેણ, પત્તા દુક્ખપરંપરા; તમ્હા સંજોગસંબંધં, સવ્વં તિવિહેણ વોસિરિઅં. ૧૩.

અર્થ :- સંયોગ (ધન-કુટુંબાદિક) છે મૂળ કારણ જેનું એવી દુઃખની શ્રેણી જીવે પ્રાપ્ત કરી છે તે માટે સર્વ સંયોગનો સંબંધ મેં ત્રિવિધે (મન, વચન, કાયાએ) વોસિરાવ્યો છે. ૧૩.

અરિહંતો મહ દેવો, જાવજ્જીવં [2]સુસાહુણો ગુરુણો;

---

૧. દ્રવ્ય થકી ધન, ધાન્ય, કુટુંબાદિના મેલાપ અને ભાવથકી વિષય-કષાયાદિના મેલાપ.

૨. સમ્યગ્જ્ઞાન અને ક્રિયાવાળા આચાર્ય, ઉપાધ્યાય અને મુનિ.

જિણપણ્ણત્તં [1]તત્તં, ઈઅ સમ્મત્તં મએ ગહિઅં. ૧૪.

અર્થ :- યાવજ્જીવ સુધી અરિહંત મ્હારા દેવ છે. સુસાધુઓ મ્હારા ગુરૂ છે. વીતરાગ દેવે પ્રરૂપેલ તત્ત્વ મને માન્ય છે. એ પ્રમાણે સમ્યક્ત્વને મેં ગ્રહણ કર્યું છે. ૧૪.

ખમિઅ ખમાવિઅ મઈ ખમિઅ[2], સવ્વહ જીવનિકાય; સિદ્ધહ સાખ આલોયણહ, મુજ્ઝહ વઈર ન ભાવ. ૧૫.

અર્થ :- સર્વ જીવનિકાયોને ખમાવીને અને ખામીને મારે વિષે અપરાધો ખમો. સિદ્ધની સાક્ષીપૂર્વક હું આલોચના કરું છું, મારે કોઈની સાથે વૈરભાવ નથી. ૧૫.

સવ્વે જીવા કમ્મવસ, ચઉદહરાજ ભમંત; તે મે સવ્વ ખમાવિઆ, મુજ્ઝવિ તેહ ખમંત. ૧૬.

અર્થ :- સર્વ જીવો કર્મવશથકી ચૌદ રાજલોકને વિષે ભમે છે, તે સર્વને મેં ખમાવ્યા છે. મને પણ તેઓ ખમો. ૧૬.

જં જં મણેણ બદ્ધં, જં જં વાએણ ભાસિયં પાવં; જં જં કાએણ કયં, મિચ્છા મિ દુક્કડં તસ્સ. ૧૭.

અર્થ :- જે જે પાપ મનવડે બંધાયું. જે જે પાપ વચન વડે બોલાયું અને જે જે પાપ કાયા વડે કરાયું છે તે મારું પાપ ફોગટ થાઓ અર્થાત્ તે પાપનો મિચ્છા મિ દુક્કડં દઉં છું. ૧૭.

ઈતિ સંસ્તારક વિધિ સંપૂર્ણ.

---

૧. દયા મૂળ અને વિનય મૂળ તત્ત્વ અથવા જ્ઞાન, દર્શન, ચારિત્ર અને તપ રૂપ તત્ત્વ.

૨. ખમહ ઈતિ પાઠાન્તરમ્.

શ્રી રત્નાકરપંચવિંશિકા*

શબ્દાર્થ

શ્રેયઃ - મોક્ષરૂપ.
શ્રિયાં - લક્ષ્મીના.
મંગલકેલિસદ્મ ! - માંગલિક ક્રીડાના ગૃહ સમાન.
નરેન્દ્રદેવેન્દ્ર - રાજાઓ અને દેવેન્દ્રો વડે.
નતાંઘ્રિપદ્મ - નમસ્કાર કરાયા છે ચરણકમળ જેનાં એવા.
સર્વજ્ઞ - હે સર્વજ્ઞ પ્રભુ.
સર્વાતિશયપ્રધાન - સર્વ અતિશયો વડે શ્રેષ્ઠ.
ચિરં - લાંબા કાળ સુધી.
જય - જય પામો.
જ્ઞાનકલાનિધાન - કેવળજ્ઞાન અને કલાના ભંડાર.
જગત્ત્રયાધાર ! - ત્રણ જગતના આધારભૂત.
કૃપાવતાર ! - કરૂણાના અવતાર.
દુર્વારસંસાર - દુઃખે નિવારણ કરી શકાય એવા સંસારના.
વિકારવૈદ્ય - વિકારોને નાશ કરવામાં વૈદ્ય સમાન.
શ્રીવીતરાગ - હે વીતરાગ પ્રભુ.
ત્વયિ - તમારા વિષે તમોને.
મુગ્ધભાવાત્ - ભોળા (અજ્ઞાન) ભાવથી.
વિજ્ઞ ! - જ્ઞાનવંત.
પ્રભો - પ્રભુ.
વિજ્ઞપયામિ - વિનંતિ કરું છું.
કિંચિત્ - કાંઈક.
કિં - શું.
બાલ - બાળકની.
લીલાકલિત - ક્રીડાએ યુક્ત.
બાલઃ - બાળક.

---

* આ વીતરાગ દેવની સ્તુતિરૂપ પચ્ચીશી શ્રી **રત્નાકરસૂરિ મ.** એ બનાવેલી હોવાથી તેનું નામ રત્નાકરપંચવિંશિકા કહેવાય છે. શ્રી રત્નાકરસૂરિ મ. ચૌદમા સૈકામાં થઈ ગયા છે તેઓ દીક્ષા લીધા બાદ પરિગ્રહધારી હતા પણ પાછળથી પરિગ્રહ ત્યાગ કરીને શુદ્ધ નિર્ગ્રંથ થયા ત્યારે પોતાના દોષોનો નિખાલસપણે પશ્ચાત્તાપ કરવા માટે આત્મનિંદાગર્ભિત આ સ્તુતિ તેમણે રચી એવી કિંવદંતી ચાલે છે. આ ગ્રંથની સંસ્કૃત ટીકા અમારા તરફથી પ્રસિદ્ધ થયેલ **'સ્તુતિસંગ્રહસાવચૂરિક'** ગ્રંથમાં છપાયેલ છે.

પિત્રોઃ - મા-બાપની.
પુરઃ - આગળ, પાસે.
જલ્પતિ - બોલે છે.
નિર્વિકલ્પઃ - વિકલ્પ રહિત.
તથા - તેમ.
યથાર્થ - સત્ય રીતે.
કથયામિ - કહું છું.
નાથ ! - હે નાથ.
નિજાશયં - પોતાના અભિપ્રાયને.
સાનુશયં - પશ્ચાત્તાપ સહિત છતો.
તવાગ્રે - તમારી આગળ.
દત્તં - કીધું.
દાનં - દાનને.
પરિશીલિતં - પાળ્યું.
તપઃ - તપ.
અભિતપ્તં - તપ્યો - કર્યો.
શુભઃ - ઉત્તમ.
ભાવઃ - ભાવ-ભાવના.
અપિ - પણ.
અભવત્ - થયો.
ભવે - ભવને વિષે.

અસ્મિન્ - આ.
મયા - મેં.
ભ્રાંતં - ભ્રમણ કર્યું.
અહો - આશ્ચર્યે.
મુધૈવ - ફોગટ જ.
દગ્ધઃ - બળેલો.
અગ્નિના - અગ્નિ વડે.
ક્રોધમયેન - ક્રોધરૂપી.
દષ્ટઃ - ડંખાયેલો.
દુષ્ટેન - ક્રૂર.
લોભાખ્ય - લોભ નામના.
મહોરગેણ - મોટા સર્પ વડે.
ગ્રસ્તઃ - ગળાયેલો છું.
અભિમાનાજગરેણ - અભિમાન રૂપી અજગર વડે.
માયાજાલેન - કપટ રૂપ જાળવડે.
બદ્ધઃ - બંધાયેલો.
અસ્મિ - છું.
કથં - કેવી રીતે.
ભજે - ભજું.
ત્વાં - તમોને.

શ્રેયઃ શ્રિયાં મંગલકેલિસદ્મ !,
નરેન્દ્ર દેવેન્દ્ર-નતાંઘ્રિપદ્મ !;
સર્વજ્ઞ ! સર્વાતિશયપ્રધાન !,
ચિરં જય જ્ઞાનકલાનિધાન !. ૧.

અર્થ :- મોક્ષરૂપ લક્ષ્મીના માંગલિક ક્રીડાના ગૃહ (ઘર) સમાન ! રાજાઓ અને દેવેન્દ્રો વડે નમસ્કાર કરાયા છે ચરણકમળ જેનાં એવા ! સર્વ (ચોત્રીશ) અતિશયો વડે કરીને શ્રેષ્ઠ ! કેવળજ્ઞાન અને કળાના ભંડાર ! એવા હે સર્વજ્ઞ પ્રભુ ! તમે ચિરકાળ જય પામો. ૧.

જગત્ત્રયાધાર ! કૃપાવતાર !,
દુર્વારસંસાર વિકારવૈદ્ય !;
શ્રીવીતરાગ[1] ! ત્વયિ મુગ્ધ-ભાવાદ્વિજ્ઞ !,
પ્રભો[2] ! વિજ્ઞપયામિ કિંચિત્. ૨.

અર્થ :- ત્રણ જગતના આધારભૂત, કરુણાના અવતાર ! દુઃખે નિવારણ કરી શકાય એવા સંસારના વિકારો (સંસારૂપ રોગ)ને નાશ કરવામાં વૈદ્ય સમાન ! વિશેષ જ્ઞાનવંત ! એવા હે શ્રી વીતરાગપ્રભુ ! તમારે વિષે (તમોને) હું ભોળાભાવ (અજ્ઞાનભાવ) થકી કાંઈક વિનંતિ કરું છું. ૨.

કિં બાલલીલાકલિતો ન બાલઃ,
પિત્રોઃ પુરો જલ્પતિ નિર્વિકલ્પઃ ?;
તથા યથાર્થં કથયામિ નાથ !,
નિજાશયં સાનુસયસ્તવાગ્રે. ૩.

અર્થ :- બાળકની ક્રીડાએ કરીને યુક્ત અને વિકલ્પ રહિત એવો બાળક મા-બાપની પાસે શું (સત્યવચન) નથી બોલતો ? અર્થાત્ બોલે છે જ. તેવી રીતે હે નાથ ! પશ્ચાત્તાપે કરી સહિત હું તમારી આગળ મારા પોતાના અભિપ્રાયને સત્ય કહું છું. ૩.

---

૧. રાગ દ્વેષ રહિત. ૨. સમર્થ.

દત્તં ન દાનં પરિશીલિતં ચ,
ન શાલિ શીલં ન તપોઽભિતપ્તમ્;
શુભો ન ભાવોપ્યભવદ્ ભવેઽસ્મિન્,
વિભો ! મયા ભ્રાન્તમહો મુધૈવ. ૪.

અર્થ :- હે પ્રભુ ! મેં દાન દીધું નથી. વળી સુંદર શીયળ વ્રત પાળ્યું નથી. તપ તપ્યો (કર્યો) નથી અને ઉત્તમ ભાવ પણ થયો નથી. અહો ઈતિ આશ્ચર્યે ! આ ભવ (જન્મ) ને વિષે મેં ફોગટ જ ભ્રમણ કર્યું. ૪.

દગ્ધોઽગ્નિના ક્રોધમયેન દષ્ટો,
દુષ્ટેન લોભાખ્યમહોરગેણ;
ગ્રસ્તો[1]ઽભિમાનાજગરેણ માયા-,
જાલેન બદ્ધોઽસ્મિ કથં ભજે ત્વામ્ ! ૫.

અર્થ :- ક્રોધરૂપ અગ્નિ વડે હું બળેલો છું, દુષ્ટ (ક્રૂર) લોભ નામના મોટા સર્પ વડે ડંખાયેલો (ડસાયેલો) છું, અભિમાન રૂપી અજગરવડે હું ગળાયેલો છું અને માયારૂપી જાલ (પાશ) વડે હું બંધાયેલો છું. તેથી તમોને શી રીતે હું ભજું ? ૫.

શબ્દાર્થ

કૃતં - કર્યું.	અભૂત્ - થયું.
અમુત્રહિતં - પરલોકમાં હિતકારી કાર્ય.	અસ્માદૃશાં - અમારા જેવાનો.
ઈહલોકે - આ લોકમાં.	કેવલં - ફક્ત.
લોકેશ ! - હે લોકના ઈશ્વર.	એવ - નિશ્ચે.
સુખં - સુખ.	જન્મ - જન્મ, અવતાર.
મે - મને.	જિનેશ - હે જિનેશ્વર.

૧. ગ્રસ્તોઽસ્મિ માનાજગરેણ ઈતિ પાઠાન્તરે.

જજ્ઞે - થયો.
ભવપૂરણાય - ભવોને પૂર્ણ કરવા માટે.
મન્યે - હું માનું છું.
મનઃ - મન.
યત્ - જે કારણ માટે.
મનોજ્ઞવૃત્ત - સુંદર આચારવાળા.
ત્વદાસ્ય - તમારા મુખરૂપી.
પીયૂષમયૂખ - ચંદ્રના.
લાભાત્ - લાભ થકી.
દ્રુતં - દ્રવ્યું.
મહાનંદરસ - મ્હોટા આનંદના રસને.
કઠોરં - કઠોર.
તદ્ - તે કારણ માટે.
અશ્મતઃ - પત્થર થકી.
ત્વત્તઃ - તમારી પાસેથી.
સુદુષ્પ્રાપ્યં - અતિ દુઃખે પ્રાપ્ત થઈ શકે એવું.
ઈદં - આ.
આપ્તં - પ્રાપ્ત કરી.
રત્નત્રયં - રત્નત્રયી-જ્ઞાન, દર્શન, ચારિત્ર.
ભૂરિ - ઘણા.
ભવભ્રમેણ - ભવમાં ભ્રમણ કરવા વડે.
પ્રમાદ - પ્રમાદ રૂપ.
નિદ્રાવશતઃ - નિદ્રાના વશ થકી.
ગતં - ગઈ.
તત્ - તે.
કસ્ય - કોની.
અગ્રતઃ - આગળ
નાયક ! - હે સ્વામી.
પૂત્કારોમિ - હું પોકાર કરું.
વૈરાગ્યરંગઃ - વૈરાગ્યનો રંગ.
પરવંચનાય - બીજાને છેતરવાને.
ધર્મોપદેશઃ - ધર્મનો ઉપદેશ.
જનરંજનાય - લોકને ખુશી કરવાને.
વાદાય - વાદને માટે.
વિદ્યાધ્યયનં - વિદ્યાનો અભ્યાસ.
કિયદ્ - કેટલુંક.
બ્રુવે - કહું.
હાસ્યકરં - હાસ્યકારક વૃત્તાંત.
સ્વમ્ - પોતાનું.
પરાપવાદેન - પર નિંદા વડે.
મુખં - મુખને.
સદોષં - દોષવાળું.
નેત્રં - નેત્રને.
પરસ્ત્રીજનવીક્ષણેન - પરની સ્ત્રીઓને જોવા વડે.
ચેતઃ - ચિત્તને.
પરાપાય - પરનું કષ્ટ.
વિચિન્તનેન - ચિંતવવા વડે.
ભવિષ્યામિ - થઈશ.
કથં - કેવી રીતે.
વિભો - હે પ્રભુ.
અહં - હં.

કૃતં મયાઽમુત્ર હિતં ન ચેહ, લોકેઽપિ લોકેશ ! સુખં ન મેઽભૂત; અસ્માદૃશાં કેવલમેવ જન્મ, જિનેશ ! જજ્ઞે ભવપૂરણાય. ૬.

અર્થ :- હે લોકના ઈશ ! મેં પરભવમાં હિતકારી કાર્ય ન કર્યું, વળી આ લોકમાં પણ મને સુખ ન થયું; તો હે જિનેશ્વર ! અમારા જેવાનો જન્મ ફક્ત ભવોને પૂર્ણ કરવા માટે જ થયો, અર્થાત્ ભવની સંખ્યાની ગણતરી માટે જ અમે જન્મ ધારણ કર્યો. ૬.

મન્યે મનો યન્ન મનોજ્ઞવૃત્ત !, ત્વદાસ્યપીયૂષમયૂખ-લાભાત્, દ્રુતં મહાનન્દરસં કઠોરમસ્માદૃશાં દેવ ! તદશ્મતોઽપિ. ૭.

અર્થ :- હે સુંદર (મનને આનંદદાયક) આચરણવાળા ! હે દેવ ! જે કારણ માટે અમારા જેવાનું મન, તમારા મુખ રૂપી ચંદ્રના લાભ થકી મ્હોટા આનંદના રસને ન દ્રવ્યું (મ્હોટા આનંદવડે રસરૂપ ન કર્યું) તે કારણ માટે અમારા જેવાનું (મન) પત્થર થકી કઠોર છે. એમ હું માનું છું. ૭.

ત્વત્તઃ સુદુષ્પ્રાપ્યમિદં મયાઽઽપ્તં, રત્નત્રયં ભૂરિભવભ્રમેણ; પ્રમાદનિદ્રાવશતો ગતં તત્, કસ્યાગ્રતો નાયક ! પૂત્કરોમિ ? ૮.

અર્થ :- હે સ્વામી ! ઘણા ભવમાં ભ્રમણ કરવા વડે અતિ દુષ્પ્રાપ્ય (ઘણા કષ્ટે પ્રાપ્ત થઈ શકે) એવી આ (જ્ઞાન, દર્શન અને ચારિત્રરૂપી) રત્નત્રયીને મેં તમારી પાસેથી પ્રાપ્ત કરી હતી. તે પ્રમાદરૂપ નિદ્રાના વશ થકી ગઈ (જતી રહી) તો હવે હું કોની આગળ પોકાર કરું ? ૮.

[1]વૈરાગ્યરંગઃ પરવંચનાય, ધર્મોપદેશો જનરંજનાય;

૧. રંગોઽપર પાઠઃ

વાદાય વિદ્યાઽધ્યયનં ચ મેઽભૂત, કિયદ્ બ્રુવે ? હાસ્ય-કરં સ્વમીશ ! ૯.

અર્થ :- હે ઈશ ! મારો વૈરાગ્યનો રંગ બીજાઓને છેતરવાને માટે થયો; મારો ધર્મનો ઉપદેશ લોકોને ખુશી કરવાને માટે થયો અને મારો વિદ્યાનો અભ્યાસ વાદવિવાદ કરવા માટે થયો. મારું પોતાનું હાસ્યકારક વૃત્તાંત કેટલું કહું ? ૯.

પરાપવાદેન મુખં સદોષં, નેત્રં પરસ્ત્રી-જન-વીક્ષણેન; ચેતઃ પરાપાયવિચિન્તનેન, કૃતં ભવિષ્યામિ કથં ? વિભોઽહમ્ ૧૦.

અર્થ :- હે પ્રભુ ! પરની નિંદાવડે મેં મુખને દોષવાળું કર્યું, પરની સ્ત્રીઓને જોવાવડે મેં નેત્રને દોષવાળું કર્યું અને પરનું કષ્ટ ચિંતવવા વડે મેં ચિત્તને દોષવાળું કર્યું, તો હું કેવી રીતે શુદ્ધ થઈશ - મારું શું થશે ? ૧૦.

શબ્દાર્થ

વિડંબિત - વિડંબના પમાડી.
યત્સ્મર - જે કામદેવ રૂપ.
ઘસ્મરાર્તિ - રોગની પીડા.
દશાવશાત્ - દશાના વશ થકી.
સ્વં - મારા આત્માને.
વિષયાંધલેન - વિષયોમાં અંધ એવા મેં.
પ્રકાશિતં - પ્રકાશ કર્યું.
તદ્ - તે.
ભવતઃ - તમોને.
હ્રિયૈવ - લજ્જાથી જ.
સર્વં - બધું.
સ્વયમેવ - પોતે જ.
વેત્સિ - જાણો છો.
ધ્યસ્તઃ - નાશ કર્યો, અવગણના કરી.
અન્યમંત્રૈઃ - અન્ય મંત્રો વડે.
પરમેષ્ઠિમંત્રઃ - પંચપરમેષ્ઠિ મંત્ર.
કુશાસ્ત્રવાક્યૈઃ - કુશાસ્ત્રનાં વાક્યો વડે.
નિહતા - ઢાંકી દીધી.
આગમમોક્તિઃ - આગમની વાણી.
કર્તું - કરવાને.
વૃથા કર્મ - ફોગટ કર્મ.
કુદેવસંગાત્ - કુદેવના સંગથી.
અવાંછિ - ઈચ્છયું.
હી - વિસ્મયે.

મતિભ્રમઃ - બુદ્ધિનો વિભ્રમ.
વિમુચ્ય - મૂકીને.
દૃગ્લક્ષ્યગતં - દૃષ્ટિના લક્ષ્યમાં આવેલા.
ભવંતં - તમોને.
ધ્યાતા - ધ્યાન કર્યું.
મૂઢધિયા - મૂઢ બુદ્ધિવાળા.
હૃદંતઃ - હૃદયમાં.
કટાક્ષવક્ષોજ - કટાક્ષ, સ્તન.
ગભીરનાભિ - ગંભીર નાભિ (અને).
કટીતટીયાઃ - કટી પ્રદેશ સંબંધી.
સુદૃશાં - સ્ત્રીઓના.
વિલાસાઃ - વિલાસોને.
લોલેક્ષણા - ચપળ નેત્રવાળી સ્ત્રીઓના.
વક્ત્રનિરીક્ષણેન - મુખ જોવા વડે.
યઃ - જે.
માનસઃ - મન સંબંધી.
રાગલવઃ - રાગનો લેશ.
શુદ્ધસિદ્ધાંત - પવિત્ર સિદ્ધાંતરૂપી.
પયોધિમધ્યે - સમુદ્રમાં.
ધૌતઃ - ધોયો છતો.
અગાત્ - ગયો.
તારક - હે ! ભવસમુદ્ર થકી તારનાર.
કિં - શું.
અંગં - શરીર.
ચંગં - સુંદર.
ગણઃ - સમૂહ.
ગુણાનાં - સદ્ગુણોનો.
નિર્મલઃ - સ્વચ્છ.
કોઽપિ - કોઈ.
કલાવિલાસઃ - કળાનો વિલાસ.
સ્ફુરત્પ્રભઃ - સ્ફુરાયમાન કાન્તિ જેની એવી.
પ્રભુતા - મોટાઈ, ઠકુરાઈ.
કોઽપિ - કોઈ.
તથાપિ - તોપણ.
અહંકારકદર્થિતઃ - અહંકારવડે કદર્થના પામેલો છું.

વિડમ્બિતં યત્સ્મરઘસ્મરાર્ત્તિ-,
દશાવશાત્સ્વં વિષયાન્ધલેન[૧];
પ્રકાશિતં તદ્ ભવતો હ્રિયૈવ,
સર્વજ્ઞ ! સર્વં સ્વયમેવ વેત્સિ. ૧૧.

---

૧. અંસલવત્સલાદિવદૌણાદિકાલપ્રત્યયાગમેન, વિદ્યુત્પતારાન્ધાલ્લ ઇતિ પ્રાકૃતલક્ષણેનેતિકશ્ચિત્ તન્ત પ્રાકૃતગન્ધસ્યા પ્યત્રાભાવાત્ મુરલાદેરાકૃતિગણાત્વાચ્ચ નાલપ્રત્યયદુર્લભતા.

અર્થ :- હે સર્વજ્ઞ ! વિષયોમાં અંધ થયેલા એવા મેં કામદેવરૂપી રોગની પીડાની દશાના વશ થકી જે મારા આત્માને વિડંબના પમાડી તે તમોને-તમારી પાસે લજ્જાથી જ મેં પ્રકાશ કર્યું પ્રગટ કર્યું છે તમે પોતે જ તે સર્વ જાણો છો. ૧૧.

ધ્વસ્તોઽન્યમન્ત્રૈઃ પરમેષ્ઠિમન્ત્રઃ,
કુશાસ્ત્રવાક્યૈર્નિહતાઽઽગમોક્તિઃ;
કર્ત્તું વૃથા કર્મ કુદેવસંગા-,
ત્વાંછિ હી નાથ ! મતિભ્રમો મે. ૧૨.

અર્થ :- હે નાથ ! બીજા મંત્રો વડે કરીને પરમેષ્ઠી મંત્ર (નવકાર મંત્ર)નો મેં નાશ કર્યો-અવગણના કરી. કુશાસ્ત્રનાં વાક્યોએ કરીને આગમ (સિદ્ધાંત)ની વાણી હણી નાખી. ઢાંકી દીધી અર્થાત્ સાંભળી નહિ અને કુદેવના સંગથી નિષ્ફળ કાર્ય કરવાને મેં ઇચ્છ્યું, તેથી વિસ્મય થાય છે કે મારો બુદ્ધિનો વિભ્રમ થયો છે. ૧૨.

વિમુચ્ય દૃગ્લક્ષ્યગતં ભવન્તં,
ધ્યાતા મયા મૂઢધિયા હૃદન્તઃ;
કટાક્ષવક્ષોજગભીરનાભિ-,
કટીતટીયાઃ સુદશાં વિલાસાઃ. ૧૩.

અર્થ :- મૂઢ બુદ્ધિવાળા મેં દષ્ટિલક્ષ્યમાં આવેલા પ્રત્યક્ષ એવા આપને મૂકીને હૃદયને વિષે કટાક્ષ, સ્તન, ગંભીરનાભિ અને કટી પ્રદેશ સંબંધી સ્ત્રીઓના વિલાસોનું ધ્યાન કર્યું છે. ૧૩.

લોલેક્ષણાવક્ત્રનિરીક્ષણેન,
યો માનસો[1] રાગલવો વિલગ્નઃ;

---

૧. માનસે એવો પાઠ હોય ત્યાં "મનને વિષે" એવો અર્થ કરવો.

ન શુદ્ધસિદ્ધાન્તપયોધિમધ્યે,
ધૌતોઽપ્યગાત્તારક ! કારણં કિમ્ ? ૧૪.

અર્થ :- હે તારક ! (ભવસમુદ્રથકી તારનાર) ચપળ નેત્રવાળી સ્ત્રીઓનાં મુખ જોવા વડે મનસંબંધી જે રાગનો લેશ (અંશ) વિશેષ પ્રકારે લાગેલો છે તે પવિત્ર સિદ્ધાંતરૂપી સમુદ્રમાં ધોયો છતો પણ ગયો નહિ ત્યાં શું કારણ છે ? ૧૪.

અંગં ન ચંગં ન ગણો ગુણાનાં,
ન નિર્મલઃ કોઽપિ કલાવિલાસઃ;
સ્ફુરત્પ્રભા[1] ન પ્રભુતા ચ કાઽપિ,
તથાઽપ્યહંકારકદર્થિતોઽહમ્. ૧૫.

અર્થ :- મારું શરીર સુંદર નથી, સદ્‌ગુણોનો સમૂહ નથી કોઈપણ સ્વચ્છ કળાનો વિલાસ નથી અને સ્ફુરાયમાન છે કાન્તિ જેની એવી કોઈપણ ઠકુરાઈ (મોટાઈ) નથી, તો પણ હું અહંકાર વડે કદર્થના પામેલો છું. ૧૫.

શબ્દાર્થ

આયુઃ - આયુષ્ય	યત્નઃ - પ્રયત્ન.
ગલતિ - જાય છે.	ભૈષજ્યવિધૌ - ઔષધની વિધિમાં.
આશુ - શીઘ્ર.	ધર્મે - ધર્મમાં.
પાપબુદ્ધિઃ - પાપની બુદ્ધિ.	સ્વામિન્ - હે સ્વામી.
ગતં - ગઈ.	મહામોહવિડંબના - મોટા મોહવડે વિડંબના.
વયઃ - અવસ્થા.	
નો - ન ગઈ.	મે - મારૂં.
વિષયાભિલાષઃ - વિષયવાસના.	વિટાનાં - નાસ્તિકોની.

૧. પ્રધાનપ્રભુતા ઇતિ પાઠાન્તરે.

કટુગીઃ - કડવી વાણી.
અપિ ઈય - પણ એવી.
આધારિ - ધારણ કરી.
કર્ણે - કાનમાં.
ત્વયિ - તમે.
કેવલાર્કે - કેવળજ્ઞાનરૂપ સૂર્ય સમાન.
પરિસ્ફુટે - અતિપ્રકટ.
સત્યપિ - છતે પણ.
ધિગ્ - ધિક્કાર હો.
મામ્ - મને.
દેવપૂજા - દેવની પૂજા.
પાત્રપૂજા - સુપાત્ર પૂજા.
શ્રાદ્ધધર્મઃ - શ્રાવકોનો ધર્મ.
સાધુધર્મઃ - સાધુનો ધર્મ
લબ્ધ્વા - પામીને.
માનુષ્યં - મનુષ્યભવ.
સમસ્તં - બધું.
અરણ્ય - જંગલમાં કરેલ.
વિલાપતુલ્યં - વિલાપ તુલ્ય.
ચક્રે - કરી.
અસત્સુ - અસત્ય.
કામધેનુ - કામધેનુ.
કલ્પદ્રુમ - કલ્પવૃક્ષ અને.
ચિંતામણિષુ - ચિંતામણિ રત્નને વિષે.
સ્પૃહા - વાંછાની.
આર્તિ - પીડા.
જૈનધર્મે - જૈન ધર્મને વિષે.
સ્ફુટશર્મદે! - પ્રકટસુખ આપનાર.
જિનેશ - હે જિનેશ્વર.
વિમૂઢભાવં - મૂઢપણાને.
સદ્ભોગલીલા - સારાભોગની લીલા.
રોગકીલા - રોગની જવાળા.
ધનાગમઃ - ધનની પ્રાપ્તિ.
નિધનાગમઃ - મરણની પ્રાપ્તિ.
દારા - સ્ત્રી.
કારા - કેદખાનું.
નરકસ્ય - નરકના.
ચિત્તે - ચિત્તને વિષે.
વ્યચિંતિ - ચિંતવ્યું.
નિત્યં - હંમેશા.
મયકા - મેં.
અધમેન - અધમ.

આયુર્ગલત્યાશુ ન પાપબુદ્ધિ,
ર્ગતં વયો નો વિષયાભિલાષઃ;
યત્નશ્ચ ભૈષજ્યવિધૌ ન ધર્મે,
સ્વામિન્મહામોહવિડમ્બના મે. ૧૯.

અર્થ :- હે સ્વામી ! મારું આયુષ્ય શીઘ્ર જાય છે. પણ પાપની બુદ્ધિ જતી નથી. મારૂં વય (અવસ્થા-ઉંમર) ગયું પણ વિષયની વાસના ગઈ નહિ, વળી ઔષધની વિધિમાં પ્રયત્ન કર્યો પણ ધર્મને વિષે યત્ન કર્યો નહિ, એ કારણથી મ્હોટા મોહવડે મારી વિડંબના- (કષ્ટ) થઈ. ૧૬.

નાત્મા ન પુણ્યં ન ભવો ન પાપં,
મયા વિટાનાં કટુગીરપીયમ્;
[1]આધારિ કર્ણે ત્વયિ કેવલાર્કે,
પરિસ્ફુટે સત્યપિ દેવ ? ધિઙ્‍માસ્. ૧૭.

અર્થ :- હે દેવ ! આત્મા (પરમાત્મા) નથી, પુણ્ય નથી, ભવ (પુનર્જન્મ) નથી અને પાપ નથી, એ પ્રકારે વિષયલુબ્ધ જનોની કડવી વાણી, કેવળજ્ઞાનવડે સૂર્ય સમાન (અથવા કેવળજ્ઞાનરૂપ સૂર્યસમાન) એવા તમે અતિપ્રકટ છતે પણ મેં કાનને વિષે ધારણકરી (સાંભળી) માટે મને ધિક્કાર હો ! ૧૭.

ન દેવપૂજા ન ચ પાત્રપૂજા,
ન શ્રાદ્ધધર્મશ્ચ ન સાધુધર્મ;
લબ્ધ્વાડપિ માનુષ્યમિદં સમસ્તં,
કૃતં મયાડરણ્યવિલાપતુલ્યમ્. ૧૮.

અર્થ :- મેં દેવની પૂજા ન કરી, વળી સુપાત્રની પૂજા ન કરી, શ્રાવકધર્મ ન પાળ્યો. વળી સાધુધર્મ ન પાળ્યો, આ મનુષ્યજન્મ પામીને પણ મેં બધું અરણ્યમાં કરેલ વિલાપ તુલ્ય કર્યું.

---

૧. અધારિ ઇતિ વા આધારિ પાઠમાં આ ङ् ઉપસર્ગ લાગેલો છે.

ચક્રે [1]મયાઽસત્સ્વપિ કામધેનુ...
કલ્પદ્રુ ચિન્તામણિષુ સ્પૃહાર્ત્તિઃ;
ન જૈનધર્મે સ્ફુટશર્મદેઽપિ,
જિનેશ ? મે પશ્ય વિમૂઢભાવમ્. ૧૯.

અર્થ :- હે જિનેશ્વર ! મેં અસત્ય એવા પણ કામધેનુ, કલ્પવૃક્ષ અને ચિંતામણિ રત્નને વિષે વાંછાની પીડા કરી. (અર્થાત્ કામધેનુ વગેરે અસત્ય પદાર્થો મેળવવા મારું મન આકર્ષાયું) પરંતુ પ્રકર્ષ રીતે સુખને આપનાર જૈનધર્મને વિષે વાંચ્છા કરી નહિ, મારા વિશેષ પ્રકારના મૂઢપણાને તમે જુઓ. ૧૯.

સદ્‌ભોગલીલા ન ચ રોગકીલા,
ધનાગમો નો નિધનાગમશ્ચ;
દારા ન કારા નરકસ્ય ચિત્તે,
વ્યચિન્તિ નિત્યં મયકાઽધમેન. ૨૦.

અર્થ :-અધમ એવા મેં હંમેશાં ચિત્તને વિષે સારા સારા ભોગ (સંસારસુખ)ની લીલા ચિંતવી પણ એ રોગોની જ્વાળા છે એમ ન ચિંતવ્યું (વિચાર્યું), ધનની પ્રાપ્તિ ચિંતવી પણ એ મરણની પ્રાપ્તિ તુલ્ય છે એમ ન ચિંતવ્યું, સ્ત્રીઓ ચિંતવી પરંતુ એ નરકના કેદખાના (નરકના બંધનરૂપ) છે એમ ન ચિંતવ્યું. ૨૦.

---

૧. અહીં અસત્સુને ઠેકાણે સત્સુ એવો પાઠ હોય ત્યાં આ પ્રમાણે અર્થ કરવો-કામધેનું, કલ્પવૃક્ષ અને ચિંતામણિ રત્ન મને પ્રાપ્ત થયે છતે પણ મેં (આર્ત્તિઃ) આર્તધ્યાન કર્યું, પરંતુ પ્રકટ રીતે સુખ આપનાર એવા પણ જૈનધર્મને વિષે (સ્પૃહા) ઈચ્છા ન કરી, તો હે જિનેશ્વર ! મારી મૂર્ખાઈ જો તું.

શબ્દાર્થ

સ્થિતં - રહેવાયું.
સાધોઃ - સાધુના.
હૃદિ - હૃદયને વિષે.
સાધુવૃત્તાત્ - આચરણથી.
પરોપકારાત્- પરોપકારકરવા થકી.
યશઃ - યશ.
અર્જિતં - ઉપાર્જ્યો.
તીર્થોદ્ધરણાદિકૃત્યં - તીર્થોદ્ધાર વગેરે કાર્ય.
મુધા - ફોગટ.
હારિતં - ગુમાવ્યો.
વૈરાગ્યરંગઃ - વૈરાગ્યનો રંગ.
ગુરૂદિત્તેષુ - ગુરુના વચનોમાં.
દુર્જનાનાં - દુર્જનોના.
વચનેષુ - વચનોને વિષે.
શાન્તિઃ- સમભાવ.
અધ્યાત્મલેશઃ - અધ્યાત્મજ્ઞાનનો અંશ.
મમ - મને.
તાર્યઃ - તરવા યોગ્ય, તરવો.
કથંકારં - કેવી રીતે.
અયં - આ.
ભવાબ્ધિઃ - ભવસાગર.
પૂર્વે - પૂર્વનાં.
ભવે - ભવમાં.
અકારિ - કર્યું.
પુણ્યં - પુણ્ય.
આગામિ જન્મનિ - આવતા ભવને વિષે.
કરિષ્યે - કરીશ.
યદિ - જો, જે કારણ માટે.
ઈદશ ! - એવો.
તેન - તેથી.
નષ્ટા - નાશ પામ્યા.
ભૂતોદ્ ભવત્- ભૂત વર્તમાન (અને).
ભાવિભવત્રયી - ભવિષ્ય એ ત્રણ ભવ.
કિં - શું.
વા - અથવા.
સુધાભુક્ - હે દેવ.
પૂજ્ય - હે પૂજ્ય.
ત્વદગ્રે - તમારી પાસે.
ચરિતં - ચરિત્રને.
સ્વકીયં - પોતાના.
જલ્પામિ - કહું.
યસ્માત્ - જે કારણ માટે.
ત્રિજગત્સ્વરૂપ - ત્રણ જગતનાં સ્વરૂપનું.
નિરૂપકઃ - નિરૂપણ કરનાર.
ક્રિયદ્ - શું માત્ર.
એતદ્ - આ મારું ચરિત્ર.
અત્ર - અહીં, તમારે વિષે.

દીનોદ્ધાર - દીનજનોનો ઉદ્ધાર કરવામાં.
ધુરંધરઃ - અગ્રેસર.
ત્વદપરઃ - તમારાથી બીજો કોઈ.
નાસ્તે - નથી.
મદન્યઃ - મારાથી બીજો કોઈ.
કૃપાપાત્રં - કૃપાનું ભાજનમાં-દયા કરવા યોગ્ય.
અત્ર જને - આ લોકને વિષે.
જિનેશ્વર - હે જિનેશ્વર.
એતાં - પ્રત્યક્ષ સંસારની.
ન યાચે - માગતો નથી.
શ્રિયં - લક્ષ્મીને.
કિન્તુ - પરંતુ.
અર્હન્ - હે અરિહંત.
કેવલ - ફક્ત.
અહો - આશ્ચર્યે.
સદ્બોધિરત્નં - સમ્યક્ત્વ રત્નને.
શિવં - મોક્ષ ફળને આપનાર.
શ્રીરત્નાકર - મોક્ષલક્ષ્મીના સમુદ્ર.
મંગલૈકનિલય - મંગળના અદ્વિતીય સ્થાન રૂપ.
શ્રેયસ્કરં - કલ્યાણકારક.
પ્રાર્થયે - માગું છું.

સ્થિતં ન સાધોર્હૃદિ સાધુવૃત્તાત્,
પરોપકારાન્ન યશોઽર્જિતં ચ;
કૃતં ન તીર્થોદ્ધરણાદિકૃત્યં,
મયા મુધા હારિતમેવ જન્મ. ૨૧.

અર્થ :- મારા વડે સારા આચરણથી સાધુ પુરુષના હૃદયમાં ન રહેવાયું (અર્થાત્ સારા આચરણ વડે સાધુ પુરુષનું ચિત્ત મેં પ્રસન્ન કર્યું નહિ), પરોપકાર કરવા થકી મેં યશ ન ઉપાર્જન કર્યો, વળી તીર્થોદ્ધાર વગેરે કાર્ય મેં કર્યું નહિ, તેથી મેં ફોગટ જ જન્મ ગુમાવ્યો છે. ૨૧.

વૈરાગ્યરંગો ન ગુરૂદિતેષુ,
ન દુર્જનાનાં વચનેષુ શાન્તિઃ;
નાધ્યાત્મલેશો મમ કોઽપિ દેવ !,
તાર્યઃ કથંકારમયં ભવાબ્ધિઃ. ૨૨.

અર્થ :- હે દેવ ! ગુરૂના વચનોને વિષે (ગુરુના ઉપદેશ વડે) મને વૈરાગ્યનો રંગ ન થયો, દુર્જનોનાં વચનોને વિષે મને શાન્તિ (સમભાવ) ન થઈ અને અધ્યાત્મજ્ઞાનનો અંશ કાંઈ પણ મને થયો નહિ તો આ ભવસાગર શી રીતે મારે તરવો ? ૨૨.

પૂર્વે ભવેઽકારિ મયા ન પુણ્ય-,
માગામિજન્મન્યપિ નો કરિષ્યે;
યદીદૃશોઽહં મમ તેન નષ્ટા,
ભૂતોદ્‌ભવદ્‌ભાવિભવત્રયીશ !. ૨૩.

અર્થ :- મેં પૂર્વભવમાં પુણ્ય ન કર્યું અને આવતા જન્મને વિષે પણ નહિ કરીશ. જે કારણ માટે હું એવો છું, તે કારણથી મારા ભૂત, વર્તમાન અને ભવિષ્ય એ ત્રણે ભવો નાશ પામ્યા-નિષ્ફળ ગયા. ૨૩.

કિં વા મુધાઽહં બહુધા *સુધાભુક્,
પૂજ્ય ! ત્વદગ્રે ચરિતં સ્વકીયમ્;
જલ્પામિ યસ્માત્ +ત્રિજગત્સ્વરૂપ-,
નિરૂપકસ્ત્વં કિયદેતદત્ર. ૨૪.

અર્થ :- અથવા તો હે દેવ ! હે પૂજ્ય ! તમારી પાસે મારા પોતાના ચરિત્રને બહુ પ્રકારે ફોગટ હું શું કહું ? જે કારણ માટે ત્રણ જગતના સ્વરૂપનું નિરૂપણ કરનારા તમે છો. તો અહીં (તમારા વિષે) આ મારૂં ચરિત્ર શું માત્ર છે. ૨૪.

---

* સુધાભુક્પૂજ્ય ! એ પ્રકારે સમાસાન્ત પદ લઈએ ત્યારે દેવતાના પૂજ્ય એવો અર્થ થાય છે.

\+ ત્રિજગત્સ્વરૂપ ! હે ત્રણ જગત છે સ્વરૂપ જેનું એવા અને નિરૂપક = સર્વજ્ઞ એવા બે પદો જુદાં પણ લઈ શકાય છે.

શાર્દૂલવિક્રીડિત છંદ

દીનોદ્ધારધુરન્ધર-સ્ત્વદપરો નાસ્તે મદન્યઃ કૃપા-
પાત્રં નાત્ર જને જિનેશ્વર ! તથાઽપ્યેતાં ન યાચે શ્રિયમ્;
કિંત્વર્હન્નિદમેવ કેવલમહો સદ્બોધિરત્નં શિવં, શ્રી-
રત્નાકર ! મંગલૈકનિલય ! શ્રેયસ્કરં પ્રાર્થયે. ૨૫.

અર્થ :- હે જિનેશ્વર ! દીન (દુઃખી) જનોને ઉદ્ધાર કરવામાં ધુરંધર (અગ્રેસર) તમારાથી બીજો કોઈ નથી અને આ લોકમાં મારાથી બીજો કોઈ કૃપાનું પાત્ર નથી તો પણ પ્રત્યક્ષ લક્ષ્મી (સંસારલક્ષ્મી)ને હું માગતો નથી. પરંતુ અહો ઈતિ આશ્ચર્યે ! હે અર્હન્ દેવ ! હે મોક્ષલક્ષ્મીના સમુદ્ર ! માંગલિકના અદ્વિતીય સ્થાનરૂપ ! મોક્ષફળને આપનાર અને કલ્યાણકારી એવા આ સમ્યક્ત્વ રત્નને જ ફક્ત હું માગું છું. ૨૫.

ઈતિ શ્રી રત્નાકરપંચવિંશિકા

અથ *પચ્ચક્ખાણો

શબ્દાર્થ

ઉગ્ગએ સૂરે - સૂર્ય ઊગ્યે છતે.	આહારં - આહારને.
નમુક્કારસહિઅં - નમસ્કાર સહિત.	અસણં - અશન.
મુટ્ઠિસહિઅં - મુઠ્ઠી સહિત.	પાણં - પાણી.
પચ્ચક્ખામિ - પચ્ચક્ખાણ કરૂં છું.	ખાઈમં - ખાદિમ.
ચઉવ્વિહંપિ - ચારે પ્રકારના.	સાઈમં - સ્વાદિમ.

* પ્રત્યાખ્યાન (પચ્ચક્ખાણ) શબ્દનો અર્થ ત્યાગ કરવું અને પાળવું એમ બે પ્રકારે થાય છે, તે આ પ્રમાણે-અવિરતિપણાનાં સ્વરૂપ પ્રત્યે પ્રતિ=પ્રતિકૂળપણે આ=આગાર મર્યાદાકરણ સ્વરૂપે કરીને આખ્યાન=કહેવું છે જેને વિષે તે પ્રત્યાખ્યાન અથવા પ્રતિ-આત્મ સ્વરૂપ પ્રત્યે આ=અભિવ્યાપીને અનાશંસારૂપ ગુણનું કરણ તેનું આખ્યાન=કહેવું કથન

અન્નત્થ - સિવાય.
અણાભોગેણં - અણજાણતાં.
સહસાગારેણં - સહસાત્કારે.
મહત્તરાગારેણં - મ્હોટા લાભને અર્થે.
સવ્વસમાહિવત્તિયાગારેણં - સમાધિ નિમિત્ત ઔષધાદિ કારણે.
વોસિરામિ - ત્યાગ કરૂં છું.
પોરિસિં - પહોર દિવસ ચડે ત્યાં સુધી.
સાઢપોરિસિં - દોઢ પહોર સુધી.
પચ્છન્નકાલેણં - વખતની ખબર નહિ પડવાથી.
દિસામોહેણં - દિશાનો વિપર્યાસ થવાથી.

છે જેને વિષે તે પ્રત્યાખ્યાન. અથવા પરલોક પ્રતિ=પ્રત્યે આ=ક્રિયાયોગાર્થે શુભાશુભ ફળનું કથન છે જેને વિષે તે પ્રત્યાખ્યાન=આ પચ્ચક્ખાણ મૂળ ગુણરૂપ અને ઉત્તર-ગુણરૂપ એવા બે ભેદે છે. મૂળગુણ પચ્ચક્ખાણના બે ભેદ છે-દેશથી અને સર્વથી, તેમાં સર્વથી મૂળગુણ પચ્ચક્ખાણ પાંચ મહાવ્રતરૂપ, તે સાધુને હોય, અને દેશથી મૂળગુણ પચ્ચક્ખાણ પાંચ અણુવ્રતરૂપ તે શ્રાવકને હોય. સર્વથી ઉત્તરગુણ પચ્ચક્ખાણ પિંડવિશુદ્ધિ પાંચ સમિતિ, બાર ભાવના, બારપ્રકારનો તપ, બાર પ્રતિમા અને અભિગ્રહ વગેરે અનેક પ્રકારે છે; તે સાધુને હોય અને દેશથી ઉત્તર ગુણ પચ્ચક્ખાણ અનાગતાદિ દશ પ્રકારનું યથાયોગ્ય રીતે હોય, દશ ભેદ આ પ્રમાણે છે-૧ **અનાગત પચ્ચક્ખાણ** (પર્યુષણાદિ પર્વમાં ગુરૂ, ગ્લાન વગેરેનું વૈયાવચ્ચ કરવાને કારણે અગાઉથી અઠમાદિ તપ કરે તે) ૨ **અતિક્રાન્ત** (પર્યુષણ પર્વમાં વૈયાવચ્ચાદિ કારણે તપ ન થયો હોય તો પછીથી કરે તે) ૩ **કોટિસહિત** (ચૌવિહાર ઉપવાસાદિ પચ્ચક્ખાણ કર્યું હોય તે પુરૂં થતાં તેવું જ બીજું પચ્ચક્ખાણ ફરીથી કરે તે) ૪ **નિયંત્રિત** (પુષ્ટ, નિરોગી કે ગ્લાનપણે ગમે તેમ હોય તો પણ અમુક દિવસે અમુક તપ કરીશ એવો અગાઉથી નિયમ લઈ ધારેલ દિવસે કરે તે, આ પચ્ચક્ખાણ પહેલા સંઘયણવાળા દશ પૂર્વી જિનકલ્પીને હતું. હાલ વિચ્છેદ થયું છે.) ૫ **અનાગાર** (આગાર રાખ્યા વિના પચ્ચક્ખાણ કરે તે.) ૬ **સાગાર** (આગાર સહિત) ૭ **નિરવશેષ** (ચાર પ્રકારના આહાર અને અણાહારી વસ્તુનું પચ્ચક્ખાણ કરે તે) ૮ **પરિમાણ કૃત** (દત્તિ, કવળ કે ઘરની સંખ્યા ધારે તે.) ૯ **સાંકેતિક** (સંકેત એટલે અંગુઠાદિ ચિહ્ન વડે કરી પચ્ચક્ખાણ ધારે તે) ૧૦ **અદ્ધા પચ્ચક્ખાણ** (કાળના પરિમાણવાળું પચ્ચક્ખાણ તે અદ્ધા પચ્ચક્ખાણ,) તે નમુક્કારસી આદિ દશ ભેદે છે જે આ પુસ્તકમાં સવિસ્તાર આવશે, આ પચ્ચક્ખાણના ૧૪૭ ભાંગા છે. તે સામાયિકવ્રતના ૪૯ ભાંગા અગાઉ

સાહુવયણેણં - સાધુનું વચન સાંભળીને. | પુરિમડ્ઢં - દિવસના પ્રથમના અર્ધભાગ સુધી.

¹નમુક્કારસહિય - મુટ્ઠિસહિઅંનું

ઉગ્ગએ સૂરે, નમુક્કારસહિઅં મુટ્ઠિસહિઅં

કહી ગયા છીએ તે પ્રકારના ૪૯ ભાંગાને અતીત, અનાગત અને વર્તમાનકાળના ભેદે ત્રણ ગુણા કરવાથી થાય છે. પૂર્વોક્ત સાંકેતિક નામનું નવમું પચ્ચક્ખાણ આઠ ભેદે છે, તે આ પ્રમાણે-૧ અંગુઠ્ઠસહિઅ (મુઠ્ઠીમાં અંગુઠો રાખું ત્યાં સુધી) ૨ મુઠ્ઠીસહિઅ (મુઠી વાળી રાખું ત્યાં સુધી), ૩ ગંઠિસહિઅ (ગાંઠ બાંધી રાખું ત્યાં સુધી) ૪ ઘરસહિઅ (ઘરે જાઉં ત્યાં સુધી) ૫ પ્રસ્વેદસહિઅ (શરીરે પરસેવાના બિંદુ નીકળે ત્યાં સુધી,) ૬ ઉસ્સાસ-સહિઅ (શ્વાસોચ્છ્વાસ લઉં અથવા જીવું ત્યાં સુધી.) ૭ થિબુકસહિઅ (વાસણે ચોંટેલાં પાણીના બિંદુ સૂકાય ત્યાં સુધી), ૮ જોઇક્ખસહિઅ (દીવા પ્રમુખની જ્યોત રહે ત્યાં સુધી) આ પચ્ચક્ખાણ પોરિસી આદિના પચ્ચક્ખાણની સાથે સાથે કરાય છે. પચ્ચક્ખાણ પૂરૂ થયું હોય અને ભોજન સામગ્રી તૈયાર ન હોય અથવા કાર્ય પ્રસંગે જમવાને ઢીલ હોય ત્યારે આવા પચ્ચક્ખાણ માંહેનું કોઈપણ કરી શકાય છે અને પોરિસિ આદિ પચ્ચક્ખાણ ન હોય તો પણ થાય છે. સાધુને મંડળીએ ગુરુ વગેરે ન આવ્યા હોય અથવા સાગારિકાદિનું કારણ હોય ત્યારે અભિગ્રહરૂપ સંકેત પચ્ચક્ખાણ થાય છે.

૧. રાઇઅપ્રતિક્રમણ કરતાં તપચિંતવણીના કાઉસ્સગ્ગ વખતે અમુક પચ્ચક્ખાણ કરીશ એમ ધારી લેવું અને પછી ગુરુમુખે અગર સ્થાપનાચાર્ય સન્મુખ પચ્ચક્ખાણ કરી લેવું. અને દેરાસરમાં દેવ સન્મુખ પણ પચ્ચક્ખાણ લેવું, જો પ્રભાતનું પ્રતિક્રમણ ગુરુ સાથે ઉપાશ્રયે ન કર્યું હોય તો ગુરૂ મહારાજને વાંદીને પચ્ચક્ખાણ લેવું આ પચ્ચક્ખાણ લેવા આશ્રયી ચૌભંગી આ પ્રમાણે જાણવી-(૧) ગુરુ પચ્ચક્ખાણના જાણ અને શ્રાવક પણ જાણ, (૨) ગુરુ જાણ અને શ્રાવક અજાણ, (૩) ગુરુ અજાણ અને શ્રાવક જાણ, (એ ત્રણ ભંગ શુદ્ધ જાણવા), તથા (૪) ગુરુ અને શ્રાવક બંને અજાણ (આ ભાંગે પચ્ચક્ખાણ અશુદ્ધ જાણવું. આ પચ્ચક્ખાણનો કાળ સૂર્યોદય થયા પછી બે ઘડી સુધીનો છે માટે સૂર્યોદય પહેલાં લેવું અને બે ઘડી દિવસ થયે નવકાર ગણીને પાળવું. અન્યથા પચ્ચક્ખાણ ભંગ થાય, આ નવકારશી

[2]પચ્ચક્ખાઈ ચઉવ્વિહંપિ [3]આહારં, [4]અસણં, [5]પાણં, [6]ખાઈમં, [7]સાઈમં, [8]અન્નત્થણાભોગેણં,

કર્યા પછી પોરિસી આદિ પચ્ચક્ખાણ થાય પણ તે વિના થાય નહિ અને જો કરે તો તે પોરિસી આદિક કાળસંકેત રૂપ જાણવો. નવકારસીનો બે ઘડીનો કાળ છે. તે રાત્રિ ભોજનનો દોષ નિવારવા તીરણરૂપ જાણવો. નમુક્કાર-સહિયના પચ્ચક્ખાણમાં મહત્તરાગારેણં અને સવ્વસમાહિવત્તિયાગારેણં એ બે આગાર લેવા નહિ. એકલી નવકારસીનું પચ્ચક્ખાણ લેવાથી બે ઘડી પછી પચ્ચક્ખાણ પારતાં વાર લાગે તેટલો કાળ ફોગટ અવિરતિપણે જાય માટે સાથે મુટ્ઠિસહિય પચ્ચક્ખાણ પણ લેવામાં આવે છે અને તેથી તે પચ્ચક્ખાણમાં આગાર ચાર કહેવામાં આવે છે.

૨. ગુરૂ આદિ પચ્ચક્ખાણ આપતા હોય ત્યારે તેઓ અહીં **પચ્ચક્ખાઈ** પદ કહે અને લેનારે તે વખતે **પચ્ચક્ખામિ** કહેવું.

૩. ભૂખ શમાવવાને સમર્થ એવું કોઈ એક દ્રવ્ય હોય તો આહાર અથવા લવણાદિકની પેઠે મિશ્રણ થવાથી સુસ્વાદ આપે જેથી કાદવ જેવી અસાર વસ્તુને પણ ક્ષુધાતુર છતો ખાઈ જાય તે આહાર જાણવો.

૪. શીઘ્ર ભૂખ શમાવે તે **અશન**-મગ, ભાત, સાથવો, રોટલી, રોટલા, પુડલા, પ્રમુખ, દૂધ, દહીં, માખણ, ઘી પ્રમુખ, ખાજાં, દહીથરાં, પ્રમુખ, પકવાન્ન, સૂરણ પ્રમુખ કંદ, ફલ, ફૂલ, શાક વગેરે જાણવાં.

૫. પીવા યોગ્ય પદાર્થો તે **પાન** કુવા પ્રમુખનાં પાણી, છાસની આછ, કેરડા, જવ, કાકડી પ્રમુખના ધોયણ અને મદિરા પ્રમુખ જાણવાં.

૬. જે ખાવાથી થોડી તૃપ્તિ થાય તે **ખાદિમ**. સેકેલાં ધાન્ય, ફળ, મેવા પ્રમુખ જાણવા.

૭. સ્વાદ-લહેજતદાર લેવા માટે ખવાય અથવા જેના સ્વાદમાં પ્રથમ ખાધેલા આહારાદિનો સ્વાદ લય પામે તે સ્વાદિમ. સુઠ, જીરૂ, અજમો, પીપર, મરી, એલચી, લવીંગ પ્રમુખ તથા ચૂરણ કે ગોળીમાં નાંખેલ ગોળ પ્રમુખ અને તંબોળાદિ જાણવા.

૮. આ આગારમાં કહેલ **અન્નત્થ** એ પદ બીજા દરેક આગારમાં લાગુ પડે છે. એટલે જે આગારો (છૂટ) કહ્યા તે સિવાયનું મારે પચ્ચક્ખાણ છે. અનાભોગ એટલે વિસ્મરણ, અર્થાત્ કાર્ય-વ્યગ્રતાદિક કારણે અજાણ્યે લીધેલ

[૯]સહસાગારેણં, [૧૦]મહત્તરાગારેણં, [૧૧]સવ્વસમાહિ-વત્તિયાગારેણં, [૧૨]વોસિરામિ. ॥ ઈતિ ॥

*પોરિસિ-સાઢ-પોરિસિનું

ઉગ્ગએ સૂરે, નમુક્કારસહિઅં, પોરિસિં,

પચ્ચક્ખાણ ભૂલી જવાય અથવા પચ્ચક્ખાણનો વખત પૂરો થયા વિના અથવા થયો હોય છતાં પાર્યા વિના ખાવા યોગ્ય પદાર્થ ભૂલથી મોઢામાં નાંખીએ તો પચ્ચક્ખાણનો ભંગ થાય નહિ. એ માટે આ આગાર રાખવામાં આવે છે. પરંતુ કોઈ વસ્તુ મુખમાં નાંખતાં કે નાંખ્યા પછી યાદ આવે તો તરત જ તે વસ્તુ બાહર કાઢી નાખવી. જાણ્યા છતાં જો ખાય તો પચ્ચક્ખાણનો ભંગ થાય અને અજાણતાં મુખમાં નાખેલ પદાર્થ ખવાઈ ગયા પછી યાદ આવે તો પચ્ચક્ખાણનો ભંગ થાય નહિ. પરંતુ ફરીથી ભૂલ ન થાય તેટલા માટે યથાયોગ્ય પ્રાયશ્ચિત્ત લેવું. આ પ્રમાણે સર્વ આગારોમાં સમજી લેવું.

૯. સહસાત્કારે સ્વયં (સ્વભાવે જ) મુખમાં આવી પડે એટલે પચ્ચક્ખાણનો ઉપયોગ હોવા છતાં વરસાદના છાંટા કે દહીં મથતાં દહીંના છાંટા વગેરે અચાનક મોઢામાં પડે તો પચ્ચક્ખાણ ભંગ થાય નહિ.

૧૦. મોટી નિર્જરાના હેતુભૂત સંઘાદિ કાર્યને માટે વડિલની આજ્ઞાથી પચ્ચક્ખાણનો કાળ થયા પહેલાં પારે તો ભંગ થાય નહિ.

૧૧. તીવ્રશૂળાદિ રોગથી વિહ્વલ થયેલને શરીરની સ્વસ્થતા સાચવવા માટે ઔષધ પથ્યાદિ કારણે પચ્ચક્ખાણનો કાળ પૂર્ણ થયા પહેલાં જમે તો પચ્ચક્ખાણ ભંગ થાય નહિ. આવે પ્રસંગે ચિત્તની સ્થિરતાએ પરિણામ ટકે ત્યાં સુધીનો નિયમ સાચવવો પણ પરિણામ ટકતા ન હોય તો પછી અન્યથા પ્રવૃત્તિ કરતાં દોષ નથી.

૧૨. ગુર્વાદિ પચ્ચક્ખાણ આપતા હોય ત્યારે અહીં વોસિરઈ પદ કહે અને પચ્ચક્ખાણ લેનાર હોય તે વોસિરામિ પદ કહે.

* પુરૂષ પ્રમાણ છાયા જે વખતે હોય તે પોરિસી (પોરૂષી) અથવા તે છાયાનું માપ આ પ્રમાણે જાણવું. પુરૂષે જમણા કાને સૂર્યનું બિંબ રાખીને દક્ષિણાયન (કર્કસંક્રાંતિ) ના પહેલે દિવસે ઢીંચણની છાયા જોવી. તે બે પગલાં (બાર આંગળનું એક પગલું) છાયા હોય ત્યારે પોરિસિ જાણવી, તે

[1]સાઢપોરિસિં, મુટ્ઠિસહિઅં, પચ્ચક્ખાઇ, ઉગ્ગએ સૂરે, ચઉવ્વિહંપિ આહારં, અસણં, પાણં, ખાઇમં, સાઇમં, અન્નત્થણાભોગેણં, સહસાગારેણં, [2]પચ્છન્નકાલેણં, [3]દિસામોહેણં, [4]સાહુવયણેણં, મહત્તરાગારેણં, સવ્વસમાહિવત્તિયાગારેણં વોસિરઈ.

અર્થ :- સૂર્યોદય થયે છતે એક પહોર અથવા દોઢ પહોર સુધી મુટ્ઠિસહિત અશન, પાન, ખાદિમ અને સ્વાદિમ એ ચારે પ્રકારના આહારનું હું પચ્ચક્ખાણ કરૂં છું, તે અન્નત્થ૦ સહસા૦, પચ્છન્નકાલે૦, દિસા૦, સાહુ૦ મહત્તરા૦, સવ્વસમાહિ૦ એ આગારોએ છૂટ રાખીને ત્યાગ કરું છું.

પછી માસે ચાર ચાર આંગળ છાયામાં વધારવું એટલે પોષ માસે મકરસંક્રાંતિ (ઉત્તરાયન) ના દિવસે ચાર પગલાં છાયા હોય ત્યારે પોરિસિ થાય અને ત્યાંથી ચાર ચાર આંગળીની હાનિ કરતાં અષાઢ માસે બે પગલાંની છાયા હોય.

૧. પોરિસીના પચ્ચક્ખાણમાં આ પદ બોલવું નહિ. આ (સાર્ધપૌરુષી) સાઢપોરિસિનો કાળ દોઢ પહોરનો સમજવો.

૨. પ્રચ્છન્નકાલેન- કાળની પ્રચ્છન્નતા તે મેઘ, રાજગ્રહાદિ, દિગ્દાહ અને પર્વત પ્રમુખે કરી સૂર્ય ઢંકાઈ જવાથી વખતની બરાબર ખબર નહિ પડવાથી અધૂરી પોરિસિએ પૂરી થઈ માનીને જમે તો પચ્ચક્ખાણનો ભંગ થાય નહિ, પણ પાછળથી ખબર પડે તો મોઢામાં હોય તે રાખમાં પરઠવવું, દરેક આગારમાં આ વાત સમજી લેવી.

૩. દિગ્મોહેન- દિશાનો વિપર્યાસ થયો એટલે પૂર્વને પશ્ચિમ દિશા છે. એમ ભૂલથી માની લે અને તેથી પચ્ચક્ખાણ વખતની સમજ નહિ પડવાથી અધુરા વખતે પૂરો થયો ગણીને જમે તો ભંગ થાય નહિ.

૪. સાધુવચનેન-એટલે ઉગ્ઘાડા પોરિસિ એ પ્રકારનું સાધુનું વચન સાંભળીને અધુરા વખતે જમે તો પચ્ચક્ખાણ ભંગ થાય નહિ. પણ પાછળથી એમ માલુમ પડે કે સાધુ તો છ ઘડી દિવસ ચડે ત્યારે પોરિસિ ભણે છે તો પૂર્વની રીતે બેસી રહે.

[1]પુરિમઢ્ઢનું [2]અવઢ્ઢનું પચ્ચક્ખાણ

સૂરે ઉગ્ગએ પુરિમઢ્ઢં મુટ્ઠિસહિઅં પચ્ચક્ખાઇ ચઉવ્વિહંપિ આહારં, અસણં, પાણં, ખાઇમં, સાઇમં, અન્નત્થણાભોગેણં, સહસાગારેણં, પચ્છન્નકાલેણં, દિસામોહેણં, સાહુવયણેણં, મહત્તરાગારેણં સવ્વ-સમાહિવત્તિયાગારેણં, વોસિરઇ.

અર્થ :- સૂર્યોદય થયા પછી બે પહોર સુધી અશન, પાણી, ખાદિમ અને સ્વાદિમ એ ચારે પ્રકારના 'આહારનું હું પચ્ચક્ખાણ કરું છું. તે અન્નત્થ૦ સહસા૦ પચ્છન્ન૦, દિશા, સાહુ૦, મહત્તરા૦, સવ્વસમાહિ૦ એ આગારો વડે છૂટ રાખી ત્યાગ કરું છું.'

[3]એકાસણા [4]બિયાસણાનું

ઉગ્ગએ સૂરે, નમુક્કારસહિઅં, પોરિસિં, મુટ્ઠિસહિઅં, પચ્ચક્ખાઇ, ઉગ્ગએ સૂરે, ચઉવ્વિહંપિ આહારં, અસણં, પાણં, ખાઇમં, સાઇમં, અન્નત્થણા-ભોગેણં, સહસાગારેણં, પચ્છન્નકાલેણં, દિસામોહેણં, સાહુવયણેણં, મહત્તરાગારેણં, સવ્વસમાહિવત્તિયા-

---

૧. પૂર્વાર્દ્ધ દિવસનો પૂર્વાર્દ્ધ એટલે પ્રથમનો અર્ધો દિવસ-બે પહોરનું માન આ પચ્ચક્ખાણનું છે.

૨. અવઢ્ઢનું પચ્ચક્ખાણ કરવું હોય ત્યારે આ પદને ઠેકાણે 'અવઢ્ઢ' એ પદ બોલવું અવઢ્ઢ (અપાર્ધ)નો કાળ ત્રણ પહોરનો સમજવો.

૩. અહીંથી દરેક પચ્ચક્ખાણમાં ઘણા ખરા આગારો એના એ વખતો વખત આવવાથી શબ્દાર્થ કે ભાવાર્થ લખેલ નથી અને જે આગારોના અર્થ આવ્યા નથી તે દરેક ફુટનોટમાં લખ્યા છે. એક વખત ભોજન કરવાનું છે. જેને વિષે અથવા એક નિશ્ચલ છે આસન જેમાં (એકાસનં) એકાસણં જાણવું.

૪. બે વખત ભોજન કરવું તેને બિયાસણ (દવ્યશન) જાણવું.

ગારેણં, [1]વિગઇઓ પચ્ચક્ખાઇ અન્નત્થણા-ભોગેણં, સહસાગારેણં, [2]લેવાલેવેણં, [3]ગિહત્થસંસટ્ઠેણં, [4]ઉક્ખિત્તવિવેગેણં, *પડુચ્ચ-મક્ખિએણં, +પારિટ્ઠા-વણિયાગારેણં, મહત્તરાગારેણં, સવ્વસમાહિવત્તિયા-

---

૧. વિકૃતિ-વિગઇ છ છે. તે આ પ્રમાણે-૧ દુધ, ૨ દહીં, ૩ ઘી, ૪ તેલ, ૫ ગોળ અને ૬ કડાવિગય (તાવડામાં તળાઈને ઉપર આવે તેવા પકવાન્ન) આ પચ્ચક્ખાણ વડે છ માંહેની કોઈપણ એક અગર વધારે વિગઇનો ત્યાગ કરવાનો છે અને માંસ, મદિરા, માખણ, મધુ એ ચાર મહાવિગઇનો તો શ્રાવકને ત્યાગ જ હોય છે.

૨. લેપાલેપેન-ઘૃત પ્રમુખ જે વિગઇનો સાધુને નિયમ હોય તે ઘૃતાદિ વિગઇથી ગૃહસ્થનો હાથ ખરડાયાથી લુછી નાખ્યો હોય તેવા હાથથી અથવા ખરડાયેલા ચાટવાને લૂછી નાંખીને તે વડે વહોરાવે તો પચ્ચક્ખાણ ભંગ થાય નહિ. (સાધુને માટે આ આગાર છે.)

૩. **ગૃહસ્થસંસૃષ્ટેન**- શાક પ્રમુખ દ્રવ્યને ગૃહસ્થે પોતાના માટે વિગઇથી જરા વઘારી સંસ્કારિત કર્યાં હોય અથવા રોટલી, રોટલા, માંડાદિને ગોળ, ઘી, પ્રમુખ વિગઇ વડે જરા ચોપડ્યા હોય તેમ છતાં નીવી કે વિગઇના પચ્ચક્ખાણમાં લેવામાં આવે તો પણ મુનિને પચ્ચક્ખાણનો ભંગ થાય નહિ.

૪. **ઉત્ક્ષિપ્તવિવેકેન**-રોટલી, રોટલા કે માંડાદિ ઉપર ગોળ, પ્રમુખ પિંડ (કઠણ) વિગઇ મૂકેલ હોયપછી તે લઇ લેવામાં આવે છતાં તેનો કંઈક અંશ ચોંટી રહેલો હોય તેવા રોટલા વગેરે લેવામાં આવે તો મુનિને પચ્ચક્ખાણનો ભંગ થાય નહિ, ગૃહસ્થને આ આગાર હોય નહિ.

* **પ્રતીત્યમ્રક્ષિતેન**-રોટલી, રોટલા પ્રમુખને કુણા રાખવા માટે કરતી વખતે તેલ કે ઘીની આંગળીથી ચોપડીને કરે (રાખે) તે તેમાં લગારેક વિગઇનો ભાગ આવ્યા છતાં પચ્ચક્ખાણનો ભંગ થાય નહિ.

+ **પારિષ્ઠાપનિકાકારેણ**-જે આહાર ગૃહસ્થના ઘરથી વિધિપૂર્વક (એષણીય) લીધો હોય અને ઉચિત રીતે મુનિઓને વહેંચી આપ્યો હોય અને વિવેકથી વાપરવામાં આવ્યો હોય છતાં વધી પડે અને પરઠવવો જ પડે એમ જણાય તો પરઠવવાથી થતા દોષથી બચવાની ખાતર ગુરૂ મહારાજની આજ્ઞા વડે વધી પડેલ આહારાદિ વાપરતાં પચ્ચક્ખાણનો ભંગ થાય નહિ. અહીં ચોવિહાર ઉપવાસમાં પ્રાસુક પાણી, તિવિહાર ઉપવાસમાં અન્ન તથા પાણી અને આયંબીલના પચ્ચક્ખાણમાં વિગઈ,

ગારેણં, [1]બિયાસણં પચ્ચક્ખાઇ, [2]તિવિહંપિ આહારં, *અસણં, ખાઇમં, સાઇમં અન્નત્થણા-ભોગેણં, સહસાગારેણં, +સાગારિયાગારેણં, [3]આઉટણ-પસારેણં, [4]ગુરુઅબ્ભુટ્ઠાણેણં, પારિટ્ઠાવણિયાગારેણં,

---

અન્ન અને પાણી વાપરી શકાય, આ આગાર યતિને માટે છે. પણ પાઠ સંલગ્ન હોવાથી શ્રાવકમાં પણ બોલાય છે.

૧. એકાસણાનું પચ્ચક્ખાણ લેવું હોય ત્યારે આ પદને ઠેકાણે "**એકાસણં**" પાઠ કહેવો.

૨. અહીં **દુવિહંપિ આહારં**નો પાઠ બોલે તો જમ્યા પછી પાણી અને સ્વાદિમ વાપરી શકાય, તિવિહારનું પચ્ચક્ખાણ કરે તો જમ્યા પછી પાણી વાપરી શકાય, અને ચઉવિહારનું પચ્ચક્ખાણ કરે તો **ચઉવ્વિહંપિ આહારં** પાઠ બોલે અને જમ્યા પછી ચારે આહારનો ત્યાગ કરે. જમ્યા પછી પણ જે પચ્ચક્ખાણ એકાસણું વગેરે કરેલ હોય તે પ્રમાણે દિવસચરિમ ચૌવિહાર, તિવિહાર, દુવિહારનું પચ્ચક્ખાણ યથાસંભવ લેવું.

* ચઉવિહારે **અસણં પાણં ખાઇમં સાઇમં** અને દુવિહારે. **અસણં ખાઇમં** એ પ્રમાણે પાઠ બોલવા.

+ **સાગારિકાગારેણ**-સાગારી એટલે ગૃહસ્થ. બંદિવાન પ્રમુખ તેના કારણે આ આગાર છે. એટલે મુનિને ગૃહસ્થના દેખતાં આહાર પાણી કરવાની મનાઈ છે. તેથી કોઈ ગૃહસ્થ આહાર કરતી વખતે આવ્યો હોય ને થોડીવારમાં જવાનો હોય તો તેટલી વાર આહાર કરવાની ઢીલ કરે અને ત્યાં સ્થિર રહેવાનો હોય તો અન્યત્ર જઈ આહાર કરે તો પચ્ચક્ખાણ ભંગ થાય નહિ. અને ગૃહસ્થને જમતી વખતે જેની દૃષ્ટિ પડતાં અન્ન પચે નહિ તેવો બંદિવાનાદિ આવ્યો હોય અથવા સર્પ, અગ્નિ પ્રમુખનો ઉપદ્રવ જણાય તો અન્યત્ર જઈ ભોજન કરતાં ભંગ થાય નહિ.

૩. **આકુંચનપ્રસારણેન**-જમવા બેઠા પછી ખાલી ચડી જવાના કે એવા બીજા કારણે હાથ-પગાદિ અંગોપાંગ સંકોચવા કે પ્રસારવા પડે તેથી આસન જરાક ચલાયમાન થાય તો પચ્ચક્ખાણનો ભંગ થાય નહિ.

૪. **ગુર્વભ્યુત્થાનેન**-એકાસણાદિ કરતાં પોતાના ગુરૂ મહારાજ કે પ્રાહુણા મુનિ આવ્યા હોય તો તેનો વિનય-સત્કાર સાચવવા ઉભા થવું પડે તો તેથી પચ્ચક્ખાણ ભંગ થાય નહિ.

મહત્તા-રાગારેણં, સવ્વસમાહિવત્તિયાગારેણં, [1]પાણસ્સ [2]લેવેણ વા, [3]અલેવેણ વા, [4]અચ્છેણ વા, [5]બહુ-લેવેણ વા, [6]સસિત્થેણ વા, [7]અસિત્થેણ વા વોસિરઈ.

ઈતિ બિયાસણા [8]એકાસણાનું પચ્ચક્ખાણ.

---

૧. **પાનકસ્ય-** પાણીના, તિવિહાર કે ચઉવ્વિહારે એકાસણું કરનારને આ પાણી સંબંધીના છ આગાર અવશ્ય કહેવા અને દુવિહારમાં અચિત્તભોજીને કહેવા અને અચિત્ત જળ વાપરનારને પણ આ આગાર કહેવા.

૨. **લેપાદ્વા** અહીં ત્રીજી વિભક્તિ પંચમીના અર્થમાં હોવાથી પંચમી લખી છે. લેપકૃત પાણી તે ઓસામણ, આમલી અને દ્રાક્ષનાં પાણી સમજવાં. આ છએ આગારમાં વા શબ્દ મૂક્યો છે તેથી એકથી બીજા ભેદનું અધિકપણું બતાવેલ છે એટલે કે લેપકૃત કરતાં અલેપકૃત સારૂં. તે કરતાં ત્રણ ઉભરાએ ઉકાળેલ સારૂં એમ યથાયોગ્ય જાણવું એ છમાંથી ગમે તે પ્રકારનું જળ એકાસણાદિ પચ્ચક્ખાણવાળાને વાપરી શકાય તે માટે આ આગારો છે.

૩. **અલેપકૃતાદ્વા** અલેપકૃત પાણી તે લેપ વગરનું કાંજી પ્રમુખનું ધોવણ કે છાશની આછ વગેરે સમજવું.

૪. **અચ્છદ્વા** અચ્છ એટલે નિર્મળ જળ તે ત્રણ ઉકાળાથી ઉકાળેલું ઉષ્ણ જળ અથવા ફળાદિનું ધોવણ જાણવું.

૫. **બહુલેપાદ્વા** બહુલેપ એટલે ચોખા પ્રમુખનું ધોવણ.

૬. **સસિક્થાદ્વા** આટાથી ખરડાયેલ હાથ કે વાસણનું ધોવણ જેમાં આટાના રજકણ પણ આવી જાય છે.

૭. **અસિક્થાદ્વા** આટાથી ખરડાયેલ હાથ અથવા વાસણનું ધોવણ જેમાં આટાના રજકણ આવે નહિ એવું ગાળેલું ધોવણનું પાણી.

૮. એકલઠાણ **(એકસ્થાનં)**નું પચ્ચક્ખાણ કરવું હોય. ત્યારે આઉંટણપસારેણં એ આગાર વર્જીને બીજા બધા આગાર એકાસણા પ્રમાણે લેવા. આ પચ્ચક્ખાણમાં જમણો હાથ અને મુખ સિવાયના બધા અંગોપાંગ સ્થિર રાખવા અને જમતી વખતે જ ઠામ ચૌવિહાર કરવો.

*આયંબિલનું પચ્ચક્ખાણ

ઉગ્ગએ સૂરે, નમુક્કારસહિઅં, પોરિસિં, સાઢપોરિસિં, મુટ્ઠિસહિઅં પચ્ચક્ખાઈ, ઉગ્ગએ સૂરે ચઉવ્વિહંપિ આહારં, અસણં, પાણં, ખાઈમં, સાઈમં, અન્નત્થણાભોગેણં, સહસાગારેણં, પચ્છન્નકાલેણં, દિસામોહેણં, સાહુવયણેણં, મહત્તરાગારેણં, સવ્વ-સમાહિવત્તિયાગારેણં ॥ આયંબિલં પચ્ચક્ખાઈ, અન્નત્થણાભોગેણં, સહસાગારેણં, લેવાલેવેણં, ગિહત્થસંસટ્ઠેણં, ઉક્ખિત્તવિવેગેણં, પારિટ્ઠાવણિયા-ગારેણં, મહત્તરાગારેણં, સવ્વસમાહિવત્તિયાગારેણં, એગાસણં પચ્ચક્ખાઈ તિવિહંપિ આહારં, અસણં, ખાઈમં, સાઈમં, અન્નત્થણાભોગેણં, સહસાગારેણં, સાગારિયાગારેણં, આઉંટણપસારેણં, ગુરુઅબ્ભુ-ટ્ઠાણેણં, પારિટ્ઠાવણિયાગારેણં, મહત્તરાગારેણં, સવ્વસમાહિવત્તિયાગારેણં, પાણસ્સ લેવેણ વા, અલેવેણ વા, અચ્છેણ વા, બહુલેવેણ વા, સસિત્થેણ વા, અસિત્થેણ વા, વોસિરઈ.

ઈતિ આયંબિલનું પચ્ચક્ખાણ

---

* [illegible]

તિવિહાર ઉપવાસનું

સૂરે ઉગ્ગએ, *અબ્ભત્તટ્ઠં પચ્ચક્ખાઇ તિવિહંપિ આહારં, અસણં, ખાઇમં, સાઇમં, અન્નત્થણાભોગેણં, સહસાગારેણં, પારિટ્ઠાવણિયાગારેણં, મહત્તરાગારેણં સવ્વસમાહિવત્તિયાગારેણં; [1]પાણહાર પોરિસિ, સાઢ પોરિસિ, મુટ્ઠિસહિઅં પચ્ચક્ખાઇ, અન્નત્થણાભોગેણં, સહસાગારેણં, પચ્છન્નકાલેણં, દિસામોહેણં, સાહૂવયણેણં, મહત્તરાગારેણં, સવ્વસમાહિવત્તિયાગારેણં, પાણસ્સ લેવેણ વા, અલેવેણ વા, અચ્છેણ વા, બહુલેવેણ વા, સસિત્થેણ વા, અસિત્થેણ વા, વોસિરઇ.

ઇતિ તિવિહાર ઉપવાસનું પચ્ચક્ખાણ

ચઉવ્વિહાર ઉપવાસનું

સૂરે ઉગ્ગએ, [2]અબ્ભત્તટ્ઠં પચ્ચક્ખાઇ ચઉવ્વિહંપિ, આહારં, અસણં, પાણં, ખાઇમં, સાઇમં, અન્નત્થણા-ભોગેણં, સહસાગારેણં, [3]પારિટ્ઠાવણિયા-

---

* ઉપવાસ કરનારને આગળ પાછળ એકાસણું હોય અથવા આગળની રાત્રિએ ચૌવિહાર અને પછી નમુક્કારસી હોય તો અહીં ચઉત્થભત્તં અબ્ભત્તટ્ઠં એ પાઠ લેવાનો છે. બે ઉપવાસવાળાને છટ્ઠભત્તં ત્રણવાળાને અટ્ઠભત્તં એ પ્રમાણે પાઠ લેવાનો જાણવો. તે પછી દરેક ઉપવાસે બબે ભક્ત વધારેનું પચ્ચક્ખાણ જાણવું.

૧. પોરિસી આદિ જે પચ્ચક્ખાણ છે ત્યાં સુધી પાણીના આહારનું પચ્ચક્ખાણ કરૂં છું.

૨. અભક્તાર્થ એટલે જમવાનું જેમાં નથી તે ઉપવાસ.

૩. સાંજે પચ્ચક્ખાણ લેવાનું હોય ત્યારે આ આગાર ન લેવો.

ગારેણં, મહત્તરાગારેણં, સવ્વસમાહિવત્તિયાગારેણં, વોસિરઇ.

ઇતિ ચઉવિહાર ઉપવાસનું પચ્ચક્ખાણ.

સાંજનાં પચ્ચક્ખાણ

[1]પાણહારનું પચ્ચક્ખાણ

પાણહાર, [2]દિવસચરિમં, પચ્ચક્ખાઈ, અન્નત્થણાભોગેણં, સહસાગારેણં, મહત્તરાગારેણં, સવ્વસમાહિવત્તિયાગારેણં વોસિરઇ.

ચઉવિહારનું પચ્ચક્ખાણ

[3]દિવસચરિમં, પચ્ચક્ખાઇ, ચઉવ્વિહંપિ, આહારં, અસણં, પાણં, ખાઇમં, સાઇમં, અન્નત્થણાભોગેણં, સહસાગારેણં, મહત્તરાગારેણં, સવ્વસમાહિવત્તિયાગારેણં વોસિરઇ.

તિવિહારનું પચ્ચક્ખાણ

દિવસચરિમં, પચ્ચક્ખાઈ, તિવિહંપિ, આહારં,

---

૧. બિયાસણ, એકાસણ, આયંબિલ અને તિવિહાર ઉપવાસ કરનારને સાંજે પ્રતિક્રમણમાં આ પચ્ચક્ખાણ લેવાનું છે. પ્રતિક્રમણ ન કરે તેમને પણ ઉક્ત વ્રતોમાંનું કોઈ કર્યું હોય તો લેવાનું છે.

૨. દિવસનો બાકીનો ભાગ રહ્યો ત્યારથી આખી રાત્રિ પર્યંત પાણી તથા આહારનો ત્યાગ કરૂં છું.

૩. અહીં અલ્પ આયુષ્ય બાકી હોય અને ચારે આહારનો ત્યાગ કરવો હોય તો ભવચરિમં એ પદ કહેવું.

અસણં, ખાઈમં, સાઈમં, અન્નત્થણાભોગેણં; સહસા-ગારેણં, મહત્તરાગારેણં, સવ્વસમાહિવત્તિયાગારેણં, વોસિરઈ.

દુવિહારનું પચ્ચક્ખાણ

દિવસચરિમં, પચ્ચક્ખાઈ, દુવિહંપિ, આહારં, અસણં, ખાઈમં, અન્નત્થણાભોગેણં, સહસાગારેણં, મહત્તરાગારેણં, સવ્વસમાહિવત્તિયાગારેણં, વોસિરઈ.

દેશાવગાશિકનું* પચ્ચક્ખાણ

[1]દેસાવગાસિયં, [2]ઉવભોગં, [3]પરિભોગં, પચ્ચ-ક્ખાઈ, અન્નત્થણાભોગેણં, સહસાગારેણં, મહ-ત્તરાગારેણં, સવ્વસમાહિવત્તિયાગારેણં, વોસિરઈ.

શ્રી પાક્ષિક ખામણા.[4]

ઈચ્છામિ ખમાસમણો ! [5]પિયં ચ મે જં ભે ! હૂટ્ઠાણં,

---

* ચૌદ અગર ઓછા નિયમ ધારનારને આ પચ્ચક્ખાણ લેવાનું છે.

૧. દેશાવકાશિકં સર્વવ્રતોનો થોડો અવકાશ એટલે અમુક અમુક વસ્તુ વાપરવા સિવાય બીજા ભોગોપભોગ યોગ્ય પદાર્થનો ત્યાગ કરૂં છું. અહીં એકલી દિશિના નિયમ રાખનારને ઉવભોગ પરિભોગં પાઠ કહેવાનો નથી.

૨. આહાર, વિલેપનાદિ એકવાર ભોગવવા યોગ્ય પદાર્થો તે ઉપભોગ.

૩. સ્ત્રી, આભરણ, વસ્ત્ર વગેરે વારંવાર ભોગવાય તે પરિભોગ.

૪. આ ખામણાં પક્ખિ, ચોમાસી અને સંવચ્છરી પ્રતિક્રમણમાં મુનિમહારાજ બોલે છે, મુનિરાજ ન હોય ત્યારે શ્રાવકો ખામણાને બદલે નવકાર બોલી છેલ્લું પદ બોલે છે.

૫. જેમ રાજાના નોકરો માંગલિક કાર્ય કર્યા બાદ રાજાને ખબર પૂછી નમસ્કાર કરે છે તેમ આ સૂત્રવડે શિષ્યો પોતાના ગુરુ મહારાજને માંગલિક

તુટ્ઠાણં, અપ્પાયંકાણં, અભગ્ગજોગાણં, સુસીલાણં, સુવ્વયાણં, સાયરિયઉવજ્ઝાયાણં, નાણેણં, દંસણેણં, ચરિત્તેણં, તવસા, અપ્પાણં, ભાવેમાણાણં બહુસુભેણ ભે ? દિવસો પોસહો પક્ખો વઈક્કંતો ? અન્નો ય ભે ! કલ્લાણેણં પજ્જુવટ્ઠિઓ ? સિરસા મણસા મત્થએણ *વંદામિ. ૧.

અર્થ :- હે ક્ષમાશ્રમણ ! મને પ્રિય છે (જે પૂછું તે મારા અંતઃકરણને પ્રિય છે) જે કારણ માટે હર્ષ યુક્ત, સંતુષ્ટ, રોગ રહિત, અભગ્ન સંયમ યોગવાળા, ઉત્તમ બ્રહ્મચર્યવાળા, સુંદર મહાવ્રતવાળા, આચાર્ય-ઉપાધ્યાય સહિત એવા, જ્ઞાન, દર્શન, ચારિત્ર અને તપ વડે પોતાના આત્માને ભાવતા એવા આપનો પર્વરૂપ દિવસ અને પક્ષ; બહુ શુભ પ્રકારે વ્યતિક્રમ્યો છે ? તેમજ આપનો બીજો પર્વ કે પક્ષરૂપ દિવસ કલ્યાણ વડે ઉપસ્થિત થયો છે ? એ પ્રકારે માંગલિક વાક્યનું ઉચ્ચારણ કરીને મસ્તક અને મન વડે નમસ્કાર કરૂં છું. ૧.

ઈચ્છામિ ખમાસમણો ! પુવ્વિં ચેઈયાઈ વંદિત્તા નમંસિત્તા તુબ્ભણ્હં પાયમૂલે વિહરમાણેણં જે કેઈ બહુ દેવસિયા, સાહુણો દિટ્ઠા, સમાણા વા, વસમાણા

રીતે દિવસ-પક્ષાદિ પસાર થયાનું પૂછે છે અને નમસ્કાર કરે છે. એથી ગુરુનો વિનયોપચાર થાય છે.

* અહીં ગુરૂ મહારાજ તુબ્ભેહિં સમં એટલે હે શિષ્ય ! તારી સાથે અમે પણ અનુવંદના કરીએ છીએ, એમ કહે છે. આ વચન કહેવાથી શિષ્યને અત્યંત હર્ષ થાય છે અને ગુરૂ પ્રત્યે ભક્તિભાવ પ્રગટે છે.

વા, ગામાણુગામં દુઈજ્જમાણા વા, રાયણિયા સંપુચ્છિંતિ, ઓમરાયણિયા વંદંતિ, અજ્જયાવંદંતિ, અજ્જિયાઓ વંદંતિ, સાવયા વંદંતિ, સાવિયાઓ વંદંતિ, અહંપિ નિસલ્લો નિક્કસાઓ તિકટ્ટુ સિરસા મણસા મત્થએણ[1] વંદામિ. ૨.

અર્થ :- હે ક્ષમાશ્રમણ ! ઇચ્છું છું - પૂર્વકાળે ચૈત્યો (જિન-બિંબો)ને વંદન કરીને, નમસ્કાર કરીને તમારા ચરણકમળમાં (તમારી સાથે) વિહાર કરતાં જે કોઈ બહુ દિવસના દીક્ષા પર્યાય-વાળા સાધુઓ મેં દીઠા, તેમાં જંઘાબળ ક્ષીણવાળા મુનિઓ, નવકલ્પ વિહાર કરનારા મુનિઓ, ગ્રામાનુગ્રામ વિચરનારા સાધુઓમાં રત્નાધિકને વંદન કરતાં તેમણે તમને સુખસાતા પૂછી છે. આપ કરતાં ઓછા પર્યાયવાળા આચાર્યોએ વંદના કરી છે, સાધુઓ તમને વાંદે છે, સાધ્વીઓ વાંદે છે; શ્રાવકો વાંદે છે, શ્રાવિકાઓ વાંદે છે. હું પણ નિઃશલ્ય (શલ્ય રહિત) અને નિકષાય (કષાય રહિત) થઈને મસ્તક વડે અને મનવડે તમને નમસ્કાર કરું છું. ૨.

ઈચ્છામિ ખમાસમણો ! ઉવટ્ઠિઓહં તુબ્ભણ્હં, સંતિઅં અહાકપ્પં વા, વત્થં વા, પડિગ્ગહં વા, કંબલં વા, પાયપુચ્છણં વા, રયહરણં વા, અક્ખરં વા, પયં વા, ગાહં વા, સિલોગં વા, સિલોગદ્ધં વા, અટ્ઠં વા, હેઉં વા, પસિણં વા, વાગરણં વા, તુબ્ભેહિં ચિઅત્તેણં

[1] ૧. અહીં ગુરુ મહારાજ અહમવિ વંદામિ ચેઈઆઈ એ વચન કહે છે એટલે હું પણ પ્રભુપ્રતિમાને વંદન કરું છું આ ખામણાથી ચૈત્યવંદન તથા ગુરૂવંદન થાય છે.

દિન્નં, મએ અવિણએણં પડિચ્છિઅં; તસ્સ મિચ્છા મિ [1]દુક્કડં. ૩.

અર્થ :- હે ક્ષમાશ્રમણ ! હું ઈચ્છું છું, ઉપસ્થિત થયો છું, તમારા સંબંધી યથાકલ્પ્ય એવું વસ્ત્ર, પાત્ર, કાંબળ, રજોહરણ અને અક્ષર, પદ, ગાથા, શ્લોક, અર્થ, હેતુ, પ્રશ્ન અથવા વ્યાકરણ (ઉત્તર) એ સર્વ તમોએ તો મને પ્રીતિપૂર્વક આપ્યું છતાં મેં અહંકારાદિવડે અવિનયથી ગ્રહણ કર્યું હોય તેનો મિચ્છા મિ દુક્કડં દઉં છું. ૩.

ઈચ્છામિ ખમાસમણો ! અહમપુવ્વાઈ કયાઈ ચ મે કિઈકમ્માઈં, આયારમંતરે, વિણયમંતરે, સેહિઓ, સેહાવિયો, સંગહિઓ, ઉવગ્ગહિઓ, સારિઓ-વારિઓ, ચોઈઓ પડિચોઈઓ, ચિઅત્તા મે પડિચોયણા, અબ્ભુટ્ઠિઓહં, તુબ્ભણ્હં તવતેઅસિરીએ ઈમાઓ ચાઉરંતસંસારકંતારાઓ સાહટ્ટુ નિત્થરિસ્સામિ તિકટ્ટુ સિરસા મણસા મત્થએણ [2]વંદામિ. ૪.

અર્થ :- હે ક્ષમાશ્રમણ ! આચાર સંબંધી દોષવાળા, વિનય સંબંધી દોષવાળા, પૂર્વે મેં કરેલ એવા અપૂર્વ કૃતિકર્મો (શુદ્ધ) કરવાને હું ઈચ્છું છું. આપે મને શિક્ષા આપી છે, શિક્ષા અપાવી

---

૧. અહીં ગુરૂ આયરિયસતિયં એટલે એ સઘળું આચાર્યજી મહારાજને આધીન છે; એમ કહે છે. આ વચનથી ગુરૂ મહારાજ પોતાનું નિરાહંકારપણું સૂચવે છે અને તેથી પોતાના ગુરૂ ઉપર ભક્તિભાવ પ્રગટ થાય છે. આ ત્રીજા ખામણાથી શિષ્યે કરેલા અવિનયાદિ અપરાધનો મિથ્યા-દુષ્કૃત દેવાય છે.

૨. અહીં ગુરૂ-નિત્થારગ પારગા હોહ-હે શિષ્ય ! તું સંસારથી પાર પામનારો થા. એમ કહે છે. આ ગુરૂનું આશીર્વચન જાણવું આ ચોથા ખામણાથી ગુરૂના ઉપકારને યાદ કરી ગુરૂનું બહુમાન થાય છે.

છે, શિષ્યપણે ગ્રહણ કર્યો છે, જ્ઞાનાદિ, વસ્ત્રાદિ વડે ઉપગ્રહિત કર્યો છે, સારણા, વારણા, ચોયણા, પડિચોયણા કરી છે, પ્રીતિવડે મને વારંવાર પ્રેરણા કરી છે તેથી હું તમારા સન્મુખ ઉદ્યુક્ત થયો છું, અને તમારી તપ રૂપ તેજલક્ષ્મી વડે હું આ ચારગતિ રૂપ સંસાર અટવી થકી કષાયાદિ સંહરીને નિસ્તાર પામીશ-સંસારસમુદ્રનો પાર પામીશ ! એ હેતુથી મસ્તકે કરીને અને મને કરીને નમસ્કાર કરૂં છું.

અષ્ટપ્રકારી પૂજાના દુહા

ન્હવણ વિલેપન કુસુમની, ધૂપ દીપ મનોહાર;
અખંડ અક્ષત નૈવેદ્યની, અષ્ટમી ફળ સુવિચાર. ૧.

ભાવ-સ્તવને કારણે; દ્રવ્ય-સ્તવ અધિકાર;
કારણથી કારજ સધે, તેણે ધુર પૂજા ઉદાર. ૨.

ઈણી પેરે જલપૂજા કરી, કરીએ અપ્પા શુદ્ધ;
માને છીણું જે એહમાં, જાણો તેહ અબુદ્ધ. ૩.

હવે કરવા ગુણવાસના, અસંખ્યાત પ્રદેશ;
ચંદનની પૂજા કરો, આણી ભાવ વિશેષ. ૪.

પૂજા ને પરિણામ દોઉ, કરો ચંદનકી રીત;
શીતળતા ને સુગંધતા, જિમ ભાંજે ભવભીત. ૫.

હવે ત્રીજી સુમનસ તણી, પૂજા અતિહિ ઉદાર;
સુમનસ સુખ જીણથી લહે, તિણે સુમનસ પ્રકાર. ૬.

[1]પ્રણિધાને સદ્‌ગતિ હોએ, પૂજ્યે કિમ નવી હોય;
[2]સુમનસ ભાવે દુર્ગતા[3], પૂજા પંચાશક જોય. ૭.

---

૧. એકાગ્રભાવે. ૨. ચોકખાભાવે. ૩. દુર્ગતા (ગરીબ) નારી, ભગવાન્ મહાવીર દેવને વંદન-પૂજન કરવા જતાં માર્ગમાં જ આયુષ્ય ક્ષયે ચ્યવી ચોકખા ભાવથી સદ્‌ગતી પામી.

[1]હુતાશનથી કાષ્ઠ જ્યું, તિમ ધ્યાનાનલે કર્મ;
તિણે મિષે ધૂપપૂજા કરો, પામો જ્યું શિવશર્મ. ૮.
ઈણીપરે ધૂપ પૂજા કરી, જિન આગળ શુભ ભાવ;
ટાળી વિભાવની પરિણતિ, દૂર કરો પરભાવ. ૯.
[2]જગપ્રદીપ પુર દીપ શુભ, કરતાં ભાવો એહ;
અવરાણું જે અનાદિનું, જ્ઞાન લહો નિજ તેહ. ૧૦.
કેવળનાણ [3]પઈવશું, જ્યું લહે લોકાલોક;
ત્યું પૂજા દ્રવ્યદીપથી, કરતાં શિવ ફળ રોક. ૧૧.
હવે [4]અક્ષતપૂજા કરો, શાલિ વ્રીહિ ગોધૂમ;
ઉજ્જ્વળ પ્રભુ પર ઢોઈને, ટાળો મોહકી ધૂમ. ૧૨.
અક્ષય ફળ લેવા ભણી, અક્ષત પૂજા ઉદાર;
ઈહ ભવ પણ નવિ ક્ષય હોવે, રાજ ઋદ્ધ ભંડાર. ૧૩.
હવે નૈવેદ્ય નિવેદના, કીજે જીમ હલીરાય;
ભવનિર્વેદ[5] પ્રભુ મુખે, માગો અવિચળ ઠાય. ૧૪.
કર્તા ભોક્તા મુજ નહિ, પુદ્ગલ ભાવનો જીવ;
તિણે પુદ્ગલની ત્યાજના, કરતાં શર્મ સદૈવ. ૧૫.
ફળપૂજા કરતાં થકાં, સફળ કરો અવતાર;
ફળ માંગો પ્રભુ આગળે, તાર તાર મુજ તાર. ૧૬.
જસ ફળ ઓપમાં જગ નહિ, પામ્યા પછી ન અંત;
અવ્યાબાધ અચળ અરુજ, માગો સુખ અનંત. ૧૭.

ઈતિ અષ્ટપ્રકારી પૂજાના દુહા સંપૂર્ણ.

---

૧ અગ્નિ. ૨ જગદીપક શ્રી જિનેશ્વર આગળ જયણા યુક્ત (ગાયના ઘીનો) દીપ પ્રગટાવતાં. ૩ પ્રદીપ-દીપક. ૪ (અણી શુદ્ધ) શાલી-ચોખાદિ. ૫ સંસાર ઉપરથી વૈરાગ્ય.

અથ ગૌતમાષ્ટક છંદ

વીર જિણેસર કેરો શિષ્ય, ગૌતમ નામ જપો નિશદીશ;
જો કીજે ગૌતમનું ધ્યાન, તો ઘર વિલસે નવે નિધાન. ૧.

ગૌતમ નામે ગિરિવર ચઢે, મન વાંછિત હેલા[1] સંપજે;
ગૌતમ નામે નાવે રોગ, ગૌતમ નામે સર્વ સંજોગ. ૨.

જે વૈરી વિરૂઆ વંકડા, તસ નામે નાવે [2]ઢુકડા;
ભૂત પ્રેત નવિ મંડે પ્રાણ, તે ગૌતમનાં કરું વખાણ. ૩.

ગૌતમ નામે નિર્મલ કાય, ગૌતમ નામે વાધે આય;
ગૌતમ જિનશાસન શણગાર, ગૌતમ નામે જયજયકાર. ૪.

શાલ દાલ સુરહાં ઘૃત ગોળ, મનવંછિત કાપડ તંબોલ;
ઘર સુઘરણી નિર્મળ ચિત્ત,ગૌતમ નામે પુત્ર વિનીત. ૫.

ગૌતમ ઉદયો અવિચળ ભાણ, ગૌતમ નામે જપો જગજાણ;
મહોટા મંદિર મેરુ સમાન, ગૌતમ નામે સફલ વિહાણ. ૬.

ઘર મયગલ ઘોડાની જોડ, વારૂ પહોંચે વંછિત કોડ;
મહીયલ માને મોહોટા રાય, જો તૂઠે ગૌતમના પાય. ૭.

ગૌતમ પ્રણમ્યાં પાતિક ટળે, ઉત્તમ નરની સંગત મળે;
ગૌતમ નામે નિર્મળ જ્ઞાન, ગૌતમ નામે વાધે વાન. ૮.

પુણ્યવંત અવધારો[3] સહુ, ગુરુ ગૌતમમાં ગુણ છે બહુ;
કહે **લાવણ્યસમય** કરજોડ, ગૌતમ તૂઠે સંપત્તિ કોડ. ૯.

*

એકસો સિત્તેર જિન ચૈત્યવંદન

સોળે જિનવર શામળા, રાતા ત્રીશ વખાણું;
લીલા મરકત મણિસમા, આડત્રીશ ગુણખાણું. ૧.

---

૧. શીઘ્ર-તત્કાલ. ૨ પાસે-નજદીક આવી ન શકે-પરાભવ કરી ન શકે.
૩. નિશ્ચય કરી માનો.

પીલા કંચન વર્ણ સમા, છત્રીશે જિનચંદ;
શંખ વરણ સોહામણું, પચાશે સુખકંદ. ૨.

સીત્તેર સો જિન વંદીએ, ઉત્કૃષ્ટા સમકાલ;
અજિતનાથ વારે હુવા, વંદું થઈ ઉજમાલ. ૩.

નામ જપંતાં જિનતણું, દુરગતિ દૂરે જાય;
ધ્યાન ધ્યાતાં પરમાત્માનું, પરમ મહોદય થાય. ૪.

જિનવર નામે જશ ભલો, સફલ મનોરથ સાર;
શુદ્ધ પ્રતીતિ જિનતણી, શિવસુખ અનુભવ ધાર. ૫.

*

શ્રી સિદ્ધચક્ર નમસ્કાર ચૈત્યવંદન

જો ધુરિ સિરિ અરિહંત, મૂલ દઢપીઠ પઈઠ્ઠિયો;
સિદ્ધ સૂરિ ઉવજ્ઝાય સાહુ, ચિહું પાસગિરિઠ્ઠિયો. ૧.

દંસણ નાણ ચરિત્ત તવ હી, પડિસાહા સુંદરુ;
તત્તક્ખર સરવગ્ગ લદ્ધિ, ગુરૂપયદલ દુંબરૂ. ૨.

દિસીપાલજક્ખજક્ખિણિ, પમુહ સુરકુસુમેહિં અલંકિયો;
સો સિદ્ધચક્ક ગુરૂ કપ્પતરુ અમ્હ મનવંછિય ફલ દીયો. ૩.

*

શ્રી વીશસ્થાનકનું ચૈત્યવંદન

પહેલે પદે અરિહંત નમું, બીજે સર્વ સિદ્ધ;
ત્રીજે પ્રવચન મન ધરો, આચારજ સિદ્ધ. ૧.

નમો થેરાણં પાંચમે, પાઠક ગુણ છટ્ઠે;
નમો લોએ સવ્વસાહૂણં, જે છે ગુણગરિટ્ઠે. ૨.

નમો નાણસ્સ આઠમે, દર્શન પદ ધ્યાવો;
વિનય કરો ગુણવંતનો, ચારિત્ર મન ભાવો. ૩.

નમો બંભવયધારિણં તેરમે કિરિયાણં;
નમો તવસ્સ ચૌદમે, ગોયમ નમો જિણાણં. ૪.

ચારિત્ર નાણ સુઅસ્સને એ, નમો તિત્થસ્સ જાણી;
જિન ઉત્તમ પદ **પદ્મ**ને, નમતાં હોય સુખખાણી. ૫.

*

શ્રી પર્યુષણનું ચૈત્યવંદન

પર્વ પર્યુષણ ગુણનીલો, નવ કલ્પવિહાર;
ચાર માસાન્તર થીર રહે, એહીંજ અર્થ ઉદાર. ૧.

અષાઢ સુદ ચઉદશ થકી, સંવત્સરી પચાસ;
મુનિવર દિન સિત્તેરમે, પડિક્કમતાં ચૌમાસ. ૨.

શ્રાવક પણ સમતા ધરી, કરે ગુરુના બહુમાન;
કલ્પસૂત્ર સુવિહિત મુખે, સાંભળે થઈ એક તાન. ૩.

જિનવર ચૈત્ય જુહારીએ, ગુરૂ ભક્તિ વિશાલ;
પ્રાયે અષ્ટ ભવાંતરે, વરીએ શિવ વરમાળ. ૪.

દર્પણથી નિજરૂપને, જુવે સુદૃષ્ટિ રૂપ;
દર્પણ અનુભવ અર્પણ, જ્ઞાન રમણ મુનિ ભૂપ. ૫.

આત્મ સ્વરૂપ વિલોકતાં એ, પ્રગટ્યો મિત્ર સ્વભાવ;
રાય ઉદાયી ખામણાં, પર્વ પર્યુષણ દાવ. ૬.

નવ વખાણ પૂજી સુણો, શુક્લ ચતુર્થી સીમા;
પંચમી દિન વાંચે સુણે, હોય વિરાધક નિયમા. ૭.

એ નહીં પર્વ પંચમી, સર્વ સમાણી ચોથે;
ભવભીરૂ મુનિ માનશે, ભાખ્યું અરિહાનાથે. ૮.

શ્રુત કેવલી વયણા સુણી, લહી માનવ અવતાર;
શ્રી **શુભવીર**ને શાસને, પામ્યા જય જયકાર. ૯.

*

શ્રી ચોવીશ જિન લંછન ચૈત્યવંદન

ઋષભલંછન ઋષભદેવ, અજિતલંછન હાથી;
સંભવલંછન ઘોડલો, શિવપુરનો સાથી. ૧.

અભિનંદન લંછન કપિ, ક્રૌંચ લંછન સુમતિ;
પદ્મલંછન પદ્મપ્રભ, વિશ્વદેવા સુમતિ. ૨.

સુપાર્શ્વલંછન સાથીયો, ચંદ્રપ્રભ લંછન ચંદ્ર;
મગર લંછન સુવિધિ પ્રભુ, શ્રીવચ્છ શીતલજિણંદ. ૩.

લંછન ખડ્ગી શ્રેયાંસને, વાસુપૂજ્યને મહિષ;
સૂવર લંછન પાયે વિમલદેવ, ભવિયા તે નમો શિષ. ૪.

સિંચાણો જિન અનંતને એ, વજ્રલંછન શ્રીધર્મ;
શાંતિલંછન મરગલો, રાખે ધર્મનો મર્મ. ૫.

કુંથુનાથ જિન બોકડો, અરિજન નંદાવર્ત્ત;
મલ્લિ કુંભ વખાણીયે, સુવ્રત કચ્છપ વિખ્યાત. ૬.

નમિજિનને નીલો કમલ, પામીએ પંકજમાંહિ;
શંખલંછન પ્રભુ નેમિજી, દીસે ઉંચે આંહિ. ૭.

પાર્શ્વનાથજીને ચરણે સર્પ, નીલવરણ શોભિત;
સિંહલંછન કંચન તનુ, વર્દ્ધમાન વિખ્યાત. ૮.

એણીપેરે લંછન ચિંતવી એ, ઓલખીએ જિનરાય;
જ્ઞાનવિમલ પ્રભુ સેવતાં, **લક્ષ્મીરતન** સૂરિરાય. ૯.

*

સામાન્ય જિન ચૈત્યવંદન

જય જય તું જિનરાજ આજ, મળીયો મુજ સ્વામી;
અવિનાશી અકલંક રૂપ, જગ અંતરજામી. ૧.

રૂપારૂપી ધર્મ દેવ, આતમ આરામી;
ચિદાનંદ ચેતન અચિંત્ય, શિવલીલા પામી. ૨.

સિદ્ધ બુદ્ધ તું વંદતાં, સકળ સિદ્ધિવર બુદ્ધ;
રામ પ્રભુ ધ્યાને કરી, પ્રગટે આતમ ઋદ્ધ. ૩.

કાળ બહુ સ્થાવર ગમ્યો, ભમીયો ભવમાંહી;
વિકલેંદ્રિય માંહી વસ્યો, સ્થિરતા નહીં ક્યાંહી. ૪.

તિર્યંચ પંચેન્દ્રિય માંહી, દેવ કરમે હું આવ્યો;
કરી કુકર્મ નરકે ગયો, તુમ દરિશન નહિ પાયો. ૫.

એમ અનંત કાળે કરી, પામ્યો નર અવતાર;
હવે જગતારક તુંહી મળ્યો, ભવજલ પાર ઉતાર. ૬.

*

શ્રી પાર્શ્વનાથ જિન ચૈત્યવંદન

જય ચિંતામણિ પાર્શ્વનાથ, જય ત્રિભુવનસ્વામી;
અષ્ટ કર્મ રિપુ જીતીને, પંચમી ગતિ પામી. ૧.

પ્રભુ નામે આનંદ કંદ, સુખ સંપત્તિ લહીએ;
પ્રભુ નામે ભવ ભવ તણાં, પાતક સબ દહીએ. ૨.

ૐ હ્રીં વર્ણ જોડી કરીએ, જપીએ પાર્શ્વ નામ;
વિષ અમૃત થઈ પરિણમે, લહીએ અવિચલ ઠામ. ૩.

*

અથ સિદ્ધાચલનાં ચૈત્યવંદનો

(૧)

જય જય નાભિનરિંદનંદ, સિદ્ધાચલ મંડણ;
જય જય પ્રથમ જિણંદચંદ, ભવદુઃખ વિહંડણ. ૧.

જય જય સાધુ સૂરીંદ વૃંદ, વંદિએ પરમેસર;
જય જય જગદાનંદ કંદ, શ્રી ઋષભ જિણેસર. ૨.

અમૃત સમ જિનધર્મનો એ, દાયક જગમાં જાણ;
તુજ પદ પંકજ પ્રીતધર, નિશદિન નમત કલ્યાણ. ૩.

(૨)

શ્રી શત્રુંજય સિદ્ધક્ષેત્ર, દીઠે દુરગતિ વારે;
ભાવ ધરીને જે ચઢે, તેને ભવપાર ઉતારે. ૧.

અનંત સિદ્ધનો એહ ઠામ, સકલ તીરથનો રાય;
પુરવ નવાણું રીખવદેવ, જ્યાં ઠવીયા પ્રભુપ્રાય. ૨.

સૂરજકુંડ સોહામણો, કવડજક્ષ અભિરામ;
નાભિરાયા કુલમંડણો, જિનવર કરું પ્રણામ. ૩.

*

શ્રી સીમંધરસ્વામીનાં ચૈત્યવંદનો

શ્રી સીમંધર જગધણી, આ ભરતે આવો;
કરુણાવંત કરુણા કરી, અમને વંદાવો. ૧.

સકળ ભક્ત તુમે ધણી, જો હોવે અમ નાથ;
ભવોભવ હું છું તાહરો, નહીં મેલું હવે સાથ. ૨.

સયલ સંગ છંડી કરીએ, ચારિત્ર લઈશું;
પાય તુમારા સેવીને, શિવરમણી વરશું. ૩.

એ અળજો મુજને ઘણો એ, પુરો સીમંધર દેવ;
ઈહાં થકી હું વિનવું, અવધારો મુજ સેવ. ૪.

કર જોડીને વિનવું એ, સામો રહી ઈશાન;
ભાવ જિનેશ્વર **ભાણ**ને, દેજો સમકિત દાન. ૫.

(૨)

શ્રી સીમંધર વીતરાગ, ત્રિભુવન તમે ઉપગારી;
શ્રી શ્રેયાંસ પિતા કુળે, બહુ શોભા તુમારી. ૧.

ધન્ય ધન્ય માતા સત્યકી, જેણે જાયો જયકારી;
વૃષભ લંછને વિરાજમાન, વંદે નર નારી. ૨.

ધનુષ પાંચશેં દેહડીએ, સોહીએ સોવન વાન;
કીર્તિવિજય ઉવજઝાયનો, વિનય ધરે તુમ ધ્યાન. ૩.

✻

અથ બીજનું ચૈત્યવંદન

દુવિધ ધર્મ જીણે ઉપદિશ્યો, ચોથા અભિનંદન;
બીજે જન્મ્યા તે પ્રભુ, ભવદુઃખ નિકંદન. ૧.
દુવિધ ધ્યાન તુમે પરિહરો, આદરો દોય ધ્યાન;
ઈમ પ્રકાશ્યું સુમતિ જિને, તે ચવિયા બીજ દિન. ૨.
દોય બંધન રાગ દ્વેષ, તેહને ભવિ તજીએ;
મુજ પરે શીતલ જિન કહે, બીજ દિન શીવ ભજીએ. ૩.
જીવાજીવ પદાર્થનું, કરો નાણ સુજાણ;
બીજ દિને વાસુપૂજ્ય પરે, લહો કેવળનાણ. ૪.
નિશ્ચયનય વ્યવહાર દોય, એકાંતે ન ગ્રહીએ;
અરજિન બીજ દિને ચ્યવી, એમ જિન આગળ કહીએ. ૫.
વર્તમાન ચોવિશીએ, હુઆ જિન કલ્યાણ;
બીજ દિને કેઈ પામીયા, પ્રભુ નાણ નિર્વાણ. ૬.
એમ અનંત ચોવીસી એ, હુઆ બહુ કલ્યાણ;
જિન ઉત્તમ પદ **પદ્મ**ને, નમતાં હોય સુખ ખાણ. ૭.

✻

અથ શ્રી જ્ઞાનપંચમીનું ચૈત્યવંદન

ત્રિગડે બેઠા વીરજિન, ભાખે ભવિજન આગે;
ત્રિકરણશ્યું ત્રિહું લોક જન, નિસુણો મન-રાગે. ૧.
આરાધો ભલી ભાતસેં, પાંચમ અજુઆળી;
જ્ઞાન આરાધન કારણે, એહજ તિથિ નિહાળી. ૨.

જ્ઞાન વિના પશુ સારિખા, જાણો એણે સંસાર;
જ્ઞાન આરાધનથી લહે, શિવપદ સુખ શ્રીકાર. ૩.
જ્ઞાન રહિત ક્રિયા કહી, કાશ-કુસુમ ઉપમાન;
લોકાલોક પ્રકાશકર, જ્ઞાન એક પરધાન. ૪.
જ્ઞાની શ્વાસોચ્છવાસમાં, કરે કર્મનો છેહ;
પૂર્વ કોડી વરસા લગે, અજ્ઞાની કરે તેહ. ૫.
દેશ આરાધક ક્રિયા કહી, સર્વ આરાધક જ્ઞાન;
જ્ઞાન તણો મહિમા ઘણો, અંગ પાંચમે ભગવાન. ૬.
પંચ માસ લઘુ પંચમી, જાવજ્જીવ ઉત્કૃષ્ટી;
પંચ વરસ પંચ માસની, પંચમી કરો શુભ દૃષ્ટિ. ૭.
એકાવન હી પંચનો એ, કાઉસ્સગ્ગ લોગસ્સ કેરો;
ઉજમણું કરો ભાવશું, ટાળો ભવ ફેરો. ૮.
એણીપેરે પંચમી આરાધીએ, આણી ભાવ અપાર;
વરદત્ત ગુણમંજરી પરે, **રંગવિજય** લહો સાર. ૯.

✻

શ્રી અષ્ટમીનું ચૈત્યવંદન

મહા શુદિ આઠમ દિને, વિજયાસુત જાયો;
તેમ ફાગણ સુદી આઠમે, સંભવ ચવી આવ્યો. ૧.
ચૈતર વદની આઠમે, જન્મ્યા ઋષભ જિણંદ;
દીક્ષા પણ એ દિન લહી, હુઆ પ્રથમ મુનિચંદ. ૨.
[૧]માધવ શુદિ આઠમ દિને, આઠ કર્મ કર્યાં દૂર;
અભિનંદન ચોથા પ્રભુ, પામ્યા સુખ ભરપૂર. ૩.
એહિજ આઠમ ઉજળી, જન્મ્યા સુમતિ જિણંદ;
આઠ જાતિ કળશે કરી, નવરાવે સુર ઈંદ. ૪.

---

૧ વૈશાખ.

જન્મ્યા જેઠ વદી આઠમે, મુનિસુવ્રતસ્વામી;
નેમ અષાડ સુદી આઠમે, અષ્ટમી ગતિ[1] પામી. ૫.

શ્રાવણ વદની આઠમે, નમિ જન્મ્યા જગભાણ;
તેમ શ્રાવણ શુદી આઠમે, પાસજીનું નિરવાણ. ૬.

ભાદરવા વદી આઠમ દિને, ચવિયા સ્વામી સુપાસ;
જિન ઉત્તમ પદ **પદ્મ**ને, સેવ્યાથી શિવવાસ. ૭.

શ્રી એકાદશીનું ચૈત્યવંદન

શાસનનાયક વીરજી, પ્રભુ કેવળ પાયો;
સંઘ ચતુર્વિધ સ્થાપવા, મહસેન વન આયો. ૧.

[2]માધવ સિત એકાદશી, સોમલ દ્વિજ યજ્ઞ;
ઈંદ્રભૂતિ આદે મલ્યા, એકાદશ [3]વિજ્ઞ. ૨.

[4]એકાદશસેં ચઉગુણો, તેહનો પરિવાર;
વેદ અર્થ અવળો કરે, મન અભિમાન અપાર. ૩.

જીવાદિક સંશય હરી એ, એકાદશ ગણધાર;
વીરે થાપ્યા વંદીએ, જિનશાસન જયકાર. ૪.

મલ્લિ જન્મ અર મલ્લિ પાસ, વર ચરણ વિલાસી;
ઋષભ અજિત સુમતિ નમિ, મલ્લિ ઘનઘાતી વિનાશી. ૫.

પદ્મપ્રભ શિવવાસ પાસ, ભવભવના તોડી;
એકાદશી દીન આપણી, ઋદ્ધિ સઘળી જોડી. ૬.

દસ ક્ષેત્રે ત્રિહું કાલના, ત્રણશેં કલ્યાણક;
વરસ અગિયાર એકાદશી, આરાધો વરનાણ. ૭.

---

૧. મોક્ષ. ૨. વૈશાખ શુક્લ-શુદી એકાદશીને દિવસે સોમલ નામના વિપ્ર-બ્રાહ્મણે આરંભેલા યજ્ઞ પ્રસંગે. ૩. અગિયાર વિદ્વાન (વિપ્રો). ૪. ચુંમાલીસશે.

અગિઆર અંગ લખાવીએ, એકાદશ પાઠાં;
પુંજણી ઠવણી વીંટણી, મશી કાગળ ને કાઠાં. ૮.
અગિઆર અવ્રતછાંડવા એ, વહો પડિમા અગિયાર;
ખીમાવિજય જિનશાસને, સફળ કરો અવતાર. ૯.

શ્રી નવપદજીનું સ્તવન.

સિદ્ધચક્ર વર સેવા કીજે, નરભવ લાહો લીજેજી;
વિધિપૂર્વક આરાધન કરતાં, ભવભવ પાતક છીજે.
ભવીજન ભજીએજી
અવર અનાદિની ચાલ, નિત્ય નિત્ય તજીએજી (એ આંકણી) ૧.

દેવના દેવ [1]દયાકર ઠાકર, ચાકર સુર નર ઈન્દાજી;
ત્રિગડે ત્રિભુવન નાયક બેઠા, પ્રણમો શ્રી જિનચંદા-ભવી૦ ૨.

અજર[2] અવિનાશી અકળ અજરામર, કેવળ દંસણનાણીજી;
અવ્યાબાધ[3] અનંતું વીરજ, સિદ્ધ પ્રણમો ગુણખાણી-ભવી૦ ૩.

વિદ્યા સૌભાગ્ય લક્ષ્મી પીઠ, મંત્રરાજ યોગપીઠજી;
સુમેરુ પીઠ એ પંચ પ્રસ્થાને, નમો આચારજ [4]ઈટ્ઠ-ભવી૦ ૪.

અંગ ઉપાંગ નંદિ અનુયોગા, છ છેદ ને મૂળ ચારજી;
દસ પયન્ના એમ પણયાલીસ[5], પાઠક તેહના ધાર-ભવી૦ ૫.

વેદ[6] ત્રણ ને હાસ્યાદિક ષટ, મિથ્યાત્વ ચાર કષાયજી;
ચૌદ અભ્યંતર નવવિધ બાહ્યની, ગ્રંથી તજે મુનિરાય-ભવી૦ ૬.

ઉપશમ ક્ષય-ઉપશમ ને ક્ષાયક, દર્શન ત્રણ પ્રકારજી;
શ્રદ્ધા પરિણતિ આતમકેરી, નમીએ વારંવાર-ભવી૦ ૭.

---

૧. દયાના ભંડાર. ૨ જેને ફરી જન્મ લેવાનો નથી. ૩ કશી બાધારહિત. અખંડ સુખ. ૪ ઈષ્ટ (ભાવાચાર્ય). ૫ પીસ્તાલીશ આગમ. ૬ પુરુષ, સ્ત્રી અને નપુંસક.

અઠ્યાવીશ ચૌદ ને ષટ દુગ[૭] એક, મત્યાદિકના જાણજી;
એમ એકાવન ભેદે પ્રણમો, સાતમે પદ વરનાણ-ભવી૦ ૮.
નિવૃત્તિ ને પ્રવૃત્તિ ભેદે, ચારિત્ર છે વ્યવહારેજી;
નિજગુણ સ્થિરતા ચરણ તે પ્રણમો, નિશ્ચય શુદ્ધ પ્રકારે-ભવી૦ ૯.
બાહ્ય અભ્યંતર તપ તે સંવર, સમતા નિર્જરા હેતુજી;
તે તપ નમીએ ભાવ ધરીને, ભવસાગરમાં સેતુ-ભવી૦ ૧૦.
એ નવપદમાં [૮]પણ છે ધર્મી, ધર્મ તે વરતે ચ્યારજી[૯];
દેવ ગુરુ ને ધર્મ તે એહમાં, દો[૧૦] તીન[૧૧] ચાર[૧૨]પ્રકાર-ભવી૦ ૧૧.
મારગદેશક[૧૩]અવિનાશીપણું[૧૪], આચાર[૧૫]વિનય[૧૬]સંકેતજી;
સહાયપણું[૧૭] ધરતા સાધુજી, પ્રણમો એહીજ હેતે[૧૮]-ભવી૦ ૧૨.
વિમલેશ્વર સાંનિધ્ય[૧૯] કરે તેહની, ઉત્તમ જે આરાધેજી;
પદ્મવિજય કહે તે ભવિપ્રાણી નિજ આતમ હિત સાધે-ભવી૦ ૧૩.

શ્રી વીશસ્થાનકનું સ્તવન.

હાંરે મારે પ્રણમું સરસ્વતી માગું વચન વિલાસ જો,
વીશે રે તપ સ્થાનક મહિમા ગાઈશું રે લોલ;
હાંરે મારે પ્રથમ અરિહંત પદ લોગસ્સ ચોવીશ જો,
બીજે રે સિદ્ધ સ્થાનક પન્નર ભાવશું રે લોલ. ૧.

---

૭ બે. ૮ અરિહંતાદિક પાંચે પરમેષ્ઠીઓ. ૯ સમ્યગ્દર્શન (સમકિત) આદિ ચાર પ્રકાર. ૧૦ અરિહંત અને સિદ્ધ તે બે દેવ. ૧૧ આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ એ ત્રણ ગુરુ. ૧૨ દર્શન, જ્ઞાન, ચારિત્ર અને તપ એ ચાર પ્રકારનો ધર્મ જાણવો. ૧૩ અરિહંતનો મોક્ષમાર્ગદર્શક ગુણ. ૧૪ સિદ્ધનો અવિનાશીપણાનો ગુણ. ૧૫ આચાર્યનો જ્ઞાનાદિક પાંચ આચાર પાળવા-પળાવવાનો ગુણ. ૧૬ ઉપાધ્યાયનો વિનય ગુણ (જડ જેવા શિષ્યને પણ સુશિક્ષાદાનથી સુવિનીત કરે એવો ગુણ). ૧૭ અન્ય ભવ્યાત્માઓને ધર્મમાર્ગમાં આલંબનરૂપ થવાનો ગુણ (સાધુનો). ૧૮ એટલા માટે અરિહંતાદિકને ત્રિકરણ શુદ્ધ પ્રણામ કરવાનો છે. ૧૯ સહાયતા કરે.

હાંરે મારે ત્રીજે પવયણશું ગણશો લોગસ્સ સાત જો,
ચઉથે રે આયરિયાણં છત્રીશનો સહી રે લોલ;
હાંરે મારે થેરાણં પદ પાંચમે દશ ઉદાર જો,
છટ્ઠે રે ઉવજ્ઝાયાણં પચવીશનો સહી રે લોલ. ૨.

હાંરે મારે સાતમે નમો લોએ સવ્વસાહૂણં સત્તાવીશ જો,
આઠમે નમો નાણસ્સ પંચે ભાવશું રે લોલ;
હાંરે મારે નવમે દરિસણ સડસઠ મનને ઉદાર જો,
દશમે નમો વિણયસ્સ દશ વખાણીએ રે લોલ. ૩.

હાંરે મારે અગિયારમે નમો ચારિત્તસ્સ લોગસ્સ સત્તર જો,
બારમે નમો બંભસ્સ નવગુણે સહી રે લોલ;
હાંરે મારે કિરિયાણં પદ તેરમે વળી પચવીશ જો,
ચઉદમે નમો તવસ્સ બાર ગુણે સહી રે લોલ. ૪.

હાંરે મારે પંદરમે નમો ગોયમસ્સ અટ્ઠાવીશ જો,
નમો જિણાણં ચઉવ્વીસ ગણશું સોળમે રે લોલ;
સત્તરમે નમો ચારિત્તસ્સ લોગસ્સ સિત્તેર જો,
નાણસ્સનો પદ ગણશું એકાવન અઢારમે રે લોલ. ૫.

હાંરે મારે ઓગણીશમે નમો સુઅસ્સ વીશ પીસ્તાલીશ જો,
વીશમે નમો તિત્થસ્સ વીશ ભાવશું રે લોલ;
હાંરે મારે તપનો મહિમા ચારશેં ઉપર વીશ જો,
ષટ્માસે એક ઓળી પૂરી કીજીએ રે લોલ. ૬.

હાંરે મારે તપ કરતાં વળી ગણીયે દોય હજાર જો,
નવકારવાળી વીશે સ્થાનક ભાવશું રે લોલ;
હાંરે મારે પ્રભાવના સંઘ સાહમ્મીવચ્છલ્લ સાર જો,
ઉજમણા વિધિ કીજીએ વિનય લીજીએ રે લોલ. ૭.

હાંરે મારે તપનો મહિમા કહે શ્રી વીર જિનરાય જો,
વિસ્તારે ઈમ સંબંધ ગોયમ સ્વામીને રે લોલ;

હાંરે મારે તપ કરતાં વળી તીર્થંકર પદ હોય જો,
દેવગુરુ ઈમ **કાંતિ** સ્તવન સોહામણો રે લોલ. ૮.

શ્રી સીમંધર જિન સ્તવન.

ધન્ય ધન્ય ક્ષેત્ર મહાવિદેશજી, ધન્ય પુંડરિગિણી ગામ;
ધન્ય તિહાંના માનવીજી, નિત્ય ઉઠી કરે રે પ્રણામ;
સીમંધર સ્વામી કહીયે રે હું મહાવિદેહે આવીશ;
જયવંતા જિનવર કહીયે રે, હું તમને વાંદીશ. ૧.
ચાંદલીયા સંદેશડોજી, કહેજો સીમંધર સ્વામ;
ભરતક્ષેત્રના માનવીજી, નિત્ય ઉઠી કરે રે પ્રણામ-સી૦ ૨.
સમવસરણ દેવે રચ્યું તિહાં, ચોસઠ ઈન્દ્ર નરેશ;
સોના તણે સિંહાસન બેઠા, ચામર છત્ર ધરેશ-સી૦ ૩.
ઈન્દ્રાણી કાઢે ગહુંલીજી, મોતીના ચોક પુરેશ;
લળી લળી લીયે લૂંછણાંજી, જિનવર દીયે ઉપદેશ-સી૦ ૪.
એહવે સમે મેં સાંભળ્યુંજી, હવે કરવા પચ્ચક્ખાણ;
પોથી ઠવણી તિહાં કણેજી, અૃમત વાણી વખાણ-સી૦ ૫.
રાયને વહાલા ઘોડલાજી, વેપારીને વહાલાં છે દામ;
અમને વહાલા શ્રીસીમંધર સ્વામી, જેમ સીતાને શ્રીરામ-સી૦ ૬.
નહીં માગું પ્રભુ રાજ્ય ઋદ્ધિજી, નહીં માંગું ગરથભંડાર;
હું માંગું પ્રભુ એટલુંજી, તુમ પાસે અવતાર-સી૦ ૭.
દૈવે ન દીધી પાંખડીજી, કેમ કરી આવું હજુર;
મુજરો મ્હારો માનજોજી, પ્રહ ઉગમતે સૂર-સી૦ ૮.
સમયસુંદરની વિનતીજી, માનજો વારંવાર;
બે કર જોડી વિનવુંજી, વિનતડી અવધાર-સી૦ ૯.

શ્રી સીમંધર જિન સ્તવન

(રૂપૈયો તે આલું રોકડો મારા વહાલાજી-એ દેશી)

મનડું તે માહરૂં મોકલે, મારા વહાલાજી રે;
[1]સસહર સાથે સંદેશ, જઈને કહેજો મારા વાલાજી રે.
ભરતના ભક્તને તારવા મા૦ એકવાર આવોને આ દેશ-જઈ૦ ૧.

પ્રભુજી વસો પુષ્કલાવતી, મા૦ મહાવિદેહ ક્ષેત્ર મઝાર; જઈ૦
પુરી રાજે પુંડરિગિણી, મા૦ જિહાં પ્રભુનો અવતાર. જઈ૦ ૨.

શ્રી સીમંધર સાહિબા, મા૦ વિચરંતા વીતરાગ; જઈ૦
પડિબોહે[2] બહુ પ્રાણીને, મા૦ તેહનો પામે કુણ તાગ.[3] જઈ૦ ૩.

મન જાણે ઉડી મળું, મા૦ પણ પોતાને નહીં પાંખ; જઈ૦
ભગવંત તુમ જોવા ભણી, મા૦ અલજો ધરે છે બેહુ આંખ. જઈ૦ ૪.

દુર્ગમ મહોટા ડુંગરા, મા૦ નદી નાળાનો નહીં પાર; જઈ૦
ઘાટીની આંટી ઘણી, મા૦ અટવી પંથ અપાર. જઈ૦ ૫.

કોડી સોનૈયે કાસીદી, મા૦ કરનારો નહીં કોય; જઈ૦
કાગળીયો કેમ મોકલું, મા૦ હોંશ તે નિત્ય નવલી હોય. જઈ૦ ૬.

લખું જે જે લેખમાં, મા૦ લાખ ગમે અભિલાષ; જઈ૦
તમે [4]લેજામાં તે લહો, મા૦ મુજ મન પૂરે છે સાંખ. જઈ૦ ૭.

લોકાલોક સરૂપનાં, મા૦ જગતમાં તુમે છો જાણ; જઈ૦
જાણ આગે શું જણાવીએ, મા૦ આખર અમે અજાણ. જઈ૦ ૮.

વાચક **ઉદય**ની વિનતિ, મા૦ સસહર કહ્યા સંદેશ; જઈ૦
માની લેજો માહરી, મા૦ વસતાં દૂર વિદેશ. જઈ૦ ૯.

---

૧ શશધર-ચંદ્રમા. ૨ પ્રતિબોધે. ૩ છેડો. ૪ આપ તે તરત જાણી જાઓ છો.

શ્રી યુગમંધર જિન સ્તવન.

(મધુકરની દેશીમાં)

શ્રી યુગમંધરને કેજો, કે દધિસુત વિનતડી સુણજો રે;
શ્રી યુગ૦ એ આંકણી૦
કાયા પામી અતિ કુડી, પાંખ નહીં આવું ઉડી;
લબ્ધિ નહિ કોયે રૂડી રે. શ્રીયુગ૦ ૧.
તુમ સેવામાંહી સુર કોડા, ઈહાં આવે જો એક દોડી;
આશા ફળે ૫ ાતક મોડી રે. શ્રીયુગ૦ ૨.
દુષમ સમયમાં ઈણે ભરતે, અતિશય નાણી નવિ વરતે;
કહીએ કહો કોણ સાંભળતે રે. શ્રીયુગ૦ ૩.
શ્રવણાં સુખીયા તુમ નામે, નયણા દરિસણ નવિ પામે;
એ તો ઝગડા ન ઠામે રે. શ્રીયુગ૦ ૪.
ચાર આંગળ અંતર રહેવું, [1]શોકલડીની પરે દુઃખ સહેવું;
પ્રભુ વિના કોણ આગળ કહેવું રે. શ્રીયુગ૦ ૫.
મહોટા મેળ કરી આપે, બેહુને તોલ કરી થાપે;
સજ્જન જસ જગમાં વ્યાપે રે. શ્રીયુગ૦ ૬.
બેહુનો એકમતો થાવે, કેવલ નાણ જુગલ પાવે;
તો સવિ વાત બની આવે રે. શ્રીયુગ૦ ૭.
ગજલંછન ગજગતિગામી, વિચરે વપ્રાવિજય સ્વામી;
નયરી વિજયા ગુણધામી રે. શ્રીયુગ૦ ૮.
માતા સુતારાએ જાયો, સુદઢ નરપતિકુલ આયો;
પંડિત **જિનવિજય** ગાયો રે. શ્રીયુગ૦ ૯.

---

૧ આંખ અને કાનને ચાર આંગળનું છેટું છે, તેથી કાન શ્રીયુગમંધર સ્વામીનું નામ સાંભળે છે પણ પ્રભુ દૂર હોવાથી આંખ દેખી શકતી નથી; તેથી આંખને શોક્યની પેઠે દુઃખ થાય છે.

શ્રી સિદ્ધાચલજીનું સ્તવન

(જસોદા માવડી-એ દેશી)

જાત્રા +નવાણું કરીએ, વિમલગિરિ જાત્રા ન વાણું કરીએ.
પૂરવ નવાણું વાર શેત્રુંજા ગિરિ,
ઋષભ જિણંદ સમોસરીએ. વિમલ૦ ૧.

કોડિ સહસ ભવ પાતક ત્રુટે,
શેત્રુંજા સામો ડગ ભરીએ. વિમલ૦ ૨.

સાત છઠ દોય અઠમ તપસ્યા,
કરી ચઢીએ ગિરિવરીએ. વિમલ૦ ૩.

પુંડરીક પદ જપીયે મન હરખે,
અધ્યવસાય શુભ ધરીયે. વિમલ૦ ૪.

પાપી *અભવી ન નજરે દેખે,
હિંસક પણ ઉદ્ધરીએ. વિમલ૦ ૫.

ભૂમિ [૧]સંથારો ને નારીતણો[૨] સંગ.
દૂર થકી પરિહરીયે. વિમલ૦ ૬.

સચિત્ત [૩]પરિહારી ને એકલ આહારી[૪],
ગુરુ સાથે પદ ચરીયે[૫] વિમલ૦ ૭.

પડિક્કમણાં દ્વોય વિધિશું કરીયે[૬],
પાપ પડલ વિખરીયે. વિમલ૦ ૮.

કલિકાળે એ તીરથ મોહોટું,
પ્રવહણ+ જિમ ભરદરિયે. વિમલ૦ ૯.

+ નવ્વાણું યાત્રા કરનારાઓએ (અને ઉપલક્ષણથી વિધિરસિક અન્ય યાત્રાળુઓએ) યાત્રા કરતાં જે છ'રી પાળવી જોઈએ, તેના નામ ૧ થી ૬ અંક દ્વારા બતાવવામાં આવ્યાં છે.

* અભવી (અભવ્ય) એવા પાપી (એવો અર્થ જાણ્યો છે.)

+ નાવ-વહાણ.

ઉત્તમ એ ગિરિવર સેવંતાં,
પદ્મ કહે ભવ તરીયે. વિમલ૦ ૧૦.

શ્રી સિદ્ધાચલજીનું સ્તવન.

સિદ્ધિગિરિ ધ્યાવો ભવિકા, સિદ્ધિગિરિ ધ્યાવો;
ઘર બેઠા પણ બહુ ફળ પાવો ભવિકા, બહુ ફળ પાવો;
નંદીસર યાત્રાયે જે ફળ હોવે,
તેથી બમણેરૂં ફળ કુંડલગિરિ હોવે. ભ૦ કું૦ ૧.
તિગણું રુચકગિરિ ચોગણું ગજદંતા,
તેથી બમણેરૂં ફળ જંબૂ મહંત્તા. ભ૦ જં૦
ષટગણું ધાતકી ચૈત્ય જુહારે,
બત્તીસ ગણેરૂં ફળ પુક્ખલ વિહારે. ભ૦ પુ૦ ૨.
તેથી શતગણું ફલ મેરુ ચૈત્ય જુહારે,
સહસ ગણેરૂં ફળ સમેતશિખરે. ભ૦ સ૦
લાખ ગણેરૂં ફળ અંજનગિરિ જુહારે,
દશ લાખ ગણેરૂં ફળઅષ્ટાપદ ગિરનારે. ભ૦ અ૦ ૩.
કોડિ ગણેરૂં ફળ શ્રી સિદ્ધાચલ ભેટે,
જેમ રે અનાદિના દુરિત ઉમેટે. ભ૦ દુ૦
ભાવ અનંતે અનંત ફળ પાવે,
જ્ઞાનવિમળસૂરિ એમ ગુણ ગાવે. ભ૦ એ૦ ૪.

શ્રી રાયણ પગલાનું સ્તવન.

શ્રી આદીશ્વર અંતરયામી, જીવન જગત આધાર;
શાન્ત સુધારસ જ્ઞાને ભરિયો, સિદ્ધાચલ શણગાર;
રાયણ રૂડી રે, જિહાં પ્રભુ પાય ધરે, દેખત દુઃખ હરે;
પુણ્યવંતા પ્રાણી રે, પ્રભુજીની સેવા કરે૦ **વિમલગિરિ વંદો રે**૦ ૧.

ગુણ અનંતા ગિરિવર કેરા, સિધ્યા સાધુ અનંત;
વળી રે સિદ્ધશે વાર અનંતી, એમ ભાખે ભગવંત;
ભવોભવ કેરાં રે પાતક દૂર કરે. **વિમલગિરિ વંદો રે૦** ૨.

વાવડીયું રસકુંપા કેરી, મણિ-માણેકની ખાણ;
રત્નખાણ બહુ રાજે હો તીરથ, એવી શ્રી જિનવાણ;
સુખના સ્નેહી રે બંધન દૂર કરે. **વિમલગિરિ વંદો રે૦** ૩.

પાંચ કોડિશું પુંડરિક સિધ્યા, ત્રણ કોડિશું રામ;
વીશ કોડિશું પાંડવ સિધ્યા, સિદ્ધક્ષેત્ર સિદ્ધઠામ;
મુનિવર મ્હોટા રે અનંતા સિદ્ધિવરે. **વિમલગિરિ વંદો રે૦** ૪.

એસો તીરથ ઓર ન જગમેં, ભાખે શ્રી જિનભાણ;
દુર્ગતિ કાપે ને પાર ઉતારે (વ્હાલો), આપે કેવળનાણ;
ભવજિન ભાવે રે જે એનું ધ્યાન ધરે. **વિમલગિરિ વંદો રે૦** ૫.

દ્રવ્ય ભાવશું પૂજા કરતાં, પૂજો શ્રી જિનપાય (જિનરાય);
ચિદાનંદ સુખ આતમ વેદી, જ્યોતિસેં જ્યોત મિલાય;
કીરતિ એહની રે **માણેક મુનિ** કરે. **વિમલગિરિ વંદો રે૦** ૬.

*

શ્રી આદિજિન સ્તવન

(આદિ તે અરિહંત-એ રાગ)

આદિ જિણંદ અરિહંતજી, પ્રભુ અમને રે;
તુમે દ્યો દરિશન મહારાજ, શું કહું તમને રે,
આઠ પહોરમાં એક ઘડી, પ્ર૦ લાધ્યું તમારું ધ્યાન- શું૦ ૧.

મધુકરને મન માલતી, પ્ર૦ જિમ મોરને મન મેહ; શું૦
સીતાને મન રામજી, પ્ર૦ તેમ વાધ્યો તુમશું નેહ-શું૦ ૨.

રોહિણીને મન ચંદજી, પ્ર૦ વળી રેવાયે ગજરાજ; શું૦
સમય સમય પ્રભુ સાંભળે, પ્ર૦ મનડામાં મહારાજ- શું૦ ૩.

નિઃસ્નેહી થઈ નવિ છૂટીયે, પ્ર૦ કરુણાવંત કહાઓ; શું૦
ગુણ અવગુણ જોતા રખે, પ્ર૦ તો તારક કેમ કહાઓ- શું૦ ૪.

રઢ લાગી પ્રભુ રૂપની, પ્ર૦ મુને ન ગમે બીજી વાત; શું૦
વાયે વાત બને નહીં, પ્ર૦ મળીયે મૂકી ભ્રાંત-શું૦ ૫.

સેવે ચિંતામણિ ફળે પ્ર૦ તું તો ત્રિભુવનનાથ; શું૦
સો વાતે છોડું નહીં, પ્ર૦ હવે આવ્યા મુજ હાથ- શું૦ ૬.

મુંહની વાત મૂકો પરી, પ્ર૦ જિમ જાણો તિમ તાર; શું૦
સહગુરુ સુંદર કવિરાયનો, પ્ર૦ **પદ્મ**ને પ્રભુશું પ્યાર-શું૦ ૭.

✱

શ્રી સુમતિજિન સ્તવન

(ઝાંઝરિયા મુનિવરની - એ દેશી)

સુમતિનાથ ગુણશું મિલીજી, વાધે મુજ મન પ્રીતિ;
તેલબિંદુ જેમ વિસ્તરેજી, જળમાંહે ભલી રીતિ;
સોભાગી જિનશું લાગ્યો અવિહડ રંગ. ૧.

સજ્જન શું જે પ્રીતડીજી, છાની તે ન રખાય;
પરિમલ કસ્તુરી તણોજી, મહીં માંહે મહકાય-સોભાગી૦ ૨.

આંગળીએ નવિ મેરૂ ઢંકાએ, છાબડીએ રવિ તેજ;
અંજલીમાંજિમગંગનમાએ, મુજમન તિમ પ્રભુહેજ-સો૦ ૩.

હુઓ છિપેનહિં [1]અધર અરુણ, જિમ ખાતાં પાન સુરંગ;
પીવત ભરભર પ્રભુગુણ પ્યાલા, તિમ મુજ પ્રેમ અભંગ-સો૦ ૪.

ઢાંકી ઈક્ષુ[2] પલાલશુંજી, ન રહે લહી વિસ્તાર;
વાચક યશ કહે પ્રભુ તણોજી, તિમ મુજ પ્રેમ પ્રકાર- સો૦ ૫.

---

૧ હોઠ. ૨ શેલડી.

શ્રી વાસુપૂજ્યસ્વામીનું સ્તવન.

(સાહેબા મોતીડો હમારો-એ દેશી)

સ્વામી તુમે કાંઈ કામણ કીધું,
ચિત્તડું અમારૂં ચોરી લીધું;
સાહેબા વાસુપૂજ્ય જિણંદા,
મોહના વાસુપૂજ્ય૦ એ આંકણી.
અમે પણ તુમશું કામણ કરશું,
ભક્ત્યે ગ્રહી મન ઘરમાં ધરશું. સા૦ ૧.
મન ઘરમાં ધરીયા ઘર શોભા,
દેખત નિત્ય રહેશે સ્થિર-થોભા;
મન વૈકુંઠે [1]અકુંઠિત ભક્તે,
યોગી ભાખે અનુભવ યુક્તે સા૦ ૨.
ક્લેશે વાસિત મન સંસાર,
ક્લેશ રહિત મન તે ભવપાર;
જો વિશુદ્ધ મન ઘર તુમે આવ્યા,
પ્રભુ તો અમે નવનિધિ ઋદ્ધિ પાયા. સા૦ ૩.
સાત રાજ અળગા જઈ બેઠા,
પણ ભક્ત્યે અમ મનમાં પેઠા;
અળગાને વળગ્યા જે રહેવું,
તે ભાણા ખડખડ [2]દુઃખ સહેવું. સા૦ ૪.
ધ્યાયક ધ્યેય ધ્યાન ગુણ એકે,
ભેદછેદ[3] કરશું હવે ટેકે;
ખીર-નીરપરે તુમશું મળશું,
વાચક **યશ** કહે હેજે[4] હળશું.[5] સા૦ ૫.

---

૧ અસ્ખલિત. ૨ આકુળતા. ૩ અંતરભેદ ટાળીશું. ૪ પ્રેમે. ૫ એકતા કરીશું.

શ્રી શાંતિજિન સ્તવન

શાંતિ જિનેશ્વર સાહેબ વંદો, અનુભવરસનો કંદો રે;
મુખ મટકે લોચનને લટકે, મોહ્યા સુર નર વૃંદો રે. શાંતિ૦ ૧.
મંજર દેખીને કોયલ ટૌકે, મેઘઘટા જેમ મોરો રે;
તેમ જિનપ્રતિમા નિરખી હરખું, વળી જેમ ચંદ ચકોરો રે. શાંતિ૦ ૨.
જિનપ્રતિમા શ્રી જિનવર ભાખી, સૂત્ર ઘણા છે સાખી રે;
સુર નર મુનિવર વંદન પૂજા, કરતાં શિવ અભિલાષી રે. શાંતિ૦ ૩.
રાયપસેણી પ્રતિમા પૂજી, સુરિઆભ સમકિત ધારી રે;
જીવાભિગમે પ્રતિમા પૂજી, વિજયદેવ અધિકારી રે. શાંતિ૦ ૪.
જિનવર બિંબ વિના નવિ વંદું, આણંદજી એમં બોલે રે;
સાતમે અંગે સમકિત મૂલે, અવર નહિ તસ તોલે રે. શાંતિ૦ ૫.
જ્ઞાતાસૂત્રે દ્રૌપદી પૂજા, કરતી શિવસુખ માગે રે;
રાય સિદ્ધારથે પ્રતિમા પૂજી, કલ્પસૂત્ર માંહે રાગે રે. શાંતિ૦ ૬.
વિદ્યાચારણ મુનિવર વંદી, પ્રતિમા પાંચમા અંગે[૧] રે;
જંઘાચારણ મુનિવર વંદી, જિનપડિમા મનરંગે રે. શાંતિ૦ ૭.
આર્યસુહસ્તિસૂરિ ઉપદેશે, ચાવો સંપ્રતિ રાય રે;
સવા કોડિ જિનબિંબ ભરાવ્યાં, ધન્ય ધન્ય એહની માય રે. શાંતિ૦ ૮.
મોકલી પ્રતિમા અભયકુમારે, દેખી આર્દ્રકુમારે રે;
જાતિસ્મરણે સમકિત પામી, વરીઓ શિવસુખ સાર રે. શાંતિ૦ ૯.
ઇત્યાદિક બહુ પાઠ કહ્યાં છે, સૂત્ર માંહે સુખકારી રે;
સૂત્રતણો એક વરણ ઉથાપે, તે કહ્યો બહુલ સંસારી રે. શાંતિ૦ ૧૦.
તે માટે જિન આણાધારી, કુમતિ કદાગ્રહ નિવારી રે;
ભક્તિતણાં ફલ ઉત્તરાધ્યયને, બોધિબીજ સુખકારી રે. શાંતિ૦ ૧૧.

---

૧. ભગવતી સૂત્રમાં.

એક ભવે દોય પદવી પામ્યા, સોળમા શ્રી જિનરાય રે;
મુજ મનમંદિરીએ પધરાવ્યા, ધવલ મંગળ ગવરાય રે. શાંતિ૦ ૧૨.
જિન ઉત્તમ પદરૂપ અનુપમ, કીરતિ કમલની શાળા રે;
જીવવિજય કવિ પ્રભુજીની ભક્તિ, કરતા મંગલમાળા રે.શાંતિ૦ ૧૩.

*

શ્રી પાર્શ્વજિન સ્તવન

મોહન મુજરો લેજો રાજ, તુમ સેવામાં રહેશું;
વામાનંદન જગદાનંદન, જે સુધારસ ખાણી;
મુખ મટકે લોચનને લટકે, લોભાણી ઈન્દ્રાણી. મોહન૦ ૧.
ભવ પટ્ટણ ચીહું દિશિ ચારે, ગતિ ચોરાસી લાખ ચઉટા;
ક્રોધ માન માયા ને લોભાદિક, ચોવટીયા અતિ ખોટા. મોહન૦ ૨.
અનાદિ નિગોદનો બંધીખાનો, તૃષ્ણા તોપે રાખ્યો;
સંજ્ઞા ચારે ચોકી મેલી, વેદ નપુંસક આંક્યો; મોહન૦ ૩.
ભવસ્થિતિ કર્મવિવર લઈ નાઠો, પુન્ય ઉદય પણ વાધ્યો;
સ્થાવર વિગલેંદ્રિપણું ઓલંગી, પંચેંદ્રિપણું લાધ્યો. મોહન૦ ૪.
માનવ ભવ આરજ કુલ સદ્‌ગુરુ, વિમલ બોધ મળ્યો મુજને;
ક્રોધાદિ રિપુ શત્રુ વિમાસી, તેણે ઓળખાવ્યો તુજને. મોહન૦ ૫.
પાટણ માંહે પરમ દયાળુ, જગત વિભૂષણ ભેટ્યા;
સત્તર બાણુ શુભ પરિણામે, કર્મ કઠિન બળ મેટ્યા. મોહન૦ ૬.
સમકિત ગજ ઉપશમ અંબાડી, જ્ઞાન કટક બળ કીધું;
ખિમાવિજય જિન ચરણ રમણ સુખ, રાજ પોતાનું લીધું. મોહન૦ ૭.

મહાવીર સ્વામીના પંચ કલ્યાણકનું
દશ ઢાળનું સ્તવન
ઢાળ પહેલી

(પ્રભુ ચિત્ત ધરીને અવધારો મુજ વાત-એ દેશી)

સરસ્વતિ ભગવતિ દીયો મતિ ચંગી, સરસ સુરંગી વાણ;
તુજ પસાય માય ચિત્ત ધરી હું, જિનગુણ રયણની ખાણ. ૧.

ગિરૂઆ ગુણ વીરજી, ગાઈશું ત્રિભુવન રાય;
તુજ નામે ઘર મંગલમાલા, ચિત્ત ધરે બહુ સુખ થાય. ગિરૂઆ૦ ૨.

જંબૂદ્વીપે ભરત ક્ષેત્રમાંહિ, નયર માહણકુંડ ગામ;
ઋષભદત્ત વર વિપ્ર વસે તિહાં, દેવાનંદા તસ પ્રિયા નામ. ગિરૂઆ૦ ૩.

સુર વિમાન વર પુષ્પોત્તરથી, ચવિ પ્રભુ લીયે અવતાર;
તવ તે માહણી રયણી મધ્યે, સુપન લહે દશ ચાર. ગિરૂઆ૦ ૪.

ધૂરે મયગલ મલપતો દેખે, બીજે વૃષભ વિશાલ;
ત્રીજે કેશરી લક્ષ્મી ચોથે, પાંચમે ફુલની માળ. ગિરૂઆ૦ ૫.

ચંદ્ર સૂર્ય ધ્વજ કલશ પઉમસર, દેખે દેવ વિમાન;
રયણરેહા રયણાસર રાજે, ચૌદમે અગ્નિ પ્રધાન. ગિરૂઆ૦ ૬.

આનંદભર તવ જાગી સુંદરી, કંતને કહે પરભાત;
સુણી વિપ્ર કહે તુજ સુત હોશે, ત્રિભુવન માંહે વિખ્યાત. ગિરૂઆ૦ ૭.

અતિઅભિમાન કીયો મારિચિ ભવે, જુઓ જુઓ કરમ વિચાર;
તાત સુતા વર તિહાં થયા કુંવર, વલી નીચ કુલે અવતાર. ગિરૂઆ૦ ૮.

ઈણ અવસર ઈન્દ્રાસન ડોલે, નાણે કરી હરિ જોય;
માહણી કુખે જગ ગુરૂ પેખે, નમી કહે અઘટતું હોય. ગિરૂઆ૦ ૯.

તતક્ષણ હરિ હરણેંદ્ર તેડાવી, મોકલિયો તેણે ઠાય;
માહણી ગર્ભ અને ત્રિસલાનો, બિહું બદલી સુર જાય. ગિરૂઆ૦ ૧૦.

વલિ નિશિભર તે દેવાનંદા, સુપન લહે અસાર;
જાણ્યું સુપન ત્રિસલા કર ચઢિયાં, જઈ કહે નિજ ભરતાર. ગિરૂઆ૦ ૧૧.

કંથ કહે તું દુઃખ હર સુંદરી, મુજ મન અચિરજ હોય;
મરૂસ્થલ રણમાં કલ્પદ્રુમ દીઠો, આજ સંશય ટલ્યો સોય. ગિરૂઆ૦ ૧૨.

ઢાળ બીજી

નયરિ ક્ષત્રિકુંડ નરપતિ, સિદ્ધારથ ભલા એ;
આણ ન ખંડે રે તસ તણી, જગ જસ નિર્મલો એ. ૧.

તસ પટરાણી ત્રિસલા સતી, કુખે જગપતિ એ;
પરમ હર્ષ હિયડે ધરી, ઠવિયા સુરપતિ એ. ૨.

સુખ સેજે પોઢી દેવી, તો ચૌદ સુપન લહે એ;
જાગતી જિન ગુણ ગાવતી, હર્ષતી ગહગહે એ. ૩.

રાજહંસ ગતિ ચાલતી, પિયુ કને આવતી એ;
પ્રહ ઉગમતે સૂર તો, વિનવે નિજ પતિ એ. ૪.

વાત સુણી રાય રંજિયો, પંડિત તેડિયા એ;
તેણે સમે સુપન વિચાર તો, પુસ્તક છોડીયાં એ. ૫.

બોલે મધુરી વાણ તો, ગુણનિધિ સુત હોશે એ;
સુખ સંપત્તિ ઘરે વાધશે, સંકટ ભાંજશે એ. ૬.

પંડિતને રાય તુઠિયા, લચ્છી દીયે ઘણી એ;
કહે એ વાણી સકલ હોજો, અમને તુમ તણી એ. ૭.

નિજપદ પંડિત સંચર્યા, રાય સુખે રહે એ;
દેવી ઉદર ગર્ભ વાધતો, શુભ દોહલા લહે એ. ૮.

માત ભક્તિ જિનપતિ કરે, ગર્ભ હાલે નહીં એ;
સાત માસ વાડા વોલીયા, માય ચિંતા લહીએ. ૯.

સહીઅરને કહે સાંભળો,કુણે મહારો ગર્ભ હર્યો એ;
હું રે ભોલી જાણું નહીં, ફોગટ પ્રગટ કર્યો એ. ૧૦.

સખી કહે અરિહંત સમરતાં, દુઃખ દોહગ ટળે એ;
તવ જિન જ્ઞાન પ્રયુંજીયો, ગર્ભ તે સલસલે એ. ૧૧.

માત પિતા પરિવારનું, દુઃખ નિવારિયું એ;
સંયમ ન લેઉં માય તાયછતાં, જિન નિર્ધારીયું એ. ૧૨.

અણદીઠે મોહ એવડો તે, કિમ વિછોહ ખમે એ;
નવ માસ વાડા ઉપરે, દિન સાડા સાતમે એ. ૧૩.

ચૈત્ર શુકૂલ દિન તેરસે, શ્રીજિન જનમીઆ એ;
સિદ્ધારથ ભૂપતિ ભલો, ઓચ્છવ તવ માંડિયા એ. ૧૪.

(વસ્તુની-દેશી)

પુત્ર જન્મ્યો પુત્ર જનમ્યો, જગત શણગાર,
શ્રી સિદ્ધારથ નૃપ કુળ તિલો, કુળમંડણ કુળતણો દીવો;
શ્રી જિનધર્મ પસાઉલે, ત્રિસલા દેવી સુત ચિરંજીવો;
એમ આશીષ દીએ ભલી, આવી છપન્ન કુમારી,
સૂતિકર્મ કરે તે સહી, સોહે જિસી હરિની નારી. ૧.

ઢાળ-ત્રીજી

ચલ્યું રે સિંહાસન ઈન્દ્ર, જ્ઞાને નિરખતા એ;
જાણી જન્મ જિણંદ, ઈન્દ્ર તવ હરખતા એ. ૧.

આસનથી રે ઉઠેવ, ભક્તિ હૃદયે ઘણીએ;
વાજે સુઘોષા ઘંટ, સઘલે રણઝણે એ. ૨.

ઈન્દ્ર ભવનપતિ વીશ, વ્યંતર તણાએ;
બત્રીસ રવિ શશિ દોય, દશ હરિ કલ્પના એ. ૩.

ચોસઠ ઈન્દ્ર મિલેવી, પ્રણમી કહે એ;
રત્નગર્ભા જિનમાત, દુજી એસી નહીં એ. ૪.
જન્મમહોત્સવ કરે દેવ, સરવે આવીયા એ;
માયને દેઈ નિદ્રા મંત્ર, સુત લેઈ મેરૂ ગયા એ. ૫.
કંચન મણિ રે ભૃંગાર, ગંધોદક ભર્યા એ;
કિમ સહેશે લઘુ વીર, હરિ શંકા ધરે એ. ૬.
વહેશે નીર પ્રવાહ, કિમ તે નામીયે એ;
ન કરે નમણા સ્નાત્ર, જાણ્યું સ્વામીએ એ. ૭.
ચરણ અંગુઠે મેરૂ, ચાંપી નાચિયો એ;
મુજ શિર પગ ભગવત, ઈમ કહી માચિયો એ. ૮.
ઉલટયા સાયર સાત, સરવે જલહલ્યા એ;
પાયાલે નાગિંદ્ર, સઘલા સલવલ્યા એ. ૯.
ગિરિવર ત્રુટે ટૂંક, ગડગડે ઘણું એ;
ત્રણ ભુવનના લોક, કંપિત લડથડ્યા એ. ૧૦.
અનંત બલ અરિહંત, સુરપતિ કહે એ;
મુજ મન મુરખ મૂઢ, એટલું નવિ લહે એ. ૧૧.
પ્રદક્ષિણા દેઈ ખામેય, મહોત્સવ કરે એ;
નાચે સુર ગાએ ગીત, પુણ્ય પોતે ભરે એ. ૧૨.
ઈણ સમે સરગની લીલ, તૃણ સમ ગણે એ;
જિન મુકી માયને પાસ, પદ ગયા આપણે એ. ૧૩.
માય જાગી જુએ પુત્ર, સુરવર પૂજિયો એ;
કુંડલ દોઈ દેવદુષ્ય, અમિય અંગુઠે દીયો એ. ૧૪.
જન્મમહોત્સવ કરે તાત, રિદ્ધિયે વાધીયો એ;
સ્વજન સંતોષી નામ, વર્ધમાન થાપીયો એ. ૧૫.

ઢાળ ચોથી

પ્રભુ કલ્પતરૂ પરે વાધે, ગુણ મહિમા પાર ન લાધે;
રૂપે અદ્‌ભુત અનુપમ અકલ, અંગ લક્ષણ વિદ્યા સકલ. ૧.
મુખ ચંદ્ર કમલ દલ નયણાં, શ્વાસ સુરભિગંધ મીઠાં વયણાં;
હેમવર્ણ તનુ સોહાવે, અતિ નિરમલ નીરે નવરાવે. ૨.
તપ તેજે સૂર્ય સોહે, જોતાં સુર નરનાં મન મોહે;
રમે રાજકુંવર શું વનમાં, માય તાયને આનંદ મનમાં. ૩.
પ્રભુ અતુલ મહાબલ વીર, ઈન્દ્ર સભામાંહે કહે જિન વીર;
એક સુર મૂઢ વાત ન માને, આવ્યો પરખવાને રમવાને. ૪.
અહિં થઈ વૃક્ષ આમલિયો રાખે, પ્રભુ હાથે ઝાલી દૂર નાખે;
વલી બાલક થઈ આવી રમીયો, હારી વીરને ખાંધે લઈ ગમીયો. ૫.
માય તાય દુઃખ ધરી કહે મિત્ર, વર્ધમાનને લઈ ગયો શત્રુ;
જોતા સુર વાધે ગગને મિથ્યાત્વી, વીરે મુઠીયે હણ્યો પડ્યો ધરતી. ૬.
પાય નમી નામ દીધું મહાવીર, જેહવો ઈન્દ્રે કહ્યો તેહવો ધીર;
સુર વલીયો ને પ્રભુ આવ્યા રંગે, માય તાયને ઉલટ અંગે. ૭.

(વસ્તુની દેશી)

રાય ઓચ્છવ રાય ઓચ્છવ, કરે મનરંગ;
લેખન શાલાએ સુત ઠવે, વીર જ્ઞાન સયલ જાણે;
તવ સૌધર્મ ઈન્દ્ર આવીયા, પૂછે ગ્રંથ સ્વામી વખાણે;
જૈન વ્યકરણ તિહાં કિયો, આણંદે સુરરાય;
વચન વદે પ્રભુ ભારતી, પંડ્યો વિસ્મય થાય. ૧.

ઢાળ પાંચમી

યૌવન વય જિન આવિયા એ, રાયે કન્યા યશોદા પરણાવીયા એ;
વિવાહ મહોત્સવ શુભ કીયા એ, સવિ સુખ સંસારનાં વિલસીયાં એ. ૧.

અનુક્રમે હુઈ એક કુંવરી એ, ત્રીસ વરસ જિનરાજ લીલા કરી એ;
માતા-પિતા સદ્‌ગતિ ગયાં એ, પછી વીર વૈરાગે પૂરિયા એ. ૨.
મયણરાય મનશું જીતિયો એ, વીરે અથીર સંસાર મન ચિંતિયો એ;
રાજરમણી ઋદ્ધિ પરિહરી એ, કહે કુટુંબને લેશું સંયમસિરી એ. ૩.

ઢાળ છટ્ઠી

પિતરીયો સુપાસ રે, ભાઈ નંદીવર્દ્ધન;
કહે વત્સ એમ ન કીજિયે એ. ૧.
આગે માય તાય વિચ્છોહ રે, તું વલી વ્રત લીએ;
ચાંદે ખાર ન દીજિયે એ. ૨.
નીર વિણ જિમ મત્સ્ય રે, વીર વિના તિમ;
ટલવલતું સહુ એમ કહે એ. ૩.
કૃપાવંત ભગવંત રે, નેહ વચને કહી;
બે વરસ ઝાઝેરાં રહે એ. ૪.
ફાસુ લીએ અન્ન પાન રે, પરઘર નવિ જીમે;
ચિત્ત ચારિત્ર ભાવે રમે એ. ૫.
ન કરે રાજની ચિંત રે, સુર લોકાંતિક;
આવી કહે સંયમ સમે એ૦ ૬.
બુઝ બુઝ ભગવંત રે, છોડી વિષય સુખ;
આ સંસાર વધારણો એ. ૭.

ઢાળ સાતમી

આલે આલે ત્રિશલાનો કુંવર, રાજા સિદ્ધારથનો નંદન;
દાન સંવત્સરી એ.
એક કોડી આઠ લાખ દિન પ્રતે એ, કનક રયણ રૂપા મોતી તો;
મૂઠીસું ભરી ભરીએ. આલે૦ આલે૦ ૧.

ધણ કણ ગજ રથ ઘોડલા એ, ગામ નયર પુર દેશ તો;
મનવાંછિત ફલ્યાં એ.
નિરધન તે ધનવંત થયા એ, તસ ઘરે ન ઓળખે નારી તો,
સમ કરે વલી વલી એ. આલે૦ આલે૦ ૨.
દુઃખ દારિદ્ર હરે જગતતણાં એ, મેઘ પરે વરસીદાન તો,
પૃથ્વી અનૃણ કરી એ.
બહુ નર નારી ઉત્સવ જુએ એ, સુરનર કરે રે મંડાણ તો;
જિન દીક્ષા વરી એ. આલે૦ આલે૦ ૩.
વિહાર ક્રમ જગગુરૂ કિયો એ, કેડે આવ્યો માહણ મિત્ર તો;
નારી એ સંતાપિયો એ.
જિન યાચક હું વીસર્યો એ, પ્રભુ ખંધ થકી દેવદુષ્ય તો;
પટ ખંડ કરી દીજીએ એ. આલે૦ આલે૦ ૪.

ઢાળ આઠમી

(છટ્ઠી ભાવના-ધરો-એ દેશી)

જસ ઘર પ્રભુ કરે પારણું, સુર તિહાં કંચન વરસે અતિ ઘણું;
આંગણું દીપે તેજે તેહ તણું એ, દેવદુંદુભિ વાજે એ;
તિણ નાદે અંબર ગાજે એ, છાજે એ ત્રિભુવનમાં સોહામણું એ. ૧.

(ત્રોટક)

સોહામણું પ્રભુ તપ તપે બહુ, દેશ વિદેશે વિચરતા;
ભવ્ય જીવને ઉપદેશ દેઈ, સાતે ઈતિ શમાવતા;
ષટ માસ વન કાઉસ્સગ્ગ રહી, જિન કઠીન કર્મ દહે સહી;
ગોવાળ ગોકુલ ભળાવીયા, વીર મુખે બોલ્યા નહીં. ૨.

(ઢાળ)

ગોકુલ સવિ દહ દિશિ ગયા, તિણે આવી કહે મુનિ,
કિહાં ગયા ઋષિરાય, ઉપર. મૂરખ કોપીયા એ,

ચરણ ઉપર રાંધી ખીર, તેણે ઉપસર્ગે ન ચલ્યા ધીર;
મહાવીર શ્રવણે ખીલા ઠોકીયા એ. ૩.

(ત્રોટક)

ઠોકીયા ખીલા દુઃખે પીલ્યા, કો ન લહે તિમ કરી ગયા;
જિનરાયને મન શત્રુ મિત્ર સરિખા, મેરૂ પરે ધ્યાને રહ્યા;
ઉન્હી વરસે મેઘ બારે, વીજળી ઝબકે ઘણી;
બેઉ ચરણ ઉપર ડાભ ઊગ્યો, ઈમ સહે ત્રિભુવન ધણી. ૪.

(ઢાળ)

ઈક દિન ધ્યાન પૂરૂં કરી, પ્રભુ નયરીયે પહોતા ગોચરી,
તિહાં વૈદ્યે શ્રવણે ખીલા જાણીયા એ, પારણું કરી કાઉસ્સગ્ગે રહ્યા;
તિહાં વૈદ્યે સંચ ભેલા કીયા, બાંધીયા વૃક્ષે દોર ખીલા તાણીયાએ. ૫.

(ત્રોટક)

તાણી કાઢ્યા દોય ખીલા, વીર વેદના થઈ ઘણી;
આક્રંદ કરતાં ગિરિ થયો, શતખંડ જુઓ ગતિ કરમ તણી;
બાંધે રે જીવડો કર્મ હસતાં, રોવંતાં છૂટે નહિં;
ધન્ય ધન્ય મુનિવર રહે સમચિત્ત, ઈમ કર્મ ત્રુટે સહી. ૬.

ઢાળ નવમી

જુઓ જુઓ કરમે શું કીધું રે, અન્ન વરસ રૂષભે ન લીધું રે;
કરમ વશે મ કરો ખેદ રે, મલ્લિનાથ પામ્યા સ્ત્રીવેદ રે. ૧.
કર્મે ચક્રી બ્રહ્મદત્ત નડીયો રે, સુભૂમ નરકે એ પડિયો રે;
ભરત બાહુબલ શું લડીયો રે, ચક્રિ હરિરાય જસ ચડિયો રે. ૨.
સનત્કુમારે સહ્યા રોગ રે, નલ દમયંતી વિયોગ રે;
વાસુદેવને જરાકુંવરે માર્યો રે, બલદેવ મોહનીયે ધાર્યો રે. ૩.
ભાઈ શબ મસ્તકે વહીયો રે, પ્રતિબોધ સુર મુખે લહિયો રે;
શ્રેણિક નરક એ પહુત રે, વન ગયા દશરથ પુત રે. ૪.

સત્યવંત હરિશ્ચંદ્ર ધીર રે, ડુંબ ઘરે શીર વહ્યું નીર રે;
કુબેરદત્તાને કુયોગ રે, બેન વલી માતાશું ભોગ રે. ૫.
પર હસ્તે ચંદનબાલા રે, ચઢ્યું સુભદ્રાને આલ રે;
મયણરેહા મૃગાંકલેખા રે, દુઃખ ભોગવ્યાં તે અનેકા રે. ૬.
કરમે ચંદ્ર કલંક્યો રે, રાય રંક કોઈ ન મુક્યો રે;
ઈન્દ્ર અહલ્યા શું લુબ્ધ્યો રે, રત્નાદેવી ઈશ વશ કીયો રે. ૭.
ઈશ્વર નારીયે નચાવ્યો રે, બ્રહ્મા ધ્યાનથી મુકાવ્યો રે;
અહો અહો કર્મ પ્રધાન રે, જીત્યા જીત્યા શ્રી વર્દ્ધમાન રે. ૮.

ઢાળ દશમી

ઈમ કર્મ ખપાવી, ધીર પુરુષ મહાવીર;
બાર વરસ તપ્યું તપ, તે સઘલું વિણ નીર;
શાલિવૃક્ષ તળે પ્રભુ, પામ્યા કેવળજ્ઞાન,
સમોસરણ રચ્યું સુર, દેશના દીયે જિનભાણ. ૧.
અપાપા નયરી, યજ્ઞ કરે વિપ્ર જેહ;
સર્વ બુઝવી દીક્ષા દીયે, વીરને વંદે તેહ;
ગૌતમ ઋષિ આદે, ચારસેં ચાર હજાર;
સહસ ચઉદ મુનીશ્વર, ગણધરવર અગ્યાર. ૨.
ચંદનબાલા પ્રમુખ, સાધવી સહસ છત્રીસ;
દોઢ લાખ સહસ નવ, શ્રાવક દે આશીષ;
ત્રણય લાખ શ્રાવિકા, ઉપર સહસ અઢાર;
સંઘ ચતુર્વિધ સ્થાપ્યો, ધન ધન જિન પરિવાર. ૩.
પ્રભુ અશોક તરૂ તલે, ત્રિગડે કરે વખાણ;
સુણે પરષદા બારે, યોજન વાણી પ્રમાણ;
ત્રણ છત્ર સોહે શિર, ચામર ઢાલે ઈન્દ્ર;
નાટક બદ્ધ બત્રીસ, ચોત્રીસ અતિશય જિણંદ. ૪.

ફુલપગર ભરે સુર, વાજે દુંદુભિ નાદ;
નમે સકલ સુરાસુર, છાંડી સવિ પ્રમાદ;
ચિહું રૂપે સોહે, ધર્મ પ્રકાશે ચાર;
ચોવીસમો જિનવર, આપે ભવનો પાર. ૫.

પ્રભુ વરસ બહોંતેર, પાલી નિર્મલ આય;
ત્રિભુવન ઉપગારી, તરણ તારણ જિનરાય;
કાર્તિક માસે દિન, દીવાલી નિર્વાણ;
પ્રભુ મુક્તે પહોંચ્યા, પ્રણમે નિત્ય કલ્યાણ. ૬.

કલશ

ઈમ વીર જિનવર સયલ સુખકર, નામે નવ નિધિ સંપજે,
ઘર ઋદ્ધિ વૃદ્ધિ સિદ્ધિ પામે, એક મને જે નર ભજે,
તપગચ્છ ઠાકર ગુણ વૈરાગર, હીરવિજય સૂરીશ્વરો,
હંસરાજ વંદે મન આણંદે, કહે ધન્ય મુજ એ ગુરૂ. ૧.

*

૨. શ્રી મહાવીર સ્વામીના સત્તાવીશ ભવનું પાંચ ઢાળનું સ્તવન.

દોહા

શ્રી શુભવિજય સુગુરૂ નમી, નમી પદ્માવતી માય;
ભવ સત્તાવીશ વર્ણવું, સુણતાં સમકિત થાય. ૧.

સમકિત પામે જીવ તે, ભવ ગણતી એ ગણાય;
જો વળી સંસારે ભમે, તો પણ મુક્તે જાય. ૨.

વીર જિનેશ્વર સાહિબો, ભમિયો કાળ અનંત;
પણ સમકિત પામ્યા પછી, અંતે થયા અરિહંત. ૩.

ઢાળ પહેલી

(કપુર હોયે અતિ ઉજલો રે-દેશી)

પહેલે ભવે એક ગામનો રે, રાય નામે નયસાર;
કાષ્ઠ લેવા અટવી ગયો રે, ભોજન વેળા થાય રે;
પ્રાણી ધરિયે સમકિત રંગ, જિમ પામિયે સુખ અભંગ રે. પ્રાણી૦ ૧.

મન ચિંતે મહિમા નીલો રે, આવે તપસી કોય;
દાન દેઈ ભોજન કરૂં રે, તો વાંછિત ફળ હોય રે. પ્રાણી૦ ૨.

મારગ દેખી મુનિવરા રે, વંદે દેઈ ઉપયોગ;
પૂછે કેમ ભટકો ઈહાં રે, મુનિ કહે સાથ વિજોગ રે. પ્રાણી૦ ૩.

હરખ ભરે તેડી ગયો રે, પડિલાભ્યા મુનિરાજ;
ભોજન કરી કહે ચાલીએ રે, સાથ ભેળા કરૂં આજ રે. પ્રાણી૦ ૪.

પગવટીયે ભેળા કર્યા રે, કહે મુનિ દ્રવ્ય એ માર્ગ;
સંસારે ભૂલા ભમો રે, ભાવ મારગ અપવર્ગ રે. પ્રાણી૦ ૫.

દેવ ગુરૂ ઓળખાવીયા રે, દીધો વિધિ નવકાર;
પશ્ચિમ મહાવિદેહમાં રે, પામ્યો સમકિત સાર રે. પ્રાણી૦ ૬.

શુભ ધ્યાને મરી સુર હુઓ રે, પહેલા સર્ગ મોઝાર;
પલ્યોપમ આયુ ચવી રે, ભરત ઘરે અવતાર રે. પ્રાણી૦ ૭.

નામે મરીચી યૌવને રે, સંયમ લીએ પ્રભુ પાસ;
દુષ્કર ચરણ લહી થયો રે, ત્રિદંડીક શુભ વાસ રે. પ્રાણી૦ ૮.

ઢાળ બીજી

(વિવાહલાની દેશી)

નવો વેષ રચે તેણી વેળા, વિચરે આદીસર ભેળા;
જળ થોડે સ્નાન વિશેષ, પગે પાવડી ભગવે વેષ. ૧.

ધરે ત્રિદંડ લાકડી મ્હોટી, શિર મુંડણ ને ધરે ચોટી;
વળી છત્ર વિલેપન અંગે, થૂલથી વ્રત ધરતો રંગે. ૨.

સોનાની જનોઇ રાખે, સહુને મુનિ મારગ ભાખે;
સમોસરણે પૂછે નરેશ, કોઇ આગે હોશે જિનેશ. ૩.

જિન જંપે ભરતને તામ, તુજ પુત્ર મરીચી નામ;
વિરનામે થશે જિન છેલ્લા, આ ભરતે વાસુદેવ પહેલા. ૪.

ચક્રવર્તી વિદેહે થાશે, સુણી આવ્યા ભરત ઉલ્લાસે;
મરીચીને પ્રદક્ષિણા દેતા, નમી વંદીએ એમ કહેતા. ૫.

તમે પુન્યાઇવંત ગવાશો, હરિ ચક્રી ચરમ જિન થાશો;
નવિ વંદુ ત્રિદંડિક વેશ, નમું ભક્તિયે વીર જિનેશ. ૬.

એમ સ્તવના કરી ઘર જાવે, મરીચી મન હર્ષ ન માવે;
મ્હારે ત્રણ પદવીની છાપ, દાદા જિન ચક્રી બાપ. ૭.

એમ વાસુદેવ ધુર થઇશું, કુળ ઉત્તમ મ્હારૂં કહીશું;
નાચે કુળ મદશું ભરાણો, નીચ ગોત્ર તિહાં બંધાણો. ૮.

એક દિન તનુ રોગે વ્યાપે, કોઇ સાધુ પાણી ન આપે;
ત્યારે વંછે ચેલો એક, તવ મળિયો કપિલ અવિવેક. ૯.

દેશના સુણી દીક્ષા વાસે, કહે મરીચી લીયો પ્રભુ પાસે;
રાજપુત્ર કહે તુમ પાસે, લેશું અમે દીક્ષા ઉલ્લાસે. ૧૦.

તુમ દરશને ધરમનો વ્હેમ, સુણી ચિંતે મરીચી એમ;
મુજ યોગ્ય મળ્યો એ ચેલો, મૂળ કડવે કડવો વેલો. ૧૧.

મરીચી કહે ધર્મ ઉભયમાં, લીએ દીક્ષા જોવન વયમાં;
એણે વચને વધ્યો સંસાર, એ ત્રીજો કહ્યો અવતાર. ૧૨.

લાખ ચોરાસી પૂરવ આય, પાળી પાંચમે સ્વર્ગે સધાય;
દશ સાગર જીવિત ત્યાંહી, શુભ વીર સદા સુખ માંહી. ૧૩.

ઢાળ ત્રીજી

(ચોપાઇની દેશી)

પાંચમે ભવ કોલ્લાગ સન્નિવેશ, કૌશિક નામે બ્રાહ્મણ વેષ;
એંસી લાખ પુરવ અનુસરી, ત્રિદંડીયાને વેષે મરી. ૧.

કાળ બહુ ભમીયો સંસાર, થુણાપુરી છટ્ઠો અવતાર;
બહોંતેર લાખ પૂરવને આય, વિપ્ર ત્રિદંડિક વેષ ધરાય. ૨.

સૌધર્મે મધ્ય સ્થિતિએ થયો, આઠમે ચૈત્ય સન્નિવેશે ગયો;
અગ્નિદ્યોત દ્વિજ ત્રિદંડી, પૂર્વ આયુ લાખ સાઠે મુઓ. ૩.

મધ્ય સ્થિતિએ સુર સ્વર્ગ ઈશાન, દશમે મંદિરપુર દ્વિજ ઠાણ;
લાખ છપ્પન પૂરવાપુરી, અગ્નિભૂતિ ત્રિદંડિક મરી. ૪.

ત્રીજે સરગ મધ્યાયુ ધરી, બારમે ભવ શ્વેતાંબી પુરી;
પુરવ લાખ ચુમ્માલીસ આય, ભારદ્વિજ ત્રિદંડિક થાય. ૫.

તેરમે ચોથે સ્વર્ગે રમી, કાલ ઘણો સંસારે ભમી;
ચઉદમે ભવ રાજગૃહી જાય, ચોત્રીસ લાખ પૂર્વને આય. ૬.

થાવર વિપ્ર ત્રિદંડી થયો, પાંચમે સ્વર્ગે મરીને ગયો;
સોળમે ભવ ક્રોડ વરસ સમાય, રાજકુમાર વિશ્વભૂતિ થાય. ૭.

સંભૂતિ મુનિ પાસે અણગાર, દુક્કર તપ કરી વરસ હજાર;
માસખમણ પારણું ધરી દયા, મથુરામાં ગોચરીએ ગયા. ૮.

ગાયે હણ્યા મુનિ પડિયા વશા, વિશાખાનંદી પિતરિયો હસ્યા;
ગૌશૃંગે મુનિ ગર્વે કરી, ગયણ ઉછાળી ધરતી ધરી. ૯.

તપ બળથી હોજ્યો બળ ધણી, કરી નિયાણું મુનિ અણસણી;
સત્તરમે મહાશુક્રે સુરા, શ્રી શુભવીર સત્તર સાગરા. ૧૦.

ઢાળ ચોથી

(નદી યમુના કે તીર, ઉડે દોય પંખીયાં-દેશી)

અઢારમેં ભવે સાત સુપને સૂચિત સતી,
પોતનપુરીએ પ્રજાપતિ રાણી મૃગાવતી;
તસ સુત નામે ત્રિપૃષ્ટ વાસુદેવ નીપન્યા;
પાપ ઘણું કરી સાતમી નરકે ઉપન્યા. ૧.

વીશમે ભવ થઈ સિંહ ચોથી નરકે ગયા,
તિહાંથી ચવી સંસારે ભવ બહુળા થયા;
બાવીસમે નર ભવ લહી પુણ્ય દશા વર્યા,
ત્રેવીશમેં રાજધાની મુકાએ સંચર્યા. ૨.

રાય ધનંજય ધારણી રાણીએ જનમિયા,
લાખ ચોરાશી પૂરવ આયુ જીવિયા;
પ્રિયમિત્ર નામે ચક્રવર્તી દીક્ષા લહી,
કોડી વરસ ચારિત્ર દશા પાળી સહી. ૩.

મહાશુક્ર થઈ દેવ ઈણે ભરતે ચવી,
છત્રિકા નગરીયે જિતશત્રુ રાજવી;
ભદ્રા માય લખ પચવીશ વરસ સ્થિતિ ધરી,
નંદન નામે પુત્રે દીક્ષા આચરી. ૪.

અગિયાર લાખને એંસી હજાર છસ્સેં વળી,
ઉપર પીસ્તાલીસ અધિક પણ દિન રૂળી;
વીશ સ્થાનક માસક્ષમણે જાવજ્જીવ સાધતા,
તીર્થંકર નામકર્મ તિહાં નિકાચતા. ૫.

લાખ વરસ દીક્ષા પર્યાય તે પાળતા,
છવીશમે ભવ પ્રાણત કલ્પે દેવતા;
સાગર વીસનું જીવિત સુખભર ભોગવે,
શ્રી **શુભવીર** જિનેશ્વર ભવ સુણજો હવે. ૬.

ઢાળ પાંચમી

(ગજરામારૂજી ચાલ્યા ચાકરી રે -એ દેશી)

નયર માહણકુંડમાં વસે રે, મહારિદ્ધિ રૂષભદત્ત નામ;
દેવાનંદા દ્વિજ શ્રાવિકા રે, પેટ લીધો પ્રભુ વિસરામ રે. પેટ૦ ૧.

બ્યાસી દિવસને અંતરે રે, સુર હરિણૈગમેષી આય;
સિદ્ધારથ રાજા ઘરે રે, ત્રિસલા કુખે છટકાય રે. ત્રિસલા૦ ૨.

નવ માસાંતરે જનમિયા રે, દેવ દેવીયે ઓચ્છવ કીધ;
પરણી યશોદા જોવને રે, નામે મહાવીર પ્રસિદ્ધ રે. નામે૦ ૩.

સંસાર લીલા ભોગવી રે, ત્રીસ વર્ષે દીક્ષા લીધ;
બાર વરસે હુઆ કેવળી રે, શિવ વહુનું તિલક શિર દીધ રે. શિવ૦ ૪.

સંઘ ચતુર્વિધ થાપીયો રે, દેવાનંદા રૂષભદત્ત પ્યાર;
સંયમ દેઈ શિવ મોકલ્યાં રે, ભગવતી સૂત્રે અધિકાર રે. ભગ૦ ૫.

ચોત્રીસ અતિશય શોભતા રે, સાથે ચઉદ સહસ અણગાર;
છત્રીસ સહસ તે સાધવી રે, બીજો દેવ દેવી પરિવાર રે. બીજો૦ ૬.

ત્રીસ વરસ પ્રભુ કેવળી રે, ગામ નગર તે પાવન કીધ;
બહોંતેર વરસનું આવખું રે, દીવાળીયે શિવપદ લીધ રે. દીવાળી૦ ૭.

અગુરૂલઘુ અવગાહને રે, કીયો સાદિ અનંત નિવાસ;
મોહરાય મલ્લ મૂળશું રે, તન મન સુખનો હોય નાશ રે. તન૦ ૮.

તુમ સુખ એક પ્રદેશનું રે, નવિ માવે લોકાકાશ;
તો અમને સુખીયા કરો રે, અમે ધરીયે તમારી આશ રે. અમે૦ ૯.

અક્ષય ખજાનો નાથનો રે, મેં દીઠો ગુરૂ ઉપદેશ;
લાલચ લાગી સાહેબા રે, નવિ ભજીયે કુમતિનો લેશ રે. નવિ૦ ૧૦.

મહોટાનો જે આસરો રે, તેથી પામીએ લીલ વિલાસ;
દ્રવ્ય ભાવ શત્રુ હણી રે, **શુભવીર** સદા સુખવાસ રે. શુભ૦ ૧૧.

કળશ

ઓગણીશ એકે (૧૯૦૧) વરસ છેકે, પૂર્ણિમા શ્રાવણ વરો;
મેં થુણ્યો લાયક વિશ્વનાયક, વર્દ્ધમાન જિનેશ્વરો;
સંવેગ રંગ તરંગ ઝીલે, જસ વિજય સમતા ધરો;
શુભવિજય પંડિત ચરણ સેવક, **વીરવિજય** જય જય કરો. ૧.

શ્રી વીરજિન સ્તવન.

(ભોલીડા હંસારે વિષય ન રાચીએ-એ દેશી.)

સિદ્ધારથના રે નંદન વિનવું, વિનતડી અવધાર;
ભવમંડપમાં રે નાટક નાચિયો, હવે મુજ દાન દેવરાવ.
હવે મુજ પાર ઉતાર. સિદ્ધા૦ ૧.

ત્રણ રતન[1] મુજ આપો તાતજી, જેમ નાવે રે સંતાપ;
દાન દેયંતા રે પ્રભુ [2]કોસરકિસી, આપો પદવી રે આપ. સિદ્ધા૦ ૨.

ચરણ અંગુઠે રે મેરુ કંપાવીયો, મોડ્યાં સુરનાં રે માન;
અષ્ટકર્મના રે ઝગડા જીતવા, દીધાં વરસી રે દાન. સિદ્ધા૦ ૩.

શાસનનાયક શિવસુખદાયક, ત્રિશલા કુખે રતન;
સિદ્ધારથનો રે વંશ દીપાવીયો, પ્રભુજી તમે ધન્ય ધન્ય. સિદ્ધા૦ ૪.

વાચકશેખર કીર્તિવિજય ગુરુ, પામી તાસ પસાય;
ધર્મતણા એહ જિન ચોવીશમા, **વિનયવિજય** ગુણ ગાય. સિદ્ધા૦ ૫.

શ્રી મહાવીર જિન સ્તવન

(કડખાની દેશી)

તાર હો તાર પ્રભુ મુજ સેવક ભણી,
જગતમાં એટલું સુજશ લીજે;
દાસ અવગુણભર્યો જાણી પોતા તણો;
દયાનિધિ [3]દીન પર દયા કીજે. તાર૦ ૧.

---

૧ સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્ર. ૨ કસર-લોભ. ૩ ગરીબ.

રાગ દ્વેષે ભર્યો મોહ વૈરી નડ્યો,
લોકની રીતમાં ઘણુંય [1]રાતો;
ક્રોધ વશ ધમધમ્યો શુદ્ધ ગુણ નવિ રમ્યો,
ભમ્યો ભવમાંહિ હું વિષય માતો[2] તાર૦ ૨.

આદર્યું આચરણ લોક ઉપચારથી,
શાસ્ત્ર અભ્યાસ પણ કાંઈ કીધો;
શુદ્ધ શ્રદ્ધાન વળી આત્મ અવલંબ વિના,
તેહવો કાર્ય તિણે કો ન સિધો. તાર૦ ૩.

સ્વામી દર્શન સમો નિમિત્ત લહી નિર્મલો,
જો ઉપાદાન એ શુચિ ન થાશે;
દોષ કો વસ્તુનો અહવા ઉદ્યમ તણો,
સ્વામિસેવા સહી નિકટ [3]લાશે. તાર૦ ૪.

સ્વામીગુણ ઓળખી સ્વામીને જે ભજે,
દરિસણ[4] શુદ્ધતા તેહ પામે;
જ્ઞાન ચારિત્ર તપ વીર્ય ઉલ્લાસથી,
કર્મ જીતી વસે મુક્તિધામે. તાર૦ ૫.

જગત વત્સલ મહાવીર જિનવર સુણી,
ચિત્ત પ્રભુ ચરણને શરણ વાસ્યો;
તારજો બાપજી બિરૂદ નિજ રાખવા,
દાસની સેવના રખે જોશો. તાર૦ ૬.

વિનતિ માનજો શક્તિ એ આપજો,
ભાવ સ્યાદ્વાદતા શુદ્ધ ભાસે;
સાધી સાધકદશા સિદ્ધતા અનુભવી,
દેવચંદ્ર વિમલ પ્રભુતા પ્રકાશે. તાર૦ ૭.

---

૧ આસક્ત થયો. ૨ વિષયસુખમાં મસ્ત થયેલ. ૩ લાવશે. ૪ દર્શન-સમકિત.

શ્રી વીરપ્રભુનું દીવાલીનું સ્તવન.

મારગદેશક મોક્ષનો રે, કેવળજ્ઞાન નિધાન;
ભાવદયા સાગર પ્રભુ રે, પર ઉપગારી પ્રધાનો રે;
વીરપ્રભુ સિદ્ધ થયા, સંઘ સકલ આધારો રે;
હવે ઈણ ભરતમાં, કોણ કરશે ઉપગારો રે. વીર૦ ૧.

નાથ વિહૂણું સૈન્ય જ્યું રે, વીર વિહૂણો રે સંઘ;
સાધે કોણ આધારથી રે; પરમાનંદ અભંગો રે. વીર૦ ૨.

માતા વિહૂણો બાળ જ્યું રે, અરહો પરહો અથડાય;
વીર વિહૂણા જીવડા રે, આકુલ વ્યાકુલ થાય રે. વીર૦ ૩.

સંશયછેદક વીરનો રે, વિરહ તે કેમ ખમાય;
જે દીઠે સુખ ઉપજે રે; તે વિણ કેમ રહેવાય રે. વીર૦ ૪.

નિર્યામક[૧] ભવસમુદ્રનો રે, [૨]ભવઅટવી સત્થવાહ;
તે પરમેશ્વર વિણ મલે રે, કેમ વાધે ઉત્સાહ રે. વીર૦ ૫.

વીર થકાં પણ શ્રુતતણો રે, હતો પરમ આધાર;
હવે ઈહાં શ્રુત આધાર છે રે, અહો જિનમુદ્રા સાર રે. વીર૦ ૬.

ત્રણ કાળે સવિ જીવને રે, આગમથી આણંદ;
સેવો ધ્યાવો ભવિજના રે, જિન પડિમા સુખકંદો રે. વીર૦ ૭.

ગણધર આચારજ મુનિ રે, સહુને ઈણીપરે સિદ્ધ;
ભવ ભવ આગમ સંગથી રે, **દેવચંદ્ર** પદ લીધ રે. વીર૦ ૮.

અથ શ્રી પજ્જુસણપર્વનું સ્તવન.

(આંખડીએ મેં આજ શેત્રુંજો દીઠો રે - એ દેશી)

સુણજો સાજન સંત પજ્જુસણ આવ્યાં રે, તમે પુન્ય કરો પુન્યવંત
ભવિક મન ભાવ્યાં રે. (આંકણી).

૧ તારક. ૨ સંસાર-અટવીનો પાર પમાડનાર સાર્થવાહ.

વીર જિણેસર અતિ અલવેસર, વહાલા મારા પરમેશ્વર એમ બોલે;
પર્વમાંહે પજુસણ મહોટા, અવર ન આવે તસ તોલે રે. પજુ૦ ૧.

ચૌપદમાં જેમ કેસરી મોટો, વા૦ [1]ખગમાં ગરૂડ તે કહીએ રે;
નદીમાંહે જેમ ગંગા મહોટી, [2]નગમાં મેરૂ લહીએ રે. પજુ૦ ૨.

[3]ભૂપતિમાં ભરતેસર ભાખ્યો, વા૦ દેવમાંહે [4]સુરઈન્દ્ર રે;
તીરથમાં શેત્રુંજો દાખ્યો, ગ્રહગણમાં જેમ ચંદ્ર રે. પજુ૦ ૩.

દશેરા દીવાળી ને વળી હોળી, વા૦ અખાત્રીજ દીવાસો રે;
બળેવ પ્રમુખ [5]બહુલાં છે બીજાં[6] પણ નહિ મુક્તિનો વાસો રે. પજુ૦ ૪.

તે માટે તમે અમર પળાવો, વા૦ અઠ્ઠાઈ મહોત્સવ કીજે રે;
અઠ્ઠમ તપ અધિકાઈએ કરીને, નરભવ લાહો લીજે રે. પજુ૦ ૫.

ઢોલ દદામા ભેરી નફેરી, વા૦ કલ્પસૂત્રને જગાવો રે;
ઝાંઝરના ઝમકાર કરીને, ગોરીની ટોળી મળી આવો રે. પજુ૦ ૬.

સોના રૂપાને ફૂલડે વધાવો, વા૦ કલ્પસૂત્રને પૂજો રે;
નવ વખાણ વિધિએ સાંભળતાં, પાપ મેવાસી ધ્રુજે રે. પજુ૦ ૭.

એમ અઠ્ઠાઈનો મહોત્સવ કરતાં, વા૦ બહુ જીવ જગ ઉદ્ધરિયા રે;
વિબુધ વિમળ વર સેવક એહથી, નવનિધિ ઋદ્ધિસિદ્ધિ વરિયા રે. પજુ૦ ૮.

શ્રી પાંચ કારણનું સ્તવન

દુહા

સિદ્ધારથ સુત વંદિયે, જગદીપક જિનરાજ;
વસ્તુતત્ત્વ સવિ જાણિયે, જસ આગમથી આજ. ૧.

સ્યાદ્વાદથી સંપજે, સકલ વસ્તુ વિખ્યાત;
સપ્તભંગી રચના વિના, બંધ ન બેસે વાત. ૨.

---

૧ આકાશમાં ઉડતા પક્ષી. ૨ પર્વત. ૩ રાજા. ૪ દેવતાઓનો રાજા-ઈન્દ્ર. ૫ બહોળાં. ૬ પર્વો લૌકિક.

વાદ વદે નય જૂજુઆ, આપ આપણે ઠામ;
પૂરણ વસ્તુ વિચારતાં, કોઈ ન આવે કામ. ૩.
અંધ પુરૂષે એહ ગજ, ગ્રહી અવયવ એકેક;
દષ્ટિવંત પુરૂષે એહ ગજ, અવયય મળી અનેક. ૪.
સંગતિ સકલ નયે કરી, જુગતિ યોગ શુદ્ધ બોધ;
ધન્ય જિનશાસન જગ જયો, જિહાં નહિ કિશ્યો વિરોધ. ૫.

ઢાળ પહેલી

કાળવાદ

(રાગ-આશાવરી)

શ્રી જિનશાસન જગજયકારી, સ્યાદ્વાદ શુદ્ધ રૂપ રે;
નય એકાંત મિથ્યા નિવારણ, અકલ અભંગ અનૂપ રે. શ્રી.૦ ૧.
કોઈ કહે એક કાળતણે વશ, સકળ જગત ગતિ હોય રે;
કાળે ઉપજે કાળે વિણસે, અવર ન કારણ કોય રે. શ્રી૦ ૨.
કાળે ગર્ભ ધરે જગ વનિતા, કાળે જન્મે પુત્ત રે;
કાળે બોલે કાળે ચાલે, કાળે ચાલે ઘરસુત્ત રે. શ્રી૦ ૩.
કાળે દૂધ થકી દહીં થાયે, કાળે-ફળ પરિપાક રે;
વિવિધ પદારથ કાળ ઉપજાવે, કાળે સહુ થાય ખાખ રે. શ્રી૦ ૪.
જિન ચોવીશ બાર ચક્રવર્તી, વાસુદેવ અને બલદેવ રે;
કાળે કલિત કોઈ ન દીસે, જસુ કરતા સુર સેવ રે. શ્રી૦ ૫.
ઉત્સર્પિણી અવસર્પિણી આરા, છએ જુઈ જુઈ ભાત રે;
ષટઋતુ કાળ વિશેષવિચારો, ભિન્ન ભિન્ન દિન રાત રે. શ્રી૦ ૬.
કાળે બાળવિલાસ મનોહર, યૌવન કાળા કેશ રે;
વૃદ્ધ પણે પળી વપુ અતિ દુર્બલ, શક્તિ નહિ લવલેશ રે. શ્રી૦ ૭.

ઢાળ બીજી
સ્વભાવવાદ
(ગિરૂઆ ગુણ વીરજી-દેશી)

તવ સ્વભાવવાદી વદેજી, કાળ કિસ્યું કરે રંક;
વસ્તુ સ્વભાવે નીપજેજી, વિણસે તિમજ નિઃશંક.
સુવિવેક વિચારી, જુઓ જુઓ વસ્તુ સ્વભાવ. એ આંકણી૦ ૧.

છતે યોગ જોબનવતીજી, વાંઝણી ન જણે બાળ;
મુછ નહિ મહિલા મુખેજી, કરતલ ઉગે ન વાળ. સુ૦ ૨.

વિણ સ્વભાવ નવી નીપજેજી, કેમ પદારથ કોય;
આંબ ન લાગે લીંબડેજી, બાગ બસતે જોય. સુ૦ ૩.

મોરપિંછ કુણ ચિત્તારેજી, કોણ કરે સંધ્યારંગ;
અંગ વિવિધ સવિ જીવનાંજી, સુંદર નયન કુરંગ. સુ૦ ૪.

કાંટા બોર બબુલનાંજી, કોણે અણીયાલા કીધ;
રૂપ રંગ ગુણ જુજુઆજી, તરુફલ ફૂલ પ્રસિદ્ધ. સુ૦ ૫.

વિષધર મસ્તક નિત્ય વસેજી, મણિ હરે વિષ તતકાલ;
પર્વત સ્થિર ચલ વાયરોજી, ઉર્ધ્વ અગ્નિ જ્વાલ. સુ૦ ૬.

મત્સ્ય તુંબ જળમાં તરેજી, બૂડે કાગ પહાણ;
પંખી જાત ગયણે ફિરેજી, ઈણીપરે સયલ વિનાણ. સુ૦ ૭.

વાયુ સુંઠથી ઉપશમેજી, હરડે કરે વિરેચ;
સીઝે નહિં કણ કાંગડુજી, શક્તિ સ્વભાવ અનેક. સુ૦ ૮.

દેશ વિશેષ કાષ્ઠનાંજી, ભૂમિમાં થાય પહાણ;
શંખ અસ્થિનો નીપજેજી, ક્ષેત્ર સ્વભાવ પ્રમાણ. સુ૦ ૯.

રવિ* તાતો શશી શીતલોજી, ભવ્યાદિક બહુ ભાવ;
છએ દ્રવ્ય આપ આપણાંજી, ન તજે કોઈ સ્વભાવ. સુ૦ ૧૦.

---

* ઉષ્ણ

ઢાળ ત્રીજી

ભવિતવ્યતાવાદ

(કપૂર હોય અતિ ઉજળો રે-એ દેશી)

કાળ કીસ્યું કરે બાપડોજી, વસ્તુ સ્વભાવ [૧]અકજ્જ;
જો નવિ હોયે ભવિતવ્યતાજી, તો કેમ સીઝે [૨]કજ્જ રે.
પ્રાણી ! મ કરો મન જંજાળ, ભાવિભાવ નિહાળ રે. પ્રાણી૦ ૧.

જલનિધિ[૩] તરે જંગલ ફરેજી, કોડિ જતન કરે કોય;
અણભાવી હોવે નહીંજી, ભાવી હોય તે હોય રે. પ્રાણી૦ ૨.

આંબે મોર વસંતમાંજી, ડાળે ડાળે કેઈ લાખ;
કેઈ ખર્યા કેઈ ખાખટીજી, કેઈ આધા કેઈ શાખ રે. પ્રાણી૦ ૩.

બાઉલ જેમ ભવિતવ્યતાજી, જિણ જિણ દિશિ ઉજાય;
પરવશ મન માણસ તણુંજી, તૃણ જેમ પૂંઠે ધાય રે. પ્રાણી૦ ૪.

નિયતિવશે વિણ ચિંતવ્યુંજી, આવી મળે તતકાળ;
વરસા સોનું ચિંતવ્યુંજી, નિયતિ કરે વિસરાળ રે. પ્રાણી૦ ૫.

બ્રહ્મદત્ત ચક્રી તણાંજી, નયણ હણે ગોવાલ;
દોય સહસ જસ દેવતાજી, દેહ તણા રખવાલ રે. પ્રાણી૦ ૬.

કોકુહો કોયલ કરેજી, કેમ રાખી શકે પ્રાણ;
આહેડી શર તાકિયોજી, ઉપર ભમે સીંચાણ રે. પ્રાણી૦ ૭.

આહેડી નાગે ડસ્યોજી, બાણ લાગ્યો સીંચાણ;
કોકુહો ઉડી ગયો જી, જુઓ જુઓ નિયતિ પ્રમાણ રે. પ્રાણી૦ ૮.

શસ્ત્ર હણયાં સંગ્રામમાંજી, રાને પડ્યા જીવંત;
મંદિરમાંથી માનવીજી, રાખ્યા નહીં રહંત રે. પ્રાણી૦ ૯.

---

૧ નકામો. ૨ કાર્ય. ૩ સમુદ્ર.

ઢાળ ચોથી

કર્મવાદ

(રાગ મારૂણી-મનોહર હીરજી રે-એ દેશી)

કાળ સ્વભાવ નિયત મતિ કૂડી, કર્મ કરે તે થાય;
કર્મે નિરય તિરય નર સુરગતિજી, જીવ ભવાંતરે જાય.
ચેતન ચેતીયે રે, કર્મસમો નહીં કોય. ચેતન૦ ૧.

કર્મે રામ વસ્યા વનવાસે, સીતા પામે આલ;
કર્મે લંકાપતિ રાવણનું, રાજ થયું વિસરાલ. ચેતન૦ ૨.

કર્મે કીડી કર્મે કુંજર, કર્મે નર ગુણવંત;
કર્મે રોગ શોક દુઃખ પીડિત, જન્મ જાય વિલપંત. ચેતન૦ ૩.

કર્મે વરસ લગે રિસહેસર, ઉદક ન પામે અન્ન;
કર્મે વીરને જુવો યોગમાં રે, ખીલા રોપ્યા કન્ન. ચેતન૦ ૪.

કર્મે એક સુખપાલે બેસે, સેવક સેવે પાય;
એક હય ગય રથ ચઢ્યા ચતુર નર, એક આગળ ઉજાય. ચે૦ ૫.

ઉદ્યમ માની અંધ તણી પરે, જગ હીંડે હા હૂતો;
કર્મબલી તે લહે સકળ ફળ, સુખકર સેજે સૂતો. ચેતન૦ ૬.

ઉંદર એકે કીધો ઉદ્યમ, કરંડીયો કરકાલે;
માંહે ઘણા દિવસનો ભૂખ્યો, નાગ રહ્યો દુઃખ ડોલે. ચેતન૦ ૭.

[1]વિવર કરી મૂષક તસ મુખમાં, દિયે આપણો દેહ;
માર્ગ લઈ નાગ વન પધાર્યા, કર્મ મર્મ જુઓ એહ. ચેતન૦ ૮.

ઢાળ પાંચમી

ઉદ્યમવાદ

સકલ ઉદ્યમવાદી ભણે એ, એ ચારે અસમર્થ તો;
સકલ પદારથ સાધવા એ, એક ઉદ્યમ સમર્થ તો. ૧.

---

૧. કાણું પાડી

ઉદ્યમ કરતા માનવી એ, શું નવિ સીઝે કાજ તો ?
રામે રયણાયર[1] તરી એ, લીધું લંકા રાજ્ય તો. ૨.

કરમ નિયત તે અનુસરે એ, જેહમાં શક્તિ ન હોય તો;
[2]દેઉલ વાઘ મુખે પંખીયાએ, પિયુ પેસંતા જોય તો. ૩.

વિણ ઉદ્યમ કિમ નીકળે એ, તિલ માંહેથી તેલ તો;
ઉદ્યમથી ઉંચી ચઢે એ, જુઓ એકેંદ્રિય વેલ તો. ૪.

ઉદ્યમ કરતાં એક સમે એ, જેહ નવિ સીઝે કાજ તો;
તે ફરી ઉદ્યમથી હુવે એ, જો નવિ આવે વાજ તો. ૫.

ઉદ્યમ કરી ઓર્યા વિના એ, નવિ રંધાયે અન્ન તો;
આવી ન પડે કોલીઓ એ, મુખમાં પાખે જતન્ન[3] તો. ૬.

કર્મ પુત્ર ઉદ્યમ પિતા એ, ઉદ્યમે કીધાં કર્મ તો;
ઉદ્યમથી દૂર ટળે એ, જુઓ કર્મનો મર્મ તો. ૭.

દૃઢપ્રહારી હત્યા કરી એ, કીધાં પાપ અનંત તો;
ઉદ્યમથી ષટ માસમાં એ, આપ થયા અરિહંત તો. ૮.

ટીંપે ટીંપે સર ભરે એ, કાંકરે કાંકરે પાળ તો;
ગિરિ જેહવા ગઢ નીપજે એ, ઉદ્યમ શક્તિ નિહાલ તો. ૯.

ઉદ્યમથી જલબિંદુઓ એ, કરે પાષાણમાં ઠામ તો;
ઉદ્યમથી વિદ્યા ભણે એ, ઉદ્યમે જોડે દામ તો. ૧૦.

ઢાળ છટ્ઠી

(એ છીંડી કીહાં રાખી-એ દેશી)

એ પાંચે નવ વાદ કરંતા, શ્રી જિનચરણે આવે;
અમિયરસ જિનવાણી સુણીને, આનંદ અંગ ન માવે રે પ્રાણી !
સમકિતમતિ મન આણોં, નય એકાંત મ તાણો રે પ્રાણી !
તે મિથ્યામતિ જાણો રે પ્રાણી સમ૦ ૧ એ આંકણી. ૧.

---

૧ સમુદ્ર-રત્નાકર. ૨. દેરાસર ઉપર કોરી કાઢેલા વાઘના મુખમાં
૩. યત્ન-પ્રયત્ન કર્યા વગર

એ પાંચે સમુદાય મળ્યા વિણ, કોઈ કાજ ન સીઝે;
અંગુલીયોગે કરતણી પરે, જે બુઝે તે રીઝે રે પ્રાણી ! સમ૦ ૨.

આગ્રહ આણી કોઈ એકને, એહમાં દીજે વડાઇ;
પણ સેના મિલી સકલ રણાંગણ, જીતે સુભટ લડાઈ રે પ્રાણી. સમ૦ ૩.

તંતુસ્વભાવે પટ ઉપજાવે, કાળક્રમે રે વણાય;
ભવિતવ્યતા હોય તો નિપજે, નહીં તો વિઘ્ન ઘણાંય રે પ્રાણી. સમ૦ ૪.

તંતુવાય ઉદ્યમ ભોક્તાદિક, ભાગ્ય સકલ સહકારી;
એમ પાંચે મળી સકલ પદારથ, ઉત્પત્તિજુઓ વિચારી રે પ્રાણી. સમ૦ ૫.

નિયતિ વશે હલુકરમો થઈને, નિગોદ થકી નીકળીયો;
પુણ્યે મનુજભવાદિ પામી, સદ્ગુરુને જળ મળીયો રે પ્રાણી. સમ૦ ૬.

ભવસ્થિતિ પરિપાક થયો તવ, પંડિતવિર્ય ઉલ્લસીયો;
ભવ્ય સ્વભાવે શિવગતિ પામી, શિવપુર જઈને વસીયો રે પ્રાણી. સમ૦ ૭.

વર્દ્ધમાન જિન એણીપરે વિનયે, શાસન નાયક ગાયો;
સંઘ સકલ સુખ હોયે જેહથી, સ્યાદ્વાદ રસ પાયો રે પ્રાણી ! સમ૦ ૮.

કળશ

ઈમ ધર્મનાયક મુક્તિદાયક, વીર જિનવર સંથુણ્યો;
સયસત્તાર સંવત વહ્નિલોચન, વર્ષ હર્ષ ધરી ઘણો;
શ્રી વિજયદેવસૂરીંદ પટધર, શ્રી વિજયપ્રભુમુણીંદ એ;
શ્રી **કીર્ત્તિવિજય**વાચકશિષ્ય એણી પરે, **વિનય** કહે આનંદ એ.

સમ્યક્ત્વરત્ન વિના સર્વ ક્રિયા નકામી.

(રાગ-વેલાવલ)

જબ લગે સમકિત રત્નકું, પાયા નહિ પ્રાણી;
તબ લગે નિજ ગુણ નવિ વધે, તરુ વિણ જિમ પ્રાણી. જબ૦ ૧.

તપ સંયમ કિરિયા કરો, ચિત્ત રાખો ઠામ;
દર્શન વિણ નિષ્ફળ હોવે, જિમ વ્યોમે ચિત્રામ. જબ૦ ૨.

સમકિત વિરહિત જીવને, શિવસુખ હોવે કેમ ?
વિણ હેતે કાર્ય ન નીપજે, મૃદ[1] વિણ ઘટ[2] જેમ. જબ૦ ૩.

પરંપર કારણ મોક્ષકો, એ છે સમકિત મૂળ;
શ્રેણિક પ્રમુખ તણી પરે, હોય સિદ્ધિ અનુકૂળ. જબ૦ ૪.

ચારે અનંતાનુબંધીયા[3], ત્રિક દર્શન મોહ[4];
જ્ઞાન કહે જે ક્ષય કરે, વંદું તેહ જીતકોહ[5]. જબ૦ ૫.

શ્રી પાર્શ્વનાથજિન સ્તવન.

શ્રી પાસજી પ્રગટ પ્રભાવી, તુજ મૂરતિ મુજ મન ભાવી રે;
મનમોહના જિનરાયા, સુરનર કિન્નર ગુણ ગાયા રે. મન૦
જે દિનથી મૂરતિ દીઠી, તે દિનથી આપદા નીઠી[6] રે. મન૦ ૧.

મટકાલું મુખ સુપ્રસન્ન, દેખત રીઝે ભવીમન્ન રે; મન૦
સમતારસ કેરાં કચોલાં, નયણાં દીઠે રંગરોલાં રે. મન૦ ૨.

હાથ ન ધરે હથીયાર, નહિ જપમાલાનો પ્રચાર રે; મન૦
ઉત્સંગે[7] ન ધરે વામા[8], જેહથી ઉપજે સવી કામા[9] રે. મન૦ ૩.

ન કરે ગીતનૃત્યના ચાળા, એ તો પ્રત્યક્ષનટના ખ્યાલા રે; મન૦
ન બજાવે આપે વાજાં, ન ધરે વસ્ત્ર જીરણ સાજા રે. મન૦ ૪.

ઈમ મૂરતિ તુજ નિરૂપાધી, વીતરાગપણે કરી સાધી રે; મન૦
કહે **માનવિજય**[10] ઉવજ્ઝાયા, મેં અવલંબ્યા તુજ[11] પાયા રે. મન૦ ૫.

ભાવ મંદિર

સમકિત દ્વાર ગભારે પેસતાંજી, પાપ પડલ ગયાં દૂર રે;
માતા મરૂદેવીનો લાડલોજી, દીઠો આનંદ પૂર રે. સમકિત૦ ૧.

---

૧ માટી. ૨ કુંભ. ૩ અતિ આકરા ક્રોધાદિ. ૪ સમકિત મોહનિય, મિશ્ર મોહનિય અને મિથ્યાત્વ મોહનિય. ૫ કષાય રહિત. ૬ નાશ પામી દૂર થઈ. ૭ ખોળામાં. ૮ સ્ત્રી. ૯ કામવિકારો. ૧૦ ઉપાધ્યાય. ૧૧ ચરણ.

આયુવર્જિત સાતે કર્મનીજી, સાગર કોડાકોડી હીન રે;
સ્થિતિ પ્રથમ કરણે કરીજી, વીર્ય અપૂર્વ મોગર લીન રે. સમ૦ ૨.
ભુંગળ ભાંગી આદ્ય કષાયનીજી, મિથ્યાત્વ મોહની સાંકળ સાથરે;
બાર ઉઘાડયાં શમ સંવેગનાંજી, અનુભવ ભવને બેઠા નાથ રે. સમ૦ ૩.
તોરણ બાંધ્યાં જીવદયા તણાંજી, સાથીયો પૂર્યો શ્રદ્ધા રૂપ રે;
ધૂપઘટા પ્રભુ ગુણ અનુમોદનાજી, દીપ મંગળ આઠ અનૂપ રે. સમ૦ ૪.
સંવર પાણીએ અંગ પખાળીએજી, કેશર ચંદન ઉત્તમ ધ્યાન રે;
આત્મરુચિ મૃગમદ મહમહેજી, પંચાચાર કુસુમ પ્રધાન રે. સમ૦ ૫.
ભાવે પૂજો રે પાવન આત્માજી, પૂજો પરમેસર પરમ પવિત્ર રે;
કારણ જોગે કારજ નીપજેજી, **ક્ષમાવિજય** જિન આગમ રીતે રે. સમ૦ ૬.

શ્રી સીમંધર સ્વામીની સ્તુતિઓ

૧.

શ્રી સીમંધર જિનવર, સુખકર સાહિબ દેવ;
અરિહંત સકળની, ભાવ ધરી કરૂં સેવ;
સકલાગમ પારગ, ગણધર ભાષિત વાણી;
જયવંતી આણા, જ્ઞાનવિમળ ગુણખાણી. ૧.

૨.

મહાવિદેશક્ષેત્રમાં સીમંધર સ્વામી, સોનાનું સિંહાસનજી;
રૂપાનાં ત્યાં છત્ર બિરાજે, રત્નમણિના દીવા દીપેજી;
કુંકુમવરણી ત્યાં ગહુંલી બિરાજે, મોતીના અક્ષત સારાજી;
ત્યાં બેઠા સીમંધરસ્વામી, બોલે મધુરી વાણીજી;
કેસર ચંદન ભર્યા કચોળાં, કસ્તુરી બરાસેજી;
પહેલી તે પૂજા અમારી હોજો, ઉગમતે પ્રભાતેજી. ૧.

શ્રી શત્રુંજયતીર્થની થોયો

૧.

પુંડરિકમંડન[1] પાય પ્રણમીજે, આદીશ્વર જિનચંદાજી;
નેમિ વિના ત્રેવીશ તીર્થંકર, ગિરિ ચઢયા આનંદાજી;
આગમમાંહિ પુંડરિક મહિમા, ભાખ્યો જ્ઞાન[2] દિણંદાજી;
ચૈત્રી પુનમ દિન દેવી ચક્કેસરી, સૌભાગ્ય દ્યો સુખકંદાજી. ૧.

૨.

વિમલાચલ મંડન, જિનવર આદિ જિણંદ;
નિર્મમ નિર્મોહી, કેવલજ્ઞાનદિણંદ;
જે પૂર્વ નવાણું, આવ્યા ધરી આણંદ;
શત્રુંજય શિખરે, સમવસર્યા સુખકંદ. ૧.

૩.

શ્રી સિદ્ધાચલ મંડન, ઋષભજિણંદ દયાળ;
મરૂદેવાનંદન, વંદન કરૂં ત્રણ કાળ;
એ તીરથ જાણી, પૂર્વ નવાણું વાર;
આદીશ્વર આવ્યા, જાણી લાભ અપાર. ૧.

શ્રી સિદ્ધચક્રજીની થોયો

શ્રી સિદ્ધચક્ર સેવો [3]સુવિચાર, આણી હૈડે હર્ષ અપાર; જેમ લહો સુખ શ્રીકાર, મન શુદ્ધે નવ ઓળી કીજે; અહોનિશ[4] નવપદ ધ્યાન ધરીજે, જિનવર પૂજા કીજે; પડિક્કમણાં દોય ટંકનાં કીજે, આઠે થોયે દેવ વાંદીજે; ભૂમિ સંથારો કીજે, મૃષા[5] તણો કીજે પરિહાર; અંગે [6]શીલ ધરીજે સાર, દીજે દાન અપાર. ૧.

---

૧ શ્રી પુંડરિકગિરિના અલંકારરૂપ. ૨ કેવળજ્ઞાન દિવાકર કેવલી મહારાજ. ૩ સારી સમજ મેળવી. ૪ દિનરાત (સદાય). ૫ જૂઠ બોલવાનો ત્યાગ કરવો. ૬ શુદ્ધ બ્રહ્મચર્ય પાળવું.

અરિહંત સિદ્ધ આચાર્ય નમીજે, વાચક[1] સર્વ સાધુ વંદીજે; દર્શન જ્ઞાન થુણીજે, ચારિત્ર તપનું ધ્યાન ધરીજે; અહોનિશ નવપદ ગુણણું ગણીજે, [2]નવ આયંબિલ પણ કીજે; નિશ્ચળ રાખીને મન ઈશ, જપો પદ એક એકને ઈશ; નવકારવાળી વીશ, છેલ્લે આયંબિલ પણ કીજે; સત્તરભેદી[3] જિનપૂજા રચીજે, માનવભવફળ લીજે. ૨.

સાતસે [4]કુષ્ટીના રોગ નાઠા, [5]ન્વહણ લઈ સંયોગ; દૂર હુવા કર્મના ભોગ, કુષ્ટ અઢારે દૂરે જાય; દુઃખ દારિદ્ર સવી દૂર પલાય, મનવંછિત ફળ થાય; નિર્ધનીયાને દે બહુ ધન, અપુત્રીયાને પુત્ર રતન; જો સેવે શુદ્ધ મન, નવકાર સમો નહિ કોઈ મંત્ર; સિદ્ધચક્ર સમો નહિ કોઈ જંત્ર, સેવો ભવિયણ એકંત.[6] ૩.

જો સેવ્યો મયણા શ્રીપાળ, ઉંબર રોગ ગયો તત્‌કાળ; પામ્યા મંગળમાળ, શ્રીપાળ પેરે જે આરાધે; તસ ઘર દિન દિન દોલત વાધે, અંતે શિવસુખ સાધે; વિમલેશ્વર જક્ષ સેવા (સાંનિધ્ય) સારે, આપદા કષ્ટ સવી દૂર નિવારે; દોલત લક્ષ્મી વધારે, મેઘવિજય કવિરાયનો [7]શીશ; હેડે ભાવ ધરી જગીશ, **વિનયવિજય** નિશદિશ[8]. ૪.

શ્રી વીશસ્થાનક સ્તુતિ

પૂછે ગૌતમ વીર જિણંદા, સમવસરણ બેઠા શુભ કંદા; પૂજિત અમર સુરિંદા, કેમ નિકાચે પદ જિનચંદા; કિણવિધ તપ કરતાં બહુ ફંદા, ટળે દૂરિત દંદા; તો ભાખે પ્રભુજી ગતનિંદા, સુણ ગૌતમ વસુભૂતિ નંદા; નિર્મળ તપ અરવિંદા, વીશસ્થાનક તપ કર મહંદા; જીમ તારક સમુદાયે ચંદા, તિમ એ તપ સવિ ઈંદા. ૧.

---

૧ ઉપાધ્યાયજી. ૨ નવ દિવસ સુધી રસકસ વગરનું લુખું ભોજન એક વખત કરવું. ૩ સત્તર પ્રકારી પૂજા. ૪ કોઢીઆ. ૫ ન્વહણ છાંટવાથી. ૬ નિશ્ચે. ૭ શિષ્ય. ૮ રાત-દિન.

પ્રથમ પદ અરિહંત ભણીજે, બીજે સિદ્ધ પવયણ ત્રીજે; આચારજ થિર ઠવીજે, ઉપાધ્યાય ને સાધુ ગ્રહીજે; નાણ દંસણ પદ વિનય વહીજે, અગિઆરમેં ચારિત્ર લીજે; બંભવયધારિણં ગણીજે, કિરિયાણં તવસ્સ કરિજે; ગોયમ જિણાણં લહીજે, ચારિત્ર નાણ સુઅસ્સ તિત્થસ્સ કીજે; ત્રીજે ભવ તપ કરત સુણીજે, એ સવિ જિન તપ લીજે. ૨.

આદિ નમો પદ સઘળે ઠવીશ, બાર પંદર વળી બાર છત્રીશ; દશ પણ વીશ સગવીશ, પાંચ ને સડસઠ તેર ગણીશ; સિત્તેર નવ કિરિયા પચવીશ, બાર અઠ્ઠાવીશ ચોવીશ; સત્તર એકાવન પીસ્તાલીશ, પાંચ લોગસ્સ કાઉસ્સગ્ગ રહીશ; નવકારવાળી વીશ, એક એક પદે ઉપવાસજ વીશ; માસ ષટે એક ઓળી કરીશ, એમ સિદ્ધાંત જગીશ. ૩.

શક્તે એકાસણું તિવિહાર, છઠ્ઠ અઠ્ઠમ માસખમણ ઉદાર; પડિક્કમણું દોય વાર, ઈત્યાદિક વિધિ ગુરુગમ ધાર; એક પદ આરાધન ભવપાર, ઉજમણું વિવિધ પ્રકાર; માતંગ યક્ષ કરે મનોહાર, દેવી સિદ્ધાઈ શાસન સુખકાર; વિઘ્ન મિટાવણહાર, ક્ષમાવિજય જસ ઉપર પ્યાર; શુભ ભવિયણ ધર્મઆધાર, **વીરવિજય** જયકાર. ૪.

શ્રી શાંતિજિન થોય.

ગજપુર અવતારા, વિશ્વસેનકુમારા;
અવનિતલે ઉદારા, ચક્કવિ લચ્છી ધારા;
પ્રતિદિવસ સવારા, સેવીયે શાંતિ સારા;
ભવજલધિ અપારા, પામીએ જેમ પારા. ૧.

જિનગુણ જસ મલ્લિ, વાસના વિશ્વવલ્લિ;
મન સદન ચસલ્લિ, માનવંતી નિસલ્લિ;

સકલકુશલવલ્લિ, ફુલડે વેગ ફૂલી;
દુરગતિ તસ દૂલ્લિ, તા સદા શ્રીબહૂલી. ૨.

જિનકથિત વિશાલા, સૂત્રશ્રેણી રસાલા;
સકલસુખસુખાલા, મેળવા મુક્તિમાલા;
પ્રવચનપદમાલા, દૂતિકા એ દયાલા;
ઉર ધરી સુકુમાલા, મુકીયે મોહજાલા. ૩.

અતિ ચપલ વખાણી, સૂત્રમાં જે પ્રમાણી;
ભગવતી બ્રહ્માણી, વિઘ્નહર્તા નિર્વાણી;
જિનપદ લપટાણી, કોડી કલ્યાણ ખાણી;
ઉદયરતને જાણી, સુખદાતા સયાણી. ૪.

શંખેશ્વર પાર્શ્વજિન સ્તુતિ.

શંખેશ્વર પાસજી પૂજીયે, નરભવનો લાહો લીજીયે;
મનવંછિત પૂરણ સુરતરુ, જય વામાસુત અલવેસરૂ. ૧.

દોય[1] રાતા જિનવર અતિ ભલા, દોય[2] ધોળા જિનવર ગુણનીલા;
દોય[3] નીલા દોય[4] શામલ કહ્યા, [5]સોળે જિન કંચન વર્ણ લહ્યા. ૨.

આગમ તે જિનવર ભાખીયો, ગણધર તે હઈડે રાખીઓ;
તેહનો રસ જેણે ચાખીયો, તે હુઓ શિવસુખ સાખીયો. ૩.

ધરણેંદ્ર રાય પદ્માવતી, પ્રભુ પાર્શ્વતણા ગુણ ગાવતી;
સહુ સંઘનાં સંકટ ચૂરતી, **નયવિમલ**નાં વાંછિત પૂરતી. ૪.

બીજની થોય

દિન સકલ મનોહર, બીજ દિવસ સુવિશેષ;
રાય રાણા પ્રણમે, ચંદ્ર તણી જિહાં રેખ;

---

૧ શ્રી પદ્મપ્રભ અને વાસુપૂજ્ય. ૨ શ્રી ચંદ્રપ્રભ અને સુવિધિનાથ. ૩ શ્રી મલ્લિનાથ અને પાર્શ્વનાથ. ૪ શ્રી મુનિસુવ્રત અને નેમિનાથ. ૫ બાકી રહેલા શ્રી ઋષભાદિક ૧૬.

તિહાં ચંદ્ર વિમાને, શાશ્વતા જિનવર જેહ;
હું બીજ તણે દિન, પ્રણમું આણી નેહ. ૧.

અભિનંદન ચંદન, શીતળ શીતળનાથ;
અરનાથ સુમતિજિન, વાસુપૂજ્ય શિવ સાથ;
ઇત્યાદિક જિનવર, જન્મ જ્ઞાન નિરવાણ;
હું બીજ તણે દિન, પ્રણમું તે સુવિહાણ. ૨.

પ્રકાશ્યો બીજે, દુવિધ ધર્મ ભગવંત;
જેમ વિમળ કમળ દોય, વિપુલ નયન વિકસંત;
આગમ અતિ અનુપમ, જિહાં નિશ્ચય વ્યવહાર;
બીજે સવિ કીજે, પાતકનો પરિહાર. ૩.

ગજગામિની[1] કામિની, [2]કમળ સુકોમળ ચીર;
ચક્કેસરી કેશર[3], સરસ સુગંધ શરીર;
કર જોડી બીજે, હું પ્રણમું તસ પાય;
એમ **લબ્ધિવિજય** કહે, પુરો મનોરથ માય. ૪.

પંચમીની થોય.

શ્રાવણ શુદિ દિન પંચમીએ, જન્મ્યા નેમિ જિણંદ તો;
શ્યામ વરણ તનુ[4] શોભતું એ, મુખ [5]શારદકો ચંદ તો;
સહસ વરસ પ્રભુ આઉખું એ, બ્રહ્મચારી ભગવંત તો;
અષ્ટ કરમ હેલે[6] હણી એ, પહોતા મુક્તિ મહંત તો. ૧.

અષ્ટાપદ પર આદિજિન એ, પહોત્યા મુક્તિ મોઝાર તો;
વાસુપૂજ્ય ચંપાપુરીએ, નેમિ મુક્તિ ગિરનાર તો;
પાવાપુરી નગરીમાં વળી એ, શ્રીવીરતણું નિર્વાણ તો;
સમેતશિખર વીશ સિદ્ધ હુઆ એ, શિરવહું તેહની આણ તો. ૨.

---

૧ હાથણી જેવી ચાલવાળી. ૨ કમળ જેવા સુકોમળ વસ્ત્રવાળી. ૩ કેશર જેવી સરસ સુગંધી કાયાવાળી.

૪ શરીર. ૫ શરદ પૂર્ણિમા સંબંધી-અતિ ઉજ્જ્વળ-નિર્મળ-સ્વચ્છ. ૬ જોતજોતામાં-જલ્દી.

નેમિનાથ જ્ઞાની હુઆ એ, ભાખે સાર વચન તો;
જીવદયા ગુણવેલડી એ, કીજે તાસ જતન તો;
મૃષા[1] ન બોલો માનવી એ, ચોરી ચિત્ત નિવાર તો;
અનંત તીર્થંકર એમ ભણે એ, પરિહરીએ પરનાર તો. ૩.

ગોમેધ નામે જક્ષ ભલો એ, દેવી શ્રી અંબિકા નામ તો;
શાસન સાંનિધ્ય[2] જે કરે એ, કરે વળી ધર્મનાં કામ તો;
તપગચ્છ નાયક ગુણનીલો એ, શ્રીવિજયસેનસૂરિરાય તો;
ઋષભદાસ પાય સેવતાં એ, સફળ કરો અવતાર તો. ૪.

શ્રી અષ્ટમીની થોય.

ચોવિશે જિનવર, હું પ્રણમું નિત્યમેવ;
આઠમ દિન કરીએ, ચંદ્રપ્રભુની સેવ;
મૂર્તિ મનમોહન, જાણે પૂનમચંદ;
દીઠે દુઃખ જાયે, પામે પરમાનંદ. ૧.

મળી ચોસઠ ઈન્દ્ર, પૂજે પ્રભુજીના પાય;
ઈન્દ્રાણી અપચ્છરા, કર જોડી ગુણ ગાય;
નંદીસર દ્વીપે, મળી સુરવરની કોડ;
અઠ્ઠાઈ મહોચ્છવ, કરે તે હોડાહોડ. ૨.

શત્રુંજય શિખરે, જાણી લાભ અપાર;
ચોમાસું રહીયા, ગણધર મુનિ પરિવાર;
ભવિયણને તારે, દેઈ ધર્મ ઉપદેશ;
દૂધ સાકરથી પણ, વાણી અધિક વિશેષ. ૩.

પોસહ પડિક્કમણું, કરીએ વ્રત પચ્ચક્ખાણ;
આઠમ દિન કરીએ, અષ્ટ કર્મની હાણ;
અષ્ટ મંગલ થાયે, દિન દિન કોડ કલ્યાણ;
એમ **સુખ સૂરિ** કહે, જીવિત જન્મ પ્રમાણ. ૪.

---

૧ અસત્ય-જુઠ. ૨ સેવા-ચાકરી.

એકાદશીની થોય.

એકાદશી અતિ રૂઅડી, [1]ગોવિંદ પૂછે નેમ;
કોણ કારણ એ પર્વ મોહોટું, કહો મુજશું તેમ;
જિનવર કલ્યાણક અતિ ઘણાં, એકસો ને પચાસ;
તેણે કારણ એ પર્વ મોહોટું, કરો મૌન ઉપવાસ. ૧.

અગીયાર શ્રાવક તણી પ્રતિમા, કહી તે જિનવર દેવ;
એકાદશી એમ અધિક સેવો, વનગજા જીમ રેવ;
ચોવીશ જિનવર સયલ સુખકર, જેસા સુરતરુ ચંગ;
જેમ ગંગ નિર્મલ નીર જેહવો, કરો જિનશું રંગ. ૨.

અગીયાર અંગ લખાવીએ, અગીયાર પાઠાં સાર;
અગીયાર કવલી વીંટણાં, ઠવણી પુંજણી સાર;
ચાબખી ચંગી[2] વિવિધ રંગી, શાસ્ત્રતણે અનુસાર;
એકાદશી એમ ઉજવો, જેમ પામીએ ભવપાર. ૩.

વર કમળ નયણી કમળ વયણી[3] કમળ સુકોમળ કાય;
ભુજ દંડ ચંડ અખંડ જેહને, સમરતાં સુખ થાય;
એકાદશી એમ મન વશી, ગણી હર્ષ પંડિત શિશ;
શાસનદેવી વિઘ્ન નિવારો, સંઘ તણાં નિશ દિશ[4]. ૪.

શ્રી પર્યુષણની થોય

મણિ રચિત સિંહાસન, બેઠા જગદાધાર;
પર્યૂષણ કેરો, મહિમા અગમ અપાર;
નિજ મુખથી દાખી, સાખી સુરનર વૃંદ;
એ પર્વ પર્વમાં, જીમ તારામાં ચંદ. ૧.

નાગકેતુની પરે, કલ્પસાધના કીજે;
વ્રતનિયમ આખડી, ગુરુ મુખ અધિકી લીજે;

૧ કૃષ્ણ વાસુદેવ. ૨ રૂડી-મનોહર. ૩ કમળ જેવા મુખવાળી. ૪ સદાય.

દોય ભેદે પૂજા, દાન પંચ પ્રકાર;
કર પડિક્કમણાં ધર, શિયલ અખંડિત ધાર. ૨.

જે ત્રિકરણ શુદ્ધિ, આરાધે નવ વાર;
ભવ સાત આઠ નવ, શેષ તાસ સંસાર;
સહુ સૂત્ર શિરોમણી, કલ્પસૂત્ર સુખકાર;
તે શ્રવણે સુણીને, સફલ કરો અવતાર. ૩.

સહુ ચૈત્ય જુહારી, ખમત ખામણાં કીજે;
કરી સાહમ્મીવચ્છલ, કુગતિ દ્વારપટ દીજે;
અઠ્ઠાઈ મહોત્સવ, ચિદાનંદ ચિત્ત લાઈ;
ઈમ કરતાં સંઘને, શાસનદેવ સહાઈ. ૪.

શ્રી પર્યુષણાની થોય

વરસ દિવસમાં અષાડ ચોમાસ, તેહમાં વળી ભાદરવો માસ; આઠ દિવસ અતિ ખાસ, પર્વ પજ્જુસણ કરો ઉલ્લાસ; અઠ્ઠાઈધરનો કરવો ઉપવાસ, પોસહ લીજે ગુરુ પાસ; વડા કલ્પનો છઠ્ઠ કરીજે, તેહ તણો વખાણ સુણીજે; ચૌદ સુપન વાંચીજે, પડવેને દિન જન્મ વંચાય; ઓચ્છવ મહોચ્છવ મંગલ ગવાય, વીર જિણેસરરાય. ૧.

બીજ દિને દીક્ષા અધિકાર, સાંજ સમય નિરવાણ વિચાર; વીર તણો પરિવાર, ત્રીજ દિને શ્રીપાર્શ્વ વિખ્યાત; વળી નેમિસરનો અવદાત, વળી નવ ભવની વાત; ચોવીશે જિન અંતર તેવીશ, આદિજિનેશ્વર શ્રીજગદીશ; તાસ વખાણ સુણીશ, ધવલ મંગલ ગીત, ગહુંલી કરીએ; વળી પ્રભાવના નિત અનુસરીએ, અઠ્ઠમ તપ જય વરીએ. ૨.

આઠ દિવસ લગે અમર પળાવો, તેહ તણો પડહો વજડાવો; ધ્યાન ધરમ મન ભાવો, સંવત્સરી દિન સાર કહેવાય;

સંઘ ચતુર્વિધ ભેળો થાય, બારશા સૂત્ર સુણાય; થિરાવલીને સમાચારી, પટ્ટાવલી પ્રમાદ નિવારી; સાંભળજો નરનારી, આગમ સૂત્રને પ્રણમીશ; કલ્પસૂત્રશું પ્રેમ ધરીશ, શાસ્ત્ર સર્વે સુણીશ. ૩.

સત્તરભેદી જિનપૂજા રચાવો, નાટક કેરા ખેલ મચાવો; વિધિશું સ્નાત્ર ભણાવો, આડંબરશું દેહરે જઈએ; સંવત્સરી પડિક્કમણું કરીએ, સંઘ સર્વને ખમીએ; પારણે સાહમ્મિ વચ્છલ કીજે, યથાશક્તિએ દાનજ દીજે; પુન્ય ભંડાર ભરીજે, શ્રી વિજયક્ષેમસૂરિ ગણધાર; જસવંતસાગર ગુરુ ઉદાર, **જિણંદ સાગર** જયકાર. ૪.

શ્રી પર્યુષણની થોય

પુન્યનું પોષણ પાપનું શોષણ, પર્વ પજુસણ પામીજી;
કલ્પ ઘરે પધરાવો સ્વામી, નારી કહે શિશ નામીજી;
કુંવર [1]ગયવર ખંધ ચઢાવી, ઢોલ નિશાન વજડાવોજી;
સદ્ગુરુ સંગે, ચઢતે રંગે, વીરચરિત્ર સુણાવોજી. ૧.

પ્રથમ વખાણે ધર્મસારથિપદ, બીજે સુપના ચારજી;
ત્રીજે સુપનપાઠક વળી ચોથે, વીર જનમ અધિકારજી;
પાંચમે દીક્ષા છટ્ઠે શિવપદ, સાતમે જિન ત્રેવીશજી;
આઠમે થિરાવળી સંભળાવી, પિઉડા પૂરો જગીશજી. ૨.

છટ્ઠ અટ્ઠમ અઠ્ઠાઈ કીજે, જિનવર ચૈત્ય નમીજેજી;
[2]વરસી પડિક્કમણું મુનિવંદન, સંઘ સયળ ખામીજેજી;
આઠ દિવસ લગે અમર પળાવી, દાન સુપાત્રે દીજેજી;
ભદ્રબાહુ ગુરુ વયણ સુણીને, જ્ઞાન સુધારસ પીજેજી. ૩.

તીરથમાં વિમલાચળ ગિરિમાં, મેરુ મહીધર[3] જેમજી;
મુનિવરમાંહિ જિનવર મોટા, પર્વ પજુસણ તેમજી;

---

૧ ગજરાજ. ૨. સંવચ્છરી પ્રતિક્રમણ. ૩. પર્વત.

અવસર પામી સાહમ્મિવચ્છલ, બહુ પકવાન વડાઈજી;
ખિમાવિજય જિન દેવી સિદ્ધાઈ, દિનદિન અધિક વધાઈજી. ૪.

અથ ક્રોધની સજઝાય

કડવા ફળ છે ક્રોધનાં, જ્ઞાની એમ બોલે;
રીસ તણો રસ જાણીએ, હલાહલ તોલે કડવાં૦ ૧.

ક્રોધે ક્રોડ પૂરવતણું, સંજમ ફળ જાય;
ક્રોધ સહિત તપ જે કરે, તે તો લેખે ન થાય. કડવાં૦ ૨.

સાધુ ઘણો તપીયો હતો, ધરતો મન વૈરાગ;
શિષ્યના ક્રોધ થકી થયો, ચંડકોશીઓ નાગ. કડવાં૦ ૩.

આગ ઉઠે જે ઘર થકી, તે પહેલું ઘર બાળે;
જળનો જોગ જો નવિ મળે, તો પાસેનું પરજાળે. કડવાં૦ ૪.

ક્રોધતણી ગતિ એહવી, કહે કેવળનાણી;
હાણ કરે જે હેતની, જાળવજો એમ જાણી. કડવાં૦ ૫.

ઉદયરત્ન કહે ક્રોધને, કાઢજો ગળે [1]સાહી;
કાયા કરજો નિર્મળી, ઉપશમ રસે નાહી. કડવાં૦ ૬.

અથ માનની સજઝાય

રે જીવ માન ન કીજીયે, માને વિનય ન આવે રે;
વિનય વિના વિદ્યા નહીં, તો કિમ સમકિત પાવે રે. રે૦ ૧.

સમકિત વિણ ચારિત્ર નહીં, ચારિત્ર વિણ નહીં મુક્તિ રે;
મુક્તિનાં સુખ છે શાશ્વતાં, તે કેમ લહીએ જુક્તિ રે. રે૦ ૨.

વિનય વડો સંસારમાં, ગુણમાંહે અધિકારી રે;
માને ગુણ જાએ ગળી, પ્રાણી જોજો વિચારી રે. રે૦ ૩.

માન કર્યું જો રાવણે, તે તો રામે માર્યો રે;
દુર્યોધન ગરવે કરી, અંતે સવિ હાર્યો રે. રે૦ ૪.

---

૧. પકડી.

સુકાં લાકડાં સારિખો, દુઃખદાયી એ ખોટો રે;
ઉદયરત્ન કહે માનને, દેજો દેશવટો રે. રે૦ ૫.

અથ માયાની સજ્ઝાય

સમકિતનું મૂળ જાણીએજી, સત્ય વચન સાક્ષાત્;
સાચામાં સમકિત વસેજી, માયામાં મિથ્યાત્વ રે.
પ્રાણી ! મ કરીશ માયા લગાર. (એ આંકણી.) ૧.

મુખ ! મીઠો જુઠો મનેજી, કૂડ કપટનો રે કોટ;
જીભે તો જી જી કરે જી, ચિત્તમાંહે તાકે ચોટ રે. પ્રાણી૦ ૨.

આપ ગરજે આઘો પડે જી, પણ ન ધરે વિશ્વાસ;
મનશું રાખે આંતરો જી, એ માયાનો પાશ રે. પ્રાણી૦ ૩.

જેહશું બાંધે પ્રીતડી જી, તેહશું રહે પ્રતિકૂળ;
મેલ ન છંડે મનતણો જી, એ માયાનું મૂળ રે. પ્રાણી૦ ૪.

તપ કીધો માયા કરી જી, મિત્રશું રાખ્યો ભેદ;
મલ્લિ જિનેશ્વર જાણજોજી, તો પામ્યા સ્ત્રીવેદ રે. પ્રાણી૦ ૫.

ઉદયરત્ન કહે સાંભળોજી, મેલો માયાની બુદ્ધ;
મુક્તિપુરી જાવા તણો જી, એ મારગ છે શુદ્ધ રે. પ્રાણી૦ ૬.

અથ લોભની સજ્ઝાય

તુમે લક્ષણ જોજો લોભનાં રે, લોભે મુનિજન પામે ક્ષોભના રે;
લોભે ડાહ્યા મન ડોલ્યા કરે રે, લોભે દુર્ધર પંથે સંચરે રે. તુ૦ ૧.

તજે લોભ તેહનાં લઉં ભામણાં રે, વળી પાયે નમીને કરૂં ખામણાં રે;
લોભે મરજાદા ન રહે કેહની રે, તુમે સંગત મેલો તેહની રે. તુ૦ ૨.

લોભે ઘર મેલી રણમાં મરે રે, લોભે ઉંચ તે નીચું આચરે રે;
લોભે પાપ ભણી પગલાં ભરે રે, લોભે અકારજ કરતાં ન ઓસરે રે. તુ૦ ૩.

લોભે મનડું ન રહે નિર્મળું રે, લોભે સગપણ નાસે વેગળું રે;
લોભે ન રહે પ્રીતિ ને પાવઠું રે, લોભે ધન મેળવે બહું એકઠું રે. તુ૦ ૪.

લોભે પુત્ર પ્રત્યે પિતા હણે રે, લોભે હત્યા પાતિક નવિ ગણે રે;
તે તો દામ તણે લોભે કરી રે, ઉપર મણિધર થાએ તે મરી રે. તુ૦૫.

જોતાં લાભનો થોભ દીસે નહીં રે, એવું સૂત્ર સિદ્ધાંતે કહ્યું સહી રે;
લોભે ચક્રી સુભૂમ નામે જાુવો રે, તે તો સમુદ્ર માહેં ડુબી મુઓ રે. તુ૦ ૬.

એમ જાણીને લોભને છંડજો રે, એક ધર્મશું મમતા મંડજો રે;
કવિ **ઉદયરત્ન** ભાખે મુદા રે, વંદુ લોભ તજે તેહને સદા રે. તુ૦ ૭.

શ્રી અરણિક મુનિની સજઝાય

અરણિક મુનિવર ચાલ્યા ગોચરી, તડકે દાઝે [૧]શિશોજી;
પાય [૨]અણવાણે રે વેલુ પરજલે, તન સુકુમાલ મુનીશોજી. અર૦ ૧.

મુખ કરમાયું રે માલતી ફુલ જ્યું, ઉભો ગોખની હેઠોજી;
ખરે બપોરે દીઠો એકલો, મોહી માનિની દીઠોજી. અર૦ ૨.

વયણ રંગીલો રે નયણે વિંધિયો, ઋષિ થંભ્યો તેણે ઠાણોજી;
દાસીને કહે જારે ઉતાવળી, ઋષિને તેડી ઘેર આણોજી. અર૦ ૩.

પાવન કીજે ઋષિ ઘર આંગણું, વહોરો મોદક સારોજી;
નવજોબન રસ કાયા કાં દહો, સફલ કરો અવતારોજી. અર૦ ૪.

ચંદ્રવદનીએ[૩] ચારિત્રથી ચૂકવ્યો, સુખ વિલસે દિન રાતોજી;
બેઠો ગોખે રે રમતો સોગઠે, તવ દીઠી નિજ માતોજી. અર૦ ૫.

અરણિક અરણિક કરતી મા ફરે, ગલીયે ગલીયે બજારોજી;
કહો કોણે દીઠો રે મારો અરણીયો, પુંઠે લોક હજારોજી. અર૦ ૬.

હું કાયર છું રે મોરી માવડી, ચારિત્ર ખાંડાની ધારોજી;
ધિક્ધિક્ વિષયા રે મારા જીવને, મેં કીધો અવિચારોજી. અર૦ ૭.

ગોખથી ઉતરીરે જનની પાય પડ્યો, મનશું લાજયો અપારોજી;
વચ્છ તુજ ન ઘટે રે ચારિત્રથી ચૂકવું, જેથી શિવસુખ સારોજી. અર૦ ૮.

---

૧. મસ્તક. ૨. ખુલ્લા (પગે). ૩. મોહનગારી સ્ત્રીએ.

એમ સમજાવી રે પાછો વાળીયો, આણ્યો ગુરુની પાસોજી;
સદ્‌ગુરુ શીખ દીએ રે ભલીપરે, વૈરાગ્યે મન વાશ્યોજી. અર૦ ૯.

અગ્નિ ધીખંતી રે શિલા ઉપરે, અરણિકે અણસણ કીધુંજી;
રૂપવિજય કહે ધન્ય એ મુનિવરુ, જેણે મનવંછિત લીધુંજી. અર૦ ૧૦.

આઠ મદની સજ્ઝાય.

મદ આઠ મહામુનિ વારીએ, જે દુર્ગતિના દાતારો રે;
શ્રી વીર જિણેસર ઉપદિશે, ભાખે સોહમ ગણધારો રે. મદ૦ ૧.

હાંજી જાતિનો મદ પહેલો કહ્યો, પૂર્વે હરિકેશીએ કીધો રે;
જઈ ચંડાળ તણે કુળ ઉપન્યો, તપથી સવિ કારજ સીધો રે. મદ૦ ૨.

હાંજી કુળમદ બીજો દાખીયો, મરિચી ભવે કીધો પ્રાણી રે;
કોડાકોડી સાગર ભવમાં ભમ્યો, મદ મ કરો ઈમ મન જાણી રે. મદ૦ ૩.

હાંજી બળમદથી દુઃખ પામી, [1]શ્રેણિક વસુભૂતિ જીવો રે;
જઈ ભોગવ્યા દુઃખ નરકતણાં, મુખ પાડંતા નિત્ય [2]રીવો રે. મદ૦ ૪.

હાંજી સનતકુમાર નરેસરુ, સુર આગળ રૂપ વખાણ્યું રે;
રોમ રોમ કાયા બગડી ગઈ, મદ ચોથાનું એ ટાણું રે. મદ૦ ૫.

હાંજી મુનિવર સંજમ પાળતાં, તપનો મદ મનમાં આયો રે;
થયા કૂરગડુ ઋષિરાજીયા, પામ્યા તપનો અંતરાયો રે. મદ૦ ૬.

હાંજી દેશ દશારણનો ધણી, રાય દશારણભદ્ર અભિમાની રે;
ઈન્દ્રની ઋદ્ધિ દેખી બુઝીયો, સંસાર તજી થયો જ્ઞાની રે. મદ૦ ૭.

હાંજી સ્થૂલભદ્રે વિદ્યાનો કર્યો, મદ સાતમો જે દુઃખદાઈ રે;
શ્રુત પૂરણ અર્થ નવિ પામીયા, [3]જુઓ માનતણી અધિકાઈ રે. મદ૦ ૮.

હાંજી રાય સુભૂમ ષટ ખંડનો ધણી, લોભનો મદ કીધો અપાર રે;
હયગય રથ સવિ સાયર ગળ્યું, ગયો સાતમી નરક મોઝાર રે. મદ૦ ૯.

---

૧. શ્રેણિક રાજાનો જીવ. ૨. રાડો (કરૂણા જનક). ૩. સ્વોત્કાર્ય-આપબડાઈ કર્યાનાં ફળ જુઓ.

એમ તન ધન જોબન રાજનો, મ ધરો મનમાં અહંકારો રે;
એહ અથિર અસત્ય સવિ કારમું, ક્ષણમાં વિણસે બહુવારો રે. મદ૦ ૧૦.

મદ આઠ નિવારો વ્રતધારી, પાળો સંજમ સુખકારી રે;
કહે **માનવિજય** તે પામશે, અવિચળ પદવી નરનારી રે. મદ૦ ૧૧.

શિખામણની સજ્ઝાય

જીવ વારૂં છું મોરા વાલમા, પરનારીથી પ્રીત મ જોડ;
પરનારીની સંગત નહીં ભલી, તારા કુલમાં લાગશે ખોડ. જીવ૦ ૧.

જીવ આ સંસાર છે કારમો[1], દીસે છે આળ પંપાળ;
જીવ એહવું જાણી ચેતજે, આગળ માછીડે નાંખી છે જાળ. જીવ૦ ૨.

જીવ માતાપિતા ભાઈબેનડી, સહુ કુટુંબ તણો પરિવાર;
જીવ વહેતી વારે સહુ સગું, પછી લાંબા કીધા જુહાર. જીવ૦ ૩.

જીવ ડહેલી લગે સગી અંગના[2], શેરી લગે સગી માય;
જીવ સીમ લગે સાજન ભલો, પછી હંસ એકીલો જાય. જીવ૦ ૪.

જીવ જાતાં થકાં નવી જાણીયું, નવી જાણ્યો વાર કુવાર;
જીવ ગાડું ભરીયું ઈંધણે, વળી ખોખરી હાંડલી સાર. જીવ૦ ૫.

જીવ આઠમ પાખી નવ ઓળખી, જીવ બહુલાં કીધાં પાપ;
જીવ **સુમતિવિજય**મુનિ એમ ભણે, જીવ આવાગમન નિવાર. જીવ૦ ૬.

આપસ્વભાવની સજ્ઝાય

આપ સ્વભાવમાં રે, અવધુ સદા મગનમેં રહેના;
જગત જીવ હે કર્માધીના [3]અચિરજ કછુઅ ન લીના. આપ૦ ૧.

તુમ નહી કેરા કોઈ નહીં તેરા કયા કરે મેરા મેરા;
તેરા હે સો તેરી પાસે, અવર સબ અનેરા. આપ૦ ૨.

વપુ[4] વિનાસી તું અવિનાશી, અબ હે ઈનકા વિલાસી;
વપુ[5] સંગો જબ દૂર નિકાસી, તબ તુમ શિવકા વાસી આપ૦ ૩.

---

૧. ખોટો-અસાર. ૨. સ્ત્રી. ૩. કર્મ વશ પડેલા. ૪. શરીર. ૫. શરીરની મમતાને જ્યારે સર્વથા ટાળે-દૂર કરે.

રાગ ને રીસા દોય ખવીસા, એ તુમ દુઃખકા દીસા;
જબ તુમ ઈનકું દૂર કરીસા, તબ તુમ જગકા ઈસા[૧]. આપ૦ ૪.

પરકી આશા સદા નિરાશા, એ હે જગજન પાસા;
તે કાટનકું કરો અભ્યાસા, લહો સદા સુખવાસા. આપ૦ ૫.

કબહીક કાજી કબહીક પાજી, કબહીક હુવા અપભ્રાજી[૨];
કબહીક જગમેં કીર્તિ ગાજી, સબ પુદ્‌ગલકી બાજી. આપ૦ ૬.

શુદ્ધ ઉપયોગ ને સમતા ધારી, જ્ઞાન ધ્યાન મનોહારી;
કર્મ કલંકકું દૂર નિવારી, જીવ વરે શિવ નારી આપ૦ ૭.

શ્રી પ્રદેશી રાજાની સજ્ઝાય

શ્રી શંખેશ્વર પ્રણમું પાસ, પ્રગટ પ્રભાવી પૂરે આશ;
સાધુશિરોમણિ કેશિકુમાર, મહામુનિવર મોટો ગણધાર. ૧.

[૩]સેતંબી નગરી સમોસરે, પ્રશ્ન દશ પરદેશી કરે;
સાંભળો સુર નરગ સંદેહ, પિતા અધરમી માહરો જેહ. ૨.

પાપ કરી નરગે તે ગયો, પાછો મુજ આવી નહિ કહ્યો;
કેશી કહે નગરમંડાણ, સૂરિકંતા નારિ સુજાણ. ૩.

સેવંતી દીઠી વ્યભિચાર, તું કાં ન દીએ જાવા જાર;
તિમ તેહને ન દીએ આવવા, પરમાધામી નરગે એહવા. ૪.

વળી નૃપ કહે નથી સુરલોક, માતા માહરી ધરમીસલોક;
ગઈ સરગે આવી નવિ કહ્યું, પુણ્યથકી ફલ એમ એ લહ્યું. ૫.

ગુરુ કહે જાય તું મજ્જન કરી, [૪]દેવકુલે શુચિ વસ્ત્ર ધરી;
[૫]કોઈક શ્વપચ તેડે નવિ જાય, તિમ સુર નાવે સુખ મહિમાય. ૬.

---

૧ નાયક-પરમેશ્વર ૨ નિર્ભર્ત્સના લાયક ૩ શ્વેતાંબિકા. ૪.(સ્નાન કરી) સારાં વસ્ત્રો પહેરીને દેવમંદિરે (જાય). ૫. તે વખતે કોઈ ચંડાળ તને તેડવા આવે તો તું જેમ ન જાય.

વલી સંશય મુજ જીવ સુરંગ, ચોર ગ્રહી અથ કોઠી અભંગ;
ઘાલી જોયો નવિ દીઠો જીવ, કિહાં ગયો ગુરુ કહે સુણ પારથીવ[1] ૭.
[2]ભૂમિગૃહ પેસી કોઇ ઢોલ, [3]તાડે શબ્દ સુણાય અતોલ;
કુણ મારગે તે શબ્દ નીકળ્યો, તિમ જીવ વાનુસમો અટકળ્યો. ૮.
વળી કહે તિહાં કીડા ઊપન્યા, જીવ કયે મારગ[4] નિપન્યા;
ગુરુ કહે લોહખંડ તપાવ્યો, અગનિ કયે છિદ્ર માંહે ઠવ્યો. ૯.
વહ્નિ જીમ પઇઠો લોહમાંહિ, તિમ જીવ ઉપન્યા કોઠીમાંહિ;
વળી ભૂપતિ કહે વૃદ્ધ યુવાન, નાખે બાણ ધરી એક તાન. ૧૦.
એક આસણ એક દૂરે જાય, સરિખો જીવ તો અંતર કાંય;
જીવ પદારથ ઈમ નહીં મહી, ગુરુ કહે સુણ રાજન્ ગહગહી. ૧૧.
તનુ ઉપગરણ સવિ જીુનાં થયા, સરિખા જીવ પણ કરમે ગ્રહ્યા;
વળી કહે એક દીન ચોર ઝાલીઓ, શૂલારોપ કરી ઊતારિઓ. ૧૨.
હિંસી તોલ્યો સરિખો થયો, જીવ અજીવ અધિકો નવિ લહ્યો;
ગુરુ કહે દડો વાયે ભર્યો, ઠાલો તોલ્યો સમ ઉતર્યો.૧૩.
તિમ એ જીવ ગુરુ લઘુ નવિ હોય, વળી રાજા જંપે ગુરુ જોય;
ચોર ગ્રહી જોયો વધ કરી, ખડોખંડ કરી ફિરી ફિરી. ૧૪.
નવિ લાધ્યો તે જીવ સુજાણ, કર્યો નિશ્ચય મેં જીવ અઠાણ;
ગણધર કહે અરણી પાષાણ, અગ્નિમાંહી અછે નૃપ જાણ. ૧૫.
નવિ દિસે તે બાહિર મહીં, જીવ અછે પણ દીસે નહી;
જંપે ભૂપતિ ઘટ પટ થંભ, દીસે છે પણ જીવ અચંભ. ૧૬.
કાં નજર નાવે રે જીવ, તેણે મુજ મન સંશય અતીવ;
આચારજ કહે સાંભળ ભૂપ, તરુ હાલે છે વાયુ સરૂપ. ૧૭.
તરુ દીસે નવિ દીસે વાય, એહ સરૂપી જીવ કહેવાય;
કહે નરપતિ કુંજર કુંથુઆ, સરીખા જીવ તો કાં જીુજીુઆ. ૧૮.

---

૧. હે રાજા તું સાંભળ. ૨. ભોંયરામાં. ૩. વગાડે. ૪. કયે માર્ગે.

એક મોટો એક લઘુતર હોય, એ સંશય મુજ હઈડે જોય;
ગણધર કહે દીવો ગ્રહમાંહિ, અજુવાળું કરે સઘળે ત્યાંહિ. ૧૯.
કુંડક મહેલ્યો તવ તિહાં, અજુવાળું વ્યાપે વળી જીહાં;
તિમ એ જીવ તનુ વ્યાપી રહ્યો, ગુરુલઘુ કાયાએ તિમ લહ્યો. ૨૦.
દસમું પ્રશ્ન પૂછે નૃપ વલી, સાંભળો ગણનાયક મન રુલી;
પેઢીગત કિમ મુકું ધર્મ, હોએ લાજ મુઝ લાગે શર્મ. ૨૧.
ગુરુ કહે વ્યાપારી જીમ કોય, વ્યાપારે પોહોંચે તું જોય;
લોહખાણી દેખી તે ભરે, વળી તિહાંથી આઘા સંચરે. ૨૨.
ત્રાંબુ દેખી છંડી લોહ, એક ન છંડે આણી મોહ;
રૂપુ હેમ રયણ ઈમ લીએ, એક ન છંડે લોહું લીએ. ૨૩.
ઘરે આવ્યા તે લીલા કરે, લોહગ્રાહક તે દુઃખીઓ ફરે;
તિમ કુમત છંડી આપણો, કહેણ કરો અમ જીમ સુખ ઘણો. ૨૪.
તેહ વચન નિજ હઈડે ધરે, ગુરુ વંદી ચરણ અણુસરે;
સામી તે મુઝ તાર્યો આજ, બેસાર્યો શિવપુરને રાજ. ૨૫.
બાર વ્રત ગુરુ કને ઉચરી, શુદ્ધ શ્રાવકના વ્રત આદરી;
પહેલે દેવલોકે થયો દેવ, સૂર્યાભ નામ કરે સુરસેવ. ૨૬.
અવધિ કરી જોઈ જિનસંગ, બત્રીસબદ્ધ નાટક ઉછરંગ;
કરી વીરજિન વંદી જાય, ગૌતમ પૂછે પ્રણની પાય. ૨૭.
સામી એ કુણ કિમ પામી ઋદ્ધિ, સકલ વાત કહી સુપ્રસિદ્ધિ;
એક ભવાંતર મુગતિ જશે, અવિચલ સુખ પૂરા પામશે. ૨૮.
રાયપસેણીમાંહિ અધિકાર, જોઈ કીધો એહ વિચાર;
અધિકું ઓછું જે અહીં હોય, પંડિત જન શુદ્ધ કરજો સોય. ૨૯.
ગુરુનામે લહીએ ગહગટ્ટ, ગુરુનામે લઈએ શિવવટ્ટ;
એહવા ગુરુની સેવા મિલે, તો મનવંછિત આશા ફલે. ૩૦.
સંવત સત્તર પણવીસો સાર, આસાઢ સુદિ તેરસ રવિવાર;
શ્રીજયવિજયપંડિત-સુપસાય, **મેરુવિજય** રંગે ગુણગાય. ૩૧.

શ્રી સ્થાપના કુલક સજઝાય

પૂરવ નવમાંથી ઉદ્ધરી, જિમ ભાખે શ્રી ભદ્રબાહુ[1] રે;
સ્થાપના કલ્પ[2] અમે કહું, તિમ સાંભળજો સહુ સાહુ રે. ૧.
પરમગુરુ વયણે મન દીજે, તો સુરતરુ ફળ લીજે. એ ટેક૦

લાલ વરણ જે થાપના, માંહે રેખા શ્યામ તે જોય રે;
આયુ જ્ઞાન બહુ સુખ દીએ, તે તો નીલકંઠ[3] સમ હોય રે. ૨.

પીત વરણ જે થાપના, માંહે દીસે બિંદુ શ્વેત રે;
તેહ પખાલી પાઈએ, સવી રોગ વિલયનો હેત રે. ૩.

શ્વેત વરણ જે થાપના, માહે પીત બિંદુ તસ હોય રે;
નયન રોગ છાંટે ટળે, પીતાં ટળે શૂલ શરીર રે. ૪.

નીલ વરણ જે થાપના, માંહી પીત બિંદુ તે સાર રે;
તે પખાલી પાઈએ, હોય અહિ[4] વિષનો ઉતાર રે. ૫.

ટાલે વિશૂચિકા રોગ જે, ધૃત લાભ દીએ [5]ધૃતવન્ન રે;
રક્ત વર્ણ પાસે રહ્યો, મોહે માનિની કેરાં મન્ન રે. ૬.

શુદ્ધ શ્વેત જે સ્થાપના, માંહે દીસે રાતી રેખ રે;
ડંકથકી વિષ ઉતરે, વળી સિઝે કાર્ય અશેષ રે. ૭.

અર્ધ રક્ત જે થાપના, વળી અર્ધ પીત પરિપુષ્ઠ રે;
તેહ પખાળી છાંટીએ, હરે અક્ષિ[6] રોગને દુષ્ટ રે. ૮.

જંબુવર્ણ જે થાપના, માંહે સર્વ વર્ણનાં બિંદુ રે;
સર્વ સિદ્ધિ તેહની હોયે, મોહે નરનારીના વૃંદ રે. ૯.

---

૧ ચૌદ પૂર્વધર યુગપ્રધાન શ્રીમાન યશોભદ્રસૂરીશ્વરજીના પટ્ટધર શિષ્યરત્ન. ૨ સ્થાપનાચાર્ય તરીકે જે અક્ષ (ગોળ શંખ-દક્ષિણાવર્ત) રાખવા ફરમાવેલ છે તેના ગુણનું જેમાં પ્રતિપાદન કરવામાં આવે છે તે ગ્રંથ. ૩. મહાદેવ સદૃશ. ૪. સર્પ. ૫. ઘી વર્ણા સ્થાપના. ૬. નેત્ર.

જાતિ પુષ્પ સમ થાપના, સુતવંશ વધારે તેહ રે;
મોરપિચ્છ સમ થાપના, વંછિત દીએ ન સંદેહ રે. ૧૦.

સિદ્ધિ કરે ભય અપહરે, [1]પારદ સમબિંદુ તે શ્યામ રે;
મષક સમ જે સ્થાપના, ટાળે અહિ વિષ ઠામ રે. ૧૧.

એક આવર્તે સુખ દીએ, બેહુ આવર્તે ભંગ રે;
ત્રિહું આવર્તે માન દે, ચિહું આવર્તે નહિ રંગ રે. ૧૨.

પંચ આવર્તે ભય હરે, છ આવર્તે દીએ રોગ રે;
સાત આવર્તે સુખ કરે, વળી ટાલે સઘળા રોગ રે. ૧૩.

[2]વિષમાવર્તે સુખ ફળ ભલું, [3]સમ આવર્તે ફળ હીન રે;
ધર્મ નાશ હોય તેહથી, એમ ભાખે તત્ત્વ પ્રવીણ રે. ૧૪.

જેહ વસ્તુમાં થાપિયે, દક્ષિણ આવર્તે તેહ રે;
તે અખૂટ સઘળું હોય, કહે **વાચક યશ** ગુણગેહ રે. ૧૫.

પક્ખિ પ્રતિક્રમણની વિધિ

પ્રથમ દેવસિક પ્રતિક્રમણમાં વંદિત્તુ કહી રહિયે ત્યાં સુધી સર્વ કહેવું; પણ ચૈત્યવંદન સકલાર્હત્નું કહેવું અને થોયો સ્નાતસ્યાની કહેવી. પછી ખમાસમણ દઈને 'દેવસિઅ આલોઈઅ પડિક્કંતા ઈચ્છાકારેણ સંદિસહ ભગવન્ ! પક્ખિમુહપત્તિ પડિલેહું ? ઈચ્છં' એમ કહી મુહપત્તિ પડિલેહવી, પછી વાંદણાં બે દેવાં. પછી ઈચ્છાકારેણ૦ સંદિ૦ ભગ૦ અબ્ભુટ્ઠિઓહં સંબુદ્ધાખામણેણં અબ્ભિંતર પક્ખિઅં ખામેઉં ? ઈચ્છં ખામેમિ પક્ખિઅં, [4]પનરસ દિવસાણં પનરસ રાઈઆણં, જંકિંચિ અપત્તિયં૦ કહી, ઈચ્છાકારેણ સં૦ ભગ૦ પક્ખિઅં આલોઉં ?

---

૧. પારો. ૨. એકી એટલે ૧-૩-૫-૭- વગેરે. ૩. બેકી એટલે ૨-૪-૬-વગેરે. ૪. એક પક્ખાણં (અંતોપક્ખસ્સ) પન્નરસરાઈદિઆણં.

ઇચ્છં આલોએમિ જો મે પક્ખિઓ અઇઆરો કઓ૦ કહી "ઇચ્છાકારેણ સંદિ૦ ભ૦ પક્ખિ અતિચાર આલોઉં ? ઇચ્છં" એમ કહી અતિચાર કહિયે પછી "એવંકારે શ્રાવકતણે ધર્મે શ્રી સમકિતમૂલ બાર વ્રત એકસો ચોવીશ અતિચાર માંહે અનેરો જે કોઈ અતિચાર પક્ષ દિવસમાંહિ સૂક્ષ્મ બાદર જાણતાં અજાણતાં હુઓ હોય, તે સવિ હુ મને વચને કાયાએ કરી મિચ્છા મિ દુક્કડં" કહી સવ્વસ્સવિ પક્ખિઅ દુચ્ચિંતિઅ, દુબ્ભાસિઅ, દુચ્ચિટ્ઠિઅ, ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્ [1]ઇચ્છં તસ્સ મિચ્છા મિ દુક્કડં" કહી ઇચ્છકારી ભગવન્ પસાય કરી પક્ખિતપ પ્રસાદ કરોજી એમ ઉચ્ચાર કરીને આવી રીતે કહીયે; "ચઉત્થેણં, એક ઉપવાસ, બે આયંબિલ, ત્રણ નીવિ, ચાર એકાસણાં, આઠ બેઆસણાં, બે હજાર સજઝાય, યથાશક્તિ તપ કરી પહોંચાડવો." પછી [2]પ્રવેશ કર્યો હોય તો, 'પઇટ્ઠિઓ કહીએ અને કરવો હોય તો 'તહત્તિ' કહીએ, તથા ન કરવો હોય તો અણબોલ્યા[3] રહીએ. પછી વાંદણા બે દેવાં. પછી 'ઇચ્છાકા૦ અબ્ભુટ્ઠિઓડહં પત્તેઅખામણેણં અબ્ભિંતરપક્ખિઅં ખામેઉં ? ઇચ્છં ખામેમિ પક્ખિઅં, [4]પનરસ દિવસાણં પનરસ રાઇઆણં જંકિંચિ અપત્તિયં૦ કહી સકલ સંઘને 'મિચ્છા મિ દુક્કડં' કહી વાંદણા બે દેવાં. પછી દેવસિઅ આલોઇઅ પડિક્કંતા ઇચ્છાકા૦ સંદિ૦ ભગવન્ પક્ખિઅં [5]પડિક્કમું સમ્મં પડિક્કમામિ ઇચ્છં એમ કહી કરેમિ ભંતે સામાઇયં૦ કહી. ઇચ્છામિ પડિક્કમિઉં જો મે પક્ખિઓ૦ કહેવું. પછી ખમાસમણ દઈ ઇચ્છાકારેણ સંદિ૦

---

૧. ગુરુ પડિક્કમેહ કહે પછી. ૨. તપ. ૩. યથાશક્તિ કેટલાક બોલે છે. ૪. એક પક્ખાણં પનરસ દિવસાણં પનરસરાઈઆણં. ૫. પક્ખિઅં પડિક્કમાવેહ ! ગુરુ કહે સમ્મં પડિક્કમેહ, શિષ્ય કહે 'ઇચ્છં' સમ્મં પડિક્કમામિ.

પક્ખિસૂત્ર કહું ? એમ કહી નવકાર ગણીને સાધુ હોય તો પક્ખિસૂત્ર કહે અને સાધુ ન હોય તો ત્રણ નવકાર ગણીને શ્રાવક વંદિત્તુ કહે પછી સુઅદેવયાની થોય કહેવી, પછી નીચે બેસી જમણો ઢીંચણ ઉભો રાખી, એક નવકાર ગણી, કરેમિ ભંતે૦ ઇચ્છામિ પડિ૦ કહી વંદિત્તુ કહેવું. પછી કરેમિભંતે૦ ઇચ્છામિ ઠામિ કાઉસ્સગ્ગં જો મે પક્ખિઓ૦ તસ્સ ઉત્તરી૦ અન્નત્થ૦ કહીને બાર લોગસ્સનો કાઉસ્સગ્ગ ચંદેસુ નિમ્મલયરા સુધી કરવો, અથવા અડતાળીશ નવકારનો કાઉસ્સગ્ગ કરી પારીને પ્રકટ લોગસ્સ કહી. મુહપત્તિ પડિલેહીને વાંદણા બે દેવાં પછી 'ઇચ્છાકા૦ અબ્ભુટ્ઠિઓહં સમત્તખામણેણં અબ્ભિંતર પક્ખિઅં ખામેઉં ?

ઇચ્છં ખામેમિ પક્ખિઅં, એક પક્ખાણં પનરસ રાઇઆણં પનરસ દિવસાણં જંકિંચિ અપત્તિઅં૦ કહી પછી ખમાસમણ દઈને ઇચ્છાકા૦ પક્ખિ ખામણાં ખામું ? એમ કહી ખામણાં ચાર ખામવાં, પછી દેવસિય પ્રતિક્રમણમાં વંદિત્તુ કહ્યા પછી બે વાંદણાં દઈએ ત્યાંથી તે સામાયિક પારીએ ત્યાં સુધી સર્વ દેવસિયની પેઠે જાણવું, પણ સુઅદેવયાની થોયોને ઠેકાણે જ્ઞાનાદિ૦ની થોયો કહેવી, સ્તવન અજિતશાંતિનું કહેવું, સજ્ઝાયને ઠેકાણે ઉવસગ્ગહરં તથા સંસારદાવાની થોયો ચાર કહેવી અને લઘુશાંતિને ઠેકાણે મ્હોટી શાન્તિ કહેવી.

ઇતિ પક્ખિ પ્રતિક્રમણ વિધિ

ચઉમાસી પ્રતિક્રમણની વિધિ

એમાં ઉપર કહ્યા મુજબ પક્ખિની વિધિ પ્રમાણે કરવું પણ એટલું વિશેષ જે બાર લોગસ્સના કાઉસ્સગ્ગને ઠેકાણે વીશ લોગસ્સનો કાઉસ્સગ્ગ કરવો અને પક્ખિ શબ્દને ઠેકાણે ચઉમાસી

શબ્દ કહેવો તથા તપને ઠેકાણે "છટ્ઠેણં, બે ઉપવાસ, ચાર આયંબિલ, છ નીવિ, આઠ એકાસણાં, સોળ બેઆસણાં, ચાર હજાર સજ્ઝાય૦" એ રીતે કહેવું.

*

સંવચ્છરી પ્રતિક્રમણની વિધિ

એમાં ઉપર લખ્યા મુજબ પક્ખિની વિધિ પ્રમાણે કરવું પણ એટલું વિશેષ જે બાર લોગસ્સના કાઉસ્સગ્ગને ઠેકાણે ચાલીશ લોગસ્સ અને એક નવકાર અથવા એકસો ને સાઈઠ નવકારનો કાઉસ્સગ્ગ કરવો અને તપને ઠેકાણે "અટ્ઠમભત્તેણં, ત્રણ ઉપવાસ, છ આયંબિલ, નવ નીવિ, બાર એકાસણાં, ચોવીશ બેઆસણાં અને છ હજાર સજ્ઝાય૦" એ રીતે કહેવું અને પક્ખિ શબ્દને ઠેકાણે સંવચ્છરી શબ્દ કહેવો.

ઈતિ સંવચ્છરી પ્રતિક્રમણ વિધિ

*

*પોસહ લેવાની વિધિ

પ્રથમ ખમાસમણ દઈ, પ્રકટ લોગસ્સ કહેવા પર્યંત ઈરિયાવહી પડિક્કમી, "ઈચ્છાકારેણ સંદિસહ ભગવન્ ! પોસહ મુહપત્તિ પડિલેહું ?" એમ બોલી, ગુરુ આદેશ આપે એટલે "ઈચ્છં" કહીને મુહપત્તિ પડિલેહવી, પછી ખમા૦ "ઈચ્છા૦ પોસહ સંદિસાહું ? ઈચ્છં" ખમા૦ "ઈચ્છા૦ પોસહ ઠાઉં ?" પછી 'ઈચ્છં' કહી બે હાથ જોડી નવકાર ગણી "ઈચ્છકારી

---

* ધર્મની પુષ્ટિને જે ધારણ કરે તેને "પૌષધ" કહીએ. શ્રાવકના બાર વ્રતમાં એ અગ્યારમું વ્રત છે. અષ્ટમી ચતુર્દશી વગેરે પર્વ તિથિને દિવસે ચાર પહોરનો અથવા આઠ પહોરનો કરવામાં આવે છે. તે પૌષધના

ભગવન્ પસાય કરી પોસહદંડક ઉચ્ચરાવોજી'' કહેવું એટલે ગુરૂ પોસહની કરેમિ ભંતે ઉચ્ચરાવે.+

પછી ખમાસમણ દઈ "ઈચ્છા૦ સામાયિક મુહપત્તિ પડિલેહું ? ઈચ્છં'' કહી મુહપત્તિ પડિલેહીને, ખમા૦ "ઈચ્છા૦ સામાયિક સંદિસાહું ?'' ઈચ્છં, કહી ખમા૦ "ઈચ્છા૦ સંદિ૦

મુખ્ય ચાર ભેદ છે, (૧) આહાર પોસહ-ઉપવાસ વગેરે તપ કરવો તે.(૨) શરીર સત્કાર પોસહ-શરીરની સ્નાન-વિલેપનાદિ વડે વિભૂષા-સત્કાર ન કરવો તે. (૩) બ્રહ્મચર્ય પોસહ-શિયળ પાળવું તે. અને (૪) અવ્યાપાર પોસહ-સાવદ્ય વ્યાપાર સર્વનો ત્યાગ કરવો તે. આ ચારે પ્રકારના પોસહના દેશથી અને સર્વથી એમ બે બે ભેદ થતાં મુખ્ય આઠ ભેદ થાય છે અને સંયોગી ભેદ ૮૦ થાય છે. પરંતુ પૂર્વાચાર્યની પરંપરાએ હાલમાં માત્ર આહાર પોસહ જ દેશથી અને સર્વથી કરવામાં આવે છે. બાકીના ત્રણ પ્રકારના પોસહ તો સર્વથી જ થઈ શકે છે. આહાર પોસહમાં ચૌવિહાર ઉપવાસ કરવો તે સર્વથી અને તિવિહાર ઉપવાસ આયંબિલ, નીવિ અને એકાસણું કરવું તે દેશથી સમજવો. માત્ર રાત્રિના ચાર પહોરનો પોસહ કરનારે પણ દિવસે એમાંનું કાંઈપણ વ્રત કરેલું હોવું જોઈએ, એવો નિયમ છે.

+ પોસહમાં ૧૮ દોષ ટાળવા તેનાં નામ.

૧. પોસહમાં વ્રત વિનાના બીજા શ્રાવકનું પાણી ન પીવું.
૨. પોસહ નિમિત્તે સરસ આહાર લેવો નહિ.
૩. ઉત્તરપારણાને દિવસે વિવિધ પ્રકારની સામગ્રી મેળવવી નહિ.
૪. પોસહમાં અથવા પોસહ નિમિત્તે આગલે દિવસે દેહવિભૂષા કરવી નહિ.
૫. પોસહ નિમિત્તે વસ્ત્ર ધોવરાવવાં નહિ.
૬. પોસહ નિમિત્તે આભૂષણ ઘડાવવાં નહિ અને પોસહમાં આભૂષણ પહેરવાં નહિ.
૭. પોસહ નિમિત્તે વસ્ત્ર રંગાવવાં નહિ.
૮. પોસહમાં શરીર ઉપરથી મેલ ઉતારવો નહિ.

ભગ૦ સામાયિક ઠાઉં ?" 'ઈચ્છં', કહી બે હાથ જોડી નવકાર ગણી, "ઈચ્છકારી ભગવન્ પસાય કરી સામાયિક દંડક ઉચ્ચરાવોજી" કહેવું, ગુરુ 'કરેમિ ભંતે સામાઈયં'નો પાઠ કહે. પછી ખમા૦ ઈચ્છા૦ "બેસણે સંદિસાહું ?" ઈચ્છં ખમા૦ ઈચ્છા૦ "બેસણે ઠાઉં ?" ઈચ્છં૦ ખમા૦ ઈચ્છા૦ "સજ્ઝાય સંદિસાહું ?" 'ઈચ્છં૦' ખમા૦ ઈચ્છા૦ "સજ્ઝાય કરું૦ ?" "ઈચ્છં૦" કહી, ત્રણ નવકાર ગણવા. પછી ખમા૦ ઈચ્છા૦ "બહુવેલ સંદિસાહું ?" 'ઈચ્છં' ખમા૦ ઈચ્છા૦ "બહુવેલ કરશું" 'ઈચ્છં,' ખમા૦ ઈચ્છા૦ "પડિલેહણ કરું ?" 'ઈચ્છં' કહીને મુહપત્તિ વગેરે પાંચ વાનાં પડિલેહવાં, પોસહ લીધા અગાઉ ઘરે અથવા ઉપાશ્રયે પડિલેહણ કરી હોય તેણે અહિં તેમજ ઉપધિ સંબંધિ આદેશ વખતે માત્ર મુહપત્તિ જ પડિલેહવી (મુહપત્તિ ૫૦ બોલથી, ચરવળો ૧૦ બોલથી, કટાસણ ૨૫ બોલથી, સુતરનો કંદોરો ૧૦ બોલથી અને ધોતિયું ૨૫ બોલથી પડિલેહવું)

---

૯. પોસહમાં અકાળે શયન કરવું નહિ, નિદ્રા લેવી નહિ. (રાત્રિને બીજે પ્રહરે સંથારાપોરિસી ભણાવીને નિદ્રા લેવી.)
૧૦. પોસહમાં સારી કે નઠારી સ્ત્રી સંબંધી કથા કરવી નહિ.
૧૧. પોસહમાં આહારને સારો-નઠારો કહેવો નહિ.
૧૨. પોસહમાં સારી કે નઠારી રાજકથા કે યુદ્ધકથા કરવી નહિ.
૧૩. પોસહમાં દેશકથા કરવી નહિ.
૧૪. પોસહમાં પુંજ્યા-પડિલેહ્યા વિના લઘુનીતિ-વડીનીતિ પરઠવવી નહીં.
૧૫. પોસહમાં કોઈની નિંદા કરવી નહિ.
૧૬. પોસહમાં (વગર પોસાતી) માતા, પિતા, પુત્ર, ભાઈ, સ્ત્રી વગેરે સંબંધીઓ સાથે વાર્તાલાપ કરવો નહિ.
૧૭. પોસહમાં ચોર સંબંધી વાર્તા કરવી નહિ.
૧૮. પોસહમાં સ્ત્રીનાં અંગોપાંગ નિરખીને જોવાં નહિ આ અઢાર દોષ જરૂર ટાળવા.

પછી ખમાસમણ દઈ "ઈચ્છકારી ભગવન્ પસાય કરી પડિલેહણા પડિલેહાવોજી" એમ કહી વડિલ (બ્રહ્મચર્ય વ્રતધારી)નું અણપડિલેહ્યું એક વસ્ત્ર (ઉત્તરાસન) પડલેહવું પછી ખમા૦ ઈચ્છા૦ ઉપધિ મુહપત્તિ પડિલેહું ?" 'ઈચ્છં' કહી મુહપત્તિ પડિલેહવી. પછી ખમા૦ 'ઈચ્છા૦ ઉપધિ સંદિસાહું ?' ઈચ્છં કહી ખમા૦ ઈચ્છા૦ "ઉપધિ પડિલેહું ?" કહીને પૂર્વે પડિલેહતાં બાકી રહેલ ઉત્તરાસણ, માત્રું કરવા જવાનું વસ્ત્ર અને રાત્રિ પોસહ કરવો હોય તો કામળી વગરે ૨૫-૨૫ બોલથી પડિલેહવાં. પછી એક જણે ડંડાસણ જાચી લેવું. તેને પડિલેહી, ઈરિયાવહી પડિક્કમીને કાજો લેવો. કાજો શુદ્ધ કરીને એટલે તપાસીને ત્યાં જ સ્થાપનાચાર્યની સન્મુખ ઉભા રહીને ઈરિયાવહી પડિક્કમવા. પછી કાજો ઉદ્ધરી યથાયોગ્ય સ્થાનકે अणुजाणहं जस्सुग्गहो કહીને પરઠવવો. પરઠવ્યા પછી ત્રણ વાર વોસિરે કહેવું. પછી મૂળ સ્થાનકે આવીને સૌ સાથે દેવ વાંદવા અને સજ્ઝાય કરવી.

*પડિલેહણની વિધિ

પ્રથમ ઈરિયાવહી પડિક્કમીને ખમાસમણ દઈ 'ઈચ્છા૦ પડિલેહણ કરૂં ? ઈચ્છં' કહી; ઉભડક પગે બેસી મુહપત્તિ, ચરવળો, કટાસણું તથા સઘળાં વસ્ત્રની એક સાથે પૂર્વે કહ્યા તેટલા

---

* પોસહ કરવાને ઈચ્છનારે પ્રભાતમાં વહેલાં ઊઠીને રાઈ પડિક્કમણ જરૂર કરવું જોઈએ. વિધિના જાણ શ્રાવકો તો પડિલેહણ અને દેવવંદન પણ સાથે જ કરે છે. ત્યારપછી જિનમંદિરની જોગવાઈ હોય તો જિનપૂજા કરીને પછી ઉપાશ્રયે આવી ગુરુ સમક્ષ પોસહ ઉચ્ચરવો હાલમાં આ પ્રમાણે પ્રવૃત્તિ છે પરંતુ મુખ્ય વૃત્તિએ રાઈપડિક્કમણની સાથે જ, પ્રતિક્રમણ કરી, સામાયિક પાર્યા સિવાય પોસહ ઉચ્ચરવો અને તેમાં પડિલેહણના આદેશ વખતે જ પડિલેહણ કરવી અને દેવ વાંદવા અને સજ્ઝાય કરવી, પ્રતિક્રમણ સાથે પડિલેહણ ન કરનારે આ પ્રમાણે વિધિ કરવી.

બોલથી પડિલેહણ કરવી. પછી ડંડાસણ લઈ, [1]પડિલેહા કાજો લઈ શુદ્ધ કરી, ત્યાં જ ઇરિયાવહી પડિક્કમીને "અણુજાણહ જસ્સુગ્ગહો" કહી પરઠવવો. અને ત્યાર પછી પૂર્વોક્ત વિધિએ પોસહ લેવો; પણ તેમાં પડિલેહણ ન કરવી અને કાજો ન લેવો. છેવટે 'વિધિ કરતાં જે કાંઈ અવિધિ થઈ હોય તેનો મિચ્છા મિ દુક્કડં' લઈને દેવ વાંદવા અને સજ્ઝાય કરવી.

દેવ વાંદવાની વિધિ

પ્રથમ ખમાસમણ દઈ ઇરિયાવહી પડિક્કમી, લોગસ્સ કહી ઉત્તરાસણ નાખીને ખમા૦ ઇચ્છા૦ ચૈત્યવંદન કરું ? ઇચ્છં કહી ચૈત્યવંદન કરી નમુત્થુણં અને જયવીયરાય (આભવમખંડા સુધી) કહી ખમા૦ દઈ ચૈત્યવંદન કરી, નમુત્થુણં કહી યાવત્ ચાર થોયો કહેવી. પછી નમુત્થુણં કહીને બીજી વાર ચાર થોયો કહેવી પછી નમુત્થુણં કહી, જાવંતિ૦ ખમા૦ જાવંત૦ કહી, નમો૦ બોલી સ્તવન (ઉવસગ્ગહરં અથવા બીજું) કહેવું અને જયવીયરાય અર્ધા (આભવમખંડા સુધી) કહેવા. પછી ખમા૦ દઈ ચૈત્યવંદન કરી; નમુત્થુણં કહીને જયવીયરાય સંપૂર્ણ કહેવા ત્યારપછી વિધિ કરતાં અવિધિ થઈ હોય તેનો મિચ્છા મિ દુક્કડં દઈને પ્રભાતના દેવવંદનમાં છેવટે સજ્ઝાય કહેવી; (બપોરે અથવા સાંજે ન કહેવી) તે સજ્ઝાયને માટે એક ખમા૦ દઈ ઇચ્છા૦ સજ્ઝાય કરું ? ઇચ્છં કહી નવકાર ગણીને ઉભડક પગે બેસીને એક જણ મન્નહજિણાણંની સજ્ઝાય કહે (ત્યાર પછી નવકાર ન ગણવો.)

પોરસી ભણાવવાનો વિધિ.

હવે છ ઘડી દિવસ ચડ્યા પછી પોરસી ભણાવવી. તેની

---

૧. પોસહ લીધા અગાઉ કાજો લેનારને કાજો લીધા અગાઉ ઇરિયા૦ પડિક્કમવા નહિ.

વિધિ-પ્રથમ ખમા૦ ઈચ્છા૦ બહુપડિપુન્ના પોરિસિ ? કહી બીજું ખમા૦ દઈ ઈરિયાવહી પડિક્કમવા; પછી ખમા૦ દઈ ઈચ્છા૦ પડિલેહણ કરું ? ઈચ્છં કહી મુહપત્તિ પડિલેહવી.

રાઈ મુહપત્તિ પડિલેહણ વિધિ.

ત્યાર પછી ગુરુ હોય તેમની સમક્ષ[1] રાઈ મુહપત્તિ પડિલેહવી. તેની વિધિ આ પ્રમાણે -

પ્રથમ ખમા૦ દઈ, ઈરિયાવહી પડિક્કમી, ખમા૦ દઈ ઈચ્છા૦ રાઈ મુહપત્તિ પડિલેહું ? ઈચ્છં કહી મુહપત્તિ પડિલેહવી પછી બે વાંદણાં દેવાં; પછી ઈચ્છા૦ રાઈયં આલોઉં ? ઈચ્છં કહી તેનો પાઠ કહેવો. પછી સવ્વસ્સવિ રાઈઅ૦ કહીને પદસ્થ હોય તો તેમને બે વાંદણાં દેવાં. પદસ્થ ન હોય તો એક ખમાસમણ દેવું. પછી ઈચ્છકાર સુહરાઈ૦ કહીને **ખમાસમણ** દઈ અબ્ભુટ્ઠિઓહં ખમાવવું, પછી બે વાંદણાં દઈ 'ઈચ્છકારી ભગવન્ પસાય કરી પચ્ચક્ખાણનો આદેશ દેશોજી, એમ કહીને પચ્ચક્ખાણ કહેવું. (લેવું.).

સાંજની પડિલેહણ વિધિ.

પ્રથમ ખમા૦ દઈ ઈચ્છા૦ બહુપડિપુન્ના પોરસી કહી ખમા૦ ઈચ્છા૦ ઈરિયાવહિયં પડિક્કમામિ કહી. ઈરિયાવહી પડિક્કમવા, પછી ખમા૦ ઈચ્છા૦ ગમણાગમણે આલોઉં ? ઈચ્છં કહી ગમણાગમણે આલોવવા. પછી ખમા૦ ઈચ્છા૦ પડિલેહણ કરૂં ? ઈચ્છં કહી ખમા૦ ઈચ્છા૦ પોસહશાલા પ્રમાર્જુ ? ઈચ્છં કહીને ઉપવાસવાળાઓએ મુહપત્તિ, કટાસણું ને ચરવળો પડિલેહવા, અને જમ્યા હોય તેણે કંદોરો, ધોતીયું, સુધાં પાંચ

---

૧. આ વિધિ ગુરુ સમક્ષ રાઈ પ્રતિક્રમણ કર્યું હોય તેને કરવાની નથી. તેમ ગુરુ ન હોય ત્યારે પણ કરવાની નથી.

વાનાં પડિલેહવાં, જમ્યા હોય તેમણે ઈરિયાવહિયં પડિક્કમવા. પછી ખમા૦ દઈ "ઈચ્છકારી ભગવન્ પસાય કરી પડિલેહણા પડિલેહાવોજી" એમ કહીને વડીલનું એક વસ્ત્ર પડિલેહવું. પછી ખમા૦ ઈચ્છા૦ ઉપધિ મુહપત્તિ પડિલેહું ? ઈચ્છં કહી મુહપત્તિ પડિલેહીને ખમા૦ ઈચ્છા૦ સજ્ઝાય કરું ? ઈચ્છં કહી નવકાર ગણીને મન્હજિણાણંની સજ્ઝાય ઉભડક પગે બેસીને કહેવી પછી ખાધું હોય તો વાંદણાં દઈને પાણહારનું પચ્ચક્ખાણ કરે (ચૌવિહાર ઉપવાસવાળાઓએ તો પચ્ચક્ખાણ કરવાનું નથી પણ પ્રભાતે તિવિહાર ઉપવાસનું પચ્ચક્ખાણ લીધું હોય અને પાણી ન પીધું હોય તો આ વખતે ચૌવિહારનું પચ્ચક્ખાણ કરે) પછી ખમા૦ ઈચ્છા૦ ઉપધિ સંદિસાહું ઈચ્છં ખમા૦ ઈચ્છા૦ ઉપધિ પડિલેહું ? ઈચ્છં કહી પ્રથમ પડિલેહતાં બાકી રહેલ વસ્ત્રોની પડિલેહણા કરે. તેમાં રાત્રિ પોસહ કરનાર પ્રથમ કામળી, પડિલેહે પડિલેહણ થઈ રહે એટલે સર્વ ઉપધિ (વસ્ત્રાદિ) લઈને ઉભા થાય એટલે એક જણ ડંડાસણ લાવી, પડિલેહી, ઈરિયાવહી પડિક્કમી, કાજો લઈ શુદ્ધ કરી, ઈરિયાવહિ પડિક્કમીને વિધિયુક્ત પરઠવે, પછી સર્વ દેવ વાંદે.

*

માંડલાંની વિધિ

રાત્રે વડીનીતિ, લઘુનીતિ વગેરે પરઠવવા યોગ્ય જગ્યા જોઈ આવીને, પ્રતિલેખન નિમિત્તે નીચે પ્રમાણે માંડલાં કરવાનાં છે. તેમાં પ્રથમ સંથારા પાસેની જગ્યાએ છ માંડલા કહેવાં.

૧. [૧]आघाडे [२]आसन्ने [३]उच्चारे [४]पासवणे अणहियासे[५]

---

૧. આઘાટ કારણે. ૨. નજીકમાં. ૩. વડીનીતિ. ૪. લઘુનીતિ. ૫. સહન ન થઈ શકે તો, અહીં પ્રમાર્જના કરું છું એ દરેક ઠેકાણે સંબંધ છે.

२. आघाडे आसन्ने पासवणे अणहियासे.

३. आघाडे [1]मज्झे उच्चारे पासवणे अणहियासे,

४. आघाडे मज्झे पासवणे अणहियासे.

५. आघाडे [2]दूरे उच्चारे पासवणे अणहियासे.

६. आघाडे दूरे पासवणे अणहियासे.

બીજાં છ માંડલાં ઉપાશ્રયના બારણાની તરફ ઉપર પ્રમાણે જ કહેવાં, પણ अणहियासेને બદલે [3]अहियासे કહેવું.

ત્રીજાં છ માંડલાં ઉપાશ્રયના બારણા બહાર નજીક રહીને કરવાનાં તથા ચોથા છ ઉપાશ્રયથી સો હાથને આશરે દૂર રહીને કરવાનાં છે. બાર માંડલામાં ફકત आघाडेને બદલે [4]अणाघाडे શબ્દ કહેવો. બાકીના શબ્દો ઉપરના છ છ માંડલામાં લખ્યા પ્રમાણે જ કહેવા. એ પ્રમાણે ૨૪ માંડલાં કર્યા પછી ઈરિયાવહી પડિક્કમીને ચૈત્યવંદન કહેવાપૂર્વક પ્રતિક્રમણ કરે.

પ્રતિક્રમણના સામાન્ય હેતુઓ

(દેવસિય પ્રતિક્રમણના હેતુઓ)

પ્રથમ સામાયિક લેવું જોઈએ. "સમ" એટલે સમતા તેનો "આય" એટલે લાભ છે જેને વિષે તે "સામાયિક" કહેવાય. ધર્મનું મૂળ આજ્ઞા છે. તેથી દરેક ક્રિયા ગુરુ મહારાજની આજ્ઞાપૂર્વક તેમની સમીપે કરીએ, જેમ જિનને વિરહે જિનપ્રતિમાનું પૂજન-વંદન ફળદાયી થાય છે તેમ તેમને (ગુરુ મહારાજને) વિરહે[5] સ્થાપનાચાર્યની સમક્ષ આજ્ઞાપૂર્વક કરાતી ક્રિયાઓ સફળ થાય છે. [6]ગુરુસ્થાપના ન હોય તો (થોડા કાળ માટે) પુસ્તક અથવા

---

૧. વચ્ચે. ૨. છેટે. ૩. સહન ન થઈ શકે તો. ૪. ઘાટ કારણ ન હોય તો. ૫. નવકારથી પંચપરમેષ્ઠિની અને પંચિંદિયથી ગુરુની એમ બંને સ્થાપના એકી સાથે સ્થપાય છે, કેમકે દેવવંદન, સ્તવનાદિ વખતે પહેલી અને અન્ય સ્થાને બીજી ઉપયોગી છે. ૬. અક્ષાદિરૂપ યાવત્ કથિત સ્થાપના.

નવકારવાળીની સ્થાપના સ્થાપીએ તે સ્થાપવા માટે જમણો હાથ અવળો સ્થાપના સન્મુખ રાખીએ, આમ કરવાનું કારણ સ્થાપનામાં આચાર્યના ગુણોનું આહ્વાન કરવું તે છે. કારણ કે આહ્વાન મુદ્રાની આકૃતિ તેવી છે. પછી "નવકાર તથા પંચિંદિય"માં "નવકાર" મહામંગળરૂપ છે અને "પંચિંદિય"માં આચાર્યના છત્રીશ ગુણનું વર્ણન છે. તેનું આરોપણ સ્થાપનામાં કરવાનું છે એ હેતુ છે. પછી "ખમાસમણ" દેવું તે ગુરુના વિનય અર્થે છે.

પછી "ઈરિયાવહિયં" પ્રતિક્રમવા સંબંધી આદેશ માગવો, કેમકે આજ્ઞા એ ધર્મનું આરાધન છે, એમ આદેશ સંબંધી સર્વત્ર સમજવું, પછી "ઈરિયાવહિયં" પડિક્કમવા. તેનું કારણ એ કે-તેની અંદર પાપનું આલોચવું થાય છે. પછી "તસ્સ ઉત્તરી" કહેવું, તે ઈરિયાવહિ પડિક્કમતાં અશુદ્ધ રહેલાં એવાં પાપ (અશુદ્ધ આત્મા)ની વિશુદ્ધિને અર્થે છે. પાપની વિશુદ્ધિ થવાથી સંવર-ક્રિયાઓ વિશેષ ફળીભૂત થાય છે.

પછી શેષ પાપને ટાળવા અર્થે કાયોત્સર્ગ કરવો, તેના રક્ષણાર્થે ક્ષેત્રને વાડ હોય તેની પેઠે આગાર (છૂટ) રાખવાની જરૂર છે તે માટે "અન્નત્થ૦" કહેવો, પછી એક "લોગસ્સ"નો કાઉસ્સગ્ગ કરવો, તેનો હેતુ એ છે કે - તેથી પ્રભુના નામોનું સ્મરણ-ધ્યાન થાય છે, તે કાઉસ્સગ્ગનું માન પચ્ચીશ શ્વાસોચ્છ્‌વાસનું કહ્યું છે, તેથી "ચંદેસુ નિમ્મલયરા" સુધી પચ્ચીશ પદ થાય છે. તે એકેક પદે એકેક શ્વાસોચ્છ્‌વાસ ગણતાં ત્યાં સુધી કાઉસ્સગ્ગ કરવો જોઈએ. 'લોગસ્સ' ન આવડે તો ચાર "નવકાર" ગણવા. જો કે તેથી તો બત્રીશ શ્વાસોચ્છ્‌વાસ થાય છે; પણ "લોગસ્સ" નથી આવડતો તેથી "નવકાર"થી ન છૂટકે-અપવાદરૂપે કામ ચલાવવું પડે છે. પછી પ્રકટ "લોગસ્સ"

કહેવો. તેનું કારણ એ કે સામાયિક લેવા પૂર્વે દેવવંદન કરવું જોઈએ તે સામાન્યતઃ "લોગસ્સ"ના પાઠથી થઈ જાય છે.

પછી "ખમાસમણ" દઈ મુહપત્તિ પડિલેહવાનો આદેશ માગી મુહપત્તિ પડિલેહવી, તેનું કારણ એ છે કે -આગળ ખમાસમણપૂર્વક આદેશો માગવાના છે, તે ખમાસમણ દેતાં પાંચે અંગ (બે હાથ, બે ઢીંચણ, મસ્તક) ભેળાં થાય ત્યાં જીવહિંસાનો સંભવ છે; તેથી તેમાં કોઈ જીવ રહેલ હોય તે પડિલેહણથી દૂર થાય, પછી "ખમાસમણ" પૂર્વક "સામાયિક સંદિસાહુ" અને "સામાયિક ઠાઉં" એવા બે આદેશો માગવાના છે. પહેલાથી સામાયિક લેવા સંબંધી આદેશ (આજ્ઞા) મંગાય છે, ને બીજાથી સામાયિકમાં સ્થિર થવા સંબંધી આદેશ મંગાય છે, પછી એક "નવકાર" ગણી ગુરુ પાસે સામાયિક દંડક ઉચ્ચરાવવા સંબંધી પ્રાર્થના કરવામાં આવે છે, અત્રે ગુરુ ન હોય તો સામાયિક લીધેલ કે લેતા જ્ઞાનવૃદ્ધ શ્રાવક પાસે તે પ્રમાણે પ્રાર્થના કરવામાં આવે છે, અને તે 'કરેમિભંતે' ઉચ્ચરાવે છે. આ પ્રાર્થના ગુરુના વિનયાર્થે છે ગુરૂને અભાવે જે વડીલ શ્રાવક હોય તેની પાસે સૂત્રો બોલવા સંબંધી આદેશો માગવા. તેના પાર્યા પછી કાઉસ્સગ્ગ પારવો, સર્વ આદેશો તેમને જ માગવા દેવા, અને બીજાઓએ તેમની નિશ્રાએ વર્તવું, ઈત્યાદિ વિનયકરણી કરવી જરૂરની છે. જિનાજ્ઞા એવી જ છે. માટે તેનો ઉપયોગપૂર્વક ખપ કરવો.

પછી ચાર ખમાસમણ દેવાપૂર્વક ચાર આદેશો માગવામાં આવે છે. તેમાં બેસણે "સંદિસાહુ" એ બેસવાની રજા માંગવા સંબંધી છે. અત્ર ઉભો હોય તે જ બેસવાની આજ્ઞા માગે તેથી સામાયિક ઉભા ઉભા લેવું એમ સૂચવાય છે. બેઠેલો બેસવાની આજ્ઞા માગે તે જેમ હાસ્યપાત્ર થાય છે. તેમ અત્રે પણ સમજવું.

પછી "બેસણે ઠાઉં" એટલે બેસું છું. એજ પ્રકારે "સજ્ઝાય સંદિસાહું" એટલે સ્વાધ્યાય કરવાની આજ્ઞા આપો અને "સજ્ઝાય કરૂં" એટલે સ્વાધ્યાય (પઠન-પાઠન)માં પ્રવર્તું છું. પછી માંગલિક અર્થે ત્રણ નવકાર ગણવા. અહીંથી દૈવસિક પ્રતિક્રમણનો પ્રારંભ થાય છે. પ્રથમ પચ્ચક્ખાણ લેવા માટે ગુરુના વિનયાર્થે વાંદણાં દેવામાં આવે છે, તેની પહેલાં ખમાસમણ દેવાપૂર્વક મુહપત્તિ પડિલેહવી. આ ખમાસમણ દેવાનો અધિકાર શ્રી સેનપ્રશ્નમાં છે. મુહપત્તિ પડિલેહી, વાંદણાં દેઈ, પચ્ચક્ખાણ લઈ ખમાસમણ દઈ "ચૈત્યવંદન" કરવું. તે કરતી વખતે બંને ઢીંચણો[૧] ભૂમિપર સ્થાપીને યોગમુદ્રાએ બેસવું. પછી જંકિચિ કહેવું. ચૈત્યવંદન અને જંકિંચિથી જિનનું સ્તવન તથા વંદન થાય છે. હરકોઈ શુભકાર્યના આરંભમાં દેવવંદન કરવું જોઈએ, એ હેતુથી અત્ર પણ ચાર સ્તુતિએ દેવવંદન કરવામાં આવે છે, પહેલી સ્તુતિથી અમુક અરિહંતનું આરાધન, બીજીથી સર્વ અરિહંતનું આરાધન, ત્રીજીથી શ્રુતજ્ઞાનનું આરાધન અને ચોથીથી ધર્મકાર્યોમાં નડતાં વિઘ્નોને દૂર કરનારા શાસનદેવતાનું સ્મરણ થાય છે.

આ દેવવંદનમાં બાર અધિકાર આવે છે, તે લખીએ છીએ- "નમુત્થુણંથી જીઅભયાણં" સુધી પહેલો અધિકાર ગણાય છે. તેથી સમવસરણમાં વિરાજિત ભાવ અરિહંત ભગવાનને વંદના થાય છે. નમુત્થુણંની છેલ્લી ગાથાથી દ્રવ્યજિનને વંદના થાય છે. અનાગતકાળે થનારા તીર્થંકરો જેમના જીવો અત્યારે દેવલોક વગેરેમાં છે તે તેમ જ સિદ્ધિસ્થાનમાં ગયેલા તીર્થંકરો પણ દ્રવ્યજિન કહેવાય છે. એ બીજો અધિકાર. "અરિહંત ચેઈઆણં"થી ત્રીજો અધિકાર ગણાય છે, અને તેથી એક ચૈત્યના સ્થાપનાજિન

૧. ડાબો ઢીંચણ ઉભો રાખી ચૈત્યવંદન કરવામાં નમ્રતા અને જમણો ઢીંચણ ઉભો રાખી વંદિત્તુ બોલવામાં વીરાસન બતાવવામાં આવે છે.

(પ્રતિમા)ને વંદના થાય છે, 'લોગસ્સ' એ ચોથો અધિકાર છે. તેથી નામજિનને (જિનેશ્વરના નામકીર્તનરૂપ) વંદના થાય છે. 'સવ્વલોએ અરિહંત ચેઈઆણં'થી ત્રણ ભુવનના સ્થાપનાજિનને વંદન થાય છે. એ પાંચમો અધિકાર. 'પુક્ખરવરદી'થી વિહરમાન જિન (વિચરતા જિન શ્રી સીમંધરાદિ)ને વંદન થાય છે; એ છટ્ઠો અધિકાર, 'તમતિમિરપડલ' ઈત્યાદિ ત્રણ ગાથાથી શ્રુતજ્ઞાનને વંદન થાય છે, એ સાતમો અધિકાર. "સિદ્ધાણં બુદ્ધાણં"થી સર્વ સિદ્ધોને વંદન થાય છે, એ આઠમો અધિકાર, નવમા અધિકારમાં "જો દેવાણ વિ દેવો" ઈત્યાદિ બે ગાથાથી તીર્થાધિપતિ શ્રી વીર-સ્વામિની સ્તુતિ થાય છે. દશમે અધિકારે "ઉજ્જિંતસેલસિહરે" એ ગાથાથી રૈવતાચલમંડન શ્રી નેમિનાથને વંદન થાય છે. "ચત્તારિઅટ્ઠદસદોય" એ ગાથાથી અષ્ટાપદ પર્વતને વિષે સ્થાપેલા ચોવીશ જિનને તથા બીજી અનેક રીતે જિનેશ્વરોને વંદન થાય છે, એ અગ્યારમો અધિકાર અને છેલ્લે એટલે બારમા અધિકારે "વેયાવચ્ચગરાણં" ઈત્યાદિ પાઠથી સમ્યગ્દષ્ટિ દેવનું સ્મરણ થાય છે. એ પ્રકારે બાર અધિકારના સ્થાનકો જાણી તે તે સ્થાનકે ચૈત્યવંદન કરનારાઓએ ઉપયોગપૂર્વક વંદન કરવાનું લક્ષ્યમાં રાખવું જરૂરનું છે.

વળી ચાર ખમાસમણપૂર્વક ચારને થોભવંદન કરવાનું છે. પહેલા ખમાસમણથી "ભગવાન" એ પદવડે અરિહંત ભગવાન્ અથવા ધર્માચાર્ય પણ લેવા, એટલે જેનાથી ધર્મ પામ્યા હોઈએ તેને વંદન કરવું, બાકીના ત્રણ પાઠથી અનુક્રમે આચાર્ય, ઉપાધ્યાય અને સર્વ સાધુને વંદન થાય છે. અને વળી "ઈચ્છકારી સમસ્ત શ્રાવક વંદું" એ પાઠથી સર્વ શ્રાવકોને વંદન કરાય છે (આ વિધિનો પ્રચાર થોડો હોવાથી તે પ્રમાણે વર્તવા અને અન્યને વર્તાવવા ઉપયોગ રાખવો) પછી "દેવસિયપડિક્કમણે ઠાઉં"નો

આદેશ માગી જમણો હાથ તથા મસ્તક ચરવળા પર સ્થાપી "સવ્વસ્સવિ દેવસિય"નો પાઠ કહેવો.

અહીં ચરવળા ઉપર હાથ તથા મસ્તક સ્થાપવા તે ગુરુના ચરણ સ્પર્શવારૂપ સમજવું, તથા માથે ભારથી નમવાનું થયું એમ પણ સમજવાનું છે. "સવ્વસ્સવિ દેવસિય"થી દિવસના પાપનું સામાન્યપણે આલોચન થાય છે. તે પ્રતિક્રમણનું બીજક સમજવું. પછી ઉભા થઈ "કરેમિ ભંતે"નો પાઠ કહેવો, અહીંથી પહેલું આવશ્યક એટલે અવશ્ય કરવા યોગ્ય કરણ.

પછી કાંઈક સ્ફુટ રીતે પાપની, આલોચનારૂપ 'ઈચ્છામિ ઠામિ' કહેવું. પછી "તસ્સ ઉત્તરી" આદિ કહી પંચાચારની આઠ ગાથાનો કાયોત્સર્ગ કરવો, તે કાયોત્સર્ગની અંદર પંચાચાર સંબંધી જે દૂષણો લાગ્યાં હોય, તે સમકિતની શુદ્ધિ માટે સંભારી કાઢવાં, જેથી આગળ પાપને વિશેષ આલોચતી વખતે સુગમ પડે.

પછી "લોગસ્સ" કહેવો એ બીજું આવશ્યક, પછી ત્રીજા આવશ્યકની મુહપત્તિ પડિલેહિને વાંદણાં બે દેવાં (અહીં) મુહપત્તિના ૫૦ બોલ, વાંદણાંના પચ્ચીશ આવશ્યક તથા સત્તર પ્રમાર્જની વગેરે બાબતો પર ધ્યાન રાખવાનું છે.) એ ત્રીજું આવશ્યક. અહિંથી આગળ ચાલતાં છેક "અબ્ભુટ્ઠિયો૦" સુધી પ્રતિક્રમણ નામક ચોથું આવશ્યક જાણવું. અહીં ગુરુની સમક્ષ પાપ આલોચવું છે, તેથી તેમના વિશેષ વિનયાર્થે દ્વાદશાવર્ત્ત વંદન કરવું.

પછી 'જો મે દેવસિયો અઇઆરોકઓ' તથા "સાત લાખ અને અઢાર પાપસ્થાનક"ને આલોચવા, તે પાપની સામાન્ય આલોચના જાણવી. પછી "સવ્વસ્સવિ" કહેવું, તે ગુરુ આગળ પ્રાયશ્ચિત્ત માગવારૂપ છે, અત્ર ગુરુ "પડિક્કમેહ" એટલે 'પ્રતિક્રમણ

કરો' એમ કહે. એ પ્રકારના દશ માંહેલા બીજા પ્રાયશ્ચિત્તને ગ્રહણ કરી. બેસીને માંગલિક અર્થે એક 'નવકાર' ગણે, સમતાની વૃદ્ધિને અર્થે 'કરેમિ ભંતે' કહે. વારંવાર 'કરેમિ ભંતે' કહેવાથી સમતાની વિશેષ વૃદ્ધિ થાય છે. જે અતિ આવશ્યક છે.

પછી સામાન્ય પાપ આલોચવા રૂપ 'ઈચ્છામિ પડિક્કમિઉં જો મે દેવસિયો' કહે, પછી 'વંદિત્તુ' કહે, તે વિશેષ સ્ફુટપણે પાપની આલોચનારૂપ છે. જે જે દોષ લાગ્યા હોય તે તે દોષોનું પ્રાયશ્ચિત્ત કરવા મહાપશ્ચાત્તાપપૂર્વક મહાવૈરાગ્યભાવથી ચિંતન કરવાનું છે. જેવા સંક્લિષ્ટ અધ્યવસાય પાપ બાંધતી વખતે આવ્યા હોય તેવા જ અગર તેથી વધારે વિશુદ્ધ અધ્યવસાય પાપને આલોચતી વખતે આવે તો તથા પ્રકારે યથાર્થ રીતે તે પાપનો ક્ષય થઈ શકે છે; અન્યથા પ્રતિક્રમણ કર્યા છતાં પાપનો ક્ષય થતો નથી. ઉપયોગ વગરની ક્રિયા નિષ્ફળપ્રાયઃ થાય છે, માટે સાવધાનપણે આલોચના કરવાનું ખાસ ધ્યાનમાં રાખવું. વંદિત્તુ કહેતી વખતે ડાબો ઢીંચણ વાળીને જમીન ઉપર સ્થાપવો અને તે (ડાબા ઢીંચણ)ના તળીયા ઉપર જમણા પગની બાજુના પાછળના અધોભાગનો સર્વ ભાર આવે તેમ જમણો પગ ઉભો રાખી બેસવું, ખરી રીતે તો આ બે ઢીંચણ જેવી રીતે સ્થાપવાના કહ્યા છે તેવીજ રીતે ભૂમિ પર ફક્ત બંને પગની અંગુલી જ સ્થાપીને ઉભડક બેસવાનું છે, તેમ ન બને તો ઉપર મુજબ બેસવું.

આવા ઉત્કટ આસનથી ઉપયોગ એકાગ્ર થાય છે, અને તેથી અતિચારની ચિંતના બરાબર થાય છે "તસ્સ ધમ્મસ્સ૦" ગાથાથી ઉભા થઈને શેષ "વંદિત્તુ" બોલે. આ વિધિ ભારને ઉતારીને હળવા થનાર મજુરની પેઠે શ્રાવક પણ પાપરૂપી ભારથી હળવો થયો એમ સૂચવવા અર્થે છે.

પછી ગુરુને અપરાધ ખમાવવા અર્થે બે વાંદણાપૂર્વક "અબ્ભુટ્ઠિઓ અબ્ભિંતર" સૂત્રથી અપરાધ ખમાવે. પ્રતિક્રમણ કરવાથી પણ જે અશુદ્ધ રહ્યો હોય તેવા ચારિત્રાચારના અતિચારની શુદ્ધિને માટે કાઉસ્સગ્ગ કરવાનો છે તેથી પ્રથમ બે વાંદણાં દે. અહીંથી પાંચમું આવશ્યક શરૂ થાય છે. ચારિત્રાચારની વિશુદ્ધિ કષાયની ઉપશાંતિએ જ થાય, તેથી આચાર્ય, ઉપાધ્યાય, સ્થવિરાદિ પ્રત્યે તથા સર્વ જીવ પ્રત્યે કરેલા અપરાધ ખમાવવા માટે 'આયરિય ઉવજ્ઝાએ' સૂત્ર બોલે, તે પહેલાં વંદન કરે (બે વાંદણાં દે), તેનું કારણ. જેમ દરેક ક્રિયા પંચપરમેષ્ટિને નમસ્કાર કરીને કરવામાં આવે છે તેમ ગુરુ સમીપની સર્વ ક્રિયા ગુરુના બહુમાનાર્થે વંદન કરવાપૂર્વક કરવી તે છે, તેમજ આઠ કારણે વાંદણાં દેવામાં આવે છે તેમાંનું કાયોત્સર્ગ પણ એક કારણ છે. અવગ્રહમાંથી પાછો ઓસરતો ઓસરતો 'આયરિય ઉવજ્ઝાએ' બોલે તે જાણે પોતે કષાયચતુષ્ટયથી પાછો નિવર્ત્તતો હોય એમ બતાવે છે.

પછી સમતાની વૃદ્ધિ અર્થે "કરેમિ ભંતે" કહી પ્રથમ લખેલા હેતુ પ્રમાણે "ઇચ્છામિ ઠામિ, તસ્સ ઉત્તરી" ઇત્યાદિ કહી બે લોગસ્સનો કાઉસ્સગ્ગ કરવો. તેનું કારણ ચારિત્ર વિનાનું એકલું જ્ઞાન પાંગળું છે. ચારિત્ર સહિત જ્ઞાન સફળ થાય છે. બીજા આચારો કરતાં ચારિત્રાચારમાં વિશેષ દૂષણ લાગે છે, તેથી તેની વિશુદ્ધિ માટે પ્રથમ કાયોત્સર્ગ કરવો પછી સમ્યગ્ જ્ઞાનનું મૂળ દર્શન (શ્રદ્ધા-સમ્યક્ત્વ) છે, તેથી દર્શનાચારની વિશુદ્ધિ માટે એક લોગસ્સનો કાઉસ્સગ્ગ જ્ઞાનાચારથી પ્રથમ કરવો. તેને માટે ચતુર્વિંશતિ જિનના ગુણોત્કીર્તનમાં "લોગસ્સ૦ સવ્વલોએ" ઇત્યાદિ કહીને કાઉસ્સગ્ગ કરે. પછી જ્ઞાનાચારની વિશુદ્ધિને અર્થે "પુક્ખરવરદી૦ સુઅસ્સ ભગવઓ" ઇત્યાદિ કહેતો એક લોગસ્સનો કાઉસ્સગ્ગ કરે.

પછી એ સર્વ આચારના નિરતિચારપણે સમ્યક્ આચરણથી ઉત્કૃષ્ટ ફળ પ્રાપ્ત કરનાર સર્વ સિદ્ધોને વંદન કરવારૂપ "સિદ્ધાણં બુદ્ધાણં" કહે. પછી શ્રુતજ્ઞાનથી જ ધર્મનું સર્વ સ્વરૂપ સમજાય છે, તે શ્રુતધર્મની વૃદ્ધિ શ્રુતદેવતાથી થતી હોવાથી તેના સ્મરણ અર્થે એક નવકારનો કાયોત્સર્ગ કરી પારીને "સુઅદેવયાની" સ્તુતિ કહે, સ્વલ્પ પ્રયાસે દેવતા સાધ્ય હોવાથી આઠ શ્વાસોચ્છ્વાસ (એક નવકારના આઠ શ્વાસોચ્છ્વાસ થાય છે)નો કાયોત્સર્ગ કરવો. તે જ પ્રમાણે જે ક્ષેત્રમાં આપણે છીએ તે દેવતા અનુકૂળ હોય તો આપણું જ ધર્મકાર્ય નિર્વિઘ્નપણે પરિપૂર્ણ થાય તેથી તેના સ્મરણાર્થે પણ એક નવકારનો કાઉસ્સગ્ગ કરી, પારીને "જીસે ખિત્તે સાહૂ"ની થોય કહેવી.

પછી મંગલાર્થે એક નવકાર ગણી, બેસીને મુહપત્તિ પડિલેહવી. તે હવે પછી ગુરુને દ્વાદશાવર્ત વંદન કરવું છે તેને અર્થે છે. લૌકિકમાં પણ રાજા અમુક કાર્ય બતાવે તે કર્યા બાદ પ્રણામ કરીને નિવેદન કરવાનું પ્રવર્તન છે. આ છેલ્લું વંદન સમજવું. પચ્ચક્ખાણરૂપી છટ્ઠું આવશ્યક તો પહેલાં જ થઈ ગયું છે તેથી હવે તે કરવાનું નથી.

પછી છ આવશ્યક સંભારવાં, પછી 'ઇચ્છામો અણુસટ્ઠિં' કહી બેસી ઉચ્ચ સ્વરે "નમો ખમાસમણાણં નમોઽર્હત્" ઇત્યાદિ પૂર્વક "નમોઽસ્તુ વર્દ્ધમાનાય"ની ત્રણ સ્તુતિ અને "નમુત્થણં તથા સ્તવન" કહેવાં. "ઇચ્છામો અણુસટ્ઠિં" એટલે અમે અનુશાસ્તિ-ગુરુની આજ્ઞા-હિતશિક્ષાને ઇચ્છીએ છીએ, [1]તે આજ્ઞા પ્રમાણ

૧. અહીં ગુરૂ મહારાજની આજ્ઞાપૂર્વક મેં પ્રતિક્રમણ કર્યું છે એમ સંભાવના કરવાની મતલબ એ છે કે પ્રતિક્રમણ સંબંધી હવે બીજા આદેશ ગુરૂમહારાજ પાસે માગવાના નથી.

કરવા રૂપ "નમો ખમાસમણાણં" ઇત્યાદિ પદથી ગુરુને તથા પંચપરમેષ્ઠિને નમસ્કાર થાય છે. અને ઉચ્ચ સ્વરે ત્રણ સ્તુતિ તથા નમુત્થુણં અને સ્તવન કહેવાય છે તે "ષડાવશ્યક નિર્વિઘ્ને પૂર્ણ થયાં" તેનો હર્ષ ઉત્પન્ન થયેલો છે એ સૂચવવા અર્થે છે. "નમોઽસ્તુ" તથા રાઈ પ્રતિક્રમણમાં "વિશાલલોચન"ને બદલે સ્ત્રીઓ "સંસારદાવા"ની ત્રણ ગાથા કહે, કારણ કે "નમોઽસ્તુ, વિશાલલોચન, નમોઽર્હત્"એ પૂર્વાન્તર્ગત છે, તેથી સ્ત્રીઓ ન કહે, એમ કહેલું છે.

પછી ઉત્કૃષ્ટ કાળે વર્તતા ૧૭૦ જિન વાંદવા અર્થે 'વરકનક' કહે તથા ચાર ખમાસમણપૂર્વક ગુર્વાદિકને વંદન કરે, પછી અઢીદ્વીપમાં રહેલા મુનિઓના વંદન અર્થે "અડ્ઢાઈજ્જેસુ" કહે, દરેક ક્રિયા દેવ-ગુરુના વંદનપૂર્વક શરૂ થાય અને દેવ-ગુરૂના વંદનપૂર્વક પૂરી થાય. એ અર્થે અત્ર છેલ્લે પણ દેવ-ગુરૂને વંદન કરવામાં આવે છે. આ દેવ-ગુરુવંદન મુનિને નમોઽર્હત્થી ચાર ખમાસમણ દેવા સુધી જાણવું અને શ્રાવકને અડ્ઢાઈજ્જેસુ કહેવા પર્યંત જાણવું.

પછી પ્રથમના "કાઉસ્સગ્ગ" કરતાં રહેલ અતિચારને ટાળવા અર્થે દૈવસિક પ્રાયશ્ચિત્ત વિશોધનાર્થે ચાર લોગસ્સનો કાઉસ્સગ્ગ કરે, પછી મંગળાર્થે પ્રકટ લોગસ્સ કહી, બે ખમાસમણ દેવાપૂર્વક સજ્ઝાયના બે આદેશ માગી બેસી, એક નવકાર ગણી સજ્ઝાય કહે. ત્રણ આચારની વિશુદ્ધિ અર્થે કાઉસ્સગ્ગો કરવામાં આવ્યા છે અને તપ આચારની વિશુદ્ધિ માટે પચ્ચક્ખાણ કર્યું છે, તેથી વિશુદ્ધિ થઈ ગઈ છે તથા પ્રતિક્રમણ કરતાં જે વીર્ય ફોરવવું પડે તેથી વીર્યાચારની શુદ્ધિ થાય છે. સજ્ઝાય કહ્યા બાદ દુઃખક્ખય કર્મક્ખય નિમિત્તે ચાર લોગસ્સનો કાઉસ્સગ્ગ કરવો.

આ લોગસ્સ પૂરા કહેવા; બાકી સર્વ કાઉસ્સગ્ગો "ચંદેસુ નિમ્મલયરા" સુધી કહેવા. કાઉસ્સગ્ગ કર્યા પછી પારીને મંગલાર્થે એક જણ "લઘુશાંતિ" કહે, બીજા કાયોત્સર્ગમાં જ સાંભળે. કાઉસ્સગ્ગ પારી પ્રકટ "લોગસ્સ" કહે તે પછી ઈરિયાવહિ પ્રતિક્રમે તથા ચઉક્કસાયથી જયવીયરાય સુધી ચૈત્યવંદન કરી સામાયિક પારવા પર્યંત જે વિધિ છે તે સર્વ કરે.

સજ્ઝાય પછીની વિધિની હકીકત મૂળગ્રંથમાં નથી, તે વર્તમાન પ્રવૃત્તિને અનુસારે લખી છે.

ઈતિ દૈવસિક પ્રતિક્રમણના હેતુ

*

રાઈપ્રતિક્રમણના સામાન્ય હેતુઓ

પ્રથમ સામાયિક લઈ "કુસુમણિ [1]દુસુમિણ ઉડ્ડાવણી રાઈ પાયચ્છિત્ત વિસોહણત્થં કાઉસ્સગ્ગ કરૂં ? ઈચ્છં, કુસુમિણ દુસુમિણ ઊડ્ડાવણી રાઈ પાયચ્છિત વિસોહણત્થં કરેમિ કાઉસ્સગ્ગં" ઈત્યાદિ કહી ચાર લોગસ્સનો ૧૦૮ શ્વાસોચ્છ્વાસ પ્રમાણ એટલે "સાગરવરગંભીરા" પદ સુધી ગણતાં એક લોગસ્સના ૨૭ પદ થાય તેને ચાર ગુણા કરતાં ૧૦૮ પદ થાય છે, તેટલો કાયોત્સર્ગ કરવો.

અત્ર એ વિશેષ છે કે કુસ્વપ્ન આવ્યું હોય અગર ન આવ્યું હોય તો ૧૦૦ શ્વાસોચ્છ્વાસ (ચંદેસુ નિમ્મલયરા સુધી ચાર લોગસ્સ)નો કાયોત્સર્ગ કરે અને સ્વપ્રમાં સ્ત્રીસેવન પણ થયું હોય તો ૧૦૮ શ્વાસોચ્છ્વાસનો કાયોત્સર્ગ કરે, પણ પ્રમાદવશાત્ કેવું સ્વપ્ર આવ્યું હતું તેની સ્મૃતિ ન રહે, તેથી ૧૦૮ શ્વાસોચ્છ્વાસ પ્રમાણનો કાયોત્સર્ગ કરવાનું પ્રવર્ત્તન છે. એ કાયોત્સર્ગથી રાત્રિ સંબંધી ઘણાં પાપ દૂર થાય છે.

---

૧. રાગાદિમય કુસ્વપ્ર અને દ્વેષાદિમય દુઃસ્વપ્ર.

પછી સર્વ ધર્માનુષ્ઠાન દેવ-ગુરુવંદન પૂર્વક કરવું, માટે પ્રથમ "જગચિંતામણિ"નું ચૈત્યવંદન "જયવીયરાય" પર્યંત કરવું. પછી "ભરહેસર"ની સજ્ઝાય ઉત્તમ પુરુષો તથા સ્ત્રીઓના નામ સ્મરણાર્થે કહેવામાં આવે છે. પછી -

ગુરુમહારાજને સુખશાતા પૂછી રાઇ પડિક્કમણ ઠાઈને 'શક્રસ્તવ', કહેવાય છે, તે પ્રતિક્રમણનો આરંભ થયો તેની પહેલાં દેવવંદન કરવા અર્થે છે. પ્રથમ ચૈત્યવંદન કર્યું પણ તે આવશ્યક બહારની ક્રિયા છે. પછી "કરેમિ ભંતે" કહે તે પહેલું આવશ્યક. પછી ચારિત્રાચાર, દર્શનાચાર તથા જ્ઞાનાચારની વિશુદ્ધિ અર્થે અનુક્રમે એક લોગસ્સ. એક લોગસ્સ* તથા આઠ ગાથાનો કાયોત્સર્ગ કરવામાં આવે છે, અત્ર ચારિત્રાચારનો એક લોગસ્સનો કાયોત્સર્ગ કરવામાં આવ્યો અને દૈવસિકમાં બે લોગસ્સનો કરવામાં આવે છે તેનું કારણ દિવસ કરતાં રાત્રિને વિષે પ્રવૃત્તિ ઓછી હોવાને લીધે પ્રાયઃ અલ્પ દોષ લાગે છે તે છે. દોષનું ચિંતવન ત્રીજા કાયોત્સર્ગમાં કરાય છે અને પહેલા કાયોત્સર્ગમાં નહિ; તેનું કારણ એ છે કે પહેલા કાયોત્સર્ગમાં નિદ્રાનો ઉદય હોય તેથી દોષનું સંભારવું બરાબર ન થાય તે માટે ત્રીજામાં સંભારવામાં આવે છે.

પહેલા કાઉસ્સગ્ગ પછી "લોગસ્સ" કહેવાય છે, તે બીજું આવશ્યક. ત્રીજા આવશ્યકની મુહપત્તિ પડિલેહીને વાંદણાં દેવાય છે, તે ત્રીજું આવશ્યક. વાંદણાં દીધા પછી ઈચ્છા૦ રાઈઅં આલોઉં૦. સાત લાખ, અઢાર પાપસ્થાનક, વંદિત્તુ, અબ્ભુટ્ઠિઓ વગેરે કહેવામાં આવે છે. તે સર્વ ચોથા આવશ્યકની ક્રિયા છે. તેના હેતુ દૈવસિક પ્રતિક્રમણ પેઠે જાણવા, પછી પ્રથમ ત્રણ

*રાઈપ્રતિક્રમણનો કાઉસ્સગ્ગ ૫૦ શ્વાસોચ્છ્વાસ પ્રમાણ કહેલો છે. તેથી ચારિત્રાચાર અને દર્શનાચારના મળી બે લોગસ્સના કાઉસ્સગ્ગને પાંચમા આવશ્યક તરીકે ગણવું ઠીક લાગે છે.

આચારોના કાયોત્સર્ગથી પણ અશુદ્ધ રહેલ અતિચારોની એકત્ર શુદ્ધ્યર્થે તપ ચિંતવનનો કાયોત્સર્ગ કરવાનો છે તે ન આવડે તો સોળ નવકારનો કરે. એમ પ્રવર્તન છે. પણ ખરી રીતે તો તપનું ચિંતવન કરવું જોઈએ, તેની વિધિ આ પ્રમાણે "શ્રી વીર ભગવંતે છ માસી તપ કર્યો, હે ચેતન ! તે તું કરી શકીશ ? (અત્ર ઉત્તર મનમાં ચિંતવવો કે) શક્તિ નથી, પરિણામ નથી. તો એક ઉપવાસ ઓછો કર. શક્તિ નથી, પરિણામ નથી, તો બે ઉપવાસ ઓછા કર, એમ યાવત્-૨૯ ઉપવાસ ઓછા કરવા પર્યંત ચિંતવવું અને દરેક વખતે શક્તિ નથી, પરિણામ નથી, એમ મનમાં બોલવું.

પછી પંચમાસી કર, ચઉમાસી કર, ત્રિમાસી કર, દ્વિમાસી કર, માસક્ષમણ કર, અહીં પણ દરેક વખતે ઉત્તર મનમાં ચિંતવતા જવું, પછી એક દિવસ ન્યૂન, બે દિવસ ન્યૂન; એમ તેર દિવસ ન્યૂન (૧૭ ઉપવાસ) સુધી વિચારવું.

પછી ૩૪ ભક્ત (૧૬ ઉપવાસ) કરી શકીશ ? ૩૨ ભક્ત કર, ૩૦ ભક્ત કર, એમ બબે ભક્ત ઓછા કરતાં યાવત્ ચોથભક્ત સુધી કહેવું પછી આયંબિલ કર, નીવિ કર, એકાસણ કર, અવઠ્ઠ કર, પુરિમઠ્ઠકર, સાઢપોરિસિ કર, પોરિસિ કર, નમુકારસી મુટ્ઠિસહિઅં કર; અહીં સર્વ સ્થાનકે શક્તિ નથી, પરિણામ નથી, એમ ચિંતવવું, પણ જે તપ કર્યો હોય પણ અત્યારે કરવો ન હોય ત્યાં કહેવું કે શક્તિ છે પણ પરિણામ નથી, અને છેલ્લે જે તપ કરવો હોય ત્યાં શક્તિ પણ છે અને પરિણામ પણ છે એમ કહી કાયોત્સર્ગ પારીને લોગસ્સ કહેવો.

પછી છઠ્ઠા આવશ્યકની મુહપત્તિ પડિલેહીને વાંદણાં દેવાં પછી તીર્થવંદનાદિક કરી કાયોત્સર્ગમાં જે પચ્ચક્ખાણ કરવા ધાર્યું હોય તે અત્ર પ્રકટપણે લેવું, એ છઠ્ઠું આવશ્યક, પછી ષડાવશ્યક પૂરા થયા તેનો હર્ષ થયો તેથી વીરસ્તુતિરૂપ વિશાલ લોચન કહે,

પણ મંદસ્વરે કહે, કારણ કે ઉચ્ચ સ્વરે બોલવાથી હિંસક જીવો જાગી હિંસામાં પ્રવર્તે તો કારણિક પોતે થાય, આખું રાઈપ્રતિક્રમણ મંદ સ્વરે જ કરવું જોઈએ.

પછી ચાર થોઈએ દેવવંદન કરે. પછી ચાર ખમાસમણપૂર્વક ગુર્વાદિકને વાંદી, "અઢ્ઢાઈજ્જેસુ" કહે, પછી સીમંધરસ્વામીનું તથા સિદ્ધાચળજીનું ચૈત્યવંદન કરે. તે સામાચારી પ્રમાણે તથા સામાયિકનો બે ઘડી કાળ પૂર્ણ કરવા માટે સૂચન થાય છે. આ પ્રતિક્રમણમાં "જગચિંતામણિ" તથા વિશાલલોચન એમ બે ચૈત્યવંદનો આવે છે, છતાં શ્રીસીમંધરસ્વામિ આદિનાં ચૈત્યવંદન કરીએ છીએ, તે વિશેષ માંગળિક અર્થે સમજવાં. તેજ પ્રમાણે સાંજના પ્રતિક્રમણમાં "નમોઽસ્તુ વર્દ્ધમાનાય" તથા "ચઉક્કસાય" ચૈત્યવંદનો આવે છે, છતાં આરંભમાં દેવવંદન કરીએ છીએ, તે પણ વિશેષ માંગલિકના અર્થે સમજવું.

ભગવાનાદિને વાંદ્યા પહેલાં શ્રાવક પૌષધમાં હોય તો તે "બહુવેલ સંદિસાહું" તથા "બહુવેલ કરશું" એવા આદેશો માગે, છૂટા શ્રાવકને તેમ કરવાનું નથી.

પક્ખી, ચૌમાસી અને સંવચ્છરી પ્રતિક્રમણના સામાન્ય હેતુઓ

સૂક્ષ્મ અને બાદર અતિચારની વિશુદ્ધિ માટે દિવસ અને રાત્રિને છેડે દેવસી અને રાઈ પ્રતિક્રમણ કરવા છતાં, પણ પક્ષ ચતુર્માસ અને સંવત્સરને અંતે પક્ખી, ચોમાસી અને સંવચ્છરી પ્રતિક્રમણ વિશેષ પ્રકારે કરાય છે. તે ઉત્તારીકરણ કરવાને અર્થે એટલે દેવસી-રાઈ પ્રતિક્રમણ દરરોજ કરવા છતાં પણ રહી ગયેલ દોષોનું નિવારણ કરવાને અર્થે સમજવું.

જેમ શરીરને તૈલાદિ વડે સંસ્કાર કર્યા છતાં પણ ધૂપ, વિલેપન અને આભૂષણાદિકે કરીને વિશેષ શોભિત કરે છે તેમ અહીં પણ વિશેષ શુદ્ધિ કરે છે. તેને માટે શાસ્ત્રકાર દૃષ્ટાંત આપે છે, કે - જેમ ઘરને હંમેશાં સાફ કરવામાં આવે છે તો પણ પર્વાદિકને વિષે વિશેષ પ્રકારે એટલે ચારે બાજુથી ખૂણેખાંચરેથી સાફ કરવામાં આવે છે, તેમ અહીં પણ હંમેશ પ્રતિક્રમણ કરવા છતાં પક્ખી આદિ પ્રતિક્રમણ વિશેષ શુદ્ધિને માટે કરવાનાં છે. વળી નિત્ય પ્રતિક્રમણ કરતાં કોઈક અતિચાર વિસ્મૃત થઈ ગયેલ હોય, સાંભર્યા છતાં ભયાદિકથી ગુરુ સમક્ષ પ્રતિક્રમ્યો ન હોય અથવા તો પરિણામની મદતાથી સમ્યક્ પ્રકારે પ્રતિક્રમેલ ન હોય તેવા અતિચારને પ્રતિક્રમવા માટે પક્ખી આદિ પ્રતિક્રમણ કરવાનાં છે.

પાક્ષિક (પક્ખી) પ્રતિક્રમણમાં વંદિત્તા સુધી દેવસી પ્રતિક્રમણ પ્રમાણે વિધિ કરવાની છે તેથી તેના હેતુ દેવસી પ્રતિક્રમણ પ્રમાણે સમજી લેવા.

ક્ષમા છે પ્રધાન જેમાં એવાં અનુષ્ઠાનો સફળ છે. એમ જણાવવા માટે अब्भुट्ठिओहं संबुद्धाखामणेणं ઇત્યાદિ પાઠવડે સંબુદ્ધ જે ગુર્વાદિક તેમને ખમાવવામાં આવે છે. અને ગુર્વાદિકને ખમાવવા છે તે માટે અગાઉ દ્વાદશાવર્ત્ત વંદન (વાંદણાં) દેવામાં આવે છે અને વાંદણાં દેતાં વિરાધનાનો સંભવ છે તેથી વાંદણા અગાઉ શરૂઆતમાં પક્ખિ મુહપત્તિ પડિલેહવાની છે. તે પછી સંક્ષેપ અને વિસ્તારથી પાપ આલોવવા માટે આલોચનસૂત્ર અને અતિચાર કહે અને પછી सव्वस्सवि पक्खिय ઇત્યાદિ સૂત્ર કહીને ઉપવાસાદિરૂપ પ્રાયશ્ચિત્ત અંગીકાર કરે.

પછી પ્રત્યેક ખામણાંવડે સર્વને ખમાવે, તેની પહેલાં ને પછી વિનયાર્થે ગુરુમહારાજને દ્વાદશાવર્ત્ત વંદન કરે પછી પક્ખી

ને વંદિત્તા સૂત્ર કહ્યા પછી બાર લોગસ્સનો કાઉસ્સગ્ગ કરવામાં આવે છે, તે પ્રતિક્રમણ કર્યા છતાં અશુદ્ધ રહેલા અતિચારોની શુદ્ધિને અર્થ જાણવો. પછી सम्मत्तखामणेणं ઇત્યાદિ વડે છેવટે ખમાવવામાં આવે છે, છેવટે કરેલા કાયોત્સર્ગમાં સ્થિત રહ્યા છતાં શુભ એકાગ્ર ભાવવડે કોઈ અપરાધ ન સાંભર્યા હોય તેને ખમાવવા માટે જાણવું, અથવા અહીં સર્વથા પક્ખીપ્રતિક્રમણની સમાપ્તિ થાય છે તેથી પ્રથમના ક્ષામણક પછી કંઈ અપ્રીતિકારી થયું હોય અથવા વિતથ (ખોટી) ક્રિયા થઈ હોય તો તે અહીં ખમાવવા માટે જાણવું.

આ વિધિને ભગવંતે ત્રીજા વૈદ્યના ઔષધ સમાન કહી છે. પછી પક્ખિ-ખામણાં ખામવાનાં છે તેનો હેતુ ખામણાંના અર્થના પ્રસ્તાવે જણાવેલ છે, ત્યાંથી જોઈ લેવો. ત્યારપછી વંદિત્તાસૂત્ર પછીની વિધિ દેવસિ પ્રતિક્રમણ પ્રમાણે કરવાની છે માટે તેના હેતુ દેવસિ પ્રતિક્રમણ પેઠે જાણી લેવા. એમાં એટલું વિશેષ છે- જે શ્રુતદેવતા પક્ખીસૂત્રના પ્રાંતે સંભારેલ હોવાથી તેના કાઉસ્સગ્ગને સ્થાને ભવનદેવતાનો કાઉસ્સગ્ગ કરે. ક્ષેત્રદેવતાની નિરંતર સ્મૃતિમાં ભવનનું ક્ષેત્રાંતર્ગતપણું હોવાથી તત્ત્વથી તો તેમની સ્મૃતિ પણ દરરોજ થઈ જાય છે, તોપણ પર્વદિવસે તેનું બહુમાન કરવા માટે સાક્ષાત્ તેનો કાઉસ્સગ્ગ કરાય છે. આમાં પંચવિધ આચારની વિશુદ્ધિ આ પ્રમાણે જાણવી-જ્ઞાનાદિ ગુણવાનની પ્રતિપત્તિરૂપ હોવાથી વાંદણાં અને સંબુદ્ધા ક્ષામણકથી જ્ઞાનાચારની, બાર લોગસ્સના કાઉસ્સગ્ગ પછી પ્રકટ લોગસ્સ (ચઉવીસત્થો) કહેવાવડે દર્શનાચારની, અતિચારની આલોચના, પ્રત્યેક ક્ષામણક પક્ખી સૂત્ર અને સમાપ્ત ક્ષામણક વગેરેથી ચારિત્રાચારની; તપની પ્રતિપત્તિ અને બાર લોગસ્સના કાઉસ્સગ્ગ

વગેરે વડે બાહ્ય-અભ્યંતર તપઆચારની અને એ સર્વ પ્રકાર વડે સમ્યગ્ આરાધના કરવાથી વીર્યાચારની વિશુદ્ધિ જાણવી.

આ પ્રમાણે ચાતુર્માસિક અને સાંવત્સરિક પ્રતિક્રમણમાં પણ સમજવું, ચઉમાસી પ્રતિક્રમણમાં ૨૦ લોગસ્સનો અને સંવચ્છરી પ્રતિક્રમણમાં ૪૦ લોગસ્સ, ઉપર એક નવકારનો કાઉસ્સગ્ગ કરાય છે, તે નવકાર માંગલિક અર્થે સમજવો. આ"હેતુઓ" "પ્રતિક્રમણગર્ભહેતુ" તથા "પ્રશ્નોત્તર રત્નચિંતામણિ" ગ્રંથને આધારે લખવામાં આવ્યા છે.

સમાપ્ત

શ્રી પદ્માવતી આરાધના

હવે રાણી પદ્માવતી, જીવરાશિ ખમાવે;
જાણપણું જુગતે ભલું, ઈણ વેળા આવે. ૧.

તે મુજ મિચ્છામિ દુક્કડં, અરિહંતની શાખ;
જે મેં જીવ વિરાધીયા, ચઉરાશી લાખ. તે મુજ૦ ૨.

સાત લાખ પૃથ્વી તણા, સાતે અપકાય;
સાત લાખ-તેઉકાયના, સાતે વળી વાય. તે મુજ૦ ૩.

દશ પ્રત્યેક વનસ્પતિ, ચઉદહ સાધારણ;
બિતિ ચઉરિંદ્રિ જીવના, બે બે લાખ વિચાર. તે મુજ૦ ૪.

દેવતા તિર્યંચ નારકી, ચાર ચાર પ્રકાશી;
ચઉદહ લાખ મનુષ્યના, એ લાખ ચોરાશી. તે મુજ૦ ૫.

ઈણ ભવ પરભવે સેવીયા, જે પાપ અઢાર;
ત્રિવિધ ત્રિવિધ કરી પરિહરૂં, દુર્ગતિના દાતાર. તે મુજ૦ ૬.

હિંસા કીધી જીવની, બોલ્યા મૃષાવાદ;
દોષ અદત્તાદાનના, મૈથુન ઉન્માદ. તે મુજ૦ ૭.

પરિગ્રહ મેલ્યો કારમો, કીધો ક્રોધ વિશેષ;
માન માયા લોભ મેં કીયાં, વળી રાગ ને દ્વેષ. તે મુજ૦ ૮.

કલહ કરી જીવ દુહવ્યા, કીધા કૂડા કલંક;
નિંદા કીધી પારકી, રતિ અરતિ નિઃશંક. તે મુજ૦ ૯.

ચાડી કીધી ચોતરે, કીધો થાપણ મોસો;
કુગુરૂ કુદેવ કુધર્મનો, ભલો આણ્યો ભરોંસો. તે મુજ૦ ૧૦.

ખાટકીને ભવે મેં કીયા, જીવ નાનાવિધ ઘાત;
ચીડીમાર ભવે ચરકલાં, માર્યાં દિન રાત. તે મુજ૦ ૧૧.

કાજી મુલ્લાને ભવે, પઢી મંત્ર કઠોર;
જીવ અનેક [1]ઝભ્મે કીયા, કીધાં પાપ અઘોર. તે મુજ૦ ૧૨.

માછીને ભવે માછલાં, ઝાલ્યાં જળવાસ;
ધીવર ભીલ કોળી ભવે, મૃગ પાડ્યા પાશ. તે મુજ૦ ૧૩.

કોટવાળને ભવે મેં કીયા, આકારા કર દંડ;
બંદીવાન મરાવીયા, કોયડા છડી દંડ. તે મુજ૦ ૧૪.

પરમાધામીને ભવે, દીધાં નારકી દુઃખ;
છેદન ભેદન વેદના, તાડન અતિ તિખ્ખ. તે મુજ૦ ૧૫.

કુંભારને ભવે મેં કીધા, નીમાહ[2] પચાવ્યા;
તેલી ભવે તિલ પીલીયા, પાપે પીંડ ભરાવ્યાં. તે મુજ૦ ૧૬.

[3]હાલી ભવે હળ ખેડીયાં, ફાડયાં પૃથ્વીનાં પેટ;
સુડ નિદાન ઘણાં કીધાં, દીધાં બળદ ચપેટ. તે મુજ૦ ૧૭.

માળીને ભવે રોપીયાં, નાનાવિધ વૃક્ષ;
મૂળ પત્ર ફળ ફુલનાં, લાગ્યાં પાપ તે લક્ષ. તે મુજ૦ ૧૮.

---

૧. વિનાશ. ૨. નીંભાડા. ૩. ખેડૂત.

અધોવાઈયાને[1] ભવે, ભર્યા અધિકા ભાર;
પોઠી[2] પુંઠે કીડા પડયા, દયા નાણી[3] લગાર. તે મુજ૦ ૧૯.
છીપાને ભવે છેતર્યા, કીધા રંગણ પાસ;
અગ્નિ આરંભ કીધા ઘણા, ધાતુવાદ અભ્યાસ. તે મુજ૦ ૨૦.
શૂરપણે રણ ઝુઝતાં, માર્યાં માણસ વૃંદ;
મદિરા માંસ માખણ ભખ્યાં, ખાધાં મૂળ ને કંદ. તે મુજ૦ ૨૧.
ખાણ ખણાવી ધાતુની, પાણી ઉલેચ્યાં;
આરંભ કીધા અતિ ઘણા, પોતે પાપજ સંચ્યાં. તે મુજ૦ ૨૨.
કર્મ અંગાર કીયા વળી, ઘરમેં દવ દીધા;
સમ ખાધા વીતરાગના, કૂડા કોસજ કીધા. તે મુજ૦ ૨૩.
બીલ્લી ભવે ઉંદર લીયા, ગીરોલી હત્યારી;
મૂઢ ગમાર તણે ભવે, મેં જુ લીખ મારી. તે મુજ૦ ૨૪.
ભાડભુંજા[4] તણે ભવે, એકેંદ્રિય જીવ;
જવારી ચણા ગહું શેકીયા, પાડંતા રીવ[5]. તે મુજ૦ ૨૫.
ખાંડણ પીસણ ગારના, આરંભ અનેક;
રાંધણ ઈંધણ અગ્નિનાં, કીધાં પાપ ઉદ્રેક.[6] તે મુજ૦ ૨૬.
વિકથા ચાર કીધી વળી, સેવ્યા પાંચ પ્રમાદ;
ઈષ્ટ વિયોગ પાડ્યા ઘણા, કીયા રૂદન વિખવાદ. તે મુજ૦ ૨૭.
સાધુ અને શ્રાવક તણાં, વ્રત લઈને ભાંગ્યાં;
મૂળ અને ઉત્તર તણાં, મુજ દૂષણ લાગ્યાં. તે મુજ૦ ૨૮.
સાપ વીંછી સિંહ ચીવરા, [7]શકરા ને સમળી;
હિંસક જીવ તણે ભવે, હિંસા કીધી સબળી. તે મુજ૦ ૨૯.

---

૧. ગાડાં ભાડે ફેરવનારા. ૨. પોઠીયા બળદ. ૩. ન આણી. ૪. ભઠ્ઠીથી ચણા વગેરે અનાજ શેકનાર. ૫. રાડો. ૬. અધિક. ૭. બાજપક્ષી.

સૂવાવડી દૂષણ ઘણાં, વળી ગર્ભ ગળાવ્યા;
જીવાણી ઢોળ્યાં ઘણાં, શીળ વ્રત ભંજાવ્યાં. તે મુજ૦ ૩૦.

ભવ અનંત ભમતાં થકાં, કીધા દેહ સંબંધ;
ત્રિવિધ ત્રિવિધ કરી વોસિરૂં, તીણશું પ્રતિબંધ. તે મુજ૦ ૩૧.

ભવ અનંત ભમતાં થકાં, કીધાં પરિગ્રહ સંબંધ;
ત્રિવિધ ત્રિવિધ કરી વોસિરૂં, તીણશું પ્રતિબંધ. તે મુજ૦ ૩૨.

ભવ અનંત ભમતાં થકાં, કીધા કુટુંબ સંબંધ;
ત્રિવિધ ત્રિવિધ કરી વોસિરૂં, તીણશું પ્રતિબંધ. તે મુજ૦ ૩૩.

ઇણી પરે ઇહ ભવ પરભવે, કીધાં પાપ અખત્ર;[૧]
ત્રિવિધ ત્રિવિધ કરી વોસિરૂં, કરૂં જન્મ પવિત્ર. તે મુજ૦ ૩૪.

એણી વિધે એ આરાધના, ભવિ કરશે જેહ;
સમયસુંદર કહે પાપથી, વળી છૂટશે તેહ. તે મુજ૦ ૩પ.

રાગી વૈરાગી[૨] જે સુણે, એહ ત્રીજી ઢાળ;
સમયસુંદર કહે પાપથી, છૂટે તત્કાળ. તે મુજ૦ ૩૬.

ચાર શરણાં

(૧)

મુજને ચાર શરણાં હોજો, અરિહંત સિદ્ધ સુ-સાધુજી,
કેવલીધર્મ પ્રકાશીયો, રત્ન અમુલખ લાધુંજી. મુજને૦ ૧.

ચઉગતિ તણાં દુઃખ છેદવા, સમરથ શરણાં એહોજી;
પૂર્વે મુનિવર જે હુઆ, તેણે કીધાં શરણાં તેહોજી. મુજને૦ ૨.

સંસારમાંહી જીવને, સમરથ શરણાં ચારોજી;
ગણી **સમયસુંદર** એમ કહે, કલ્યાણ મંગળકારોજી મુજને૦ ૩.

---

૧ નઠારાં. ૨ વિખેરી. દૂર કરી.

(૨) સર્વજીવ ક્ષમાપના.

લાખ ચોરાશી જીવ ખમાવીએ, મન ધરી પરમ વિવેકજી;
મિચ્છામિ દુક્કડં દીજીએ, જિનવચને લહિએ ટેક જી. લાખ૦ ૧.

સાત લાખ ભૂ-દગ-તેઉ વાઉના, દશ ચૌદે વનના ભેદોજી;
ખટ વિગલ સુર તિરિ નારકી, ચઉ ચઉ ચઉદે નરના ભેદોજી. લાખ૦ ૨.

મુજ વૈર નહિ કેહશું, સહુશું મૈત્રી ભાવો જી;
ગણી **સમયસુંદર** એમ કહે, પામીયે પુણ્ય પ્રભાવોજી. લાખ૦ ૩.

(૩) અઢાર પાપ ત્યાગ.

પાપ અઢારે જીવ પરિહરો, અરિહંતસિદ્ધની શાખે જી;
આલોવ્યાં પાપ તે છૂટીએ, ભગવંત એણી પેરે ભાખે જી. પાપ૦ ૧.

આશ્રવ કષાય દોય બંધવા, વળી કલહ અભ્યાખ્યાન જી;
રતિ અરતિ પૈશુન નિંદના, માયા મોહ મિથ્યાત્વ જી. પાપ૦ ૨.

મન વચન કાયાએ જે કર્યા, મિચ્છામિ દુક્કડં તેહો જી;
ગણી **સમયસુંદર** એમ કહે, જૈન ધર્મનો મર્મ એહો જી. પાપ૦ ૩.

(૪) શ્રાવકનાં દીક્ષાનાં મનોરથો

ધન ધન તે દિન મુજ કદિ હોશે, હું પામીશ સંજમ સૂધોજી;
પૂર્વ ઋષિ પંથે ચાલશું, ગુરુ વચને પ્રતિબુદ્ધો જી. ધન૦ ૧.

અંત પ્રાન્ત ભીક્ષા ગોચરી, રણ વને કાઉસ્સગ્ગ કરશું જી;
સમતા શત્રુ મિત્ર ભાવશું, સંવેગ સૂધો ધરશું જી. ધન૦ ૨.

સંસારના સંકટ થકી, છૂટીશ જિનવચન અવધારો જી;
ધન ધન **સમયસુંદર** તે ઘડી, હું પામીશ ભવનો પારોજી. ધન૦ ૩.

સમાપ્ત

શ્રી જૈન શ્રેયસ્કર મંડળ, મહેસાણા

અમારાં પ્રકાશનો

સામાયિક ચૈત્યવંદનાદિ સૂત્રો
બે પ્રતિક્રમણ મૂળ (ગુજ.)
બે પ્રતિક્રમણ મૂળ (હિન્દી)
બે પ્રતિક્રમણ મૂળ (સાર્થ)
પંચ પ્રતિક્રમણ મૂળ (ગુજ.)
પંચ પ્રતિક્રમણ મૂળ (હિન્દી)
પંચ પ્રતિક્રમણ (સાર્થ)
જીવ વિચાર
નવતત્ત્વ પ્રકરણ
દંડક - લઘુસંગ્રહણી
ભાષ્યત્રયમ્
કર્મગ્રન્થ ભાગ ૧લો (૧-૨)
કર્મગ્રન્થ ભાગ ૨જો (૩-૪)
કર્મગ્રન્થ ભાગ ૩જો (૫-૬)
તત્ત્વાર્થાધિગમસૂત્ર
પંચ પ્રતિક્રમણ સૂત્રાર્થ
(પં. શ્રી પ્રભુદાસભાઈ કૃત)
આનંદઘન ચોવીશી સાર્થ

દ્રવ્યગુણ પર્યાયનો રાસ
જિનગુણ પદ્યાવલી
સમકિત ૬૭ બોલની સજ્ઝાય
આત્મહિતકર આધ્યાત્મિક - વસ્તુ સંગ્રહ
અભક્ષ્ય અનંતકાય વિચાર (ગુજ.)
અભક્ષ્ય અનંતકાય વિચાર (હિન્દી)
સમાસ સુબોધિકા
સિદ્ધહેમ રહસ્યવૃત્તિ
પહેલી ચોપડી
ધર્મોપદેશ તત્ત્વજ્ઞાન
પંચસંગ્રહ ભાગ ૩
તત્ત્વાર્થાધિગમસૂત્ર ભાગ ૧
તત્ત્વાર્થાધિગમસૂત્ર ભાગ ૨
(પં. શ્રી પ્રભુદાસભાઈ કૃત)

: ગ્રાહકોને સૂચના :

૧. પુસ્તકો અગાઉથી નાણાં મળ્યા પછી કે વી.પી. થી મોકલી શકાય છે.
૨. પોસ્ટેજ પેકીંગ વગેરે ખર્ચ અલગ સમજવાનું છે.

: પ્રાપ્તિસ્થાન :

શ્રી જૈન શ્રેયસ્કર મંડળ
સ્ટેશન રોડ, મહેસાણા (ઉ.ગુ.)
પી. નં. ૩૮૪૦૦૧
ફોન: (૦૨૭૬૨) ૨૨૨૯૨૭

શ્રી જૈન શ્રેયસ્કર મંડળ
બાબુ બિલ્ડીંગ,
તળેટીરોડ, પાલીતાણા
(સૌરાષ્ટ્ર) પીન નં. ૩૬૪૨૭૦